# હઝરત અલી (અ.સ.)નું મુબારક જીવનચરિત્ર

## (ભાગ-૧)


: લેખક :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ



: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

*ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.*

# અવર બેંકર્સ

નીચેની બેંકોમાંથી કોઈપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

(૨) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 3009280690

IFSC : CBIN0280499

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, નર્મદા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ભરૂચ.

# અનુક્રમણીકા



| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| (૧) | અંબીયા અને અઈમ્માએ તાહેરીનના મુબારક જીવનચરિત્રોનો અભ્યાસ શા માટે? | ૮ |
| (૨) | અકીદએ ઈમામત સિરાતે મુસ્તકીમ છે. | ૫૧ |
| (૩) | બની ઉમય્યાના ખાનદાનનું ઐતિહાસિક પરીક્ષણ : જાંચપડતાલ | ૭૯ |
| (૪) | મઆવીયા બિન અબુ સૂફ્યાન | ૮૯ |
| (૫) | યઝીદ બિન મઆવીયા | ૧૦૦ |
| (૬) | કેટલાક શહેરી વિસ્તારોનો પરિચય | ૧૧૧ |
| (૭) | દીનને ખાતર તકલીફો બરદાસ્ત કરવી. | ૧૪૭ |

| | | |
|---|---|---|
| (૮) | પેગંબરે ઈસ્લામ (સલ.) હઝરત અલી-ફાતેમા-હસન અને હુસૈન (અલ.)નું દીનને ખાતર ભૂખ-પ્યાસ બરદાસ્ત કરવું. | ૧૬૪ |
| (૯) | અઈમ્માએ તાહેરીન અને આપણું સમાજજીવન | ૧૭૬ |
| (૧૦) | ઈસ્લામના મોઅજેઝા હઝરત અલી (અલ.) | ૨૧૮ |
| (૧૧) | હઝરત અલી (અલ.)નો દરજ્જો કુર્આનમજીદથી પણ વધારે છે. | ૨૨૯ |
| (૧૨) | જનાબ અલી (અલ.)નો મરતબો શું છે ? | ૨૪૭ |
| (૧૩) | જનાબ અલી (અલ.)ના ફઝાએલ | ૨૬૪ |
| (૧૪) | મુબારક જન્મ | ૨૭૧ |
| (૧૫) | કુટુંબ અને વંશાવલી | ૨૯૪ |
| (૧૬) | નઝઝાર ઈબ્ને મઅદ | ૩૦૬ |

| | | |
|---|---|---|
| (૧૭) | નઝર ઈબ્ને કનાના | ૩૧૭ |
| (૧૮) | કસી ઈબ્ને મર્રહ | ૩૨૬ |
| (૧૯) | હાશિમ ઈબ્ને અબ્દે મનાફ | ૩૪૨ |
| (૨૦) | અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ | ૩૬૦ |
| (૨૧) | એક અજીબોગરીબ ઘટના | ૩૬૯ |
| (૨૨) | હઝરત અબ્દુલ મુત્તલિબની ન્યાયપ્રિયતા અને ખુદાપરસ્તી | ૩૮૧ |
| (૨૩) | સુરએ ફીલ (ફીલ એટલે હાથી) | ૩૯૧ |
| (૨૪) | હઝરત અબ્દુલ મુત્તલિબ – એક તવહીદપરસ્ત નેક મોમીન અને શ્રેષ્ઠ ઈન્સાન | ૩૯૬ |
| (૨૫) | પ્યારા નબી, પ્યારા નબી, પ્યારા નબી હઝરત મોહંમદ (સ.અ.વ.) | ૪૧૭ |
| (૨૬) | હઝરત અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ | ૪૪૦ |
| (૨૭) | પ્યારા નબી હઝરત મોહમંદ (સલ.) કાકા હઝરત અબુતાલિબની પરવરીશમાં | ૪૫૩ |

| | | |
|---|---|---|
| (૨૮) | હઝરત ખદીજા (રઝિ.)ની સાથે આપ (સલ.)ના નિકાહ અને ઈમાને અબુતાલિબ | ૪૬૬ |
| (૨૯) | પેગંબરે ઈસ્લામની તકલીફો અને ઈમાને અબુતાલિબ | ૪૮૫ |
| (૩૦) | જનાબ ફાતેમા બિન્તે અસદ | ૫૭૭ |
| (૩૧) | મુબારક જન્મ | ૫૯૦ |
| (૩૨) | નામ, ઉપનામ અને કુન્નીયત (કુન્નીયત એટલે માતા અથવા પુત્રથી સંબંધ પ્રગટ કરવો) | ૬૦૪ |
| (૩૩) | હુલીયા મુબારક – શકલ – સુરત | ૬૦૮ |
| (૩૪) | અખ્લાક અને આદતો | ૬૧૨ |
| (૩૫) | પોશાક – લીબાસ | ૬૨૦ |
| (૩૬) | ખાવું અને ખાવાના આદાબ | ૬૨૬ |
| (૩૭) | બાળપણનો સમય | ૬૩૩ |
| (૩૮) | તાલિમો તરબીયત – શિક્ષણ પ્રશિક્ષણ | ૬૩૮ |

# બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

## અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમદીંવ વઆલે મોહંમદ

# પ્રકરણ : ૧

## અંબીયા અને અઈમ્માએ તાહેરીનના મુબારક જીવનચરિત્રોનો અભ્યાસ શા માટે?

ઉલૂમે ઈસ્લામીમાં કુર્આને કરીમના પછી જે મેદાનમાં સૌથી વધારે કામ થયું છે અને ઓલમાએ ઈસ્લામે ઘણેભાગે જે બાબત સૌથી વધારે શક્તિ ખર્ચી છે તે ઈતિહાસ છે. તેમાં ખાસ કરીને અંબિયા-અઈમ્મા અને સાલેહ લોકોના જીવનચરિત્રો છે. અંબિયા અને અઈમ્માની સીરતના મેદાનમાં ઓલમાએ પોતાની સંપૂર્ણ શક્તિ ખર્ચી નાખી છે.

ખાસ કરીને પેગંબરે ઈસ્લામ, પ્યારા નબી હઝરત મોહમંદ (સલ.) અને આપની એહલેબયતની સીરત ઉપરાંત સહાબાએકિરામની જીવન પદ્ધતિની શોધખોળ ઉપર ખૂબ જ કામ થયું છે. આ બુઝૂર્ગોના જીવનની મામૂલીમાં મામૂલી ઘટનાઓ, તેની આસપાસની પરિસ્થિતિના વર્ણન ઈતિહાસમાં અને સીરતની કિતાબોમાં જોવા મળે છે.

ઈતિહાસ સાથે એવી કિતાબો પણ મોટા પ્રમાણમાં લખવામાં આવી છે કે જેમાં અંબિયા-અઈમ્માની વ્યક્તિગત જિંદગી, અખ્લાકી વિશેષતાઓ, સમાજજીવન સાથેના તેઓના સંબંધો, તેઓની દઅવતી જિંદગી તથા ઈસ્લામી જંગોમાં ઘટેલી ઘટનાઓના અનુસંધાનમાં અંબિયા, અઈમ્માની જીવનશૈલી, કાર્યપદ્ધતિ અને રહેણીકરણીના વિસ્તૃત અહેવાલો પણ આ કિતાબોમાં જોવા મળશે.

સીરતે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)નો પ્રથમ ભાગ મારા પ્રિય વાચકો સમક્ષ રજૂ કરતાં ખુશી અનુભવું છું. સાથે સાથે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત સમક્ષ સતત દુઆ કરતો રહ્યો છું કે મારી આ કિતાબને અલ્લાહતઆલા શીયા-બિનશીયા બંને બિરાદરીઓ માટે હિદાયતનો ઝરીઓ બનાવે.

આ કિતાબના લખવાની શરૂઆતથી લઈને જયારે કે એ વાચકોના હાથોમાં પહોંચી ગઈ છે ત્યાં સુધી મારી દરેક વાજીબ નમાઝો સાથે નમાઝે શબ અને નફીલ નમાઝો દરમ્યાન મારા કોઈ હાથો એવા નથી કે જે અલ્લાહ સમક્ષ ઊંચા થયા અને મેં આ કિતાબ માટે પરવરદિગારથી દુઆ ન કરી હોય.

અઈમ્માની સીરતના અભ્યાસીઓને તેનો અભ્યાસ કરતાં અગાઉ કેટલીક બારીકીઓ તરફ

ધ્યાન આકઠ્ઠષત કરવાનું જરૂરી સમજું છું. કેટલીક સુક્ષ્મતા-રહસ્યો અને મર્મને સમજવા માટે નીચેના પાંચ મુદ્દાઓ બરાબર યાદ રાખો.

(૧) સીરતે અમીરૂલ મોઅમેનીનના અભ્યાસનો મકસદ શું હોવો જોઈએ.

(૨) સીરતે અમીરૂલ મોઅમેનીનના જીવનચરિત્રમાં કયા કયા ભિન્ન ભિન્ન રહસ્યો તરફ અંગૂલીનિર્દેશ કરવામાં આવ્યો છે.

(૩) અંબિયા, અઈમ્માની સીરતના અભ્યાસીઓએ કઈ કઈ વસ્તુઓને દૃષ્ટિ સમક્ષ રાખવી જોઈએ.

(૪) અંબિયા, અઈમ્માની સીરતના અમલમાં વિક્ષેપ નાખતી પરિસ્થિતિઓની જાણકારી હોવી જરૂરી છે.

(૫) અમીરૂલ મોઅમેનીન (અલ.)ના જીવનનો ધ્યેય શો હતો ? આપનું લક્ષ્ય શું હતું ? આપનો ઉદ્દેશ્ય શો હતો ? આપના તીરનું નિશાન શું હતું? ચોટ શું હતી ?

હવે આપણે ઉપરોક્ત પાંચેય મુદ્દાઓની અલગ અલગ ચર્ચા કરીશું.

**(૧) સીરતે અમીરૂલ મોઅમેનીનની અથવા તમામ અઈમ્માની સીરતના અભ્યાસનો મકસદ શું હોવો જોઈએ.**

સીરતે અંબિયા, અઈમ્માના અભ્યાસીઓમાં આપણને જુદા જુદા પ્રકારના લોકો જોવા મળશે.

**(ક) સવાબ મેળવવા માટે :**

જેવી રીતે શરીઅતમાં કુર્આનની તીલાવત સવાબ મેળવવાનું સાધન છે, એટલે સુધી કે કુર્આનની તરફ દ્રષ્ટિ કરવી પણ સવાબનું કામ છે. એવી રીતે અંબિયા, અઈમ્માના જીવચરિત્રોનો અભ્યાસ પણ સવાબનું કામ છે. કેટલાક લોકો આ હેતુથી જ તેનો અભ્યાસ કરતા હોય છે.

મોટી સંખ્યામાં આપણને આવા લોકો જોવા મળશે જેઓ આવી કિતાબોના અભ્યાસ દ્વારા અથવા સીરત ઉપર મજલીશો સાંભળીને કે બીજા કોઈપણ સાધન દ્વારા સીરતથી વાકેફ થાય છે. આનાથી તેમનો ધ્યેય ફક્ત આખેરતનો અજ્ર-સવાબ હોય છે.

આવા લોકો એમ માનતા હોય છે કે સીરતની કીતાબોનું વાચન સબ્રની તાલીમ છે. સીરતની મજલિશોમાં હાજરી આપવું સવાબનું કામ છે. એની પશ્ચાત કોઈ દીની ચળવળ-મઝહબી દ્રષ્ટિકોણ કે સામૂહિક ઉત્તેજના સમાયેલી નથી. આ કારણથી સીરત ઉપર તેહકીકાત કરવી, ઊંડા ઉતરવું, તેની બારીકીઓ, મર્મો અને રહસ્યોને ઉકેલવાં વગેરે બાબતો આવા લોકોની દ્રષ્ટિએ કોઈ મહત્ત્વની નથી.

આવા લોકો સીરતના વાકેઆત ઉપર કોઈ તેહકીક નથી કરતા. આલોચના-સમાલોચના પણ જરૂરી સમજતા નથી. સીરતના દ્વારા વર્ણવવામાં આવેલી ઘટનાઓ કે કિસ્સા-કહાનીયોની સચ્ચાઈ પણ આવા વાચકોની દ્રષ્ટિએ કંઈ જરૂરી નથી.

## (ખ) સીરતનો અભ્યાસ ફક્ત જાણકારી મેળવવા માટે :

એક સમૂહ એવો પણ છે જેઓ સીરતે અઈમ્મા વિશે ફક્ત જુદા જુદા પ્રકારની જાણકારીના હેતુસર તેને એકત્રીત કરતા હોય છે. સીરતના અભ્યાસ દ્વારા આ સમૂહનો મકસદ ફક્ત ઐતિહાસિક હોય છે. આવા લોકો ઈતિહાસની દ્રષ્ટિએ જ સીરતનો અભ્યાસ કરતા હોય છે.

## (ગ) સીરતનો અભ્યાસ અમલ અને તેહરીક. (ઈસ્લામી ચળવળ)

સીરતનો અભ્યાસ કરનાર આ સમૂહ જ અંબિયા અને અઈમ્માના સાચા વારસદાર છે. આ સમૂહ સીરતનો અભ્યાસ કરીને પોતાના અંગત તથા સામૂહિક જીવનમાં તેના ઈલ્મ ઉપર અમલ કરવા કટિબદ્ધ હોય છે. આવા લોકો પોતાના અંગત તેમજ સામૂહિક જીવનમાં અંબિયા તથા અઈમ્માના જીવનને માર્ગદર્શક સમજતા હોય છે. આ સમૂહ જ નબીઓના મિશનનો સાચો

વારસદાર છે. આવા લોકો તારીફને કાબિલ છે. આ જ લોકો અંબિયા અને અઈમ્માના જન્નતમાં સાથીદાર છે.

અંબિયા, અઈમ્માની સીરતના અભ્યાસ દ્વારા આવા લોકોનો મકસદ ફક્ત માલુમાત હાસિલ કરવી, બુઝૂર્ગ હસ્તીઓના જીવનથી વાકેફ થવું અથવા તેના અભ્યાસ દ્વારા સવાબ હાસિલ કરીશું. એવો નથી હોતો. બલ્કે આવા લોકો વિચારતા હોય છે કે અંબિયા, અઈમ્માનું મિશન શું છે ? અને આપણે આ મિશનના અંગત રીતે તથા સામૂહિક દૃષ્ટિએ કેવી રીતે ભાગીદાર બનીએ.

આવા લોકો અંબિયા, અઈમ્માના પયગામાતની તશરીહ અને તબ્લીગમાં લાગેલા હોય છે. તેમની કાર્યપદ્ધતિનો અભ્યાસ કરીને - તે કાર્ય પદ્ધતિને પોતાના જીવનમાં અમલી રૂપ આપીને પોતાની તથા ઈન્સાનિયતની દુન્યવી તથા આખેરતની જિંદગીને સુધારવાનું મુશ્કેલ કાર્ય કરતા હોય છે.

આ જ લોકો અઈમ્માના મિશનના સાચા વારસદાર ગણાશે. આ જ સીરતના અભ્યાસનો સાચો મકસદ ગણાશે.

સીરતનો અભ્યાસ કરીને ઠંડા પથ્થરની જેમ પડી રહેનારા, પોતાની નાની નાની મુશ્કેલીઓને પહાડ સમજનારા, કદમ ઉઠાવતાં પહેલા ડરનારા, હકને હક સમજી લીધા પછી પણ મઝહબના રસ્તા

ઉપર આગળ ન વધનારા-મારે તો ત્રણ છોકરીઓ છે. તેમની શાદીનુ શું થશે ? મેં તો ચાર છોકરીઓની શાદી કરી દીધી છે, તેમનું શું થશે ?

હકને સ્વીકારીશ તો મારા વેપારનું શું થશે? રાજકારણીય લોકો નારાજ થઈ જશે તો મારી નોકરીનું શું થશે? આ લોકો મને જંગલમાં જ ફેંકી દેશે.

અલ્લાહની કસમ ! ખુદાનો રસ્તો શૂરાઓનો રસ્તો છે. બહાદુરોનો રસ્તો છે. દીને હકની સામે કોઈનીપણ પરવા ન કરનારાઓનો રસ્તો છે. હકના રસ્તા ઉપર ચાલનારા આવા લોકો આજે પણ આપણી વસ્તીઓમાં, આપણા સમાજમાં, આપણી સમક્ષ જ હોય છે છતાંય આપણને તે દૃશ્યમાન થતા નથી. બલ્કે આપણે તેમની સાચી કદર પણ કરતા નથી. તેમના મૃત્યુ પછી આપણે તેમને ઓળખતા થઈએ છીએ.

દીને હકને સમજયા પછી ડરતા રહેવું એ ક્યાંની અકલમંદી છે ? વારંવાર શરમાઈને છુપાઈને લઘુતાગ્રંથી સાથે જીવવું એ તો વારંવારની મોત સમાન છે. બહાદુર બનીને એક જ મોત સ્વીકારી લેવું અકલમંદી છે.

પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) તો સ્પષ્ટ શબ્દોમાં દુઆ ફરમાવી રહ્યા છે :

"યા અલ્લાહ !" તું સત્યને તે તરફ ફેરવી દે જે તરફ અલી ચાલે."

પેગંબરે ઈસ્લામ એવી દુઆ નથી કરતા કે "અલ્લાહ ! તું અલીને હક તરફ ફેરવી દે." બલ્કે સરદારે અંબિયા તો અલ્લાહથી એવી દુઆ માગી રહ્યા છે કે અય અલ્લાહ ! તું હકને અલીની પાછળ ચલાવ. અલી આગળ ચાલે અને હક અલીની પાછળ ચાલે. હક, અલીની તાબેદારી કરે જેથી મારી આ કીતાબના વાચકોને હું વિનંતી કરીશ કે તેઓ અલીને ઓળખીને તેમની પાછળ ચાલશે તો હક વાચકની પાછળ પાછળ આવશે અને જો મારી કિતાબનો વાચક અલીને છોડીને હકને સમજવાની કોશીશ કરશે તો હક તો અલીની તાબેદારી કરશે, પાછળ અસત્ય રહી જશે. વાચક આ અસત્યમાં અટવાઈ જશે.

સીરતે અઈમ્માની પેરવી તરફ ઈશારો કરતાં ખુદાવંદે આલમ ફરમાવે છે :

"અય રસૂલ ! કહી દો કે જો તમે ખુદાને ચાહો છો, તો મારી પેરવી કરો." (સુરા આલે ઈમરાન - આયત - ૩૧)

એક બીજી જગ્યાએ ફરમાવ્યું :

"ખરે જ તમારા માટે તે લોકોની વાતોમાં અનુકરણ કરવા માટે સારો નમૂનો છે. ખાસ કરીને તે લોકો માટે જેઓ અલ્લાહ તથા કયામતના

દિવસની મુલાકાતની આશા રાખે છે." (સુરા મુમ્તહેના આયત-૬)

અંબિયા અને અઈમ્માનું જીવન આપણા માટે નમૂનએ અમલ છે. ન કે ફક્ત વાંચીને સવાબ મળવાના હેતુથી વાકેફ થવું. બલ્કે અઈમ્માના નકશે કદમ ઉપર ચાલી મઝહબે દીને હક ઉપર મજબૂતીથી કાયમ રહી, અમ્ર બિલ મઅરૂફ માટે જદ્દોજહદ કરવી, તકલીફો ઊઠાવવી, એ જ એનો સાચો મકસદ છે. હવે બીજો મુદ્દો સમજીએ.

**(૨) સીરતે અમીરૂલ મોઅમેનીનમાં આપના જીવનના કયા ભિન્ન ભિન્ન રહસ્યો તરફ અંગૂલી નિર્દેશ કરવામાં આવ્યો છે?**

અંબિયા, અઈમ્માના જીવનચરિત્રોના અભ્યાસ દરમ્યાન વાચકોએ આ ખ્યાલ રાખવો જરૂરી છે કે લેખક શું કહેવા માગે છે. તે કયા કયા રહસ્યો તરફ વાચકનું ધ્યાન દોરે છે?

જયારે આપણે સીરતની કીતાબોનું પરિક્ષણ કરીએ છીએ તો આપણને સીરતે અઈમ્માના હવાલાથી જુદાજુદા વિષયોની, અલગ અલગ પદ્ધતિથી લખાયેલી કિતાબો જોવા મળશે.

**(ક) સીરતે નકલી :**

આ વિષયમાં એવી કિતાબો આવશે જેમાં અઈમ્માની જિંદગીના હાલાત, જુદા જુદા વાકેઆત, જન્મ, વફત, અઝવાજ, અવલાદના

વિષયમાં મઅલુમાત હોય છે. આપના સમયગાળામાં થઈ ગયેલા બાદશાહોનો આપની સાથેનો વર્તાવ, આપની વ્યક્તિગત અને સામાજિક જિંદગી વગેરેની તફસીર હોય છે.

ઈતિહાસ અને સીરતના હવાલાથી અંબિયા, અઈમ્માના જીવનની ઉપરોક્ત વાતો એક કાચું માળખું છે. આ માળખું જેટલું મજબૂત, દ્રઢ, વિશ્વાસપાત્ર અને સ્પષ્ટ હશે એટલું જ સીરત અને ઈતિહાસને સમજવું સહેલું પડશે. આ માઅલુમાત અઈમ્માના જીવન જીવવાના તરીકા, આચરણ, અમલ, બોલચાલ, રહેણીકરણી વગેરેના વિશ્લેષણ અને ઈન્સાની જિંદગીઓમાં તેના આચરણ માટે ખૂબ જ ઉપયોગી છે.

આ જ કારણથી અઈમ્માની જિંદગીના વાકેઆતનું દુરસ્ત અને વિશ્વાસપાત્ર હોવું જરૂરી છે. આ કાર્ય માટે તહકીક-શોધખોળની પ્રક્રિયા ખૂબજ બારીકાઈથી ચાલુ રહેવી જોઈએ.

સીરતે નકલી રીવાયતો દ્વારા આપણા સુધી પહોંચી છે તે જ સીરત જાણવાની સાચી બુનિયાદ છે. આ બુનિયાદ જો કમજોર હશે તો તેના ઉપર ઊભી કરેલી ઈમારત પવનના એક મામૂલી સપાટામાં જ જમીનદોસ્ત થઈ જશે.

### (ખ) સીરતે તહલીલ :

સીરતે તહલીલ એ સીરતે નકલીનો નિચોડ છે. સીરતે નકલી દ્વારા જે કાચું માળખું ઈતિહાસવિદોએ મેળવ્યું હોય છે તેના ઉપર વિશ્લેષણ, શોધખોળ અને તહકીકાત કરીને જે કાંઈ નિચોડ પ્રાપ્ત થાય છે તેમાના ખાસ ખાસ મુદ્દાઓને મથાળું બનાવીને - શીર્ષક ગણીને તે કાચા માળખાના સંદર્ભ વડે અઈમ્માની જીવનપદ્ધતિ, અમલ-આચરણ ઉપર વાદવિવાદ કરવામાં આવે છે. સમકાલીન અને ભૂતકાલીન બુઝૂર્ગોના જીવનની તથા તેમને પેશ આવેલ સંજોગોની સરખામણી પણ થાય છે.

દૃષ્ટાંતરૂપે દરેક જમાનાના ઈતિહાસવિદોએ ખાસ કરીને સુલહે હોદબીયા, સુલહે ઈમામ હસન (અલ.) અને ઈમામ હુસેન (અલ.)ના બાતિલના મુકાબલામાં ઊભા થવા ઉપર વાદવિવાદ કર્યો છે.

### (ગ) સીરતે મોઝૂઈ અથવા સીરતે નૌઅી :

સીરતે મોઝૂઈ તે સીરતને કહેવામાં આવે છે જેમાં તમામ અઈમ્માએ કિરામની રહેણીકરણી, જીવનપદ્ધતિ અને આચરણ-અમલ વગેરેનો નિચોડ પેદા કરીને તેના ઉપર વિશ્લેષણ અને વાદવિવાદ કરવામાં આવે. તેને સીરતે નૌઅી અથવા સીરતે મોઝૂઈ કહેવાય છે. આ બાબતને આપણે એક દૃષ્ટાંત દ્વારા સમજીએ.

આયતે કુર્આની અને અહાદીસે રસૂલને દૃષ્ટિ સમક્ષ રાખીને જોતાં પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) પછી અઈમ્માએ માસુમીન (અલ.) જ હુકુમતના સાચા વારસદાર અને હકદાર હતા.
પરંતુ આ ઐતિહાસિક ઘટનાઓ પણ ઊગતા પ્રકાશની જેમ સ્પષ્ટ છે કે રસૂલેખુદાની વફત પછી બીજાઓએ આપ (સલ.)ના મિમ્બર ઉપર જબરદસ્તી કબજો જમાવી દીધો, રસૂલની ગાદીના દાદાગીરીથી માલીક બની બેઠા.
જેથી દીને ઈસ્લામ પોતાના કેન્દ્રસ્થાનેથી વિમૂખ થતો ગયો. ઈસ્લામી ચળવળનો જે પાયો પ્યારા રસૂલ હઝરત મોહંમદ મુસ્તુફ઼ (સલ.)ના મુબારક હાથોએ નાખ્યો હતો, તેના મૂળ હજી ઊંડા ગયાં ન હતાં. ફક્ત અરબસ્તાનના ઈલાકામાં જ આ ચળવળે કંઈક દરજ્જે કામ્યાબી હાસિલ કરી હતી, તે સિવાય સંપૂર્ણ વિશ્વ હજી એ જ અંધકારમાં દિવસો ગુજારતું હતું. સમગ્ર વિશ્વમાં હજી તાગુતનું (શયતાનનું) જ શાસન હતું. અરબસ્તાનના ઈલાકાની બહાર હજી ઈસ્લામી ચળવળ પહોંચી ન હતી. સખત ઊનાળામાં - અતિશય ઊકળાટમાં હવાની ઠંડી લહેરખી કવચિત ફૂંકાઈને જતી રહે, તેમ વિશ્વના કાનો સુધી ફક્ત વાત પહોંચી હતી કે અરબસ્તાનમાં કોઈ નબી પેદા થયા છે. જેમનું નામમુબારક મોહંમદ છે.

મતલબ અરબસ્તાનની બહાર દીને ઈસ્લામ હજી પહોંચ્યો ન હતો, તેવી પરિસ્થિતિમાં પ્યારા રસૂલ આ દુનિયાથી પરદે થાય છે ત્યારે એવા લોકો આપ (સલ.)ની ગાદીના વારસ બની જાય છે. જેઓ પાસે ઈલાહી દોરવણી ન હતી. રસૂલના પરદે થયા પછી ૨૫ વર્ષો સુધી ઈલાહી દોરવણી વગરના સત્તાધીશો સત્તા પર રહે છે. આ વરસો દરમ્યાન સમગ્ર ઈસ્લામી ચળવળ ધીમે ધીમે પોતાના કેન્દ્રસ્થાનેથી, પોતાના લક્ષ્યબિંદુથી હટતી જાય છે. અહીં સુધી કે ધીરે ધીરે જીવનના બધા ક્ષેત્રોમાં ઈસ્લામની અવહેલના છતી થાય છે. ઈસ્લામથી વિમુખતા સ્પષ્ટ દેખા દે છે. અલ્લાહના હુકમોની અવજ્ઞા અહીં સુધી પહોંચે છે કે મુસલમાનો તલવારના જોરે અડધી દુનિયા ખુંદી વળે છે. ફક્ત ઈસ્લામનું નામ જ રહી જાય છે. હુકમ તાગુતનો જ ચાલતો હોય છે. શાંત અને બિન ઉપદ્રવી વસ્તીઓને ધમરોળી નાખવામાં આવે છે. હુમલાવર જંગો કરવામાં આવે છે. રસૂલે ઈસ્લામની બધી જ જંગો રક્ષણાત્મક જંગો હતી. કાફિરો કે યહુદીઓ હુમલો લઈને આવ્યા અને પેગંબરે ઈસ્લામને મજબૂર થઈને તેનો મુકાબલો કરવો પડયો. અલ્લાહનો હુકમ “લાઈકરાહ ફિદ્દીન" અર્થાત દીનમાં જબરદસ્તી નથી, નો પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવ્યો. “લકુમ દીનોકુમ

વલેયદીન" અર્થાત તમારો દીન તમને મુબારક, જયારે રસૂલના પરદે થયા પછી તો મુસલમાનોએ નિર્દોષ બેગૂનાહ લોકોને છૂદી નાખ્યા-કચડી નાખ્યા. કલિમો પઢવા માટે બળજબરી કરી. તલવારનો ભરપુર ઉપયોગ થયો, તે પણ ઈસ્લામના નામથી થયો.

સામ્રાજયવાદીઓ જે પ્રમાણે પોતાના સામ્રાજયના વિસ્તાર વધારવા હુમલાઓ કરે છે. લશ્કરો મોકલે છે. તે જ રીતરસમોનો ઉપયોગ થયો. રસૂલ પછી સત્તાસ્થાને આવનાર આ લોકોએ ઈસ્લામ અને કુર્આનના નામને બદનામ કર્યું. ઈસ્લામ તલવારથી ફેલાયાના બદનુમા દાગ આજે ચૌદશો વરસોથી ભૂંસાવાનું નામ નથી લેતો.

બસ આ સમયગાળામાં ઈસ્લામની અવહેલના થતી રહી. લોકો નામના તો મુસલમાન બનતા રહ્યા, પરંતુ ઈસ્લામી વિચારધારાથી વિમૂ઼ુખ થતા રહ્યા. બધા જ ક્ષેત્રોમાં ઈસ્લામી હુકમોની અવહેલના થતી રહી. પેગંબરે ઈસ્લામે જે એક નાની જમાત તાગુતના (શેતાનના) મુકાબલા માટે તૈયાર કરી હતી, તેમાથી ઘણાબધા નેક લોકો કાળ ક્રમે આ દુનિયા છોડી ગયા, જેઓ જીવ્યા તેમાનો પણ મોટો ભાગ આ નાજાઈઝ સત્તાનો ભાગીદાર બની ગયો. ગૂમરાહ થઈ ગયો.

બસ ફક્ત ઘણા જ થોડા લોકોએ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.)ની સાથે રહી સાચા ઈસ્લામને મજબૂતીથી પકડી રાખ્યો, હઝરત અલી (અલ.)ના સત્તાસ્થાને રહેવાના થોડાક સમય ગાળાને બાદ કરતાં ઈસ્લામની અધોગતિ શરૂ થઈ.

આ અધોગતિની શરૂઆત તો પેગંબરની આંખ મીંચાતા જ શરૂ થઈ ગઈ હતી. પરંતુ પેગંબરે ઈસ્લામ અને હઝરત અલી (અલ.)ની કોશીશોથી તૈયાર થયેલ જે એક આદર્શ ઈસ્લામી સમાજ હતો, તેને કારણે શરૂશરૂમાં ઈસ્લામી માળખું એકદમ નથી બદલાઈ ગયું. બસ, ધીરે ધીરે પડતીની શરૂઆત થતી ગઈ. અહીં સુધી કે આ ઉમ્મત ઉપર મઆવીયા જેવો મલઉન અને યઝીદ જેવો નાપાક કાફિર અને જાલીમ શાસક સત્તાધીશ બની બેઠા. ત્યારબાદ પણ આવા જ હાકેમો ઈસ્લામના નામથી સત્તા ઉપર આવતા રહ્યા. આ સિલસિલો આજે પણ ચાલુ છે.

આ બધી પરિસ્થિતિઓની પૃષ્ઠભૂમિમાં જોતાં ઈતિહાસના આયનામાં આપણને સ્પષ્ટ દેખાય છે કે :

(અ) કોઈ જગ્યાએ-કોઈક સંજોગોમાં અઈમ્માએ તાહેરીન હોકેમોના મુકાબલામાં ખામોશી ઈખ્તીયાર કરે છે.

(બ) કેટલીક મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમની મદદ પણ કરતા દેખાય છે.

ઉપરોક્ત વાતોના દ્રષ્ટાંતરૂપે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)નો વર્તાવ પ્રથમ ત્રણ ખલીફાઓ સાથે જોઈ શકાય છે.

(ક) એનાથી ઉલટું કદીક આ જાલીમોના વિરૂદ્ધ તલવારથી મુકાબલો કરવા તૈયાર થઈ જાય છે. દરેક પ્રકારે તેમની નાબુદી માટે કમર કસી લે છે.

ઉપરોક્ત ત્રીજા મુદ્દાના દ્રષ્ટાંત રૂપે હઝરત અલી (અલ.) અને મઆવીયા. ઈમામ હસન (અલ.) અને મઆવીયા અને યઝીદ અને ઈમામ હુસેન (અલ.)ની વચ્ચેની જંગો ઐતિહાસિક સત્યો છે. જે ઈતિહાસનો એક ભાગ છે.

(ડ) ત્યાર પછી પણ જયારે આપણે ઈતિહાસના પાના ફેરવીએ છીએ તો જોઈએ છીએ કે એક તરફ તો ઈમામો સ્પષ્ટ રીતે રાજકારણથી અલિપ્ત દેખાય છે. જયારે બીજી તરફ તેનાથી ઉલટું આ જ હાકેમોએ સ્થાપિત કરેલી અદાલતોનો બાયકોટ કરવા જેવા સંપૂર્ણ રાજકીય અમલ માટે પોતાના અનુયાયીઓને હુકમ આપે છે.

અઈમ્માએ તાહેરીન કદીક પોતાના અસહાબને આ જ જાલીમ હાકેમોની હુકુમતોમાં સામેલ થવાની ઈજાઝત પણ આપે છે. તો વળી કદીક સ્વયં પણ હુકુમતમાં સામેલ થાય છે.

ઉપરોક્ત મુદ્દાના દૃષ્ટાંતરૂપે હઝરત ઈમામ રઝા (અલ.)નું જાલીમ હાકેમ મામૂનના વલીઅહદ તરીકે નિયુક્ત થવું.

ઈતિહાસનો અભ્યાસી તેના અભ્યાસ દરમ્યાન જયારે અઈમ્માએ તાહેરીન (અલ.)ના વિભિન્ન અને ઘણેભાગે એકબીજાથી તદ્દન ઉલટા અંદાજનો અનુભવ કરે છે, તો સખત ઉલઝન અનુભવે છે. અસમંઝસમાં પડી જાય છે. દુવિધા અનુભવે છે અને ખાસ કરીને આ વ્યાકુળતા અને ગભરાટ ત્યારે વધી જાય છે જયારે કે તાલિબે ઈલ્મ આ અકીદો પણ ધરાવતો હોય કે તમામ અઈમ્મા (અલ.) માસૂમ છે, તેમનાથી ખતા કે ભૂલ થવાની રતિભાર પણ સંભાવના નથી. સીરતે મોઝૂઈ જેમાં તમામ અઈમ્માએકિરામની રહેણીકરણી, જીવન પદ્ધતિ અને આચરણ-અમલ વગેરેનો નિચોડ અને તેના ઉપર વિશ્લેષણ હોય છે. તેનો અભ્યાસ આ ગભરાટ-વ્યાકુળતા દૂર કરે છે. જેથી સીરતનો અભ્યાસ કરતી વખતે બધા જ ઈમામોનો જમાનો, તે સમયની પરિસ્થિતિ, તે સમયની ઉમ્મતનું નાગરિકજીવન, સામાજિકતા, જીવિકા,

તેહઝીબ, કલચર, ઉપરાંત ઉમ્મતની વિચારશક્તિ-સહનશક્તિનું સ્તર, તે સમયના હાકેમનો વર્તાવ, તેની શક્તિ, સમાજ ઉપર તેની પકડ વગેરેનો ધ્યાનથી અભ્યાસ જરૂરી છે. અઈમ્માએ તાહેરીનના બધાજ હુકમો ઉપરોક્ત પરિસ્થિતિઓ મુજબના હોય છે. જે આપણા જેવા સામાન્ય જ્ઞાન ધરાવનારા મનુષ્યોની સમજમાં જલ્દી આવી શક્તા નથી.

ઉપરોક્ત તમામ પરિસ્થિતિઓના અભ્યાસ પછી આપણને અઈમ્માના આચરણની દેખીતી વિપરીતતાના સાચા કારણો સમજાય છે. આ વાત પણ દ્રઢપણે સાબિત છે કે આપણા બધાજ ઈમામોનું મિશન એક જ હતું. બધા એકજ દ્રષ્ટિકોણ, એક જ પ્રકારના ઈલાહી સિદ્ધાંતોના પ્રચારક તથા સુક્ષ્મતાઓ-બારીકીઓ-મર્મો અને રહસ્યોના જાણકાર હતા. આપ હઝરાતમાંથી કોઈપણ ઈમામ કદીપણ સેકન્ડના સોમા હિસ્સા જેટલા સમય માટે પણ પોતાના મિશનથી ચલિત થયા નથી. સીરતના આવા ઊંડાણપૂર્વકના અભ્યાસથી એક તરફ અઈમ્માની કાર્યપદ્ધતિમાં દેખાતા વિરોધાભાસનો ઉકેલ મળે છે. તો બીજી તરફ જુદા જુદા મસાઈલમાં ઈસ્લામના બંધારણના સિદ્ધાંતો અને કાયદાકાનૂનોનું જ્ઞાન પણ મળે છે.

## (૩) સીરતના અભ્યાસીઓએ કઈ કઈ વસ્તુઓને દૃષ્ટિ સમક્ષ રાખવી જોઈએ ?

સીરતે અંબિયા, અઈમ્માનો અભ્યાસ કરતી વખતે એક વાત આપણી દૃષ્ટિ સમક્ષ હોવી જરૂરી છે કે અઈમ્માએ તાહેરીન (અલ.)નો પોતાના લક્ષ્યને પરિપૂર્ણ કરવા માટેનો પ્રોગ્રામ શું છે ?

ખાસ કરીને તે લોકોએ આ પ્રોગ્રામને સમજવો ઘણો જ જરૂરી છે જે લોકો અંબિયા અને અઈમ્માએ તાહેરીન (અલ.)ના જીવનધ્યેયના મુબલ્લીગ છે. જેઓ અંબિયા, અઈમ્માની તાલીમાતને સમાજમાં રચીપચી કરવા કટીબદ્ધ છે. તેઓએ જાણવું જોઈએ કે આવી સમસ્યાઓનો ઉકેલ અંબિયા, અઈમ્મા જુદી જુદી રીતે શોધતા હોય છે.

(ક) પ્રથમ મંઝિલમાં અંબિયા, અઈમ્મા તબ્લીગની શરૂઆત કરતા હોય છે. લોકોને એકત્ર કરીને તેમના દૃષ્ટિકોણો, તેમની સોચ અને આમાલને એક ખાસ પદ્ધતિથી મજબૂત કરે છે. આમ કરવાનો હેતુ એક ખાસ પ્રકારની ચિંતનશીલ મજબૂત જમાત તૈયાર કરવાનો હોય છે. એક વિશિષ્ટ પ્રકારની, નિઃસ્વાર્થ જમાત તૈયાર કરે છે. ભલે આવા લોકો થોડા જ કેમ ન હોય. આ જ સમાજનું ક્રીમ છે. આજ પાવર છે. ખરી શક્તિ

જ આવા લોકો છે. જેઓ સહનશીલ હોય, બેહતરીન રીતે વ્યવસ્થા કરી શકતા હોય, શિસ્ત અને અનુશાસનના માલીક હોય.

(ખ) બીજા તબક્કામાં તબ્લીગી દઅવતને સામાન્ય જનસમૂહની સમક્ષ ફેલાવવાનું કાર્ય આવે છે. સમાજમાં તબ્લીગના ફેલાવા માટે જદ્દોજહદ કરે છે. તકલીફો ઉઠાવે છે. આ જદ્દોજહદ દરમ્યાન પ્રથમ તબક્કામાં તૈયાર કરેલ વિશિષ્ટ લોકોનો સમૂહ પણ અંબિયા-અઈમ્માનો સાથીદાર હોય છે. આ જેહાદના પરિણામરૂપે જયારે કામ્યાબી મળે છે ત્યારે અંબિયા-અઈમ્મા એક ઈસ્લામી સમાજની રચના કરે છે. જે સમાજની સંપૂર્ણ વ્યવસ્થા શરીઅતના કાનૂન અને હિદાયત મુજબની હોય છે.

સીરતના અભ્યાસીઓએ આ તબ્લીગે દીનના તબક્કાઓ અને મંઝિલોનો અભ્યાસ કરવો જરૂરી છે. જેમાં અંબિયા, અઈમ્માની કાર્યપદ્ધતિને પણ સમજવી જરૂરી છે. કારણકે તેઓની કાર્યપદ્ધતિને સમજયા વગર સંપૂર્ણ ઈસ્લામી તેહરીકને-નબીઓ-ઈમામોના મિશનને સમજવું મુશ્કેલ છે.

**(૪) અંબિયા, અઈમ્માની સીરતના અમલમાં વિક્ષેપ નાખતી પરિસ્થિતિઓની જાણકારી હોવી જરૂરી છે.**

સીરત ઉપર અમલ અને અઈમ્માના આચરણ તેમની કાર્યપદ્ધતિથી પૂરેપૂરી વાકેફીયત મેળવવા માટે તે રૂકાવટોને (વિઘ્નોને) સમજવી પણ જરૂરી છે. જે રૂકાવટો અઈમ્માના અમલ, તેમના ધ્યેય અને તે તમામ નેકદીલ ઈન્સાનો જે અઈમ્માને તેમના મકસદમાં મદદગાર થવા તત્પર હોય છે, તેમના રસ્તાના પથ્થરો બન્યા હોય છે. આ રૂકાવટો દીનેહકને સમજવામાં અને સમાજ ઉપર તેને લાગુ કરવામાં અવરોધરૂપ બનતી હોય છે.

તેમાની કેટલીક રૂકાવટોની (વિઘ્નોની) ચર્ચા અત્રે આપણે કરીશું.

એક ઉચ્ચોચ્ચ ઈસ્લામી સમાજરચના અને તેની પ્રગતિ માટે અથવા આવા નેકસાલેહ સમાજની અધોગતિ અને પડતી માટે જનસાધારણ જવાબદાર છે. વ્યક્તિઓના સમૂહથી કુટુંબ બને છે. આવા કેટલાક કુટુંબોના સમૂહથી મહોલ્લો બને છે અને આવા બે ચાર કે તેથી વધુ મહોલ્લાઓનો સમૂહ ગામડું બનાવે છે. જેથી ગામની એક વ્યક્તિનું નેક અથવા બદ કોઈપણ કાર્ય સમગ્ર ગામને અસરકરતા બને છે. ગામ એક સમાજ છે. આ સમાજના લોકો બાઅમલ, બાહોશ, એકટીવ, અને ઉમદા ખસલતોના માલિક હશે તો સમાજ અમનમાં રહેશે, અને પ્રગતિ કરશે.

એનાથી ઉલટું સમાજના લોકો બેઅમલ, આળસુ અને બુરી ખસલતોના માલિક હશે તો સમાજ અધોગતિ અને પડતીની ઊંડી ખાઈમાં ઘસડાતો રહેશે.

અંબિયાએકિરામ (અલ.) અને અઈમ્માએ તાહેરીન (અલ.)એ પોતાની કાર્યપદ્ધતિમાં એક નેક સાલેહ ઈસ્લામી સમાજરચના માટે જે સિદ્ધાંતો સ્થાપિત કર્યા, તેમાં ફક્ત વ્યક્તિ વિશેષનું ધ્યાન ન રાખતાં ઉમ્મતની સામૂહિક પરિસ્થિતિને પોતાના ધ્યાન પર રાખી છે.

સીરતનો અભ્યાસ કરતી વખતે આપણે ખાસ કરીને આ વાતોને નજરઅંદાજ કરી દઈએ છીએ, આજ કારણથી આપણા માટે અઈમ્માએ ખાસ તેમની સામૂહિક કાર્યપદ્ધતિના અનુસંધાનમાં તેમણે લીધેલા પગલાંઓ અને તેમના આચરણો-અમલો સમજવા મુશ્કેલ થઈ પડે છે.

અઈમ્માની કાર્યપદ્ધતિ અને તાગુતનો વિરોધ (તાગુત-ખુદારસૂલના દુશ્મનો) સમજવા માટે આપણે ઉમ્મતના જુદાજુદા સમૂહોને પણ દૃષ્ટિ સમક્ષ રાખવા જરૂરી છે. જેથી સ્વયં આપણા આમાલની પણ દુરસ્તી થઈ જાય. ઉમ્મતના ત્રણ મોટા સમૂહો વિસ્તરે જોવા મળશે.

## (ક) તાગુતના સાથીદારો :

શયતાનો, ખુદા રસૂલના દુશ્મનો, જેઓ તાગુતના સાથીદારો છે. આ લોકો હંમેશા અંબિયા, અઈમ્માના અને આપના નેકદીલ સાથીઓના દુશ્મન રહ્યા છે. આ સમૂહ જેને આપણે શયતાની ટોળું પણ કહી શકીએ છીએ.

આ સમૂહમાં કેટલાક લોકો તો એવા હોય છે કે જેઓ હૃદયપૂર્વક હાકેમોના-રાજકારણીઓના ખાંધીયા હોય છે. તેમનું ભલું ઈચ્છનારા હોય છે. તેમના ફરમાંબરદાર હોય છે. આ તાબેદારી કરવાના જુદાજુદા કારણો હોઈ શકે છે. દરેકના પોતપોતાના ફયદા અને સ્વાર્થ હોય છે.

તાગુતના સાથીદારોનો એક મોટો ભાગ હાકેમોની-રાજકારણીઓની શકિત, તેમના ખોફ અને જુલ્મના કારણે તેમની સાથે લાગેલો રહે છે. ઘણો મોટો ભાગ તો આવા લોકોનો જ જોવા મળશે.

**(ખ) ઈમામના સાથીદારો :**

અઈમ્માના સાથીદારોની સંખ્યા જુદા જુદા સમયગાળામાં જુદી જુદી જોવા મળશે. અત્યારે આપણે અઈમ્માના સાથીદારોની સંખ્યાના વધતા-ઓછા હોવાના કારણોની ચર્ચા કરતા નથી. પરંતુ અઈમ્માના સાથીદારોમાં જુદા જુદા દરજજાના લોકો હોય છે, તેમની ચર્ચા કરીશું.

**(૧) હકની પાછળ મરી ફીટનારા, નિઃસ્વાર્થ અને નિડર યોદ્ધાઓ :**

અઈમ્માના સાથીદારોમાં એક સમૂહ જાંનિસાર ફિદાઈઓનો રહ્યો છે. જેઓ ખુદા રસૂલની મઅરેફત ધરાવનારા, કામિલ યકીન ધરાવનારા હોય છે. ઈમામના પડકારને ઝીલી લેનારા, આવા લોકો પોતાની આંખે જોયેલી વસ્તુનો અને કાને સાંભળેલી વાતનો અવિશ્ર્વાસ કરી શકે છે, પરંતુ અઈમ્માના બોલ કે વાતના ગલત હોવાનું વિચારી પણ શકતા નથી. આવો સમૂહ હંમેશા પોતાની સંપૂર્ણ શક્તિ અને માલદવલત સાથે ઈમામનો સાથીદાર રહ્યો છે. આવા લોકોએ અતિઉત્તમ, બહુમૂલ્ય, અને શ્રેષ્ઠ કુરબાનીઓ પેશ કરી છે. આવા લોકોએ અતિશય કપરા સંજોગોમાં-જયારે કે ઈમામ પાસે પોતાના ઘરવાળાઓના પેટગુજારા માટે પણ ધાન ન હોય-તેવા સંજોગોમાં પણ એક સેકન્ડ માટે પણ ઈમામનો સાથ છોડયો નથી. આવા જ લોકો મઅરેફતના દરજજામાં ગણાય છે. જેઓ દીનના મુકાબલામાં પોતાના માલની, જાનની, તંદુરસ્તીની, ઈજ્જત આબરૂની, અવલાદની, સગાઈ સંબંધની મતલબ સમગ્ર દુનિયામાંથી કોઈપણ ચીજની રતિભાર પરવા કરતા નથી.

આવા લોકોમાં અબુઝર, અમ્માર, સલમાન, મિકદાદ, માલિકે ઉસ્તર, મિષમે તમાર, રશીદ

હીજરી, હજર ઈબ્ને અદી, વગેરે ઉચ્ચ દરજજે છે.

આ મુકદ્દશ બુઝૂર્ગો હરદમ અમીરૂલ મોઅમેનીનની સાથે રહ્યા અને મુશ્કેલ, અતિ કપરા સંજોગોમાં પણ એક પળ  માટે વિચલિત થયા નથી. અડગ રહ્યા.

**(૨) હકને સમજનારા-હકની કદર કરનારા લોકો :**

અઈમ્માનો સાથ આપનારા લોકોમાં કેટલાક એવા લોકોનો સમૂહ પણ હતો, જેઓ અઈમ્માના ઉચ્ચ દરજજાને તો સંપૂર્ણ રીતે સમજતા હતા. અહીં સુધી કે એ વાતને પણ માનનાર હતા કે કિયાદત, સરદારી-ખિલાફ્ત અઈમ્માનો જ હક છે. ઉપરાંત ફેંસલાનો સાચો હક અઈમ્માનોજ છે એમ માનનારા હતા. પરંતુ તેમના આ હકને પ્રાપ્ત કરવા માટે આપવામાં આવતી કુરબાનીઓ અને મુશ્કેલીઓ ઊઠાવવાની બાબત સાબિત કદમ-અચલ ન રહી શકયા. બલ્કે કંઈક અમન માટે શરણ શોધી કાઢયું. દીલથી તો અઈમ્માને જ સાચા માનતા હતા. પરંતુ અઈમ્માનો સાથ આપવા માટે પોતાનું સર્વસ્વ લુંટાઈ જતું હોઈ, આ વાત તેઓની સહનશક્તિની બહાર હતી.

પરંતુ તેઓની સમજ પ્રમાણે જયારે તાગુતના મુકાબલા માટે મુશ્કેલીઓ દૂર થતી જણાઈ,

પરિસ્થિતિ કંઈક અનુકૂળ માલુમ પડી, ત્યારે આવો સમુહ ફરીથી મેદાનમાં આવીને ઈમામનો સાથીદાર બન્યો. જેવી રીતે કે કૂફાના અહાલીઓ. તેમાં ખાસ સુલયમાન ઈબ્ને સરદ ખઝાઈની ટોળી, જેઓએ ઈમામ હુસૈન (અલ.)ને કુફ આવવાની દઅવત આપી, હઝરત મુસ્લિમ બિન અકીલની કુફમાં મદદ કરી હિમાયત કરી, પરંતુ અબ્દુલ્લા ઈબ્ને ઝિયાદ જેવા સખ્ત જાલીમ અમીરની સામે દૃઢતા ન બતાવી શકયા. પીછેહઠ કરી ગયા, પરંતુ ઈમામ હુસૈન (અલ.)ની શહાદત પછી પસ્તાયા, પોતાની કાયરતા ઉપર અફસોસ કરવા લાગ્યા. એવો ઘણો મોટો તવ્વાબીન સમૂહ છે. (તોબા કરનારી ટોળી) કે જે કરબલા પછી યઝીદી ફેજના મુકાબલા ઉપર આવી ગયો.

**(૩) પોતાના ફયદા અને મસ્લેહતના બંદી :**

એક સમૂહ એવો પણ હતો જે તેલ અને તેલની ધાર જોઈને કદમ ઊઠાવનારો-મસલેહત પસંદ સમૂહ હતો. ફયદો જોઈને ઈમામને મદદ કરનારો આ સમૂહ ડરપોક અને દુનિયાપરસ્ત હતો. સંજોગો પ્રમાણે પોતાની નીતિરીતિ બદલનારા આ લોકો પ્રભૂત્ત્વની ગરજથી અઈમ્માના સાથી બનતા હતા. જેવી રીતે કે મઆવીયાના મુકાબલા માટે ઈમામ હસન (અલ.)ની ફેજના ઘણાબધા સરદારો-જેઓ પ્રભૂત્ત્વ તથા સોના-ચાંદીની

લાલચમાં મઆવીયા સાથે ભળી ગયા. જેથી ઈમામને સુલેહનો કડવો ઘુંટડો પીવો પડયો. બીજા ખારજીઓ જેઓ મઆવીયાની હુકુમતને ખતમ કરવા માટે ઈમામ હસન (અલ.)ના સાથી બન્યા, પરંતુ જેવા ઈમામને કમજોર થતા જોયા, તરત જ આ સમુહે ઈમામની વિરૂદ્ધ બગાવત કરી.

**(ગ) તટસ્થ લોકો :**

(૧) દરેક ઈમામના સમયમાં બલ્કે નબીઓના જમાનાઓમાં પણ અંબિયા, અઈમ્માના અને તાગુતના સાથીઓ સિવાયનો ઈન્સાનોનો એક સમૂહ મોજૂદ રહ્યો. જેઓ તટસ્થ લોકો તરીકે ઓળખાયા. આવા લોકો પોતાનો કોઈ મત કે દિશા ધરાવતા ન હતા. દિશાશૂન્ય લોકો હતા. આવા લોકો હવાઓની રૂખ પ્રમાણે પોતાની દિશા નક્કી કરતા હોય છે. પાણીના વહેણની સાથે વહી જતા હોય છે, અથવા અલિપ્ત રહેતા હોય છે. કૂફાવાસીઓનો આવો સમૂહ જેમણે હઝરત મુસ્લિમ બિન અકીલના કૂફા આવવાના મોકા ઉપર કુફવાસીઓમાં ખૂબ જ ઉત્તેજના હતી, જોશ હતો આવા લોકોએ હઝરત મુસ્લિમ બિન અકીલના સ્વાગત માટે-ઈમામ હુસેન (અલ.)ની હિમાયતમાં સંપૂર્ણરીતે મદદરૂપ થવાનો ફેંસલો કર્યો. પરંતુ જેમ જેમ કૂફા વાસીઓનો જોશ ઠંડો થતો ગયો અને લોકો હઝરત મુસ્લિમથી દૂર થતા

ગયા, આવા સમૂહે પણ પોતાની દિશા બદલી નાખી, તેઓ પોતાના સાથીઓને કહેતા હતા કે :
"અમારી શું શક્તિ છે કે અમે હુકુમત અને સિયાસતમાં દખલગીરી કરીએ."
હઝરત મુસ્લિમથી અલગ થઈ આવા સમૂહે ખૂણો પકડી લીધો.
સીરતે અઈમ્માના અભ્યાસીઓએ દરેક જમાનામાં આવા ત્રણે પ્રકારના સમૂહોની હકીકત, રંગઢંગ અને પરિમાણથી વાકેફ થવું જરૂરી છે. નહીં તો તમે કોઈપણ ઈમામની સિયાસી જિંદગીની બાબતમાં ફેંસલો નહીં કરી શકો.
(૨) સીરતે અઈમ્માના અભ્યાસીઓએ એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે જે તે સમયગાળાની રાજકીય અને સામાજિક પરિસ્થિતિથી વાકેફ થવું. તો જ આપણે દરેક ઈમામ (અલ.)ના મિશનને સમજવાના સાચા પરિણામ સુધી પહોંચી શકીશું.
જો આ બાબતમાં (ઈમામના મિશનને સમજવામાં) આપણા હૃદયમાં જરાક જેટલો પણ ખતરો રહેશે, જરા જેટલી પણ શકની સોય ખૂંચતી રહેશે, તો આપણે દીલોજાનથી કદીપણ ન ઈસ્લામની તબ્લીગનું કાર્ય કરી શકીશું, ન ઈમામે ઝમાના (અલ.)ના મિશનના સાચા સિપાહી બની શકીશું.

ઈમામના રાજકીય અને સામાજિક પગલાંઓનો અભ્યાસ કરતી વખતે તે સમયના તાગુતનો ઈસ્લામની સાથે કેવો વર્તાવ, લગાવ, તઅલ્લુક અને મેળમીલાપ છે. તે જાણવું પણ જરૂરી છે. તાગુત શબ્દ પ્રયોગ એક વ્યાપક અર્થ ધરાવે છે. શયતાની શકિતઓ, કુફ્ર, તાગુત કૂફ્રની શકલમાં પણ આપણી સમક્ષ આવે છે. જેને આપણે આસાનીથી ઓળખી શકીએ છીએ, તાગુત મઆવીયાની શકલમાં પણ હકની સામે આવે છે. મક્કારીથી. ચાલબાજીઓ દ્વારા ભલાભોળા-સાદાસીધા માણસો તેના તરફ આકર્ષષત થઈ જાય છે. ઘણાબધા સહાબા પણ આ મલઉનની આવી ચાલબાજીઓની ચુંગાલમાં ફસાઈ ગયા હતા. તાગુત ખારઝીઓની શકલમાં પણ હકની સામે આવે છે. જે ખારઝીઓ અવ્વલ સમયમાં નમાઝ પઢનારા, લાંબી દાઢીઓ તથા કપાળ ઉપર નમાઝના નિશાનો ધરાવતા હતા, જેમની સાથે ઈમામ અલી (અલ.)ને જંગે નહરવાન લડવી પડી.

તાગુત ઈસ્લામનો-દીનદારીનો ઘુંઘટ ઓઢીને, ઈસ્લામ પરસ્ત બનીને-મતલબ ઈસ્લામના કેટલાક ઝાહેરી અમલોની પાબંદી સાથે જનસાધારણને છેતરે છે અને ખુલ્લમ ખુલ્લા ઈસ્લામી નિશાનીઓની મજાક ઉડાવીને

મુસલમાનોને ગૂમરાહ કરે છે. અઈમ્માની કાર્યપદ્ધતિ સમજવા માટે અર્વાચિન સમયના ઈસ્લામી કાર્યકરોએ પણ ઉપરોક્ત પ્રકારની જાગૃતતા કેળવવી પડશે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર એક અતિ મુશ્કેલ કાર્ય છે. તમે ગમે તેટલા પવિત્ર પાક-પાકિઝા અને અણિશુદ્ધ પ્રમાણિક હશો છતાંપણ દીનદારીનો દાવો કરનારા, બઝાહિર તમારી અંદરના દેખાતા માણસો પણ તમારી ઈર્ષા કરશે, તમને નીચા પાડવાની કોશિશ કરશે.

અઈમ્માની કાર્યપદ્ધતિને-આપના મિશનને સમજવા માટે આ જાણવું પણ જરૂરી છે કે જનસાધારણ તાગુતથી પરિચિત છે કે નથી ? નથી તો તાગુત જે શકલમાં લોકોની સમક્ષ આવ્યું છે તેની સમજ ઈસ્લામી કાર્યકરોએ પબ્લીકને આપવી પડશે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર જેવા અતિ કપરા અને અતિ મુશ્કેલ કાર્ય માટે અલ્લાહે અતિ સંયમી, અતિ ત્યાગી, અતિ સહનશીલ અને અતિ સબ્ર કરનારા નબીઓ અને ઈમામોને મોકલ્યા છે. મારી કલમ ઈમામોના સંયમનું, તેમની સહનશીલતાનું તેમના સબ્રનું વર્ણન કરવા ઘણી જ કમજોર છે.

તાગુતે દરેક જમાનાના ઈમામની સાથે પોતાની લડાઈનો શું મુદ્દો ઉપસ્થિત કર્યો છે ? એનો વિષય

શું છે ? આ બધી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી તેને સમજવી જરૂરી છે. દરેક ઝમાનાના ઈમામની કાર્યપદ્ધતિ જુદી જુદી રહી છે.

(૧) પ્રથમ સમયગાળાની-નબીની વફાત પછી તરતના સમયની પરિસ્થિતિનો અભ્યાસ કરો. ઈસ્લામના ધ્વજને તાગુતે પોતાના હાથમાં લઈ લીધો હતો. તાગુતે ઈસ્લામનો ઘુંઘટ ઓઢેલો હતો. તાગુતની બોલચાલ, રંગઢંગ, બધું જ ઈસ્લામના બુરખામાં ઢંકાયેલું હતું. જેમાં સમગ્ર અરબસ્તાનની જન સાધારણ છેતરાઈ ગઈ.

હજી તો મદીનામાં નબીના શ્વાસોશ્વાસ વાળી હવા પણ બદલાઈ ન હતી કે ઉમ્મત ગૂમરાહી તરફ ચાલી નીકળી. હજી તો નબી (સલ.)ની કબરની માટી પણ સૂકાઈ ન હતી કે આ તાગુતે નબીના ધ્વજ સાથે સમગ્ર દુનિયા સાથે ઈસ્લામના નામથી સામ્રાજયવાદીઓના જેવી વિસ્તારવાદી જંગો લડવાનું શરૂ કરી દીધું.

અલ્લાહે મુકર્રર કરેલા તે સમયના ઈમામે શું કર્યું ? તાગુતથી સીધોસીધો મુકાબલો ન કર્યો. પરંતુ લોકોને ઈસ્લામના સાચા સિદ્ધાંતોથી વાકેફ કરવાની જદ્દોજહદ શરૂ કરી, તાગુતના અન્યાયી ફેંસલાઓને ઉલટાવાનું શરૂ કર્યું. એવા એવા કદમો ઊઠાવ્યા કે દીનમાં જે તહરીફ થઈ રહી હતી, જે

ફેરફરો આવી રહ્યા હતા. તેનાથી લોકોને આગાહ કર્યા. તહરીફ્ને અટકાવી.

આ પદ્ધતિ દ્વારા તાગુતના ચેહરા ઉપરથી દીનનો ઘુંઘટ ઊતારવો હતો. અહીં સુધી કે અનેક ઠેકાણેથી સંદેશાઓ લઈને આવતા એલચીઓ-પોતાના પ્રશ્નોના ઉકેલ માટે આવતા બુદ્ધિશાળીઓ એવું કહેવા લાગ્યા કે અમે જેમની મુલાકાત કરી તે નબીના ઉત્તરાધિકારી નથી હોઈ શકતા. તાગુતના અલમબરદારોના મોઢાં સિવાઈ ગયાં. આ ધ્વજવાહકોએ એવું કહેવું પડયું કે અલી પાસે જાઓ, ત્યાં તમારા પ્રશ્નોના ઉત્તરો મળશે.

ઘણાય ભલાભોળા-સાદાસીધા લોકો જેઓ તાગુતની ચાલબાજીથી દોરવાઈ ગયા હતા, તેઓ પાછા આવ્યા. ભલે હુકુમતની બાગડોર-તલવાર તાગુત પાસે રહી પરંતુ તાગુતની આગેકૂચ થંભી ગઈ. સામાન્ય જનસાધારણ તાગુતથી વાકેફ થવા લાગ્યો. ઈમામનું તો આ જ કાર્ય છે. ફરજ છે કે તેઓ લોકોને તાગુતથી વાકેફ કરે. લોકોના માનવા ન માનવાની જવાબદારી ન નબીની બને છે, ન ઈમામની.

કારણ કે આ ઈસ્લામનો ઘુંઘટ જે તાગુતે ઓઢી લીધેલો હતો, તેને હટાવ્યા સિવાય તાગુતની સામે એલાને જેહાદ કરવામાં ઘણીજ મુશ્કેલીઓનો સામનો કરવો પડે એમ હતું. સંજોગો જ ન હતાં.

એક તરફ નૂર હતું, બીજી તરફ જુલ્મત (અંધકાર) હતો. કલિમો તો બંને પાસે હતો. હક પાસે જે કલિમએ તવહીદ હતો, જુલ્મત પણ એ જ કલિમાની આડમા ચાલતું હતું. ઈસ્લામ અને તાગુત વચ્ચે, નૂર અને જુલ્મત વચ્ચે, હક અને બાતીલ  વચ્ચે ઘણી જ બારીક ભેદરેખા હતી. ઈમામ અલી (અલ.)એ પોતાની કાર્યકુશળતા અને કુશાગ્ર બુદ્ધિશકિત વડે આ ભેદરેખાને ઉઘાડી કરી દીધી.

પછી આ ભેદરેખા પહોળી થતી ચાલી. તિરાડ વધુ દેખાવા લાગી, નૂર અને જુલ્મત સ્પષ્ટ દેખાવા લાગ્યું. જેથી જુલ્મતે-તાગુતે જોયું કે આપણે નૂરની સામે-ઈસ્લામની સામે દબાવા લાગ્યા છીેએ તેથી મક્કાર અને મલઉન મઆવીયાએ હકની સામે લડાઈ છેડી. હકે બાતિલને બરાબર પછાડયું. તાગુત મઆવીયાની શકલમાં, ખવારિઝની શકલમાં, હઝરત ઉસ્માનની કતલના બહાને ઓરતની શકલમાં, હકની સામે આવ્યું. હક્કે  તે બધાને મોત પછડાટ આપી.

આ જ તાગુત યઝીદ પલીદની શકલમાં ઈમામ હુસૈન (અલ.)ની સામે આવ્યું. ઈમામે એવી જંગ ખેલી જેનો નમૂનો કયામત સુધી દુનિયા પેશ નહીં કરી શકે. તાગુતની કયામત સુધી કમર તોડી નાખી. આજે કેટલાક મુનાફિક આલિમો નૂર અને

જુલ્મતની-હક અને બાતિલની આ બારીક ભેદરેખાને મિટાવવા ઊભા થયા છે. જેથી અમારે કલમ ઊઠાવવી જરૂરી થઈ પડી છે કે પહેલા ઈમામ અલી (અલ.)નું જીવનચરિત્ર એક તેહરીકી દૃષ્ટિએ ઈન્સાનો સમક્ષ પેશ કરીએ. આ રીતે એક ઈસ્લામી તેહરીકની દૃષ્ટિએ, આઈમ્માના જીવનચરિત્રો લખવાં એક ઘણું જ મુશ્કેલ કાર્ય છે. અલ્લાહ હંમેશા મોમીનોનો મદદગાર રહ્યો છે.

જનાબ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અલી તાલિબ (અલ.)એ ખ્વારઝીઓ સામે જંગ કરતી વખતે આવી જ મુશ્કેલી તરફ ઈશારો કરતાં ફરમાવ્યું :

“અય લોકો ! મેં ફીતનો અને ફસાદની આંખો ફેડી નાખી છે. જયારે તેમના ફીતનાનો અંધકાર આકાશ-પાતાળ એક કરી રહ્યો હતો, ફીતનાઓએ તે લોકોને દીવાના-પાગલ જેવા બનાવી દીધા હતા. તેવા સમયે કોઈપણ વ્યક્તિમાં આ હિંમત ન હતી કે તે આ લોકોનો મુકાબલો કરે."

કારણ કે ખ્વારઝીઓ દેખીતી રીતે નમાઝ, રોઝા, અને બીજી ઈસ્લામી નિશાનીઓના પાબંદ હતા. વહેલા મસ્જિદે પહોંચનારા, મોડા નીકળનારા, લાંબી દાઢીઓ સાથે નમાઝના નિશાનો તેમના કપાળ ઉપર સ્પષ્ટ દેખાતાં હતાં. વળી તેઓએ અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)ની સાથે જંગ

છેડી તો આ જંગનો તેમણે ઉઠાવેલો મુદ્દો પણ "દીનની હિફ્ઝત"નો હતો. આવા સમયે સાદાસીધા-ભલાભોળા સામાન્ય મુસલમાનોને આ વિશ્વાસ કરાવવો ઘણું જ મુશ્કેલ હતું કે હક કઈ તરફ છે.

(૨) બીજી બાબત જયારે તાગુત ખુલ્લમખુલ્લા બેદીની-લાદીનીયતની જાહેરાત કરતું હોય અને આવા લોકોની લાદીનીયત સામાન્ય જનસાધારણ ઉપર છૂપી પણ ન હોય, તો આ પરિસ્થિતિમાં અઈમ્મા (અલ.)ની કાર્ય પદ્ધતિ પ્રથમ પદ્ધતિથી જુદી પડતી હતી.

જેવી રીતે કે યઝીદની ખુલ્લમખુલ્લા લાદીનીયત અને ઈસ્લામી નિશાનીઓનું બેધડક ઉલંઘન કરવા સાથે સમાજને પણ તેમ કરવાનું આવાહ્ન આપવું. આ પરિસ્થિતિમાં હઝરત ઈમામ હુસૈન (અલ.)નું તેની સામે એલાને જંગ કરવું.

ઈમામ જયારે યઝીદની વિરૂદ્ધ ઊભા થયા ત્યારે મૌલાના મવદૂદીના વર્ણાનુસાર કોઈપણ સહાબી, તાબેઈન અને આલીમોએ એમ નથી કહ્યું કે યઝીદના વિરૂદ્ધ કિયામ કરવો હરામ છે. જો કે આવી બનાવટી - જુઠ્ઠી હદીસો પણ હતી જે એમ કહેતી હતી કે "હાકીમે વક્તના વિરૂદ્ધ જંગ હરામ છે" બલ્કે કેટલાકે ઈમામને આમ જરૂર કહ્યું

કે "આપ ન જાઓ તો બહેતર છે કેમકે આપ કામ્યાબ નહીં થાઓ."
(મૌ. મવદૂદી-આદ્ય સ્થાપક જમાઅતે ઈસ્લામી)
જોકે હઝરત અલી (અલ.) અને ઈમામ હસન (અલ.)ની મઆવીયાની વિરૂદ્ધ જંગમાં સ્વયં ઈમામના લશ્કરમાં એવા લોકો હતા, જેઓ શંકા કુશંકાઓમાં ઘેરાયેલા હતા.
અઈમ્માની રીવાયતોને સમજવા માટે સમય, સંજોગો, પરિસ્થિતિ, અને વ્યક્તિની ઓળખ જરૂરી છે.

**(૧) અઈમ્મા (અલ.)ની તે રીવાયતો જે આપની સીરતને સમજવા માટે રૂકાવટ બની હોય છે.**

જે રીવાયતો ઈમામે તકય્યાની પરિસ્થિતિઓમાં ફરમાવી હોય. આપના તકય્યાનો સમયગાળો હોય અને આપે પોતાના અસહાબ સમક્ષ અમૂક રીવાયતો કરી હોય.
ભેદોને છૂપાવાના અનુસંધાનમાં તે સમયગાળા માટે ઈમામે પોતાના અસહાબને જે સૂચનો કર્યા હોય અને નકલ કરવાવાળાઓએ સમય-સંજોગોને ધ્યાનમાં લીધા સિવાય તે સૂચનો નકલ કરી દીધાં હોય.
ઈમામની દરેક રીવાયત કે ઉદ્‌બોધનની આગળ-પાછળના સંબંધને જાણવો, તેને સાચી રીતે સમજવો જરૂરી છે. કેટલીય રીવાયતો ઈમામના

તકય્યાના આલમમાં અને ભેદોને છુપાવવાના મોકા ઉપર અથવા ઈમામના ઉદ્બોધનના આગળ-પાછળના સંબંધને જાણ્યા સમજયા વગર આપણા સુધી પહોંચી છે. આવી રીવાયતો ઈમામના મિશનને સમજવામાં અવરોધો ઊભા કરે છે. અથવા સીરતના અભ્યાસીના મગજમાં શકસુબા પેદા કરે છે.

દૃષ્ટાંતરૂપે ઈમામની મજલિશમાં હુકુમતનો કોઈ માણસ આવી ચડયો છે અથવા હુકુમતનો સી.આઈ.ડી. બેઠો છે. અથવા કોઈ જાલીમ વ્યક્તિની હાજરી છે. તે સમયે સામાન્ય શ્રોતાઓને તો આ વાતની ખબર હોતી નથી. જેથી ઈમામ તકય્યાનો ખ્યાલ રાખીને કોઈ વાતો ફરમાવે તે વાતો તે સમય પુરતી જ હોય છે. જયારે કે ઈમામની તે સિવાયની બીજી રીવાયતો પેલી રીવાયતો સાથે ટકરાતી પણ હોય. આ સંજોગોને  અભ્યાસીઓએ સમજવા જરૂરી છે. આવી રીવાયતો સમય સંજોગોને સમજયા, જાણ્યા વગર, રીવાયતોના આગળ પાછળના સંબંધને પણ જાણ્યા વગર આપણા સુધી પહોંચી ગઈ છે. જે આપણને ઉલઝનમાં નાખતી હોય છે.

## (૨) નાવાકિફિયત

અઈમ્માના અમલ, આચરણ અને ઉમ્મત પ્રત્યેની તેઓની જવાબદારી અંગેની નાવાકિફિયત-

અજ્ઞાનતા પણ આ બાબત માટે કારણભૂત બની શકે છે કે આપણે સીરતને સહી તરીકાથી સમજી શકતા નથી. અઈમ્માના દરજ્જાને સમજી ન શકવું પણ તેમની સીરત સમજવામાં અવરોધરૂપ બને છે.

## (૩) અઈમ્માનું આચરણ

અઈમ્માના સમયગાળાના ઈતિહાસમાં ઘણી જટીલતા છે, મુશ્કેલીઓ છે. તે સમયના રાજકારણ, સંસ્કૃતિ, કલ્ચર, સામાજીક અને આર્થિક દૃષ્ટિકોણો તે સમયના રીતરિવાજ વગેરેથી નાવાકિફિયત પણ અઈમ્માએ તાહેરીન (અલ.)ના અમલ-આચરણને સમજવામાં બાધારૂપ બને છે. આપણે તે સમયનો ઈતિહાસ, સામાજિક આર્થિક અને રાજકીય પરિસ્થિતિ વગેરે જાણતા ન હોવાથી ઈમામના ઉદ્‌બોધનો, ઈમામનો અમલ, ઈમામની વર્તણુક વગેરે સમજી શકતા નથી.

## (૪) બિન ઈસ્લામી દૃષ્ટિકોણો - મિલાવટ

સીરતના અભ્યાસ માટેના કાચા માળખામાં મતલબ ઈતિહાસના ગઠનમાં અઈમ્માના દુશ્મનોએ ગલતસલત મિલાવટ કરી દીધી છે. ઉપરાંત બિન ઈસ્લામી દૃષ્ટિકોણો જે ઈસાઈઓએ આપણા દિમાગોમાં ઘુસાડી દીધા છે તે પણ આપણને અઈમ્માની સીરતને સાચી રીતે સમજવામાં અવરોધરૂપ બને છે.

૫. અમીરૂલ મોઅમેનીન (અલ.)ના જીવનનો ધ્યેય, લક્ષ્ય, ઉદ્દેશ્ય શો હતો ?

સીરતે અઈમ્માને સમજવામાં આપના લક્ષ્ય ઉદ્દેશ્ય કે ચોટને સમજવું ઘણું જ જરૂરી છે. અફસોસ સાથે કહેવું પડે છે કે ઘણાબધા લોકો ઈમામના મકસદને સમજી ન શકવાને કારણે સીરતને પણ સમજી શકતા નથી.

આપણે વિચારીએ કે શું અઈમ્માએ તાહેરીન ફક્ત ઝિક્રો તસ્બીહ અને તાલીમો તબ્લીગ માટે આવ્યા છે ? કે એ સિવાય પણ આ બુર્ઝુગોનું બીજું કંઈ કામ છે ખરૂં ?

નમાઝ, રોઝા તસ્બીહ, ઝિક્રોવઝાઈફ સિવાય પણ આ બુઝૂર્ગોની કેટલીક સામાજિક અને રાજકીય જવાબદારીઓ છે. જુલ્મ અને જાલીમોની સામે જેહાદ અને ઉમ્મતની સરદારી-ઉમ્મતની સિયાસી બાગડોર સંભાળવી, સમય સંજોગો અનુકૂળ પેદા થતાં એક ઈસ્લામી સ્ટેટની રચના કરવી પણ આ બુઝૂર્ગોની મુખ્ય જવાબદારી છે.

આપણે સમાજવાદ કહેતા હોય કે સામ્યવાદ, લોકશાહી કે સરમુખ્તયારશાહી, આ બધી જ વ્યવસ્થાઓ તાગુતની છે.

અક્કલ અને શરીઅતે નક્કી કરેલી હદોને ઓળંગી જનાર દરેક વ્યક્તિ તાગુતની લીસ્ટમાં આવી

જશે. તાગુતને શયતાન પણ કહી શકાય તથા જુલ્મ અને ફસાદ પણ તાગુતી ગુણ છે. કોઈ વ્યક્તિ તાગુતી-ફસાદી ગુણો સાથે જન્મ પામતો નથી. આ ગુણ માના પેટથી સાથે લઈને આવતો નથી.

ફિરઓન, નમરૂદ, મઆવીયા, યઝીદ, હિટલર, રેગન, બુશ, અને સદ્દામ જેવા સરમુખ્તયારો માના પેટથી આ ગુણ લઈને નથી આવ્યા. જેમણે બેજવાબદાર બનીને જનસાધારણ ઉપર જુલ્મો કર્યા. બલ્કે આ ગુણો પાછળથી પેદા થાય છે. નીચેની બુરાઈઓ હાકેમોમાં તાગુતી (જુલ્મી) સિફતો પેદા કરે છે.

(૧) દુનિયાની મહબ્બત

(૨) તકબ્બુર (અતિશય ઘમંડ)

(૩) ખુદ પસંદી, ગુરૂર (નં. ૧ને સાથે લગોલગ છે)

(૪) હસદ.

(૫) પ્રભૂત્ત્વ અને હોદ્દાની મહબ્બત.

(૬) બીજાથી આગળ વધી જવાની તમન્ના.

(૭) કયામતથી ઈન્કાર.

ઉપરોક્ત દરેક બુરાઈ માટે અઈમ્માની અનેક હદીસો છે. જે બુરાઈઓ ઈન્સાનમાં તાગુતી સિફતો પેદા કરી તેને બેજવાબદાર બનાવે છે. જે બુરાઈઓના કારણે ઘર, કુટુંબો, કબીલાઓ,

ખાનદાનો, મહોલ્લાઓ, ગામો, જિલ્લાઓ, રાજયો, દેશો અને વિશ્વ તબાહ બરબાદ થાય છે. રસુલે ઈસ્લામ (અલ.)ની એક હદીસ જેમાં આપ (સલ.) એ એક વખત જેહાદથી ઘર તરફ પાછા ફરતાં સહાબાને ઉદ્દેશીને ફરમાવ્યું :

“તમો જેહાદે અસગરથી જેહાદે અકબર તરફ જઈ રહ્યા છો."

કેટલાક લોકો આ હદીસનો આવો મતલબ પણ લઈ રહ્યા છે કે ઘર પર બેસી રહીને ઈબાદત કરવી, ઝિક્રો-વઝાઈફ પઢવા, કલિમતુલ્લાહની બુલંદી માટે જાન-માલની બાજી લગાવવાથી પણ વધુ અફઝલ છે. આવી સમજ તદ્દન ગલત છે. બલકે જેહાદ તમામ ઈબાદતોથી અફઝલ છે. જેહાદના મુકાબલે કોઈપણ ઈબાદત અફઝલ હોઈ શકતી જ નથી. બલ્કે નમાઝે જુમા જેવી ઈબાદત પણ એક જંગના મોકા ઉપર સહાબાને કઝા કરવી પડી, તે પણ રસૂલે ઈસ્લામની હાજરીમાં. તે સિવાય બીજી બે જંગોમાં નમાઝે ઝોહર-અસર પણ સહાબાની કઝા થઈ છે. (સુન્ની કિતાબોમાં આ હદીસો મોજૂદ છે. શીયા કિતાબોનો હવાલો હજી હું મેળવી શકયો નથી.) કારણ કે જેહાદ એ કલિમતુલ્લાહની બુલંદી માટે છે. નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, મસ્જિદો, મદ્રસાઓ બલ્કે બધા જ ઈસ્લામી શઆએરીલ્લાહ જેહાદ ઉપર

અવલંબીત છે. જો જેહાદ ખતમ થઈ જશે તો ઉપરોક્ત ઈબાદતોમાંથી કંઈપણ બાકી નહીં રહે. કારણકે તાગુત તો આમ ઈચ્છે છે કે તમો ખુદાની ઈબાદત પણ ન કરો, બસ અમારા જેવા થઈ જાઓ. જેથી ઈસ્લામની બધી જ ઈબાદતોનો આધારસ્થંભ જેહાદ છે.

જેહાદથી ઘર તરફ પાછા ફરતાં હવે આપણે આ બાબત વિચારીએ કે પેગંબરે ઈસ્લામ સહાબાને ફરમાવી રહ્યા છે કે "તમો જેહાદે અસગરથી" જેહાદે અકબર તરફ જઈ રહ્યા છો." એનો શું મતલબ થાય છે ? આપ (સલ.) એ આ પ્રમાણે કયા અર્થમાં ફરમાવ્યું ? સમજીએ :

માણસ જયારે જેહાદમાં લડાઈના મેદાનમાં હોય છે ત્યારે એ ઘરની, બાળકોની, કમાવાની, ખેતીવાડીની, વેપાર રોજગારની કે કોઈપણ પ્રકારના કામકાજની ચિંતાથી પર હોય છે. એણે બે જ કામ કરવાના છે. ખાસ તો યુદ્ધ લડવાનું, દુશ્મનોમાં ઘુસીને સામી છાતીએ તેમનો મુકાબલો કરવાનો અને કેમ્પમાં હોવાની હાલતમાં અલ્લાહની ઈબાદત કરવાની. નમાઝ, ઝિક્ર, વઝાઈફ.

હરપળે તેને મોત દેખાતું હોય છે. મુજાહિદને એવો વિશ્વાસ પણ નથી હોતો કે એ ઘરે પહોંચશે કે કેમ? તેની સામે શહાદત જ હોય છે. આવી

પરિસ્થિતિમાં તેનો નફ્સ કેટલો પવિત્ર રહેશે. ગુનોહ કરવાનો ખ્યાલ પણ તેના દિમાગમાં ગુજરશે નહિં. હરપળે તે અલ્લાહનો નમ્ર, આજીજી કરનારો બંદો બની રહેશે.

હવે જયારે આ મુજાહિદ જેહાદમાંથી પરવારી પોતાના ઘરે જતો હોય છે ત્યારે તેને ઘરબાર, પત્નિ-બાળકો, ખેતીવાડી, વેપાર-રોજગાર, મજૂરી જે કંઈ રોઝીનો ઝરીઓ હોય તે બધી જ જવાબદારી તેના ઉપર આવી જાય છે. ઝિંદગીમાં ઈત્મીનાન-સંતોષ પણ પેદા થઈ જાય છે. સમય પર બધું જ પ્રાપ્ત થઈ જાય છે. આ પરિસ્થિતિમાં તેનો નફ્સ કાહિલ-સુસ્ત પણ બની શકે છે. નમાઝમાં ચોરી કરે, છોડી દે, કમાવામાં બેઈમાની કરે, નફ્સ વધુ બદમાશ બની જાય તો નાઈન્સાફી પણ કરતો થઈ જાય, જુલમ પણ કરતો થઈ જાય. ઝિંદગીના બધા જ વહેવાર ઘરે હોવાની પરિસ્થિતિમાં અદા કરવાના હોય છે. જેમાં ગફલત થવાનો ઘણો સંભવ છે. ગુનાહથી બચવું લડાઈના મેદાન કરતાં પણ ઘરે મુશ્કેલ બની જાય છે. જેથી આ જેહાદે અકબર છે. પરંતુ આ હદીસનો આ મતલબ હરગિઝ નહીં બની શકે કે વલીએ ફકીહ તરફથી જેહાદનો હુકમ હોય અને વ્યક્તિ આ હદીસ રજૂ કરી ઘેર બેસી રહે.

# પ્રકરણ : ૨

## અકીદએ ઈમામત સિરાતે મુસ્તકીમ છે.

પોતાના છીનવાઈ ગયેલા હકની માંગણી અને મુસલમાનો ઉપર બળજબરીપૂર્વક કબજો જમાવનાર નાલાયક હાકેમોથી છુટકારો મેળવવા માટે અઈમ્માએ દીને જે તે સાધનો પ્રાપ્ત થયા તેના દ્વારા ઈસ્લામને જીવિત કરવાના પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા.

ઉમ્મતને દીનથી ચલિત થતી, કે અવળે રસ્તે જતી અટકાવવા ઉમ્મતની સમક્ષ દીને મોહંમદીનો હકીકી ચેહરો પેશ કર્યો. હાકેમોએ પેશ કરેલ ઈસ્લામ અને હકીકી ઈસ્લામ વચ્ચેનો તફવત સમજાવ્યો. પેગંબરે ઈસ્લામની વફત પછી આવનાર હાકેમો પોતાના પ્રભૂત્ત્વને બનાવી રાખવા અને હુકુમતની સરહદોને વધારવા ઈસ્લામની સુરતને બદસુરત કરવા લાગ્યા હતા. પેગંબરે ઈસ્લામ સાથેની લોકોની અતૂટ-મજબૂત અકીદતનો દુરઉપયોગ કરીને પોતાના સામ્રાજયનો વિસ્તાર વધારવા ઈસ્લામના નામથી તલવારનો ગલત ઉપયોગ કરી રહ્યા હતા. જેનો ઈસ્લામના સાચા દૃષ્ટિબિંદુથી દૂરનો પણ સંબંધ ન હતો.

અમીરૂલ મોઅમેનીન (અલ.) એ આવા સમયે આ હાકેમોની પણ શક્ય એટલી રોકટોક કરી, પોતાના શાગીર્દોની તરબીયત કરતા રહ્યા.

હઝરત અબુબકર અને હઝરત ઉમર આ બંને બૂ઼ઝૂર્ગોના હાકેમપણા હેઠળ ઈસ્લામના નામથી તલવારનો નાજાઈઝ રીતે ઘણો જ ઉપયોગ થયો. આ નાજાઈઝ તલવાર રસૂલની મહબ્બત અને ઈસ્લામના નામનો ભરપૂર ઉપયોગ કરીને ઊઠાવવામાં આવતી હતી. છતાંય દીનનું ઉપરનું કવચ હજી જળવાઈ રહ્યું હતું. પરંતુ હઝરત ઉસ્માનના સમયમાં તો હાલત તદ્દન જ ખરાબ થઈ ગઈ. લોકો સામાન્યપણે દીનથી લાગેલા દેખાતા હતા, પરંતુ ઈસ્લામની હકીકી રૂહથી, તેની હિકમતથી અપરિચિત થઈ ગયા હતા.

બિલકુલ આ રીતે કે અર્વાચિન સમયમાં સામાન્યપણે આપણે ઈસ્લામના પાયાના સિદ્ધાંતો અને કયામત ઉપર તો ઈમાન રાખીએ છીએ. પરંતુ આપણો દીન સાથેનો સંબંધ-લગાવ ફક્ત અકીદાની-માન્યતાની હદ સુધીજ સિમિત છે. અમલમાં-વ્યવહારમાં આપણા જીવનમાં દીન રચ્યોપચ્યો નથી. જે કંઈ છે તે ઉપરછલ્લી પરિસ્થિતિ છે. દરરોજના ચોવીસ કલાકના જીવનમાં તેનો અમલ ગાયબ છે. એનાથીયે આગળ વધીને સામૂહિક જીવનના દરેક મામલામાં

દીનનું નામોનિશાન નથી. આ જ પરિસ્થિતિ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) જયારે ખલીફ બન્યા ત્યારે હતી. આપે આવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઉમ્મતને બહાર કાઢી. આપે તથા આપની અવલાદોએ તથા આપના સાથીઓએ બેશુમાર કુરબાનીઓ આપીને પણ દીન બચાવી લીધો.

હાકેમોનું અઈમ્માએ અતહારને ગીરફ્તાર કરવું, તકલીફો આપવી, શહીદ કરવું, તેમને નજરબંદ રાખવા, તેમના ઘરોની તલાશી લેવી તેમની દરેક હાલચાલ ઉપર નજર રાખવી શા માટે ?

અઈમ્માએ અતહાર-બાર ઈમામો જેમના નામથી શીયા બિરાદરી ઈશ્નાઅશરી કહેવાય છે. જે વિશ્વની સૌથી મોટી ફિકહે જાફરીને અનુસરનારી બિરાદરી છે. જે ફિકહ રસૂલની સૌથી નજીકની સંતાન ઈમામ જાફર સાદીક (અલ.)ના નામથી પ્રચલિત છે.

ઈસ્લામની પ્રચલિત કિતાબોમાં પેગંબર (સલ.)ની આ હદીસ છે કે :

“મારા પછી મારા ખાનદાનમાંથી ૧૨ ઈમામ થશે, જે દરેક માસુમ હશે. જેમાં પ્રથમ અલી છે અને બારમાં મારા નામેનામ મોહંમદ મેહદી હશે."

આ બારે ઈમામો-તમામ મુસલમાનોના ઈમામો છે. વિશ્વની સમગ્ર મુસ્લિમ બિરાદરીના ઈમામો

છે. ફક્ત શીયાઓના ઈમામો નથી. આપણા બધાના ઈમામો છે. જેમનો સિલસિલો સીધો વિલાયતના પાવરહાઉસ હઝરત અલી અને ફાતેમા (અલ.) સુધી પહોંચે છે.
રસૂલે ખુદાએ આ બાર ઈમામોના નામો પણ પોતાની હયાતીમાં જ જણાવી દીધા હતા.

## બાર ખલીફઓ અથવા ઈમામો

હાફેઝ સુલયમાન બિન ઈબ્રાહીમ કન્દુઝી હનફી શૈખુલ ઈસ્લામ કુસ્તુનતુનીયા (હીજરી ૧૨૯૪)ની પ્રખ્યાત કીતાબ "યનાબિઉલ મોવદ્દત"નું ૭૭મું પ્રકરણ ધ્યાનથી જોઈએ.
તેમણે પ્રથમ સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, સનન અબુ દાઉદ અને સહીહ તિરમિઝી સહીત અનેક બીજી કિતાબોના હવાલાથી રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની પ્રખ્યાત હદીસ વર્ણવી છે કે –
"મારા પછી બાર ખલીફઓ થશે તેઓ બધા જ કુરેશથી હશે."
ત્યારબાદ વિદ્વાન મોહદ્દીસે ઘણી બધી હદીસો નકલ કરી છે, કે પેગંબર (સ.અ.વ.) એ ફરમાવ્યું "હું અને અલી અને હસન અને હુસૈન અને હુસૈનની અવલાદમાંથી નવ હઝરાત પવિત્ર અને માસુમ છીએ."
સાથે સાથે આ હદીસ પણ નકલ કરી છે કે જેમાં રસુલે અકરમ (સ.અ.વ.) એ ઈમામ હુસૈનને

ફરમાવ્યું "તમે સરદાર છો, સરદારના પુત્ર છો, અને સરદારના ભાઈ છો, તમે ઈમામ છો, ઈમામના ફરઝંદ છો, અને ઈમામના ભાઈ છો, તમે હુજ્જત છો, હુજ્જતના ફરજંદ છો, અને હુજ્જતના ભાઈ છો, અને નવ હુજ્જતોના બાપ છો, અને નવમા તેમનામાંથી મેહદી કાયેમ છે."

અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદ.

આવી ઘણી બધી હદીસોના વર્ણન પછી હાફેઝ કન્દુઝી લખે છે કે :

"સંશોધનકારોના કથન અનુસાર આ હદીસો (કે, નબી (સ.અ.વ.)ના પછી આપના બાર ખલીફઓ થશે) પ્રખ્યાત છે, અને ઘણી સનદોથી રિવાયત થઈ છે, પ્રચલિત સમયના વહેણ સાથે ઐતિહાસીક સત્યો તરફ દ્રષ્ટિપાત કરતાં માલુમ પડયું કે આ હદીસોમાં હુઝુર (સ.અ.વ.)એ તે બાર ઈમામોનું વર્ણન કર્યું છે, જેઓ આપ (સ.અ.વ.)ની અહલેબયતમાંથી થયા છે."

આ હદીસને તે ચાર ખોલફએ રાશેદીન પર બંધબેસતી નહીં કરી શકાય, કદાપિ થઈ શકે પણ નહિં, જેઓ આપ (સ.અ.વ.) પછી આપ (સ.અ.વ.)ના અસ્હાબમાંથી થયા હતા, કેમકે તેમની સંખ્યા બારથી ઓછી છે.

અને આ પણ અશક્ય છે કે આ હદીસને ઉમવી (બની ઉમય્યાના) રાજાઓ પર બળજબરીથી થોપી દેવાની કોશિશ કરવામાં આવે, જયારે કે તેમની સંખ્યા બારથી વધારે છે, અને તેઓ બધાજ ઝાલીમ અને અત્યાચારી હતા, (એક ઉમર બિન અબ્દુલ અઝીઝને બાદ કરતાં) બીજી વાત એ છે કે આ બધાજ ઉમવી રાજાઓ બની હાશિમમાંથી ન હતા, જયારે હુઝુર (સ.અ.વ.)ની હદીસ છે કે, મારા પછી આવનાર બાર ઈમામો બની હાશિમમાંથી જ હશે."

“અને આ હદીસને બની અબ્બાસના બાદશાહો ઉપર પણ બંધબેસતી નહીં કરી શકાય, કારણકે પ્રથમ તો તેઓની સંખ્યા બાર કરતાં ઘણી વધારે છે, બીજું તેઓએ પણ આયએ મવદ્દત ફીલ કુરબા (નબીની એહલેબયતથી મહબ્બત) અને હદીસે કીસાઅ ના તકાજાની ખુલ્લી નાફરમાની કરી."

“હવે આ હદીસની સમજુતિ (અર્થઘટન)નો ફક્ત એકજ વિકલ્પ બાકી રહી જાય છે. અને તે એ છે કે યકીન કરવામાં આવે કે આ હદીસ તે બાર ઈમામો તરફ ઈશારો કરી રહી છે, જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.) ના એહલેબયતમાં અને આપના સંતાનમાંથી છે, કારણકે આ બુઝુર્ગો પોતાના સમયના સર્વશ્રેષ્ઠ આલીમ, અને પ્રધાનતા ધરાવનાર હસ્તીઓ હતા, સૌથી વધારે દયાવાન,

રહમદીલ, મુત્તકી, પરહેઝગાર અને ખાનદાનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હતા, અને તેઓ વ્યકિતગત દ્રષ્ટિએ સર્વ શ્રેષ્ઠ ઈલ્મીયતવાળા અને ખુદાની સમીપ સૌથી વધુ ઈજ્જતવાળા હતા."

“આ બાર ઈમામોને પ્રાપ્ત થયેલું ઈલ્મ તેમના પૂર્વજ સય્યદુલ અંબિયા રસુલે ખુદાના ઈલ્મના સ્ત્રોતમાંથી પોતપોતાના પવિત્ર પૂર્વજોના માધ્યમ દ્વારા વારસામાં મળ્યું હતું, જે સીધું ઈલ્મે ઈલાહી પર નિર્ધારીત છે, જેને આપણે ઈલ્હામ કહીએ છીએ, આ વાતોને ઈલ્મે ઈલાહીનું સંશોધન કરનારા તથા તેની શકિત ધરાવનારા લોકો જાણે છે, જેથી તેઓ આ વાતની પુષ્ટિ કરે છે કે આ હદીસમાં રસુલ્લાહ (સ.અ.વ.) એ બાર ઈમામોનો ઉલ્લેખ કર્યો છે, જેઓ આપના સંતાનમાંથી છે, આ વાતના સમર્થનમાં સાક્ષીરૂપ હદીસે સકલૈન અને બીજી અનેક હદીસો છે, જે હદીસો આ કિતાબ તથા બીજી અનેક કીતાબોમાં છે." જે હવે પછી વર્ણવવામાં આવશે.

(યનાબીઉલ મોવદ્દત, સૈયદ સુલયમાન કન્દૂઝી, પ્રકરણ-૭૭, પેજ નં. ૪૪૪ થી ૪૪૭.)

## ઈમામે ઝમાન (અ.) વિષે એહલે સુન્નતની ભરોસાપાત્ર કિતાબોમાં લખાયેલી હદીસો ઉપર એક નઝર

### સહીહ બુખારી

હ. રસૂલ (સલ.) એ ફરમાવ્યું છે કે, મારા પછી ઈસ્લામના બાર સરદારો-હાકિમો થશે, જે બધા કુરૈશમાંથી હશે. (ભાગ ૨૯, પેજ નં. ૬૩૮)

અબુ હુરયરહ રાવી છે કે હઝરત (સલ.) એ ફરમાવ્યું : એ વખતે તમારી કેવી સ્થિતિ થશે કે જયારે હઝરત ઈસા નાઝિલ થશે અને તમારો ઈમામ તમારામાંથી જ થશે. (ભાગ ૨, પેજ નં. ૧૧૯)

### સહીહ મુસ્લિમ

જાબિર ઈબ્ને સુમરા રિવાયત કરે છે કે, હું મારા બાપની સાથે હુઝુર (સલ.)ની સેવામાં હાજર થયો. એ વખતે સાંભળ્યું, હુઝુર (સલ.) ફરમાવી રહ્યા હતા : જયાં સુધી દીને ઈસ્લામમાં બાર ખલીફ રહેશે ત્યાં સુધી તે નષ્ટ થવાનો નથી. (ભાગ. ૨. પેજ નં. ૧૧૯)

### મિશ્કાત

આ દીન હમેશા બાકી રહેશે, જયાં સુધી કે કયામત ન આવી જાય અથવા તેમાં બાર ખલીફઓ ન થઈ જાય.

આ હદીસ હવે સર્વ માન્ય છે. (ભાગ. ૮, પેજ નં. ૯૩)

**સનને અબુ દાઉદ**

જયાં સુધી તમારા ઉપર બાર ખાલીફઓ રહેશે ત્યાં સુધી આ દીન (ઈસ્લામ) બાકી રહેશે. (પેજ નં. ૫૮૮)

**ઉમ્દતુલ કારી**

મુસલમાનોના બાર ઈમામો થશે. જે બધા હિદાયત પામેલા હશે. એ વખતે (ઝુહુર પછી) રૂહુલ્લાહ નાઝિલ થશે અને દજજાલને કતલ કરવામાં આવશે.

કેટલાક હદીસવેત્તાઓએ કહ્યું છે કે આ હદીસનો અર્થ એ છે કે, ઈસ્લામના પુરા કાળ દરમિયાન બાર ખલીફઓ થશે. જે સત્યને અનુસરીને અમલ કરશે, ભલે તેઓનો ઝમાનો જુદો હોય. (ભાગ ૧૧, પેજ નં. ૪૩૫)

**મવદ્દતુલ કુરબા**

સલમાને ફરસી રિવાયત કરે છે કે, એક વેળા હું હઝરત (સલ.) ની સેવામાં હાજર થયો. મેં જોયું, હુઝુર (સલ.) પોતાના નવાસા હઝરત ઈમામ હુસયન (અલ.)નું મોઢું ચુમીને ફરમાવતા હતા કે, તમે સય્યદ, સૈયદના ફરઝંદ, ઈમામ, ઈમામના ફરઝંદ, હુજ્જત, હુજ્જતના ફરઝંદ બલ્કે નવ

હુજ્જતોના બાપ છો. નવમા “કાએમ" હશે (પેજ નં. ૨૪)

### યનાબીઉલ મવદ્દત

હઝરત (સલ.)નો ઈરશાદ છે કે, મારા પછી મારા બાર જાનશીનો થશે : પહેલા અલી (અલ.) અને છેલ્લા મહદી-કાએમ (અલ.). (પેજ નં. ૪૫૫)

જયારે મહદીએ આખેરૂઝઝમાન (અલ.) ઝહૂર ફરમાવશે ત્યારે ઈસા (અલ.) ઝમીન ઉપર નાઝિલ થશે અને ઈમામ (અલ.)ની પાછળ નમાઝ પડશે. એ વખતે પૃથ્વી, એમના કપાળ (પેશાની)ના નૂરથી રોશન થઈ જશે અને દુનિયા ઉપર પૂર્વથી પશ્ચિમ દિશા સુધી એ હઝરતનું રાજ થશે. (પેજ નં. ૪૪૭)

### રવઝતુલ અહબાબ

જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી કહે છે કે, જયારે અતીઉલ્લાહ વ અતીઉર રસૂલ વ ઉલિલ અમ્્ો મિન્કુમની આયત નાઝિલ થઈ. ત્યારે મેં હુઝુર (સલ.)ને અર્ઝ કરી કે આકા ! હું ખુદા અને રસૂલ (સલ.)ને તો જાણું છું, પણ આ ‘ઉલિલ અમ્ર' કોણ છે ? આપે જવાબ આપ્યો : ઉલિલ અમ્રથી મુરાદ મારા જાનશીનો છે - જે મારા પછી હિદાયતની ફર્ઝ અન્જામ આપશે. જાબિર! આ સિલસિલા (પરંપરા)ની પહેલી કડી અલી (અલ.)

છે, અલી (અલ.) પછી હસન (અલ.), ત્યાર પછી હુસયન (અલ.), પછી અલી ઈબ્નુલ હુસયન (અ.), તેમના પછી મોહમ્મદ ઈબ્ને અલી (અલ.) જેને તવરેતમાં 'બાકિર' નામે યાદ કરવામાં આવ્યા છે. જાબિર ! તમને આ હાદીએ બરહકની મુલાકાત નસીબ થશે. તેમને મારા સલામ કહેજો. તેમના જાનશીન જા'ફર ઈબ્ને મોહમ્મદ (અલ.)'અસ્સાદિક' થશે, ત્યારપછી મૂસા ઈબ્ને જા'ફર (અલ.), અલી ઈબ્ને મૂસા (અલ.), મોહમ્મદ ઈબ્ને અલી (અલ.), અલી ઈબ્ને મોહંમદ હસન ઈબ્ને અલી (અલ.) અને સૌથી છેલ્લા - અલ્લાહની હુજ્જત મોહંમદ ઈબ્ને હસન ઈબ્ને અલી (અલ.) થશે. (ભાગ ૩, પેજ નં. ૩૭)

## સવાએકે મોહર્રેકા

હુજ્જતે ઝમાના હઝરત અબુલ કાસિમ મોહમ્મદ (અલ.) પોતાના પિતાની રેહલતના સમયે પાંચ વરસના હતા. પણ એજ વયમાં અલ્લાહે એમને ઈમામત આપી હતી. તેઓ "કાએમે મુન્તઝર"ના નામે મશહુર છે. (પેજ નં. ૧૨૪)

## અલ યવાકીતો વલ જવાહિર

હઝરત મેહદી (અલ.) ના ઝહુરનો એકધારો ઈન્તેઝાર થઈ રહ્યો છે. તેઓ હિજરી ૨૫૫ ના શાબાનની પંદરમી રાત્રે જન્મ્યા હતા અને જનાબે

ઈસા (અલ.)ની મુલાકાત થાય ત્યાં સુધી જીવતા રહેશે. આ હિસાબે આપણા ઝમાના-હિજરી સન ૯૫૮-માં તેમની ઉંમર સાતસો ત્રણ વરસની થઈ ચુકી છે. તેઓ જાહેર થશેજ. ઈમામ મેહદી (અલ.) હઝરત રસૂલે ખુદા (સલ.)ની ઈતરત અને જનાબ ફાતેમા ઝહરા (સલા.)ની અવલાદમાંથી છે (ભાગ ૨, પેજ નં. ૨૮૮.)

## નૂરૂલ અબ્સાર

અબુ અબ્દિલ્લાહ મોહમ્મદ ઈબ્ને યુસુફ ઈબ્ને મોહમ્મદ કુન્જી પોતાના પુસ્તક "અલ બયાન ફી અખ્બારે સાહેબુઝ-ઝમાન"માં કહે છે :"ઈમામ મેહદી (અલ.)ની ગયબતથી લઈને આજ દિન સુધી જીવતા હોવા સંબંધે બીજી દલીલો ઉપરાંત એક દલીલ આ પણ છે કે, એમનું જીવન ઈસા ઈબ્ને મરીયમ (અલ.), ખિઝર (અલ.) અને ઈલ્યાસ (અલ.)ની જેમ અસંભવિત કે અશક્ય નથી." (પેજ નં. ૧૭૦)

## બાર ઈમામો

બાર ઈમામોના નામો તબક્કાવાર આ પ્રમાણે છે :

જેમાં પ્રથમ ઈમામ અલી બિન અબીતાલીબ (અલ.) છે.

બીજા ઈમામ હસન બિન અલી (અલ.)

ત્રીજા ઈમામ હુસૈન બિન અલી (અલ.)

ચોથા ઈમામ અલી ઝયનુલ આબેદીન ઈબ્ને હુસૈન (અલ.)
પાંચમાં ઈમામ મોહંમદ બાકીર ઈબ્ને અલી (અલ.)
છઠ્ઠા ઈમામ જઅફર સાદિક ઈબ્ને મોહંમદ (અલ.)
સાતમાં ઈમામ મુસા કાઝીમ ઈબ્ને જઅફર (અલ.)
આઠમાં ઈમામ અલી રઝા ઈબ્ને મુસા કાઝીમ (અલ.)
નવમાં ઈમામ મોહંમદ ટકી ઈબ્ને અલી રઝા (અલ.)
દસમાં ઈમામ અલી નકી ઈબ્ને મોહંમદ ટકી (અલ.)
અગિયારમાં ઈમામ હસન અસકરી ઈબ્ને અલી નકી (અલ.)
બારમાં ઈમામ મોહંમદ મેહદી ઈબ્ને હસન અસકરી (અલ.)

આ જ તાગુતે પોતાના પ્રથમ ઈમામને ચેનથી હુકુમત કરવા ન દીધી. હુકુમતના સાદા ચાર વર્ષો દરમ્યાન તાગુત તરફથી આપ ઉપર મોટી મોટી ત્રણ જંગો થોપી દેવામાં આવી. તાગુતનો ઈરાદો ઈસ્લામને કચડી નાખવાનો હતો. દુનિયાને ફરીથી તેજ જહાલત ભર્યા જમાના તરફ લઈ જવાનો

હતો. જે જગ્યાએ દુનિયા પેગંબર (સલ.)ના નૂઝલ પહેલાં હતી.

## હઝરત ઈમામ હસન (અલ.)

બીજા ઈમામ હઝરત ઈમામ હસન (અલ.) પાસે જાંનિસાર સાથીઓની એટલી કમી હતી કે આપને મજબૂર થઈને મઆવીયા સાથે સુલેહ-નાયુદ્ધ કરાર કરવા પડયા. છતાંય આપનું અસ્તિત્ત્વ જ મઆવીયાને નાપસંદ હતું. આપને આપની અહલીયા  જઅદહ મારફ્ત ઝેર અપાવી શહીદ કર્યા. મઆવીયા સાથેની સુલેહની શરતોમાં ઈમામ હસન (અલ.)ની આ મુખ્ય શરત હતી કે "મઆવીયાએ પોતાના પછી કોઈને પણ ખલીફ બનાવવો નહિ" આ શરતનું ઉલંઘન મઆવીયા આપની હયાતીમાં કરી શકતો ન હતો, અથવા મુશ્કેલ હતું. મઆવીયાએ મદીનાના ગવર્નર મરવાન બિન હકમ અને મોહંમદ બિન અશઅત બિન કૈસ કુંદીને પોતાના રાઝદાર બનાવી ઈમામને ઝેર અપાવ્યું. જાઅદહને એક લાખ દિરહમ રોકડા અને પોતાના ફ્રઝંદ યઝીદ સાથે શાદી કરાવી આપવાનો વાયદો કર્યો.

આ સમગ્ર ઘટનાને વિસ્તારથી સમજવી જરૂરી છે.

મદીનાના ગર્વનરને મઆવીયાએ હુકમ આપ્યો હતો કે કોઈપણ રીતે ઈમામને ખતમ કરી નાખે.

મઆવીયાએ રોમથી કાતિલ ઝેર મંગાવ્યું હતું. મોહંમદ બિન અશઅત જાઅદહનો સગો ભાઈ થતો હતો. તેણે અલયસુનીયા નામી એક રૂમી દલાલનો સંપર્ક કરી, તેના દ્વારા પોતાની બહેન જાઅદહ સુધી આ ઝેર પહોંચાડયું. જાઅદહ મુનાસિબ મોકાની તલાશમાં હતી. છેવટે ૨૮ સફર હીજરી ૫૦ની રાતે જયારે ઈમામ પોતાના બિસ્તર ઉપર પહોંચ્યા. ઈમામના માથા પાસે આપનું પીવાનું પાણી રાખવામાં આવતું હતું. જાઅદહએ દબાતા પગલે ઈમામના બિસ્તર પાસે જઈ આપના પીવાના પાણીમાં ઝેર મીલાવી દીધું. હજી થોડીક જ વાર થઈ હતી કે ઈમામની આંખ ખુલી ગઈ. ફરમાવ્યું.“અય બહેન ઝયનબ ! ઝયનબ ! અવાજ આપી બહેન ઝયનબ અને ઉમ્મે કુલશુમ બંને નજીકમાં જ સાથેના કમરામાં સૂતાં હતાં. બહેન ઝયનબ ભાઈની અવાજ સાંભળી દોડતાં આવ્યાં, ઈમામે ફરમાવ્યું “બહેન ! મેં હમણાં જ એક સ્વપ્ન જોયું છે. આપણા નાના રસૂલે ખુદા (સલ.), વાલીદ મોહતરમ અલી મુરતઝા અને માદરે ગીરામી ફાતેમા ઝહરા (સલા.) મારા ખ્વાબમાં આવ્યાં. તેઓ ફરમાવતા હતાં કે “અય હસન ! આવતીકાલે તમે અમારી પાસે હશો" બહેન પછી તરત જ મારી આંખ ખૂલી ગઈ.

બહેન ઝયનબ કશુંપણ ન બોલતાં રડવા જેવાં થઈ ગયાં. આંસુઓ આપની બંને આંખોમાંથી ટપકવાં લાગ્યાં. આશ્વાસન આપ્યું. ત્યારબાદ ઈમામે પાણી તલબ કર્યું. વુઝૂ કર્યું. પછી આપે તે જ પાણી પીધું, જે આપના સરહાને રાખેલું હતું. પાણી જેવું આપના હલકની નીચે પહોંચ્યું કે ઝહેરની અસર શરૂ થઈ ગઈ. ઈમામે ફરમાવ્યું "આ કેવું પાણી હતું. જેનાથી મારું કલેજું કપાઈ રહ્યું છે." આપ બેસી ગયા.

ભાઈ હુસૈન (અલ.)ને ખબર પહોંચાડયા, ઈમામ દોડતા આવ્યા. ભાઈની હાલત જોઈને રડવા લાગ્યા. આંસુ ચાલુ થઈ ગયાં. ભાઈને ગળે લગાવ્યા. તસલ્લી આપી. ઈમામે થોડીક વસીય્યતો કરી, પોતાના ફરઝંદોને હુસૈન (અલ.)ને સોંપ્યા. ત્યારબાદ ઝયનબ અને ઉમ્મે કુલશુમને પોતાની નજીક બોલાવી એમના માથા ઉપર હાથ ફેરવ્યા. પછી આંખો બંધ કરી દીધી. રુહ જિસ્મ મુબારકથી અલગ થઈ. પોતાના નાનાજાન અને વાલીદૈનની પાસે પહોંચી ગયા.

ઈતિહાસ સાક્ષી છે કે આપની શહાદત પછી તરતજ મરવાને (મદીનાના ગવર્નરે) જઅદહ બિન્તે અશઅતને બે સ્ત્રીઓ અને એક પુરુષ સૈનિકની સાથે મઆવીયા પાસે મોકલી આપી. મઆવીયાએ તેના હાથપગ બાંધી તેને દરીયાએ

નીલમાં નાખી દીધી કે જયારે તેં ઈમામ હસન (અલ.) સાથે વફાદારી ન કરી તો તું યઝીદ સાથે શું વફાદારી કરવાની.

ઈમામને શહીદ કરી નાખવું આ વાતની દલીલ છે કે આપ નિરંતર આ ઉમ્મતની ઈસ્લાહની ચિંતામાં રહેતા હતા. બલ્કે આપે સુલેહ પછી મદીનામાં જ મુકીમ રહેવાનું પસંદ કર્યું હતું. છતાંય તાગુતને આ પસંદ ન હતું. મઆવીયા આપથી ખતરો અનુભવતો હતો.

બિરાદરો ! આ તો આપણો ઈતિહાસ બોલે છે. આ મુસલમાનોનો ઈતિહાસ છે. અનેક સુન્ની કિતાબોના હવાલા આ બાબત મોજૂદ છે.

## હઝરત ઈમામ હસન (અલ.)ના જનાઝા ઉપર તીરોનો વરસાદ

ઈમામ હસન (અલ.)ની શહાદતની ખબર દમીશ્ક (સીરીયા) પહોંચી ત્યારે મઆવીયા તે સમયે દરબારમાં હતો. ઈમામની શહાદતની ખબર સાંભળતાં જ મઆવીયાએ નારએ તકબીર બુલંદ કરી પોતાની ખુશી જાહેર કરી. સાથે શુક્રનો સિજદો પણ કર્યો. એના દેખાદેખી દરબારીઓ પણ નારા બુલંદ કરી ખુશીઓ મનાવવા લાગ્યા. આ ખુશીની અવાજો મહેલમાં પહોંચી તો મઆવીયાની બીવી બિન્તે કરઝાએ પૂછયું "આ ખુશી શા માટે છે ? મઆવીયાએ કહ્યું કે ઈમામ

હસનની શહાદત થઈ ગઈ છે" તે ઔરતે કહ્યું "અફસોસ છે તમારા ઉપર કે ફરઝંદે રસૂલને કતલ કરવામાં આવે અને તમે દરબારમાં ખુશી મનાવો છો ?"

**કફન-દફન :**

ઈમામ હસન (અલ.)ની શહાદત પછી ઈમામ હુસૈન (અલ.) એ આપને ગુસલ અને કફન આપ્યું. નમાઝે જનાઝા અદા કરી અને તેમની વસીય્યતના પ્રમાણે તેમણે પેગંબરે ઈસ્લામ (સલ.)ની બાજુમાં દફન કરવા માટે પોતાના ખભાઓ ઉપર રોઝા મુબારક સુધી લઈ ગયા. હજી નજીક જ પહોંચ્યા હતા કે હઝરત આયશાની સરદારીમાં મરવાન બિન હકમ (ગવર્નર મદીના) અને બની ઉમય્યાના બીજા કેટલાક લોકોએ અહીં દફન કરવા માટે વિરોધ શરૂ કર્યો.

ઈમામને આ જગ્યાએ દફન કરવાથી રોકવામાં આવ્યા. ઈતિહાસ કહે કે આયશા ખચ્ચર ઉપર સવાર થઈને બની ઉમય્યાના માણસોને તીરો મારવાનો હુકમ કરતી હતી. જનાઝો પેગંબરે ઈસ્લામ-આપના નાનાજાનની કબર સુધી પહોંચવાની તૈયારીમાં હતો. આયશા બૂમો પાડીને કહેતી હતી કે અહીંયા દફન ન કરવામાં આવે. ઉપરાંત લોકોને પથ્થર અને તીરો ફેંકવાનો હુકમ કરતી હતી.

થોડાક નેકદીલ લોકો એવા પણ હતા જેઓ હુકુમતના મુકાબલાની શક્તિ ધરાવતા ન હતા. તેઓ બોલ્યા "અય આયશા ! તમારો પણ અજીબ હાલ છે. કદીક ઊંટ ઉપર સવાર થઈને ઈમામે હક-દામાદે રસૂલથી જંગ કરો છો, અને હાલ ખચ્ચર ઉપર સવાર થઈને ફરઝંદે રસૂલને તેમની વસીય્યત મુતાબિક પોતાના નાનાજાનની બાજુમાં દફન કરવાથી રોકો છો ? શું આ બાબત ઉમ્મુલ મોઅમેનીને શોભા દે છે ?" પરંતુ આયશાએ કંઈપણ ધ્યાન આપ્યું નહિં. અહીં સુધી કે બની ઉમય્યાના માણસોએ તીરનો વરસાદ વરસાવ્યો. ઈમામના જનાઝામાં સિત્તેર તીરો ઘુસી ગયાં. પોતાના યુવાન ભાઈ ઈમામ હસન (અલ.)ના જનાઝામાંથી લોહી વહેતું જોઈ ઈમામ હુસૈન (અલ.) મુકાબલો ન કરતાં જનાઝાને જન્નતુલ બકીઅ તરફ લઈ ગયા, અને ત્યાં જ ઈમામના જિસ્મ મુબારકને સિપૂર્દ ખાક કર્યું. શહાદત વખતે આપની ઉંમર ૪૭ વર્ષની હતી.

જુઓ એહલે સુન્નતની તારીખોના હવાલા

(૧) તારીખે અબુલ ફીદા ભાગ-૧ પેજ નં. ૧૭૩

(૨) રોઝતુલ મનાઝિર ભાગ-૧૧ પેજ નં. ૧૩૩

(૩) રોઝતુશ્શફ ભાગ-૩ પેજ નં. ૭

(૪) તારીખે કામિલ ભાગ-૩ પેજ નં. ૧૮૨

(૫) રોઝતુશ્શોહદા પેજ નં. ૨૨૨ થી ૨૩૫, (પ્રકાશન ઈદારા એહલે સુન્નત, મુંબઈ)

(૬) તારીખે ખમીસ ભાગ-૨ પેજ નં. ૩૨૮

(૭) હયાતુલ હયયાન અલ્લામા દુમેરી - ભાગ-૧, પેજ નં. ૫૧

(૮) અખબાર અલરવાલ પેજ નં. ૪૦૦

## ઈમામ જાફર સાદીક (અલ.)

અબ્બાસી ખલીફ મન્સુર દવાનીકી કહે છે કે જઅફર સાદીક (અલ.) (છઠ્ઠા ઈમામ) મારા હલકમાં ફસાએલું હાડકું છે. ન તેને પેટમાં ઊતારી શકું છું. ન તે બહાર નીકળી શકે છે. શું ઈમામે હુકુમતની ખ્વાઈશ કરી હતી ? ના, ના. કોઈપણ ઈમામે હુકુમતની માંગણી કરી નથી. આ બાબત ઈતિહાસ કોઈ ગલત કે કમજોર રીવાયત પણ રજૂ કરતો નથી. ઈમામો તો એમ ઈચ્છતા હતા કે અમારા નાનાજાન હઝરત મોહંમદ (સલ.) ની ઉમ્મત દુનિયા અને આખિરતમાં સુખી થાય. રસૂલની ઉમ્મત ઈમામની પણ ઉમ્મત જ ગણાશે. આ ઉમ્મત પોતાની દુનિયાની જિંદગી સુખરૂપ વ્યતીત કરે. અને મોત પછી અઝાબે જહન્નમથી બચી જાય. આ ઉમ્મતનો અને તેમના બાદશાહોનો નબીઓ અને ઈમામો સાથે આવો વ્યવહાર શા માટે ? વિચારો, ખૂબ જ વિચારો.

## હઝરત મુસા કાઝિમ (અલ.)

સાતમા ઈમામ મૂસા કાઝિમ (અલ.) તે સમયના સૌથી વધુ જાલીમ - મહાશેતાન અબ્બાસી ખલીફ હારૂન રશીદની આંખોમાં કાંટાની જેમ ખટકતા હતા. ઈતિહાસ તો આમ જ કહે છે પરંતુ પેટભરુ દરબારી મુલ્લાંઓએ આ મહા બદમાશ બાદશાહને બુઝુર્ગ અને નેક ચીતર્યો છે. જે અવ્વલ દરજાનો ઝીનાખોર હતો. આ ઘમંડી બાદશાહ કહેતો હતો કે "વાદળો જયાં સુધી પણ જાય, મારી હુકુમતની બહાર નથી જઈ શકતા."

આ જ વ્યભિચારી બાદશાહ હારૂન રશીદ એક વખત મદીના આવ્યો, બેશર્મી અને બેહયાઈની હદો પાર કરતાં નબીએ પાક (સલ.)ના રોજા મુબારક પાસે ઊભો રહી કહેવા લાગ્યો.

"હું તમારી પાસે આ કાર્ય માટે માફી ચાહું છું. જેનો મેં ઈરાદો કર્યો છે. હું ઈચ્છું છું કે તમારા ફરઝંદ ઈમામ મુસા કાઝિમ (અલ.)ને કેદ કરી દઉં. કારણ કે મને ભય છે કે તેઓ આપની ઉમ્મતમાં એક જંગ ઊભી કરી દેશે, જેમાં લોહી વહેશે."

ત્યારપછી તેણે ઈમામ મુસા કાઝિમ (અલ.)ને ગિરફતાર કરીને પોતાના લશ્કરની સાથે બસરા મોકલી દીધા.

આ રીતે ઈમામને એક જેલમાંથી બીજી જેલમાં ત્યાંથી ત્રીજી અને ચોથી જેલમાં ફેરવતો રહ્યો.

બરાબર ઈમામ આ રીતે ચૌદ વરસ જેલમાં રહ્યા. પોતાના બાલબચ્ચાં અને કુટુંબ કબીલાથી દૂર રહ્યા. ઈતિહાસકારોનું વર્ણન છે કે હારૂન રશીદે ઈમામને બસરામાં એક વર્ષ કેદ રાખ્યા પછી બસરાના ગવર્નરને પત્ર લખ્યો. જેમાં લખ્યું હતું "મુસા બિન જઅફરને કતલ કરીને કાંટો કાઢી નાખો."

હાકીમે બસરા બાહોશ ગવર્નર હતો. પોતાના દરબારીઓ સાથે મશ્વેરો કરી હારૂનને ઉત્તર મોકલ્યો.

"ઈમામ મુસા કાઝિમ (અલ.)માં એક વર્ષની કેદ દરમ્યાન મેં તેમનામાં કોઈ બુરાઈ જોઈ નથી. તેઓ દિન-રાત નમાઝ અને રોઝાઓમાં મશગુલ રહે છે. મોટાભાગે દિવસે રોઝદાર હોય છે. રાતનો મોટો ભાગ ઈબાદતમાં ગુજારે છે. ઉમ્મતના હકમાં દુઆએ ખેર કરતાં જોઉં છું. મુલ્કની ભલાઈ ઈચ્છે છે. હું તેમની કતલ કરવામાં મારી દુનિયા-આખેરત બંનેની બરબાદી જોઈ રહ્યો છું. જેથી આ કબીરા ગુનાહનો ઈરાદો કરવાથી હું માફી ચાહું છું."

બસરાના ગર્વનરનો આ પત્ર મળ્યા બાદ આ મલઉન બાદશાહ હારૂન રશીદે બીજી એક વ્યકિત સનદી બિન શાહક દ્વારા ઝેર અપાવીને ઈમામને શહીદ કરાવ્યા. આપની શહાદત જેલમાં જ થઈ. ઝહેરની અસર થયા પછી ત્રણ દિવસ એ જ

હાલતમાં તડપતા રહ્યા. છેવટે ૨૫ રજબ હીજરી ૧૮૩ જુમ્આના દિવસે શહીદ થયા. શહાદત સમયે આપની ઉંમર ૫૫ વર્ષની હતી. શહાદત પછી આપના જિસ્મ મુબારકને હથકડીઓ અને બેડીઓ સાથે કેદખાનામાંથી બગદાદના પુલ ઉપર છોડી દેવામાં આવ્યું. જયાં પહેરો પણ રાખવામાં આવ્યો. બાદશાહ હારૂનરશીદના ડરથી લોકો આ પુલ તરફ જવાનું પણ પસંદ કરતા ન હતા. હઝરત સુલેમાન બિન જઅફરની સરદારીમાં આપના ચાહકોની એક જમાતે આપના શરીર મુબારકને દુશ્મનો પાસેથી છોડાવી હથકડી અને બેડીઓ કાપી ગુસલકફન આવ્યું. પછી ખૂબજ ઈજ્જત અને એહતેરામની સાથે જનાઝો લઈ જવામાં આવ્યો. આપના ચાહકો-દોસ્તો, આપના જનાઝાની પાછળ ચાલતા લોકો, ગમો-ગુસ્સામાં પોતાના કપડાં ફડતા હતા. પોતાના ચહેરા ઉપર તમાચા મારતા હતા. જયારે મકબરે કુરૈશમાં પહોંચ્યા, તો જોયું ઈમામ અલી રઝા (અલ.) ત્યાં તશરીફ લાવી ચૂક્યા હતા. આપે નમાઝે જનાઝાની ઈમામત કરી. પછી પોતાના વાલીદ બુઝૂર્ગવારને સિપૂર્દે ખાક કર્યા. દફન પછી જયારે ઈમામ અલી રઝા (અલ.) મદીના તશરીફ લાવ્યા, તો મદીનામાં ઈમામની શહાદતની ખબરથી હુકુમતથી દબાયેલા કચડાયેલા આપના ચાહકો

માતમ કરતા હતા. નેક દીલ ઓરતો ચોધાર આંસુઓ સાથે રડતી હતી. એટલે સુધી કે હુકુમતના જાલીમ અને જબ્બારઅધિકારીઓના ઘરોની નેકદીલ ખાતુનો અને બેટીઓ પણ ઈમામની મહોબ્બતમાં રડતી હતી. જે ઈમામને ચૌદ વરસ જેલમાં રાખી, શહીદ કર્યા પછી આપના હાથ અને પગની બેડીઓ કાપવામાં આવી.

અમો ઈતિહાસને પુછીશું કે અમારા આ ઈમામનો શું ગુનોહ હતો ? બતાવો અમને. એ જ ગુનોહ હતો કે આપ અલ્લાહના મુકર્રર કરેલા ઈમામ હતા. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર કરતા હતા. બાદશાહોને ગુનાહોથી રોકતા હતા.

## આઠમા ઈમામ - ઈમામ અલી રઝા (અલ.)

આપ પોતાના વાલીદ મોહતરમની શહાદત પછી મદીના મુનવ્વરા જતા રહ્યા. ત્યાં દીને હકની તબ્લીગ શરૂ કરી. મદીનાના નેકદીલ લોકોની આપની આસપાસ ભીડ રહેવા લાગી, મદીનાના ગવર્નર અને બાદશાહના ચમચાઓએ ફરીયાદ કરી કે લોકો ઈમામની આસપાસ ખૂબજ વીંટળાઈ રહ્યા છે. કંઈ તારી હુકુમત ડગમગી ન જાય. ઈતિહાસ આ હકીકતથી ઈન્કાર નથી કરી શકતો કે મામૂન એક ખૂબ જાલીમ ખલીફ હતો. મામૂન રશીદે પ્રથમ પોતાના ભાઈ અમીનના હાથ નીચે

રહેવાનું પસંદ કર્યું. પછી મોકો જોઈ ખિલાફત હાસિલ કરવા તેને કતલ કરી દીધો. આ જ મામૂને ફઝલ બિન સહલને પોતાનો વિશ્વાસુ વજીર બનાવ્યો. તેનાથી એને ખતરો લાગતો હતો, તેથી વજીર બનાવી તેને વિશ્વાસમાં લઈ ગુસલ કરતી વખતે હમામમાં તેને પણ કતલ કરી નાખ્યો.

ખિલાફત હાસિલ કરવા મામૂને પ્રથમ તાહીરને વજીર બનાવ્યો. પછી તેને મોતને ઘાટ ઉતારી દીધો. બીલકુલ આવી રીતે એણે પોતાની ગરજ માટે - ઈમામના સમાજ ઉપરના પ્રભાવને જોઈ - મજબૂરી સાથે ઈમામના સાફ ઈન્કાર છતાં આપને પોતાના વલી અહદ બનાવ્યા. ઈમામ સાથે પોતાની બેટી ઉમ્મે હબીબાની શાદી કરી, પછી જરૂરત પૂરી થઈ જતાં ઈમામને ઝહેર આપી શહીદ કર્યા. દુનિયામાં હુકુમત માટે બનતું આવે છે જેમ કે ૧૯૯૭-૯૮ની સાલમાં ઈરાકના લશ્કરી શાસક સદ્દામે પોતાના બે જમાઈઓ જેઓ બગાવત કરીને - સદ્દામના જુલ્મોથી નારાજ થઈને પોતાના બાલ બચ્ચા સાથે બ્રિટન ભાગી ગયા હતા. ત્યાં જ રહેતા હતા. તેમને અમન-સલામતિ આપવાનો વાયદો કરી - વિશ્વાસમાં લઈ વતન બોલાવ્યા. તેમના ઈરાકમાં આવ્યાના બીજા દિવસે રાતે બંને જમાઈઓને ગોળીએ દીધા. જાલીમ સદ્દામે પોતાના હાથે પોતાની બે

દીકરીઓને બેવા-વિધવા બનાવી. પોતાના નવાસાઓને યતીમ બનાવ્યા.
મુસલમાનો પોતાનો લોહીથી રંગાયેલો ઈતિહાસ જુએ, અને વિચારે-પેગંબરે ઈસ્લામ (સલ.)ની વફત પછી જનાબે ફેતમા ઝેહરા (સલા.) ઉપર પોતાના બાપનો કલિમો પઢનારા ખલીફઓએ કરેલા જુલમો-મુસીબતોને જાણે-સમજે-વિચારે. આપના ફરઝંદ ઈમામ હસન (અલ.) ઉપર બળજબરી કરી, સુલેહ કરાવીને પણ ઝેર આપી શહીદ કર્યા. ઈમામ હુસૈન (અલ.)ને પોતાના ખાનદાન-કુટુંબ કબીલા-ભાઈભાડુંઓ અને દોસ્ત અહબાબ સાથે કરબલામાં શહીદ કર્યા. બધા જ અઈમ્માએ તાહેરીન (અલ.) સાથેનો ખલીફઓનો વર્તાવ જુઓ. કેદબંદી, નજરબંદી, હાથકડીઓ અને શહાદત સિવાય કંઈપણ દેખાશે નહિ. વિચારો, વિચારો. મનન કરવાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હુકુમત અને પ્રભૂત્ત્વ મેળવવા માટે કેવા કેવા જુલ્મો થાય છે. કેવી કેવી હસ્તીઓને શહીદ કરવામાં આવે છે.
ઈતિહાસ ગવાહ છે કે મામૂનની દાદીએ પોતાના બેટા હાદીને જે ખલીફ હતો, ૨૬ વરસની ઉંમરમાં ઝેર આપીને મારી નાખ્યો. મામૂનના બાપ હારૂન રશીદે પોતાના વજીરોના ખાનદાન બરામકાને તબાહ-બરબાદ કરી દીધું. મરવાનની

બીવીએ મરવાનને (પોતાના જ શોહરને) બિસ્તરમાં ઊંઘની હાલતમાં બે તકીયા વચ્ચે ગળું દબાવી-શ્વાસ રુંધીને મારી નાખ્યો.

વલીદ બિન અબ્દુલ મલીકે ફરઝંદે રસૂલ ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ને ઝેર અપાવી શહીદ કરાવ્યા. હિશ્શામ બિન અબ્દુલ મલીકે ઈમામ મોહંમદ બાકીર (અલ.)ને ઝેર આપી શહીદ કર્યા. ખલીફ મન્સુર દવાનકીએ સાદીક આલે મોહંમદને ઝેર આપી શહીદ કર્યા. હારૂન રશીદે ઈમામ મુસા કાઝિમ (અલ.)ને ઝહેર દ્વારા શહીદ કર્યા. ઈમામ મોહંમદ તકી (અલ.)ને મોઅતસીમ બિલ્લાહે ઉમ્મે ફઝલ બિન્તે મામૂનના મારફત ઝેર અપાવ્યું. મોઅતમદ અબ્બાસીએ ઈમામ અલી નકી (અલ.) ને ઝેર આપ્યું. મતલબ કે બાદશાહત અને પ્રભૂત્ત્વ માટે શું નથી કરવામાં આવતું ?

ઓરંગઝેબે પોતાના સગાબાપ શાહજહાંને એક લાંબી મુદ્દત સુધી કેદમાં રાખ્યો. કેદની હાલતમાં જ તેનો બાપ મૃત્યુ પામ્યો. એક ભાઈને કતલ કર્યો. બીજાને દગા ફટકાથી બોલાવી તેની આંખમાં સીસાની સલાઈ ફેરવી આંધળો બનાવ્યો. પછી તેને મરતાં સુધી કેદમાં નાખી દીધો. ચોથો ભાગી જ ગયો. આ જ જાલીમ શાસક ઔરંગઝેબના દાદા જહાંગીરે કાઝી નુરૂલ્લાહ સોસ્તરી (રહ.)ને પણ મોતના ઘાટ ઊતારી દીધા. છતાંપણ આપણા

દીનદાર આલીમો ઓરંગઝેબને વલીએ કામિલ ચીતરે છે. અસ્તગફિરુલ્લાહ. બસ ઈમામ અલી રઝા (અલ.) સાથે પણ આ જ થયું.

આ માસુમ ઈમામોને આ નાલાયક, નપાવટ, બુઝદીલ અને જાલીમ બાદશાહોએ ઝેર શા માટે અપાવ્યાં ? શું આ બુઝૂર્ગો લશ્કર લઈને તેમની સામે લડવા આવ્યા હતા ? જેથી કોઈ ગુનો બને. ઝેર આપવું, આ જ એક આસાન રસ્તો હતો, સમાજમાં પોતાની બદનામી પણ ન થાય અને કોણ જાણે કોણે આમ કર્યું, એક આસાન રસ્તો તે સમયે આ જ હતો.

# પ્રકરણ : ૩

# બની ઉમય્યાના ખાનદાનનું ઐતિહાસિક પરીક્ષણ : જાંચપડતાલ

જો કે મારી આ કીતાબ "હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)નું મુબારક જીવનચરિત્ર" માં આગળ જતાં ઉપરોક્ત વિષય વિસ્તારથી આવશે. છતાંય કિતાબની શરૂઆતમાં કેટલીક એવી નાની વાતોનું પરીક્ષણ કરવું જરૂરી સમજું છું. જેથી "દીને મોહંમદી"ને સમજવું આસાન થઈ જાય.

હું એમ ઈચ્છું છું કે આપણે શીયા - બિન શીયા શબ્દ પ્રયોગોથી હઠીને પેગંબરે ઈસ્લામ (સલ.)ના તે દીનને સમજવાની કોશીશ કરીએ જે આપ (સલ.) અને આપ (સલ.)ની પાકપાકીઝા અવલાદ બાર ઈમોમાના ઝરીયાથી આપણા સુધી પહોંચ્યો છે. બની ઉમય્યાના ખાનદાનથી વાકેફ થવું આપણા માટે જરૂરી છે. જે લોકોએ ઈસ્લામી ખિલાફતને અવળે પાટે ચઢાવીને મૂલૂકીય્યત (રાજાશાહી) બનાવી દીધી.

રસૂલે ઈસ્લામ પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ની આંખ મિચાતાં જ આપના જ કહેવાતા સાથીઓ રસૂલની ગાદીના વારસ બની બેઠા, અને રાજાશાહીની સ્થાપના કરી બેઠા, પરંતુ પ્યારા

રસૂલની વફત પછી ૨૫ વરસ બાદ ફરીથી આ ગાદી આપ (સલ.)ના રૂહાની વારસદારો તરફ ફરી અને હઝરત અલી (અલ.) ખલીફ બન્યા. ત્યારબાદ ઈમામ હસન (અલ.) ખલીફ બન્યા. ફરીથી કરબલાની કરૂણ કહાણી પછી આ ઉમ્મત એક લાંબાગાળાની રાજાશાહી તરફ ધકેલાઈ ગઈ. જે આજદિન સુધી ચાલુ છે. રસૂલની રિસાલત અને ઈમામતને રાજાશાહી તરફ દોરી જનાર બની ઉમય્યાના તે બાદશાહો છે જેમની મહબ્બતના પહાડ મુસલમાનોના મગજોમાં ઘુસાડી દેવામાં આવ્યા છે. આજેપણ આ જાલીમ બાદશાહોની મહબ્બત આ ઉમ્મત છોડવા તૈયાર નથી. આ એક એવો કોયડો છે જેનો ઉકેલ આજે ચૌદશો વરસોથી શક્ય બન્યો નથી. આજ કારણથી મુસલમાનોની બહુમતિ ગૂમરાહ ઈમામોની પાછળ ગાંડી બની ગયેલી છે. આ જાલીમ બાદશાહો જ રસૂલના સાચા વારસદારોથી આ ઉમ્મતને દૂર રાખવા ગૂમરાહ ઈમામોના પેદા કરનારા છે. જેમની ખોટી ખોટી ફઝીલતોથી મુસલમાનોની કીતાબો ભરી પડી છે.

ખિલાફતને પોતાના કેન્દ્રબિંદુથી હટાવનાર બની ઉમય્યાના ખાનદાનનું ટૂંકુ પરીક્ષણ જરૂરી સમજી રજૂ કરીએ છીએ.

## ઉમય્યા બિન અબ્દુશમ્સ

ઉમય્યા બિન અબ્દુશમ્સની નસલને બની ઉમય્યાના નામથી યાદ કરવામાં આવે છે. જે ઠીંગણો, ચૂંઢો (તે વ્યક્તિ જેની આંખો પ્રકાશ તરફ ન જોઈ શકે) નીલી આંખોવાળો, ઘણો બદશકલ ઈન્સાન હતો. તેના ચહેરા પરથી દરેક વખતે નહુસત ટપકતી હતી. તેના ચહેરા તરફ જોનાર વ્યક્તિ તરત જ પોતાની નજરો ફેરવી લે. હિસાન બિન સાબિત એના બાપે અબ્દુશમ્સને પોતાની અવલાદ હોવાનો ઈન્કાર કર્યો હતો.

બની ઉમય્યામાં બે મોટી કૌટુંબિક શાખો છે. એક શાખની પ્રખ્યાત વ્યક્તિઓ નીચે પ્રમાણે છે.

(૧) હરબ, અબુસુફયાન, મઆવીયા, અને યઝીદ વગેરે. બીજી શાખની પ્રખ્યાત વ્યક્તિઓ નીચે પ્રમાણે છે.

(૨) અબુલ આસ, અફવાન, હઝરત ઉસ્માન, હકમ, મરવાન, અબ્દુલમલીક, વલીદ અને હિશ્શામ વગેરે.

એવું કહેવાય છે કે બની હાશિમથી બની ઉમય્યાની દુશ્મનીનું કારણ કે ઉમય્યાનો બાપ અબ્દુશમ્સ અને બની હાશિમના ખાનદાનના પરદાદા જનાબ હાશિમ બંને એક સાથે પેદા થયા હતા. એવી રીતે કે એકની આંગળી બીજાની પેશાની ઉપર ચીપકાયેલી હતી. જેને તલવારથી કાપીને અલગ

કરવામાં આવી હતી. જેથી તે સમયના નજુમીઓએ (ભવિષ્ય વેત્તાઓએ) આ વાતનું રહસ્ય આ બતાવ્યું હતું કે આ લોકોમાં આપસમાં હંમેશા ખૂનરેઝી થતી રહેશે.

આ વાત પોતાની સત્યતાના આધાર ઉપર ગમે તે હોય, એને માનીએ કે ન માનીએ, કંઈ ફરક પડતો નથી. આ સચ્ચાઈ ઉપર કે બની હાશિમ હંમેશાં નેક સાલેહ રહ્યા. બની ઉમય્યા જાલીમ-જાબીર રહ્યા. સાથે સાથે બની હાશિમ સાથે બની ઉમય્યા હંમેશા લડતા ઝગડતા રહ્યા, આ પરિસ્થિતિ છેલ્લે સુધી બાકી રહી.

ત્યારબાદ દરેક જમાનામાં, દરેક સમયે બની ઉમય્યા બની હાશિમની સામે નાજાઈઝ, અન્યાયી, લડાઈઓ લડતા રહ્યા. અહીં સુધી કે મક્કામાં આફ્તાબે હિદાયત પ્રકાશિત થયો. અને સમગ્ર વિશ્વ આ હિદાયતના સૂરજના પ્રકાશથી ઝગમગવા લાગ્યું. ઈન્સાનિયતના કાનૂનો ઘડાયા, સુસભ્ય રહેણીકરણી, સંસ્કૃતિ સભ્યતાની શરૂઆત થઈ. ઈન્સાનને ઈન્સાનિયતની રોશની પ્રાપ્ત થવા લાગી. પરંતુ આ બદબખ્ત કોમ બની ઉમય્યા ઉપર અંધકારની કાલિમાં હંમેશા છવાયેલી રહી. આ લોકો ન સુધર્યા, તેઓ હંમેશા રસૂલની રિસાલતના અને અલ્લાહની વહદાનિયતના ઈન્કારી રહ્યા. જેના પરિપાકરૂપે સ્વયં પ્યારા રસૂલ હઝરત

મોહંમદ (સલ.)ને આ લોકો સાથે કેટલીક લડાઈઓ લડવી પડી.

અલ્લાહના રસૂલે દસ વર્ષ સુધી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને આ લોકોને ઘોર પરાજય આપ્યો હતો. અને તેમની શક્તિને વેરવિખેર કરી નાખી હતી. હઝરત અલી (અલ.)ની તલવારે અનેક લડાઈઓમાં એમને બરાબર સજા ચખાડી હતી, એમને મુરદાહ જેવા બનાવી દીધા હતા. ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામ વિરૂદ્ધ વારંવાર તલવાર ઊઠાવનાર એમના અનુભવી હાથો લકવાગ્રસ્ત થઈ ગયા હતા. હુકુમતની શાનોશોકત અને ગરૂરથી ભરેલા એમના ચેહરા અફસોસ અને નિરાશામાં બળીને કાળા પડી ગયા હતા. માયુસી અને પરાજયે એમના શરીરનું બધું લોહી નીચોવી લઈને એમને દુબળા પાતળા કરી નાખ્યા હતા.

આ લોકો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા હતા. પરેશાનીઓ અને ઝિલ્લત એમનું મુકદ્દર બની ચૂક્યું હતું. એમની હિંમત તૂટી ગઈ હતી. એમના અંદર એટલી હિંમત પણ બાકી રહી ન હતી કે તેઓ પોતાની લાલચી મનેચ્છાઓ પ્રાપ્ત કરવા ફરી ઊભા થઈ શકે તેથી “મરતો શું ન કરે?" ઊક્તિ મુજબ ફતહે મક્કા પછી મજબૂરી અને લાચારી સાથે ઈસ્લામના વર્તુળમાં કદમ મૂકવો પડયો.

દીલથી હંમેશા મુનાફિક જ રહ્યા. આ લોકોએ મજબૂરીની બીના પર ઈસ્લામ કબૂલ કર્યો હતો. જેથી આ કોમ હંમેશા નાકીસુલ ઈસ્લામ રહી.

પેગંબરે ઈસ્લામ (સલ.)ના જમાનામાં આ મુનાફિક ટોળાનો, સરદાર મઆવીયાનો બાપ અબુસુફયાન હતો. જે ઈસ્લામના દબદબા અને જાહોજલાલી જોઈને જીભથી મુસલમાન થઈ ગયો હતો. પરંતુ દીલથી સંપૂર્ણ કાફિર હતો. તેના નફસની હાલત તો તે જ રહી જે એક હારેલા દુશ્મનની હોય છે. નફરત, દુશ્મની, ગુસ્સો, બદલો લેવાની ભાવના અને તેની સાથે તે ડર અને ખોફ જેના પરિણામરૂપ તે પોતાની દુશ્મનીની જાહેરાત કરી શકતો ન હતો. મોકાની તલાશમાં રહેતો હતો કે કેવી રીતે ઈસ્લામને નુકસાન પહોંચાડે. તેની કોશિશ હંમેશા આ રહી કે ભલે તે ઈસ્લામને બિલકુલ ખતમ ન કરી શકે, પરંતુ કમસેકમ તેની વિશેષતાઓ, તેની ખૂબીઓને અવળે રસ્તે વાળી દે, બદલી નાખે, જે ઈન્સાની સમાજમાં ઈસ્લામે સ્થાપિત કરી છે. ઈસ્લામનું નામ તો બાકી રહે, પરંતુ તેનો લક્ષ્ય અને મકસદ બદલાઈ જાય, ઈસ્લામ ખતમ થઈ જાય.

પરંતુ પેગંબરે ઈસ્લામના જમાનામાં ઈસ્લામી તેહરીક પોતાની ઉચ્ચતા ઉપર હતી. તેના મકસદમાં કામ્યાબી નામૂમકીન હતી. તેથી તે

ઈસ્લામના મુકાબલામાં મુનાફીકોની ચાલ ચાલતો રહ્યો.
હિજરીસન ૨માં ગઝવએ બદર થયો. ઈસ્લામની આ પ્રથમ મોટી લડાઈ હતી. આ જંગમાં બની ઉમય્યાને ઘણું જ નુકસાન ઉઠાવવું પડયું. અબુસુફયાનને ફકત પોતાના બેટા હન્ઝલાનું જ માતમ નથી કરવું પડયું. જે હઝરત અલી ઈબ્ને અલી તાલિબ (અલ.)ના હાથે કતલ થયો હતો. બલકે તેનો એક બીજો પુત્ર ઉમર કેદ પકડાયો હતો, તેની પત્ની હિન્દાને પણ પોતાના બાપ ઉતબા, ચાચા શીબા, અને સગા ભાઈ વલીદનુ માતમ પણ કરવું પડયું. આ બધાજ એક જ ખાનદાનના જાલીમો બદરમાં હઝરત ઈમામ અલી ઈબ્ને અલી તાલિબ (અલ.)ના હાથે જહન્નમ રસીદ થયા હતા. આ લડાઈમાં મલઉન અને મક્કાર મઆવીયા કતલ અને કેદ બંનેથી બચી જવા પામ્યો. કારણ કે આ બુઝદીલ મેદાન છોડીને ભાગી ગયો હતો.
જંગે બદર પછી અબુસુફયાનની ઈસ્લામ પ્રત્યેની અદાવત ઉચ્ચતાની ટોચ ઉપર ન પહોંચતા, આ અદાવતે મુનાફિકાના રંગ ઈખ્તીયાર કર્યો. કારણકે બદરની આ લડાઈએ શીર્ક અને કૂફ્રની ઈમારતના પાયા હચમાચાવી દીધા હતા. જેના છાયડામાં અબુસુફયાનની જિંદગી બસર થતી હતી. જેથી

શકય એટલા પ્રમાણમાં મુશ્રીકોના દીલોમાં અદાવતની આગ ભડકાવતો રહ્યો. તેણે કુફ્ફરને મના કરી હતી કે તેઓ પોતાના કતલ થયેલા માણસો ઉપર રડે. માતમ કરે. શાઈરોને રોકી લીધા કે તેઓ કતલ થયેલા લોકો માટે મરશીયા ન કહે, આમ એટલા માટે કરવામાં આવ્યું કે પેગંબર (સલ.)ના વિરૂદ્ધની ગમો ગુસ્સાની આગ મુશ્રેકીનના દીલોમાં ઠંડી ન પડી જાય.

હીજરી ૩માં જંગે ઓહદ થઈ. આ લડાઈ માટે અબુ સુફ્યાને ખાસ તૈયારીઓ કરી હતી. તેની ફોજમાં ખાનદાને કનાનાના લોકો અને કબીલા તહામાના રહેવાસીઓ પણ સામેલ હતા. અબુસુફ્યાનની બીબી હિન્દા બીજી સ્ત્રીઓની◌ે સાથે ઓહદના મેદાનમાં આવી હતી. આ સ્ત્રીઓ ઢોલ બજાવીને અને યુદ્ધ ગીતો ગાઈને પોતાના લડવૈયાઓને હિંમત આપતી હતી. હિન્દાની નફરતનો અને બદલાની ભાવનાનો અંદાજો આ ઘટના ઉપરથી લગાવી શકાય છે કે જયારે પ્યારા રસૂલના કાકા જનાબ હમઝા રઝિયલ્લાહો તઆલા અન્હો શહીદ થયા તો આ નાપાક ઔરત બદલાની આગમાં ઈન્સાનિયતની અધમ કક્ષાએ પહોંચી ગઈ. તેણે હયવાનિયતની હદ વટાવી હઝરત હમઝાનું પેટ ચીરીને, તેમનું કલેજુ કાપ્યું, અને તેને પોતાના દાંત વડે ચબાવી ખાધું.

આ ઘટનાથી મઆવીયાના ખાનદાનની ઈસ્લામ અને હઝરત રસૂલે ખુદા પ્રત્યેની દુશ્મનીનો અંદાજો બખુબી લગાવી શકાય છે.

હીજરી સન ૫ માં બની ઉમય્યાએ છેલ્લી કોશિશ કરી જોઈ. સમગ્ર અરબસ્તાનમાંથી જેટલી જમાતો ઈસ્લામના ખિલાફ એકત્ર શકાતી હતી, અબુ સુફયાને તે બધી જ જમાતોને - કબીલાઓને એકત્ર કર્યા. યહુદીઓ સાથે પણ સાંઠગાંઠ કરીને પોતાની સાથે લીધા. આ પ્રમાણે સમગ્ર અરબસ્તાનની શકિત એકત્ર કરીને ઈસ્લામની સામે આવ્યો. આ જંગ ઈસ્લામમાં જંગે અહઝાબના નામથી પ્રખ્યાત છે. આ જંગમાં પણ અબુ સુફયાનની નામોશીભરી હાર થઈ. તેના લશ્કરના મોટા મોટા શૂરવીરો કતલ થયા. પ્રખ્યાત પહેલવાન અમર બિન અબ્દોવદ હઝરત અલી બિન અબી તાલિબના હાથે માર્યો ગયો. મતલબ કે અબુ સુફયાનને પોતાની તબાહી અને બરબાદી સાથે મક્કા જવું પડયું. હવે અબુસુફયાનમાં ઈસ્લામનો મુકાબલો કરવાની શકિત ખતમ થઈ ચૂકી હતી. પરંતુ વારંવારના પરાજયોથી તેના હૃદય ઉપર જે ઘાવ પડેલા હતા તે કદી ન રૂઝાયા.

મારા પ્રિય વાચકો ! આ એક કુદરતી વાત છે. જે ઈન્શાઅલ્લાહ આપ લોકોની સમજમાં આવી જશે કે, ઈન્સાન પરાજિત, હારેલો, થાકેલો,

લાચાર બની શકે છે. તે આ લાચારીમાં માથું પણ ઝૂકાવી શકે છે. હાથ રોકી લે છે. હથિયારો હેઠા મૂકી શકે છે. ઝબાન પણ દુશ્મન વિરૂદ્ધ બંધ કરી દે છે. પરંતુ પોતાના હૃદયની હાલતમાં ફેરફર નથી કરી શકતો.

શું જે નફરત અને દુશ્મની બુલન્દીની ટોચ ઉપર પહોંચી ચૂકી હતી, તે મહબત્ત અને અકીદતમાં ફેરવાઈ શકે છે ? વિચારો, વિચારો. તેથી તે દુશ્મન જે ફૂંફડા મારતા અજગરની જેમ પેગંબરે ઈસ્લામની સમક્ષ હાજર હતો. ફતેહ મક્કા પછી આ ઝેહરીલો સાપ છુપો દુશ્મન બનીને અગાઉથી પણ વધારે ખતરનાક સાબિત થયો. આ જ કારણ હતું કે હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું.“આ લોકોએ ઈસ્લામનો સ્વીકાર નથી કર્યો પરંતુ ફક્ત હથિયારો હેઠા મૂક્યા છે. લાચાર થઈ ગયા છે." નસાએહ કાફિયામાં એક હદીસે રસૂલ છે. પેગંબરે ઈસ્લામ પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.)એ ફરમાવ્યું “અમારો સૌથી મોટો દુશ્મન બની ઉમય્યાનો કબીલો છે."

# પ્રકરણ : ૪

# મઆવીયા બિન અબુ સૂફયાન

મઆવીઆના પરદાદા ઉમય્યાએ એક શામી છોકરી સાથે વ્યભિચાર કર્યો, તેના પરિણામરૂપે ઝકવાન (અબુ અમર) નામનો એક છોકરો પેદા થયો. ત્યારબાદ આ જ ઉમય્યાની બીબી (શામી છોકરી) ઝકવાનના કબજામાં આવી ગઈ. મા-બેટાના નાજાઈઝ મિલનથી એક છોકરો મસાફર નામી પેદા થયો. આ રીતે માના પેટની નિસ્બતથી મસાફર ઝકવાનનો ભાઈ ગણાય અને નુત્ફના કારણે ગણીએ તો મસાફર ઝકવાનનો પુત્ર ગણાય.

મસાફરે જયારે યુવાનીમાં કદમ મૂક્યો ત્યારે તે નફસાની ખ્વાહિસાતનો ગુલામ હતો. એની દૃષ્ટિ હિન્દા ઉપર પડી. જે પ્રથમથી વ્યભિચારિણી હતી. મસાફર સાથેના નાજાઈઝ સંબોધોથી હિન્દા હામેલા થઈ. જયારે હમલ જાહેર થયો, તો મસાફરે એને છોડી દીધી. ક્યાંક ભાગી ગયો. અબુસુફયાન તે વખતે મક્કાનો સરદાર અને મહાકાફિર હતો. એનું દિમાગ નફસાની ખ્વાહિશો અને ફિતનાઓનો ઉકરડો હતું. તેણે હિન્દાને જોઈ તો તેની ખૂબસુરતી ઉપર આશિક થઈ ગયો. જાહીલીયતના રીતરીવાજ પ્રમાણે નિકાહ કર્યા. નિકાહના ત્રીજા જ મહિને આ મલઉન

મઆવીઆ કલિમએ કૂફ્ર પઢતો પઢતો હિન્દાના પેટથી બહાર આવ્યો. ઐતિહાસિક દૃષ્ટિએ અબુસુફયાનનો પુત્ર પણ નથી. કુરઆને બની ઉમય્યાને કાંટાળું, કડવું ઝાડ જે કશા જ કામમાં ન આવે એમ કહ્યું છે.

ઝમખશરી, અસમઈ અને હિશ્શામ ઈતિહાસકારોએ મઆવીયાને ચાર બાપોનો બેટો કહ્યો છે. કારણ કે હિન્દાના ચાર પ્રેમી હતા. એમનું કહેવું છે કે મઆવીયા મસાફીર, અબુસુફયાન, અમારહ અને અબ્બાસ નામી ચાર વ્યક્તિઓ તરફ સંબંધિત છે. પરંતુ ઈતિહાસકાર કલબીનું વર્ણન છે કે મઆવીઆ ફક્ત અમરના (ઝકવાનના) બેટા મસાફિરની અવલાદ છે શાદી કરવાના કારણે એ અબુસુફયાનની તરફ સંબંધિત થઈ ગયો.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.) એ મઆવીઆને "નસીક" કહ્યો છે. જેનો મતલબ "મુતહમુન્નસબ" થાય છે. ઈમામ હસન (અલ.)એ ફરમાવ્યું કે "હું તે ફર્શને જાણું છું (ફર્શ - પથારી) જેના ઉપર મઆવીયા પેદા થયો છે." આ કથનને અનુમોદન આપતાં ઈબ્ને જવઝી કહે છે કે "ઈમામ હસન (અલ.)ના આ કથનમાં ચારયારો તરફ ઈશારો છે. જેમાં અબુસુફયાન, અમારહ, મસાફર અને અબ્બાસ છે."

મોહંમદ બિન અબુબકર (પ્રથમ ખલીફ઼ સાહેબના પુત્રે) મઆવીયાને “લઈન બિન લઈન" કહ્યો છે. (લઈનના ડીક્ષનરીઓમાં ચાર અર્થો લખેલા છે : ((૧) મલઉન, (૨) મરદૂદ (૩) લઅનતી (૪) દોઝખી). જેથી “લઈન બિન લઈન"નો અર્થ થશે મલઉનનો બેટો મલઉન, મરદૂદનો બેટો મરદૂદ, લઅનતીનો બેટો લઅનતી, દોઝખીનો બેટો દોઝખી.

હઝરત આયશાએ પણ મઆવીયા ઉપર લઅનત મોકલી છે. આનું કારણ આ છે કે તે સમયમાં વૈશ્યાસ્ત્રીઓ પોતાની વ્યવસાયિક ઓળખ માટે પોતાના ઘરો ઉપર ખાસ પ્રકારની ધજા લહેરાવતી હતી. જેથી ગ્રાહકો વિના રોકટોક આસાનીથી આવી શકે, ગભરાટ ન અનુભવે. (અત્યારે અખબારોમાં જાહેરાત આપવાનો યુરોપમાં રિવાજ છે.)

તે સમયમાં પોતાની ઈજ્જત વેચવાનો ધંધો કરનાર આ બાજારુ ઓરતો જેમના નામો અગ્રસ્થાને ગણાય છે. તેમા મઆવીયાની મા હિન્દા, મઆવીયાની દાદી હમામા, અમર આશની મા નાબગા, મરવાનની મા ઝરકા છે. (તારીખે ખોલેફ઼ પેજ નં. ૧૦)

સુન્ની ઈતિહાસકાર તારીખે તબરીની રીવાયત અનુસાર હઝરત રસૂલે ખુદા (સલ.) એ પણ

મઆવીયા, એના બાપ અને એના ભાઈ ઉપર લઅનત કરી છે. (તબરી - ભાગ - ૧૧ પેજ નં. ૩૫૭)

મસઉદીએ મતરબ બિન મુગીરહ બિન શોઅબાનું બયાન વર્ણન કર્યું છે. તેઓ કહે છે

હું મારા પિતાજી સાથે શામ ગયો. મારા વાલીદની પહોંચ મઆવીયા સુધી હતી. મઆવીયાથી મુલાકાત થઈ. તો વાતચીત દરમ્યાન મારા પિતાજીએ તેને બની હાશિમ (ખાનદાને પેગંબર) તરફ ધ્યાન આપવાની દરખાસ્ત કરી, તેના ઉત્તરમાં મઆવીયાએ અફસોસ વ્યક્ત કરતાં કહ્યું, "બની તમીમમાંથી એક ભાઈ (અબુબકર) એ હુકુમત મેળવી. અને હાકેમ બની બેઠા. પરંતુ તેમની હકુમત ખતમ થઈ ગઈ. તેની સાથે તેમનું નામ પણ ખતમ થઈ ગયું. પછી બની અદીમાંથી એક ભાઈ (ઉમર) એ હુકુમત ઉપર કબજો જમાવ્યો. પરંતુ તે પણ તેમના મૃત્યુ સાથે ખતમ થઈ ગઈ. તેમનું નામ પણ ખતમ થઈ ગયું. ત્યાર પછી અમારા ખાનદાની ભાઈ (ઉસ્માન બની ઉમય્યા)ની પાસે હકુમત આવી. તેઓ પણ પોતાના આમાલના પરિણામરૂપ કતલ કરવામાં આવ્યા. તેમની હલાકત સાથે તેમનું નામ પણ હલાક થઈ ગયું. ફક્ત તેમના બુરા કાર્યોનાં વર્ણનો જ બાકી રહી ગયાં છે. પરંતુ હાશિમી ભાઈ

(રસુલુલ્લાહ (સલ.))નું નામ દરરોજ પાંચેય વખત અઝાનમાં પોકારવામાં આવે છે. આ નામ બાકી રહેવાથી અમારો કોઈ ફયદો નથી. તેથી કેમ ન તેને હંમેશા માટે દફન કરી દેવામાં આવે." (મુર્રવજુઝહબ ભાગ - ૨ પેજ નં. ૩૪૧ પ્રકાશન મિસર હીજરી ૧૩૪૨)

ઉપરોક્ત વર્ણન દ્વારા કૌટુંબિક હકીકત, તેની મક્કારી, ધ્રુતતા, ફરેબપણું, તેની નીચતા, ઘણી જ ઉતરતી કક્ષાની મનોવૃત્તિ, ઈસ્લામ પ્રત્યે તેની મુનાફીકત, ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામથી તેની નફરત માલૂમ પડે છે. સંપૂર્ણ પ્રભૂત્વ પ્રાપ્ત કરી લીધા પછી મઆવીયાએ મુસલમાનો ઉપર જુલ્મોનો, ગુંડાગીરીનો જે સપાટો ચલાવ્યો હતો, તેના અનેક ઉદાહરણો ઈતિહાસમાં જોવા મળે છે. અહીં ફક્ત નમૂનારૂપ બે ચાર દૃષ્ટાંતો રજૂ કરું છું.

મઆવીયાના એક જનરલનું નામ સુફયાન બિન ઓફ ગામડી હતું. તે કહે છે કે મઆવીયાએ મને એક ખુનખાર લશ્કર આપી કહ્યું :

“તમે દરીયાએ ફુરાતના કિનારે કિનારે ચાલતા રહેશો. અહીં સુધી કે “હીય્યત" (એક જગ્યાનું નામ)થી આગળ વધી જજો. જો ત્યાં કોઈ લશ્કરથી ભેટો થઈ જાય, તો તેના ઉપર હુમલો કરી દેશો. જો કોઈ લશ્કર ન મળે તો વધારે આગળ ચાલતા રહેશો. અને “અનબાર" ઉપર હુમલો

કરીને "મદાયન" પહોંચી જજો. આ હુમલાઓ ઈરાકીઓમાં ખોફ અને વહસત (ડર-ભય) પેદા કરવા માટે જ કરવાના છે. પછી જે ખોફ અને ભય અનુભવે તેમને અમારા ગુલામ બનાવતા જજો. જે અમારી બાદશાહતને માનવા જરાપણ ચૂં કે ચાં કરે, અથવા જરાપણ હીચકિચાહટ અનુભવે, અમારી ખામી કે ભૂલ બતાવવાની કોશીશ કરે, તેની જીભના શબ્દો સાંભળવાની રાહ જોયા વગર ગરદન મારી દેજો. અને સાંભળો, જે પ્રદેશમાંથી તમે પસાર થાઓ તેને તબાહ અને બરબાદ કરતા ચાલશો. ત્યાંના લોકોનો બધો જ માલસામાન લૂંટી લેજો, કારણ કે માલનું લુંટાવું કતલ કરવાના બરાબર છે. બલ્કે તેનાથી પણ વધારે ખતરનાક છે." (શરહ નહ્ઝુલબલાગાહ, પેજ નં. ૮૨ થી ૮૫)

ઝહાક બિન કૈસ ફહરીને કૂફા તરફ રવાના કર્યા અને કહ્યું :

"જે કોઈપણ અલીને ચાહવાવાળો મળે, તેના ઉપર તરત જ હુમલો કરી દો, અને તેને કતલ કરી દો." (શરહ નહ્ઝુલબલાગાહ પેજ નં. ૮૦૭)

ઝહાક રવાના થયો, તેણે રસ્તામાં આવતી વસ્તીઓ, તંબુઓ અને કાફલાઓને લૂંટી લીધા. ઉપરાંત તેમને કતલ પણ કર્યા.

શોઅલબીયા પહોંચીને તેણે હાજીઓના એક સમૂહ ઉપર હુમલો કર્યો. તેમને લૂંટી લીધા. તેમાંથી અબ્દુલ્લાહ બિન મસઉદ અને તેમના સાથીઓને મારી નાખ્યા.

બસર બિન અરતાતને હિજાઝ અને યમન તરફ રવાના કર્યો અને કહ્યું :

“તું જલ્દીથી લશ્કર લઈને મદીના તરફ રવાના થઈ જા, ત્યાં જઈને ત્યાંના લાકો ઉપર હુમલો કરીને તેમની બધી જ માલમીલકત લૂંટી લે પછી તેમને શહેરથી બહાર તગેડી મૂક."

“તું એવા શહેર કે વસ્તીમા દાખલ થાય, જયાંના લોકો અલીની તાબેદારી કરતા હોય, તેમને મારી બયઅત ઉપર રાજી કર, અને જો તેઓ ઈન્કાર કરે, તો તેમને કતલ કરી દે." (શરહ નહ્‌ઝુલ બલાગાહ ભાગ-૨ પેજ નં. ૧૧૬, ૧૧૭)

ઉપરોક્ત હુકમાનુસાર બસરે પ્રથમ મક્કા અને પછી મદીના ઉપર હુમલો કર્યો. ત્રીસ હજાર મુસલમાનોને મોતને ઘાટ ઊતારી દીધા. આ સંખ્યા તે સિવાયની છે. જેમને આગમાં જીવતા જલાવી દીધા હતા. કૂફામાં હઝરત અલી (અલ.)ના ચાહકોની બહુમતિ હતી. મઆવીયાએ ત્યાં ઝિયાદ બિન સુમય્યાને ગવર્નર બનાવ્યો. તે હઝરત અલી(અલ.)ની હુકુમતના જમાનામાં

કૂફામાં રહી ચૂકયો હતો. જેથી ત્યાંના અમીરૂલ મોઅમેનીનના ચાહકોથી-એકેએક ગલીકૂંચીથી પણ વાકેફ હતો. તેથી ઈમામના ચાહકોને તેણે વીણીવીણીને શહીદ કર્યા. કેટલાકના પગ કાપી નાખ્યા, આંખો કાઢી નાખી, પછી ઝાડો ઉપર લટકાવીને તેમને શૂળીએ ચઢાવ્યા. જે બચી ગયા તેમને કૂફાની બહાર તગેડી મૂકયા.

મઆવીયાએ પોતાના ગવર્નરોના નામે આ ફરમાનો પણ બજાવ્યા."જે વ્યકિત અલીની મહબ્બતનો ગુનેહગાર દેખાય, તેને કતલ કરી દો, તેના ઘરને લૂંટીને તબાહ બરબાદ કરી, સળગાવી દો, આ ફરમાન પછી જુલ્મના ઈતિહાસના જે પાના લખાયાં છે. તે વર્ણન કરવા પથ્થરનું દિલ જોઈએ."

આ અફસોસનાક ઘટનાઓ માટે જનાબ ઈમામ મોહંમદ બાકીર (અલ.) ફરમાવે છે :

"અમારા ચાહકો દરેક શહેર અને દરેક નાની મોટી વસ્તીઓમાં માર્યા ગયા. ફકત શકની બુનિયાદ ઉપર તેમના હાથપગ કાપવામાં આવ્યા. દરેક વ્યકિત જુલમનો શિકાર બન્યો. જેણે પણ અમારી સાથે મહોબ્બતનો દાવો કર્યો તેને કતલ કરી નાખવામાં આવ્યો, તેનો માલસામાન બધું જ લૂંટી લેવામાં આવ્યું, તેમના ઘરો સુધ્ધાંને તોડી, ફોડી, ભાંગી નાખવામાં આવ્યા. આ સિલસિલો

અબ્દુલ્લાહ બિન ઝિયાદના જમાના સુધી ચાલુ રહ્યો." (શરહ નહઝૂલબલાગાહ ભાગ-૧ પેજ નં. ૪૩-૪૪)

મઆવીયાએ બસરામાં સમરાહ બિન જન્દબને ગવર્નર બનાવ્યો. તેણે ત્યાં કતલોગારતનું જે બજાર ગરમ કર્યું જેના વર્ણનો વાંચતા આપણું દીલ ધ્રુજી ઊઠે છે.

કતલ થનારાઓની સંખ્યાની ગણતરી જ થઈ શકે એમ ન હતી. અબુ સવાર અડવી કહે છે કે સમરાએ એક જ રાતના એક મહોલ્લામાં ૪૭ વ્યક્તિઓ એવી શહીદ કરી, જેમણે કુર્આન એકત્ર કર્યું હતું. (તબરી - ભાગ - ૬, પેજ નં. ૧૨૨)

મઆવીયાના હુકમથી અબ્દુલ્લાહ બિન અબ્બાસના બે બચ્ચાંઓને તેની માની ગોદમાં ઝબહ કરી નાખવામાં આવ્યા. જેમાનું એક બચ્ચું દૂધ પીતું હતું. (નસાએહ કાફીયા, પેજ નં. ૫૩)

મઆવીયાએ શોહદાએ ઓહદની કબરો ઉપરથી નહેર ખોદાવી, તેમની લાશોને દૂર ખસેડાવી. લાશોને કબરોમાંથી કાઢતી સમયે એક પાવડો હઝરત હમઝહના પગમાં લાગી ગયો. જેના કારણે તાજુ લોહી વહેવા લાગ્યું. (આષમે કૂફી પેજ નં. ૪૬)

મઆવીયાએ માલીકે અસ્તરને (હઝરત અલીના ગુલામ) ઝહેર અપાવી શહીદ કરાવ્યા. (નસાએહ કાફીયા પેજ નં. ૬૧)

મઆવીયાએ મોહંમદ બિન અબુબકરને ગધેડાની ખાલમાં જીવતા વીંટાળીને - બાંધીને સળગાવી દીધા. (આષમે કૂફી પેજ નં. ૩૩૮)

મઆવીયાએ જ સહાબીએ રસૂલ ઉમર બિન હકમને કતલ કરાવ્યા. (નસાએહ કાફિયા, પેજ-૬૧)

અને આ જ મઆવીયા હીજરી સન ૫૬માં મક્કા આવ્યો. મક્કામાં એણે સાંભળ્યું કે ઉમ્મુલ મોઅમેનીન આયશા તમારા વિશે ઘણુંબધું બોલ બોલ કરે છે. તમારી ટીકાટીપ્પણી કરી લોકોમાં તમારા વિરુદ્ધ ઉશ્કેરણી કરે છે.

મઆવીયા મક્કાથી મદીના આવ્યો, ત્યાંના ગવર્નરે પણ હઝરત આયશાની આવા પ્રકારની ઘણીબધી ફરીયાદો કરી. મઆવીયાએ કહ્યું કે જેણે રસૂલને સતાવ્યા, અલી જેવી વ્યક્તિથી દુશ્મની રાખી તો શું એ મારી હુકુમતની વફાદાર રહેવાની હતી ?!!

મઆવીયાએ મદીનાના એક સુંદર ઘરમાં ઊતારો કર્યો. તેની પરસાળમાં એક ઊંડો કૂવો ખોદાવ્યો, તેના ઉપર સડેલા વાંસની સળીઓ અને ઘાસપૂંજ નાખી ઉપર એક મોટી સુંદર યમની જાજમ બિછાવી દીધી. તેની વચ્ચે એક નકશીદાર શાહી

ખુરશી ગોઠવી, પછી હઝરત આયશાને તેડું મોકલ્યું કે ખલીફતુલ મુસ્લિમીન તમને મળવા માગે છે.

આયશા મળવા આવ્યાં. પેલી ખુરશીની સામે મઆવીયા બેઠો હતો, તેણે હઝરત આયશાને આવતાંની સાથે માનપૂર્વક કહ્યું :"અમ્મા આપની જગ્યા આ ખુરશી છે. આવો બેસો."

અમ્મા કૂવામાં પડી ગયાં. જીવતાં દરગોર થઈ ગયાં. તેમાં ચૂનો ભરી દીધો. પછી કૂવાને પથ્થરો વડે પૂરી દેવામાં આવ્યો. (કીતાબ હબીબુસ્સીર ભાગ - ૧ પેજ નં. ૮૫)

મઆવીયાના જુલ્મની દાસ્તાનો લખવા માટે મોટી કિતાબ જોઈએ, તેના કરતૂતો શેતાનને પણ શરમાવે તેવાં છે. બસ આટલું જ પુરતું છે કે તે હઝરત અલી (અલ.)નો ઈમામ હસન (અલ.)નો, હઝરત આયશાનો, હઝરત અમ્માર બિન યાસીર (રઝિ.)નો, હઝરત માલીકે અસ્તરનો, અબ્દુર્રેહમાન બિન ખાલીદનો અને મોહંમદ બિન અબુબકરનો કાતિલ છે.

# પ્રકરણ : ૫

# યઝીદ બિન મઆવીયા

ઈતિહાસકારોનું વર્ણન છે કે પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :

“મારા નવાસા હુસૈન (અલ.)નો કાતિલ મઆવીયા બિન અબુ સુફયાનની પીઠમાંથી હશે." મુખબિરે સાદિકની (સૌથી વધુ સાચી ખબર આપનારથી મતલબ - પેગંબર (સલ.)) આ ખબરને સાંભળ્યા પછી મઆવીયાએ થોડાક દિવસ સ્ત્રીઓ સાથે સંભોગ બંધ કર્યો, પરંતુ મઆવીયા એક વખત સફરમાં નીકળ્યો. ગામડીયા વેરાન જેવા ઓછી વસ્તીવાળા ઈલાકામાં ફરતાં ફરતાં એના ઉપર સહવતનું ભૂત સવાર થઈ ગયું.

બાપના માલથી ઉપરાંત મુસલમાનોના માલમાંથી બંને બાપ-દીકરા ઝકાત પણ ખાતા હતા. એમની સરદારી છીનવાઈ ગઈ, તેનો ગમ ઓછો કરવા બંને બાપ-દીકરાને માલે ગનીમતમાંથી અમૂક હિસ્સો આપવામાં આવતો હતો જેથી સાધનસંપન્નતા એની પાસે હતી જ.

હકીમોથી મશ્વેરો લેવામાં આવ્યો કે એના દિમાગમાં સહવતનું ભૂત પેઠું છે. તેનો શું ઈલાજ કરવો. હકીમોએ રોઝા રાખવાનું સૂચન કર્યું. પરંતુ ભૂખ્યા તો મઆવીયાથી મુદ્દલ રહેવાતું ન હતું. તો

આ તો સફર હતો. જેથી હકીમોએ કહ્યું કે આની કોઈ દવા નથી, સિવાય ઓરતથી સંભોગ કરવામાં આવે. જેથી તેના આ શયતાની મર્ઝને દૂર કરવા તેના હવ્વારીઓએ ઘણી દોડધામ કરી, છેવટે એક સહરાઈ (જંગલની-રણની) સુંદર છોકરી પસંદ કરી. જે સહરાઈ હોવા સાથે ગરીબ પણ હતી. તેનું નામ મયસુન બિન્તે બહદલ કલબી હતું. તેનો બાપ મઆવીયા સાથે મયસુનને પરણાવવા રાજી થઈ ગયો. મતલબ શાદી થઈ ગઈ. આ અફરાતફરીની જિંદગીમાં યઝીદનો નૂત્ફે કરાર પામી ગયો.

મઆવીયા આ સહરાઈ છોકરીને પોતાની સાથે દમીશ્ક લાવ્યો. મયસુન એક રણનું પંખી હતું. શહેરનું જીવન, સભ્ય સોસાયટી, માલદારીની ઝાકઝમાળ એને ગમતી ન હતી, એને તો આ મહેલ કેદ જેવો લાગતો હતો.

મયસુનને પોતાનું જંગલ, પોતાનો કબીલો, તેમાં ચરતાં ઘેટાં-બકરાં, ત્યાંનું કુદરતી વાતાવરણ હંમેશા યાદ આવતું, તે દમીશ્કમાં મઆવીયાના મહેલમાં પણ પોતાની સરખી ઉંમરની સહેલીઓની યાદમાં ડૂબી રહેતી.

મઆવીયાનો ખ્યાલ હતો કે મયસુન પોતાનો મહેલ, શાહી ઠાઠમાઠ, મહેલની રંગરેલીઓ જોઈને ખુશ થઈ જશે. પોતાની સાથે પ્રેમ કરશે.

પરંતુ તેનું આ યકીન માયુસીમાં ફેરવાઈ ગયું. જયારે મયસુને પોતાની નફરત અને બેઝારી જાહેર કરી, જેથી તેને મયસુનથી સગાઈસંબંધ તોડવો પડયો.

અલ્લામા દુમેરી પોતાની કિતાબ હયાતુલ હયવાનમાં લખે છે કે :

જયારે મયસુન બિન્તે બહદલ કલબી(યઝીદની મા)થી મઆવીયાની મુલાકાત થઈ તો તે તેને નજદના સહરાઈ જંગલમાંથી પોતાની સાથે લાવ્યો. મયસુન ઘણી જ ખુબસૂરત છોકરી હતી. મઆવીયા તેની ઉપર આશિક હતો. પરંતુ તે મઆવીયાથી નફરત કરતી હતી. તેણે મઆવીયાની નફરતમાં અશઆર કહ્યા, તેને નાક કોચાવેલા વાછરડા સાથે સરખાવ્યો. બીજું પણ બુરુભલું કહ્યું. મઆવીયાને જયારે આ વાતની ખબર પહોંચી તો તે નારાજ થઈ ગયો અને તેણે કહ્યું :

“હું તને ત્રણ વખત તલાક આપું છું. અહીંથી ચાલી જા."

જેથી તે પોતાના કબીલામાં ચાલી ગઈ અને ત્યાં જ રહી, યઝીદ ત્યાં જ પેદા થયો. બે વરસ પછી તેને મઆવીયા પોતાની સાથે લઈ આવ્યો. (હયાતુલ હયવાન ભાગ - ૨, પેજ નં. ૨૦૭)

ઈતિહાસકાર અબુલ ફિદા લખે છે કે “યઝીદની મા મયસુન બિન્તે બહદલ કલબી હતી. તે પોતાની

માની સાથે જંગલમાં રહેતો હતો. મઆવીયાએ યઝીદની માને એટલા માટે છોડી દીધી હતી કે એક દિવસ તે અશઆર પડતી હતી. તેનો મતલબ આ હતો કે "કાશ કે મને મારા ગરીબ અને નાદાર કાકાના છોકરા સાથે પરણાવવામાં આવત તો કેટલું સારું થાત. આ મુસ્તંડા (પાડા) (મઆવીયા) કરતાં તો તે કેટલો સારો છે ! મઆવીયાએ તેના આ શએરની ગુનગુનાહટ સાંભળી લીધી. જે તે હરતાં-ફરતાં ગાતી રહેતી હતી. મઆવીયા બગડી બેઠો, કહ્યું કે,"જો તને મારી સાથે રહેવું પસંદ નથી તો તારા કબીલામાં ચાલી જા, જેથી તે ચાલી ગઈ." (તરજુમો-તારીખે અબુલ ફીદા, પેજ નં. ૨૬૭)

અરબનો પ્રખ્યાત ઈતિહાસકાર અબુસી મન્સુરી પોતાની કીતાબ તારીખ "ઝબતુલ ફકરાહ"માં લખે છે કે :

મયસુનના અશઆરનો મતલબ આ હતો "હું મારી મોટી ઓઢણીના કપડાને આ શાહી લિબાસના મુકાબલામાં વધારે પસંદ કરું છું. આ વિશાળ મહેલ કરતાં મને નાળિયેર અને ખજૂરના પાંદડા-લાકડાની બનેલી મારી ઝૂંપડી વધુ પસંદ છે. હું તે ઝૂંપડીને ચાહું છું. મને જંગલમાં કીડા મકોડાની આવાજો આ મહેલમાં વાગતા સારંગી-ઢોલક-તંબૂરાના નગ્માથી વધુ ગમે છે."

“હું તે કુતરાને આ મહેલની સેંકડો બિલાડીઓ કરતાં સારો સમજૂ છું. જે સહરામાં પહેરેદારી કરે છે."

હું મારા કબીલાના એક શરીફ નવયુવાનને આ કાફિર (મઆવીયા)ના મુકાબલામાં વધારે ચાહું છું. મયસુનના મોઢેથી આ અશઆર સાંભળીને મઆવીયાએ તેને તલાક આપી દીધી અને તેને તેના ઘેર મોકલી દીધી. (ઝબતુલ ફકરહ, પેજ નં. ૪૫૩)

ઈતિહાસકારોની ઉપરોક્ત નોંધો બતાવે છે કે યઝીદની મા એક સહરાઈ ઓરત હતી, જે મઆવીયાથી નફરત કરતી હતી. કારણ કે તેની દ્રષ્ટિએ તે કાફિર, સાઝ-સારંગી-ઢોલક-નગારાંનો ચાહક અને બિલ્લીઓ પાળવાનો રસીયો હતો. જેથી મયસુને તેને નફરત કરતા ઉપરોક્ત અશઆર પડયા. મઆવીયા આ અશઆર સાંભળતાં જ બગડી બેઠો, અને તેને તલાક આપી દીધી.

પરંતુ સાહિબે નાસીખુત્તવારિખ આ તલાકનું કારણ કંઈ બીજું જ બતાવે છે. તેઓ લખે છે કે “મયસુનના બાપ બહદલનો એક ગુલામ હતો. જેનું નામ સફહ હતું. મયસુન આ ગુલામથી હામેલા થઈને મઆવીયાના ઘેર આવી, કારણ કે તેનો હમલ હજી પૂરી રીતે જાહેર થયો હતો નહિ. જેથી આ ભેદ છાનો રહ્યો. અહીં સુધી કે તેણે એક

છોકરાને જન્મ આપ્યો, તો મઆવીયાએ તેને પોતાનો છોકરો સમજીને તેનું નામ યઝીદ રાખ્યું. પછી થોડાક દિવસ બંનેનો સંસાર ચાલ્યો. જયારે મઆવીયા અને મયસુનમાં ઝઘડો પેદા થયો તો મઆવીયાએ તેને તલાક આપી દીધી અને તે પોતાના કબીલામાં ચાલી ગઈ." (નાસીખુત્તવારીખ, ભાગ-૬ પેજ નં. ૧૫૫)

મઆવીયા અને મયસુનમાં નફ્રરત, ઝઘડો, તલાક અને છૂટા પડી જવાનું સાચું કારણ આ જ માલુમ પડે છે. સામાન્ય રીતે જીભાજોડી કરવાથી, નફ્રરતભર્યા અશઆર બોલવાથી તલાક કે છૂટા પડી જવાની પરિસ્થિતિ ઊભી થતી નથી. સમાજમાં ઘણાં પતિ-પત્ની આ પ્રમાણે બોલચાલમાં લડતાં-ઝઘડતાં રહે છે. એનાથી તલાક સુધી નોબત નથી આવતી. જયાં સુધી ખાનગીમાં કોઈ પતિ-પત્નીના બદચલન હોવાની સાબિતી ન મેળવી લે, તેનાથી છૂટાછેડા નથી લેતો.

મહાન સુન્ની આલિમ અલ્લામા દુમેરીની રીવાયતથી માલુમ પડે છે કે તલાક આપી દીધા પછી મઆવીયાએ મયસુન ઉપર ફરીથી બળજબરીથી કબજો જમાવી લીધો હતો, ન હલાલો કર્યો, ન બીજા નિકાહ. આ સ્પષ્ટ ઝિનાખોરીના પરિણામરૂપે યઝીદ પેદા થયો.

ભલે જે રીતે પણ ઉપરોક્ત ઘટનાઓને સમજવામાં આવે, તેના પરિક્ષણ કરવામાં આવે, પરિણામ આ જ નીકળશે કે યઝીદની વિલાદત જાઈઝ તરીકાથી થઈ નથી. જો તલાક પછી હમલ રહેવાને માની લેવામાં આવે કે નિકાહ અગાઉ ગુલામથી સંબંધ, ગમે તે વાતને સાચી માનવામાં આવે યઝીદ હરામનું સંતાન જ હતું.

યઝીદનું મોશાળ નજદના ઈલાકાના જંગલોમાં હતું, એ ત્યાં જ પેદા થયો, જેથી અરબોની સુસંસ્કૃત તેહઝીબથી તે હંમેશા અલિપ્ત જ રહ્યો. સહરાઈ રણમાં ન કોઈ શિક્ષિત હતું કે ન કેળવાયેલું હતું, જેથી યઝીદ તાલીમો - તરબીયતથી તદ્દન કોરો જ રહ્યો, એનું બાળપણ એવી બેરહમીમાં ગુજર્યું જેમાં દયા - રહમદીલી, ઈન્સાની પ્રેમને કોઈ સ્થાન ન હતું. મલઉન અને મક્કાર મઆવીયાની મલઉની, મક્કારી, મુનાફિક્ત વગેરે પણ યઝીદે ન સ્વીકાર્યાં. મઆવીયા એક મિનિટમાં રડતો અને બીજી મિનિટે હસતો થઈ જાય. જેવા માણસો, જેવી પરિસ્થિતિ તેવી વાત. દીનદારો સમક્ષ ખૂબ જ દીનદારીનો ઢોંગ કરે, પછી મહેલમાં આવીને તેમને મોટી ગાળો બકે, મૂર્ખ કહે.

જયારે યઝીદ બાળપણથી કૂતરા, બિલાડાંને સતાવતો, સજાઓ આપતો, પક્ષીઓને જીવતા

આગમાં નાખી હસતો. પ્રાણીઓ પશુઓને સતાવવાથી તેને આનંદ આવતો.

યુવાન થતાં જ શરાબ, સુંદરીમાં મસ્ત રહેતો થઈ ગયો. બાપ મુસલમાનોનો હાકેમ હતો. જેથી સુંદરીઓની તો કોઈ કમી હતી જ નહિ. એને એની મા તરફથી વારસામાં શાયરીનો શોખ પ્રાપ્ત થયો હતો. જેથી શાયરી ગાતાં ગાતાં શરાબ પીતો, નાચતો સારંગી-તંબૂરા વગાડતો અને વ્યભિચાર કરતો. એના જીવનનું આ જ કાર્ય હતું. એની શાયરીમાં ઈસ્લામથી બેઝારી-નફરત અને કુફ્રથી મહબ્બત સ્પષ્ટ દેખાઈ આવે છે.

યઝીદ અને યઝીદી કૃત્યો કરનાર કોઈપણ વ્યક્તિ તે મર્દ હોય કે ઓરત તેના ઉપર લઅનત મોકલવી જરૂરી છે. તાગુતી કૃત્યો કરનાર ઉપર લઅનત કરવી જ જોઈએ. શયતાન ઉપર આપણે લઅનત કરીએ જ છીએ. જેમના ઉપર ખુદા રસૂલે લઅનત કરી હોય, તમામ નબીઓ, અઈમ્માએ તાહેરીન અને તમામ સહાબા અને બુઝૂર્ગોને દીન જે શયાતીની-તાગુતી કૃત્યો કરનાર ઉપર લઅનત કરતા આવ્યા હોય, તેવી વ્યક્તિ પછી તે યઝીદ હોય કે એના જેવા કૃત્યો આચરનાર કોઈપણ હોય, તે પુરુષ હોય કે સ્ત્રી હોય, લઅનત કરવી જરૂરી છે. આવા ગુનાહ કરનાર વ્યક્તિઓથી બેઝારી અને નફરતનો ઈઝહાર જરૂરી છે. તે જ તો

લઅનત છે. કુર્આને નબી લૂત (અલ.) અને નબી નૂહ (અલ.)ની કાફિર પત્નીઓ ઉપર લઅનત કરી છે. આવી લઅનત વાજીબ દરજામાં છે. જેથી આવા કૃત્યો આચરનાર વ્યક્તિ ઉપર લઅનત ન કરવી, તેના નાપાક કૃત્યોને પસંદ કરવા બરાબર ગણાશે. આવો મતલબ પણ થઈ શકે કે તેના હરામ કૃત્યો હરામ ન હતાં. જો યઝીદ ઉપર લઅનત ન મોકલીએ તો આપણે યઝીદના જુલમને જાઈઝ સમજીએ છીએ એમ જ ગણાશે.

(૧) યઝીદ કતલે હુસૈનનો હુકમ આપવાવાળો, અને કતલે હુસૈન ઉપર રાજી અને ખુશ હતો. તેથી તે હંમેશા લઅનતે અબદીનો મુસ્તહીક ગણાશે. (તકમીલુલ ઈમાન પેજ નં. ૭૦)

(૨) યઝીદ દુશ્મને ખુદા, શરાબી, નમાઝ છોડનાર, ઝાની, ફસિક, અલ્લાહની હરામ કરેલી વસ્તુઓને હલાલ કરનારો, અને નવાસાએ રસૂલનો કાતિલ હતો, તેથી તે લઅનત કરવાને કાબિલ છે. (તેહરીર, અશ્શહાદતૈન - પેજ નં. ૯૬, મૌલાના અબ્દુલ અઝીઝ મોહદ્દીસ દહેલવી પ્રકાશન ઈદારા એહલે સુન્નત હિજરી - ૧૨૫૬)

(૩) અલ્લાહતઆલા યઝીદ પર લઅનત કરે અને તેની સાથે ઝિયાદ અને ઈબ્ને ઝિયાદ ઉપર પણ. (તારીખુલ ખોલફ, પેજ નં. ૮૦ અલ્લામા જલાલુદ્દીન સિયુતી)

(૪) ઉમ્મુલ મોઅમેનીન આયશાથી રીવાયત છે કે રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : છ વ્યકિતઓ એવી છે કે જેના ઉપર હું લઅનત કરું છું. અલ્લાહ પણ તેમના ઉપર લઅનત કરે છે. તેઓ આ લોકો છે :

(૧) જે અલ્લાહની કિતાબમાં તહરીફ (ફેરફર) વધારો-ઘટાડો કરે.

(૨) જે મરજીએ ઈલાહીનો મુન્કીર હોય

(૩) જે જુલ્મ દ્વારા ખુદાની મખ્લુક ઉપર કબજો જમાવી લે. જેને અલ્લાહે ઝિલ્લત દીધી હોય તેને ઈજ્જત બક્ષે, અને અલ્લાહે જેને ઈજ્જત બક્ષી હોય તેને ઝલીલ કરે.

(૪) જે અલ્લાહના હરમે પાકને બેહુરમત કરે.

(૫) જે મારી ઈતરતથી દુશ્મની રાખે.

(૬) જે મારી સુન્નત અને નમાઝને છોડનાર હોય. (મીશ્કાત શરીફ, બાબુલ ઈમાન, પેજ નં. ૨૨)

ઉપરોક્ત હદીસના પ્રકાશમાં જોવામાં આવે તો માલૂમ પડશે કે મઆવીયા અને યઝીદની જિંદગીમાં ઘણી બધી લઅનતો એક સાથે જમા થઈ ગઈ હતી.

બની ઉમય્યાના તથા બની અબ્બાસના બધા જ જાલીમ બાદશાહો પણ ઉપરોક્ત લઅનતના હકદાર છે.

મહમૂદ બિન સુલયમાન કફ્વી પોતાની કિતાબ "આઅલામુલ અખબાર"માં લખે છે કે યઝીદ ઉપર લઅનત એટલા માટે જાઈઝ છે કે તેનું કુફ્ર તવાતુરથી સાબિત છે. તવાતુર - નિરંતરતા, અવિચ્છિન્નતા, લગાતારપન, તસલસુલ - મતલબ કે તે યઝીદ તેના જન્મથી લઈને મોત સુધી કદી જીભથી કે વર્તાણુકથી ઈમાનની નજીક આવ્યો જ નથી. કાફિર પેદા થયો, કાફિર જીવ્યો, કાફિર મૃત્યુ પામ્યો.

એહલે સુન્નતના ઉપરોક્ત આલીમો સિવાય પણ બીજા સેંકડો સુન્ની આલીમોએ યઝીદને કાફિર લઅનતી કહ્યો છે. જેમાંથી ઘણી થોડી રીવાયતો અત્રે લીધી છે.

# પ્રકરણ : ૬

# કેટલાક શહેરી વિસ્તારોનો પરિચય

(૧) મદીના (૨) મક્કા (૩) દમિશ્ક (૪) કુફ઼ (૫) કરબલાની ભૌગોલિક પૃષ્ઠભૂમિ.

અંબિયા-અઈમ્માના જીવનચરિત્રનો અભ્યાસ કરતી વખતે આપણે તે શહેરો જે અઈમ્માએ તાહેરીન (અલ.)ની કર્મભૂમિ રહ્યાં છે. તેવા શહેરી વિસ્તારોની આર્થિક, સામાજિક, રાજકીય અને ભૌગોલિક જાણકારી મેળવવી પણ જરૂરી છે. અઈમ્માના મિશન ઉપર ઉપરોક્ત બધી જ પરિસ્થિતિઓની અસર પડે છે. જયાં સુધી વાચકને ત્યાંના લોકોની માનસિક્તાનો, સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ નથી હોતો ત્યાં સુધી તે ઈમામને, તેમની કાર્યપદ્ધતિને, તેમના મિશનને સારી રીતે સમજી શકતો નથી. કેટલાક શહેરોની અને ત્યાં વસતા લોકોની પરિસ્થિતિ સમયાંતરે કે લાંબેગાળે બદલાતી પણ હોય છે. કેટલાક શહેરોની પરિસ્થિતિ ૧૦ વર્ષ જેટલાં ટૂંકા ગાળામાં પણ બદલાઈ જાય છે. આર્થિક ક્ષેત્રે પણ શહેરોમાં ફેરફર થઈ જાય છે. આર્થિક સ્થિતિ બીજી પરિસ્થિતિઓમાં ફેરફરો પેદા કરે છે. જેથી આપણે કેટલાક શહેરોનો પરિચય મેળવીએ.

## (૧) મદીના :

મદીના એટલા માટે ઈજ્જતવાળી ભૂમિ ગણાય છે કે ત્યાંના લોકો ઈસ્લામ સ્વીકારવાની બાબતમાં અગ્રતાક્રમે છે. આ લોકોએ પેગંબરે ઈસ્લામને પોતાના શહેરમાં આવવા આવકાર આપ્યો. મુસલમાનો મક્કામાં મજલૂમ હતા. માર ખાતા હતા. મદીનાવાસીઓએ પેગંબર (સલ.) અને મક્કાના રહેવાસીઓને પોતાના શહેરમાં ઠેકાણું આપ્યું, તેમની જરૂરતો પૂરી કરી, અહીં સુધી કે પોતાના વેપાર રોજગારમાં ભાગીદાર બનાવ્યા. શાદીઓ કરાવી આપી.

કેટલાક મદીનાવાસી સહાબાએકિરામે તો પોતાનું સર્વસ્વ નબીના ચરણોમાં ધરી દીધું. આપ (સલ.)ની વફાત ૧૧ હીજરીના થઈ. આપે ૧૧ વર્ષ મદીના શરીફમાં ગુજાર્યાં. આપ (સલ.) એ મદીનાને પોતાની આરામગાહ બનાવી. આ પણ મદીના માટે એક ઈજ્જતનું કારણ છે, હઝરત ફાતેમા (સલા.) ઈમામ હસન (અલ.), ઈમામ અલી ઝયનુલ આબેદીન (અલ.), ઈમામ મોહંમદ બાકિર (અલ.) અને ઈમામ જઅફર સાદીક (અલ.) આ બધા જ બુઝૂર્ગોની આરામગાહ મદીનએ પાકમાં છે. ૬ માસૂમ જયાં આરામ ફરમાવી રહ્યા છે. જેમાં પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ના શેહઝાદીએ કોનૈન સૈયેદા

ફાતેમા (સલા.) સાથે ચાર ઈમામ પણ પોતાના નાનાજાનની નજીકમાં આરામ ફરમાવી રહ્યા છે. જેથી એ સરજમીનને અલ્લાહે ઈજ્જત બક્ષી છે.

પરંતુ આપ (સલ.)ની વફત હીજરી ૧૧ પછી અહીંના રહેવાસીઓમાં અણધારી રીતે જબરદસ્ત ફેરફરો આવ્યા. તેમના દીલોનો ઈસ્લામ પ્રત્યેનો અનુરાગ મીટી ચૂક્યો હતો. ઈમાનની કમજોરી એટલે દરજે સવાર થઈ ગઈ હતી કે સહાબા ફરમાવે છે કે હજી તો લોકો પેગંબર (સલ.)ની કબરમાં માટી નાખી પરવાર્યા ન હતા, (મતલબ થોડીકવારમાં) કે અમારા દીલો એકબીજાથી નફરત કરવા લાગ્યા. (બુખારી)

આ જ કારણથી આ શહેરના લોકોનો પરિચય ઈબ્ને કવાએ મઆવીયાને નીચેના શબ્દોમાં આપ્યો.

“અહીંના લોકો લાલચી (દેખાદેખી કોઈ કામ કરવાવાળા) ફસાદી, અને ફિત્નાખોર છે. પરંતુ તેના પરિણામો સહન કરવામાં ખૂબ કમજોર-અશક્ત આળસુ અને નકામા છે."

(કીતાબુલ બલદાન, પેજ નં. ૧૨૫ તારીખ તમદ્દુને ઈસ્લામી ભાગ - ૪ પેજ નં. ૬૪)

ઈબ્ને કવાઅનો ઉપરોક્ત મત સાચો માનીએ કે ન માનીએ, એ એની જગ્યા પર છે. અલગ બાબત

છે. પરંતુ નીચેના સત્યોનો ઈન્કાર કરી શકાશે નહિ.

(૧) રસૂલે ખુદા-પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)ની વફત પછી આપની શેહઝાદી હઝરત ફાતેમા (સલા.) ઉપર મુસીબતોના પહાડ તૂટી પડયા, આપનો વારસો છીનવી લેવામાં આવ્યો. મજલૂમાનું ઘર સળગાવવામાં આવ્યું. છતાંપણ મદીનાવાસીઓ દ્વારા ઉપરોક્ત જુલ્મોના વિરોધમાં કોઈ પ્રદર્શન, જુલુશ કે ગમ, ગુસ્સાના દેખાવો થયા નથી. બલ્કે ઈતિહાસમાં જુલ્મોનો ચિતાર તો વિસ્તૃત છે. પરંતુ તેનો વિરોધ કોઈ બે ચાર વ્યક્તિઓએ પણ કર્યાનો ઈતિહાસ સાક્ષી નથી.

(૨) અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) એ ૨૫ વરસ સુધી લગાતાર ખોફનાક, મોત જેવી પરિસ્થિતિનો મુકાબલો કર્યો. પરંતુ મદીનાવાસીઓએ આપની પ્રત્યે જરાયે હમદર્દી કે પ્રેમ મહબ્બત જાહેર કર્યાં નથી. બલ્કે આપના ગમમાં ભાગીદાર બનવા જેટલી માનવતા પણ મદીનાવાસીઓ બતાવી શક્યા નથી.

(૩) હઝરત ઈમામ હસન (અલ.)ના જનાઝા ઉપર તીરોનો વરસાદ વરસાવવામાં આવ્યો. આવું હિચકારું કૃત્ય કરનાર માણસો જેઓ થોડાક જ હતા, છતાંય મદીનાવાસીઓમાંથી વિરોધનો કોઈ

સૂર નીકળ્યાનો ઐતિહાસિક પુરાવો નથી. ઈમામ હસન (અલ.) નવાસએ રસૂલની શહાદત હિજરીસન ૫૦માં થઈ. મદીનાવાસીઓ જે રસૂલને પોતાના શહેરમાં બોલાવી લાવ્યા હતા. તે પ્યારા રસૂલની વફાતને હજી ઓગણચાલીસ વર્ષો થયાં હતાં. હજી તો જુના બધા જ માણસો હયાત હતા. યુવાનો આધેડ થયા હતા. આધેડ વૃદ્ધ થયા હતા. છતાંપણ આ મદીનાવાસીઓ રસૂલને આટલા બધા બેવફ થઈ ગયા. અય્યાસ બની ગયા. જન્નતના જવાનોના સરદારના જનાઝા ઉપર તીરો મારવામાં આવ્યાં. તેમને પોતાના નાનાજાનની બગલમાં દફન કરવાથી રોકવામાં આવ્યા. છતાંય એકેય મદીનાવાસીએ વિરોધ ન કર્યો. કોઈ હિંમતવાન તટસ્થ વ્યક્તિઓ પણ એવી ન હતી જે એમ કહેતી હોય કે ભાઈ સમજૂતિથી કામ લો. પરંતુ બનીહાશિમ ઉપર આવો જુલ્મ તો ન જ કરો.

(૪) હઝરત ઈમામ હુસૈન (અલ.) એ યઝીદથી બયઅતની માંગણીને ઠુકરાવી દીધી. અને આપે મદીનાથી સફર શરૂ કરી. ઈમામ મુફલીસીની હાલતમાં પોતાનું વતન છોડી રહ્યા હતા. છતાંય મદીનાવાસીઓમાંથી કોઈના સાથ આપવાની વાત તો બાજુ પર રહી, પરંતુ ભાગી ગયા, સંતાઈ રહ્યા, કેટલાક બહાર ચાલી ગયા, જયારે કેટલાક તો

બેશરમ બનીને ઈમામની આ સફરે ગુરબત ઉપર તમાશો જોયા કર્યા. રસૂલની અવલાદ-રસૂલનું લોહી કેટલી પરેશાનીઓની હાલતમાં પોતાના વતનને-પોતાના નાનાજાનની આરમગાહને - પોતાની મા-વાલીદહ મોહતરમા મઝલૂમા જનાબે ફાતેમા (સલા.)ની આરામગાહને પણ, પોતાની અનેક મહબ્બતોની નિશાનીઓ હતી તે મદીનાને, ઈમામ અલ્લાહની રઝામંદી ખાતર - હુકમે ઈલાહીથી છોડી રહ્યા હતા. ઈસ્લામને ખાતર પોતાના નાનાજાને મક્કા છોડયું, પોતાના અનેક સગાંઓની નિશાનીઓને છોડી-મહબ્બતોને છોડી, રસૂલ મક્કાના પાદરમાં આવી મક્કા તરફ જોઈ રડયા હતા. ફરમાવ્યું હતું "અય મક્કા તું મને ખૂબ જ અઝીઝ છે, પરંતુ શું કરું ? હું તને અલ્લાહને ખાતર છોડી રહ્યો છું." આમ ફરમાવી આપ (સલ.) રડયા હતા.

આજે રસૂલની એ જ સુન્નત ઉપર અમલ થઈ રહ્યો હતો. સફરની આગલી રાતોએ ઈમામ બીલકુલ સૂતા ન હતા. નાનાજાનની કબર ઉપર ગયા - ખૂબ રડયા, અય નાનાજાન આ શહેરની ગલીએ ગલીએ હું અને ભાઈ હસન આપની સાથે ફર્યા છીએ, અય નાનાજાન, જુમ્આના ખુત્બામાં જયારે કે આપ ખુત્બો આપી રહ્યા હોય, અમો લડખડાતા પગે લોકોની વચ્ચે થઈને આપની પાસે

આવતા, આપ ખુત્બો છોડી-મિમ્બર પરથી નીચે ઊતરી અમોને ઊંચકી લેતા, મિમ્બર ઉપર આપની બગલમાં બેસાડતા. નાનાજાન, હું આપને અને આ મસ્જિદને છોડી રહ્યો છું. નાનાજાન હું તે થાંભલાઓને ઓળખું છું. જે થાંભલાઓને અઢેલી આપ બેસતા, ઝિક્રુલ્લાહ કરતા અને અમે બંને ભાઈ આપના ખોળામાં બેસતા, આપ અમને પ્યાર કરતા, રમાડતા.

નાનાજાન, હું આપને છોડી જઈ રહ્યો છું. પછી જન્નતુલ બકીઅમાં જઈ મા ફાતેમા સલામુલ્લાહ અલયહાની કબર ઉપર પણ ખૂબ રડયા, પોતાના અનેક સગાંઓની કબરો ઉપર જઈ પોતાની સફરે ગુરબત જણાવી. જન્નતુલબકીઅમાંથી ઈમામ બહાર આવ્યા. સાથે આંસુઓ થમતા ન હતાં બલ્કે ચોધાર આંસુ સાથે માની કબરને છેલ્લી સલામ કરી મદીનાની ગલીઓમાંથી પસાર છતાં ઈમામના બાળપણની મા અને નાનાજાનની મહબ્બતોની યાદો તાજી થતી હતી.

આ સફરે ગુરબત ઉપર મદીનાવાસીઓ બેશરમ બનીને કેટલાક ભાગી ગયા, કેટલાક ઘરોમાં સંતાઈ રહ્યા, જયારે કેટલાક તમાશો જોયા કર્યા. ખાનદાને રસૂલે મદીના છોડયું હતું. પરંતુ આ મદીનાવાસીઓમાં ગમ કરનાર, રંજ કરનાર, અફસોસ કરનાર કોઈ જ ન હતું.

આ છે મદીનાના લોકોમાં આવેલા ફેરફરો.

(૫) કરબલામાં ઈમામ હુસૈનની શહાદત પછી પણ આ મદીનાવાસીઓમાં કોઈ દુઃખ કે બેકરારીની ભાવના દેખાતી ન હતી. ઈમામ હુસૈન (અલ.)ના ખુનના બદલામાં કોઈ બેચેની કે દુઃખનું પ્રદર્શન પણ આ મદીનાવાસીઓએ કર્યું નથી. જયારે કે ઈરાકમાં બળવો ફટી નીકળે એવી પરિસ્થિતિ હતી. તોફનો ફટી નીકળ્યાં હતાં. પરિસ્થિતિ એકદમ વિસ્ફેટક હતી.

(૬) સાદાતે બની ફાતેમા ઉપર બની ઉમય્યાએ પોતાની સત્તાના છેલ્લા શ્વાસ સુધી, ત્યારબાદ બની અબ્બાસના હાકેમોએ પોતાની સત્તાના છેલ્લા શ્વાસ સુધી જુલમો કર્યા. અગિયાર ઈમામોને તેમના કુટુંબીઓને બેહદ તકલીફો આપી, શહીદ કરતા રહ્યા.

પરંતુ આ મદીના ખામોશ રહ્યું. મદીનાવાસીઓએ કોઈ મદદ ન કરી.

(૭) ચોથા ઈમામ હઝરત અલી ઝયનુલ આબેદીન (અલ.)થી લઈને દશમા ઈમામ હઝરત અલી નકી (અલ.) સુધી બધી જ મુકદ્દશ અને બરગુઝીદા હસ્તીઓએ મદીનામાં ઈસ્લામી હિફઝત માટે કયામ કર્યો. પોતાના અવ્વલ સમયમાં મદીનામા જ રહ્યા. અહીંથી જ કોઈકને ઝેર આપવામાં આવ્યું. કોઈકને શહીદ કરવામાં આવ્યા. કોઈને કેદ

કરવામાં આવ્યા, કોઈકને હદપાર કરવામાં આવ્યા. પરંતુ શું મદીનાવાસીઓએ તેઓના રક્ષણ માટે કંઈક પગલાં ભર્યાં. નાપાક ઉમવીઓનો કે નપાવટ અબ્બાસીઓનો કોઈ વિરોધ કર્યો ? ના, હરગિઝ નહિ.

આ બધી જ પરિસ્થિતિ અને ઘટનાઓના અભ્યાસ પછી પણ જો આપણે એવું માની લઈએ કે હઝરત ઈમામ હુસેન (અલ.) મદીનામાં જ રહ્યા હોત, સફરે ગુરબત ઈખ્તિયાર ન કરત, તો મદીનાના લોકો તેમના રક્ષણ માટે પોતાની જાનોની કુરબાની આપી દેત, આમ માનવું ફક્ત ખુશ થવા માટે સારી વાત છે. આવું ગુમાન રાખવું સ્વયંને છેતરવા સમાન છે. બેવકૂફીથી વિશેષ કશું જ નથી. ઐતિહાસિક સત્યો અને ઘટનાઓથી અજાણ હોવાની નિશાની છે. પરિસ્થિતિઓનો ઘટનાક્રમ, મદીનાવાસીઓની દીનથી બેઝારી, એવી શકલ ઈખ્તીયાર કરી ચૂકી હતી કે જો ઈમામ હુસૈન (અલ.) મદીનામાં જ તશરીફ ફરમાવીને રહેત તો હિજાઝની સરજમીન ઉપર આપનું ખૂન વહી જાત.

મદીના ઉપર ખૂબ જ વિસ્તૃત ચર્ચા કરી ચૂકયો છું. હવે મક્કા તરફ દૃષ્ટિપાત કરીએ.

## (૨) મક્કા :

મક્કા શહેર અને તેના લોકોના વિષયમાં સૈયદ જાફર શહીદીનું વિવરણ ઘણું જ યોગ્ય છે. જેથી તેને જ રજૂ કરું છું, આપ ફરમાવે છે કે :

"આ શહેર જમાનએ જાહિલીયતમાં અને પછી ઈસ્લામી દોરમાં એક ખાસ વિશેષ દરજજો ધરાવતું હતું. આ મુસલમાનોનો કીબ્લો, હાજીઓની જિયારતગાહ, અલ્લાહતઆલાનું દારૂલ ઈમાન હતું. ત્યાં રસુલુલ્લાહ (સલ.)ના સગાંવહાલાઓનો એક સમૂહ જિંદગી બસર કરતો હતો. પરંતુ આ લોકો હીજરી સન ૬૧ની કરબલાની કરૂંણ કહાણી-ઈમામ હુસૈન (અલ.) તથા ખાનદાને રસૂલ સાથે તેમના યારો-મદદગારોની શહાદતોથી અલગ રહ્યા. મક્કાવાસીઓની હાલત લગભગ ખૂની તમાશો જોનારા જેવી રહી હતી. મક્કામાં કોઈ હલચલ ન હતી. બસ અય્યાસી અને ખાવું-પીવું."

ઈમામ હુસૈન (અલ.)ની તેહરીકથી મક્કાના લોકોના અલિપ્ત રહેવાના ઘણાં કારણો હતાં.

(૧) ઈબ્ને ઝૂબેરે એક લાંબી મુદ્દતથી મક્કાને પોતાનું હેડક્વાટર બનાવી રાખ્યું હતું. તેથી મક્કા અને હિજાઝના ઘણાંબધા લોકો તેમની તરફ વળી ગયા હતા. ઈબ્ને ઝુબેર પોતાને ખિલાફતના દાવેદાર ગણતા હતા.

(૨) મઆવીયાએ પોતાના મૃત્યુ અગાઉ-જીવનના છેલ્લા વર્ષોમાં ખાસ કરીને જયારે એણે યઝીદપલીદને પોતાનો વલીઅહદ-જાંનશીન બનાવવાનો ફેંસલો કર્યો. ત્યારથી મોહાજેરીન અને અનસાર તથા બીજા અન્ય સહાબાની ઓલાદોને રાજી કરવા, પોતાના તરફ વાળવા આલ્લાહનો માલ ખરચવામાં કોઈ કમી રાખી ન હતી. મક્કાવાસીઓની દુનિયાપરસ્તીનો તે સમયે એ હાલ હતો કે માલ જોઈને તેમની લાળ ટપકી જતી હતી. મઆવીઆ મક્કાના આગેવાનોની ખૂબ જ આગતા-સ્વાગતા કરતો - ખુશામત કરતો. તેથી આ લોકો મઆવીયા પરસ્ત બની ગયા હતા.

(૩) જો કે મઆવીયાના મરી ગયા પછી આ શહેરના લોકો યઝીદ અને શામની હુકુમત તરફ ખાસ પ્રેમ રાખતા ન હતા. પરંતુ બીજા મસ્કલેહતપસંદો મોકો જોનારા - તેલ અને તેલની ધાર જોનારાઓની જેમ આ લોકો પણ ઈન્તેઝારમાં બેઠા હતા કે ઊંટ કઈ તરફ કરવટ લે છે. પરિણામ શું આવે છે ? જોઈએ ફયદો શેમાં છે ? કારણ કે ઈતિહાસ બતાવે છે કે ઈમામ હુસૈન (અલ.)એ જયારથી મક્કાથી ઈરાક તરફ પ્રયાણ કરવાનો ઈરાદો કર્યો, ફક્ત બે ત્રણ માણસોને બાદ કરતાં-જેમણે ઈમામ તરફ લાગણી બતાવી ઈરાક

ન જવા વિનંતી કરી. બાકીના બધાએ ફેવરમાં કે વિરોધમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી.

જયારે અબ્દુલ્લાહ બિન ઝૂબેરે જાણ્યું કે ઈમામ હુસૈન (અલ.)એ ઈરાક જવાનો પાકો નિર્ણય લઈ લીધો છે. તો તેણે સંતોષનો શ્વાસ લીધો. આથી માલૂમ પડે છે કે ઈબ્ને ઝૂબેર અને તેના સાથીઓ ઈમામ હુસૈન (અલ.)ના મક્કામાં રહેવાથી સહેજે ખુશ ન હતા.

આ વાતની સાબિતી આ અશઆરથી મળે છે. જે અબ્દુલ્લાહ બિન અબ્બાસે તે સમયે ઈબ્ને ઝૂબેરને ઉદ્દેશીને કહ્યા હતા.

"હવે જયારે તારા માટે મેદાન ખાલી થઈ ગયું છે. હવે તો કોઈ ઝઘડો બાકી નથી રહ્યો (તારો વિરોધ કરનાર કોઈ નથી) તો દીલની શાંતિ સાથે જે તારા દીલમાં આવે તે કર." (તારીખે તબરી - ભાગ - ૭ પેજ નં. ૨૭૫)

## (૩) દમીશ્ક

આ ઈલાકાના લોકો જે દિવસથી મુસલમાન થયા હતા. ત્યારથી તેમણે પોતાને ખાલીદ બિન વલીદ, મઆવીયા બિન અબી સુફયાન, અને ઝહાક બિન કૈસની સત્તા નીચે શ્વાસ લેતા જોયા છે. આ ઈલાકાના મોટા ભાગના મુસલમાનોએ દીનદાર મુસલમાનોનો જે નમૂનો જોયો, તે આ જ લોકો હતા. અહીંના લોકો કુર્આન મજીદના અહકામાતને

આ જ હાકેમો તેમના ગવર્નરો, તેમના સાથીઓની ઝબાનથી જ જાણતા હતા. તેથી જ મઆવીયાએ પોતાના પુત્ર યઝીદપલીદને શામીઓના વિશે કહ્યું હતું :

“શામના લોકોને તારાથી આગળ આગળ રાખજે. જો તને કોઈ દુશ્મનનો ડર-ખોફ હોય તો તેમને દુશ્મનના મુકાબલા માટે મોકલી દેજે. પરંતુ જે કામ તેમને સોંપવામાં આવ્યું છે, તે પુરું થઈ જાય તો તેમને એક મિનિટ પણ શામની બહાર ન રહેવા દેતો. તેમને તરત જ તેમના ઘરો તરફ પાછા ફેરવી દેજે. જેથી તેઓને પરદેશોમાં રહેવાની આદત ન પડી જાય."

(બીનાએ કરબલા - પેજ નં. ૧૩૨ થી ૧૩૪)

મઆવીયાના ઉપરોક્ત કથન દ્વારા મઆવીયાની દુરંદેશી અને તે સમયના લોકોની માનસિકતાનો ખ્યાલ આવે છે. ઉમવીઓની હિમાયતમાં તેઓની દ્રઢતાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

નીચેની દાસ્તાન ઉપર દ્રષ્ટિપાત કરો, જે એક તારીખી હકીકત લાગે છે. છતાં પણ ઐતિહાસિક સત્ય છે કે આ દાસ્તાન દ્વારા આપણે જાણી શકીએ છીએ કે શામના લોકો ઈસ્લામી હુકુમતની વ્યવસ્થા, અહકામે દીન, અને રસુલે અકરમ (સલ.)ના ખાનદાનના બારામા કેટલી હદે અજ્ઞાન અને નાવાકેફ હતા.

"અબ્દુલ્લાહ બિન અલીએ શામથી કેટલાક મશાએખને (ધાઠ્ઠમક આગેવાનો) સફ્ફાહની પાસે મોકલ્યા, સાથે કહેવડાવ્યું કે આ લોકો મુલકના અકલમંદ લોકો છે. આ બધા કસમ ખાઈને કહે છે કે જયાં સુધી આપ અમીરૂલ મોઅમેનીન બન્યા ન હતા, અમને બીલકુલ જાણકારી ન હતી કે રસુલુલ્લાહ (સલ.)ના બની ઉમય્યા સિવાય કોઈ એવા સગાંવહાલા પણ છે. જેઓ તેમની પાસેથી વારસો મેળવે." (અલ ફ્વાતુન્નાદેરાહ પેજ નં. ૩૭૧)

હીજરી ૧૮માં જયારે ઉમર બિન ખત્તાબે દમીશ્કની હુકુમત મઆવીયાને સોંપી. હીજરીસન ૬૦ સુધીમાં ૪૨ વર્ષો થાય છે. આ સમય દરમ્યાનમાં જે લોકો મદીનાથી દમીશ્ક ગયા તેમના નામોની અનુક્રમણિકા ઉપર આપણે જયારે દ્રષ્ટિપાત કરીએ છીએ, તો માલુમ પડે છે કે તેઓમાં મોટાભાગનાં કુરૈશ અને મઝરી કબીલાના છે. આ લોકો ઠાઠમાઠની જિંદગીના આદિ બની ચૂકયા હતા. જયારે શામ ગયા અને બહાર નીકળતાં રોમની શાનોશોકત જોઈ તો તેનાથી પ્રભાવિત થવાની સાથે સાથે તેના પ્રત્યે ખૂબ જ મુગ્ધ-આશક-લટ્ટુ બની ગયા હતા. જયારે ખલીફ ઉમરે પૂછપરછ કરી ત્યારે મઆવીયાના ઉત્તરથી જ ખબર પડે છે. મઆવીયા અવ્વલથી જ

ઈસ્લામના રીતરીવાજો અને અમલોથી અલગ રહીને શહેનશાહનું જીવન જીવતો હતો, જયારે કે પોતાના ઈલાકાનો હાકેમ આવું શાહાના જીવન જીવતો હોય, તો તેની હાથ નીચેના માણસો પણ એવા જ અભ્યાસ થઈ જાય છે. તેઓ પોતાના બાદશાહનું અનુકરણ કરે છે.

હીજરી ૩૫માં જયારે ઉસ્માનને મદીનામાં કતલ કરવામાં આવ્યા અને હઝરત અલી (અલ.) ખલીફ બન્યા. તો મઆવીયાએ લોકોને આ વાત ગળે ઊતારી દીધી કે હઝરત અલી (અલ.) એ ઉસ્માનને કતલ કર્યા છે, અને આ કતલનો બદલો લેવા આપણે લડવાનું છે. આ રીતે હઝરત અલી (અલ.)ની સાથે શામીઓની દુશ્મનીએ દીની રંગ ઈખ્તીયાર કર્યો.

જયારે આપણે શામની હાલતનો મુકાબલો ઈરાક અને હિજાઝથી કરીએ છીએ, અને મઆવીયા અને તેના બેટા યઝીદથી શામીઓની કોઈપણ શરત વગરની દીલોજાનની હિમાયત જોઈએ છીએ તો ફરીથી આપણને ઈબ્ને કવાઅનુ કથન સાચું માલૂમ પડે છે. જેણે કહ્યું હતું :

“બીજાઓના મુકાબલે શામના લોકો પોતાના ઈમામના વધારે ફરમાંબરદાર છે."

આ જ ફરમાબરદારી અને ચુંચા-દલીલ કર્યા વગરની તાબેદારીના કારણે હઝરત અલી (અલ.)

પોતાના માણસોથી દુઃખી રહેતા હતા અને ફરમાવતા હતા :
“હું આ વાત માટે તૈયાર છું કે તમારામાંથી ૧૦ માણસો આપી દઉં. અને તેના બદલામાં મઆવીયા હિમાયતીઓમાંથી એક માણસ લઈ લઉં." (નહઝૂલ બલાગાહ, ભાગ- ૨ પેજ નં. ૧૦)

**(૪) કૂફા**

આ શહેર સઅદ બિન અબી વક્કાસે ફેજીઓના રહેઠાણ માટે ૧૭ હિજરીમાં વસાવ્યું હતું. પરંતુ વધારે સમય ન થયો અને અસહાબે રસૂલ તથા અન્ય લોકો પણ જુદા જુદા સ્થળેથી ત્યાં રહેવા આવ્યા. પછી જેમ જેમ પૂર્વના ઈલાકા જીતાતા ગયા, પરાજિત ઈલાકાની ઘણીબધી પ્રજાઓ અહીં રહેવા આવતી ગઈ.

બસરાની જંગ પછી અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) એ કૂફાને પોતાનું પાટનગર બનાવ્યું. ત્યારથી આ શહેર ઈસ્લામી શહેરોમાં ખાસ ઈજ્જતને કાબિલ બન્યું. તે સમયે આ શહેરમાં જાતજાતના લોકો આબાદ હતા. તેમાંથી દરેક સમૂહના મકસદ, અકીદા અને જોશ (વલવલા - જઝબા) બીજા સમૂહોથી ભિન્ન હતા.

આ તરફ પરાજિત ઈલાકાના તે લોકો જેમણે કોઈ હુન્નરઉદ્યોગ કે ઈલ્મ મેળવ્યું હતું, કામ મેળવવા

માટે - હોદ્દાની લાલચમાં ધીમે ધીમે કૂફા આવવા લાગ્યા.

ઈસ્લામી જીતો પહેલાં આ દરેક સમૂહ જુદા જુદા અકીદાઓ અને ફિલોસોફીની તરફ આકર્ષિત હતો. જેથી તેમના કૂફામાં એકત્ર થવાથી વાદવિવાદનું બજાર ગરમ થયું.

કેટલીક રીવાયતોના માટે આપણે ચોક્કસ નથી કહી શકતા કે તે સાચી જ છે. તેમના દ્વારા માલૂમ પડે છે કે હીજરીસન ૩૫ થી ૪૦ દરમ્યાન કૂફામાં કઝા અને કદરના વિષયમાં ખૂબ જ ભારે વાદવિવાદ ચાલતો હતો. આ વિવાદનો મુદ્દો હતો કે “લોકો પોતાના કર્મો કરવામાં આઝાદ (સ્વયં માલિક-જેના પર કોઈનું નિયંત્રણ ન હોય) છે કે મજબૂર ? આ વાત તો સ્પષ્ટ છે કે આવી બહસોના કારણે મુસલમાનોમાં ઘણાં ઈખ્તેલાફ પેદા થઈ ગયા હતા."

જે લોકો વાદીએ ફૂરાતના જુદા જુદા સ્થળોએથી આ શહેરમાં આવ્યા હતા. તેઓ પણ પોતાના સ્વભાવ અને આદતોમાં વાદીએ હિજાઝના રહેવાસીઓ જેવા ન હતા. ઘણી વધારે ચેતનાનો અનુભવ કરનારા, ઉપરછલ્લી વાતોથી, તે સમય પુરતા જોશમાં આવી જનારા, પરિણામો ઉપર બિલકુલ તવજ્જોહ ન કરનારા, ઉતાવળા ફેંસલો

કરનારા, પછી બહુ જ જલ્દી અફસોસ કરનારા વગેરે, આ લોકોની ખાસિયતો હતી.

ઉસ્માન બિન અફ્વાનની ખિલાફતના ખતમથી લઈને અહીં સુધી કે ખિલાફતનું કેન્દ્ર બગદાદ ફેરવાઈ ગયું અને એક નવો કબીલો મુસલમાનોની ખિલાફત ઉપર આવી ગયો. તો કૂફાવાસીઓ આરામથી ન બેઠા. એમની આદત હતી કે જયારે કોઈ જાલીમ હાકેમ એમના ઉપર કબજો જમાવી લેતો તો એ લોકો ઘરોમાં ભરાઈ ખામોશ બેસી રહેતા. જયારે એમને એવું માલૂમ પડતું કે હુકુમત કમજોર છે. ત્યારે તેઓ ટોળેટોળાં જમા થઈને કાવાદાવા કરવામાં ગુંથાઈ જતા. બગાવત અને નાફરમાની ઉપર ઊતરી પડતા. હંગામો અને તોફન કરતા. એક શાયરે પોતાના શહેરના લોકો વિશે જે કંઈ કહ્યું છે તે એહલેકુફની તે જમાત ઉપર બરાબર બંધ બેસે છે.

## શએરનો તરજુમો

“તેઓ જાલીમ અને કમીનાઓની સામે નમ્ર અને ગરીબ છે અને નમ્ર અને ગરીબની સામે જાલીમ અને કમીના છે."

જયારે મઆવીયાએ ઈબ્ને કવાઅને પુછયું “ઈસ્લામી શહેરોના લોકોના અખ્લાક અને ગુણદોષ કેવા છે ?"

ત્યારે તેણે કૂફાના લોકોના વિશે કહ્યું "કોઈ કામના માટે આપસમાં એકમત થઈ જાય છે. પછી નાની નાની ટોળીઓ બની તે કામથી અસંબંધ થઈ જાય છે. (હટી જાય છે) (તારીખે તમદ્દુને ઈસ્લામી ભાગ - ૪ પેજ નં. ૬૪)

હીજરી ૬૬ થી હીજરી ૭૫ સુધી જયારે અબ્દુલ મલીક બિન મરવાને હજજાઝ બિન યુસુફને કુફનો ગવર્નર બનાવ્યો હતો. ત્યારે તેણે પોતાના જુલ્મ દ્વારા ગંદી રાજનીતિનો અમલ કરી લોકો માટે શ્વાસ લેવાનું મુશ્કેલ બનાવી દીધું હતું. ત્યારે અહીંના લોકો ડાહ્યા-ડમરા અને ગરીબ બની ગયા હતા. આ દસ વર્ષના સમયગાળા સિવાય ઘણા જ ઓછા એવા વર્ષો દૃશ્યમાન થશે જયારે કે કુફ તોફનો, ધમાલો, હંગામાઓ અને ટોળાબંધીથી અલગ રહ્યું હોય. આ લોકોના આવા અસ્થિર સ્વભાવના કારણે - (જે લોકોના સ્વભાવમાં ઠરેલપણું નથી) મઆવીયાએ યઝીદને જે નસીહત કરી હતી તે ધ્યાનાકર્ષક છે. મઆવીયાએ યઝીદને કહ્યું હતું :

"જો ઈરાકીઓ તને દરરોજનો એક આમિલ (ગવર્નર) બદલવાનું કહે છે. તો તેમનું કહેવું માની લેજે, કારણ કે તારા માટે એક હાકેમને હટાવવો એક લાખ તલવારોનો સામનો કરવાથી આસાન છે." (અકદુલ ફરીદ ભાગ - ૫ પેજ નં. ૧૧૫)

એવું માલૂમ પડે છે કે મઆવીયા આ લોકોના અંતને પણ સ્પષ્ટ જોઈ રહ્યો હતો. કારણ કે એણે યઝીદને ઈમામ હુસૈન (અલ.)ના મામલામાં વસીય્યત કરી, તો કહ્યું :

“જે લોકોએ હુસૈન (અલ.)ના બાપને કતલ કર્યા, અને તેમના ભાઈને બેબસ, બેઈખ્તીયાર, લાચાર કર્યા, મને ઉમ્મીદ છે કે હુસૈનથી તને નુકશાન પહોંચે તે બાબતથી પણ તેઓ અલિપ્ત રહેશે."

(હવાલો ઉપર મુજબ)

આમ કહેવું ઉચિત લાગે છે કે કુફના ઘણાબધા લોકોએ જંગે બસરામાં હઝરત અલી (અલ.)ને સાથ આપ્યો. ત્યારબાદ જંગે મઝીનમાં પણ એમને સાથ આપ્યો. તો તેઓનું આ જંગોમાં અમીરૂલ મોઅમેનીનનું મદદ કરવું તેમની એવી ઈચ્છાનું પ્રતિપાદન કરે છે કે ઈસ્લામી ખિલાફતનું કેન્દ્ર હિજાઝથી ઈરાક ફેરવાઈ જાય. જેથી તેઓ આ ખુસૂસિયત વિશેષતા પ્રાપ્ત કરીને શામ ઉપર ભારે હુમલો કરી શકે.

શામીઓ અને ઈરાકીઓમાં દુશ્મની કોઈ નવી વસ્તુ નથી. આ બંને ઈલાકાઓના ઈખ્તેલાફતમાં કબાઈલી ઝઘડાઓ સિવાય રાજકીય અને આર્થિક કારણો પણ સામેલ હતાં. ઈરાક હિંદ મહાસાગર સાથે વેપારથી જોડાયેલું હતું. જેથી શામના માટે હિંદ સાથેના વેપારનો ઈરાક જ ઝરીયો હતું.

જયારે કે રોમના દરીયા ઉપર શામનો કંટ્રોલ હતો. જેથી ઈરાક આ બંને વેપારી રાજમાર્ગોને એક કડીની માફક જોડતું હતું.

બીજી તરફ હીરાહનો બાદશાહ કીસરા ઈરાનના રહેમોકરમ ઉપર જીવતો હતો. જયારે શામના ગસ્સાની હાકેમો કૈસરે રોમના તાબે હતા. કીસરાએ ઈરાન અને કૈસરે રોમ આ બંને મહાન અને વિશાળ સલ્તનતોએ પણ શામ અને ઈરાક જેવા નાના દેશો વચ્ચે દુશ્મની ભડકાવવાનો રોલ અદા કર્યો હતો.

અફસોસ કે એમની આ દુશ્મનીઓ ઈસ્લામ સ્વીકાર્યા પછી પણ કાયમ રહી. અને ખાસ કરીને જયારે કુફ મરકઝે ખિલાફત બની ગયું, તો ઈરાકીઓને પોતાની પુરાની ઈચ્છા પરિપૂર્ણ થતી નજર આવી. અત્રે અમે આ મર્મ કે બારીકી તરફ પણ ધ્યાન દોરવા માગીએ છીએ કે શામના પ્રજાજનો પોતાના હાકેમની તાબેદારી કરવામાં ખૂબ જ ચૂસ્ત અને નિઃસ્વાર્થ, પ્રમાણિક અને અડગ હતા. જયારે તેનાથી વિપરીત ઈરાકના લોકો હુકુમતના કામોમાં વગર કારણ દખલગીરી કરતા, હુકુમતના ફેંસલાઓને રદબાતલ કરીને પોતાના ખલીફની મુશ્કેલીઓમાં વધારો કરતા હતા.

આ જ લોકો તો હતા જેમણે જંગે સિફફીનમાં મહિનાઓ સુધી હઝરત અલી (અલ.)ને સાથ આપ્યો હતો. વિજય પ્રાપ્ત થવાની અણી ઉપર - છેક છેલ્લા સમયે પોતાના ઈમામની વાત સાંભળીને તેને માનવાની જગ્યાએ શિયાળ જેવા લુચ્ચા સહાબી અમર બિન આસની ચાલમાં આવી ગયા. એના કહેવાથી શામી લશ્કરે કુર્આનને બાંબુઓ અને નેઝાઓ ઉપર ઊંચા કર્યા, અને આ લોકોને કુર્આનનો ફેંસલો કબૂલ કરવા કહ્યું. ત્યારે આ જ લોકોએ હઝરત અલી (અલ.)ના સ્પષ્ટ ઈન્કાર પછી પણ આપને મજબૂર કર્યા કે શામીઓની વાતને માની લે, જો કે અમીરૂલ મોઅમેનીને આ લોકોને ઘણા સમજાવ્યા કે અમર બિન આસ અને મઆવીયાએ કુર્આનને જંગથી ભાગવાનું બહાનું બનાવ્યું છે. પરંતુ ઈરાકીઓએ ઈમામની વાતને ધ્યાન પર ન લીધી. જયારે શામીઓની બળજબરી ઉપર મધ્યસ્થતાનો (પંચાયત) ફેંસલો થયો. અને શામના પંચે ઈરાકના પંચને છેતર્યો. ત્યારે કૂફાવાસીઓએ આ હારને પોતાના માટે શરમનાક ગણી. તેઓ તરત જ ઈમામ પાસે આવ્યા અને કહ્યું કે,“મઆવીયા સાથે નવેસરથી જંગ શરૂ કરવામાં આવે, જયારે કે આપ તેની સાથે એક વર્ષ સુધી જંગ ન કરવાનો

મુઆહેદો (દસ્તાવેજી લખાણ) કરી ચૂકયા હતા. અને આપ તેને તોડવા ઈચ્છતા ન હતા."

ઈમામના આ ઈન્કારથી તેમના એક મોટા સમૂહને આઘાત લાગ્યો. પરિણામ એ આવ્યું કે આ સમૂહ હઝરત અલી (અલ.)થી અલગ થઈ ગયો. જેઓ ખારજીના નામથી પ્રખ્યાત છે.

હઝરત અલી (અલ.) કુફવાસીઓની અસ્થિર પરિસ્થિતિ, હઠધર્મી અને આખેરત તરફ દુરલક્ષતા જોતા, તો ફરમાવતા :

"શામીઓ પોતાના જુઠ ઉપર (મઆવીયા ઉપર) એકમત છે. અને તમે તમારી સચ્ચાઈ (હઝરત અલી (અલ.) ઈમામત) ઉપર વેરવિખેર છો. હું આ વાત ઉપર તૈયાર છું કે તમારામાંથી દશ માણસો આપીને મઆવીયાના મદદગારોમાંથી એક આદમી લઈ લઉં."

આ વાતમાં કોઈ શકને સ્થાન નથી કે નેકસાલેહ મુસલમાનોનો એક સમૂહ પણ આ શહેરમાં મોજૂદ હતો. જેઓની ગણતરી ફીદાઈનમાં કરી શકાય. તેઓ ઈમામના હુકમ ઉપર મરી ફીટવા પણ તૈયાર હતા. જાબીર અને જાલીમ હાકેમોના હાથે પેગંબર (સલ.)ની સુન્નતોમાં ફેરફરીના કારણે આવા લોકોની સહનશક્તિ ખતમ થઈ ચૂકી હતી. તેઓ દીલમાં ને દીલમાં હીજરાયા કરતા હતા.

અને ઈચ્છતા હતા કે આપણા આદિલ ઈમામ ઊઠે. કયામ કરે, અને રસૂલની વફતથી લઈને આજદિન સુધી - છેલ્લા પચ્ચીસ વર્ષોથી જે બીદઅતો પેદા થઈ ગઈ છે. તેને નેસ્તનાબૂદ કરે. આવા નેકબખ્ત યોદ્ધાઓની સાથેસાથે એક મોટો જનસમૂહ એવો પણ હતો, જે દાવો તો આવા ફીદાઈન જેવો જ કરતો હતો, તેઓ જંગે સિફફીનના પરાજય જેવા બધા જ પાછલા પરાજયોનો બદલો લેવા માગતો હતો. જેઓની દૃષ્ટિ ઈસ્લામની સરબુલંદી-કાનૂને ખુદા-વ-રસૂલની સ્થાપના તરફ ન હતી. બલ્કે બદલાની આગથી પીડાતા હતા. કોઈ શું કહી શકે છે કે આવા લોકોમાં કેટલાક લોકો એવા પણ હોય જેઓએ બાળપણમાં પોતાની માતાઓના ખોળામાં (ગોદમાં) ગસ્સાનીઓના કિસ્સા સાંભળ્યા હોય. જેથી તેમના ઈરાદાઓના હલકા ખ્યાલોએ તેમને પોતાના જમાનએ જાહીલીયતની પાસે લાવી દીધા હોય.

જે લોકોએ ઈમામ હુસૈન (અલ.)ને પત્રો લખ્યા, આપને ઈરાક બોલાવ્યા, અને મદદ કરવાનો વાયદો કર્યો. તેઓ બધા જ પોતાના દીલોમાં દીનનું દર્દ રાખનારા ન હતા. આ આમંત્રણ એક દેખાવ પુરતું ખુલ્લું આમંત્રણ હતું. પરંતુ આ આમંત્રણ પાછળ તેમના ઘણા બધા રાજકીય

સ્વાર્થ - ઈરાદાઓ પણ સંતાયેલા હતા. મતલબ કે ઈરાક શામ ઉપર એક ભારે ચોટ લગાવવા માગતું હતું. બદલાની આગને ઠંડી કરવી હતી. સાથે સાથે ખિલાફતનું મરકઝ દમીશ્કથી ઈરાક ફેરવવું હતું.

મતલબ કે ઈમામના ફિદાઈનનો ધ્યેય કલેમતુલ્લાહની બુલંદી હોવો જોઈએ, તેઓ પોતાના નાનામાં નાના સ્વાર્થને, કબીલા પરસ્તીને, બદલાની ભાવનાને, નફરતને કે કીનાકપટને વચ્ચે લાવ્યા વગર અલ્લાહની રઝામંદીને મકસદે હયાત બનાવનારા હોય.

જરા વિચારો, એક મર્મ અને રહસ્યને. હિજરીસન ૩૫માં ત્રીજા ખલીફ હઝરત ઉસ્માન વિરુદ્ધ મદીનામાં બળવો ફટી નીકળ્યો. આ બળવામાં મદીનાના સહાબાની સાથે ઈરાક અને મિસરના ઈન્સાફ પસંદ લોકો સામેલ હતા. ખલીફ ઉસ્માનની અગણિત ભૂલો હતી. સગાંવાદનો આપ ઉપર એક મજબૂત આક્ષેપ હતો. રસૂલે ઈસ્લામે જેને હદપાર કર્યો હતો, મુનાફિક કહ્યો હતો, જે અનેક વખત ઈસ્લામ સ્વીકારી મુરતદ થઈ ગયો હતો, એવો વાજીબુલ કતલ મરવાન જે ઉસ્માનનો ભત્રીજો હતો અને તેને ઉસ્માને પોતાનો જમાઈ બનાવી, વઝીરનો હોદ્દો પણ આપ્યો હતો. આ મરવાન અને તેના બાપ હકમ બંનેને પેગંબરે ઈસ્લામે મદીનામાં દાખલ થવાની

મના ફરમાવી હતી. ઉસ્માનના ફીત્નાઓને આ ઉમ્મત સહન કરી શકતી ન હતી.

મતલબ હઝરત ઉસ્માનની પારાવાર ભૂલોને કારણે ઈરાક, મિસરના ઈન્સાફ પસંદ લોકો સાથે ભેગા મળી મદીનાના જલીલુલકદ્ર સહાબાઓએ બળવો કર્યો. જેમાં ઉસ્માનની કતલ થઈ. ૪૦ દિવસ સુધી ઉસ્માનના મકાનને ઘેરો ઘાલેલો રહ્યો. સંપૂર્ણ ઈસ્લામી આલમમાં તે સમયે ખલીફ ઉસ્માન પ્રત્યે નફરતનું બજાર ગરમ હતું.

હવે આ જ સદી હીજરીનો બીજો ચોથાઈ હિસ્સો જુઓ. હીજરી ૬૦ ને યાદ કરો. શહાદતે ઈમામ હુસૈન (અલ.) પહેલાંની પરિસ્થિતિ શું હતી. ઉમ્મત હિજરી-૩૫ના હઝરત ઉસ્માન વિરુદ્ધના બળવાના સમય કરતાં અત્યારે વધારે બગડી ચૂકી હતી. મુસલમાનોમાં નૈતિક મૂલ્યોનો સદંતર હ્રાસ થઈ ચૂક્યો હતો. ઈસ્લામી સમાજ અધોગતિની ઊંડી ખાઈમાં પડી ચૂક્યો હતો. મક્કાર મઆવીયાની અગણિત મક્કારીઓ, અગણિત ફીત્નાઓ, ખિલાફતને મૂલૂકીયત બનાવી દેવું, છતાંય ફક્ત ઈરાક સિવાય ક્યાંય કોઈ ગમો-ગુસ્સાનું પ્રદર્શન મઆવીયા સામે ન થયું. મક્કાર મઆવીયાએ નેક અને ભલાભોળા કહેવાતા લોકોને પણ પોતાની મક્કારીમાં જકડી લીધા હતા. જેવી રીતે કે અત્યારના ભલાભોળા

મુસલમાનો પોતાના હાકેમોની મક્કારીના શિકાર બની તાગુતના સાથીદાર બની જાય છે. છેવટે કૂફાવાસીઓએ શામની વિરુદ્ધ બગાવત કરી દીધી, તેમનો આ બળવો ફક્ત એક ઉત્તેજના હતો. વક્તવ્યોના આગઝરતા ભાષણોની નિપજ હતી. જેમાં દુશ્મનની શક્તિ તરફ ધ્યાન ન અપાયું, દુશ્મનના સેનાપતિઓની કાર્યદક્ષતાને અનદેખી કરવામાં આવી અને સૌથી અગત્યની વાત તો આ હતી કે આ બગાવત કરવાવાળાઓની દ્રઢનિશ્ચયપણા કે કમજોરી તરફ કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહિ.

ઈમામના મિશનને, આપની કાર્યપદ્ધતિને સમજવા માટે ઉપરોક્ત બધી જ પરિસ્થિતિને સમજવી જરૂરી છે.

## (૫) કરબલાની ભૌગોલિક પૃષ્ઠભૂમિ

કરબલા તે પવિત્ર ભૂમિ છે જેના નામ માત્રથી મોમીન સ્ત્રીપુરુષોની આંખો અશ્રુથી છલકાઈ જાય છે. અધોગતિની ઊંડી ખાઈમાં ધકેલાઈ ગયેલા ઈસ્લામી મૂલ્યો આ કરબલાવાળાઓની કુરબાનીઓથી જીવતા થયા છે.

કોઈ શાયરે કહ્યું છે :

કત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ
ઈસ્લામ ઝિન્દા હોતા હે, હર કરબલા કે બાદ.

શહાદતે હુસૈન યઝીદ અને યઝીદીયતની મોત હતી. ઈસ્લામ દરેક કરબલા પછી જ જીવતો થાય છે. શાયદ કોઈ મોમીન એવો હોય કે કરબલા શબ્દ બોલતાં જ તેની આંખમાં આંસુ ન આવતાં હોય. મોમીનની રૂહ તો કરબલા અને નજફના ફેરા ખાતી હોય છે. એક નૂરની લકીર જેને આપણી નાકીસ અકલો જોઈ નથી તે નૂરની લકીર મોમીનના દીલથી ઈમામ હુસૈન (અલ.)ની આરામગાહ સુધી હોય છે. જયાં સુધી આ નૂરની લકીરનો સંબંધ ઈમામની આરામગાહ સાથે હોય છે. મોમીન લપસતો નથી. મોમીન દીને ઈસ્લામનો પાબંદ રહે છે. આ જમીન અમારી સજદાગાહ છે. આ માટી અમારી આંખોનું નૂર છે. આ માટીમાં અમારાં આંસુ છે. આ માટીમાં અમારા આમાલની ખુશ્બો છે. આ માટી અમને ખૂબ જ પ્યારી છે. અમને આ માટીની મોત પસંદ છે. મૃતપાય થઈ ગયેલો ઈસ્લામ આ માટીમાં પેવસ્ત થઈ ગયેલા લોહીએ ફરીથી સજીવન કર્યો છે. જો આ બુઝૂર્ગોનું લોહી આ માટીમાં ન સમાઈ જાત તો ઈસ્લામનું નામ જ મીટી જાત, યા તો નામ બદલાઈ જાત. આ પવિત્ર જમીનના વિષયમાં આપણે થોડીક માહિતી મેળવીએ.

જે પવિત્ર સરજમીન અત્યારે કરબલાના નામથી પ્રખ્યાત છે. અસલ તે ઘણાબધા નાના મોટા

ગામો અને નાની મોટી વસ્તીઓનો સમૂહ છે, જે ગામો તે સમયમાં એકબીજા સાથે જોડાયેલાં હતાં. અરબમાં નાના નાના જમીનના ટૂકડાઓ જુદા જુદા નામોથી ઓળખાય છે. જેથી જયારે તેમને તેમની વિશેષતાઓના કારણે જોવામાં આવે (ઓળખવામાં આવે)તો દરેક ગામ કે જમીનનો ટૂકડો અલગ ઓળખથી ધ્યાનમાં આવે, તેની આગવી-પોતાની વિશેષતાના કારણે.

પરંતુ જયારે તે બધા જ ગામો કે વસ્તીઓની એકબીજાની નઝદીકતાના કારણે, તેમના રીતરીવાજ અને સમાજિકતાના કારણે તેમને એકત્ર ગણવામાં આવે તો આખો મોટો ઈલાકો એક જ ગણાય. તેથી જ કોઈ એક સ્થળની ઘટનાને બીજા સ્થળ સાથે પણ જોડી શકાય.

દૃષ્ટાંતરૂપે આ રીતે સમજી શકાય કે મહુવા અને ભાવનગર વચ્ચે કોઈ ગેરમામૂલી ઘટના બને તો ભાવનગરને ઓળખનાર વ્યક્તિ એમ જ કહેવાનો કે આ ઘટના ભાવનગરની પાસે જ બની છે. ફક્ત ૧૫-૨૦ કિ. મી. દૂર. આ વ્યક્તિ મહૂવાને જાણતો જ નથી. વળી બીજો વ્યક્તિ જે ભાવનગરને જાણતો નથી તે કહેવાનો કે ખોટી વાત છે. ભાવનગર વળી ત્યાં કયાં છે. હું પોતે જઈ આવ્યો છું. ઘટનાનું સ્થળ મહુવાથી ૨૫ કિ. મી. દૂર છે. વળી બીજી બે દિશાના માણસો જયારે દક્ષિણ

ગુજરાતમાં આવી આ ઘટનાનું વર્ણન કરશે ત્યારે પોતપોતાના ગામની નઝદીકીનો ઉલ્લેખ કરશે. ભાવનગર-મહુવા બંને ભૂલાઈ જશે. મતલબ માણસ સ્થળના અનુસંધાનમાં વિમાસણમાં મૂકાઈ જાય છે. જેથી કોઈ કિતાબમાં કોઈક ઈતિહાસની અધૂરી વાત આવે ત્યારે ગભરાઈ નહીં જવાનું કે આ તો બધા જ જુદું જુદું કહે છે. સાચી જગ્યા તો કોઈને ખબર જ નથી. બલકે અધુરી વાત કરનાર પણ સાચી જગ્યા બતાવે છે.

અલ્લામા શહરસ્તાનીએ પોતાની કિતાબ "નહજતુલ હુસૈન"માં લખ્યું છે કે કરબલાના કરૂણ બનાવના સ્થળના ઘણાંબધા નામો પ્રખ્યાત છે. દાખલા તરીકે નૈનવા, ગાઝરીયા અને શતફૂરાત (શત - દરીયો) વગેરે આ નામો એક જ જગ્યાના જુદાં જુદાં નામો નથી. બલ્કે તે જમાનામાં આ બધી જ અલગ અલગ જગ્યાઓ હતી. જે એકબીજાની પાસપાસે હોવાના કારણે એક જ ગણાઈ શકતી હતી. તેથી ચોક્કસ સ્થળ અને ઘટનાના સ્થળના વર્ણન વખતે દરેક સ્થળની અલગ ઓળખ અને સમજ મેળવવી જોઈએ.

**નૈનવા :**

આ એક ગામડું હતું. તેની બીલકુલ લગોલગ ગાઝરીયા હતું. જે કબીલા બની અસદની એક શાખ ગાઝરહથી સંબંધિત હતું. તેમાં કબીલા બની

અસદના લોકો જ આબાદ હતા. લગભગ તો આ તે જ જમીનને જે હાલમાં હુસૈનીયાના નામથી ઓળખાય છે. ત્યાં સફીયા નામી એક નાનું ગામ પણ હતું. આ ગામ પાસે એક જમીનનો ટૂકડો હતો. જે ખેડાણ વગરનો પડેલો હતો. તે જ જગ્યા કરબલા છે. અસલ આ જગ્યા કરબલા શહેરનો પૂર્વ-દક્ષિણ ભાગ છે. તેની લગોલગ “અકરબાબૂલ" નામનું એક ગામ હતું. તે ગાઝરીયાની ઉત્તર-પશ્ચિમે હતું. જયાં અત્યારે જુના મકાનોના ખંડિયેરો જોવામાં આવે છે.

આ ગામ દરીયાએ ફૂરાતના કિનારે આબાદ હતું, તે ટેકરીઓની વચ્ચે ઘેરાયેલું હોવાથી જમીનના એક ટૂકડા જેવું દેખાતું હતું, બરાબર તેની સામે જ ગાઝરીયાતની બીજી દિશાએ “નવાસીસ" નામની એક જગ્યા હતી. જે ઈસ્લામી જીતો પહેલાં એક કબ્રસ્તાન હતું. તેની વચ્ચે “હીર" નામની એક જમીન હતી જે અત્યારે “હાએર" નામથી ઓળખાય છે. આ જ જમીન ઉપર ઈમામ હુસૈન (અલ.)ની કબર મુબારક છે.“હીર" નામની જગ્યા તે વખતે એક વિશાળ મેદાની શકલમાં હતી. જે ત્રણ બાજુએથી ટેકરીઓથી ઘેરાયેલી હતી. જે ટેકરીઓ પણ એકબીજાની સાથે લાગેલી હતી. આ ટેકરીઓનો સીલસીલો ઉત્તર-પશ્ચિમ તરફથી જે તરફ અત્યારે હરમે હુસૈનીનો બાબુસ્સદર અને

મિનારએ અબ્દ છે. ત્યાંથી શરૂ થઈને પશ્ચિમ તરફ બાબે ઝયનબીયાની હદ સુધી પહોંચે છે. ત્યાંથી વળાંક લઈને કીબ્લામાના સ્થળે પૂર્ણ થઈ જાય છે. આ ટેકરીઓના એકત્રીકરણથી એક અર્ધ ચંદ્રાકાર વર્તુળનો દાએરો બને છે. આ દાએરામાં દાખલ થવાનો રસ્તો તે તરફ હતો જયાંથી રોઝએ હઝરત અબ્બાસમાં જવાનો રસ્તો છે.

ખૂબ જ શોધખોળના અંતે, ઘણીબધી તેહકીકાત કર્યા પછી આ વાત સ્પષ્ટ થાય છે કે તે મકાનોની નિશાનીઓ જે કબ્રે ઈમામ હુસૈનની આસપાસ છે. ઉત્તર અને પશ્ચિમ દિશાએ જમીનની ઊંચાઈ પર છે. જયારે એની નીચાણવાળી જમીન નરમ માટીની છે. આથી આમ કહી શકાય કે આ સ્થળનો પુરાતત્ત્વીય નકશો આવો જ હતો, પૂર્વ દિશાનો ભાગ સપાટ અને ઉત્તર તથા પશ્ચિમે ચંદ્રાકાળે ઊંચાણવાળો - બિનસપાટ. આ જ તે દોએરો છે જયાં મઝલૂમે કરબલા હઝરત ઈમામ હુસૈન (અલ.)ને ઘેરીને શહીદ કરવામાં આવ્યા હતા.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

**ફૂરાત :**

આપણે જેને દરીયાએ ફૂરાત કહીએ છીએ (દરીયા એટલે સામાન્ય અર્થમાં નદી ગણાય છે) તેનો

સીધો સંબંધ કરબલાની જમીન સાથે ન હતો. બલ્કે તે હીલ્લા અને મસીબ વગેરે સ્થળોએથી વહીને (પસાર થઈને) કૂફા શહેરના બહારના ભાગને લીલોછમ રાખતી હતી. પરંતુ તેનું એક વહેણ (શાખ) રીઝવાનીયા નામના ઈલાકા પાસેથી અલગ થઈ કરબલાના ઉત્તર અને પૂર્વ રેગીસ્તાનોમાં થઈને આ સ્થળેથી પસાર થતી હતી, જયાં અત્યારે અલમદારે હુસૈની હઝરત અબુલફઝલ અબ્બાસ(અલ.)નો રોઝો મુબારક અને કાયમી આરામગાહ છે. આ નાની સરખી નહેર "નહરે અલકમા"ના નામથી પ્રખ્યાત હતી, તેને તેના મૂળ ઉદ્દ્ગમસ્થાન અસલ નામના કારણે ફૂરાત પણ કહેવામાં આવતી હતી.
તેથી જો કોઈ "નહરે અલકમા" કહે તો પણ ઈતિહાસ સાચો છે. કોઈ "નહરે ફૂરાત" કહે તો પણ સાચું છે.

**તફ્ફ :**

તફ્ફનો અર્થ નહેરનો કિનારો થાય છે. ખાસ કરીને દરિયાએ ફૂરાતના આ કિનારાને તફ્ફ કહેવાતો હતો, જે દક્ષિણ બાજુ બસરાથી હીયત સુધી હતો. આ જ સંબંધને કારણે અલકમાનો આ કિનારો પણ તફ્ફ કહેવાયો. જેમાં કરબલા બરાબર વચ્ચે છે. તે જ કારણથી કેટલાક ઈતિહાસકારોએ વાકિયએ કરબલાને "વાકિયએ તફ્ફ" પણ કહ્યો છે.

બીજી રીતે કરબલાને “શત્તે ફૂરાત"ના નામથી પણ યાદ કરવામાં આવે છે.

**ઈમામ હુસૈન (અલ.)ની શહાદતથી પહેલાં :**

એહલે સુન્નતની પ્રખ્યાત કીતાબ તિબરાનીએ હઝરત આયશાથી નકલ કર્યું છે કે :

“રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : જિબ્રઈલે મને ખબર આપી છે કે મારો ફરઝંદ હુસૈન (અલ.) મારા પછી જમીને તફ્ફ (કરબલા) ઉપર કતલ કરવામાં આવશે, અને મારી પાસે ખાકે તુરબત લાવ્યા. જયાં હુસૈનની કબર બનશે."

એહલે સુન્નતની પ્રખ્યાત કિતાબ જેની ગણતરી સિહાહ સિત્તામાં (સૌથી વધુ સાચી) થાય છે ઉમ્મે ફઝ્લ બિન્તે હારિસથી રીવાયત નકલ કરી છે કે,

“રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : મારી પાસે જિબ્રઈલ આવ્યા અને ખબર આપ્યા કે મારી ઉમ્મત મારા પછી મારા હુસૈનને કતલ કરશે, અને તેમણે લોહી નીતરતી થોડીક લાલ માટી મને આપી."

અહમદ બિન હમ્બલ જેઓ એહલે સુન્નત વલ જમાતના ચાર ફિરકામાંથી એક હમ્બલી ફિરકાના પ્રચારક છે.

રીવાયત કરે છે કે :

નબીએ કરીમ (સલ.) એ ફરમાવ્યું “મારા ઘર ઉપર એક એવો ફરીશ્તો આવ્યો જે પહેલાં કદી આવ્યો

ન હતો. તેણે મને કહ્યું કે આપના નવાસા હુસૈન કરબલામાં ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસની હાલતમાં કતલ કરવામાં આવશે. પછી તે ફરીશતાએ લાલ માટી મને આપી."

એહલે સુન્નતની પ્રખ્યાત કિતાબ બયહકીએ અનસ સહાબીથી રીવાયત કરી છે. ઉપરાંત પ્રખ્યાત સુન્ની આલીમ અબુનઈમે પણ આ જ રીવાયતને પોતાની કિતાબમાં નકલ કરી છે.

"પાણીનો ફરીશ્તો પેગંબર (સલ.)ની સેવામાં હાજર થયો. એટલામાં ત્યાં ઈમામ હુસૈન (અલ.) પણ આવી ગયા, અને રસુલુલ્લાહ (સલ.)ના ખભાઓ ઉપર સવાર થઈ ગયા. ફરીશ્તાએ કહ્યું. યા રસુલુલ્લાહ ! આપ હુસૈન (અલ.)ને ખૂબ ચાહો છો. પરંતુ અફસોસ આપની ઉમ્મત તેમને કતલ કરી નાખશે, જો આપ ઈચ્છો તો તે જગ્યા બતાવી દઉં. પછી તે ફરીશ્તાએ જમીન ઉપર એક ઠપ્પો માર્યો અને કરબલાનું દ્દશ્ય રસુલુલ્લાહ (સલ.)ની સામે આવી ગયું. આપ (સલ.) એ તે જગ્યાએથી એક મુટ્ઠીભર માટી ઊઠાવી, ઉમ્મે સલમાની ગોદમાં નાખી અને ફરમાવ્યું "આને હિફઝતથી રાખજો."

એહલે સુન્નતના આલીમ આલ્લામા બગવીએ પોતાની કિતાબ "સહાબા"માં આ જ રીવાયતને અનસ બિન હારીસથી નકલ કરી છે :

“મેં રસુલુલ્લાહ (સલ.)ને આ ફરમાવતા સાંભળ્યા કે મારો ફરઝંદ હુસૈન તે જમીન ઉપર જેને કરબલા કહેવાય છે, કતલ કરવામાં આવશે અને તમારામાંથી જે કોઈ ત્યાં હાજર હોય તેમની ફરજ છે કે તેની મદદ કરે, અનસ કરબલામાં પહોંચ્યા અને હુસૈનની મદદ કરતા કરતા કતલ થયા."

યદ્યા હઝરમીએ અબી નઈમથી જુદો મત પ્રદઠ્ઠશત કર્યો છે, કહે છે કે સિફ્ફીનની લડાઈમાં જેમાં સામે પક્ષે મઆવીયા હતો. અનસ હઝરત અલી (અલ.)ની સાથે હતા. જયારે આપ નૈનવા ગામની પાસે પહોંચ્યા, તો હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું “મારો ફરઝંદ હુસૈન શત્તે ફૂરાત પર કતલ થશે અને અહીં જ તેની કબર હશે. તેના ઉપર જમીન અને આસમાન પણ રડશે."

ઉપરોક્ત આસમાની ખબરો અને ઈરશાદાતે નબવી પ્રખ્યાત અને વિશ્વાસપાત્ર ઈતિહાસકારોની કિતાબોમાં લગાતાર ક્રમબદ્ધ નોંધાયેલ છે. જેના ઈન્કારની કોઈ ગુંજાઈશ જ નથી.

અલ્લાહે મને મોકો આપ્યો તો આ આસમાની ખબરોની તફસીલ કોઈક કિતાબમાં કરીશ.

# પ્રકરણ : ૭

# દીનને ખાતર તકલીફો બરદાસ્ત કરવી.

## રસુલે ખુદા (સલ.)નું તકલીફો સહન કરવું

હઝરત રસૂલે ખુદા (સલ.) ઘરની બહાર તશરીફ લઈ જતા તો કુરૈશના કમીનાઓ આપ (સલ.)ને જાતજાતની તકલીફો આપતા. આપને પથ્થરો મારતા, આપ ઉપર માટી નાખતા, ઊંટની લીંદ મળમૂત્ર વગેરે નાખતા. આપ (સલ.)નો ચેહરો મુબારક ઝખ્મી થઈ જતો, કપડાં ખરાબ થઈ જતાં, આપ ઘરે આવતા, કપડાં બદલી ફરીથી તબ્લીગે દીન માટે બહાર નીકળતા.

હઝરત હારિસ બિન હારિસ કહે છે કે હું અને મારા પિતાજી ઊંટ ઉપર સવાર થઈને કાબાની પાસેથી પસાર થઈ રહ્યા હતા. લોકો કોઈ નવયુવાનને ઘેરીને જીભાજોડી કરતા હતા. મેં મારા પિતાજીને પુછયું -“બાબા ! આ કોણ લોકો છે?" મારા પિતાજીએ ઉત્તર આપ્યો “આ લોકો પોતાના એક બેદીનને ઘેરી તેની વાતને રદ કરે છે." હું સવારી પરથી નીચે ઊતર્યો. જોયું તો આપ (સલ.) લોકોને અલ્લાહ તરફ બોલાવી રહ્યા હતા.“લાઈલાહા ઈલ્લલ્લાહ" નો કલિમો પઢવાનું કહી રહ્યા હતા. લોકો આપ (સલ.)ની વાતને રદ કરી રહ્યા હતા. આપ (સલ.)ને હેરાન કરી રહ્યા

હતા. અહીં સુધી અડધો દિવસ પસાર થઈ ગયો અને આપ (સલ.) એક ઘરની પાસે પહોંચ્યા તો ઘરમાંથી એક નવયુવાન છોકરી પોતાની ચાદર ઠીક કરતી વાસણમાં પાણી લઈને બહાર આવી. આપ (સલ.)એ પાણી પીધું. હાથ મોં ધોયું. (વુઝૂ કર્યું) તે છોકરી પોતાના પિતાજીની આ હાલત જોઈને રડતી હતી. આપ (સલ.) એ ફરમાવ્યું : મારી પ્યારી બેટી, તારા બાપના અચાનક હલાક થવાની કે મુસીબતોની ચિંતા ન કર, અલ્લાહ તારા બાપનો મદદગાર છે. મેં પુછયું “આ ખાતુન કોણ છે ?" કહ્યું કે તે ફાતેમા બિન્તે મોહંમદ છે.

એક વખત આપ (સલ.) હતીમમાં નમાઝ પઢી રહ્યા હતા. એટલામાં ઊકબા બિન અબી મુઈત આપ (સલ.) તરફ લપકયો. તેણે એક કપડું આપ (સલ.)ની ગરદન મુબારકમાં નાખ્યું. ઘણીજ સખ્તી સાથે ગળું ભીસ્યું.

એટલામાં કુરેશનો એક નવયુવાન ત્યાં આવ્યો. તેને જોઈને લોકો ભાગ્યા. તે નવયુવાને રસૂલની ગરદનમાંથી કપડું કાઢયું. તે અલી (અલ.) હતા.

એક વખત આપ (સલ.) મકામે ઈબ્રાહીમ પર નમાઝ પઢી રહ્યા હતા કે ઉકબા, ઉતબા, રબીયા, અબુ જહલ સાથે કેટલાક બદમાસો એકત્ર થયા. આપ (સલ.)ને પરેશાન કરવાનું સોચી રહ્યા હતા.

તેટલામાં આપ (સલ.) નમાઝથી ફરિગ થઈને ઊભા થઈ ગયા.
પછી કુરૈશના કમબખ્તોને ઉદ્દેશીને ફરમાવ્યું "સાંભળી લો. અય જમાતે કુરૈશ, કસમ તે જાતની કે મારી જાન તે ખુદાના કબજામાં છે. હું તમારી તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું. જો તમારી પરિસ્થિતિ આવી જ રહી તો હું તમને બધાને ઝબહ કરી નાખીશ. આપ (સલ.) એ પોતાના હાથો વડે હલક તરફ ઈશારો કર્યો. અબુ જહલ બોલ્યો. અમે નાદાન નથી. આપ (સલ.)એ અબુજહલને ફરમાવ્યું "તું પણ તે ઝબહ થવાવાળાઓમાંથી છે."
એક વખત રસૂલુલ્લાહ (સલ.) કાબામાં નમાઝ પઢી રહ્યા હતા. અબુજહલ, રબીયાના બંને પુત્રો ઉતબા અને શીબા ઊકબા બિન અબી મુઈત, ઉમય્યા બિન ખલફ તે સિવાય બીજા મળી કુલ સાત માણસો હતીમમાં બેઠેલા હતા. જયારે આપ (સલ.) સજદામાં ગયા. આપ (સલ.) ઘણા તવીલ (લાંબા) સજદા કરતા હતા.
તે વખતે અબુ જહલ બોલ્યો " તમારામાંથી કોઈ જાય અને ફલાણી વ્યકિતના ઊંટની હોજરી લીદ સાથે લઈ આવી મોહંમદના ખભા ઉપર નાખી દે, આ બધામાં સૌથી વધારે બદબખ્ત ઉકબા બિન અબી મુઈત ઊઠયો. ઊંટની હોજરી લાવી આપ

(સલ.)ના ખભા ઉપર નાખી દીધી. પેગંબર (સલ.) સજદામાં હતા."

હઝરત ફાતેમા બિન્તે મોહંમદ (સલ.)ને કોઈએ આ વાતની ખબર આપી. તો શેહઝાદી દોડતાં અને રડતાં રડતાં આવ્યાં. ઊંટની હોજરી પ્યારા બાપના ખભાઓ ઉપરથી હઠાવી પછી કુરૈશને ઉદ્દેશીને તેમને સખ્ત શબ્દોમાં બુરુંભલું કહ્યું. કુરૈશે તેમને કંઈપણ ન કહ્યું.

આપ (સલ.)એ સજદો પૂરો કરી સરમુબારક ઊઠાવ્યું. પછી ત્રણ વખત આ કલિમાત કહ્યા."અય અલ્લાહ ! તું કુરૈશને તારી પકડમાં લઈ લે, અય અલ્લાહ!" તું ઉકબા ઉતબા, અબુજહલ અને શીબાને તારી પકડમાં લઈ લે, એક રીવાયતમાં છે કે આપ (સલ.) ઉપર ઊંટની હોજરી નાખીને આ લોકો એટલા હસ્યા કે હસતા હસતા એક બીજા ઉપર પડી જતા હતા. એક રાવી કહે છે કે આ સાતે કાફિરો જંગે બદરમાં હઝરત અલી (અલ.)ની તલવાર વડે માર્યા ગયા. ખાસ નબી (સલ.)ના કાકા અબુત્તાલિબ (અલ.)ના ઈન્તિકાલ પછી આપ (સલ.)ને ખૂબજ સતાવવામાં આવ્યા. મક્કી જિંદગીનો સમય આપ (સલ.) માટે તથા આપના સહાબા માટે ખૂબજ કસોટીરૂપ હતો.

## હઝરત બિલાલ બિન રબાહુ (રઝિ.) નું મુસીબતો બરદાસ્ત કરવું.

ગરીબ અને કમજોર કુટુંબ કબીલા વગરના તથા ગુલામ સહાબા જેઓ મક્કામાં ઈમાન લાવ્યા. તેમણે કાફિરોના બેશુમાર જુલમો સહન કર્યા છે. થોડાક નમૂનારૂપ અત્રે રજુ કરીએ છીએ. જયારે હઝરત બિલાલ ઈમાન લાવ્યા, આપ બની હમઝાની એક ઔરતના ગુલામ હતા. આપના પગ અને હાથોમાં સાંકળો પહેરાવી, મક્કાના આવારા છોકરાઓને હવાલે કર્યા. તેઓ આપને મક્કાના પહાડો ઉપર ઘસેડતા, આપનું તમામ શરીર લોહી લુહાણ થઈ જતું, માથામાંથી લોહી વહેતું, પરંતુ આપના મુખમાંથી એકજ શબ્દ જારી રહેતો "અહદ, અહદ" અલ્લાહ એક છે. અલ્લાહ એક છે.

બીજા દિવસે ફરી પાછા આ પ્રમાણે ઘસેડવામાં આવતા, આમ વારંવાર તકલીફ આપવામાં આવતી. કેટલીક વખત મક્કાની તપેલી રેતી ઉપર સુવડાવતા, છાતી ઉપર ભારે પથ્થરો મૂકતા, કહેતા કે મૂઠ્ઠત પૂજા તરફ પાછા આવો. પરંતુ આપ જરાય ડગમગ્યા નહીં. અહીં સુધી કે આપ (સલ.) એ તેમને ગુલામીમાંથી છોડાવ્યા.

## હઝરત અમ્માર બિન યાસીર તથા તેમના વાલીદ-વાલીદહનું તકલીફો બરદાસ્ત કરવું

હઝરત અમ્માર બિન યાસીર અને આપના ઘરવાળાંઓને તકલીફ પહોંચાડવામાં આવતી ત્યારે આપ (સલ.)એ ફરમાવ્યું "અમ્માર અને યાસીરની અવલાદ ખુશખબરી સાંભળો, તમારું રહેઠાણ જન્નત છે."

એક વખત રસૂલુલ્લાહ (સલ.) થોડાક સહાબા સાથે એક પથરીલી જમીન ઉપરથી પસાર થઈ રહ્યા હતા. આપ (સલ.) એ જોયું કે હઝરત અમ્માર (રઝિ.)ને આપને વાલીદ યાસીર (રઝિ)ને અને તેમના અમ્મા સાહિબા હઝરત સુમય્યા રઝિયલ્લાહ તઆલા અન્હા ને કેટલાક કાફિરો તપેલી રેતી ઉપર સખત ગરમીમાં ઊભા રાખી તકલીફ આપતા હતા. જેથી આ લોકો ઈસ્લામથી ફરી જાય.

આપ (સલ.)ને જોઈ હઝરત અમ્માર (રઝિ.)એ અરજ કરી યા રસૂલ્લાહ ! અમે આ આફતમાાંથી ક્યારે છુટકારો પામીશું ?

આપ (સલ.)એ ફરમાવ્યું "અય આલે યાસીર, સબર કરો," ત્યારબાદ આપ (સલ.) એ દુઆ આપી "અય અલ્લાહ !" ખાનદાને યાસીર ઉપર રહેમ કર, તેમની મગફિરત ફરમાવ અને તેમની મગફિરત પણ થઈ ગઈ."

બીજા એક મોકા ઉપર પેંગબરે ઈસ્લામે જોયું કે આ લોકોને આ જ પ્રકારની તકલીફ આપવામાં આવતી હતી. આપ (સલ.) એ ફરીથી સબર કરવાની સૂચના આપી. ફરમાવ્યું "નજીકમાં જ અલ્લાહ તમારી તકલીફોને દૂર કરશે."

હઝરત અબ્બાસની રીવાયતમાં છે કે અબુ જહલ જાલીમે હઝરત સુમય્યા ખાતુનની શર્મગાહમાં ભાલો માર્યો. જેથી આપ શહીદ થયાં. ઈસ્લામમાં સૌથી પ્રથમ શહીદ આ ઔરત છે. જનાબ યાસીર પણ આ લોકોના જુલમ અને મારથી શહીદ થયા. જે ઈસ્લામના બીજા શહીદ છે.

હઝરત અમ્મારના પૌત્ર કહે છે કે મારા દાદા અમ્મારને કુફ્ફરે સજા આપવામાં જરાય કમી કરી ન હતી. અહીં સુધી કે તેમના મોઢેથી રસુલુલ્લાહ (સલ.) માટે અપશબ્દો ન બોલાવ્યા અને પોતાના બુતોની સમક્ષ ન ઝૂકાવ્યા. જનાબ યાસીર (રઝિ.) એ કાફિરોની વાત ફક્ત જીભથી તકલીફો અને યાતના સહન ન થવાથી કબૂલી લીધી. પછી આપ પેગંબર (સલ.)ની મજલીસમાં આવ્યા. આપ (સલ.) એ ખબરઅંતર પૂછયા. જનાબ યાસીર (રઝિ.)એ ઉત્તર આપ્યો "યા રસુલુલ્લાહ ! મારું દીલ તો ઈમાનથી ભરપુર છે. પરંતુ શું કરું ? આ જાલીમોના જુલમથી ત્રાસી જઈને મારે આમ કરવું પડયું. યા રસુલુલ્લાહ ! મારા શરીરનું લોહી માંસ

આ લોકોએ ચૂસી લીધું છે. યા રસુલુલ્લાહ ! મારા શરીરના દરેક અવયવ ઉપર ઝખમના નિશાનો છે."

આપ (સલ.) એ ફરમાવ્યું "અય યાસીર, ગભરાઓ નહિં. તમારા ઈમાનની હું ગવાહી આપું છું. હવે પછી પણ આ લોકો તમારી ઉપર આવા જુલમ કરે, તો તમે ફરીથી પણ આ પ્રમાણે કહી શકો છો" વહાલા વાચકો ! યાદ રાખો આ પણ તકય્યાનો એક પ્રકાર છે.

આ જાલીમોએ એક વખત જનાબ યાસીર (રઝિ.)ને ઊંડા પાણીમાં ડુબકીઓ ખવડાવી, હાથ અને પગ બાંધીને આવો જુલમ કર્યો.

એક વખત આગમાં ઊભા રાખ્યા, આપ (સલ.)ને ખબર પહોંચી કે ફલાણી જગ્યાએ કાફિરો જનાબ અમ્મારને આ પ્રમાણે સજા આપી રહ્યા છે. તો આપે તે જ જગ્યાએ દુઆ માગી, બારેઈલાહા ! તું આગને યાસીર માટે સલામતિવાળી ઠંડી કરી દે, જેવી રીતે કે તે હઝરત ઈબ્રાહીમ (અલ.) માટે આગને ઠંડી કરી હતી.

પેગંબર (સલ.)ની આ દુઆ કબૂલ થઈ ગઈ. હયાતુસ્સહાબા ભાગ-૨ પેજ નં. ૩૦૮ લાઈન ચોથી ઉપર એક લીટીનો વધારો છે. જે કીતાબ તબ્લીગી બિરાદરોની છે.

“અય અમ્માર, તમને એક બાગી ફિરકો કતલ કરશે, એટલે કે મુતમઈન રહો તમને શહાદત મળશે."

હયાતુસ્સહાબા - ઉર્દુ અનુવાદ મો. આશીક અલી મીરઠી - મૂળ - લેખક - મૌ. યુસુફ કાંધલવી તબ્લીગી જમાતના બીજા હઝરતજી.

નવાઈની વાત છે કે તબ્લીગી જમાતો જાતજાતના ઉદ્‌બોધનો કરતી રહે છે. પરંતુ ભૂલેચુકે કદી આવી બાગી ફિરકાઓની જાણકારી પોતાના અનુયાયીઓને આપતી નથી. જો કોઈ વ્યક્તિ અજાણપણામાં પૂછી નાખે, તો તબ્લીગી આલીમ આખી વાતનો લોચો વાળી વાતને બીજે પાટે ચઢાવી દે છે.

શું રસૂલની આ ભવિષ્યવાણી સાચી પડી કે નહિ ? સાચી પડી તો તે બાગી ફિરકો કોણ ? તેનો સરદાર કોણ ? આવી ગુનાહિત ખામોશીની શું આ ઓછી સજા છે કે આજે ચૌદશો વર્ષોથી મુસલમાનોના પગો નીચેથી હુકુમતની જમીન ખસી ગઈ છે. એમના મુગટો, મહેલો, ઝરૂખાઓ છીનવાઈ ગયા છે. કોઈ રાજકીય પ્લેટફોર્મ આજે મુસલમાનો પાસે રહ્યું નથી. જેથી તાલીબાન જેવા અબુધ, અણગઢ, જાહીલ ટોળાંઓ તરફ બીચારી આ કોમ આકર્ષિત થઈ જાય છે. તા. ૨૧-૯-૨૦૦૧ના શુક્રવારના દિવસે જયારે કે હું આ લખી રહ્યો છું

ત્યારે અમેરિકા અફઘાનિસ્તાન ઉપર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે.

રસુલુલ્લાહ (સલ.)ની આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી, પેગંબરે ઈસ્લામે આમ પણ ફરમાવ્યું હતું કે "અય અમ્માર !" તમને એક બાગી ફિરકો શહીદ કરશે અને તમારો છેલ્લો ખોરાક દૂધ હશે.

હઝરત અમ્માર જંગે સિફફીનમાં શહીદ થયા. આ જંગ ઈમામ અલી (અલ.) અને મલઉન મઆવીયા (જે બાગી હતો. બળજબરીથી ખલીફ બની બેઠો હતો.) વચ્ચે થઈ. હઝરત અમ્માર ઈમામ અલી (અલ.)ના લશ્કરમાં હતા. લડતાં લડતાં આપને પ્યાસ લાગતાં, તંબુમાં આવ્યા. સાથીઓ કંઈક કામ કરતા હતા. પાણી માગ્યું. એક સાથીએ આમ તેમ તલાશ કરતાં પાણી ન મળ્યું. તેણે દૂધ ભરેલો ગ્લાસ આપતાં કહ્યું "પાણી તો નથી, લો આ દૂધ પી લો" આપે દૂધ પી રહ્યા બાદ ફરમાવ્યું, મને પેગંબર સાહેબની એક હદીસ યાદ આવે છે કહી આપે ઉપરોક્ત હદીસ વર્ણવી. પછી તલવાર સાથે બાગી લશ્કરમાં ઘુસી ગયા અને શહાદત પામ્યા.

એક બુઝૂર્ગ સહાબીએ મઆવીયાને આ હદીસ અને શહાદત વર્ણવી કહ્યું કે તું ગૂમરાહ ઈમામ છે. તો આ મક્કારે ઉત્તર આપ્યો."ના, ના અમે બાગી નથી, બલ્કે અમ્મારને અમારી સામે લાવનાર

(હઝરત અલી. અલ.) બાગી છે." તે એમને અમારી સામે લાવ્યો શા માટે ? પેલા બુઝૂર્ગ સહાબીએ કહ્યું. "ઓ મઆવીયા !" તો શું શોહદાએ ઓહદને કતલ કરનાર પેગંબર (સલ.) છે ? તું આ શું બોલે છે ?

**હઝરત ખબ્બાબ બિન અરત (રઝિ.) નું તકલીફો બરદાસ્ત કરવું**

હઝરત ખબ્બાબ ફરમાવે છે કે એક વખત મુશ્રીકોઓ આગ સળગાવી મને તેના ઉપર બળજબરીથી સુવડાવી મારી છાતી ઉપર એક મજબૂત વ્યક્તિ ઊભો થઈ ગયો. મારી પીઠની ચરબી અને લોહી વડે તે આગ ઠંડી પડી ગઈ. વર્ષો પછી પણ આપની પીઠ ઉપર તે નિશાનો હતાં. આપે લોકોને તે નિશાનો બતાવ્યાં જે પીઠ ઉપર હતાં. હઝરત ખબ્બાબની પીઠ જોતાં માણસ ધ્રુજી ઊઠતો.

હઝરત ખબ્બાબ કહે છે કે મને તો કોઈ બચાવનાર પણ ન હતું. એક વખત કાફિરોએ ઈસ્લામ લાવવાના ગુના માટે રસ્સી વડે બાંધી છોકરાઓને હવાલે કર્યા. તેઓ મને પથ્થરો મારતા, પહાડીઓમાં બકરીની જેમ દોડાવતા. હું અનેક જગ્યાએથી જખ્મી થઈ બેહોશ થઈ ગયો. ત્યારે મારો છુટકારો થયો. છોકરાઓ મને મરેલો સમજીને છોડી ગયા.

બુખારી શરીફની એક રીવાયત અનુસાર હઝરત ખબ્બાબ (રઝિ.) ફરમાવે છે કે હું એક વખત પેગંબરે ઈસ્લામ (સલ.)ની ખિદમતમાં હાજર થયો. આપ (સલ.) એક મોટી ચાદરની ગડી વાળી, તેની ટેક લગાવી કાબાના છાંયડામાં તશરીફ ફરમાવેલ હતા. આ તે જમાનો હતો કે અમારા ઉપર દિવસરાત મુશ્રેકીન તરફથી જુલમ કરવામાં આવતો હતો. દરરોજની અનેક ઘટનાઓ બનતી હતી. કાફિરો અમને પ્રકાર પ્રકારની તકલીફો આપતા હતા. જેથી મેં આપ (સલ.)ને અરજ કરી.

“યા રસુલુલ્લાહ !" આપ દુઆ કેમ નથી ફરમાવતાં ?

આ સાંભળીને આપ (સલ.) ટટાર બેસી ગયા. આપનો ચેહરો મુબારક લાલચોળ થઈ ગયો, પછી આપ (સલ.) એ ફરમાવ્યું “તમારાથી અગાઉના જમાનામાં એવા લોકો થઈ ગયા છે કે લોખંડની કાંસકીઓ વડે તેમના શરીરનું માંસ છીણી નાખવામાં આવ્યું. હડ્ડીઓ અને પીઠ દેખાવા લાગી. આ હાલતમાં પણ તેમણે પોતાનો દીન નથી છોડયો. જરૂર અલ્લાહ પોતાના દીનને સંપૂર્ણ કરીને રહેશે. અલ્લાહનો દીન દુનિયામાં ફેલાઈને રહેશે. પરંતુ તમે લોકો દરેક કામમાં જલ્દી કરો છો."

## હઝરત અબુઝર ગિફ્રી (રઝિ.)નું મશક્કતો બરદાસ્ત કરવું :

ઈબ્ને અબ્બાસનું વર્ણન છે કે જયારે હઝરત અબુઝર ગિફ્રીને આપ (સલ.)ની બઅસતની (નુબુવ્વતનું એલાન ) ખબર પહોંચી તો પોતાના ભાઈને કહ્યું કે “તું મક્કા જા, ત્યાં જઈને માહિતી મેળવી લાવ કે આ કોણ વ્યક્તિ છે જે નુબુવ્વતનો દાવો કરે છે. એ શું કહે છે. એની સાથે કોણ કોણ છે ? મક્કાવાસીઓનો એની સાથે કેવો વર્તાવ છે?"

હઝરત અબુઝર ગીફ્રી (રઝિ.)ના ભાઈ મક્કા આવ્યા, બધી જાણકારી મેળવી પોતાના ગામ જઈ ભાઈને કહ્યું :

“મેં એક એવી વ્યક્તિને જોઈ, જેની પાસે બેસવાનું મન થાય, તેની વાતો સાંભળવાની ગમે, તે સારા અખ્લાકની તાલીમ આપે છે. પોતાને ખુદાનો પેગંબર કહે છે. મૂર્તિ પૂજાથી મના ફરમાવે છે. એક ખુદાએ વાહિદની ઈબાદત તરફ લોકોને બોલાવે છે."

હઝરત અબુઝર (રઝિ.) ને થયું કે મારે પોતે મક્કા જવું જોઈએ. સફરનો સામાન તૈયાર કરી મક્કા આવ્યા. મસ્જિદે હરામમાં (કાબામાં) એક ખૂણે બેસી ગયા.

હઝરત અબુઝર પોતે ફરમાવે છે કે હું રસુલુલ્લાહ (સલ.)ને ઓળખતો ન હતો, જેથી કાબાનો તવાફ કરતી દરેક વ્યક્તિને ધ્યાનથી જોયા કરતો, વાતાવરણ એટલું બધું ખરાબ હતું કે કોઈને પેગંબરે ઈસ્લામ વિશે પુછવું મુનાસિબ ન હતું. પેગંબર ઉપર ઈમાન લાવનાર ગરીબ-ગુરબાં મુસલમાનો ઉપર જુલમ કરવાના સમાચારો પૂરા અરબસ્તાનમાં પહોંચતા હતા. આખો દિવસ હું મસ્જિદે હરામમાં બેસી રહ્યો.

સાંજ ઢળવા આવી - સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) એ જોયું કે આ કોઈ પરદેશી સવારથી બેઠો છે. જરૂર એ કોઈ કામે આવેલો છે. આપ હઝરત અબુઝર પાસે ગયા. પુછયું તો જણાવ્યું કે મારું નામ અબુઝર છે. ગીફર કબીલાથી સંબંધ ધરાવું છું.

પરદેશીઓની, દીનદુખિયારાઓની સેવા કરવી તો આ ઘરાનાનું કામ હતું. હઝરત આદમ (સલ.)થી આ ખાનદાનના વડાઓમાં આ ગુણ ચાલ્યો આવતો હતો. ફરમાવ્યું “મારી પાછળ ચાલો !" એમ પણ ન પુછયું કે શા માટે આવ્યા છો ?

હઝરત અલીએ મહેમાનને ઘરે આવવાનું આમંત્રણ આપતાં કહ્યું “જુઓ હાલત બહુ ખરાબ

છે. જેથી આપ ખૂબજ સાવચેતી રાખશો, જયારે કોઈ મુસીબત જેવું લાગશે ત્યારે હું મારા જોડા સાફ કરવા ઊભો રહી જઈશ, પરંતુ તમે ચાલતા રહેજો, જેથી તમો મારી સાથે છો. એવું કોઈને ન લાગે. હું તો અહીંનો વતની છું. કુટુંબ કબીલો ધરાવું છું. જેથી મારી ઉપર તો હાથ ઉઠાવતા ડર લાગશે. પરંતુ આપ ઉપર તો તરત જ જુલમ કરશે."

ઘેર લઈ ગયા, જમાડયા પછી પાછા મહેમાનને મસ્જિદે હરામમાં મૂકી ગયા.

ન તો હઝરત અલી (અલ.)એ પુછયું કે તમે કેમ આવ્યા છો ? ન તો અબુઝરે કહ્યું કે હું આ કામે મક્કા આવ્યો છું.

બીજા દિવસે સાંજે પણ હઝરત અલી (અલ.)એ મેહમાનને કાબતુલ્લાહમાં એક ખૂણે બેઠેલા જોયા. ફરીથી પાસે ગયા અને ઘરે લઈ ગયા.

જયારે કોઈ બદમાશોનું ટોળું મળતું તો તરત જ હઝરત અલી (અલ.) પોતાની જુતીઓ ખંખેરવા લાગી જતા. પાછળ ચાલતા મેહમાન પોતાની ગતિથી ચાલતા રહેતા. આમ બનતું રહેતું.

ત્રીજા દિવસે સાંજે પણ હઝરત અલી (અલ.) આ જ રીતે મહેમાનને પોતાની સાથે ઘેર લઈ ગયા અને જમ્યા પછી પુછયું “આપ કોઈક કામથી અહીં

પધારેલા છો ? હું આપને એ કામમાં મદદ કરી શકું.

હઝરત અબુઝરે કહ્યું કે “આપ મને વચન આપો કે મારી સાચી રહેનુમાઈ ફરમાવશો. આપ ખરેખર ખૂબજ નેક ઈન્સાન છો. પછી પોતાનો મકસદ બયાન કર્યો."

આફતાબે વિલાયતે ફરમાવ્યું “ખરેખર, તેઓ અલ્લાહના સાચા રસૂલ છે. આવતીકાલે હું આપને તેમની પાસે લઈ જઈશ. પરંતુ જો મને રસ્તામાં કોઈ ખતરો દેખાશે તો હું આમતેમ કોઈ ક્રિયામાં લાગી જઈશ અથવા મારી જુતીઓ સાફ કરીશ. આપ રોકાશો નહિ. ચાલતા જ રહેશો, જેથી આ લોકોને એમ માલુમ ન પડે કે તમે મારી સાથે છો."

આ રીતે અબુઝર પેગંબરે ઈસ્લામની સેવામાં પહોંચી ગયા. મજલિસમાં બેઠા, આપ (સલ.)ના હાથ ઉપર બયઅત લઈ ઈમાન લાવ્યા. આપ (સલ.)એ ફરમાવ્યું “તમારા ઈમાનને છુપાવી રાખો (તકય્યો કરો) તો બેહતર છે જયારે અમે ગાલિબ (પ્રભુત્ત્વશાળી) થઈ જઈએ ત્યારે ઈમાન જાહેર કરશો. તમારા કબીલામાં જઈને તબ્લીગ કરી શકો તો કરો."

હઝરત અબુઝર (રઝિ.) પેગંબર (સલ.)ના ઘરેથી બહાર નીકળી થોડાક ચાલ્યા. તો રસ્તામાં કેટલાક

બદમાશોનો ભેટો થઈ ગયો. તેમાં અબુ જહલ પણ હતો. આ લોકો પામી ગયા કે આ વ્યક્તિ છેલ્લા ત્રણ દિવસ થયા મક્કામાં રોકાયેલો છે, અને મુસલમાન થઈ ગયો છે. જેથી આપ ઉપર તૂટી પડયા. આપને લોહીલુહાણ કરી નાખ્યા. ક્યાંકથી હઝરત  અબ્બાસ દોડતા દોડતા આવ્યા. તેમણે જોયું કે કાફિરો એક નવ મુસ્લિમને ઈમાન લાવવાના ગુના માટે મારી રહ્યા છે. તો પ્રથમ રોકવાની કોશીષ કરી, આ લોકો ન રોકાતાં હઝરત અબ્બાસ અબુઝરની ઉપર પડી ગયા ત્યારે આ લોકો રોકાયા.

હઝરત અબ્બાસે કહ્યું "અય લોકો તમે આ માણસને ન મારો, તમે જાણો છો એ ગિફર કબીલાનો છે અને ગીફર કબીલો મુલકે શામ જતાં રસ્તામાં પડે છે. જો એમનો માણસ મરી જશે તો એ કબીલાના લોકો તમારા વેપારી કાફલાઓને છોડશે નહિ. ત્યારે કાફિરોએ અબુઝરને જવા દીધા."

આ પ્રમાણે આપને બે વખત લોહીલુહાણ કર્યા હતા. પછી આપ પોતાના ગામ ચાલી ગયા. ત્યાં જઈ ઈસ્લામની તબ્લીગમાં લાગી ગયા. હંમેશાં હઝરત અલી (અલ.) સાથે લાગેલા રહ્યા.

# પ્રકરણ : ૮

## પેગંબરે ઈસ્લામ (સલ.) હઝરત અલી-ફાતેમા-હસન અને હુસૈન (અલ.)નું દીનને ખાતર ભૂખ-પ્યાસ બરદાસ્ત કરવું.

સહાબાએ કિરામનો એક મોટોભાગ મક્કાથી હિજરત કરીને મદીના આવ્યો હતો. આ લોકોને મુહાજિર કહેવાય છે. મદીનાના તે મુસલમાનો જેમણે પેગંબર (સલ.) અને મુહાજિરોની મદદ કરી તેમને અનસાર કહેવાય છે. મુહાજિરો મક્કામાં પોતાનું સર્વસ્વ છોડીને મદીના આવ્યા હતા. કાફિરોએ કે એમના સગાંવહાલાં, તેઓના ઘરો, ઢોરઢાંખર, જાગીર, બાગો વગેરે સર્વે ઉપર કબજો જમાવી લીધો હતો.

આ લોકો હાથેપગે મદીના આવ્યા હતા. પેગંબરે દરેક મુહાજિરને એક એક અનસારીના ભાઈ બનાવ્યા હતા. હઝરત અલી (અલ.)ને પોતાની સાથે રાખ્યા હતા. કેટલાક અનસારોએ તેમને પોતાની માલમીલકતમાં ભાગીદાર બનાવ્યા. તેમની શાદી કરાવી આપી. મુહાજિરોને ઠેકાણે પાડયા. કેટલાક મુહાજિરોએ મદીનામાં કામ ધંધો વેપાર શરૂ કર્યો. જાતે કમાવાનું શરૂ કર્યું. જાતે જ મહેનત કરીને કમાયા, ઠેકાણે પડયા.

જેમ જેમ ઈસ્લામ ફેલાતો ગયો. સમગ્ર અરબસ્તાનમાંથી લોકો ખેંચાઈ ખેંચાઈને મદીના આવવા લાગ્યા. કારણ કે પેગંબર (સલ.) મદીનામાં મુકીમ હતા. અરબના જે જે કબીલાઓ ઈમાન લાવતા, તેમના માણસો દીન શીખવા માટે મદીના આવતા. મદીનામાં રોકાતા. તેમની જરૂરતો પૂરી કરવાની જવાબદારી મદીનાવાસીઓની રહેતી, તેઓની સવારીઓને ઘાસપાણી આપવાની જવાબદારી પણ અનસાર સંભાળતા.

એક તરફ મુહાજિરોની જવાબદારી સાથે બહારથી આવતા નવમુસ્લિમોની-દાવતે એલલ્લાહ મહેમાનોની જવાબદારી અને હીજરી-૨થી (જંગે બદરથી) શરૂ થયેલી લગાતાર જંગોએ મદીનાના લોકોની કમર તોડી નાખી હતી. લોકોની માલી હાલત સતત કમજોર થતી ચાલી. હિજરીસનના પ્રથમ વર્ષથી હિજરી ૧૧ના આપ (સલ.)ની વફત સુધીમાં મોટીમોટી સત્તાવીસ જંગો સાથે નાની નાની લડાઈઓ જેને સરાયા કહેવાય છે, એવી દોઢસો લડાઈઓ થઈ. લડાઈઓની તૈયારી કરવાની-હથિયારો, સવારીની વ્યવસ્થા કરવાની, યુવાનોએ સતત આ જ કાર્યમાં લાગેલા રહેવાનું, તે સાથે નવમુસ્લિમોનું લગાતાર મદીના દીન શીખવા આવવું. આ દીનના મહેમાનોની

આગતા-સ્વાગતા જે રીતે થાય તે રીતે કરવાની. આ પરિસ્થિતિમાં મદીનાવાસીઓની આર્થિક સ્થિતિ એટલી હદે કથળતી ચાલી કે જેનું વર્ણન મુશ્કેલ છે. આપ (સલ.)ને અને હઝરત અલી-ફાતેમા (અલ.)ને કંઈ વખત ભૂખ્યા રહેવું પડતું. લડાઈનું એલાન થઈ રહ્યું છે. પેગંબર લોકોને લડાઈ માટે નીકળવાના હુકમ આપી રહ્યા છે અને નજીકમાં જ પાક લણવાની સીઝન શરૂ થવાની છે. સીઝન છોડીને સહાબા જેહાદ મા◌ાટે નીકળી જતા. ઓરતો બિચારી જે રીતે તેમનાથી બની શકે, પાક લણતી.

આ પરિસ્થિતિમાં સૌથી વધુ સહન કરવાનું પેગંબરે ઈસ્લામ (સલ.) તથા હઝરત અલી (અલ.) તથા હઝરત ફાતેમા (સલા.)ને-મતલબ ખાનદાને રીસાલતને હતું. દીને ઈસ્લામની તબ્લીગ માટે નુબુવ્વત અને ઈમામત હંમેશા ખડેપગે તૈયાર રહેતી. ફાતેમા (સલા.) તો ઈમાનનું બીજ છે. જેથી દીન શીખવા આવનાર નવ મુસ્લિમોની જેટલી ચિંતા એહલેબયત કરતા એટલી કોઈને ન હતી. ભલે જુઠી રીવાયતો બની ઉમય્યાવાદીઓએ ગમે તેટલી ઘડી કાઢી હોય, તેનાથી કંઈ ફરક પડતો નથી. કોઈપણ તેહરીકનો સૌથી વધુ વજન તે તેહરીકના બાની (સ્થાપક) અને તેના ઘરવાળાઓ ઉપર હોય છે.

મદીના ઉપર હુમલાનો ભય હતો. નબી (સલ.) અને સહાબાએ ઈચ્છયું કે બહાર નીકળીને મુકાબલો કરવો કદાચ મુશ્કેલ બની જાય. તેથી મદીનામાં રહીને જ મુકાબલો કરવામાં આવે. તેથી મદીનાની ચોતરફ ઊંડી ખાઈ ખોદવાનું શરૂ કર્યું. ખન્દક ખોદાતી વખતે પેગંબર (સલ.) જાતે પોતે પણ ખોદકામમાં અગ્રતાક્રમે હતા. એક સહાબીએ ભૂખના કારણે પોતાના પેટ ઉપર પથ્થર બાંધેલો હતો. જેથી કમર સીધી રહે, તેમણે રસૂલે ઈસ્લામને ફરીયાદ કરી, પથ્થર બતાવ્યો. પેગંબરે ઈસ્લામે આશ્વાસન આપ્યું. જન્નતનો વાયદો કર્યો. પછી પોતાનો કુરતો ઊંચો કરી બતાવ્યું કે "જો, મારા પેટ ઉપર તો બે પથ્થર બાંધેલા છે અને મારી ફાતેમાના ઘેર પણ કંઈજ ખાવા નથી. એટલું પણ નથી કે કોઈ ચાખવાવાળો ચાખી શકે, મારા ફરઝંદો હસનહુસૈન પણ ભૂખ્યા છે."

આવા સંજોગોમાં સહાબામાંથી જેની પાસે જે કંઈ હતું તે લાવતા-બધાં વહેંચીને ખાઈ લેતા.

જે લોકોએ મારીમચકોડીને ઈતિહાસ ઘડેલો છે. લખેલો નથી. તેમને અમે પ્રશ્ન કરીશું કે મા ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બધી દવલત કયાં ગઈ ? શું રસૂલેખુદા જ બધું ખાઈ ગયા ? શું અલી-ફાતેમા (અલ.)એ બધું લઈ લીધું. તેમની પાસે તો કશું જ ન હતું. તેમણે તો પોતે

મજૂરી કરીને લાવેલો ખોરાક પણ ત્રણ ત્રણ દિવસ સુધી મીસ્કીન, યતીમ અને અસીરને આપી દીધો. કુર્આને તેમની ફઝીલતમાં આયતો ઊતારી છે.

જયારે કે આપણે કોઈ વ્યકિતના માટે એમ કહેતા હોય કે તે ભરૂચનો મોટો દવલતમંદ વ્યકિત છે અથવા ભાવનગરનો માલદાર વ્યકિત છે. તેજ પ્રમાણે મા ખદીઝા (રઝિ.) પણ મક્કાના દવલતમંદ ખાતુન હતાં. તો આપની દવલત કયાં ગઈ ? આપે પોતાની બધી જ દવલત દીને ઈસ્લામના પ્રચાર-પ્રસારમાં ખર્ચી નાખી હતી.

હઝરત ફાતેમા (સલા.) ફરમાવે છે કે એક દિવસ હુઝૂર (સલ.)એ મારી પાસે આવીને પૂછયું “મારા બંને બેટા હસન અને હુસૈન કયાં છે ? હઝરત ફાતેમા (સલા.) એ ઉત્તર આપ્યો. અબ્બાજાન ! આજ સવારથી અમારા ઘરમાં કોઈ એટલી વસ્તુ પણ નથી, જેને ફકત ચાખી શકાય. જેથી હઝરત અલીએ કહ્યું કે હું આ બંને બચ્ચાઓ માટે જઈ રહ્યો છું એવું ન બને કે આ બંને ભૂખ્યા થઈને ખાવા માટે રડવા લાગે અને આપણી પાસે કશું ન હોય. જેથી તે ફલાણા યહુદી પાસે ગયા છે. સાથે હસન હુસૈન પણ ગયા છે. પેગંબર (સલ.) તે યહુદીના બગીચા તરફ ચાલ્યા.

બંને ફરઝંદોને જોયા કે બંને એક હોઝ ઉપર રમી રહ્યા છે. તેમની સમક્ષ થોડી ખજૂરો પણ છે, જે

ખાઈ રહ્યા છે. આપ (સલ.) ઘણાંજ ખુશ થયા. હઝરત અલી (અલ.) યહુદીના બગીચામાં પાણી પાઈ રહ્યા હતા.

આપ (સલ.) એ ફરમાવ્યું "અય અલી, જલ્દી ચાલો, ગરમી તેજ થઈ રહી છે. આપણી સાથે બાળકો છે. હઝરત અલી (અલ.) એ કહ્યું "સવારથી કશું જ ખાવા ન હતું. યા રસુલુલ્લાહ ! આપ થોડીવાર તશરીફ રાખો, હું ઝાડો નીચે પડેલી થોડીક ખજૂરો ફાતેમા માટે પણ વીણી લઉં." જેથી પેગંબર (સલ.) થોડીકવાર ત્યાં ઊભા રહ્યા અને હઝરત અલી (અલ.)એ થોડીક ખજૂરીઓ એકત્ર કરીને કપડાના એક નાના ટૂકડામાં બાંધી. પછી ઘર તરફ ચાલ્યા.

બંને બાળકોમાંથી એકને પેગંબર (સલ.) એ ઊંચકી લીધા અને બીજાને અલીએ. પછી બંને ઘરે પાછા આવ્યા. ત્યારે બપોરનો સૂરજ તપીસ મારી રહ્યો હતો અને હઝરત ફાતેમા (સલા.) ગત રાતથી ભૂખ્યાં હતાં તેમને ખજૂરો ખાવા મળી.

હઝરત અતા કહે છે કે મને મારા પિતાજીએ કહ્યું કે તેમને હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું "અમારા ઉપર કંઈ દિવસો એવા પસાર થઈ ગયા કે ન તો મારી પાસે કોઈ વસ્તુ ખાવા માટે હતી કે ન તો પેગંબર (સલ.)ની પાસે. સિવાય કે બે પાંચ ખજૂરો મળી રહેતી તે ખાઈને પાણી પી લેતાં. હું

રોઝીની શોધમાં બહાર નીકળ્યો કે કંઈક કામ તલાશ કરું, ચાલી રહ્યો હતો કે મારી સામે રસ્તા ઉપર કયાંકથી મેં એક દિનાર પડેલો જોયો. થોડીવાર આમતેમ જોયું કે દિનાર ક્યાંથી પડયો ? પરંતુ કોઈપણ દેખાયું નહિ. મને થયું કે આ દિનાર ઊઠાવું કે ન ઊઠાવું ? થોડીવાર વિચારમાં પડયો. ઘરના બધા જ સભ્યો ભૂખ્યા હતા. ખૂબ જ જરુરતમંદ હતો, દીનાર લઈ લીધો. સીધો દૂકાનદાર પાસે ગયો. દુકાનેથી આટો અને બીજી વસ્તુઓ ખરીદી ફાતેમા પાસે ગયો, મેં કહ્યું "આ આટો ગુંદો અને રોટી પકાવો. ભૂખને કારણે ફાતેમાના હાથમાં એટલી શક્તિ પણ ન હતી કે આટો બરાબર ગુંદી શકે. પછી રોટીઓ તૈયાર થઈ તો મેં પેગંબર (સલ.)ને આ વાતની ખબર આપી કે રોટીઓ તૈયાર થઈ છે અને આ રીતે દીનાર મળ્યો છે. તો આપ (સલ.)એ ફરમાવ્યું ?"તેને ખાઈ શકો છો, અલ્લાહપાકે આપને આ રિઝક આપેલું છે."

હઝરત અલી (અલ.)એ પોતાની ખિલાફતના સમયમાં જયારે કે આપ જાહેરી ખલીફ પણ હતા. એક વખત સહાબાને ફરમાવ્યું "આપણે અલ્લાહનો ખૂબ ખુબ શુક્ર અદા કરવો જોઈએ. જે ખુશહાલીમાં આજે આપણો આખો સમાજ જીવી રહ્યો છે. અમે તો મોહંમદ (સલ.) સાથે

એવી રીતે જિંદગી ગુજારી કે ભૂખના કારણે મારા પેટ ઉપર પથ્થર બાંધતો હતો. રસુલ્લુલાહ (સલ.) અમને સબરની તાલીમ આપતા ફરમાવતા "અય લોકો મારા ઘરમાં સાત દિવસ થયા કોઈચીજ ખાવાની નથી. ત્રણ દિવસથી તો હાંલ્લી નીચે (તપેલી નીચે) આગ જ સળગી નથી. કોઈ કંઈક ખજૂર કાચી-પાકી મોકલી આપે છે. તો તેને ખાઈને પાણી પી લઈએ છીએ. કોઈક કંઈક કંદમૂળ મોકલી આપે છે તો તેને પકાવીને ખાઈ લઈએ છીએ. પરંતુ ત્રણ દિવસથી તો તે પણ મળ્યું નથી. ખુદાની કસમ, જો હું મારા ખુદાથી સવાલ કરું તો તે તહામાના બધા જ પહાડોને સોનાના બનાવી દે, પરંતુ મને ભૂખ્યા રહેવું પસંદ છે."

ઘણી વખત નુબુવ્વતના ઘરાનાથી ખાવા અંગેના મોઅજેઝા પણ અમલમાં આવ્યા છે. થોડોક ખોરાક સેંકડોને માટે કાફી થઈ પડવો, થોડુંક ગોસ્ત સેંકડો લોકો ખાઈ લેતા, થોડુંક દૂધ સેંકેડો માણસો પેટ ભરીને પી લેતા, હઝરત ફાતેમા (સલા.)ના ઘરમાં આપની ચક્કીનું ખુદબખુદ ચાલવું-ચુલા ઉપર ખુદબખુદ રોટીઓ પાકવી અને હઝરત શહેઝાદીનું નમાઝમાં હોવું વગેરે. અનેક પ્રકારના મોઅજેઝા પણ અમલમાં આવ્યા છે. પરંતુ અત્યારે મારો વિષય દીનને ખાતર તેઓનું તકલીફો બરદાસ્ત કરવું એ છે.

જે લોકો જેટલા દરજ્જે નબી (સલ.) સાથે અને આપના ઘર સાથે લાગેલા હતા, આપ (સલ.) સાથે જેટલી વધુ મહબ્બત ધરાવતા હતા, તેટલી વધુ તકલીફો તેમને સહન કરવી પડી છે. એક મોટો વર્ગ મુનાફિકોનો પણ હતો. જે આપ (સલ.) થી જુઠ્ઠી મહબ્બતનો દાવેદાર હતો. આ મુનાફિકો જ રસૂલે ખુદા પછી આપની ગાદીના વારસ બની બેઠા. તેઓએ આક્રમણકારી નીતિ અપનાવી. તલવારના જોરે દુનિયામાં ઈસ્લામ ફેલાવ્યો."લાઈકરાહ ફિદ્દીન" "દીનમાં જબરદસ્તી નથી." ના કુર્આનના હુકમની ધરાર અવગણના કરી. પેગંબરે ઈસ્લામની નીતિ રક્ષણાત્મક હતી. યહુદીઓ, ઈસાઈઓ, મુશ્રીકો લડવા આવ્યા, ચેલેંજો કરી, સામે આવ્યા. આપ (સલ.)એ અને હઝરત અલી (અલ.) એ મજબૂર થઈને તેમની સાથે લડવું પડયું. રસૂલની તબ્લીગ સમજાવટની હતી. કુર્આન પણ એ જ નીતિની તાલીમ આપે છે.

એક મુદ્દત સુધી મુસલમાનો પાસે તલવાર બાકી રહી, તેમની હુકુમત બાકી રહી, તે વખતે ઈતિહાસને હાકેમોના ફેવરમાં ઘડવામાં આવ્યો. હજુપણ મુસલમાનોની બહુમતિના મગજોમાં તે જ તલવારની ખનખનાહટ ગુંજી રહી છે. જેથી

તેઓ પોતાના દેશની લઘુમતિઓ ઉપર જુલમ કરી રહ્યા છે. ઈસ્લામને બદનામ કરી રહ્યા છે.

હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન ત્યારબાદ મઆવીયા અને યઝીદ, મતલબ બની ઉમય્યા અને ત્યારબાદ બની અબ્બાસના બધા જ હાકેમો આક્રમણકારી જંગો લડયા છે. પ્રથમ ત્રણ ખલીફ્રઓના સમયમાં લશ્કરો કઈ રીતે રવાના કરવામાં આવતા હતા તેનો અભ્યાસ કરો. લશ્કરને કેવી સૂચનાઓ આપવામાં આવતી હતી તેનો અભ્યાસ કરો, તો ખબર પડશે કે પેગંબરે ઈસ્લામ અને હઝરત અલી (અલ.) એ પોતાની હુકુમતના જમાનામાં લડેલી જંગો અને આ લોકોએ લડેલી જંગોમાં શું તફ્રવત છે ?

પ્રથમ ત્રણ ખલીફ્રઓના જમાનામાં જયારે લશ્કરો રવાના કરવામાં આવતાં તો તેમને નીચેની સૂચનાઓ આપવામાં આવતી.

(૧) ગામ, કબીલો, કે વસ્તીની બહાર પડાવ નાખજો.

(૨) આક્રમણ કરવા અગાઉ તેમની સમક્ષ ત્રણ શરતો રજૂ કરજો.

○ ઈસ્લામ લઈ આવો. તમારી હુકુમતને અમારી સાથે સામેલ કરી દઈએ. તમે અમારા તાબેદાર બની જશો.

○ જો ઈસ્લામ નથી સ્વીકારતા તો ખંડણી ભરો અમોને આટલા દીરહમ-દીનાર-રૂપિયા-સોના, ચાંદી વગેરે દર વરસે આપતા રહેશો. તમે કોઈની ઉપર પણ આક્રમણ કરી શકશો નહિ. કોઈની સાથે અમારી રજા વગર કરાર કરી શકો નહિ. અમારું લશકર જ તમારું રક્ષણ કરશે તો જ તમને તમારો ધર્મ બાકી રાખવાનો અધિકાર રહેશે. તમારી હુકુમત પણ બાકી રહેશે.

○ જો ઉપરોક્ત બંને શરતો તમને મંજૂર નથી તો પછી લડવા તૈયાર થઈ જાઓ. આ તલવાર એ જ ફેંસલો ગણાશે.

*પ્યારા વાચકો વિચારો, આ શરતોમાં "લાઈક્રાહ ફિદ્દીન" ક્યાં દેખાય છે ? ઉઘાડી દાદાગીરી છે. કોઈપણ રાજા કે હાકીમ બીજી શરત પણ કેવી રીતે કબૂલ કરશે ? જેમાં ઝિલ્લત રૂસ્વાઈ સિવાય બીજું શું છે ? આ જ પદ્ધતિથી ઈસ્લામ દુનિયામાં ફેલાયો છે. ઈસ્લામ ફેલાવવાની બીજી પદ્ધતિ અઈમ્માએ માસુમીનની પણ છે. આ બુઝૂર્ગોના સંતાનો નેક સાલેહ ઈન્સાનોએ અખ્લાક, રવાદારી, ઈન્સાફ, ઈલ્મો ઝિક્ર અને માણસાઈના પાઠો દુનિયામાં ફેલાવ્યા. આ સાદાત બુઝૂર્ગોની અનથક કશીશોથી પણ દુનિયામાં ઈસ્લામ ફેલાયો છે.*

આ બૂઝૂર્ગોએ પોતાના સમયના બાદશાહોના જુલમો સહન કર્યા, નજરબંધ રહ્યા, ભૂખ, પ્યાસ, અને ચીજોની કમી બરદાસ્ત કરી, મુદ્દતો સુધી જેલોમાં રહ્યા, એકાંતવાસ ગ્રહણ કર્યો. તકય્યો ઈખ્તીયાર કર્યો. છેવટે શહાદત વહોરી. અઈમ્માના સાથીઓ સાથે પણ આ જ પ્રકારના જુલમો દ્વારા કામ લેવામાં આવ્યું.

## પ્રકરણ : ૯

# અઈમ્માએ તાહેરીન અને આપણું સમાજજીવન

### દીનને ખાતર સ્ત્રીઓનું તકલીફો બરદાસ્ત કરવું

ઈસ્લામના કાર્યો માટે સ્ત્રીઓ અને પુરુષો એવા ભાગો પાડી શકાય નહિ. સ્ત્રીઓ આ ઉમ્મતનો અડધો ભાગ છે. સ્ત્રી વગરની દુનિયાનું અસ્તિત્વ કલ્પી ન શકાય. અલ્લાહના કલામ-કુર્આનમાં જયાં સમગ્ર માનવજાતને ઉદ્દેશ છે, તેમાં તો સ્ત્રીઓ અને પુરુષો બંને સામેલ છે. જયાં જયાં અલ્લાહતઆલાએ મરદોનો અલગ ઉદ્દેશ કર્યો છે. ત્યાં ત્યાં સ્ત્રીઓનો પણ અલગ ઉદ્દેશ છે.

પેગંબરે ઈસ્લામ (સલ.)ના જમાનામાં ઈસ્લામને ખાતર જેટલી તકલીફો મરદોએ ઊઠાવી છે તેટલી જ તકલીફો ઓરતોએ પણ ઊઠાવી છે. સ્ત્રીઓએ ખૂબ જ તકલીફો સાથે હિજરત કરી છે. પોતાના પતિઓની સાથે સ્ત્રીઓએ પણ ખભેખભા મિલાવીને દીને ઈસ્લામનું રક્ષણ કર્યું છે. અહીં સુધી કે ઓરતો ઉપર જેહાદ ફરજ ન હોવા છતાં તેઓ લડાઈના મેદાનમાં મુજાહિદોની સેવા ચાકરી કરવા માટે આવી છે.

હઝરત અસ્મા નામની એક સહાબીયા અનસારી (અનસારી એટલે મદીનાવાસી) ઓરત પૈગંબરે ઈસ્લામ (સલ.)ની સેવામાં હાજર થઈ અને કહ્યું : "યા રસુલુલ્લાહ ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન. હું સ્ત્રીઓ તરફથી એલચી બનીને આપની ખિદમતમાં આવી છું. બેશક આપ(સલ.)ને અલ્લાહતઆલાએ મરદો અને ઓરતો બંને માટે નબી બનાવીને મોકલ્યા. યા રસુલુલ્લાહ ! અમે ઓરતોની જમાત આપ ઉપર ઈમાન લાવી. પરંતુ અમે તો મકાનોમાં ઘેરાયેલી રહીએ છીએ. પરદાઓમાં રહીએ છીએ. બસ અમારે તો મરદોની ઈચ્છાને તાબે જ રહેવાનું. અમે તેમની અવલાદનો ભાર ઊઠાવીએ છીએ. છતાં મરદો ઘણીબધી બાબતોમાં સવાબમાં અમારાથી આગળ વધી જાય છે. જુમ્આમાં શરીક થાય છે. જમાઅતની નમાઝોમાં શરીક થાય છે. જનાઝામાં શરીક થાય છે. આ બધાથી વધીને જેહાદમાં શીરકત કરે છે. તે દરમ્યાન અમે ઓરતો તો કંઈક ભરતગુંથણ કરીએ છીએ. એમની અવલાદનો ઉછેર કરીએ છીએ. એમના માલની હિફઝત કરીએ છીએ. શું અમે સવાબમાં તેમની ભાગીદાર નથી ?"

આપ (સલ.) એકદમ ટટ્ટાર બેસી ગયા અને સહાબાએ -કિરામ તરફ જોઈને ફરમાવ્યું "શું તમે

દીનના વિષયમાં આ ઓરતથી બેહતર સવાલ કરનાર કોઈ ઓરત સાંભળી છે?“ સહાબાએ ઉત્તર આપ્યો કે “યા રસુલુલ્લાહ !" અમને તો ખ્યાલ પણ ન હતો કે એક સ્ત્રી પણ આવો પ્રશ્ન કરી શકે છે ?

પછી આપ (સલ.)એ અસ્મા અન્સારી તરફ ફરીને ફરમાવ્યું :

“ધ્યાનથી સાંભળ, અને જે ઓરતો તરફથી તું આવી છે તે સર્વેને બતાવી દે, ઓરતનું ઘરકામ કરવું, પતિની આજ્ઞાનું પાલન કરવું, ઘર સંભાળવું વગરેનો સવાબ એટલો છે જેટલો કે મરદો જમાત, જનાઝા અને જુમ્આમાં શરીક થાય છે. અને સાંભળ ! તમારું બાળકોને ઉછેરવું, તેમનું લાલનપાલન કરવું, તેમની તાલીમો તરબીયત કરવું, મરદોના કલેમતુલ્લાહની બુલંદી માટે જેહાદ કરવા બરાબર છે. તમારા આ કાર્યોનો સવાબ મરદો કરતાં જરાપણ કમ નથી. પરંતુ હલાલ જાઈઝ કાર્યોમાં તમે મરદની આજ્ઞાનું પાલન કરો, તે જરૂરી છે."

હઝરત અસ્મા એકદમ ખુશખુશાલ થઈને સ્ત્રીઓની મજલીસમાં પરત આવ્યાં. તેઓને પેગંબરના હુકમોથી વાકેફ કરી. મા, બહેનો ! યાદ

રાખો ઓરતનુ વગર કારણે પતિથી નારાઝ રહેવું, મોં ચઢાવીને ફરવું ઘણો મોટો ગુનો છે.

પેગબંર (સલ.)ની સાથે કેટલીક સ્ત્રીઓએ પણ ઓહદમાં, તબૂકમાં, હોનૈનમાં વગેરે જંગોમાં શિરકત ફરમાવી છે. આ સ્ત્રીઓ જખ્મી યોદ્ધાઓને પાટાપીંડી કરતી, દવાઓ તૈયાર કરતી, મુજાહિદોને મેદાને જંગમાં પાણી પહોંચાડતી, ઉપરાંત ખાવાનું પણ પકાવતી. શહીદોની લાશોને ઊઠાવીને તંબુમાં લાવતી હતી.

**એહલેબયતના ફાકા અને ખૂનથી આ ઉમ્મત બની છે**

આ ઉમ્મતને ઉમ્મત બનાવવા માટે જેટલી તકલીફ મરદોએ ઊઠાવી છે. તેટલી જ તકલીફ સ્ત્રીઓએ પણ ઊઠાવી છે. જો મારી મા-બહેનો હઝરત ફાતેમા (સલા.) હઝરત ઝયનબ (અલ.) હઝરત સકીના (અલ.) હઝરત મરિયમ (અલ.) હઝરત આસિયાહ (અલ.) તથા તે તમામ સહાબીયા સ્ત્રીઓ, જેઓ નબી (સલ.)ની સાથે રહી કલેમતુલ્લાહની બુલંદી માટે કોશીશ કરી તેમના જેવા અમલ કરશે, તો ખુદા તેઓને દુનિયા અને આખેરત બંનેમાં ચમકાવશે.

આ ઉમ્મતને ઉમ્મત બનાવવા માટે નેક અને બુઝૂર્ગ ઓરતોએ ઘણું જ કામ કર્યું છે. યહુદી અને નસારા તેમના દુશ્મનો એમ ઈચ્છતા હતા કે આ

ઉમ્મત ઉમ્મત ન બને. આ તે સમયની વાતો છે જયારે મદીના શરીફમાં એક પાકું મકાન ન હતું. મસ્જિદે નબવી સુદ્ધાં પાકી ન હતી. મસ્જિદમાં ચિરાગ સળગાવવાનો રિવાજ પણ પડયો ન હતો. મસ્જિદે નબવીમાં સૌપ્રથમ હીજરી સન ૮માં હઝરત તમીમદારી (રઝિ.) એ ચિરાગ સળગાવ્યો. જયારે ઈસ્લામ અને ઈમાનનું નૂર સમગ્ર અરબસ્તાનમાં ફેલાઈ ગયું હતું ત્યારે મસ્જિદે નબવીમાં ચિરાગ સળગાવાયો.

ઉમ્મત ત્યારે જ બને છે કે તેમનો કોઈ આદમી મરદ કે ઓરત પોતાના ખાનદાન, પોતાની બિરાદરી, પોતાની પાર્ટી, પોતાની કોમ, પોતાના વતન, પોતાની ભાષાનો હિમાયતી ન હતો. માલમીલકત અને બીવીબચ્ચાઓ તરફ જોવાવાળો ન હતો. બલ્કે દરેક માણસ ફકત આજ જાણતો હતો કે અલ્લાહ અને તેનો રસૂલ શું ફરમાવે છે ? ઉમ્મત ત્યારે જ બને છે જયારે અલ્લાહ અને રસૂલના મુકાબલામાં દુનિયાની બધી જ સગાઈઓ કપાઈ જાય. બધા જ સંબંધો ખતમ થઈ જાય. ઉમ્મત કોઈ એક કોમ કે કોઈ એક ઈલાકા રહેવાવાળાઓનું નામ નથી. બલ્કે સેંકડો, હજારો કોમો અને ઈલાકાઓને એકત્ર કરીને ઉમ્મત બને છે. જો કોઈ એક કોમ અથવા એક ઈલાકાને પોતાનો સમજે છે અને બીજી કોમો અને બીજા

ઈલાકાઓને પરાયા સમજે છે. તે આ ઉમ્મતને ઝબહ કરે છે. તેના ટૂકડા કરે છે. હુઝૂર (સલ.) અને આપની એહલેબયત અલી, ફાતેમા અને હસન, હુસૈન (અલ.)ની મહેનતો ઉપર પાણી ફેરવે છે. જો મુસલમાનો આજે પણ ફરીથી એક ઉમ્મત બની જાય, તો દુનિયાની બધી જ સુપરપાવર શક્તિઓ એકત્ર થઈને પણ તેમનો વાળ વાંકો ન કરી શકે. આ ઉમ્મતના ટૂકડે ટૂકડા તો આપણે કર્યા. આ ઉમ્મતને સૌપ્રથમ આપણે ઝબહ કરી, યહુદ, નસારાએ તો પાછળથી આ ઝબહ થઈ ગયેલી ઉમ્મતને વધારે ઝબહ કરી.

મુસલમાન આજે દુનિયામાં એટલા માટે પીટાઈ રહ્યો છે કે તેણે પેગંબર અને આપની એહલેબયતની મેહનતો ઉપર પાણી ફેરવી દીધું છે. મુસલમાનો બહાના પુરતું નબીની મહબ્બતનો જુઠ્ઠો દાવો કરી રહ્યા છે. તે જ પ્યારા નબીની એહલેબયતના નામો લેવાથી પણ સૂગ અનુભવે છે. એહલેબયતથી મુસલમાનોનો સંબંધ કપાઈ ગયો છે. આજે આ બધી મુસીબતોનું મૂળ આ જ છે કે આ ઉમ્મત ઉમ્મત ન રહી બલ્કે આ પણ ભૂલી ગયા કે ઉમ્મત શું છે.

ઉમ્મત કેવી રીતે બની છે ? પેગંબરે ઈસ્લામ કેટલાક સહાબા સાથે બેઠેલા છે. સદકાની ખજૂરોનો એક ઢગલો આપની સમક્ષ પડેલો છે.

આ ખજૂરો સદકાની હતી. તે દિવસે રસૂલના ઘેર ચૂલો નથી સળગ્યો. અલી-ફાતેમાના ઘેર ચૂલો નથી સળગ્યો. બંને નવાસાઓ હસન-હુસૈનમાંથી કોઈએક પોતાના પ્યારા નાના મોહંમદુર્રસુલુલ્લાહ (સલ.)ની બગલમાં આવીને બેસી જાય છે. પ્યારા રસૂલ નવાસાના માથા ઉપર હાથ ફેરવે છે. તે દરમ્યાન આ નાનો બાળક પેલી ખજૂરોમાંથી એક દાણો ખજૂર લઈને મોંમા મૂકે છે. આપ (સલ.) ફરમાવે છે કે બેટા, એ આપણા માટે નથી. આપ (સલ.) પોતાની આંગળીઓ વહાલા નવાસાના મોંમા નાખીને પેલી ખજૂરના એક દાણાને બહાર કાઢે છે. આ રીતે બની છે આ ઉમ્મત, ભૂખ્યા નવાસાના પેટમાં સદકાની ખજૂરનો દાણો નથી જવા દીધો, બલ્કે મોં ખોલાવીને આંગળીઓ નાખી તે દાણો બહાર કઢાવ્યો.

હવે આપણા નવયુવાનો તરફ દૃષ્ટિપાત કરો, આપણી બહેનો તરફ દૃષ્ટિપાત કરો. આપણને નમાઝ જેવી આસાન ઈબાદત અઘરી લાગે છે. આપણને રોઝા અઘરા લાગે છે. આપણને કિતાબ પડવાનું અઘરું લાગે છે. આપણને અલ્લાહના કલામની તીલાવત મુશ્કેલ લાગે છે. હકદારને તેનો હક આપીને આ ઉમ્મત બની છે. બલ્કે પોતાનો હક જતો કરીને આ ઉમ્મત બની છે.

એક જંગમાં (લગભગ હોનૈનમાં) શહીદોની લાશો પડેલી હતી. ચારે તરફ ખૂંખાર જંગ જામેલી હતી. ઓરતો પોતાના તંબૂઓમાં ઘવાયેલાઓની ખિદમત માટે તૈયાર હતી. ત્યાં કોઈક ઘાયલ પાણી, પાણીની બૂમ લગાવે છે. પાણીની મશક સાથે એક ખાતુન તેની પાસે જાય છે. તરત જ બાજૂમાંથી બીજા ઘાયલની અવાજ આવે છે પાણી, પાણી. પેલો ઘાયલ ઈશારાથી કહે છે કે પ્રથમ બાજુમાં મારા સાથીને પાણી આપો. હું પછી પીશ. પેલી ઓરત તે ઘાયલ પાસે પહોંચે છે, ને ત્રીજો અવાજ આવે છે પાણી, પાણી, આ બીજો ઘાયલ યુવાન પણ ઈશારો કરી જણાવે છે કે મારી બાજુના યુવાનને પાણી આપો. આ રીતે પાંચમાં ઘાયલ પાસે પહોંચે છે. જયારે તેના મોં સુધી પાણી લઈ જાય છે, તે શહીદ થઈ ગયો હોય છે. પેલી ઓરત પાછી ફરી ચોથા ઘાયલ પાસે આવે છે કે તેને પાણી પાય. ત્યાં તે પણ પોતાના ખુદાની રહમતમાં પહોંચી ગયો હોય છે, પછી ત્રીજા, બીજા, અને પ્રથમ પાણીની અવાજ લાગાવનારાઓ પાસે આવે છે તો તે બધા જ અલ્લાહને પ્યારા થઈ ગયા હોય છે, આ રીતે બની છે આ ઉમ્મત. આ લોકો મેદાને કાળઝાળમાં પણ પોતાનો હક છોડી બીજાને આપનાર હતા. એહલેબયતનો સબક તો આ હતો કે તારું તો તારું

છે, પણ મારું પણ તારું છે. આ દીન કેટલો કીંમતી છે, તેનો કદી આપણે ખ્યાલ કર્યો છે ? આપણને તો ઘરમાં રહીને શાંતિથી દુકાન ચલાવીને રોઝા અઘરા લાગે છે, અને આપણા ઈમામ તો જેલની કોટડીમાં રોઝા રાખે છે. જયાં નાપાક અને બેરહમ લોકો સારો ખોરાક પણ સમય પર આપતા ન હતા.

ઉમ્મત બીજાને ઈજ્જત આપવાથી બને છે. બીજાઓ પાસેથી ઈજ્જતની આશા રાખવાથી ઉમ્મત તૂટે છે. ઉમ્મત ઝબહ થઈ જાય છે.

હું આગળ જણાવી ચૂક્યો છું કે સમગ્ર મદીનામાં એક પાકું ઘર ન હતું. મસ્જિદ સુદ્ધાં પાકી ન હતી. આર્થિક રીતે મદીનાવાસીઓ બીલકુલ તૂટી ગયા હતા. ધંધાના ઠેકાણાં ન હતાં. લગાતાર જંગો ચાલૂ હતી. એહલેબયતના ઘરની તો વાત જ ન કરશો. તે ઘેર તો ચાર ચાર દિવસ ચૂલો સળગતો ન હતો.

એક વખત શેહઝાદીએ કોનૈન પ્યારા રસૂલ ઉપર સંદેશો મોકલાવે છે કે બાબા કંઈ ખાવાનું હોય તો મોકલજો. પ્યારા રસૂલ વિચારે છે કે કોઈ જગ્યાએથી કંઈ ખાવાનું કે ખજૂર વગેરે આવી જાય તો ફાતેમાને મોકલું. એટલામાં એક સહાબી કપડું ઢાંકીને કંઈક ખાવાનું પેગંબર માટે લઈને આવે છે. રસૂલ બેટીને ઘેર મોકલવાનો ઈરાદો કરે

છે ત્યાં તો કોઈ ઈલાકાના પાંચ માણસો થાકેલા-પાકેલા ગરમીમાં પેગંબરના દરવાજે આવે છે. યા રસુલુલ્લાહ ! અમે યમનથી દીન શીખવા આવ્યા છીએ. રસૂલ પેલો ખોરાક આ દીનના મેહમાનોને આપી દે છે. કહે છે કે તમો ભૂખ્યા છો, પ્રથમ ખાઈ લો. ફાતેમાને ભૂખી રાખીને આ દીન આપણા સુધી પહોંચ્યો છે. હસન-હુસૈનના મોંમાંની ખજૂર ખેંચી લઈને આ ઉમ્મત બની છે. એહલેબયતને ભૂખ્યાં રાખીને આ દીન મારી અને આપની સૌની પાસે પહોંચ્યો છે.

રસૂલે પોતાના ઘરવાળાંઓને કુરબાન કરીને આ દીન આપણા સુધી પહોંચાડયો છે. અને એક આપણે છીએ કે નાની નાની વાતો માટે આ ઉમ્મતના ટૂકડા કરી રહ્યા છીએ, રમઝાનમાં ઈફ્તારી વખતે કે મજલિશમાં જમાતોમાં ઝઘડા કરી રહ્યા છીએ. ક્ષુલ્લક બાબતો માટે બેકાર વાતોમાં લડાઈ કરી રહ્યા છીએ. જોકે એહલેબયત જેટલા ભૂખ્યા અને પ્યાસા પણ આપણે નથી. ૧૨-૧૪ કલાક જેટલા રોઝામાં આપણે બે-સબર બની રહ્યા છીએ. એહલેબયતે રસૂલે આ ઉમ્મતને ખાતર કેટલી ભૂખ પ્યાસ બરદાસ્ત કરી છે. તેનો જરા જેટલો ખ્યાલ પણ આપણને આવી જાય તો આપણી રમઝાનના રોઝાઓ આપણા માટે આસાન થઈ જાય.

અલી તો તે વ્યક્તિ છે જે કાબતુલ્લાહની ચારે તરફની વિશાળ મસ્જિદમાં ખૂણેખૂણે દરરોજ એટલા માટે ફરતા હતા કે કોઈ દીનનો તલબદાર - કોઈ દીન શીખવા માટે આવેલ - કોઈ દીને ખુદાને જાણવા માટે આવેલ વ્યક્તિ છે કે તેને ઘેર લઈ જાઉં. ખાવાનું ખવડાઉં. પછી રસૂલની પાસે લઈ જાઉં. તેને ઈમાન નસીબ થઈ જાય.

કાબતુલ્લાહના ખૂણે બેઠેલા અબુઝરને તો લગાતાર ત્રણ દિવસ સુધી અલી ઘેર લઈ ગયા. છતાંય એમ પણ ન પૂછયું કે તમે કેમ આવ્યા છો ? ત્રીજા દિવસે અબુઝરે કહ્યું કે હું તો રસૂલને જાણવા - ઓળખવા આવ્યો છું કે તે કોણ છે ? જે નુબુવ્વતનો દાવો કરે છે. ત્યારે અલી તેમને પેગંબરની સેવામાં લઈ ગયા. રસૂલે ફરમાવ્યું “અય અલી, તમારા ઝરીયાથી કોઈકના હિદાયત પર આવી જવું. તમને ૧૦૦ સુર્ખ ઊંટો મળવાથી વધુ કીંમતી છે. (લાલ ઊંટો કીંમતી ગણાતા હતાં)."

પ્યારા વાચકો, રસુલેખુદા તથા આપની એહલેબયતના ફાકા અને ખૂનથી આ ઉમ્મત બની છે. તેમની કુરબાનીઓથી આ દીન આપણા સુધી પહોંચ્યો છે. જો આપણે આપણી જીભને કંટ્રોલમાં ન રાખીએ અને જીભથી કોઈ ફિતનાવાળી વાત નીકળી જાય અને જમાતમાં ઝઘડો ઊભો થઈ જાય, સાથીઓના દીલો તૂટી

જાય, તો આ ઘણી બુરી વાત છે. અલ્લાહ ઘણો જ નારાઝ થાય છે. આપણા ઈમામે જમાના (અ.ફ.શ.) જેમનો હાથ આપણામાંના દરેક નેક મોમીનના માથા ઉપર છે. તેમને આપણા આમાલ પહોંચે છે. તેઓ નારાજ થાય છે.

## મા-બહેનો ઈન્સાફથી વર્તન કરો

મારી મા-બહેનો ઘરમાં બિનજરૂરી કલેશ ન કરો. અગર તમે ઘરની વડીલ ઓરત છો તો બુદ્ધિપૂર્વક તહમ્મુલ અને બરદાસ્તથી કામ લઈ ઘરની એકતાને જાળવી રાખો. ઈન્સાફનો દામન કદી ન છોડો. આપણે એમ કહેતા હોઈએ કે આ ઉમ્મતે હઝરત અલી, ફાતેમા (અલ.) સાથે ઈન્સાફ ન કર્યો અને જો આપણે જ ઘરમાં ઈન્સાફથી ન વર્તતાં હોય તો આપણે પણ આપણા ખુદાને જવાબ આપવાનો છે.

અગર તમે સાસુ છો તો ઘરના-કુટુંબના ટૂકડા ન થવા દો, અયબોને છુપાવેલી રાખો, નાની નાની વાતોને દરગુજર કરી સંયુક્ત કુટુંબને (ભેગું કુટુંબ) સંયુક્ત રાખો. શયતાનને તમારી પાસે ન આવવા દો, શયતાન તમારી પડોશણની શકલમાં તમારી પાસે આવી વહુની ફિરયાદો કરશે, મહોલ્લાની કે ખાનદાનની ઓરતોની શકલમાં તમારી પાસે આવી તમારા ઘરમાં ઝઘડો નાખશે. તે વખતે તમારે સાવચેત રહેવાનું છે.

બહેનો ! ઘરમાં કે કુટુંબમાં કોઈની સાથે પણ નાઈન્સાફી ન કરશો. દીને ઈસ્લામના પાયાનો સિદ્ધાંત ઈન્સાફ છે. ઝઘડો ક્યાંથી શરૂ થાય છે ? એક ઈન્સાન બીજા ઈન્સાન સાથે ઈન્સાફ નથી કરતો, એક કુટુંબ બીજા કુટુંબ સાથે ઈન્સાફથી કામ નથી લેતું, ત્યારે તો ઝઘડા શરૂ થાય છે. બહેનો અગર ઈચ્છે તો ઘરને ઈત્મીનાનવાળી જગ્યા બનાવી શકે છે. કુટુંબજીવનના સુખનો આધાર ઘરની સ્ત્રીઓ ઉપર છે. જુની કહેવત છે કે પુરુષની સો સફર અને ઓરતની એક કસર. કરકસર શબ્દ પોતે પણ કરકસરવાળો છે. એ શબ્દમાં કાનો, માત્ર, હસ્વઉ, દીર્ઘઊ કે અનુસ્વાર કશું જ નથી. અલ્લાહે આપેલી નેઅમતોનો ઘરમાં બગાડ ન થાય તેનું ધ્યાન બહેનોએ રાખવાનું છે. નહીં તો પુરુષ બળદની જેમ કમાતો રહેશે અને ઘર બરબાદ થતું રહેશે.

બહેનો અગર તમે વહુ છો તો યાદ રાખશો, તમે અને તમારા પતિ સિવાય પણ એક દુનિયા છે. અને એની સાથે પણ કદમ મિલાવીને ચાલવું પડે છે. વહુ તરીકે કદાચ તમને એવો ખ્યાલ હોય કે અમારા બંનેમાં તો બહુ જ બને છે. બહુ જ પ્યાર છે. તો પણ જો તમે બાહ્ય જગત સાથે ચાલી નહીં શકો તો નિષ્ફળ જશો. પતી-પત્નીના સંબંધો તો છે જ. એ તો નિભાવવાના જ છે. પણ બહેન

! વહુ તરીકે તમે એટલું પણ યાદ રાખો કે તમારા પતિ સાથે સંકળાયેલા બીજા પણ અનેક સંબંધો છે. એ પણ જાળવવા પડે છે. હું અને મારો પતિ બસ. તો તમારા પતિના મા-બાપ ક્યાં જશે ? તમે કદાચ તમારા પતિને એમ કહો કે “હું તો ફક્ત તારા જ વિશ્વમાં જીવવા માંગું છું." તે નહીં ચાલે, તમારા પતિનું વિશ્વ એ કંઈ તેનું એકલાનું નથી. તેના વિશ્વમાં બીજા અનેક હોઈ શકે છે. ગરીબ-બેવા બહેન પણ હોય, યતીમ કે વારસા વગરનો ભત્રીજો પણ હોઈ શકે, અપંગ અપાહિઝ ભાઈ પણ હોઈ શકે, માનસિક કમજોર કોઈ અન્ય સગું પણ હોઈ શકે, અરે ! પત્નીની મા જો નિરાધાર હોય તો તે પણ હોઈ શકે. અને કોઈ અન્ય સગું ન હોય તો મા-બાપ તો હોય જ છે.

જો કોઈ યુવાન બહેન પતિને એમ કહેતી હોય કે “હું તો મારા મા-બાપને છોડીને તારી પાસે આવી છું. તું પણ તારા મા-બાપને છોડીને મારી પાસે ચાલ્યો આવ." આવા સમયે સૌન્દર્યનો પણ એક શસ્ત્ર તરીકે ઉપયોગ થતો હોય છે. દામ્પત્યજીવનમાં આ સંઘર્ષ બહુ સામાન્ય છે. લગ્ન પછી મારો છોકરો બદલાઈ ગયો છે, કે વહુ મારા છોકરાને ગળી ગઈ છે. આવી સાસુઓની

ફિરયાદોમાં તથ્ય (સચ્ચાઈ) હોઈ શકે છે. હું એનો ઈન્કાર નથી કરતો, સાંભળું છું, સમજું છું.

આવી બધી પરિસ્થિતિ ઊભી થવાના કારણો શું છે ? શું સહાબા અને સહાબીયાહ ઓરતોના જીવનમાં આવા પ્રશ્નો પેદા નહીં થયા હોય ? શું તેઓ ઈન્સાનો ન હતા ?

પરંતુ તેમના જીવનનો ધ્યેય જુદો હતો, આપણા જીવનનો ધ્યેય જુદો છે. રસૂલ અને તેમની એહલેબયત તથા તમામ નેકદીલ સહાબા સહાબીયાઓના જીવનનો ધ્યેય દીને ઈસ્લામને સ્વીકારી, તેના ઉપર અમલ કરી, તેને જેવો ને તેવો બીજા ઈન્સાનો સુધી પહોંચાડવાનો હતો. એક ટૂંકી જિંદગીના લુત્ફને - સ્વાદને કંટ્રોલમાં રાખી- સંયમી જીવન જીવી, હંમેશાની જિંદગી આખેરતના અઝાબથી બચવું તથા બીજાઓને બચાવવું. આ તેમના જીવનનો ધ્યેય હતો. આપણે આપણા નફસનો હિસાબ લેતાં શીખવું પડશે. દરરોજ પથારી ઉપર ગયા પછી દરરોજના કામોનો હિસાબ નફસ પાસેથી લો, ઓરત, મરદ બંને લે. વહુને ડરાવવા તેના ઉપર ફલાણો આરોપ મૂક્યો, તદ્દન જુઠ્ઠી વાત દીકરાને કરી.

એવી સાસુઓને હું જાણું છું. જેઓ વહુની જાણ બહાર ઘરના રાંધેલાને વધુ નમક નાખીને એટલા

માટે બગાડી નાખે છે કે વહુ ઉપર સસરા અને તેના પતિની ફિટકાર પડે, વહુના ઝિમ્મે ખાવાનું પકાવવાનું હોય તો નણંદ અને સાસુ તેની જાણ બહાર સાલનમાં મીઠું નાખી દે. પાછી એ જ સાસુ નમાઝ વખતે મુસલ્લા ઉપર ઊભાં થઈ જાય. આ ઊઘાડો જુલમ છે. આવી નમાઝ - અલ્લાહ આપણા મોં ઉપર મારી દેશે. અલ્લાહ કહેશે પાછી લઈ જા. અમને તારી નમાઝ કબૂલ નથી.

એવી સાસુઓ પણ છે જેઓ ઝૂલા પર બેસી કુર્આનની તીલાવત કરતી કરતી ચૂલે કામ કરતી વહુ સાથે ઝઘડે, બે ચાર આયતો પઢી હાથમાં કુર્આન લઈ રસોડામાં જાય. વહુને ગમેતેમ એલફેલ બોલી આવે, વળી પાછાં આવી સાસુમાં ઝૂલા ઉપર બેસે, બે ચાર આયતો પડે, વળી પાછો શયતાન ચડે તો હાથમાં કુર્આન લઈને રસોડામાં જઈ, વહુની ઉધડી લે.

કેટલીક સાસુઓ મુસલ્લા ઉપર બેસી મજમૂઆની દુઆઓ પડતાં પડતાં વહુ સાથે લડે. મજમૂઓ પઢતાં પઢતાં ચા-નાસ્તો બનાવતી વહુ ઉપર બાણ છોડે. જો તીર બરાબર વાગતાં ન દેખાય તો ઊઠી રસોડામાં જઈ લડી આવે, ફરી પાછાં મજમૂઓ પઢવાનું શરૂ કરે, પાછો શયતાન એમના પેટમાં

વલોણુ કરે એટલે ઊભા થઈ પાછાં દોડે-વહુના ગાલમાં ગોદા મારી આવે.

આમ થવાનું કારણ શું ? આપણી નમાઝ, આપણી તિલાવત, આપણો ઝિક્ર વગેરે ઈબાદતો આપણને ગુનાહોથી કેમ રોકતી નથી ? કારણ કે બધું જ ઉપરછલ્લું થાય છે. જીવનનો ધ્યેય જ આપણે વીસરી ગયાં છીએ.

જયારે ઘરમાં સાસુ-વહુ ઝઘડતાં હોય તે ઘરના પુરુષોનું જીવન ઝેર બની જતું હોય છે. દીકરો કોને ઠપકો આપે ? માને કંઈ કહેવા જાય તો મા પોતાના એહસાનો જતાવે, એલફેલ બોલે, બૈરીવાળો - બાયલો જેવા ઉદ્‌બોધનો પણ સાંભળવા મળે. જો પત્નીને કંઈ કહેવા જાય તો માવડીયો કહેવાય. સાસુ સસરા પણ કંઈક ઠપકો આપે. આ પરિસ્થિતિમાં જો ઝઘડા થતાં જ રહે અને વહુ ઘરે બેસે તો બંને યુવાન હૈયાંઓની યુવાની બરબાદ થઈ જાય છે. એવા કેસ પણ જોવામાં આવ્યા કે છોકરો કે છોકરી લપસી પડે છે. ગુનામાં પડી જાય છે. તેનો ગુનો તો ગુનો છે જ, પણ મા-બહેનો યાદ રાખો કે તમો સાસુ છો, વહુની મા તરીકે જમાઈની સાસુ છો અથવા જમાઈની મા તરીકે વહુની સાસુ છો જે કોઈ આ જુલમમાં જવાબદાર છે તે પણ પેલા છોકરાં-છોકરીના ગુનામાં જવાબદાર ગણાશે. તમારા

નાજાઈઝ અને ગલત ઝઘડાઓને કારણે આ બંને છૂટા પડયાં છે.
કેટલીક જગ્યાએ સાસુઓના આ જુલમ એટલી બધી હદે વધી જાય છે કે વહુ આપઘાત કરી બેસે છે. તેવા સમયે તેને આપઘાત તરફ દોરી જનાર વ્યક્તિઓ પણ ગુનેહગાર ગણાશે.
માટે મારી-મા બહેનો ! આપ લોકો જયારે પણ અઈમ્માએ તાહેરીન (અલ.)ના જીવનચરિત્રોનો અભ્યાસ કરો તો તેમના જીવનનો ધ્યેય સમજો.
અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે :
“એમા કોઈ શક નથી કે ખુદા ઈન્સાફ અને નેકી (ઉપકાર કરવો) સાથે સગાંવહાલાઓને કંઈક આપવાનો (આર્થિક મદદ કરવાનો) હુકમ આપે છે. તે બદકારી (નિર્લજતા) તથા બૂરી હરકતો અને અત્યાચારથી (જુલમ કરવાથી) મના કરે છે તે તમને નસીહત કરે છે. કદાચ તમે નસીહત ગ્રહણ કરો." (સુરએ નહલ, આયત નં. ૯૦)
ખુદા આપણને અદ્લનો હુકમ આપે છે. આપણે બીજાઓના હકોનો ખ્યાલ રાખીએ, સાસુ પોતાની વહુને બેટા કહીને જ બોલાવે. ભલે કોઈ ભૂલ ઉપર આગાહ કરવી હોય. ધ્યાન દોરવું હોય તો પણ બેટા કહીને હળવા અંદાજથી સમજાવીને કહી શકાય છે. વહુની પણ ફરજ છે કે તે સાસુને મા જ સમજે. તેમના બોલવાને ગુસ્સા ઠપકાને

હળવાશથી લઈ પોતાની ભૂલો સુધારે. જો આપણા સમાજમાં આટલું થાય તો આપણા ઘરોનું જીવન રાહત અને રહમત બની જાય. આપણે કંઈક બીજાં કામો કરી શકીએ. જો સાસુ વહુના બંને પક્ષે ઈન્સાફનો દામન છોડવામાં ન આવે, ભૂલને કબૂલી લેવામાં આવે તો આપણા કુટુંબના મોટા ભાગના ઝઘડા હલ થઈ જાય.

**અલ્લાહના શુક્રગુજાર બંદા બનો :**

મા-બહેનોમાં નાશુક્રીનો ગુણ વધુ જોઈ રહ્યો છું. પતિને કહેતી હોય છે."મેં તો તમારે ઘેર આવી ત્યારથી શું જોયું ? બે ચીથરાં ને બે લીતરાં," ચીથરાં એટલે કપડાં, ને લીતરાં એટલે જણસો.

આવી બહેનોને હું પ્રશ્ન કરીશ કે શું તમે એવી સ્ત્રીઓ નથી જોઈ કે જેમની પાસે બે ચીથરાંયે નથી અને બે લીતરાંયે નથી. અરે બે ટાઈમ ખાવા પણ મજૂરી કરીને મેળવે છે. અલ્લાહતઆલા આવી નાશુક્રી કરવા માટે સખ્ત શબ્દોમાં આપણને ઠપકારે છે."લઈન શકરતૂમ, લઅઝીદન્નકૂમ, વલઈન કફરતૂમ, ઈન્ન અઝાબી લશદીદ." "અગર તમે શુક્ર કરશો તો અમે નેઅમતોમાં વધારો કરીશું. અને જો નાશુક્રી કરશો તો બેશક અલ્લાહ સખત અઝાબ આપવાવાળો છે." નાશુક્રી નેઅમતોને છીનવી લે છે, મારો જ નાશુક્રી કર્યાનો એક જીવનપ્રસંગ અત્રે વર્ણવું છું. એક રીક્ષા

અકસ્માતમાં થાપાનું હાંડકું તૂટી ગયું. ઓપરેશન થયું. લગભગ સાડા ચાર માસ રજા ઉપર રહ્યો. તેમાં ૩ માસની રજા કપાત પગારની થઈ. મારી રજાઓ જમા ન હતી. હું શાળામાં હાજર થયો ત્યારે પગમાં દુઃખાવો ચાલુ હતો. ડોક્ટરે તો ઘોડી સાથે ચાલવાની છૂટ આપી હતી. પરંતુ મને ઘોડી રાખવાની શરમ આવતી હતી. જેથી હું સુંદર-મજાની મજબૂત (લોકો જોવા માગે એવી) લાકડી રાખતો હતો. હું શાળામાંથી ઝહોરની નમાઝ માટે મસ્જિદે જતો હતો. પગમાં દુઃખાવો થોડોક થોડોક ચાલુ હતો. મારા દીલમાં વિચાર આવ્યો કે “યા અલ્લાહ ! જો મારી સ્થિતિ મજબૂત હોય તો હું વધુ રજા ઉપર રહી પગને આરામ આપત. આ કેટલી તકલીફ થાય છે." રોડ ઉપર ચાલતાં ચાલતાં એક લારીવાળાને મેં જોયો. ખૂબ જ કમજોર, હાડપીંજર જેવું શરીર, ઉંમર ૬૦ વર્ષની હશે. તેનાપગની ઉપર ઘુંટી પાસે પાટો બાંધેલો. પૂછતાં ખબર પડી કે રસ્તાના કાદવકીચડમાંથી કંઈ પતરું વાગ્યું હશે, તે પાક્યું છે, સોજો આવ્યો છે, બહુ જ દુઃખાવો કરે છે. આ વિચારો સાથે હું નમાઝ પઢવા પહોંચ્યો. નમાઝ પઢીને બહાર નીકળતા લોકોમાંથી પાંચ સાત માણસોએ મને કહ્યું હશે.“સાહેબ, ચાલો ઘેર ચા પીવા, ચાલો સાહેબ

ચા-નાસ્તા માટે, સાહેબ ચાલોની હવે, શાળાની રીસેસ પૂરી થવાને તો ઘણી વાર છે."

જયારે સાતમી વ્યક્તિએ મને ચાની દઅવત આપી ત્યારે હું મસ્જિદનું છેલ્લું પગથિયું ઊતરી જમીન પર પગ મૂકી રહ્યો હતો તે વ્યક્તિ બરાબર મારા ચહેરા સામે જોઈ રહ્યો હતો. કે મારી બંને આંખોમાંથી આંસુઓની ધારા વહી રહી હતી. તે જોઈ બોલ્યો, સાહેબ આ શું આપની આંખોમાં આંસુ ? શા માટે ? પહાડ જેવું મજબૂત તમારું મનોબળ છે. મેં ઉત્તર આપ્યો કે “ખરેખર હું મજબૂત મનોબળ ધરાવું છું. પરંતુ હું મારા ખુદાનો નાશુક્ર બંદો બનવા જતો હતો અને અલ્લાહે મને પેલા લારીવાળાનો ભેટો કરાવીને સીરાતે મુસ્તકીમ ઉપર લાવી દીધો. તેના આ આંસુ છે. મેં વિચાર્યું કે યા અલ્લાહ ! હું ભૂખ્યો પણ નથી, તારો પેલો બંદો ભૂખ્યો પણ હશે. યા અલ્લાહ ! હું યુવાન છું. તે વૃદ્ધ પણ છે, યા અલ્લાહ ! મારું શરીર મજબૂત છે. તે બિચારો હાડપીંજર જેવું શરીર ધરાવે છે. યા અલ્લાહ ! મારી નોકરી આસાન-ઈજ્જતવાળી છે. તે બિચારો મજૂરી કરે છે. યા અલ્લાહ ! તેનો પગ દુ:ખે છે. તેનાથી ચલાય એવું જ નથી. મારા ઉપર તારી રહમત છે. રીક્ષા પણ બોલાવી શકું છું. યા અલ્લાહ ! મને ચાની ઈચ્છા

નથી. મને સાત આઠ વ્યક્તિઓ ચા માટે ઈજ્જતથી બોલાવે છે. જ્યારે આ બિચારાને ચાની ઈચ્છા પણ હશે, છતાં એને કોઈ ચા માટે બોલાવતું નથી."

આ વિચારોએ મારી આંખો આંસુઓથી ભરી દીધી. મેં નાશુક્રી કરવા બદલ અલ્લાહની માફી માંગી. અલ્લાહને નાશુક્રી ઘણી ના-પસંદ છે. તમારી પાસે જે છે તેનાથી સંતોષ માનો. તમે અગર મજૂરીનું કામ કરતા હોવ તો હાથ-પગ વગરના માણસોને જોઈને અલ્લાહનો શુક્ર કરો. આંખ વગરના આંધળાઓને જોઈને અલ્લાહનો શુક્ર કરો કે તેણે આપણને સલામત અવયવો આપેલા છે. જેથી આપણે કામ તો કરી શકીએ છીએ.

મારા પ્રિય વાચકો ! છેલ્લે એક એવી નેઅમત તમારી પાસે છે તેનો કોઈ બદલો જ નથી બની શકતો કે આપણા અલ્લાહે આપણને મોમીનના ઘેર પેદા કર્યા, આપણે ક્યાં માગવા ગયા હતા ? શું ઈમાનથી વિશેષ કોઈ નેઅમત હોઈ શકે ? આ નેઅમત ઉપર આપણે જેટલું રડીએ તેટલું ઓછું છે. નહીં તો આપણે મંદિરમાં ઘંટા બજાવતા હોત. ઈમાનવાળા ઘરમાં અને એહલેબયતના ચાહકોમાં પેદા કર્યા. હુસૈનના ચાહકોના ઘરમાં પેદા કર્યા. હુસૈનનું માતમ કરવાવાળાઓના ઘરમાં પેદા કર્યા.

શું આ ઓછી મોટી નેઅમત છે ? આપણે ખુદા પાસે માગવા ગયા હતા ? આપણા એક એક અમલનો સવાબ ઞ્ચઆપણને અન્યો કરતાં હજારો ઘણો વધારે મળશે. આ મુદ્દા ઉપર આપણા ખુદા સામે જેટલું રડીએ તેટલું ઓછું છે. આપણા કરતાં નીચેના સ્તરના લોકોને જુઓ.

શુક્રગુજારી ઈમાન છે. નાશુક્રીને અલ્લાહે કૂફ્ર સાથે સરખાવી છે.“વલઈન કફરતૂમ" જો તમે કુફ્ર (નાશુક્રી) કરશો અમારો સખત અઝાબ છે.

મારા પ્રિય વાચકો ! હંમેશા શુક્ર કરો, થોડા ઉપર પણ શુક્ર કરો, નાશુક્રીના શબ્દો ભૂલેચૂકેય જીભ ઉપર ન આવવા દો. આ જ આપણા ઈમામોની તાલીમ છે.

**અંબિયા તથા અઈમ્માને માલદારી પસંદ નથી :**

મા-બહેનો પણ પોતાનાથી જે સ્ત્રીઓ પાસે ઓછું છે. તેમને જુઓ, વધારે છે તેમને ન જુઓ. બીજું દરેક વસ્તુને જોવાની પણ એક દૃષ્ટિ છે, પેગંબરે ઈસ્લામ(સલ.)એ ફરમાવ્યું “ગરીબી મારો ફખર છે. ગરીબી મને પસંદ છે." અઈમ્માએ તાહેરીન પણ ગરીબીને પસંદ કરતા હતા. લોકો એમની પાસેથી માગીને દવલત લઈ જતા હતા. હઝરત દુઆ કરો મારો ધંધો જામી જાય. મારી વાડીના ઝાડ ફળ આપતાં થાય, મારી બકરીઓમાં બરકત થાય. વગેરે વગેરે, આ બુઝૂર્ગો માગનારને તરત જ

આપી દેતા. દુઆ કરી દેતા. આપણે આજે પણ તેમની દુઆ અને સદકામાં અનેક વસ્તુઓ પામીએ છીએ. પરંતુ અઈમ્માએ તાહેરીને પોતાના માટે માલદારી પસંદ નથી કરી.

કોઈ નબીએ કે કોઈ ઈમામે મહેલ બનાવ્યો હોય એવું કદી સાંભળ્યું છે ? હરગિઝ નહિ. ઈમામો પોતાના મુસલ્લા નીચેથી સોનાની ગીનીઓ કાઢીને બીજાઓને આપતા હતા.

જનાબ મુસે કાઝિમ (અલ.)નો એક મોઅજેઝો પ્રખ્યાત છે. તે સમયની ઝૂપડીમાં રહેતી એક મોઅમેના ઓરતના છોકરાને ત્યાંના સ્થાનિક બાદશાહની છોકરી સાથે શાદી કરવી હતી. બંને મા-બેટા ઈમામની ખિદમતમાં દુઆ માટે આવ્યાં. ઈમામ જાણતા હતા કે બાદશાહ આ ગરીબ પાસે સોના-જવાહિરાતની શરત મૂકશે. જે પૂરી ન થતાં બાદશાહ આ મોમીન છોકરાને પોતાની બેટી આપશે નહિ. ઈમામે બંને મા-દીકરાને કહ્યું કે જાઓ થોડી ઈંટો લઈ આવો. આખી પણ લાવજો, અડધી પણ અને ભાગેલાં ઈંટોડાં પણ લાવજો. મા-દીકરાં તે પ્રમાણે લઈ આવ્યાં. ઈમામે કપડું ઢાંકીને દુઆ કરી દીધી. ઈમામે કહ્યું "જાઓ રાજા પાસે જઈને છોકરીની માંગણી કરો. તે સોનું માગશે ત્યારે આ બધું જ આપી દેજો. એમ જ થયું. બાદશાહે ફકીર સમજી સોનાની

ઈંટોની માંગણી કરી. મોમેના અને તેના દીકરાએ પેલી બધી જ ઈંટો આપી દીધી. તે બધું જ સોનું હતું. બાદશાહે મજબૂર થઈને પોતાની બેટી પેલા છોકરાને નીકાહમાં આપી. એક ઘણી લાંબી કહાનીનો ટૂંકસાર રજૂ કર્યો છે."

હવે કીતાબ જલાલુલ ઓયુનમાંથી શેહઝાદીએ કોનૈનની એક ઘટનાનું વર્ણન કરું છું. આવી ઘટનાઓ વર્ણવવાથી મારો હેતુ એ છે કે કોમના ગરીબો એમ ન સમજી લે કે માલદારો પાસે વધુ દવલત છે, તો ખુદા તેમનાથી વધુ રાજી છે. ગરીબાઈ-તંગીને બૂરી વાત ન સમજે. એક વખત સહાબાએ કિરામે પેગંબર (સલ.)ની સમક્ષ ગરીબાઈ અને તંગીની ફરીયાદ કરી, તો પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું :

"મારી ઉમ્મતના ગરીબો માલદારો કરતાં પાંચસો વર્ષ વહેલા જન્નતમાં જશે."

માલદાર સહાબા નારાજ થયા, કે યા રસુલુલ્લાહ ! દુઆ કરો કે અમે પણ એમની સાથે જ જન્નતમાં જઈએ. તો પેગંબરે (સલ.) એ શરત મૂકી, ફરમાવ્યું:

"જો તમે તમારા માલમાથી અલ્લાહના રસ્તામાં ખર્ચ કરતા રહેશો. ગરીબો સાથે નમ્રતાથી પેશ આવશો. તો તમો પણ તેમની સાથે જ જન્નતમાં જશો."

મારી મા-બહેનો કહેશે કે જનાબે ફાતેમા (સલ.)ની દરેક ઘટના ચક્કી પીસવાથી કેમ શરૂ થાય છે, એમ પણ થાય કે એક જ ઘટનાને વારંવાર તો રજૂ કરવામાં નથી આવતી, ના એમ નથી. દરેક ઘટના નવી જ છે,

તો સમજી લો કે ઈસાની છઠ્ઠી સદીના જમાનાની આ વાતો છે. અત્યારે આપણે ઈસાની ૨૧મી સદીમાં દાખલ થયાં છીએ, તે સમયે અનાજ દળવાની આ મશીની ચક્કીઓ ન હતી. વીજળીનું આ સુખ (નેઅમત) ન હતું. તમે આ વીજળી માટે કદી શુક્ર અદા કર્યો છે ? સ્ત્રીઓ કૂવેથી પાણી ખેંચતી, દરરોજ હાથથી ચક્કી પીસ્તી, મજૂરો, નોકર, ચાકર તથા ઘરની વ્યક્તિઓ વગેરે દરેકનો રોટલીઓ માટે દરરોજ જ હાથથી ઘંટી-ચલાવી દળવું પડતું. અરબસ્તાનમાં તે સમયે લગભગ સવાર-સાંજ રોટલીનો રીવાજ હતો. તેથી ડબલ લોટ દરરોજ વપરાતો, જવ ઘઉંથી થોડુંક હલકુ અનાજ ગણાતું, સસ્તા મળતા, તે જવ દરરોજ જ દળવા પડતા. ગરીબો જવ જ ખાતા. ઈસાની અઢારમી સદીના અંતમાં આ મશીની ચક્કીની શોધ થઈ. આજથી બસો વર્ષ પહેલાં સમજી લો. આપણા વડવાઓએ પણ આ જ ઘંટીમાં ઘેર દળીને લોટનો ઉપયોગ કર્યો છે.

હવે વિચારો કે નબીની બેટી અને ઈમામની જવઝા એવાં સૈયેદા ફાતેમા (સલા.) જેમના બાપ અને શહવર ચોવીસ કલાક દીનની તબ્લીગમાં લાગેલા હોય, જેમને ત્યાં દરરોજના માણસો મેહમાન તરીકે આવતા હોય, તેમને તો લોટની કેટલી જરૂર પડતી હશે ? અને મારે મજબૂર થઈને લખવું પડે છે કે મદીનાની જિંદગીમાં પેગંબર પોતાના મેહમાનો માટે મોટે ભાગે બેટીને ત્યાંથી વ્યવસ્થા કરતા. પોતાની પત્નીઓ પાસેથી નહિ. કારણોમાં નથી જતો, કોઈક વખત જઈશ.

સ્ત્રીઓ મોટાભાગે દરરોજ ફજર પહેલાં કે ફજરમાં જ દળી લેતી. પરંતુ જયાં મેહમાન આવી જાય અથવા લોટ ઘટવાનો ભય હોય તો બપોરના પણ બિચારી ઓરતોને દળવું પડતું.

હઝરત સલમાન ફરસી (રઝિ.) કોઈક કામે જનાબે ફાતેમા (સલા.)ના ઘરે આવ્યા. જોયું તો જનાબે સૈયેદા જવ દળી રહ્યાં છે. પીસવાના કારણે આપના બંને હાથોમાં (આંતર) છાલાં પડી ગયાં છે. નજીકમાં જ એક ખૂણામાં ઈમામ હુસૈન ભૂખના કારણે મા પાસે ખાવાનું માગી રહ્યા છે. રડી રહ્યા છે.

હઝરત સલમાન કહે છે કે હું આ દૃશ્ય જોઈને બેકરાર થઈ ગયો. પરેશાન થઈ ગયો. મેં હઝરત સૈયેદા (સલા.)ને વિનંતી કરી કે ફીઝ્ઝા છે છતાંય

આપ આટલી તકલીફ શા માટે ઊઠાવો છો ? આ જવ દળવાનું કામ ફીઝ્ઝા પાસે કેમ નથી કરાવતાં! અય સલમાન ! મારા પિદર બુઝૂર્ગવારે મને ફીઝ્ઝાને આપતી વખતે તાકીદ કરી હતી કે ઘરનું કામ એક દિવસ ફિઝ્ઝા કરશે અને એક દિવસ મારે કરવાનું રહેશે. આ રીતે આજે ઘરનું કામકાજ કરવાની વારી મારી છે. સલમાન કહે છે કે મને રડવું આવી ગયું. પછી મેં વિનંતી કરી કે હું પણ આપનો (પેગંબરનો) આઝાદ કરેલ ગુલામ છું. હું હુસૈનને રમાડવા લઈ જઉં અથવા જવ પીસી દઉં. જનાબે સૈયેદાએ કહ્યું કે હુસૈન મારા વગર છાનો નહીં રહે. માટે લો આપ જવ પીસો. હું હુસૈનને બેહલાવું છું. થોડાક જવ પીસાયા હશે કે મસ્જિદથી અઝાનની અવાજ આવી. મેં વિચાર્યું કે નમાઝ પઢીને આવું છું. પછી બાકીના જવ પીસી નાખીશ, આમ વિચારી હું મસ્જિદમાં આવ્યો.

નમાઝ પછી હઝરત સલમાને હઝરત અલી (અલ.)ને એમના ઘરની પરિસ્થિતિથી વાકેફ કર્યા. કહ્યું કે મારે હજી ઘણા જવ પીસવાના બાકી છે. હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું "તમે રાહ જુઓ હું ઘરે જઈને આવું છું" થોડીક જ વારમાં હઝરત અલી (અલ.) હસતા હસતા પરત આવ્યા, મેં હસવાનું કારણ પૂછયું તો ફરમાવ્યું "હું ઘરે પહોંચ્યો, જોયું તો જનાબે સૈયેદા તો થાકીને સૂઈ

ગયાં છે. હુસૈન એમના સીના ઉપર આરામ કરી રહ્યા છે. અને ચક્કી કોઈ ચલાવનારનો હાથ નજર આવ્યા વગર બરાબર ચાલે છે. અને જવ પીસાઈ રહ્યા છે."

હઝરત અલી (અલ.)નું આ વર્ણન પેગંબર (સલ.)એ પણ સાંભળી લીધું. ફરમાવ્યું કે ' 'યા અલી શું તમને ખબર નથી કે અલ્લાહના કેટલાક ફરીશતાઓ જમીન ઉપર ફરતા રહે છે. તે કયામતના દિવસ સુધી મોહંમદ અને આલે મોહંમદની ખિદમત કરતા રહેશે."

આવા જ પ્રકારની ઘટના હઝરત અબુઝર (રઝિ.) ની જીભથી પણ વર્ણવાયેલ છે. (જલાલુન ઓયુન - પેજ નં. ૧૦૬)

ઈમામ હસન (અલ.) ફરમાવે છે કે, અમારા ઘેર બહારના બધાં જ કામો અમારા પિદરે બુઝૂર્ગવાર હઝરત અલી (અલ.) અંજામ આપતા હતા. જેવી રીતે કે પાણી ભરી લાવવું. બજારની ચીજો ખરીદી લાવવું વગેરે. જયારે ઘરની અંદરના બધાં જ કામો વાલીદહ મોહતરમાં હઝરત સૈયેદા ફાતેમા (અલ.) અંજામ આપતાં હતાં.

મારા યુવાન મિત્રો તથા કેટલાક બુઝૂર્ગો પણ ઘરમાં પત્નીને શાકભાજીની વ્યવસ્થા કરી આપતા નથી. લારીવાળો આવે તેની પાસેથી ખરીદી લેજે. હુકમ છોડે છે. પછી કોઈક કામ અથવા કેટલાક તો એમ

જ રખડપટ્ટી કરવા નીકળી પડે છે. ક્રિકેટ કે રાજકારણની ચર્ચા જેવા ગામગપાટા મારીને ખાવાના સમયે ઘરે આવી પત્નીને પરેશાન કરે છે. શું ફુલાવર સિવાય તને બીજું શાક જ ન મળ્યું. આનાથી શું પેટ ભરાય ? કોઈક વળી તું જાણે છે કે રીંગણ તો મને મુદ્દલ ભાવતાં નથી. એને શું કામ પકાવ્યાં, હું નથી ખાવાનો.

પત્ની બિચારી કહે કે લારીવાળા પાસે બટાકા ડુંગળી રીંગણ સિવાય બીજું કશું જ ન હતું. હું શું કરું ? તમને તો બટાકા પણ ભાવતા નથી. તેથી છેવટે રીંગણ ખરીદ્યું.

આપણા ઈમામો તો પત્નીને બહારની બધી વસ્તુઓ ખરીદીને લાવી આપે. વ્યવસ્થા કરી આપે અને આપણે રખડવા નીકળી પડીએ. પછી ખાવાના સમયે ઘરે આવી પત્નીને દબડાવીએ-તે બિચારી પણ તે જ ખાવાની છે. જે તેણે પકાવ્યું છે. જયારે કે આપણે અઈમ્માની સીરત પઢીએ છીએ તો સીરત પઢવાનો હેતુ શું છે ? સીરત પઢવાનો હેતુ પઢીને અમલ કરવાનો છે.

કીતાબોમાં જનાબે ફાતેમા (સલા.) વિશે સેંકડો કિસ્સાઓ છે. એક વખત આપ કામ કરીને ખૂબ થાકી ગયાં. ઈમામ હસન અને ઈમામ હુસૈન (અલ.) ખાઈ શકે એટલું ખાવાનું હતું. તે બંને બચ્ચાઓને ખવડાવી દીધું. પછી પોતે ફાકાથી

રહ્યાં. દીલમાં વિચાર આવ્યો કે બાબાને ફિરયાદ કરું કે બાબા આપણી આવી હાલત ક્યાં સુધી રહેશે ? એમ વિચારી નમાઝમાં લાગી ગયાં. આપ ઈબાદતમાં મશગુલ હતાં ને પેગંબર (સલ.) આપના ઘરમાં દાખલ થયા. નમાઝ પૂરી કરી પેગંબર (સલ.)થી સલામ દુઆ કરી. પરંતુ કોઈ ફિરયાદ ન કરી શક્યાં. હઝરત સૈયેદા પોતે જ વર્ણવે છે કે મેં વિચાર્યું કે મારા બાબા આખો દિવસ દીનના કામોમાં - ઈસ્લામની તબ્લીગમાં, અને જેહાદના કામોમાં ચિંતિત રહે છે ને વળી હું તેમના દીલને વધારે બેચેન કરું ? જેથી મેં હસતાં હસતાં બાબાના ખબર પૂછયા, બાબાએ મને ખબર પૂછતાં ફરમાવ્યું,“બેટા તું કેમ છો ?" હઝરત ફાતેમા (સલા.) એ કહ્યું “બાબા મજામાં છું. હસન અને હુસૈન જમીપરવારી રમે છે. અને અલી કંઈક કામની તલાશમાં નીકળ્યા છે."

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું,“બેટા ! તું ભલે તારા હૃદયની હાલત મારાથી છુપાવે, આ તારી દીને ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામ પ્રત્યેની હમદર્દી છે. ખુદાથી મહબ્બતની નિશાની છે. પરંતુ બેટા ! મને ખૂબ ખબર છે કે “તું ભૂખી છો" આમ કહી મારા બાબાની આંખોના આંસુ હું સ્પષ્ટ જોઈ શકી. મેં મારો ચેહરો નીચો કર્યો. મારાથી મારા બાબાની

આંખોના આંસુ ન જોઈ શકાયાં. હું પણ એકદમ રડમશ જેવી થઈ ગઈ.

તરત જ આપ (સલ.) સ્વસ્થ થયા. મને ફરમાવ્યું : "બેટા તારા મુસલ્લાની જમણી બાજુનો ખૂણો ઊંચો કર" મેં બાબાની આજ્ઞાનું પાલન કર્યું. જોયું તો આશ્ચર્યનો પાર ન રહ્યો, મેં સોનાની ગીનીઓનો ખજાનો જોયો."

આપ (સલ.)એ ફરમાવ્યું "બેટા તારે જેટલું સોનું જોઈએ તેટલું લઈ લે."

હું બેઈખ્તીયાર રડી પડી, પછી કહ્યું "બાબા, હું મારા ખુદાથી રાજી છું. મને આ સોનાની કોઈ જરૂરત નથી."

પછી મારા બાબાએ મને ડાબી તરફનો મુસલ્લાનો ખૂણો ઊંચકવા કહ્યું. મેં ઉચક્યો, જોયું તો ચાંદીનો અપાર ખજાનો જોયો. બાબાએ ફરમાવ્યું."બેટા ! તારે જેટલી જોઈએ તેટલી ચાંદી લઈ લે." હું ફરીથી રડી પડી, મેં કહ્યું "બાબા આ શું ? ખુદા મારી કસોટી કરી રહ્યો છે ?" ફરમાવ્યું "બેટા અલ્લાહે મારી ઉમ્મત જન્નતમાં જાય તે માટે મારી, તારી અને તારા શોહરની અને તારા બેટાઓની (હસન હુસૈન અને તેમની અવલાદોની) જિંદગીની કુરબાની માગી. મેં તે કબૂલ કરી લીધી. તેના બદલામાં અલ્લાહે મારી ઉમ્મતને બક્ષી દીધી છે. માટે તું સબર કર.

અનકરીબ ખુદા આ તકલીફોના બદલામાં આપણને એવી નેઅમતો આપશે, જે નેઅમતો ન કોઈ આંખે જોઈ હશે, ન કાને સાંભળી હશે, ન કોઈના હૃદયમાં તેમના વિશેનો ખ્યાલ ગુજર્યો હશે."

હઝરત ફાતેમા (સલા.) ફરમાવે છે મેં મારા માથા પરના કપડાના છેડા વડે ચહેરો ઢાંકી દીધો કે મારા બાબા મને રડતી જોઈ વધુ ન રડે, છતાંય હું જોઈ શકી કે આપ (સલ.) રડતા રડતા ઊભા થયા. મારા માથા ઉપર હાથ મૂક્યો. અને ઘરની બહાર નીકળી ગયા.

મારી મા-બહેનો ! આ તે ફાતેમા (સલા.) છે. જેમના નામ માત્રના ઉલ્લેખથી આપણાથી રડી પડાય છે. કેટલી ચિંતા હતી પેગંબરને, આ ઉમ્મતની, અને તેની બક્ષિસની, પેગંબરે પોતાની યુવાની અને સમગ્ર જીવન આપણા માટે ખર્ચી નાખ્યું. અલી અને ફાતેમાએ તો પોતાના બાળપણને પણ આ ઉમ્મત માટે કુરબાન કરી દીધું. આપ લોકો આગળ વાંચશો કે અલી કિશોર હતા અને કિશોરાવસ્થામાં રસૂલેખુદા સાથે એટલા માટે રહેતા કે મક્કાના જાલીમોના છોકરાઓ આપ (સલ.)ને પથ્થર મારીને ભાગી જતા હતા તેમને રોકે. ઈમામ હસન (અલ.) અને હુસૈન (અલ.) એ પણ પોતાના જાન અને માલ બધાની કુરબાની

આપી. આ ઉમ્મતને જહન્નમમાં જતી બચાવી લીધી. ઈમામ હુસૈન (અલ.) ફરમાવે છે કે મારા નાનાજાને પોતાના ખુદાથી અમારા ચાહકોની બક્ષિશનો વાયદો લીધો છે. અમે પણ અમારા ચાહકોની બક્ષિસ વગર જન્નતમાં નહીં જઈએ.

મારા પ્રિય વાચકો ! વિચારો આપણે એક એવી ઉમ્મત છીએ, જેમને પેટ ભરીને જમ્યા પછી પણ નમાઝ અઘરી લાગે છે, રોઝા અઘરા લાગે છે. ઈબાદતોથી દીલ ચોરાવીએ છીએ. આ ઉમ્મત હઝરત ફાતેમા (સલા.)ના ખૂન અને ફાકાથી બની છે.

બહેનો ! અમ્ર બિલ મઅરૂફ તમારી ફરજ છે કે જયારે કોઈ પણ પ્રસંગે એકત્ર થાઓ તો દીનની દઅવતનું કામ કરો. શાદીમાં ભેગી મળો તો પણ એકબહેન બીજી બહેનને તબ્લીગ કરે, ભલાઈનો હુકમ આપે, બુરાઈથી રોકે, બેહતરીન તરીકાથી નરમાશથી પોતાને પણ એટલી જ ગુનેહગાર માનીને. કદી કોઈ પણ વ્યક્તિને એવું ન લાગે કે આ મને ઉદ્દેશીને વાત કરે છે. બલ્કે વાતનો અંદાજ અને ઢંગ એવા પ્રકારનો હોય કે સાંભળનારને ગમી જાય. જો તમે સાચા દીલથી બીજાને તબ્લીગ કરશો. સાથે તમારા ખુદાથી પણ તમારો સંબંધ બરાબર હશે તો ઈન્શાઅલ્લાહ ! તમારી વાતો  સાંભળનાર કે તમારા લખાણને

વાંચનારના હૃદયને સ્પર્શી જશે ! અસર કરશે. તમે દીલના ગમની વાતો કરતા હોવા જોઈએ.

બાત જો દીલસે નીકલતી હૈ, અસર કરતી હૈ,
બે પર, મગર તાકતે પરવાઝ રખ્તી હૈ.

તેને પાંખો નથી છતાં તેની ઉડવાની તાકત છે. તમારા દીલના ગમની વાતો અગર કલમથી લખાયેલી હશે અથવા જીભથી કહેવાઈ હશે. તો તે વાતો પાંખો વગર પણ હજારો કિલોમીટર દૂર મિનિટોમાં પહોંચી જશે. શરત છે કે તમારો સંબંધ તમારા ખુદા સાથે બરાબર હોય.

પ્રિય વાચકો, આપણા ઈમામોની તાલીમ આ હતી કે દુનિયા દારૂલ અમલ છે. અમલનું ઘર છે. દુનિયા જન્નતની ખેતી છે. અમલના બીજ અહીં રોપવાના છે. પાક મૃત્યુ પછી લણવાનો છે.

**સહાબાનો સમાજ એક આદર્શ સમાજ હતો :**

બહેનોની એક આદત તરફ તેઓનું ધ્યાન દોરવું જરૂરી સમજું છું. જયારે તમે કોઈ પ્રસંગે ભેગી મળો છો ત્યારે એકબીજાની જણસો જુઓ છો. તેમના ઘાટ - (બનાવટ) જુઓ છો. કપડાં જુઓ છો. અને મોટાભાગે આ જ વાતોમાં તમારો કિંમતી સમય બરબાદ કરી નાખો છો. મારા હેરીંગનો ઘાટ નથી સારો. મને તો પહેલેથી જ નથી ગમતો. બસ પછી નવા નવા ઘાટ તમને લલચાવવા પબ્લીક સમક્ષ મૂકવામાં આવે છે.

ભાંગતૂટ - ઘસારો વગેરેમાં રૂપિયા સોના સાઠ થઈ જાય છે. આપણને મૂર્ખ બનાવવામાં આવે છે. તમારી શક્તિ મુજબની જરૂરી જણસો તમો બનાવો. તો કંઈ બુરું નથી, સંકટ સમયે કામ લાગે. જણસ એવી બનાવો કે ઘડાઈનો ખર્ચ ઓછો લાગતો હોય. જેથી જયારે વેચવાનો વખત આવે ત્યારે ઓછામાં ઓછું નુકસાન થાય.

બીજી એક વાત જયારે તમો શાક બનાવો તો થોડોક સોરબો (રસ) વધારે બનાવો. જેથી તમારી આસપાસ કોઈ ગરીબ હોય અથવા કોઈ ફકીર આવે તો તેને આપી શકાય. એક સહાબી પોતાના પત્નીને કહે છે કે તું સાલનમાં રસો વધારે બનાવ્યા કર. જેથી અતરાફમાં ગરીબોને ઘેર મોકલી શકાય. તેમના પત્નીએ કહ્યું “અજી એમ કરવાથી સાલનની લિઝઝત જતી રહેશે - સ્વાદ બગડી જશે." સહાબીએ કહ્યું કે,“ભલે લિજઝત બગડી જાય. તું જાણે છે અલ્લાહતઆલા કુર્આને શરીફમાં ફરમાવે છે કે કાફિરોને બે કારણોસર આગની ઝંઝિરોમાં જકડીને સજા કરવામાં આવશે. ઈમાન નહીં લાવવાના કારણે અને ગરીબોને ખાણું નહીં ખવડાવવાના કારણે. આપણે ઈમાન તો લઈ આવ્યાં. જેથી આપણી અડધી ઝંઝિરો તો તૂટી ગઈ, હવે અડધી બાકી છે તે પણ તૂટી જાય."

સહાબાનો સમાજ એક આદર્શ સમાજ હતો.

મદીનાના એક મહોલ્લામાં એક સહાબી બજારથી બકરીની એક મૂંડી ખરીદી લાવ્યા. ઘેર આવ્યા તો પત્નીએ કહ્યું કે "આજનું ખાવાનું તો છે. તમે કહેતા હોય તો હું આપણા પાડોશીના ઘેર મોકલી દઉં. શક્ય છે કે તેઓ જરુરતમંદ હોય." પાડોશીના ઘેર મૂંડી મોકલી દીધી. અડધા પોણા કલાક પછી તેમના બીજી દિશાના પાડોશી તરફથી તે જ મૂંડી તેમના ઘેર પરત આવી. ગોળાકાર ફરીને એક ઘેરથી બીજા ઘેર એમ પોતાના પાડોશીને વધારે જરુરતમંદ સમજી મોકલતા રહ્યા. અહીં સુધી કે તે જ ઘેર મહોલ્લો ફરીને પાછી આવી. આવા તો પ્રકાર પ્રકારના પ્રસંગો તેમના સમાજમાં બનતા આવ્યા છે. આ તો એક નમૂનો રજૂ કર્યો છે.

"સદકે બલા દૂર" હદીસ પ્રખ્યાત છે. તે સિવાય મિત્રોને, સગાંસંબંધીઓને ભેટસોગાદ પણ આપતા રહેવું, મહોબ્બતમાં વધારો કરે છે. અલ્લાહની ખુશનુદીનો સબબ છે. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ વિશે કહેતી હોય છે "એ તો બહુ ભોળા, એમને કશુંજ ભાન નહિ. કેટલું બધું આપી દે" આ અકલમંદ બહેન, આ વાત ભૂલી જાય છે કે તમારા "એ"ની સખાવત અલ્લાહની રહમત ખેંચી લાવવાનો સબબ બને છે.

કેટલીક બહેનોની આદત હોય છે કે પતિ સાંજે કામ પરથી થાકેલો પાકેલો ઘેર આવે કે ઘરમાં દાખલ થતાંની સાથે જ આઠ-દસ કલાકની બધી જ ઘટનાઓ ઓકી નાખે છે. આવો કાગળ આવેલો છે. લો વાંચો. તમારી બહેન આવી હતી. તે લોકો ઘેર લડવા આવ્યાં હતાં. આપણા પડોશીએ આપણી તરફ પાણીની નીક કાઢી છે. હું તો કશું જ ન બોલી બા. પાછા તમે કહેશો કે લડાઈ લાવે છે. આ રીતે પતિના ગુસ્સામાં વધારો કરે છે. પતિને પાણી પીવડાવો, ચા પીવડાવો, સ્નાનાદિથી પરવારી ફ્રેશ થવા દો, પછી ખાવાનું પણ ખાઈ લેવા દો. શાંતિથી કોઈ ટપાલ, સંદેશો, કે સમાચાર એવા સુંદર ઢંગથી આપો કે તે જરૂરતથી વધારે ગુસ્સો ન કરી બેસે, લડાઈ-ઝઘડાની કોઈ ખરાબ પરિસ્થિતિ ઊભી ન થાય.

તે વ્યક્તિને હું ઓળખું છું. ઘટના મારી દૃષ્ટિ સમક્ષ બનેલી છે. જે હળ ચલાવીને સખત ગરમીમાં બપોરના બે વાગ્યે ઘેર આવ્યો. પત્નીને સામા ઘરના માણસો સાથે ઝઘડો થયો હતો. ઘરમાં દાખલ થતાંની સાથે તેણે પતિને પાણી પણ પીતાં પહેલાં જ ઉશ્કેરી દીધો. પતિએ ઘરમાંથી છરો લીધો. સામેવાળાનું ખૂન થઈ ગયું. તે પતિ ચૌદ વર્ષની જેલ કાપીને આજે વૃદ્ધ થયો છે. આ જેલવાસ દરમ્યાન બાળકોની તાલીમો તરબીયત

મદ્દ્સો - સ્કૂલ કોર્ટ ધક્કા વગેરે નાણાંનો વ્યય વગેરેનું નુકશાન જેનાથી આખી એક પેઢી બરબાદ થઈ જાય છે. અગર પાડોશીનો થોડો ત્રાસ સહન કરી લીધો તો એ થોડું નુકશાન છે. ઝઘડો, ગુસ્સો કે ત્યારબાદની પરિસ્થિતિના મુકાબલામાં.

મારી શાળાની એક ઘટના કંઈક આવી જ બની છે. બપોરની રીસેસના સમયે એક છોકરાએ પોતાની સાથે બેઠેલા છોકરાની ચોપડી ફડી નાંખી. શિક્ષકને જાણ થાય એટલામાં રીસેસ પડી ગઈ. બાળકો ઘેર ગયાં. પેલા છોકરાએ પોતાની માને ફરીયાદ કરી, ત્યાં તો એનો પતિ ખેતરથી કાંટા-બાવળ વગેરે સાફ કરીને ઘેર આવ્યો. ઘરમાં દાખલ થતાંની સાથે જ પત્નીએ પતિને વાત કરી. તે ગુસ્સામાં સીધો સ્કૂલે આવ્યો. હું તો મસ્જિદે નમાઝ અદા કરવા ગયો હતો. પેલા છોકરાને ઢોલ-ધપાટ કરી, વળી સંતોષ ન થયો તો વર્ગમાં દાખલ થઈ તેની ચોપડી પણ ફડી. હું મસ્જિદની બહાર આવ્યો. તો સો છોકરાંનું ટોળું જોયું. યા અલ્લાહ ! મારી નાખ્યા, કંઈ તોફન છે. તું રહેમ કરજે. બાળકોને સાંભળ્યા. હું ઝડપથી શાળામાં દાખલ થયો. હજી રીસેસ પૂરી થવાને પંદર મિનિટ બાકી હતી. મેં બેલ લગાવીને વિદ્યાર્થીઓને વર્ગોમાં દાખલ કરી દીધા. કેટલાક રમતીયાળ વિદ્યાર્થીઓ અન્યોને દબડાવતા હતા. કે તમે શા માટે મસ્જિદે

ગયા. જેથી આપણી રીસેસ બેકાર થઈ. સાહેબ શાંતિથી વાતો કરતા  કરતા આવત ત્યારે ખબર પડવાની જ હતી ને. આ બધું નાટક જોઈ હું મુશ્કુરાતો હતો. મેં વિચાર્યું કે આ ઘટના ગામમાં જાય તે અગાઉ એનો હલ થઈ જાય તો બે કુટુંબો લડી ન પડે. મેં પેલા ચોપડી ફડી જનાર-શાળામાં તોફન મચાવી જનાર વાલીને બોલાવ્યો. તરત જ આવ્યો. તેને પણ હવે એહસાસ થયો હતો કે તેણે ખોટું કર્યું છે. મેં કહ્યું કે કુતરું કરડી ખાય છે તો આપણે કૂતરાને બચકું ભરીએ છીએ ? તે વ્યક્તિ સવાર કઈ રીતે બને જે ઘોડા પરથી પડે જ ના. આ તો બાળકો છે. તૂટે, ફૂટે, ચોપડીઓ ફટે ત્યારે તો ભણાય. બાળકે તો બાળક બુદ્િધથી ચોપડી ફડી ને તમે તો બુદ્િધનું દેવાળું કાઢયું.

વાલીએ પોતાની ભૂલ કબૂલી. સાહેબ,"હું ખેતરથી થાકેલો પાકેલો ઘેર આવ્યો. હજી તો પાણી પણ પીધું ન હતું ને મારી પત્નીએ આ વાત કરી. જેથી મારી બુદ્િધ બહેર મારી ગઈ." તેણે જે છોકરાને થપ્પડ મારી હતી તેના માથે હાથ ફેરવ્યો. મને કહ્યું "સાહેબ હું દૂકાનેથી બે ચોપડીઓ ખરીદીને મોકલું છું. એક મારા છોકરા માટે અને એક આ છોકરા  માટે."

જો આ બહેન પોતાના પતિને શાંતિથી હાથ-મોં ધોઈ. ખાઈ લીધા પછી આ વાત કરત તો આવી

પરિસ્થિતિનું સર્જન ન થાત. ને જો મેં દરમ્યાનગીરી કરી પરિસ્થિતિ થાળે ન પાડી હોત તો બે કુટુંબો બેકાર વાતમાં બે પાંચ રૂપિયાના નુકસાનમાં લડી પડત.

હવે એક સહાબાના જમાનાની ઘટના વર્ણવું છું કે ઈસ્લામે કેવી આદર્શ સ્ત્રીઓ તૈયાર કરી હતી. તેનો ખ્યાલ આવે. એક નવયુવાન સાહાબીયા ખાતુનને સાત આઠ વર્ષનો એક પુત્ર હતો. પતિ છેલ્લા છ મહિના થયા જેહાદમાં ગયા હતા. તે દરમ્યાન કુદરત સંજોગે પુત્ર ગુજરી ગયો. પતિને કલેમતુલ્લાહની બુલંદી-તબ્લીગે દીનના કામમાં કોઈ ગમ ન પહોંચે, તે માટે આ ઓરત પોતાના પતિ જે દિશામાં જેહાદ માટે ગયા હતા તે દિશામાં જનારા વેપારી કાફલાઓને પણ કહી આવતી હતી કે આ સમાચાર મારા પતિ સુધી ન પહોંચે. તેમના દીલને ગમ ન પહોંચે.

છેવટે પતિ જેહાદમાંથી આવ્યા. ઓરતે પતિ માટે ખાવાનું બનાવ્યું. તૈયારી કરી. ઘરમાં આવતાં જ પૂછયું "બાબો ક્યાં છે" આમતેમ રમતો હશે. તમે પ્રથમ નાહી-ધોઈ જમી લો. નાહી કપડાં બદલ્યાં, શાંતિથી જમ્યા. કહેતા હતા કે છેલ્લા બે સમયથી તો અમે ખાવાનું પકાવ્યું ન હતું. કે હવે ઘરે જઈ જ રહ્યા છીએ, તેથી આમ તેમ નાસ્તો કરી ચલાવી લીધું હતું.

ત્યારબાદ પત્નીએ કહ્યું કે,“મારે તમને એક મસઅલો પુછવો છે" કહ્યું “પુછ" પત્નીએ પુછયું “જો કોઈ વ્યક્તિની અમાનત આપણી પાસે હોય અને તે માગે તો આપણે આપી દેવી જોઈએ કે રોકકળ કરીને આનાકાની કરવી જોઈએ."

પતિએ કહ્યું “આ તો વળી કંઈ પૂછવાની વાત છે રોક્કર કેવી કરવાની, ખુશીખુશી તેની અમાનત તેને આપી દેવી જોઈએ."

પત્નીએ કહ્યું “બસ, તો સાંભળો, આપણો પુત્ર અલ્લાહની એક અમાનત હતો. તેણે આપણને આપ્યો હતો, તે તેણે લઈ લીધો છે."

આ કેટલી ધીરજવાન પત્ની હશે. બુદ્ધિશાળી પણ. સહાબીને દુઃખ તો પહોંચ્યું પણ હળવેથી.

નબીઓ અને ઈમામો ઈન્સાનને સાચા અર્થમાં ઈન્સાન બનાવવા માટે દુનિયામાં આવે છે. ઈન્સાફ પસંદ, પ્રમાણિક, વિવેકી બનાવવા માટે આવે છે, તેમનું મિશન ઈન્સાનની જિંદગીના બધા જ પાસાંઓને આવરી લે છે.

# પ્રકરણ : ૧૦

# ઈસ્લામના મોઅજેઝા

## હઝરત અલી (અલ.)

કુર્આન મજીદની જેમ જનાબ અલી (અલ.) પણ ઈસ્લામના ઘણા મોટા જીવંત મોઅજેઝા છે.

*વ ઈન કુન્તુમ ફી રયબીમ મિમ્મા નઝ્ઝલના અલા અબ્દેના ફઉતુ બેસુરતીમ્ મિમ્મીસલેહી, વદઉ શોહદાઅકુમ મિનદુનીલ્લાહે ઈન્કુન્તુમ સાદેકીન. ફઈલ્લમ તફઅલુ વલન તફઅલુ ફત્તકુન્નારલ્લતી વ કુદોહન્નાસો વલહેજારતો ઉઈદ્દત લીલ્કાફેરીન.* (સુરહ બકરહ આયત - ૨૩, ૨૪)

“અને જો તમને તે વસ્તુમાં શક છે, જે અમે અમારા બંદા ઉપર ઊતારી છે. તો તમે તેના જેવી એક જ સુરા રચી લાવો, અને અલ્લાહના સિવાય તમારા જે કોઈ મદદગારો હોય તેમને પણ બોલાવી લાવો. (તેમનાથી આ સુરા બનાવવામાં મદદ લો.) જો તમે સાચા હોય પરંતુ જો તમે એમ નથી કરી શકતા અને કદી કરી શકશો પણ નહિ. તો તે આગથી બચો, જેનું બળતણ આદમી અને પથ્થર છે. જે ઈન્કારીઓ માટે તૈયાર રાખેલી છે.”

તફસીરકારોએ લખ્યું છે કે ખુદા એમ કહે છે કે જો તમોને તે વસ્તુમાં જે ખુદાએ હઝરત રસૂલે ઈસ્લામ ઉપર નાઝિલ કરી છે શંકા છે કે આ

અલ્લાહની તરફથી નથી, બલ્કે ઈન્સાને બનાવેલી છે. તો તમે પણ એવી વસ્તુ બનાવી લાવો.

જે સમયમાં કુર્આનમજીદ ઊતર્યું તે સમયમાં અરબસ્તાનમાં ગદ્યપદ્ય લેખનશૈલીની ખૂબ ચર્ચા હતી. તો આ રસૂલ જેણે દુનિયાની કોઈ વ્યકિત પાસેથી ઈલ્મ ન શીખ્યું હોય, જેનો ઉસ્તાદ અલ્લાહ રબ્બુલ ઈજ્જત હોય, આવા પેગંબરનું એલાન કરીને કહેવું કે આ કુર્આન જેવી એક સુરા બનાવી લાવો, અને આ માટે આ લોકોનું વિવશ રહેવું, કુર્આનના અલ્લાહ તરફથી નાઝિલ થવાની શ્રેષ્ઠ દલીલ છે.

સુરા કુર્આનના એક ભાગને કહેવાય છે. કુર્આનની મોટામાં મોટી સુરા બકરહ છે. અને નાનામાં નાની સુરા નસ્ર, સુરા કૌસર અને સુરા અસ્ર છે. જેમાં ફક્ત ત્રણ ત્રણ આયતો છે.

અલ્લાહે આમ ફરમાવ્યું "તમે કદીપણ કરી શકશો નહિ" આ કુર્આનનો ઘણો મોટો મોઅજેઝો છે કે આજે સદીઓ વીતી ગઈ, અરબસ્તાન અને બીજા દેશોમાં મોટા મોટા વિદ્વાનો સાહિત્યકારો, અને કવિઓ થઈ ગયા, પરંતુ કુર્આનનો મુકાબલો કોઈ કરી શકયું નહિ. સુરા કસસ, સુરા બની ઈસરાઈલ, સુરા હુદ, અને સુરા યુનુસમાં પણ કહેવામાં આવ્યું કે ફક્ત એક સુરા જ બનાવી લાવો. સાથે એ પણ કહેવામાં આવ્યું કે આ કામે અગર સર્વે મનુષ્યો

અને જીન્નાતો ભેગા થઈ જાય તો પણ કુર્આનની બરાબરીનું એક વાક્ય પણ નથી બનાવી શકતા. (તફસીરે વહીદી - પેજ નં. ૬)

*"અમ યુકુલુનફ તરાહો, કુલ ફઉતુ બેસુરતીમ મિસ્લેહી વદઉ મનીસ્તતઅતુમ મિનદુનીલ્લાહે ઈન કુન્તુમ સાદેકીન"* (સુરા યુનુસ, આયત ૩૮)

"શું આ લોકો કહે છે કે કુર્આનને પેગંબરે પોતે ઘડી કાઢ્યું છે. તો અય પેગંબર ! તમે તેઓને કહો કે જો તમે તમારા દાવામાં સાચા છો તો એના જેવી એક સુરત બનાવી લાવો. (તમે પણ અરબીભાષી છો.) અને ખુદા સિવાય જેને પણ આ કામે મદદ માટે બોલાવી શકતા હોય, બોલાવી લાવો."

સૂરએ બની ઈસરાઈલમાં ફરમાવ્યું.

*કુલ લએનીજ તમઅતીલ ઈન્સો વલજીન્નો અલા અય્યાઅતુ બેમિસ્લેહી હાઝલ કુર્આને લાયાઅતુન બે મિસ્લેહી વલઉ કાન બાઅ્ઝોહુમ લે બાઅ્ઝીન ઝહીરા.* (સુરએ બની ઈસરાઈલ આયત - ૮૮ )

"અય રસૂલ ! તમે એ લોકોને કહી દો કે તમામ ઈન્સાનો અને જીન્નાતો ભેગા થઈને આ કુર્આન જેવું બીજું બનાવી લાવો, તો પણ તેના જેવું હરગિઝ લાવી શકશે નહિ. પછી ભલેને તેઓ એક બીજાના મદદગાર થાય તો પણ."

આ આયતની તફસીરમાં લખ્યું છે કે કુર્આનમાં એક જગ્યાએ નહિ પણ અનેક જગ્યાએ ચેલેંજ

કરવામાં આવી છે કે બધા એકત્ર થઈને પણ એક સુરા કુર્આનના જેવી બનાવી લાવો. લાખો કરોડો લોકો તે વખતે પેગંબરે ઈસ્લામ (સલ.) ના વિરોધી હતા. ઉપરાંત ભાષાકીય રીતે વિદ્વાન અને સમૃદ્ધ હોવાનું ગુમાન રાખતા હતા. શએર શાઈરીના પણ શોખીન હતા. પરંતુ તેઓ એક નાની સુરા પણ બનાવી શકયા નહિ. ભલે તે જમાનાને જવા દો, આજે ચૌદસો વરસ વીતી ગયાં. કુર્આનના અબજો, ખરબો વિરોધીઓ ગુજરી ગયા. પરંતુ કોઈપણ આ કાર્ય કરી શકયા નહિ, કે કુર્આન જેવી એક સુરા પણ બનાવી લાવે તો પછી આનાથી વધુ સ્પષ્ટ અને શ્રેષ્ઠ દલીલ શું હોઈ શકે કે કુર્આન અલ્લાહનું કલામ છે. (તફસીરે વહીદી પેજ નં. ૧૧૯)

*"મા નઝ્ઝલના અલા અબ્દેના"* નો શું અર્થ થાય છે ?

અલ્લાહતઆલા ફરમાવે છે કે

*અફલા યતદબ્બરુનલ કુર્આન.* (સુરા નિસા આયત ૮૨)

"તો શું તેઓ કુર્આન ઉપર ચિંતન મનન નથી કરતા ? !!

બીજી જગ્યાએ અલ્લાહે ઉપર કરતાં પણ વધુ સખ્તાઈપૂર્વક ઈરશાદ ફરમાવ્યો.

*“અફલા યતદબ્બરૂનલ કુર્આન અમ અલા કોલુબીન અકફાલોહા”* (સુરા મોહમંદ - આયત - ૨૪)

“શું તેઓ કુર્આનના અર્થો ઉપર ચિંતન-મનન નથી કરતા ? (તેનું કારણ) શું તેઓના હૃદય પર તાળાં લાગેલાં છે ?

આટલા જ માટે દરેક વ્યક્તિની ફરજ છે કે કુર્આને પાકને ઉપર છલ્લી દ્રષ્ટિથી - સમજ્યા વગર ન પઢે. ચિંતન - મનન કર્યા વગર એની આયતો ઉપર ફક્ત દ્રષ્ટિ ન ફેરવી લે. પરંતુ દરેક વ્યક્તિ પોતાની ઈલ્મી કાબેલીયત પ્રમાણે દરેક શબ્દ પર ચિંતન-મનન કરે, પોતાની ઈલ્મી યોગ્યતા પ્રમાણે દરેક વિષયને સમજવાની કોશીશ કરે, અને પોતાની ઈલ્મી પાત્રતા દ્વારા તેની બારીકીઓ તથા તેના ભેદો સુધી પહોંચવાની કોશીશ કરે.

અમે જે પ્રથમ આયાત રજૂ કરી છે તેમાં પણ મનન કરવાની જરૂર છે. કે અલ્લાહે “મા નઝ્ઝલના” શા માટે ફરમાવ્યું ? “ફિ હાઝલ કિતાબ” - (આ કીતાબમાં) કેમ ન કહ્યું ? “ફિલકુર્આને” (કુર્આનમજીદમાં) કેમ ઈરશાદ ન ફરમાવ્યો ? અલ્લાહનું કોઈપણ કાર્ય હિકમતથી ખાલી નથી હોતું. બલકે બુદ્ધિ અને શિખામણથી ભરપુર હોય છે. તેની કોઈ વાત આપણી

ભલાઈથી પર નથી હોઈ શકતી. સાથે સાથે તેની કોઈ પણ વાત નિરર્થક પણ નથી હોઈ શકતી.

તો આનુ શું કારણ છે કે ખુદાએ ઉપરોક્ત આયતમાં “આ કીતાબમાં” એવો શબ્દપ્રયોગ ન કર્યો. ન “કુર્આન” શબ્દપ્રયોગ કર્યો. ન “ફૂરકાન” શબ્દ પ્રયોગ કર્યો. જો કે કુર્આને પાકમાં કેટલીયે જગ્યાએ “કીતાબ” શબ્દપ્રયોગ કરેલો છે. કેટલીયે જગ્યાએ “કુર્આન” કહ્યું છે. કેટલીયે જગ્યાએ “ફૂરકાન” લખ્યું છે. કુર્આનમજીદના વિષયમાં જ્યાં જ્યાં અલ્લાહે પડકાર ફેંક્યો તો સ્પષ્ટ ફરમાવી દીધું “ઈન કુન્તુમ ફી રયબીન ફી હાઝલ કીતાબ” અર્થાત જો તમને આ કીતાબમાં કોઈ શક હોય અથવા ફરમાવ્યું “ઈન કુન્તુમ ફી રયબીમ મીનલકુર્આન અર્થાત જો તમને કુર્આનમાં કોઈ શક હોય” , તો તેનો ઉદ્દેશ પુરો થઈ શકયો હોત. બધા જ લોકો સમજી શકત કે અલ્લાહતઆલા ફક્ત કુર્આનમજીદના મોઅજેઝો હોવાનું એલાન કરે છે. પરંતુ આવા પ્રકારની વાક્યરચનાથી હટીને એક સામાન્ય શબ્દ પ્રયોગ કર્યો છે. “મા નઝઝાલના અલા અબ્દેના” અર્થાત “અમે અમારા બંદા પેગંબર (સલ.) ઉપર જે નાઝિલ કર્યું છે, જે ઊતાર્યું છે. આવો શબ્દ પ્રયોગ અપનાવવા આ વાતની સાબિતી રૂપ છે કે

ખુદાના કહેવાનો અર્થ આ નથી, ફક્ત કુર્આન જ મોઅ્જેઝો છે. જો ફક્ત કુર્આનજ મોઅ્જેઝો હોત તો પેગંબરે ઈસ્લામ (સલ.) ની હદીસે સકલૈન "ઈન્ની તારીકુન ફી કોમુસ્સકલૈન" ગલત સાબિત થાત કારણ કે તેમાં ખુદાના જ હુકમથી પેંગબર (સલ.) એ ઈરશાદ ફરમાવ્યો છે.

"ઈન્ની તારીકુન ફીકુમ મા ઈનતમસ્સસકુમ બેહી લન તઝીલ્લુ બાઅ્દી અહદહોમા અઅ્ઝમો મિનલ આખરે કીતાબુલ્લાહે હબ્લુન મમ્દુદુન મિનસ્સમા ઈલલ અર્ઝે વ ઈતરતી અહલો બયતી વલન યતફર્રક હત્તા યરેદા અલય્યલ હૌઝા ફન્ઝુરુકયફ તખલોફૂની ફીહેમા." (રવાહુલ તિરમિઝિ, મિશ્કાત ભાગ-૮ પેજ નં. ૩૩)

ઉપરોક્ત બંને કિતાબો એહલે સુન્નત બિરાદરીની છે.

પેગંબરે ખુદા (સલ.) એ ફરમાવ્યું.

"ચોક્કસ ! ખબરદાર થઈ જાઓ. હું તમારી વચ્ચે બે વસ્તુઓ છોડી જાઉં છું. કે જ્યાં સુધી તમે તેમની તાબેદારી કરતા રહેશો, મારા પછી હરગિઝ ગૂમરાહ ન થશો. તે વસ્તુનો દરેક ભાગ બીજા ભાગ કરતાં મોટો છે. એક ખુદાની કિતાબ જે આસમાનથી જમીન સુધી ફેલાયેલી દોરી છે. અને બીજો ભાગ મારી અવલાદ જેઓ અહલેબયત

છે. તે બંને એકબીજાથી કદીપણ અલગ નહીં થાય, અહીં સુધી કે મારી પાસે હૌઝેકોસર પર પહોંચી જાય. હવે જોઉં કે તમે લોકો મારા પછી તેમની સાથે કેવો વર્તાવ કરો છો."

આથી માલુમ પડે છે કે કુર્આનમજીદ અને એહલેબયત એક બીજાથી હરગિઝ અલગ થશે નહિ. આ જુદા ન થવાનો શું મતલબ થાય છે ? શું બંનેનો દરેક રીતે સાથે અને એક જ દરજ્જામાં રહેવાનું સ્પષ્ટ નથી થતું ? મતલબ બંનેનો મરતબો પણ સરખો જ છે. બંને દરેક જમાનામાં સાથે રહેશે. બંને દરેક જગ્યાએ સાથે રહેશે. બંને દરેક કામમાં સાથે રહેશે. બંને દરેક દરજ્જામાં સાથે રહેશે. બંને દરેક ફઝીલતમાં સાથે રહેશે. બંને તાલીમમાં પણ સાથે રહેશે, દરેક તબ્લીગમાં સાથે રહેશે, બંને ઈસ્લામના અજોડ અને અદ્વિતીય મોઅ્જેઝા હોવામાં પણ સાથે રહેશે, બંને ઈમાનની મજબૂત દલીલ હોવામાં પણ સાથે રહેશે. અને બંને ખુદાની દરેક ખિદમત અંજામીમાં પણ સાથે રહેશે, આ જ મતલબને પણ હઝરત રસૂલે ખુદા (સલ.) એ પોતાની બીજી હદીસોમાં પણ વારંવાર ઈરશાદ ફરમાવ્યો છે જેમાં જો ચિંતન-મનન કરવામાં આવે તો સ્પષ્ટ પરિણામ આવશે કે "માનઝઝલના અલા અબ્દેના" થી અલ્લાહના ઈરશાદનો હેતુ ફક્ત કુર્આનમજીદ નથી

જે ખામોશ કુર્આન છે બલ્કે હઝરત અલી (અલ.) પણ છે જે બોલતું કુર્આન છે.

દ્રષ્ટાંતરૂપે નીચેની હદીસનો અભ્યાસ કરીએ.

અન ઉમ્મે સલમા કાલત સમીઅ્તો રસુલુલ્લાહે યકુલો અલીય્યુન મઅલ કુર્આને વલકુર્આનો મઅ અલીય્યીન લાયફ્તરેકાને હત્તા યરેદા અલય્યલ હૌઝ (સવાઈકે મોહર્રેકા પ્રકરણ - ૧૧, પેજ નં. ૧૦૯)

હઝરત રસુલ્લાહ (સલ.)ના પુનીત પત્ની અને ઉમ્મતના મોહતરમ મા ઉમ્મે સલમા ફરમાવે છે કે મેં સાંભળ્યું રસુલુલ્લાહ (સલ.)ની જીભ મુબારકથી કે

"અલી કુર્આનની સાથે રહેશે, અને કુર્આન પણ હંમેશા અલી (અલ.)ની સાથે રહેશે, આ બંને એકબીજાથી અલગ નહીં થાય, અહીં સુધી કે મારી પાસે હૌઝે કૌસર ઉપર પહોંચી જાય.

અર્વિચિન સમયમાં દુનિયામાં હજારો કીતાબો એવી છે જે રસુલુલ્લાહ (સલ.)ની હદીસોથી ભરપુર છે. જેની ગણતરી કરવી મુશ્કેલ કાર્ય છે. આ બધી જ હદીસોનું એક વ્યક્તિની દ્રષ્ટિમાં આવવું પણ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. છતાંય જેટલી શકય હોય તેટલી હદીસો પઢી લો, ઉપરોક્ત હદીસ જેવી કોઈ હદીસ રસૂલુલ્લાહે ન પોતાની કોઈ બીવી માટે ફરમાવી છે. ન તો કોઈ

સહાબી માટે. ન તે લોકોની ફઝીલતમાં જેઓને રસુલુલ્લાહ (સલ.)ના પ્રથમ, બીજા અને ત્રીજા ખલીફા માનવામાં આવે છે.

પછી શું કારણ છે કે એહલેબયત અને કુર્આનના વિષયમાં અથવા કુર્આન અને હઝરત અલી (અલ.)ના વિષયમાં આવા કલામ ઈરશાદ ફરમાવ્યા, જે સૂરજની જેમ ચમકદાર છે. જેમાં કુર્આન અને એહલેબયત અથવા કુર્આન અને હઝરત અલી (અલ.) નો ચોલી-દામનનો સાથ છે. બલકે એનાથીયે વધીને. જેવી રીતે કાગળનું એક પાનુ સમજી લો, જેની એક તરફ એક પેજ ગણાશે અને બીજી તરફ બીજું પેજ ગણવામાં આવશે. બિલકુલ એવી જ રીતે હિદાયતનું એક પેજ કુર્આન અને એહલેબયત છે અથવા કુર્આન અને હઝરત અલી (અલ.) છે કે એક પેજ કુર્આન છે. બીજું પેજ એહલેબયત.અથવા એક પેજ કુર્આન છે બીજું પેજ જનાબ અલી (અલ.). આ જ કારણથી પેગંબરે ઈસ્લામે જનાબ અલી (અલ.)ના વિષયમાં તે પ્રખ્યાત હદીસ પણ ઈરશાદ ફરમાવી જે હદીસ ન પોતાની કોઈ બીવી માટે ફરમાવી, ન કોઈ સહાબીની તારીફમાં, ન કોઈ એવી વ્યક્તિની ફઝીલતમાં જેમને રસૂલુલ્લાહ (સલ.)ના પહેલા અને બીજા ખલીફા માનવામાં આવ્યા, જનાબ

શાહ અબ્દુલઅઝીઝ દહેલવી સાહેબે પણ કબૂલ્યું કે

હદીસ દહુમ "રહેમલ્લાહો અલીય્યન અલ્લાહુમ્મા અદેરીલ હક્ક મઅહુ હયસો દાર"

દસમી હદીસ આ છે કે "ખુદા અલી (અલ.) ઉપર પોતાની રહમતો નિરંતર નાઝિલ કરતો રહ્યો છે. અય ખુદા ! તું હકને તે તરફ ફેરવતો રહેજે, જે તરફ અલી ફરે." આ હદીસને પણ એહલે સુન્નત હઝરાત માથે ચઢાવે છે, અને કબૂલ કરે છે. (તોહફએ ઈશ્ના અસરીયા પ્રકરણ સાત પેજ નં. ૩૪૩)

આ વાત ખૂબ જ મહત્ત્વની છે કે આ હદીસ દ્વારા પેગંબરે ઈસ્લામે મુસલમાનોને કેટલી મોટી હિદાયત કરી છે અને રસૂલુલ્લાહ (સલ.)એ અલ્લાહથી આ દુઆ કરીને જનાબ અલી (અલ.) ની ફઝીલતમાં ચાર ચાંદ લગાવી દીધા છે. આ હદીસ ચિંતન-મનન કરવા યોગ્ય છે.

# પ્રકરણ : ૧૧

# હઝરત અલી (અલ.)નો દરજ્જો કુર્આનમજીદથી પણ વધારે છે.

કારણ કે હઝરત રસૂલેમકબુલ (સલ.) એ આમ નથી ફરમાવ્યું.

"અલ્લાહુમ્મા અદીર અલીય્યન મઅલ હક્કે હયસો દાર" અર્થાત

અય અલ્લાહ ! તું અલી (અલ.)ને બરાબર હકની તરફ ફેરવતો રહે જે જે તરફ હક ફરે."

બલકે હકના જ વિષયમાં દુઆ ફરમાવી કે "જે જે તરફ અલી (અલ.) ફરે, તે તે તરફ તું હકને પણ ફેરવી દે."

આ બંને વાતોમાં આસમાન જમીનનો ફરક છે, જો રસુલે ઈસ્લામ (સલ.) એમ ફરમાવત કે ખુદાયા અલી (અલ.) ને હકની સાથે ફેરવી દે તો એનાથી શંકા ઊભી થાય કે હઝરત અલી (અલ.) કદીક હકની તરફ હશે, અને કદીક બાતીલની તરફ પણ થઈ જશે. ખુદાથી એ જ વાતનો સવાલ કરવામાં આવે છે જે થતી નથી, અથવા જે થાય છે પરંતુ તેના નષ્ટ થઈ જવાનો ભય હોય છે. પરંતુ હઝરત અલી (અલ.) નું હકથી એક સેકન્ડ માટે પણ અલગ થવું અસંભવ છે. નામુમકીન છે. અશકય છે. તો રસૂલે ઈસ્લામ (સલ.) પણ આ

નિરર્થક દુઆ કેમ કરત ? હઝરત અલી (અલ.) તો એટલી ઉચ્ચ કક્ષાએ હકની સાથે હતા કે તેનાથી અલગ થવાનો ખ્યાલ પણ કોઈના હૃદયમાં ન ગુજરે. જેવી રીતે રસૂલે ઈસ્લામ (સલ.) પોતાની પેદાઈશથી વફાત સુધી ૬૩ સાલની ઉંમરમાં એક સેકન્ડ જેટલા સમય માટે પણ હકથી અલગ નથી થયા. એક ઘડી, સેકન્ડના નાના ભાગ જેટલા સમય માટે પણ બાતીલનો સંબંધ હઝરતની સાથે નથી થઈ શકયો. વાળ બરાબર પણ આપ (સલ.)નો કદમ હકથી કદી ડગમગ્યો નથી. બિલકુલ એવી જ રીતે રસૂલના નફ્સ અલી (અલ.) પણ એક પલક ઝપકવા જેટલા સમય માટે પણ હકથી અલગ નથી થયા. કારણ કે અલી નફ્સે રસૂલ છે - એક જ આત્મા બે ખોળિયાં. જેથી હઝરત અલી (અલ.) માટે હકથી એક સેકન્ડ જેટલા સમય માટે જુદા થવું શકય જ નથી. બંને એક જ પલ્લામાં છે, નૂરમાં પણ બંને એક, હકમાં એક, અને હિદાયતમાં પણ એક.

## હઝરત અલી (અલ.) નું નફ્સે રસૂલ હોવું

અલ્લાહતઆલાએ તો કુર્આનમજીદમાં હઝરત અલી (અલ.)ને નફ્સે રસૂલ કહ્યા જ છે. સ્વયં રસૂલે ઈસ્લામે પણ આ વાતનું એલાન ફરમાવી દીધું.

એક વખત લોકોએ રસૂલુલ્લાહ (સલ.)ને પૂછવાનું શરૂ કર્યું કે આપને સૌથી વધુ કોની સાથે મોહબ્બત છે. જે ઉત્તર યોગ્ય લાગ્યો, રસૂલે ઈસ્લામે ફરમાવ્યો. લોકોએ ઘણા વખત પ્રશ્નો કર્યા પરંતુ રસૂલે ઈસ્લામે આમ ન ફરમાવ્યું. કે મને અલી (અલ.)થી સૌથી વધુ મહબ્બત છે. ત્યારે સહાબીએ શું કર્યું ? સાંભળો, સાંભળવા જેવા સવાલ-જવાબ છે.

"કૂલતો યા રસૂલલ્લાહ ફઅયના અલીય્યુન ફલતફત ઈલા અસહાબેહી ફકાલ ઈન્ન હાઝા યસાઅલુની અન નફસે" (કિતાબ એહલે સુન્નત કંઝુલ અમ્માલ ભાગ-૬ પેજ નં ૪૦૦)

મેં વિનંતી કરી કે અય ખુદાના રસૂલ ! પછી હઝરત અલી (અલ.) માટે શું માનીશું ? શું આપના હૃદયમાં તેમના માટે સૌથી વધુ પ્રેમ નથી?!! આ પ્રશ્ન સાંભળીને રસૂલે ખુદા પોતાના બીજા સહાબાઓ તરફ ફર્યા અને ફરમાવ્યું. "આ સાથીની અક્કલ ઉપર વિચાર કરો, આ મારાથી મારા નફસના વિષયમાં જ પ્રશ્ન કરી રહ્યો છે કે તે મને સૌથી વધુ વહાલો છે કે નથી ?

હઝરત રસૂલે ઈસ્લામના પોતાના આ ઉત્તરમાં વિદ્વતાનો ઉચ્ચ દરજ્જો દેખાઈ રહ્યો છે. ઉત્તરમાં ચમત્કારીત્વ ટપકી રહ્યું છે કે પેલા સહાબીના વારંવારના પ્રશ્ન કરવા પર પણ એમ ન

ફરમાવ્યું કે અલી (અલ.)ને  હું સૌથી વધારે ચાહું છું. કારણ કે તેઓ તો હઝરતના નફસ જ હતા. જેથી તેમના માટે તો કોઈએ પૂછવાની જરૂર જ નથી. કોઈપણ અકક્લમંદ વ્યક્તિ આવો પ્રશ્ન તો પૂછી શકતો જ નથી કે આપ (સલ.)ને આપનો નફસ સૌથી વધુ વહાલો છે કે નથી ? એટલા જ માટે અલી (અલ.)ના વિષયમાં પણ આ બાબત ન પૂછો. કારણ કે તેઓ તો હઝરતના નફસ જ છે.

ટૂંકમાં એમ કહી શકાય કે અલ્લાહે જે આમ ફરમાવ્યું છે. "મા નઝઝલના અલા અબ્દેના" થી મતલબ ફક્ત કુર્આનમજીદ જ નથી, પરંતુ આપના એહલેબયતે ખાસ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) પણ છે. જેમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે "અમોએ જે અમારા બંદા ઉપર ઊતાર્યું છે

જનાબ અલી (અલ.) કુર્આન નાતીક અને કુર્આનમજીદ કુર્આન સામત છે.

નાતીક એટલે બોલતું કુર્આન અને સામત એટલે ખામોશ કુર્આન.

જનાબ અલી (અલ.) સ્વયં કુર્આનમજીદ જ છે. બલકે એનાથી પણ વધીને આપનો દરજ્જો છે. અમે નથી કહેતા બલકે હઝરત અલી (અલ.) એ પોતે જ ફરમાવ્યું છે અને તે નકલ કરવાવાળા

મોટા મોટા ઓલમા છે. એહલેસુન્નતની અગ્રગણ્ય ગણાતી વ્યક્તિઓ છે.
હઝરાત એહલેસુન્નતના ઉચ્ચોચ્ચ ગણાતા આલીમ જનાબ શાહ વલીયુલ્લાહ સાહેબ દેહલવી તથા એવા જ ઉચ્ચોચ્ચ અગ્રગણ્ય ગણાતા અલ્લામા દહરે પણ સ્પષ્ટ લખી દીધું છે.
શાહ વલીયુલ્લાહ સાહેબ કીતાબ તોહફએ ઈશ્ના અશરીયાના લેખક જનાબ શાહ અબ્દુલ અઝીઝ દહેલવીના પિતાશ્રી છે.
*"હઝરત મુરતઝા ફરમુદ કે ઈ કુર્આન સામત અસ્ત વ મન કુર્આન નાતકમ."* (ઈઝાલતુલ ખોલફા ભાગ-૧ પેજ નં. ૧૯૩)
હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ ફરમાવ્યું કે (તમારા હાથોમાં) જે કુર્આનમજીદ છે. આ કુર્આન સામત છે. (ખામોશ કલામે ખુદા) અને હું કુર્આન નાતીક છું (બોલતું કલામે ખુદા છું)
કુર્આનમાં તો સુરા છે. (પ્રકરણો છે) હઝરત અલી (અલ.) માં સુરા ક્યાં છે ?
અગર કોઈ સંદેહ કરે કે ખુદાએ તો સર્વ મનુષ્યોને એલાનીયા ફરમાવ્યું છે કે જો કુર્આનમજીદના કલામે ઈલાહી હોવામાં જો તમને શક હોય તો એની એક સુરા જેવી સુરા તમે પણ બનાવી લાવો, જો "મા નઝઝલના અલા અબ્દેના" થી

મુરાદ હઝરત અલી (અલ.) પણ છે તો કહેવું પડશે કે કુર્આનમજીદની જેમ જ તેઓમાં પણ ઘણા બધા સુરા હતા. અને હઝરતના કોઈ એક સુરાનો પણ જવાબ નથી બની શકતો. તો આ સંદેહને દૂર કરવા માટે આ વાત સમજવી પડશે કે કુર્આનમજીદની સુરાઓથી મતલબ તેના કાગળના તે પેજો નહી ગણાય. પરંતુ તે ભાગ છે જેમાં ખુદાના હુકમો, એમાના હિદાયતના મકસદો અને ઈરશાદે ઈલાહી છે.

એવી જ રીતે હઝરત અલી (અલ.)ના કુર્આન નાતીક હોવાનો મતલબ આ નથી કે હઝરતના શરીર મુબારકના ટૂકડા કે અવયવો હઝરતના સુરાઓ છે. પરંતુ હઝરતની તે શકિતઓ છે, જે ઈસ્લામની હિમાયતમાં ખર્ચી. હઝરતની તે દિમાગી કાબેલીયત (બુદ્ધિ ચાતૂર્ય) છે જે દીને હકના ફેલાવામાં વપરાઈ. હઝરતના તે ઈલ્મી કમાલાત (ઈલ્મી વિશેષતાઓ - ઈલ્મી ચમત્કારો - ગુણો) છે જે આજદિન સુધી કુર્આનમજીદની જેમ લોકોને ફાયદો પહોંચાડી રહ્યા છે. આ ઈલ્મી કમાલાતો અજોડ અને અવર્ણનીય છે. હઝરતની આ રૂહાની શકિતઓ (આધ્યાત્મિક શકિત) જે ઉચ્ચ દરજાના રસૂલો અને અંબિયા અલયહિસ્સલામ સિવાય કોઈનામાં પણ જોવામાં આવતી નથી. હઝરતની ઈબાદત અને રિયાઝતના

(રિયાઝત = તપસ્યા, ઈન્દ્રિય નિગ્રહ, મહેનત, શ્રમ) તે નમૂનાઓ છે જે આજદિન સુધી કોઈનામાં ન જોવામાં આવ્યા, ન સાંભળવામાં આવ્યા. હઝરતની તે શ્રેષ્ઠતા, અને ખૂબીઓ છે જેને મીટાવવાની લાખો ઈન્સાનોએ કોશીશો કરી છતાંય સૂર્યના પ્રકાશની જેમ ઝગમગે છે. હઝરતની તે નૂરાનીયત, રૂહાનીયત અને જલાલતે (પ્રતાપ-તેજ) ન માલૂમ લોકોને કેટલા બધા સ્તબ્ધ કરી દીધા, આશ્ચર્યચકિત અને હક્કાબક્કા કરી દીધા કે તેઓ આ પણ નક્કી ન કરી શક્યા કે હઝરત બશર છે કે ખુદા - ઈન્સાન છેકે અલ્લાહ - જેવી રીતે કે નુસૈરીઓ.

મતલબ ખુદાએ અલીમ વ હકીમે જેવી રીતે કુર્આન મજીદના મામલામાં વિશ્વની તમામ ઈન્સાનિયતને - જીન અને ઈન્સ, બંનેને ચેલેન્જ કરીને લલકાર્યા કે આ કુર્આનના મામલામાં એ મારૂં કલામ છે તે બાબતમાં જો તમને કોઈ શક હોય - સંદેહ હોય તો એના કોઈ સુરાની જોડ તમે રજૂ કરો. એના જેવી કોઈ આયત પણ રજૂ કરો. બીલકુલ આ જ રીતે કુર્આન નાતીક હઝરત અમીરૂલ મોઅેમન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ના મામલામાં વિશ્વની બધી જ ઈન્સાનિયતને - જીન અને ઈન્સ સર્વેને ચેલેંજ કરીને લલકાર્યા કે જો તેઓના દરજ્જા અને

મરતબાના મામલામાં તમને કોઈ શક કે સંદેહ હોય તો તેના જેવો, તેમની પ્રતિકૃતિ, તેમના સમાન કોઈ હોય તો બતાવો, કોણ હતો અથવા કોણ છે ? રજૂ કરો.

જો તેમના સમાન - એકરૂપ નથી બતાવી શકતા તો તેઓના કમાલાતનો (ઈલ્મી શક્તિઓનો, ઈલ્મી ચમત્કારોનો, ગુણોનો) કોઈ એક ભાગ ધરાવનાર વ્યક્તિ રજૂ કરો, બતાવો, ઉદાહરણ રૂપે.

(૧) હઝરત અલી (અલ.) જેવી ફઝીલતો કોને પ્રાપ્ત થઈ છે ?

(૨) જેવી રીતે હઝરત અલી (અલ.) નો ઝિક્ર ઈબાદતમાં ગણાય છે એવી રીતે કોઈ બીજી વ્યક્તિનો ઝિક્ર પણ ઈબાદતમાં ગણાતો હોય તો બતાવો.

(૩) હઝરત અલી (અલ.)ની શ્રેષ્ઠતા વર્ણવતી જે હદીસો વર્ણવાય છે તેવી હદીસો કોઈના માટે પણ બતાવી શકો છો ?

(૪) હઝરત અલી (અલ.) એ જેવી રીતે બહાદુરી બતાવીને - મુજાહેદો કરીને જે ફઝીલતો પ્રાપ્ત કરી તેવી ફઝીલતો કોઈને પ્રાપ્ત થઈ છે ?

(૫) શ્રેષ્ઠતાઓ અને રૂહાની ચમત્કારોના દરજ્જામાં એમનાથી અગાઉ થઈ ગયેલા લોકો આપ (અલ.)થી બોં મારી ગયા ? અથવા આપના

પછી વિશ્વની કોઈ વ્યક્તિ આપ સુધી પહોંચી શકી ?

(૬) શું હઝરત અલી (અલ.)ના ફઝાઈલ અગણિત નથી ? તો પછી બીજી કોઈ વ્યક્તિના ફઝાઈલ અગણિત છે ? બતાવો.

(૭) જનાબ અલી (અલ.) નો જે રૂહાની ચેહરો છે તે અન્ય કોઈનો નથી.

(૮) જનાબ અલી (અલ.) દરજજામાં બુઝુર્ગીમાં, પ્રતિષ્ઠામાં સંપૂર્ણ અને વ્યાપક હતા. બીજું કોઈ હતું ?

(૯) હઝરત અલી (અલ.) જેવું ઉચ્ચોચ્ચ વ્યક્તિત્વ કોઈનું પણ નથી.

(૧૦) જેવી ઈલ્મી શ્રેષ્ઠતાઓ હઝરત અલી (અલ.)ની છે. તેવી બીજા કોઈની છે ?

(૧૧) જેવી રીતે હઝરત અલી (અલ.) બધા જ સહાબામાં આઅલમ હતા, બીજું કોઈ હતું ?

(૧૨) જનાબ અલી (અલ.) ને કુર્આનનું જેવું ઈલ્મ હાસિલ હતું, બીજા કોઈને પણ હતું ?

(૧૩) જનાબ અલી (અલ.) ને તૌરાત અને ઈન્ઝીલનું જેવું ઈલ્મ પ્રાપ્ત થયું હતું તેવું ઈલ્મ બીજા કોઈને પણ હતું ?

(૧૪) હઝરત અલી (અલ.)ને કુર્આનની તફસીરનું જે ઈલ્મ હાસિલ હતું. તેવું ઈલ્મ બીજા કોઈને પણ હતું ?

(૧૫) જનાબ અલી (અલ.)ને ઈલ્મે કિરાઅતનું ઈલ્મ હાસિલ હતું. તેવું બીજા કોઈને હતું ?

(૧૬) હઝરત અલી (અલ.) જેવું ઈલ્મે હદીસ કોઈને પણ હાસિલ હતું ?

(૧૭) હઝરત અલી (અલ.) જેવું ઈલ્મે ફિકહ કોઈને પણ હતું ?

(૧૮) હઝરત અલી (અલ.) જેવું ઈલ્મે ફરાઈઝ કોઈની પાસે પણ હતું ?

(૧૯) હઝરત અલી (અલ.) ને ઉસૂલે દીનનું જે ઈલ્મ પ્રાપ્ત હતું. ત્યાં સુધી કોઈપણ પહોંચી શક્યું?

(૨૦) હઝરત અલી (અલ.) ઈલ્મે કલામ (વાદવિવાદ)ના ઉચ્ચ દરજ્જે હતા. શું ત્યાં સુધી કોઈ પહોંચ્યું ?

(૨૧) હઝરત અલી (અલ.) ને તસવ્વુફનું જે ઈલ્મ હાસિલ હતું તેવું ઈલ્મ કોઈ બીજા પાસે હતું (તસવ્વુફ એટલે અધ્યાત્મવાદ ખુદાની ઓળખ)

(૨૨) હઝરતને ઈલ્મ નહવ (વ્યાકરણ)નું જે જ્ઞાન હતું તેવું બીજા કોઈને હતું ?

(૨૩) હઝરતને ખુશકલામી - વકતૃત્ત્વ-વર્ણનશક્તિનું જે ઈલ્મ હતું તેવું બીજા કોઈને હતું?

(૨૪) હઝરતની પવિત્ર, લાજવાબ કિતાબ નહજૂલ બલાગાહ જેવી કિતાબ કોઈની પણ છે ?

(૨૫) હઝરત અલી (અલ.) જેવો ઈલ્મે શઅેર કોઈને હતો ?

(૨૬) હઝરત અલી (અલ.) માં જેવી હાજરજવાબી હતી તેવી કોઈનામાં મળી શકે છે?

(૨૭) જનાબ અમીર (અલ.)ના ઈલ્મ કિતાબ હોવાનો કોઈ મુકાબલો કરી શકે છે ?

(૨૮) જનાબ અલી (અલ.)ના તઅ્બીરે ખ્વાબનો જવાબ કોઈ પેશ કરી શકતું નથી.

(૨૯) હઝરત અલી (અલ.)ના ઈલ્મે જફરની (એક પ્રકારનું જ્ઞાન જેનાથી ભવિષ્યની વાતો જાણી શકાય) મિસાલ મળવી મુશ્કેલ છે.

(૩૦) હઝરતના ઈલ્મે હિસાબને કોઈ પહોંચી નથી શકતું.

(૩૧) હઝરતના ઈલ્મે હયઅત જેવો ઈલ્મ કોઈને પ્રાપ્ત નથી થયો (હયઅત એટલે તે જ્ઞાન જેમા આકાશી પદાર્થો, પૃથ્વી પરિભ્રમણ અને સૂર્ય, ચંદ્ર, તારા અન બીજા ગ્રહો જે એકબીજાને આકર્ષે છે તેના ઉપર વાદવિવાદ થઈ શકે)

(૩૨) હઝરત અલી (અલ.) ના અમલી ફઝાઈલનો મુકાબલો કોઈ કરી શકતું નથી.

(૩૩) હઝરતના સાદા પહેરવેશનો નમૂનો મળવો મુશ્કેલ છે.

(૩૪) હઝરતે જે સાદા ફર્સનો ઉપયોગ કર્યો છે. જે બીજાઓ ન કરી શકે.

(૩૫) હઝરતના જેવો હલકો ફૂલકો સાદો ખોરાક ભાગ્યે જ કોઈ ખાઈ શકે.

(૩૬) રસૂલના સહાબામાંથી હઝરત અલીની સબરનો (ધીરજ) મુકાબલો કોઈ કરી શકે નહિ.

(૩૭) આપ (અલ.) ની તકવા પરહેઝગારી બેમિસાલ છે.

(૩૮) આપ (અલ.) જેવી નમ્રતા કોઈપણ વ્યક્તિમાં નહીં મળે.

(૩૯) હઝરત અલી (અલ.) જેવી ખુશમિજાજી પણ કોઈનામાં જોવા નહીં મળે.

(૪૦) હઝરત અલી (અલ.) ની નરમદીલીની સિફત કોઈ પણ વ્યક્તિને આકર્ષિત કરી શકતી - આપની સહિષ્ણુતા અને ગંભીરતાનું કોઈ ઉદાહરણ પેશ ન કરી શકે.

(૪૧) આપના જેવો ક્ષમાશીલતાનો ગુણ કોઈ વ્યક્તિમાં ન મળે.

(૪૨) આપમાં રહેલો ખુદાની મખ્લુક સાથેનો પ્રેમ-જેનો જોટો ન મળે.

(૪૩) પ્રજાનો ખ્યાલ રાખવાની એક શાસક તરીકેની ફરજ-જેની મિસાલ ન મળી શકે.

(૪૪) કયદીઓની સાથેનો આપનો વર્તાવ - જેમાં હુદુદુલ્લાહ અને ઈન્સાફની પૂરી તકેદારી હોય તેમાં જરાય ગફલત ન વર્તાય, આ ગુણ અંબિયા અને અવશીયાનો છે. જે બીજાઓમાં હોઈ શકતો નથી.

(૪૫) આપમાં રહેલો સંયમનો ગુણ ભલભલા ધીરજવાનોની ધીરજ ખૂટાવી દેતો.

(૪૬) આપનો હુકુકુન્નાસ - બંદાઓના હકો અદા કરવાનો ગુણ કોઈ પણ વ્યક્તિમાં ન મળી શકે.

(૪૭) આપની ન્યાયપ્રિયતા અજોડ છે.

(૪૮) જનાબ અમીર (અલ.) માં શરમોહયાનો જે ગુણ હતો, તે શું અન્યોમાં જોઈ શકાય છે ?

(૪૯) આપમાં મુસલમાનો માટે જે આત્મસંમાન અને ખુદ્દારીનો ગુણ હતો. તેને કોઈ વ્યક્તિ સમજી પણ ન શકે. આપ કોમી ગયરતને કારણે-ઈસ્લામને કારણે કટ્ટર દુશ્મનોને પણ સાથ આપતા રહ્યા.

(૫૦) જનાબ અમીર (અલ.) જેવું ચાતુર્ય (ફિરાસત) કોઈનામાં ન હતું.

(૫૧) આપની અજોડ યાદશક્તિનો કોઈ મુકાબલો ન કરી શકે.

(૫૨) હઝરત અલી (અલ.) માં જેવી ચપળતા, શીઘ્રતા, સ્ફૂર્તિ હતી, તેવી કોઈ વ્યક્તિમાં નહીં મળે.

(૫૩) આપની સચ્ચાઈનો મુકાબલો કોણ કરી શકે છે ?

(૫૪) આપની ઈમામત જેવી ઈમામત કોઈની નથી હોઈ શકતી.

(૫૫) આપની ખિલાફત જેવી ખિલાફત કોઈની નથી હોઈ શકતી. જે કામિલ રીતે સાબિત હતી.

જે સંપૂર્ણ જાહેર અને સ્પષ્ટ હોવા સાથે કોઈપણ તાવીલ-કષ્ટ કલ્પનાની મોહતાજ ન હતી.

(૫૬) આપમાંં રહેલ તહારત-પકીઝગીની કોઈ જોડ ન મળી શકે.

(૫૭) આપની પાકદામનીની કોણ બરાબરી કરી શકે છે ?

(૫૮) આપના જેવી ઈબાદત કોઈથી નથી થઈ શકતી.

(૫૯) આપની નમાઝ જેવી નમાઝ કોઈની નથી હોઈ શકતી.

(૬૦) આપ રોઝા રાખવામાં ઉચ્ચ સ્થાને છે.

(૬૧) આપના જેવા ઉદાર - દાનવીર કોઈ ન બની શકે.

(૬૨) આપના જેવી મહેમાનનવાઁ કોઈ ન કરી શકે.

(૬૩) સાહિબે રાય - સાચી સલાહ આપવામાં આપ અજોડ છે.

(૬૪) મહેરબાની કરવામાં પણ આપની બરાબરી કોઈ ન કરી શકે.

(૬૫) રાજનીતિમાં આપ નિપૂણતા ધરાવતા હતા.

(૬૬) જનાબ અલી (અલ.) જેવી જિહાદ - નુસરતે દીન કોણે કર્યો છે ?

(૬૭) જનાબ અલી (અલ.)ના જેવો નફ્સ સાથે જિહાદ કોણ કરી શકે છે ?

(૬૮) આપના જેવો દુશ્મનો સાથે જેહાદ કોણ કરી શકે છે ?

(૬૯) આપના જેવા અમ્ર બિલ મઅરૂફનો હક કોણ અદા કરી શકે છે ?

(૭૦) આપ (અલ.) જેવા યુધ્ધના કાયદા કોણે બતાવ્યા છે ?

(૭૧) યુદ્ધના કાળઝાળ મેદાનમાં આપ જેવી બહાદુરી કોણે બતાવી છે ?

(૭૨) હિજરતની રાતે આપે જે કુરબાની આપી તેવી કુરબાની કોઈ આપી શક્યું છે ?

(૭૩) ઈસ્લામની પ્રથમ જંગ બદરમાં આપના જેવી બહાદુરીના દર્શન કોઈ કરાવી શક્યું નથી -

(૭૪) ગઝવએ ઓહદમાં આપની કુરબાની જેવી કુરબાની કોણ આપી શક્યું છે ?

(૭૫) ગઝવએ ખંદકમાં ઈસ્લામને આપે જે રીતે બચાવ્યો. તેનો કોઈ ઈન્કાર કરી શકે છે ?

(૭૬) ગઝવએ ખયબરમાં ઈસ્લામી ફૌઝની જે જીત જનાબ અલી (અલ.) ના હાથો ઉપર થઈ તેવી ફતેહ કોઈ બીજાના હિસ્સામાં આવી શકી ?

(૭૭) જંગે જમલમાં આપની બહાદુરીનું દ્રષ્ટાંત મળવું મુશ્કેલ છે.

(૭૮) જંગે સિફ્ફીનમાં આપની સબ્ર, રવાદારી અને બહુદારીના જે દર્શન થયાં છે તેનો કોઈ ઈન્કાર કરી શકે છે ?

(૭૯) જંગે નહરવાનમાં આપે જે રીતે ઈસ્લામને બચાવ્યો તેવી રીતે ઈસ્લામની કોઈ મદદ કરી શક્યું છે ?

(૮૦) જનાબે અમીર (અલ.)એ પોતાની બધી જંગોમાં જેટલી સંખ્યામાં દુશ્મનોને કતલ કર્યા તેવું કોઈ ઉદાહરણ ઈતિહાસ આપી શકશે નહિ.

(૮૧) આપના જેવી શારીરિક ખૂબસુરતી કોની હતી ?

(૮૨) આપની જેવો ચેહરો મુબારક કોઈનો ન હતો.

(૮૩) આપના જેવો શારીરીક બાંધો કોઈનો ન હતો.

(૮૪) આપના જેવી શારીરીક શક્તિ કોઈની પાસે ન હતી.

(૮૫) આપની તારીફમાં સમગ્ર દુનિયામાં જેટલા કાવ્યો રચાયાં છે. એટલાં કોઈના રચાયાં નથી. આ કાવ્યો અને શેરો રચનારા ફક્ત મુસ્લિમો જ નથી પરંતુ વિશ્વભરના જાતિ-જ્ઞાતિ પેટા જ્ઞાતિઓમાં લાખો બિન મુસ્લિમો પણ છે.

(૮૬) શેરે ખુદા અને મુશ્કીલ કુશા દુનિયામાં કોઈનો લકબ નથી. દુનિયાના લાખો બિન

મુસ્લિમો પણ આપને મુશ્કીલ કુશા કહે છે. બીજા કોઈને મુશ્કીલ કુશા કે શેરે ખુદા કહેવાય છે ?

(૮૭) કાબતુલ્લાહમાં રસૂલના ખભા ઉપર સવાર થઈને બૂતોને તોડનાર આપ જ હતા. છે કોઈ અન્ય ?

(૮૮) દુનિયામાં આપના અગાઉ કોઈની માએ પોતાના ફરઝંદનું નામ હૈદર રાખેલું છે ?

(૮૯) પેગંબરે ઈસ્લામની એકલોતી સંતાન હઝરતે ફાતેમા ઝહરા સલ્લમહા અલયહાના શોહર અને હસન હુસૈનના બાપ રસૂલે ઈસ્લામના ભાઈ અને વસીએ રસૂલ હોવાની બુઝુર્ગી કોને હાસિલ છે ?

(૯૦) આપના જેવું શ્રેષ્ઠ ખાનદાન - જેઓના હાથોમાં હઝરત આદમ (અલ.) થી કાબતુલ્લાહનું મુતવલ્લીપણું ચાલ્યું આવતું હતું. આપના દાદા અબ્દુલ મુત્તલિબ અને આપના વાલીદ મોહતરમ આલી મકામ મોમીને કુરેશ જનાબ અબુ તાલિબ (અલ.) હતા. જેવી ઉચ્ચોચ્ચ ખાનદાની શરાફત આપને હાસલ હતી. બતાવી શકો છો ? આવી શરાફત અને ઈજ્જત કોઈ બીજામાં ?

ઉપરોક્ત નેવું સિફતોની સૂચિ અમે જાતે રજૂ કરી નથી. ન કોઈ શીયા કીતાબથી નકલ કરવામાં આવી છે. પરંતુ અર્વાચીન સમયના એક મહાન એહલેસુન્નત આલિમે પોતાની કિતાબ

“અરજલૂલ મતાલિબ” માં પેજ નંબર અલીફબે ઉપર હઝરત અલી (અલ.) ની તારીફમાં ઉપરોક્ત સૂચી લખી છે. તે જ અમે પણ વર્ણવી છે.

# પ્રકરણ : ૧૨

## જનાબ અલી (અલ.)નો મરતબો શું છે ?

હઝરત અલી (અલ.) ઈસ્લામના જલીલુકદ્ર હીરો છે. જેમનું જીવનચરિત્ર અત્રે અમો આલેખી રહ્યા છીએ. તેઓ ફક્ત મઝહબી પેશ્વા જ નથી. પરંતુ ઈસ્લામી ઈતિહાસનાં સૂર્ય સમાન છે. દુનિયામાં જેટલા મહાપુરુષો ગુજર્યા છે અને જેમના જીવનચરિત્રો સુવર્ણ અક્ષરોથી લખવામાં આવ્યાં છે, તેમાંથી હઝરત અલી (અલ.) ફક્ત એક જ એવા મહાપુરુષ છે જે દરેક વર્ગના મહાપુરુષોથી જુદા તરી આવે છે. બાદશાહોમાં આપ જલાલે ઈલાહીનો તાજ માથા પર પહેરેલા એક ઉચ્ચોચ્ચ સુલતાન દેખાય છે કે જેમના દરબારમાં કૈસર અને કીસરાના (રોમ અને મિસર) બાદશાહોના એલચીઓ અદ્બ સાથે માથું નમાવીને ઊભેલ છે. લડાઈના મેદાનમાં આપ ઘોડા ઉપર સવાર યોદ્ધા છે કે કોઈનામાં હિંમત નથી કે આપનો મુકાબલો કરી શકે. હયદરની તલવારની સામે કોણ આવી શકે છે ? યુદ્ધનાં મેદાનમાં સવારી ઉપર બાંયો ચડાવીને અમર બિન અબ્દવદ્ અને મરહબ જેવા અરબના નામી પહેલવાનોને પછાડીને તેઓને મોતને ઘાટ ઊતારતા દેખાય છે.

મિમ્બરે રસૂલ ઉપર આપ એક એવા વકતા છે કે જેમની વાણી લોકોને દિગમૂઢ કરી દે છે. આપના ખુત્બાનું વહેણ મીઠા પાણીના ઝરણાની જેમ વહેતું દેખાય છે. જે પાણી કયાંયે અટકતું કે ખોટવાતું દેખાતું નથી. તેવો આપનો વાણી પ્રવાહ ચાલુ હોય છે. આપના ખુત્બાઓના એક એક શબ્દ બુદ્ધિશાળીઓની બુદ્ધિને ઝંઝોળે છે. સાંભળનારાઓ આપના મુબારક ચહેરા પરથી એક સેકન્ડ માટે પણ દ્રષ્ટિ હટાવતા નથી. દિગમૂઢ પથ્થર જેવા બની જાય છે. ઈરાક અને બલગાના અરબો આપનો ખુત્બો સાંભળી જોશમાં આવીને કંઈક પૂછવા ઊભા થાય છે પરંતુ પોતાના અસ્તિત્વનું ભાન ભૂલીને બુતની જેમ ઊભાને ઊભા જ રહી જાય છે. પૂછી શકતા નથી.

ઈલ્મના ક્ષેત્રમાં આપનો જોટો જડે તેમ નથી. ઈલ્મમાં આપ એક એવા પ્રોફેસર છે. જેઓ ચેલેંજ કરે છે કે પૂછો મને જે પૂછવું હોય તે, મારા પછી તમને કોઈ ઉત્તર ન આપી શકે. મને તવરેત, ઈન્ઝીલ અને કુર્આન દરેક કિતાબનું જ્ઞાન છે. આપ બની ઈસરાઈલની શરીઅતના રહસ્યો-ભેદો-મર્મો અને બારીકીઓ યુનાની તત્વજ્ઞાનની સાથે બની ઈસરાઈલની ભાષામાં વર્ણવતા દેખાય છે.

દુરવેશીના સ્થાને આપ એક ઘણા જ નમ્ર અને પ્રતિભાશાળી દુરવેશ દ્રષ્ટિમાન થાય છે.

રાજ્યસિંહાસન ઉપર આપ એક શાનોશોક્તવાળા અમીર છે. ન્યાયપ્રિયતામાં આપ નૌશેરવાનથી પણ મહાન છે અને બહાદુરીમાં હજારો રૂસ્તમોથી પણ વધુ બહાદુર છે. સખાવતમાં હાતિમતાઈથી વધુ સખી દેખાય છે.

આવા ઉચ્ચોચ્ચ ગુણોનો માલિક જનાબ આદમ (અલ.) ની અવલાદમાંથી કોઈ પેદા નથી થયો. આવા શ્રેષ્ઠ ગુણોને જોઈને તો નુસેરીઓએ આપને ખુદા માની લીધા. અને સૂફીઓએ તો ખબર નથી શું માન્યા, પરંતુ સત્ય તો આ છે કે

*ઝાતે હૈદર કો કોઈ કયા જાને*

*યા નબી જાને, યા ખુદા જાને*

(અરજલુલ મતાબિત પેજ નં. ૨,૩)

ઉપરોક્ત સંપૂર્ણ રીવાયત મૌલાના અબ્દુલ્લાહ અમૃતસરીની છે. જેઓ એહલે સુન્નતના મહાન આલીમ અને મઝહબી પેશ્વા હતા. જેઓ રામપુર સ્ટેટની મોટી લાયબ્રેરીના ઈન્ચાર્જ હતા. તઓના દરેક વાક્યો ઉપર વિચારશીલ દ્રષ્ટિપાત કરતા જણાશે કે અમોએ આ કીતાબની શરૂઆતથી છેવટ સુધી જે કંઈ લખ્યું છે તે ફક્ત અમારો અભિપ્રાય નથી, બલકે ન્યાયપ્રિય ઓલમાએ એહલે સુન્નત પણ આમ જ કહેતા આવ્યા છે, એટલું જ નહિ પોતાની કિતાબોમાં છપાવીને દરેક

મુસલમાન સુધી પહોંચાડવાની કોશીશ પણ કરતા આવ્યા છે.

ઉપરોક્ત ફકરામાં વિદ્વાન આલિમે આમ પણ કહ્યું છે કે "આવા શ્રેષ્ઠ ગુણો ધરાવનાર કોઈ વ્યક્તિ આદમ (અલ.)ની અવલાદમાં પેદા નથી થયો." અને અમે પણ આમ જ કહીએ છીએ કે પ્યારા નબી હઝરત મોહમંદ (સલ.) સિવાય હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ જેવી કોઈ વ્યક્તિ હઝરત આદમથી લઈને આજદિન સુધી પેદા થઈ નથી અને ન કયામત સુધી પેદા થશે. મુસલમાનોના આલીમો જ ફક્ત આ વાતને અનુમોદન આપતા નથી. બલ્કે ન્યાયપ્રિય ઈસાઈ વિદ્વાનો પણ નિરંતર આ પ્રમાણે લખતા આવ્યા છે.

## ફઝીલત ઉપર વાદવિવાદ

હઝરત અલી (અલ.)ના કમાલાત, વિશેષતાઓ, અજુબાપનની જે સૂચિ કિતાબ અરજલુલ મતાલિબમાંથી અમોએ ઉપર વર્ણવી છે તે કમાલાત - વિશેષતાઓ ઉપર સવિસ્તાર વર્ણન અને દરેક શ્રેષ્ઠતા ઉપર સહી હદીસોનું વર્ણન કરતાં અગાઉ આ વિદ્વાન સુન્ની આલિમે એક પ્રસ્તાવના ફઝીલતોની બહસ (વાદવિવાદ) માં પણ લખી છે. તેમાં વર્ણવાયું છે કે :

ફઝીલતનો અર્થ થાય છે અધિમાન - કોઈ એકને બીજા ઉપર પ્રધાનતા આપવી, પ્રભૂત્વ આપવું, એક વ્યકિતને બીજી વ્યકિત ઉપર કોઈ એક ખાસ ગુણના કારણે અથવા જુદા જુદા અનેક ગુણોને કારણે મહાન માનવી. કારણ કે જ્યારે એમ કહેવામાં આવે કે ઝયદ અમરથી અફઝલ છે તો આનાથી આ સમજમાં આવે છે કે ઝયદને દરેક પ્રકારના ગુણોમાં અમર ઉપર પ્રભૂત્વ પ્રાપ્ત છે. મતલબ કે જે પણ ગુણોમાં બંનેનો મુકાબલો કરવામાં આવ્યો, ઝયદનું પલ્લું ભારી માલૂમ પડશે. જેથી કેટલાકે અફઝલનો પરિચય આ રીતે આપ્યો છે.

અફઝલ તે છે કે જે દરેક પ્રકારની શ્રેષ્ઠતાઓ અને દરેક પ્રકારના ગુણોનો  માલિક હોય. દરેક પ્રકારના જ્ઞાનનો માલીક હોય. દરેક પ્રકારની ઈબાદતોમાં, સદવર્તનમાં, ઉચ્ચ હોય, પ્રતિષ્ઠાવાન ખાનદાનથી સંબંધ ધરાવતો હોય.

કદી કદી દરેક પ્રકારના ગુણો વચ્ચે સરખામણી નથી થતી, પરંતુ કોઈ ખાસ ગુણોમાં શ્રેષ્ઠ હોવું પણ ગણવામાં આવે છે. મતલબ આ કે બીજા ગુણોમાં અમરને પ્રધાનતા પ્રાપ્ત હોય પરંતુ કોઈ એક ખાસ ગુણમાં ઝયદને જ પ્રભૂત્ત્વ પ્રાપ્ત છે.  કેટલાક વિદ્‌વાનોએ અફઝલની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે.

"અકસરો સવાબન મિન ઈન્દીલ્લાહે બેમા કસબ મિન ખયરીન"

અર્થાત "જેને ખુદા સમક્ષ સૌથી વધુ સવાબ-નેકીઓ પ્રાપ્ત છે તે જ અફઝલ છે. જો કે બીજા કાર્યોમાં તે બીજાથી ઓછો પણ હોય.

ફઝીલતના બે પ્રકાર છે. ફઝીલત (૧) ખાસ પ્રકારની ફઝીલત. (૨) અમલ દ્વારા પ્રાપ્ત થયેલી ફઝીલત

## (૧) ખાસ પ્રકારની ફઝીલત

ખાસ પ્રકારની ફઝીલત આ છેકે અલ્લાહ સુબ્હાનહુ તઆલા ફક્ત પોતાની રહમત અને મહેરબાનીથી કોઈ વ્યક્તિને તેના કોઈ પાછલા અમલો વગર અથવા કોઈ ઈબાદત વગર અતા ફરમાવે. અને તેને તેના સાથીદારો ઉપર પ્રભૂત્વ આપે. જેવી રીતે કે હઝરત સાલેહ (અલ.)ની ઊંટણીને તમામ ઊંટો ઉપર અને કાબતુલ્લાહને સમગ્ર પૃથ્વીની મસ્જિદો ઉપર ફઝીલત આપી છે. કદીક આ ફઝીલતનું કારણ ઈન્સાની બુદ્ધિમાં આવી શકે છે. કદીક ઈન્સાનને ન પણ સમજાય. દ્રષ્ટાંત રૂપે આપણે બીજી જગ્યાઓના મુકાબલામાં મસ્જિદની ફઝીલત. તે ઈબાદતની જગ્યા છે તેથી તેની ફઝીલત છે એમ સમજી શકીએ છીએ. તેનું કારણ અલ્લાહની ખાસ બખ્શીશ જ ગણાશે. જેવી રીતે કે હજરે અસ્વદની ફઝીલત બીજા

પથ્થરો ઉપર. આનું કારણ સમજી શકવાને ઈન્સાની અક્કલ અસમર્થ છે.

આ ખાસ પ્રકારની ફઝીલતના પણ બે પ્રકાર છે. (૧) અસલી (૨) તુફૈલી - અસલીનું દ્રષ્ટાંત હજરે અસ્વદ છે, જ્યારે તુફૈલી - કંઈક વસીલાથી, કંઈક ઝરીયાથી મળેલી ફઝીલત- તેનું દ્રષ્ટાંત તે મેંઢો (દુંબો) જે હઝરત ઈસ્માઈલ (અલ.)ની કુરબાનીના બદલારૂપ બન્યો. હઝરત ઈસ્માઈલ (અલ.) નો બદલો બનવાના તુફેલમાં બીજા મેંઢાઓથી (દુંબાઓથી) શ્રેષ્ઠ છે. પરંતુ તેની આ વિશેષતાનું કારણ ફક્ત અલ્લાહનો ફઝલ-તેની મહેરબાની-તેની ઈનાયત સિવાય કશું નથી. આવા પ્રકારની શ્રેષ્ઠતામાં વિવાદને સ્થાન નથી. આની સાબિતી માટે ફક્ત શરીઅતનો હુકમ, શરીઅતની સ્પષ્ટ દલીલ પુરતી છે.

## (૨) કોઈ અમલ દ્વારા પ્રાપ્ત થયેલી ફઝીલત

જે અમલના બદલામાં કોઈને અલ્લાહ તરફથી આપવામાં આવે. આ ફઝીલતના ઘણા પ્રકાર છે. આ ફઝીલત હંમેશા સંઘર્ષનું કારણ બનતી રહે છે. પરંતુ કોઈને શ્રેષ્ઠતા આપતી વખતે તેના બધા જ પ્રકારો ઉપર દ્રષ્ટિપાત કરવો પડે છે. જેઓ આ ફઝીલતની હરીફાઈમાં હોય, અગ્રિમ હરોળમાં હોય, એને શ્રેષ્ઠ સમજવામાં આવે.

ઉપરોક્ત બધી ચર્ચા પછી ચિંતન-મનન કરવાથી માલુમ પડે છે કે કોઈ વ્યક્તિને તેના અમલોના કારણે તેના સમવયસ્ક અને સમકાલીન લોકો ઉપર સાત કારણોથી ફઝીલત પ્રાપ્ત થાય છે. આ સાત કારણોને ફઝીલતનું માપદંડ સમજવામાં આવશે.

(ક) માહીય્યતે અમલ : - એટલે કે એક વ્યક્તિના અમલનું મહત્ત્વ બીજી વ્યક્તિના અમલના મહત્ત્વ કરતાં વધારે હોય, દ્રષ્ટાંત રૂપે ફરાઈઝ અદા કરવાવાળાનો અમલ નવાફિલ અદા કરવાવાળાના અમલ કરતાં ઉચ્ચ છે-તેને ફઝીલત હાસિલ છે.

(ખ) નિય્યતે અમલ :- એટલે બે વ્યક્તિઓના અમલ એક જ પ્રકારના હોય, પરંતુ બંનેના પોતપોતાના હેતુઓ જુદા જુદા હોય, આ અમલ પાછળનો બંનેનો સ્વાર્થ અને ઈરાદો અલગ હોય. કોઈનો ઈરાદો અલ્લાહને રાં કરવાનો હોય, અને કોઈક બીજાઓને બતાવવા માટે કરતો હોય.

(ગ) કયફીયતે અમલ :- અમલની હાલત, વિવરણ, રંગઢંગ. મતલબ એક વ્યક્તિ એક અમલને તેના કાયદા અને શિષ્ટાચાર સાથે અદા કરે, જ્યારે બીજો અમલને અદા કરવામાં શિષ્ટાચાર અને કાયદાકાનૂની પાબંદી ન કરે, બેપરવાહ બનીને વર્તે. જોવામાં તો આ બંને વ્યક્તિ એક જ અમલમાં રોકાયેલા છે. પરંતુ પ્રથમ વ્યક્તિને ફઝીલત પ્રાપ્ત છે.

(ઘ) કમીય્યતે અમલ :- અર્થાત એક જ અમલમાં વત્તા ઓછાપણું. દ્રષ્ટાંતરૂપે એક વ્યક્તિએ ઘણીબધી હજ અદા કરી, પરંતુ બીજાએ ફક્ત એક જ હજ અદા કરી.

(ચ) પ્રથમતા અને વિલંબ :- કદીક ફઝીલતનું કારણ કોઈક અમલને અગ્રીમતાના ક્રમે કરવો, તે અમલ કરવામાં અગ્રીમતા- પ્રથમતા પ્રાપ્ત કરવી. દ્રષ્ટાંતરૂપે એક વ્યક્તિએ ઈસ્લામના આરંભકાળમાં અથવા સખત દુષ્કાળના સમયમાં મૂ઼ુસ્લમાનોની મદદ કરી હોય, જ્યારે બીજી વ્યક્તિએ ઈસ્લામને શક્તિશાળી બન્યા પછી કે દુષ્કાળ વીતી ગયા પછી મુસલમાનોની મદદ કરી હોય. તો પેલી પ્રથમ વ્યક્તિ અફઝલ ગણાશે. અલ્લાહ રબ્બુલ ઈજ્જતે કલામે પાકમાં સ્વયં આ બાબત ઉદ્દેશ કરેલ છે. અને ફેંસલો પણ આપી દીધો છે.

*"લા યસ્તવી મિન્કુમ મન અન્ફકા મિન કબ્લીલ ફત્હેવકાતલા ઉલાએકા આઅઝમો દરાઝતમ મિનલ્લઝીન અન્ફકુ મિમ બાઅદો વ કાતલુ."*

(સુરએ હદીદ આયત-૧૦)

અર્થાત "તમારામાંથી જેમણે મક્કાના વિજય પહેલાં અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો તથા જેહાદ કર્યો તેમનો દરજ્જો તે લોકો કરતાં ઘણો મોટો છે જેમણે મક્કાના વિજય પછી અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો અને જેહાદ કર્યો."

આથી જ ઈસ્લામમાં અગ્રીમક્રમે દાખલ થનારાઓને બીજાઓ કરતાં ફઝીલત પ્રાપ્ત છે.

(છ) મકાને અમલ :- કદીક કોઈક અમલ કોઈક ખાસ જગ્યામાં કરવાના કારણે પણ ફઝીલત પ્રાપ્ત થાય છે. દ્રષ્ટાંતરૂપે એક નમાઝ હરમે કાબામાં અને મસ્જિદે નબવીમાં પઢવી બહેતર છે હજાર નમાઝો કરતાં. જે અન્ય મસ્જિદોમાં પઢવામાં આવે.

(જ) વ્યક્તિ વિશેષ સાથેનો તથા ખાસ સમયનો અમલ :- જેવી રીતે કે એક રકાત નમાઝ હઝરત પેગંમબરે ખુદા (સલ.) ની સાથે પઢવી બેહતર છે- હજાર રકાત એકલા નમાઝ પઢવા કરતાં. તે જ કારણે જે નેક અમલો આપ (સલ.)ની સમક્ષ-પ્રત્યક્ષ કરવામાં આવ્યા. સહાબાએ કર્યા તે અમલો બીજા સમયગાળાના અમલો કરતાં કંઈ દરજ્જે અફઝલ છે.

ભલે ફઝીલત ખાસ પ્રકારની હોય કે કોઈ અમલ દ્વારા પ્રાપ્ત થયેલી બંનેનું પરિણામ આ છે.

(૧) શ્રેષ્ઠ વ્યક્તિનો દરજ્જો દુનિયા અને આખેરત બંનેમાં નિમ્નતર વ્યક્તિના દરજ્જા કરતાં ઉચ્ચ છે.

જો ફઝીલત માનવાના અનુસંધાનમાં ઉપરોક્ત બંને પરિણામો પેદા ન થાય તો પછી ફઝીલતોનો◌ે કોઈ અર્થ રહેતો નથી.

એતેરાઝ :- અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કે જ્યારે અફઝલની તાઝીમ (શ્રેષ્ઠ વ્યક્તિનું સન્માન) મફઝૂલ ઉપર (નિમ્નતર વ્યક્તિ ઉપર) વૉંબ છે તો ે પછી દરેક સન્માનને લાયક વ્યક્તિને શ્રેષ્ઠ (અફઝલ) ગણવામાં આવશે અને કાફિર મા-બાપ પણ સન્માનને લાયક છે તે કારણે તેઓ પણ અફઝલ ગણાવા જોઈએ. અને આ વાત શરીઅતના કાનૂનોથી વિરૂદ્ધની બાબત છે કે કાફિરને અફઝલ સમજવામાં આવે.

કાફિર-મા-બાપની તાઝીમ શરીઅતની પરિભાષામાં તાઝીમ નથી કહેવાતી. આવી તાઝીમને શરીઅતની પરિભાષામાં એહસાનનો બદલો ગણવામાં આવે છે. જેથી કાફિર મા-બાપને સન્માન આપવું એ બેટા ઉપર મા-બાપે કરેલા એહસાનનો બદલો છે. જ્યારે કાફિર મા-બાપની તાઝીમ શરીઅતમાં જાઈઝ નથી બલ્કે તેનાથી દૂર રહેવું વૉંબ છે. શરીઅતમાં તાઝીમ તેને કહેવાય છે જે અલ્લાહની મહબ્બત ઉપર આધારિત હોય.

ફઝીલતનો અર્થ છે એક વ્યક્તિને પ્રધાનતા આપવી બીજી વ્યક્તિના અનુસંધાનમાં, તેના વધુ સવાબના કારણે. તેના આ બે પ્રકારો છે.

(૧) ફઝીલતે અસલી :- એટલે કે એક વ્યક્તિમાં ફઝીલત હોય જ્યારે બીજી વ્યક્તિ તેનાથી ખાલી

હોય. જેવી રીતે કે એક આલિમ છે જ્યારે બીજો જાહિલ.

(૨) ફઝીલતમાં અધિકતા :- એટલે કે એક વ્યક્તિ બીજા કરતાં ફઝીલતમાં અધિકતા ધરાવતો હોય. વધારેપણું ધરાવતો હોય. દ્રષ્ટાંતરૂપે એક આલિમ છે જ્યારે બીજો આઅલમ. (મોટો આલિમ) આ બીજા પ્રકારની ફઝીલતને મુફાઝેલા પણ કહેવાય છે.

મુફાઝેલા (અધિક ફઝીલત) :- સંપૂર્ણ તહકીક કરીને એક જ કાર્યમાં એક જ પરિસ્થિતિમાં રહેલી બે વ્યક્તિનો મુકાબલો કરીને નક્કી થાય છે. અને જો જુદી જુદી પરિસ્થિતિઓ હોય તો દુરસ્ત નહીં ગણાય. મતલબ કે મુફાઝેલામાં દાખલ થવાનો સબબ જરૂરી છે. જ્યારે કે એમ કહેવામાં આવે કે “આ બંનેમાં કોણ અફઝલ છે ? તો એનો મતલબ આ થયો કે જે ગુણોમાં આ બંને પારંગત છે તેમાં કોણ વધુ ઉચ્ચતા ધરાવે છે. પરંતુ જ્યાં જુદા જુદા વિષયની વાત હોય ત્યાં મુફાઝેલા દુરસ્ત નહીં ગણાય. દ્રષ્ટાંતરૂપે આવો મુકાબલો હરગિઝ નહીં થઈ શકે કે સાલેહ (અલ.) ની ઊંટણી અફઝલ છે કે રમઝાન ? કારણકે મુકાબલાનું કારણ એક નથી પરંતુ આમ કહી શકાય કે હઝરત અલી (અલ.) અફઝલ છે કે હઝરત અબુબકર ? કારણ કે આ બંને વ્યક્તિઓ છે. જેમાં તુલનાત્મક મૂકાબલો કરી

શકાય. જો મુફાઝેલાની પરિસ્થિતિ એક સરખી ન હોય તો આટલો ઝઘડો કરવાની જરૂરત જ શું હોઈ શકે ?

જ્યારે અધિક ફઝીલતના મામલામાં વિઘ્ન ઊભું થાય તો કુર્આનની આયાતના અનુસંધાનમાં અને અહાદીસની રોશનીમાં જે ઉચ્ચોચ્ચ ફઝીલતના માલીક બનશે તેની જ ફઝીલતોને માન્યતા આપવામાં આવશે.

આ વાત શરીઅતથી સાબિત છે કે અમલની કઝા ઓછાપણું તેની કયફીયત-વિવરણ-વ્યવસ્થાના મુકાબલામાં ટકી શકશે નહિ. જ્યારે અમલનો સમયગાળો - રસૂલે ઈસ્લામની પ્રત્યક્ષ હયાતીમાં થયેલા અમલોની સમક્ષ ઉપરોક્ત બંને અમલની કોઈ કિંમત નથી.

*"લાયસ્તવી મિન્કુમ મનઅનકફા મિન કબ્લીલ ફતહે વ કાતલા ઉલાએકા આઅ્ઝમો દરજતમ મિનલ્લઝીન અનફકુ મિમ બાઅદો વ કાતલુ"* (સુરા હદીદ આયત - ૧૦)

અર્થાત - "તમારામાંથી જેમણે મક્કાના વિજય અગાઉ અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો તથા જેહાદ કર્યો, તેમનો દરજ્જો તે લોકો કરતાં ઘણો મોટો છે, જેમણે મક્કાના વિજય પછી અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો અને જેહાદ કર્યો."

જ્યારે આ વાત પણ કુર્આન શરીફથી સાબિત છે કે સહાબાએ કિરામે જે અમલો રસૂલે ઈસ્લામની પ્રત્યક્ષ હયાતીમાં કર્યા તે અમલો રસૂલે ખુદાની સંગતના કારણે - આપ (સલ.)ના સહવાસના કારણે ઉચ્ચોચ્ચ છે, અફઝલ છ.ે તે અમલો કરતાં જે અમલો તેમણે રસૂલે ઈસ્લામના આ દુનિયાથી પરદે થયા પછી કર્યા

આ જ કારણથી અનસ બિન માલીક, અબુ અમામા બાહીલી, અબ્દુલ્લાહ બિન બશર, અબ્દુલ્લાહ બિન હારિસ, સહલ બિન સઅદી, જાબીર બિન અબ્દુલ્લાહ અનસારી, જેવા સહાબા આપ (સલ.)ના આ દુનિયાથી પરદે થયા પછી લાંબી જિંદગી પામ્યા, જે કારણથી તેઓ અમલે સાલેહમાં મશગુલ રહ્યા, પરંતુ હઝરત અલી (અલ.) અને આપના સાથીદાર સહાબાની બરાબર નથી થઈ શકતા, કારણ કે આપના નેક કાર્યો રસૂલની પ્રત્યક્ષ હયાતીમાં અમલમાં આવ્યાં હતાં. આ જ કારણથી આ વાત પણ સાબિત છે કે જે લોકો રસૂલે ઈસ્લામની દુન્યવી હયાતીના સમયે અફઝલ હતા, તેઓ રસૂલે ઈસ્લામના આ દુનિયાથી પરદે થયા પછી પણ અફઝલ ગણાશે, ઉચ્ચોચ્ચ ગણાશે.

સહાબાએકિરામ ઈસ્લામ સ્વીકારવાના સમયગાળાના આગળ પાછળ હોવાને પણ

ફઝીલત સમજવામાં આવે છે. "વસ્સાબેકૂનલ અવ્વલૂન મિનલ મોહાજેરીન વલઅન્સાર." (સુરા તોબા આયત નં. ૧૦૦)

વસ્સાબેકૂનસ સાબેકૂન, ઉલાઈકલ મુકર્રબૂન, ફી જન્નાતીન્નઈમ. આ આયતો સાક્ષી છે." (સુરા વાકેઆ આયત નં. ૧૦, ૧૧, ૧૨)

(૧) અલ્લાહતઅલા ફરમાવે છે કે "મુહાજેરીન તથા અન્સાર માંહેના સૌથી પ્રથમ ઈમાન લાવનારા, તથા તે લોકો જેમણે શુભ હેતુથી તેમનું અનુસરણ કર્યું. તેમનાથી અલ્લાહ રાં થઈ ગયો છે." (મુહાજેરીન એટલે હિજરત કરનારા, તથા અન્સાર એટલે મુહાજેરોની સહાય કરનારા, મદીનાના રહેવાસીઓ)

(૨) "અને જન્નતમાં સૌથી આગળ જનારા તેઓ જ છે જેઓ સૌથી પહેલાં ઈમાન લાવનારા છે. આ તે જ લોકો છે જેઓ ખુદાની રહમતની નજીક છે. તેઓ નેઅમત ભરેલી જન્નતની વાડીઓમાં રહેશે."

ઉપરોક્ત હુકમે ખુદાના અનુસંધાનમાં જે બુઝૂર્ગો સૌ પ્રથમ ઈમાન લાવ્યા તેઓ અફઝલ છે. હઝરાત એહલેસુન્નતની રીવાયતો અનુસાર સૌ પ્રથમ ઈમાન લાવનાર આ ત્રણ હસ્તીઓ છે. (૧) ઉમ્મુલ મોઅમેનીન હઝરત ખદીજતુલ કુબરા રઝિયલ્લાહો તઆલા અન્હા (૨) હઝરત અલી

(અલ.) (૩) હઝરત ઝયદ બિન હારિસ (રઝિ.) આ લોકો પછી જે ઉચ્ચ દરજાના સહાબા જેઓ હિજરતથી અગાઉ ઈસ્લામ લાવ્યા. તેમને દરજ્જો અફઝલ છે. ત્યારે બાદ બયઅતે ઉકબાવાળાઓ, ત્યારબાદ બદર પછીના. ત્યાર પછી ઓહદની લડાઈથી સુલહે હોદ્બીયાહ સુધીના લોકો અફઝલ ગણાશે. ત્યાર પછી કોઈ ખાસ ફઝીલત નથી કારણ કે આ સમયગાળામાં તો મોટાભાગે મુનાફિકો અને કમજોર દીલના લોકો પણ ઈસ્લામમમાં દાખલ થઈ ગયા હતા. આ બાબત અલ્લાહતઆલાનો ઈરશાદ છે :

*"વ મિમ્મન હૌવલકુમ મિનલ આઅ્રાબે મુનાફેકૂન. વ મિન અહલીલ મદીનતે, મરદુ અલન્નીફાકે, લાતઅલમોહુમ નહ્નો નઅ્લમોહુમ સનોઅઝઝેબોહુમ મર્રતયને સુમ્મ યરૂદ્દુન ઈલા અઝાબીન અઝીમ."* (સુરા તોબા - આયત નં. ૧૦૧)

અર્થાત "અને મુસલમાનો તમારી આસપાસના જાહીલ ગામડીયાઓમાંથી કેટલાક મુનાફિક પણ છે. અને સ્વયં મદીનાના રહેવાસીઓમાંથી પણ કેટલાક મુનાફિક છે. જેઓ નિફાક ઉપર હઠીલા બની ગયા છે. (અય રસૂલ !) તમે તેઓને નથી ઓળખતા. પરંતુ અમે તેઓને ઓળખીએ છીએ. નજીકના ભવિષ્યમાં જ અમે તેઓને બેવડી સજા

આપીશું. પછી તેઓને કયામતમાં ઘણો ભયંકર અઝાબ આપવામાં આવશે.”

આ સૌ પાછળથી ઈમાન લાવનારાઓ ઉપર અત્રે આપણે વાદવિવાદ  કરતા નથી. બલ્કે અત્રે આપણી વાતચીત ફઝીલત ઉપર આવલંબિત છે કારણ કે પ્રથમ હરોળમાં ઈમાન લાવનારાઓ વિશે છે.

**ફઝીલતની સાબિતીઓ બે પ્રકારે થઈ શકે છે.**

(૧) અક્કલની દ્રષ્ટિએ અથવા (૨) નકલ થયેલ રીવાયતોના આધારે. પરંતુ અકલની દ્રષ્ટિએ ફઝીલતની કોઈ સાબિતી ગણાશે નહિ. જે વાદવિવાદમાં બીજાની દલીલને તોડી શકે, જેથી બીજો પક્ષ વાત કરવાની હિંમત જ  ન કરે. હવે બીજી ફઝીલત નકલી - જેમાં નકલ થયેલી રીવાયતોનો આધાર લેવામાં આવે છે. તો તેની કસોટી કરવાના બે તરીકા છે.

(ક) શરીઅતનો સ્પષ્ટ હુકમ (ખ) સમાચારો-ઘટનાઓ-વૃતાંત વગેરે દ્વારા સાબિતી.

# પ્રકરણ : ૧૩

## જનાબ અલી (અલ.)ના ફઝાએલ

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની ફઝીલતમાં અલ્લામા ઈબ્ને અબ્દુલ બર્ર "અલ ઈસ્તીઆબ ફી મઆરેફતુસ્સહાબા" માં લખે છે.

"ઈમામ અહમદ બિન હમ્બલ, કોં બિન ઈશ્હાક, ઈમામ અહમદ બિન અલી શોએબ, નિસાઈ અને અલી નિશાપુરી (રહતુલ્લાહે અલયહીમ અજમઈન) કહે છે કે જેટલા પ્રમાણમાં મજબૂત અને સહી સનદોના આધારે હદીસો જનાબ અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ના માટે રીવાયત થયેલી છે, તેવી હદીસો કોઈ પણ સહાબી માટે રીવાયત થઈ નથી.

આ સિવાય હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)ની વિશેષતાઓને જોવામાં આવે તો આપના શ્રેષ્ઠ કાર્યો, જેહાદમાં આપની કારકીર્દી, ઈબાદતોમાં આપની સિધ્ધિ, વગેરે જોતાં આપ (અલ.) "અફઝલુન્નાસ બાદ ખયરૂલ બશર" દેખાશે. હઝરત રસૂલે ઈસ્લામ મોહંમદ (સલ.) પછી તમામ ઈન્સાનોમાં સર્વ શ્રેષ્ઠ.

જો ફઝીલતને ત્રણ પ્રકારોમાં વહેંચવામાં આવે તો

(૧) ફઝીલતે નફસાની (૨) ફઝીલતે જિસ્માની (૩) ફઝીલતે ખારઝી.
અર્થાત : રૂહાની શ્રેષ્ઠતા - શારીરીક શ્રેષ્ઠતા - બાહ્ય શ્રેષ્ઠતા. અલ્લાહતઆલા ફરમાવે છે કે :
“ઉલાએક અન્અમલ્લાહો અલયહીમ મીનન્નબીય્યીન વસ્સીદ્દીકીન વશોહદાએ વસ્સાલેહીન” થી માલુમ પડે છે કે મરતબામાં અંબિયા (અલ.), સિદ્દીકીન, શોહદા અને સાલેહીન ક્રમવાર છે. આ ફરમાને ખુદા દ્વારા માલૂમ પડે છે કે અફઝીયતને ચાર શ્રેણીઓમાં વહેંચી શકાય છે.
અંબિયા (અલ.) સિદ્દીકીન, શેહદા, અને સાલેહીન. આ વાત ઉપર બધા જ મુફસ્સીરો એકમત છે કે આ આયતમાં સિદ્દીકીન, શોહદા અને સલેહીન અંબિયા અલયહેમુસ્સલામથી અલગ છે. પરંતુ બાકીની ત્રણ સિફતોમાં મુફસ્સીરોમાં મતમતાંતરો છે. કેટલાકના મતે આ ત્રણે સિફતોથી ફક્ત એકજ મતલબ છે જ્યારે કેટલાકની દ્રષ્ટિએ ત્રણે સિફતોથી જુદી જુદી વ્યકિતઓ મતલબ છે. એટલે કે સિદ્દીક અલગ છે. શોહદા અલગ છે અને સાલે ેહીન અલગ છે. જો ખુદાવંદે તઆલા પોતાની ખાસ ઈનાયત અને કરમ દ્વારા કોઈ બંદાને આ ત્રણે સિફતો અતા ફરમાવે તો પૂછવું જ શું ?

હઝરત અલી (અલ.)માં મન્સબે નુબુવ્વતને બાદ કરતાં, ઉપરોક્ત ત્રણે સિફતો પોતાની ઉચ્ચોચ્ચ કક્ષાએ, નૂરૂન અલા નુર મોજૂદ હતી. (અરજલુલ મતાલિબ પેજ નં. ૧૦૧)

ઉપરોક્ત સમગ્ર ચર્ચાનું તાત્પર્ય આ છે કે કુર્આનમજીદની તુલનામાં કોઈપણ કીતાબ આવી શકતી નથી. કુર્આન તુલ્ય અથવા સમાન શક્ય જ નથી. બિલકુલ એજ પ્રમાણે હઝરત રસુલે ઈસ્લામ (સલ.)ના પછી સમગ્ર વિશ્વમાં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)થી શ્રેષ્ઠ ન કોઈ વ્યક્તિ પેદા થયો છે ન થશે. આ કારણથી ખૂબ જ જરૂરી છે કે હઝરત રસૂલે ઈસ્લામ (અલ.) નું જીવનચરિત્ર જેટલા વિસ્તારથી આલેખવામાં આવે એજ પ્રમાણે જનાબ અલી (અલ.)નું જીવનચરિત્ર પણ આલેખવામાં આવે. અત્યાર સુધીમાં રસૂલે ઈસ્લામના જીવન વિશે સેંકડો પુસ્તકો લખાઈ ચૂક્યાં છે છતાંય નવા નવા પુસ્તકોની દરેક નવા યુગમાં જરૂરત ઊભી થાય છે. એજ પ્રમાણે જો કે હઝરત અલી (અલ.)નું જીવનચરિત્ર ઘણી બધી સંખ્યામાં આજદિન સુધી લખાયેલાં હોવાં છતાં પણ નવાં નવાં લખાણોથી વિશ્વના લોકો બેપરવા થઈ શકતા નથી.

## એહલેબયત અને કુર્આનમજીદ એકરૂપ છે - સમાન છે.

અલ્લાહે પેગંબરે ઈસ્લામ (સલ.) ઉપર કુર્આનમજીદ એક મોઅજેઝા રૂપે નાઝિલ કરેલ છે. જે આજદિન સુધી અજોડ અને બેમિસાલ છે. એજ રીતે જનાબ અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) પણ દીને ઈસ્લામનો ઝબરજસ્ત એક લાજવાબ મોઅજેઝો છે. જે કયામત સુધી બેમિસાલ અને અજોડ રહેશે. બલ્કે હઝરત અલી (અલ.)ના ઈલ્મી અને અમલી કમાલાત (કમાલાત = ગુણો, ચમત્કારો, અજૂબાપન, વિશેષતાઓ) અને દીની દુન્યવી એહસાનાતનો મુકાબલો પણ કયામત સુધી કોઈ કરી શકશે નહિ.

રસૂલે ઈસ્લામ (સલ.) ની પ્રખ્યાત હદીસ, જેમાં આપ (સલ.) કુર્આન અને એહલેબયતને બે જોડીયા ભાઈઓની જેમ એક દરજ્જામાં રાખીને ફરમાવ્યું. "તેઓ એકબીજાથી જુદા થઈ શકશે નહિ. તેઓ ફઝીલતમાં, ઈજ્જતમાં, દરજ્જામાં, મરતબામાં, મોઅજેઝો હોવામાં, અજોડ હોવામાં, હિદાયતમાં અને નૂરાનીયતમાં એકબીજાથી કમ નથી થઈ શકતા. ન એકબીજાથી અલગ કરી શકાશે" આ વાતનો સ્વીકાર એહલેસુન્નત બિરાદરીના ઘણાબધા આલિમોએ કરેલ છે.

દ્રષ્ટાંત રૂપે મહાન આલિમે એહલેસુન્નત મુલ્લા અલી કારી ફરમાવે છે કે :

“હઝરત રસૂલે ખુદાનો આ ઈરશાદ કે હું તમારી વચ્ચે કીતાબે ખુદા અને મારી એહલેબયતને છોડીને જઈ રહ્યો છું. આ વાત તરફ ઈશારો છે કે આ બંને બીલકુલ એવા છે કે જેવી રીતે હઝરતના બે જોડીયા દીકરાઓ  ફરઝંદો હોય. જે આપ (સલ.) આ બંને માટે પોતાની ઉમ્મતને વસીય્યત ફરમાવતા રહ્યા કે આ બંને સાથે સારો વર્તાવ રાખશો. આ બંનેને તમારા નફસો ઉપર મહત્ત્વ આપશો. જેવી રીતે કે મહેરબાન બાપ લોકોને પોતાની અવલાદના માટે વસીયત કરે છે. આ જ વિષયને અનુમોદન આ હદીસથી પણ મળે છે. જેમાં પેંગબરે ખુદા (સલ.)એ ફરમાવ્યું “તમો લોકોને મારા એહલેબયતના માટે ખુદાનો વાસ્તો આપું છું.” જેવી રીતે મહેરબાન બાપ પોતાની અવલાદ માટે વસીયત કરે કે મારા સંતાનો માટે અલ્લાહને યાદ રાખજો. તેમને ન ભૂલશો. હું મારી અવલાદના મામલામાં તમોને અલ્લાહ યાદ અપાવું છું અને ઘરવાળા જ ઘરવાળાઓને સારી રીતે ઓળખતા હોય છે. અહલેબયતે રસૂલથી મતલબ તે એહલેેઈલ્મ ઈમામો છે. જે રસૂલની સંતાનો છે. હિકમત અને સલાહીયતના માલીક

છે. તે લોકો એમાં સામિલ નહીં ગણાય જેઓ રસૂલ સાથે લોહીનો સંબંધ ધરાવતા નથી.

તેઓ કીતાબે ખુદાના મુકાબલામાં સમાન દરજ્જામાં છે. જેમકે અલ્લાહતઆલા ફરમાવે છે કે "તે રસૂલ લોકોને કીતાબ અને હીકમતની તાલીમ આપે છે." આ હદીસ દ્વારા પણ ઉપરોક્ત વાતોને સમર્થન મળે છે. જેને ઈમામ અહમદ બિન હમ્બલે મનાકીબમાં વર્ણવી છે." હઝરત રસૂલે ઈસ્લામ (સલ.)ની સમક્ષ હઝરત અલી (અલ.)નો એક ન્યાયોચિત ફેંસલો વર્ણવવામાં આવ્યો તો આપ (સલ.) ચોંકી ઊઠયા અને ફરમાવ્યું "અલહમ્દોલિલ્લાહ તેણે (અલ્લાહે) અમારા એહલેબયતમાં હિકમત ભરી દીધી છે અને અમને તે એહલેબયત આપ્યા જે સ્વયં હિકમત છે."

## કુર્આન મજીદની તફસીરો :

જ્યારે આ સાબિત થઈ ગયું કે કુર્આનમજીદ અને એહલેબયત બંને સમાન - એકરૂપ છે. બંને જોડીયા સંતાનો જેવા છે. તો એહલેઈસ્લામ માટે જરૂરી છે કે બંને સાથે સરખો વ્યવહાર કરે. બંનેને સારી રીતે સમજવાની કોશીશ કરે. બંનેને સંપૂર્ણ રીતે ઓળખવાની કોશીશ કરે. બંનેના અહકામોની તાબેદારી કરે. બંનેની સમક્ષ પોતાનું સર્વસ્વ

કુરબાન કરવા તત્પર રહે. બંનેના ફરમાનોને વોંબુલ અમલ સમજે.

તેથી જ રસૂલે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું "ફન્ઝોરૂ કયફ તખ્લોફૂન ફીહેમા" હવે જુઓ કે તમે લોકો મારા પછી તેઓ સાથે કેવો વર્તાવ કરો છો ?" વર્તાવમાં પણ બંનેને સરખા રાખવા જરૂરી છે. જો એકમાં પણ ઓછાપણું દેખાશે તો રસૂલના હુકમ વિરૂદ્ધ થઈ જશે.

તેથી જ કુર્આનમજીદની સેંકડો તફસીરો લખવામાં આવી છે. કોઈ સદી એવી નથી ગુજરી જેમાં કુર્આનમજીદની તફસીરની નવી કીતાબો ન લખવામાં આવી હોય. એવી જ રીતે હઝરાત એહલેબયતના હાલતના વર્ણનમાં પણ સેંકડો કીતાબો આજદિન સુધી લખાતી આવી છે અને કોઈ સદી એવી પસાર નથી થઈ, જેમાં આ બૂઝૂર્ગોના (એહલેબયતના) હાલાત ન લખાયા હોય.

# પ્રકરણ : ૧૪

# મુબારક જન્મ

એશિયા ખંડમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાં “અરબસ્તાન” નામનો એક મોટો દ્વીપ (ટાપુ) આવેલો છે. તેની ઉત્તરે શામ નામનો દેશ આવેલો છે. જેને અત્યારે આપણે સિરીયા નામથી ઓળખીએ છીએ. જ્યારે પશ્ચિમે રાતો સમૂદ્ર અને પૂર્વમાં ઓમાનનું રણ તથા ઈરાનની ખાડી અને દક્ષિણે હિંદી મહાસાગર આવેલો છે. રાતા સમુદ્રનાં કિનારાવાળો ભાગ વેરાન અને ખારાશવાળો છે. કિનારાથી હટીને વેરાન પહાડી રેતીના ઢગલાઓથી ભરપુર રણવિસ્તાર માઈલો સુધી ફેલાયેલો છે. આ રણવિસ્તારને “હિજાઝ” કહેવામાં આવે છે. આ રણવિસ્તારમાં ન ખેતી થઈ શકતી હતી, ન પાણી વગેરે પ્રાપ્ત હતું. જો વરસાદ થાય તો પણ પાણી સૂકી પહાડીઓ ઉપરથી વહી જતું અને પહાડોની ખાઈઓમાંથી વહીને કોઈક નીચાણવાળા વિસ્તારોમાં એકત્ર થઈ જતું. માઈલો સુધી પાણીનું કોઈ નામોનિશાન ન મળતું. આવો રેતાળ અને વેરાન ઈલાકો જ્યાં ચોરતરફ રેતીની આંધીઓ ઊડતી નજરે પડતી. તડકામાં તપતા પથ્થરીયા પહાડો અને સૂકી રેતાળ જમીન, જ્યાં ન પાણી મળે ન જીવનનિર્વાહ

અંગેનો કોઈ સામાન મળે, ત્યાં કોઈ આબાદીનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. પરંતુ હરમની હદોની બહાર અરબી બંધુઓ ખાનાબદોશ જીવન જીવતા હતા. તેઓનું કોઈ કાયમી રહેઠાણ ન હતું. તેઓ પોતાના ઢોરો માટે ઘાસ પાણીની શોધમાં બારેમાસ રખડપટ્ટી કરતા અને વારંવાર પોતાનું રહેઠાણ બદલતા. જ્યાં પણ પાણી કે થોડીઘણી લીલોતરી દ્રષ્ટિગોચર થતી ત્યાં ઊતરી પડતા. જ્યારે ઘાસ-પાણી ખતમ થઈ જતું તો ત્યાંથી હિજરત કરી જતા.

આ વિશાળ રણપ્રદેશમાં "બત્હા" નામની ખીણમાં સ્થાઈ આબાદીની શરૂઆત હઝરત ઈબ્રાહીમ (અલ.)ની સંતાનોથી થઈ. બત્હા એટલે પવિત્ર મક્કાની એક ખીણ અથવા અનેક પથ્થરો વચ્ચે પાણી વહેતું હોય તેવી પહોળી જગ્યાને પણ બત્હા કહેવાય છે. હઝરત ઈબ્રાહીમ (અલ.) "તુફાને નૂહ" થી ૧૦૮૧ વર્ષ પછી બાબીલમાં પેદા થયા. બાબીલ ઈરાકનું એક પ્રાચીન શહેર છે. જે તે સમયમાં ઈરાકની રાજધાની હતું. હઝરત ઈબ્રાહીમ (અલ.)ના બાળપણમાં જ તેમના પિતો ગુજરી ગયા હતા. કાકાએ આપનું પાલનપોષણ કર્યું. જેમનું નામ આવાર હતું. આવાર નો અર્થ "મૂર્તિઓનો ઉચ્ચોચ્ચ સંરક્ષક" એવો થાય છે.

પાછળથી આવાર શબ્દ આઝરના નામથી પ્રચલિત થઈ ગયો. હઝરત ઈબ્રાહીમ (અલ.) આઝરના ઘરમાં રહેતા હતા. એવો સમાજ જ્યાં મૂર્તિઓનું કોતરકામ થતું, પૂજા થતી. ઉપરાંત સૂર્ય, ચંદ્ર અને તારાઓની પૂજા પણ થતી હતી. તેઓનો રાજા પણ ખુદાની જેમજ ગણાતો. આવા ગંદા અને બૂતપરસ્તીના વાતાવરણમાં પણ હઝરત ઈબ્રાહીમ (અલ.) બાળપણથી જ

મૂર્તિપુજાથી બેઝાર હતા. મુશ્રીકોના રસ્મો રિવાજથી પણ વિરૂદ્ધ હતા. ટીકા કરવાનું શરૂ કર્યું. મૂર્તિપૂજાનો વિરોધ કરીને તેઓને એક ખુદાએ વાહીદની ઈબાદત કરવાનું આમંત્રણ આપ્યું. પરંતુ કોઈએ આપની વાત ઉપર ધ્યાન ન દીધું. બલ્કે બૂતોને પોતાના રક્ષણહાર માનતા રહ્યા. મૂર્તિઓની સમક્ષ પોતાની હાજતો માગતા રહ્યા.

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલ.) એ જોયું કે આ લોકોને મૂર્તિપૂજાથી રોકવા માટે કોઈ તરકીબ - યુક્તિ કરવી જરૂરી છે. તેથી તેમને મૂર્તિપુજાની નિરર્થકતાનો ખ્યાલ આવે. આપ આ માટે કોઈક યોગ્ય સમયની તલાશમાં હતા કે તે જ દિવસો દરમ્યાન શહેરના રહેવાસીઓ પોતાના એક તહેવારની ખુશી મનાવવા માટે શહેરની બહાર જંગલમાં એકત્ર થયા. આપે શહેર બીલકુલ ખાલી જોયું. તો મૂર્તિઓના સ્થાનમાં ગયા. ત્યાં તો

ઘણાબધા બૂતો હતા. તેમાં વચ્ચે એક મોટો બૂત પણ હતો. આપે એક કુહાડા વડે બધા જ નાના બૂતોને તોડી નાખ્યા અને પછી તે કૂહાડો મોટા બૂતની ગરદનમાં લટકાવી દીધો. બહાર આવી ગયા. જ્યારે શહેરવાસીઓ પોતાનો તહેવાર ઉજવીને ઘરે આવ્યા, તો જોયું કે બૂતખાનાની હાલત સદંતર ખરાબ થઈ ગઈ છે. બધું જ અસ્તવ્યસ્ત છે. મૂર્તિઓ તૂટેલી ભાંગેલી છે. તેઓ આશ્ચર્ય પામ્યા અને એકબીજાને કહેવા લાગ્યા કે આ કોઈનું નહિ પણ ઈબ્રાહીમનું જ કારસ્તાન છે. જે હંમેશા આપણા બૂતોને ગમેતેમ બોલે છે અને આપણને મૂર્તિપૂજાથી રોકે છે. તરત જ તેઓએ હઝરત ઈબ્રાહીમ (અલ.)ને બોલાવ્યા, પૂછ્યું કે તમે આ શું કર્યું ?

ઈબ્રાહીમ (અલ.) એ કહ્યું,

કાલ બલ ફઅલહુ કબીરોહુમ, હાઝા ફસઅલોહુમ ઈન કાનુ યન્તેકૂન (સુરા અંબિયા આયત નં. ૬૩)

અર્થાત "બલ્કે આ હરકત આ બૂતોના (ખુદાઓના) મોટા (ખુદા) એ કરી છે. જો આ બૂતો બોલી શકે છે તો તેમને જ પૂછી લો."

તેઓએ હઝરત ઈબ્રાહીમ (અલ.) ના મોઢેથી આવી નાપસંદ વાત સાંભળી તો કહેવા લાગ્યા કે

"લકદ અલીમ્ત મા હાઉલાએ યન્તેકૂન" (સૂરા અંબિયા આયત નં. ૬૫)

અર્થાત "તમને સારી રીતે ખબર છે કે આ બૂતો બોલતા નથી." (પછી તેમને શું પૂછીએ ?)

તેઓને તવહીદની દઅવત આપવા માટે હઝરત ઈબ્રાહીમ (અલ.) ને તક અને સમયની તલાશ હતી. આપે ફરમાવ્યું :

"જેઓ ન જીભ હલાવી શકે છે ન પોતાનું રક્ષણ કરી શકે છે. તેઓ બીજાઓનાં શું કામ આવી શકે છે ? કે તમો તેમને રબ માનીને તેમની સમક્ષ હાથ ફેલાવો છો ? તેમને સિજદો કરો છો ?

તે મૂર્તિપૂજકોનો અકીદો હતો કે :

વરસાદ વરસાવે તો બૂત....

ખેતી ઉગાવે તો બૂત...

રોઝી આપે તો બૂત...

મૂસીબતો-આફતોથી બચાવે તો બૂત

અને આ તરફ બિચારા બૂતોની પરવશતાને વિચાર કરો તો ન હુમલો કરનારના હાથ ને રોકી શકે, ન જીભથી કંઈ બોલી શકે, જો આ શનમપરસ્તોમાં કંઈ પણ બુદ્ધિ હોત તો હઝરત ઈબ્રાહીમ (અલ.)ની આ બુદ્ધિચાતુર્યભરી દલીલ ઉપર કંઈક વિચાર કરત. પરંતુ આ બાબત ચિંતન-મનન કરવાની જગ્યાએ આ લોકો એકદમ ક્રોધિત

થઈ ગયા અને હઝરત ઈબ્રાહીમ (અલ.) ને નમરૂદ બાદશાહ સમક્ષ રજૂ કર્યા તેણે પૂછ્યું કે તેં બૂતો ઉપર હાથ કેમ ઉઠાવ્યો ? તારી હિંમત એટલી બધી વધી ગઈ કે, મારી ખૂદાઈથી પણ ઈન્કાર કર્યો?

"તમારા બૂતો છે જ શું ? ઈન્સાની હાથોએ કોતરેલા પથ્થરો, કમજોર અને અશક્ત મખ્લુક, વળી તમને હું ખુદા કેવી રીતે માનું ? જ્યારે કે તમે પોતાના જીવન-મૃત્યુ ઉપર પણ કંટ્રોલ ધરાવતા નથી."

હઝરત ઈબ્રાહીમ (અલ.) ના આવા હિંમતભર્યા ઉત્તરથી બાદશાહ નમરૂદ વધુ ગુસ્સે થયો. બાદશાહતનો નશો, પ્રજાજનોની ફરીયાદ, અને ખુદાના દુશ્મનોનો સત્યની અવાજને દબાવવાનો નિર્ધાર, બધું જ કામે લાગી ગયું. પોતાના જ કાકાએ ભત્રીજાને પથ્થરોથી કચડી નાખવાની ધમકી આપી.

નમરૂદે હુકમ કર્યો કે, ઈબ્રાહીમને જીવતા સળગાવી દેવામાં આવે. જેથી હઝરત ઈબ્રાહીમ (અલ.)ને સળગાવી દેવા મોટા પાયે આગ સળગવામાં આવી. જ્યારે આગ બરાબર સળગી ચૂકી અને આગની લપટો આકાશમાં ઊંચાઈ ઉપર દેખાવા લાગી, તો તેમને આગમાં નાખી દેવામાં આવ્યા. પરંતુ આપને કંઈપણ નુકસાન ન થયું.

અલ્લાહે આગને હુકમ આપ્યો.
કુલ યા નારો કુની બરદંવ વસલામન અલા ઈબ્રાહીમ
"અય આગ તું ઈબ્રાહીમ માટે સલામતિવાળી ઠંડી બની જા."
અલ્લાહનો હુકમ હતો. જાણે એ આગ ન હતી, લાલ-ગુલાબી ફૂલોની એક આરામદાયક પથારી હતી. આ જોઈને નમરૂદ આશ્ચર્યચકિત થઈ ગયો. પરંતુ તેના ગુસ્સાની આગ ઠંડી ન થઈ. તેણે હુકમ કર્યો. એની માલ-મીલકત અને જાનવરો બધું જ હુકુમતના કબ્જે લઈ એને દેશનિકાલ કરી દેવામાં આવે.
હઝરત ઈબ્રાહીમ (અલ.) એ આ શાહી ફરમાન સાંભળ્યું તો નમરૂદને કહ્યું. "કે તમને મારી માલ મીલકત અને જાનવરો છીનવી લેવાનો કોઈ હક નથી. નમરૂદે કહ્યું કે "આ બધું તો તેં મારી હકુમતમાં રહીને પેદા કર્યું છે."
પગંબરે ખુદા ખલીલુલ્લાહે ફરમાવ્યું "જો તમારે મારી મીલકત અને જાનવરો છીનવી લેવાં હોય તો મેં જેટલી ઉંમર (જિંદગી) તમારા શહેરમાં પસાર કરી છે. તે ઉમરના વર્ષો મને પાછાં આપો, અને આ માલ લઈ લો."
નમરૂદ અનુત્તર થઈ ગયો. કહ્યું "એમનો માલ એમની જ પાસે રહેવા દઈ, એમને શહેરમાંથી

કાઢી મૂકો." હઝરત ઈબ્રાહીમ (અલ.) એ પોતાની શરીકે હયાત હઝરત સારાહ, અને પોતાના ભત્રીજા હઝરત લૂત (અલ.) ને લઈને બાબીલથી પ્રયાણ શરૂ કર્યું. હલબ અને દમીસ્કધા ા રસ્તે ફલસ્તીનમાં આવ્યા. જે તે સમયમાં કીન્આન કહેવાતું હતું. ફલસ્તીનમાં આપનું રહેઠાણ યરુસલેમથી ૧૫ કીલોમીટર દૂર જોર્ડન હતું. આપે થોડોક વખત અહીં પસાર કર્યો. પછી "દઅવતે દીને હક" માટે મિસર ચાલ્યા ગયા. મિસરના બાદશાહ રકયુએ આપની સાથે હઝરત સારાહને જોયાં તો તેના દિમાગમાં શેતાન પ્રવેશ્યો. તેણે બૂરા ખ્યાલથી હઝરત સારાહ તરફ હાથ લંબાવ્યો, તો હાથ લકવાગ્રસ્ત થઈ ગયો. આ પરિસ્થિતિ જોઈને તેણે પોતાની ભૂલનો એકરાર કરી માફી માગી, અને આ જુલ્મના બદલામાં (તોહફામાં) કંઈક વસ્તુઓ પેશ કરી. જેમાં એક કનીઝ "હાજરા" પણ સામેલ હતી. જે હઝરત "હાજરા" પાછળથી ખલીલે ખુદાના હરમમાં દાખલ થયાં. આ તોહીદપરસ્તોની પવિત્ર જમાતમાં કુટુંબની એક વ્યક્તિ બની ગયાં.

ઈતિહાસકાર તબરીનું વર્ણન છે કે, હાજરા મિસરના ફિરઓન અલવાન ઈબ્ને સનાનની પુત્રી હતાં. હઝરત ઈબ્રાહીમ (અલ.) મિસરથી પાછા

ફર્યા તો જોર્ડનને પોતાનું કાયમી રહેઠાણ બનાવી દીધું. જે આપનું તબ્લીગે દીનનું કાર્યક્ષેત્ર રહ્યું. આ દરમ્યાન આપે પોતાના પરવરદિગાર પાસે અવલાદ માટે દુઆ કરી કે તે તબ્લીગે ઈસ્લામમાં આપની મદદગાર બને.

રબ્બે હબ્લી મીનસ્સાલેહીન (સુરા સાફ્ફાત - આયાત - ૧૦૦)

"અય અલ્લાહ ! મને નક ફરઝંદ અતા કર."

અલ્લાહે આપની દુઆ કબૂલ કરી અને છયાસી વર્ષની ઉંમરે હઝરત હાજરાને પ્રથમ ફરઝંદ હઝરત ઈસ્માઈલ (અલ.) પેદા થયા. પછી થોડા સમય પછી હઝરત સારાહને પણ અલ્લાહે ફરઝંદ આપ્યો અને હઝરત ઈસ્હાક (અલ.) પેદા થયા.

જ્યારે હઝરત સારાહને ફરઝંદનો જન્મ થયો તો તેમણે હઝરત ઈબ્રાહીમ (અલ.) ને કહ્યું કે આપ હઝરત હાજરા અને ઈસ્માઈલ (અલ.) ને કોઈ અલગ જગ્યાએ રાખો તો બહેતર છે. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ આ વાત કબૂલ કરી, બંનેને લઈને નીકળી પડ્યા. અલ્લાહની ઈચ્છા અને તેનું જ માર્ગદર્શન - હુકમે ઈલાહીથી હઝરત ઈબ્રાહીમ (અલ.) હઝરત હાજરા અને હઝરત ઈસ્માઈલ (અલ.)ને લઈને હિજાઝના રણ પ્રદેશમાં આવ્યા. આ વેરાન રણપ્રદેશ આબાદી તથા જીવનનિર્વાહ કરવાના સાધનોથી સદંતર ખાલી હતો. પરંતુ

અલ્લાહ રબ્બુલ ઈજ્જતે આ દુનિયાના સર્જનના પ્રથમ દિવસથી જ નક્કી કરી લીધું હતું કે આ પ્રદેશને આવો આબાદી વગરનો વેરાન નહીં રહેવા દે. બલકે એને નબીઓની ભૂમિ બનાવશે, ત્યાં પોતાની ઈબાદતનું સ્થાન બનાવશે, બલ્કે તેને ઉમ્મુલ કુરા (વસ્તીઓની માતા-જનની અર્થાતમક્કા શહેર) બનાવશે. જેથી કરીને હઝરત ઈબ્રાહીમ (અલ.)ના ઝરીયાથી આ જગ્યા આબાદ થઈ. આપે હઝરત હાજરા અને ફરઝંદ ઈસ્માઈલને આ જગ્યાએ રહેવા જણાવ્યું.

અલ્લાહની ઈચ્છા - તેની કુદરત સર્વોપરી છે. તેને આ જમીન મુકદ્દશ બનાવવી હતી, આ પવિત્ર જમીન પરથી પોતાની મોટાઈ, મહાનતા, શ્રેષ્ઠતા અને બુઝૂર્ગીની આવાજો બુલંદ કરવી હતી. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ ફલસ્તીનથી નીકળતી વખતે હઝરત સારાહને આ વાયદો કર્યો હતો કે તેઓ આ બંનેને કોઈ રક્ષિત જગ્યાએ પહોંચાડીને તરત જ પરત આવશે. જેથી ખલીલુલ્લાહ આ બંનેને આ જગ્યાએ એકલાં - અટૂલાં, અલ્લાહના ભરોસે, જીવન નિર્વાહના કોઈપણ જાતના સામાન વગર, ભયંકર જંગલ, આગ જેવા તાપથી તપતપતી રેતાળ પહાડી જમીન, દૂરસુદૂર પણ વસ્તીનું નામોનિશાન નહિ, થોડીક ખજૂરો પછી શું ખાશે ? પાણીનું પણ

નામોનિશાન નહિ. ત્યાં કેવી રીતે જીવશે ? અલ્લાહ પોતાના નેક બંદાઓની કેવી કસોટી કરે છે ? નેક - સાલેહ, પાક પાકીઝા, નાજૂક અને ખૂબસુરત પત્ની અને જમીન ઉપર આળોટતું નાનું માસુમ બચ્ચું, અલ્લાહના ભરોસે છોડીને અલ્લાહનો પ્યારો બંદો ફલસ્તીન તરફ પાછો ફરે છે. પરંતુ નેક પત્ની અને પ્યારા ફરઝંદની જુદાઈથી બેચેન થઈ જાય છે. જ્યારે કોહેકદાના વળાંક પર પહોંચ્યા તો પાછા ફરીને જોયું, હઝરત હાજરા અને ઈસ્માઈલ તરફ જોઈને બેઈખ્તીયાર રડી પડ્યા. આ લોકોના એકલાપણા અને નાદારી-કમજોરીના ખ્યાલે આંખોમાંથી આંસુ ન રોકી શકયા, બંને હાથ ઉઠાવી બારગાહે ઈલાહીમાં દુઆ કરી, હઝરત ઈબ્રાહીમ (અલ.)ની દુઆને કુર્આન આ શબ્દોમાં વર્ણવે છે.

**આયાતે કુર્આની**

*રબ્બના ઈન્ની અસકન્તો મિન ઝુર્રીય્યતી બેવાદીન ગયરે ઝી ઝરઈન ઈન્દ બયતેકલ મોહર્રમે, રબ્બના લેયોકીમુસ્સલાત ફઝઅલ અફઈદતમ મિનન્નાસે તહવી ઈલયહીમ વરઝુકહુમ મેનસ્સમરાતે લઅલ્લહુમ યશકોરૂન.* (સૂરા ઈબ્રાહીમ આયત નં. ૩૮)

"અય પરવરદિગાર ! મેં તારા મુકદ્દશ ઘરની પાસે વેરાન ધરતી ઉપર જ્યાં ખેતીવાડી નથી થતી,

પોતાની અમુક સંતાનોને લાવીને વસાવી છે. અય મારા પરવરદિગાર ! જેથી કે તેઓ નમાઝ કાયમ કરે, તું લોકોના દીલોને એમના તરફ વાળી દે અને તેઓને ફળોની રોઝી આપ, કે તેઓ તારો શુક્ર અદા કરે.”

ખલીલુલ્લાહને અલ્લાહના રાઝિક અને રક્ષક હોવા ઉપર સંપૂર્ણ વિશ્ર્વાસ તો હતો જ. છતાંય આ દુઆથી તેમનો વિશ્ર્વાસ વધુ ઢ થયો. પછી આપ જે રસ્તેથી આવ્યા હતા, તેજ રસ્તે રવાના થઈ ગયા.

ખુદાની નેક બંદી હઝરત હાજરાએ ચાદર તાણીને છાંયડો કર્યો અને હઝરત ઈસ્માઈલને લઈને અંદર બેસી ગયાં. ચારેય તરફ ભયંકર ગરમી, અને સન્નાટો છવાયેલો હતો, પરંતુ આ નેક બહાદુર ઓરત જરાપણ ખોફઝદહ ન થઈ. ન તો હિંમત હારી. અલ્લાહ ઉપર ભરોસો કરીને બખુશી આ રણવાસી જિંદગીને સ્વીકારી લીધી, ન તો રડારોડ કરી, ન તો ખુદાની રહેમતથી માયુસ થયાં. પાણીનું એક નાનુ ખાબોચિયું આપની પાસે હતું તે પણ અડધા દિવસ પછી સૂકાઈ ગયું. હવે પાણીની ચિંતા પેદા થઈ. થોડીવાર ધીરજ ધરી, પરંતુ જેમ જેમ સૂરજની ગરમી વધતી ગઈ, તરસ વધવા લાગી, નાના બાળકના દયામણા ચહેરા ઉપર નજર પડતાં જ હઝરત હાજરા પરેશાન થઈ

ગયા. મોત નજર સમક્ષ દેખાવા લાગ્યું. માને પોતાના જીવ કરતાં પણ આ નાના પ્યારા-પ્યારા બચ્ચાનો જીવ વધારે વહાલો હતો. કદાચ કોઈક જગ્યાએ પાણી મળી જાય. તેવા વિચારથી ઊભા થઈ ગયાં. શફા અને મરવા પહાડીઓની વચ્ચે બાળક સૂતું હતું. હઝરત હાજરા શફા પહાડી ઉપર ચઢ્યાં. પાણી તલાશ કર્યું. પાછા નીચે ઊતરી બાળકને જોયું, પછી મરવા પહાડી ઉપર ચઢ્યાં, પાણી તલાશ કર્યું. ચારેય તરફ નજર દોડાવી કે ક્યાંક પાણી દેખાય. પહાડીની નીચે આવી બાળકને જોયું. આ રીતે શફા અને મરવા બંને પહાડીઓ ઉપર પાણીની તલાશમાં સાત ચક્કર લગાવ્યા. પરંતુ ક્યાંય પાણીનું નામો નિશાન ન દેખાયું જ્યારે તરસ અને થાકથી પરેશાન થઈને પહાડીની નીચે આવ્યાં. તો જોયું કે બાળકની પાસે જ પથ્થરોની વચ્ચેથી પાણીની ધારો છૂટી રહી છે. આ જોઈને કરમાયેલો ચેહરો ખુશ થઈ ગયો. અલ્લાહ ઉપરનો અતૂટ વિશ્વાસ વધુ ઢ બન્યો.

પાણીની ધારો પથ્થરોમાંથી એકદમ જોશભેર વહી રહી હતી. પાણી એકત્ર થઈ ગયું હતું. મુબારક જીભથી હાજરા બોલી ઉઠ્યાં "ઝમઝમ" જેનો ઈબરાની ભાષામાં" રોકાઈ જા." એવો ભાવાર્થ થાય છે. આ જ મીઠા પાણી દ્વારા પોતાના

બચ્ચાની અને પોતાની તરસ છુપાવી. પથ્થરો એકત્ર કરી વહેતા પાણીની ચારેય તરફ ગોઠવી દીધા. જેથી પાણી પથ્થરોના પીન્ડાલમાં ભેગું રહે, રેતીમાં વહી ન જાય. પાણી જોઈને આકાશમાં ઊડતાં પક્ષીઓ ત્યાં એકત્ર થવા લાગ્યાં. તેઓ ઝરણાની આસપાસ વીંટળાવા લાગ્યાં. જોતજોતામાં વેરાન પહાડોવાળા રણપ્રદેશમાં મોત જેવી ભયંકરતાઓ વચ્ચે જિંદગીની મીઠી સુવાસ ફેલાવા લાગી.

આ સમયગાળામાં બની જરહમનો એક કાફલો યમનથી શામ તરફ જતાં પહાડો ઉપરથી ગુજર્યો. આ કાફલાના માણસોએ આ ખીણમાં પક્ષીઓનાં ટોળાં જોયાં, તો નવાઈ પામ્યાં. કારણકે આ અગાઉ આ રેગીસ્તાનમાં પક્ષીઓને ઊડતાં કદી જોયાં ન હતાં. વિચાર્યું કે જ્યાં ન પાણી હોય, ન લીલોતરી ત્યાં પક્ષીઓ શું કામ આવે ? કાફલો આગળ વધતાં અટકી ત્યાં જ રોકાઈ ગયો. પહાડીઓની ઊંચાઈ ઉપરથી નીચે ઊતર્યો. જોયું તો એક પરદાનશીન ખાતુન એક નાના બાળક સાથે માથું નમાવી બેઠેલી છે અને પાસે જ પાણીનું ઝરણું ખળખળ વહી રહ્યું છે. કાફલાવાળાઓએ ખાતુનને કહ્યું કે “જો આપ રજા આપો તો અમે આપની અડોશપડોશમાં આબાદ થઈ જઈએ.”

જનાબે હાજરા તો ઈચ્છતાં જ હતાં કે આ રેગીસ્તાન આબાદ થઈ જાય. મોહતરમાએ કહ્યું "મને મારા પતિ ખલીલે ખુદાથી પૂછયા વગર અહીંયા કોઈને વસાવવાનો અધિકાર તો નથી, પરંતુ તમો થોડીક રાહ જુઓ તેઓ આવી જાય તો તેમને પૂછીને પછી તમને વસવાની રજા આપું"

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલ.) પોતાના નિયમાનુસાર આ લોકોની ખબરઅંતર માટે આવ્યા તો તેમને પૂછીને આ કાફલાને આસપાસ વસવાની ઈજાજત આપી દેવામાં આવી. થોડી ઝૂંપડીઓ અને તંબુઓવાળી એક નાની આબાદીએ આકાર લીધો. સાથે સાથે દુનિયાના નકશા ઉપર એક અતિ પવિત્ર શહેરનું રેખાચિત્ર કંડારાયું.

હઝરત ઈબ્રાહીમ (અલ.)એ ફરમાને ખુદા અનુસાર આ જ વેરાન ઈલાકામાં ખાનએ ખુદાનું બાંધકામ શરૂ કર્યું. હઝરત ઈસ્માઈલ (અલ.) પણ આ કામમાં મદદગાર બન્યા. હઝરત ઈસ્માઈલ (અલ.) પોતાના ખભા ઉપર પથ્થરો ઊંચકી લાવતા અને હઝરત ઈબ્રાહીમ (અલ.) પથ્થરો પસંદ કરીને તેની ગોઠવણી કરી દીવાલો ઊભી કરતા. આ રીતે આ પવિત્ર હસ્તીઓએ સાથે

રહીને પોતાના શારીરીક શ્રમ દ્વારા અલ્લાહનું ઘર “કાબતુલ્લાહ” તૈયાર કર્યું.

ખુદાની ખુશનૂદી પ્રાપ્ત કરવાની શુદ્ધ નિય્યત, શુદ્ધ લીલ્લાહીયતવાળી ભાવનાથી ઘણા જ જલ્દી તમામ અરબમાં કાબતુલ્લાહ ઈબાદતનું કેન્દ્ર સ્થાન બન્યું. આ ઘરની પ્રદક્ષિણા માટે દુનિયાના ખૂણે ખૂણેથી લોકો શોખથી આવવા લાગ્યા. ધીરે ધીરે આબાદી વધતી ગઈ અને જઝીરતુલ અરબના હૃદયસમા આ ઈલાકામાં એક વસ્તીએ આકાર લીધો. જે પાછળથી બક્કા કહેવાયું. આ જ તેનું અતિપુરાણું નામ છે. કીતાબ ઝબુરમાં પણ આ ખીણને “બક્કા” ના નામથી જ ઉલ્લેખવામાં આવી છે. ઝબૂરમાં પણ આજ નામનું વર્ણન છે. કુર્આનમાં પણ કાબાના બાંધકામ વખતે મક્કાને બક્કા જ કહેવામાં આવ્યું છે.

અલ્લાહતઆલાનો ઈરશાદ છે :

ઈન્ન અવ્વલ બયતીંવ વોઝેઅ લીન્નાસે લલ્લઝી બેબક્કત મુબારકંવ વ હોદલ લીલઆલમીન (સુરા આલે ઈમરાન - આયત નં. ૯૬)

“પ્રથમ ખાનએ ખુદા જે લોકો માટે બનાવવામાં આવ્યું તે બક્કા છે. જે અતિ પવિત્ર બરકતવાળું અને વિશ્ર્વના લોકો માટે હિદાયતનું કેન્દ્રસ્થાન છે.”

બક્કાનું બીજું પ્રખ્યાત અને લોકજીભે બોલાતું નામ મક્કા છે. ઝહાકનું વર્ણન છે કે બક્કાના બે ને મીમથી બદલી નાખી અપભ્રંશ થઈ ગયો અને મક્કા મશહુર થઈ ગયું. આ એક જ સ્થળના બે નામો છે. કેટલીક રીવાયતોથી માલૂમ પડે છે કે જે જગ્યાએ ખાનએ ખુદા બંધાયું છે. તેનું નામ "બક્કા" છે અને જ્યાં શહેર આબાદ થયું તે જગ્યાનું નામ "મક્કા" છે.

અઈમ્માએ તાહેરીન (અલ.) નું વર્ણન છે બક્કા એટલે રડવું, ગીરીયાઝારી કરવી - જે શબ્દ બે, નાનો કાફ, અલીફથી લખાય છે. આ નામ એટલા માટે પ્રખ્યાત થયું કે જ્યારે અરબસ્તાનની આસપાસના લોકો અહીં હજ-જીયારત માટે એકત્ર થતા હતા, તો ખાનએ કાબાની આસપાસ ખૂબ જ રડતા હતા. અલ્લાહને યાદ કરતા હતા. તેની સમક્ષ રડીને આજીજી કરતા હતા. જેથી ઈમામ જઅફર સાદીક (અલ.) નો ઈરશાદ છે કે

"મક્કાનું નામ બક્કા એટલા માટે પડયું છે કે ત્યાં લોકો એકત્ર થઈને આજીપૂર્વક રડતા હતા"

મુજાહિદનું પણ આ જ વર્ણન છે. "મક્કાને બક્કા એટલા માટે કહેવામાં આવતું હતું કે જ્યાં સ્ત્રીપુરુષો એકત્ર થઈને ખૂબજ આજીજી અને

રોકકળ કરતા હતા. (દુર્રે મન્સુર ભાગ-૨, પેજ નં. ૫૨)

તે મક્કા (મીમ, કાફ, હે) મકાઅના અર્થમાં બોલાય છે. (મીમ છોટા કાફ અને અલીફ) જેનો અર્થ ઊંચા અવાજથી રડવું, ચીખવું એવો થાય છે. સીટી વગાડવાના અર્થમાં પણ મકાઅ શબ્દ વપરાય છે. આ ચીખ, પોકાર અને અવાજ સાથે રડવું પણ તેઓની દ્રષ્ટિએ ઈબાદત ગણાતી હતી. ગીરયાઝારી નમાઝનો ભાગ ગણવામાં આવતો.

અલ્લાહતઆલાનો ઈરશાદ છે.

વમા કાન સલાતોહુમ ઈન્દલ બયતે ઈલ્લા મોકાઅંવ વતશદીયતન ફઝૂકુલ અઝાબ બેમા કુન્તુમ તકફોરૂન. (સુરા અનફાલ આયત નં. ૩૫)

"ખાનએ ખુદાની પાસે તેઓની નમાઝ સીટીઓ વગાડવી અને તાળીઓ પાડવી હતી. તો અય કાફિરો, જે કુફ્ર તમે કર્યા કરતા હતા, તે કારણે હવે અઝાબ પણ ચાખો.'

કુર્આનેપાકમાં મક્કાને "ઉમ્મુલ કુરા" ના નામથી પણ પોકારવામાં આવ્યું છે. ઉમ્મનો અર્થ અસલ, મૂળ, આધાર એવો થાય છે. તેનો ઉપયોગ દરેક એવી વસ્તુ માટે થઈ શકે છે જેનું અસ્તિત્ત્વ મૂળ આધારરૂપ ગણાતું હોય. "ઉમ્મુલ કુરા" એટલે આબાદીઓની અસલ બુનિયાદ. કહેવાનું એક

કારણ આ પણ હોઈ શકે કે ત્યાંથી ઈન્સાની જીવનની શરૂઆત થઈ, જે ચોતરફ ફેલાઈ ગઈ. વેરાન રેગીસ્તાન પહાડીઓમાંથી ગુજરતી આ ઈન્સાની આબાદી ખુદાની કુદરતથી વિશ્ર્વમાં પ્રખ્યાત બની ગઈ. વિશ્ર્વમાં ફેલાઈ ગઈ.

જ્યારે હઝરત ઈસ્માઈલ (અલ.) એ કબીલા જરહમના સરદાર મઝાઝ ઈબ્ને અમરૂની બેટીથી શાદી કરી, તો તેઓની સંતાનો ખૂબ જ ફૂલીફલી. થોડાક જ સમયગાળામાં તહામા, નજદ અને હિજાઝથી લઈને ફલસ્તીન અને યમન સુધી વિસ્તરી ગઈ. અરબની આદિઅરબ જાતિના મુકાબલામાં આ નવી વસાહતો વિસ્તરતી ગઈ. અહીં સુધી કે દુનિયાના ખૂણેખૂણે વસી ગઈ. આ હરમની મુબારક ભૂમિ આબાદીઓની અસલ બુનિયાદ હોવાની સાથે દીન અને હિદાયતનું પણ કેન્દ્રસ્થાન છે. આ મુબારક જમીન ઉપર અલ્લાહનું પ્રથમ ઘર બન્યું. આ જ સ્થળેથી ઈસ્લામનો પ્રચાર પ્રસાર શરૂ થયો. આ જમીને ઈસ્લામના વિશ્ર્વવિદ્યાલયનો દરજ્જો પ્રાપ્ત કર્યો. આ જ જમીન ઉપરથી તવહીદની આવાજ બુંલદ થઈ. આ જ મુબારક જમીન અલ્લાહના આખરી દીનની બુનિયાદ બની. આજ મુબારક સ્થળ ઈસ્લામના વિશ્ર્વવ્યાપી આંદોલનનું કેન્દ્રસ્થાન બન્યું. આ જ ઈલાકામાં નૂઝૂલે કુર્આનની શરૂઆત

થઈ. હિદાયતનો પ્રકાશ આ જ મુબારક જમીન ઉપરથી ફેલાયો. હિદાયતનો સૂર્યોદય આજ મુબારક જમીન ઉપર થયો, તેના પ્રકાશથી આ રેગીસ્તાની અરબો નવજીવન પામ્યા. આ હિદાયતનો ચિરાગ અંધકારને દૂર કરતો કરતો એશિયા, આફ્રિકા અને યુરોપ સુધી પહોંચ્યો. હિદાયતનો સૂર્ય મતલબ પ્યારા નબી હઝરત મોહંમદ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ આ જ મુબારક સરજમીનમાં પેદા થયા, અને આ જ મુબારક જમીનને મૌલાએ કાએનાત હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)નું જન્મસ્થળ હોવાનો ગર્વ છે. આ જ મક્કા અને આ જ કાબા-ખાનએ ખુદા મૌલાએ કાએનાતનું જન્મસ્થળ છે. અહીં જ આપનું બાળપણ અને કિશોરાવસ્થા વીત્યાં, આપના મુબારક કદમોથી આ જમીન મુનવ્વર થઈ. આપના કદમમુબારકથી આ રેગીસ્તાનને ઈજ્જત પ્રાપ્ત થઈ. આપ આ જ મક્કાની ગલીઓમાં ચાલ્યા, ફર્યા દોડયા. અહીં જ આપ પરવરિશ પામ્યા. અહીંયાથી જ યશરબ (મદીના) તરફ આપે હિજરત ફરમાવી.

આ વાત અનુભવ સિદ્ધ છે કે જમીનના જુદા જુદા ઈલાકા પોતાની આબોહવા અને ભૌગોલિક પરિસ્થિતિને કારણે જુદી જુદી અસરો ધરાવતા હોય છે. તેથી જે વસ્તુ એક પ્રકારની જમીનમાં જે

પ્રમાણે ખીલી ઊઠે છે, વિકાસ પામે છે તે જ વસ્તુઓ બીજી જમીનોમાં અને આબોહવામાં વિકાસ પામતી નથી. એવી જ રીતે એક જ જમીનના જુદા જુદા ભાગો પણ સખત અથવા નરમ, ફળદ્રુપ કે ઉજ્જડ હોવાથી પરિસ્થિતિમાં જુદી જુદી અસરો ઉપજાવે છે. તેથી જ ફળદ્રુપ જમીનમાં કોઈ વસ્તુ ઊગાવવામાં આવે તો સંપૂ્ર્ણ વિકાસ સાથે ઊગી નીકળે છે. જ્યારે ઉજ્જડ જમીનમાં કંઈક વાવવામાં આવે તો તે અપૂર્ણ, અવિકસિત અને મૂડદાલ રહે છે, સૂકાઈ જાય છે.

આવી જ રીતે સખત જમીન અને નરમ જમીનમાં ઉગવાવાળી વનસ્પતિઓમાં પણ સ્પષ્ટ તફાવત માલુમ પડે છે. નરમ જમીનમાં ઊગનારા છોડ નાજુક હોય છે. જ્યારે સખત-ઉજ્જડ-પથરીલી જમીનમાં ઊગવાવાળા વનસ્પતિ-છોડ-ઝાડવા-ઝાંખરાં મજબૂત હોય છે. કારણ કે રેગીસ્તાની જમીનની વનસ્પતિને ખૂબ જ તેજ ધૂપ-પ્રકાશ-ગરમ અને સૂકી આબોહવાનો સામનો કરવો પડે છે. તેના મૂળોને ભેજ મેળવવા માટે જમીનના ઊંડાણમાં ઊતરવું પડે છે.

તેથી જ કુદરતે ઉજ્જડ-રેગીસ્તાની વનસ્પતિમાં એટલી શક્તિ મૂકેલી છે કે તે આ પથરીલી

જમીનમાં પોતાના મૂળિયાં ફેલાવી શકે. જમીનની સખ્તાઈનો મુકાબલો કરી શકે.

ઈમામે અવ્વલ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ આ રેગીસ્તાની-પથરીલી જમીનના માટે નિર્દેશ કરીને ફરમાવ્યું.

"યાદ રાખો, જંગલના ઝાડોનું લાકડું મજબૂત હોય છે, જ્યારે લીલાછમ ઝાડોની છાલ કમજોર અને પાતળી હોય છે. રેગીસ્તાની -પથરીલી ઝાડીઓનું બળતણ વધારે તેજ બળે છે. અને તેને હોલવાતાં વાર લાગે છે."

એવી જ રીતે ભૌગોલિક પરિસ્થિતિ, આબોહવાની અસરો ઈન્સાનોના દીલો-દિમાગ તથા શારીરિક પ્રકૃતિ, અખ્લાક અને આચરણ ઉપર પણ થાય છે. જે વ્યક્તિ જે જમીનમાં જન્મ પામે છે, જીવન વીતાવે છે. ત્યાની આબોહવા તેની પ્રકૃતિ ઉપર અસર કરે છે. તેથી કરીને રણપ્રદેશના રહેવાસીઓમાં સખ્તાઈ, તુંડમીજાજી અને પશુતા હોય છે. જ્યારે શહેરી લોકોમાં નરમાશ, ખુશમિજાઝી અને શાંતિપ્રિયતાના ગુણો વધુ હોય છે. જ્યારે આવા રણપ્રદેશના રહેવાસીઓ પોતાના ઈલાકા છોડીને શહેરી આબાદીઓમાં રહેવા જાય છે ત્યારે તેઓમાં પણ શહેરી માહોલની અસરો ઊતરતી જાય છે. ધીમે ધીમે આવા લોકો નરમ સ્વભાવના, શાંતિપ્રિય બનતા જાય છે.

રણવિસ્તારના રહેવાસીઓ શહેરી આબાદીના રહેવાસીઓના મુકાબલામાં વધુ સંતોષી, હિંમતવાળા, મહેનતુ હોય છે. કારણ કે તેઓને જીવનનિવર્હિ માટે ખૂબજ સંઘર્ષ કરવો પડતો હોય છે. મિનિટે મિનિટે પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડતો હોય છે. જેથી આવા મુશ્કેલીભર્યા સંજોગોનો મુકાબલો કરવાની શક્તિ કુદરતી રીતે જ પેદા થઈ જાય છે.

ઈમામે અવ્વલ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)માં બહાદુરી, હિંમત, સાહસિકતા, સહનશીલતા વગેરે સીફ્તો ખુદાદાદ તો હતી જ. તેમાં વળી રેગીસ્તાન ઈલાકાની ભૌગોલિક પરિસ્થિતિએ વધારો કર્યો હતો.

# પ્રકરણ : ૧૫

# કુટુંબ અને વંશાવલી

આ એક કુદરતનો કાનૂન છે કે દરેક ઈન્સાન પોતાના બાપદાદાના ગુણોનો થોડેઘણે અંશે પણ માલીક હોય છે. કૌટુંબિક ગુણોનું બાળકમાં ઊતરવું નાકાબીલે ઈન્કાર બાબત છે. વ્યક્તિ પોતાના પૂર્વજોની શકલ, સૂરત, આદતો ધરાવતો જ હોય છે. જો કે દરેક વ્યક્તિ આવી બારીકીઓ જોઈ-જાણી શકતો નથી. પરંતુ બુદ્ધિશાળીઓ તો બાળકને જોઈને જ તેના પૂર્વજોને પણ ઓળખી લે છે. જેથી પહેલી જ નજરમાં પારખી લે છે કે કોણ કયા બાપનો બેટો છે અને કયા ખાનદાનનો વ્યક્તિ છે. અરબમાં તે સમયમાં એટલા બુદ્ધિશાળી, વિચક્ષણ દ્રષ્ટિ ધરાવનાર કબીલાઓ પણ હતા, જેઓ વ્યક્તિની વંશાવલી કુટુંબ તેમના ચહેરાઓ જોઈને ઓળખી લેતા હતા. અહીં સુધી કે આ છોકરાનો બાપ કોણ છે, તે પણ કહી શકતા હતા.

કબીલા બની લહબ અને બની મદલજના લોકો મુખાકૃતિની ઓળખમાં ઘણા જ પાવરધા હતા. આ વિષયમાં મુસતતરીફના લેખક લખે છે કે જો કોઈ બાળકના વિષયમાં શંકા પેદા થતી તો તેને બની મદલજની કોઈ વ્યક્તિ સમક્ષ લાવવામાં

આવતો. તે એકદ્રષ્ટિ બાળક ઉપર અને બીજી દ્રષ્ટિ કેટલીક વ્યક્તિઓ ઉપર નાખીને તરત જ કહી આપતો કે ફલાણી વ્યક્તિ આ બાળકનો પિતા છે. એટલું જ નહિ પરંતુ બંનેની કૌટુંબિક નિશાનીઓ અને રેખાચિહ્નો પણ વર્ણવી દેતો.

એક વખત એક વેપારીનો બેટો ઊંટ ઉપર સવાર થઈને આ કબીલા પાસેથી પસાર થયો. તે કબીલાના એક માણસે તે વેપારીના પુત્રને તથા તેના ગુલામને જોયો. ગુલામ આગળ ચાલતો હતો. તો કહ્યું કે આ સવાર આ ગુલામથી કેટલો બધો મળતો આવે છે. ગુલામ સાથે કેટલો એકરૂપ છે. તે સવારે આ વાત સાંભળી લીધી. પોતાના માટે શકમાં પડી ગયો. ઘેર જઈને પોતાની માથી આ વાતની તહકીક કરી, તો ખબર પડી કે તે ખરેખર ગુલામનો બેટો હતો. અરબ બદ્દુઓની જહાલત પ્રખ્યાત છે. અલ્લાહતઆલાએ પણ ઈરશાદ ફરમાવ્યો છે કે "અય નબી આ બુઓ ઈસ્લામમમાં દાખલ થયા છે. હજી મોમીન બન્યા નથી." ઘણી જ અસંસ્કૃત કોમ હતી. અર્વિચિન સમયનો શુસભ્ય અને સંસ્કૃત વ્યક્તિ પોતાની માથી આવી તહકીક ન કરે, વાત ગળી જાય, ભૂલી જાય. આંખ આડા કાન કરી લે.

મસ્જિદે નબવીની એક પ્રખ્યાત વાત છે કે એક વખત ઝયદ એક સહાબી જેઓ ગુલામ હતા અને

 amillibrary.com

તેમનો પુત્ર ઉસામા બંને મોં - માથું ઢાંકીને સૂતા હતા. તેઓના પગના પંજા ખુલ્લા હતા. અચાનક મુજઝઝ ઈબ્ને આવદ મદલજી ત્યાંથી પસાર થયો. તેણે પેલા બંનેના ખુલ્લા પગોને જોઈને કહ્યું કે આ બાપના પગ છે અને આ પુત્રના. જો કે તે આ બંને બાપ-બેટાને ન ઓળખતો હતો, ન તો તેમની સગાઈથી પરિચિત હતો. ફક્ત પગને જોઈને માલુમ કરી લીધું કે એક બાપ છે અને એક બેટો છે.

કુદરતનો આ એકરૂપતાનો કાનૂન ફક્ત ઈન્સાનોને જ લાગુ પડતો નથી. પરંતુ વનસ્પતિ અને જાનવરોપશુપંખીઓને પણ લાગુ પડે છે. ઓસ્ટ્રેલિયાના એક પાદરી મિસ્ટર મિંડોલે વનસ્પતિ અને પશુઓ ઉપર આ પ્રકારના પ્રયોગો કર્યા તેણે ચોમાસાના લાંબા કદના નવા બીજ ઉત્પન્ન કર્યા તેને જમીનમાં ઊગાવ્યા તો તેમાંથી બધા જ છોડ લાંબા કદવાળા ઉત્પન્ન થયા. પછી તેણે આ લાંબા કદવાળા છોડોને આપસમાં મિલાવીને નવા છોડ ઊગાવ્યા, તો આશ્ચર્ય થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ. આ બીજથી ૧૦૦ માંથી ૭૫ લાંબા કદના છોડ પેદા થયા અને ૨૫ નાના કદના.

આ જ રીતે એક સફેદ મુર્ગ (કુકકુટ-પક્ષી) જેની ચામડી ઉપર કાળા ધબ્બા હતા. એક કાળા રંગની

મુર્ગીથી મીલાવી ઈંડા મેળવ્યાં. તે ઈંડામાંથી બચ્ચા ઉત્પન્ન કર્યાં. તો તે બચ્ચું નીલ (વાદળી) રંગનું નર બચ્ચું મુર્ગ પેદા થયું. પછી તેણે નીલા રંગના મુર્ગને બીજી મરઘીથી મીલાવીને બચ્ચાં પેદા કર્યાં તો તેમાંથી બે નીલા (વાદળી) રંગના મુર્ગ હતા, એક કાલા રંગની અને એક સફેદ મૂર્ગ હતો. જેની ચામડી ઉપર તેવા જ કાળા રંગના ધબ્બા હતા. જેવા કે પ્રથમ મુર્ગ ઉપર હતા.

આવા પ્રકારના અનેક અનુભવો પછી તેણે આ વાત સાબિત કરી કે અનુવંશીક ગુણો એક પેઢીમાં દ્બાઈ પણ જાય તો આગલી પેઢીમાં તે જરૂરથી ઊભરી આવે છે.

આ એકરૂપતા ફક્ત ચહેરા-મોહરાં, ચામડી, રંગ કે ચાલઢાલ પુરતી નથી હોતી. બલ્કે અવલાદ સારા-નરસા ગુણો, વિચારો, બુદ્ધિમતા, શરીરશક્તિ વગેરેમાં પોતાના પૂર્વજોની એકરૂપ હોય છે. આર્વિચિન વિજ્ઞાને પણ આ વાત સાબિત કરી છે કે પુરુષ-સ્ત્રીના મીલનથી બનતું એક બાળક જેના શરીરમાં લાખો કોષો હોય છે અને તે કોષોમાંથી બીજા અનેક માનવકોષો જન્મ પામતા હોય છે. તે ઈન્સાન પોતાના પૂર્વજોના અનુવંશીક ગુણો સાથે લઈને જન્મે છે. માના પેટમાં જ બાળકમાં પૂર્વજોના ગુણો અવગુણો, ખાસીયતો, વગેરેની રેખાઓ ઉપસ્થિત થતી હોય છે. તેથી શીશુ જ્યારે

દુનિયામાં આવે છે, ત્યારે તે ન ફક્ત શારીરીક શક્તિએ કે ચામડીરંગે પોતાના પૂર્વજોનો હમશકલ હોય છે. બલ્કે અખ્લાક, આદતો, ગુણો-અવગુણો વગેરેમાં પણ તે પોતાના બાપ-દાદાનો વારસદાર હોય છે.

આ વાતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવશે કે, જે ગુણો ઉદ્યમ દ્વારા, કોશિશ કરીને, મેળવવાના હોય છે. જે ગુણો મેહનત-કોશીશ-ઉદ્યમ કેળવણી વગેરે સાથે સંબંધ ધરાવે છે. તે ગુણો, આવડતો, કેળવણી સંતાનોને વારસામાં નથી મળતી. તેના માટે તો કેળવણી અને મહેનત જરૂરી જ છે. દ્રષ્ટાંતરૂપે જ્ઞાન-વિજ્ઞાન, કળા કારીગરી, દસ્તકારી, શિલ્પકળા, ધંધો રોજગાર આ ગુણો સંતાનને વારસામાં નથી મળતાં. તેના માટે કોશીશ જરૂરી છે.

અનુવંશીક ગુણોમાં પણ તાલીમો-તરબીયત અસર અંદાજ રહે છે. યોગ્ય વાતાવરણ અને બેહતરીન તાલીમ - કેળવણી ન હોય તો અનુવંશીક ગુણો વધતા ઓછા અંશે દ્બાઈ પણ જાય છે. તેનાથી ઉલ્ટું અયોગ્ય માહોલ, ખરાબ કેળવણી, સારા અનુવંશીક ગુણોને પણ દ્બાવી દે છે. પરંતુ આગળની પેઢીમાં પોત્રો-પરપોત્રોમાં કોઈને કોઈ જગ્યાએ તે જ ગુણો ફરીથી પોતાની અસરો બતાવે છે. શરત એટલી કે આસપાસના અયોગ્ય

વાતાવરણ દ્વારા, બાપદાદા તરફથી વારસાગત પુનરાવર્તીત થતી ઈલ્મીયત અને શારીરીક શક્તિના ગુણોને અનજાનપણાની અને અસબંધતાની હદ સુધી નાબૂદ ન કરી દેવામાં આવે.

ઉપરોક્ત નિયમો અનુસાર જો કોઈના પૂર્વજો નાપસંદ ગુણો ધરાવતા હોય, તો તેમની સંતાનો તેની અસરોથી બાકાત રહી શકતી નથી અને જો કોઈના પૂર્વજો બુલંદ અખ્લાક, બુદ્ધિશાળી, બહાદુર, હયાદાર, સખી અને ન્યાયી હોય તો તેની ઓલાદની તાલીમો - તરબીયતમાં આ ગુણોની અસરો સ્પષ્ટ દેખાઈ આવશે, તેથી જ કોઈક વ્યક્તિના વ્યક્તિત્વને પારખવા માટે તેના પૂર્વજોના ગુણો - આદતો અખ્લાક જાણવા જરૂરી છે. જો કોઈનો વંશવેલો નામાલૂમ હોય તો તેની કુદરતી સલાહીયતો, ગુણો અવગુણોનો સહી અંદાજો કાઢવો મુશ્કેલ છે. આજે પણ શાદી નક્કી કરતી વખતે વરપક્ષના વડવાઓ તથા છોકરાના મોસાળ પક્ષના માણસોના વખાણ કરવામાં આવે છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અલ.)ના ઉચ્ચોચ્ચ વ્યક્તિત્ત્વને, બુલંદ અખ્લાકને આપની શ્રેષ્ઠ બુદ્ધિક્ષમતાને, આપની અવર્ણનીય બહાદુરીને સમજતાં પહેલાં આપના તે પૂર્વજોને પણ જાણવા જરૂરી છે, જે પૂર્વજોમાંથી

પેઢી દર પેઢી ઉપરોક્ત ગુણો આપનામાં ઊતરી આવ્યા હતા.

**હઝરત અલી (અલ.)ની વંશાવલી આ પ્રમાણે છે.**

હઝરત અલી ઈબ્ને અબી તાલીબ, ઈબ્ને અબ્દુલ મુત્તલીબ, ઈબ્ને હાશિમ, ઈબ્ને મનાફ, ઈબ્ને કસી, ઈબ્ને કલાબ, ઈબ્ને મર્રહ, ઈબ્ને કઅબ, ઈબ્ને લુઈ, ઈબ્ને ગાલીબ, ઈબ્ને ફહર, ઈબ્ને માલીક, ઈબ્ને નઝર, ઈબ્ને કનાના, ઈબ્ને ખુઝયમા, ઈબ્ને મુદરક, ઈબ્ને ઈલ્યાસ, ઈબ્ને મઝર, ઈબ્ને નઝઝાર, ઈબ્ને મઅદ, ઈબ્ને અદનાન.

અરબસ્તાનનો ઈતિહાસ સાક્ષી છે કે આ ઉચ્ચોચ્ચ - શ્રેષ્ઠ વંશાવલીની દરેકે દરેક વ્યક્તિ પોતપોતાના સમયગાળામાં વિશ્વની બેહતરીન વ્યક્તિઓ હતી. તેમાના દરેક માણસ પોતાની સભ્યતા અને રહેણીકરણીમાં સંપૂર્ણ રીતે હઝરત ઈબ્રાહીમ (અલ.) ના અનુયાયી હતા. આ લોકો સમાજની ઈસ્લાહ (સુધારણા) કરનારા, પોતાના સમયમાં ઈસ્લામી ઈન્કિલાબના અલમબરદાર હતા. શારીરીક અને માનસિક બંને દ્રષ્ટિએ સંપૂર્ણ પાકસાફ હતા. લોકોને ભલાઈઓ તરફ બોલાવનારા અને બુરાઈઓથી દૂર રાખનારા હતા. આ જ લોકોએ અરબસ્તાનના અંધકારમય સમાજમાં દીને હનીફ-દીને ઈબ્રાહીમી રોશન કર્યો. સમાજમાં ન્યાય સ્થાપિત થાય તે આ લોકોનો

જીવનધ્યેય હતો. ફસાદને - બદમાશીઓને કચડી નાખવા માટે આ નેક લોકોએ પોતાનું સર્વસ્વ ખર્ચી નાખ્યું હતું. ઈન્સાનીયત, ભાઈચારો અને હમદર્દી ફેલાવવી આ બુઝૂર્ગોનો જીવનધ્યેય હતો. સમાજમાંથી ગંદકી દૂર કરવા માટે તે સમયમાં પણ અંજુમનો સ્થાપિત કરી હતી. વેપારના વિકાસ માટે રસ્તાઓની સુધારણા કરવી, ઊંટોની સારી જાતો પેદા કરવી, કાફલાઓની સફરના રસ્તાઓમાં પાણીની વ્યવસ્થા ઊભી કરવી, લોકોને જીવનજરૂરિયાતોનો સામાન સહેલાઈથી પ્રાપ્ત થાય તેવી બધી જ વ્યવસ્થા હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) ના તમામ પૂર્વજો કરતા આવ્યા છે.

આપના વડવાઓએ પોતપોતાના સમયમાં કચડાયેલા વર્ગોની મદદ કરી છે. હંમેશા હક્કની હિમાયત કરી છે. ન્યાયના પક્ષે રહીને કમજોરોને તેઓના હકો અપાવ્યા છે. મજલૂમોની હિમાયતમાં જાલીમોનો મુકાબલો કરવા આ લોકો હંમેશા તત્પર રહ્યા છે.

દૂર સુદૂરથી આવવાવાળા હોંઓની સેવાચાકરી, મેહમાનનવાઝી આ લોકોએ પોતાના ઝિમ્મે લીધી હતી. મુસાફરોની, વટેમાર્ગુઓની અને નવસ્થાપિતોની મદદ માટે હંમેશાં હાજર રહેતા. જાલીમના હાથોને જુલ્મથી રોકવા અને અન્યાયની

વિરૂદ્ધ લડાઈ આપવા આ લોકો હંમેશા તત્પર રહેતા.

આ તે વિશેષતાઓ છે જેના કારણે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) ના પૂર્વજો ઈન્સાનોની નજરમાં હંમેશા ઈજ્જતવાળા રહ્યા છે. અમો અહીં આ ઈતિહાસના ઘડવૈયા બુઝૂર્ગોની જિંદગીના અમૂક અંશો ઈતિહાસમાંથી ટૂંકાણમાં રજૂ કરીએ છીએ. જેથી તેઓની શ્રેષ્ઠ જીવન પદ્ધતિ અને ગર્વ કરવાને લાયક કારકીર્દીથી વાચકો વાકેફ થાય.

**અદનાન ઈબ્ને અદુ :**

આપ હઝરત ઈસ્માઈલ (અલ.)ના ફરઝંદ કીદારની સંતાનોમાંથી એક મહાન બુઝૂર્ગ હતા. કીદારની સંતાનો હીજાઝે મુકદ્દસમાં (અરબસ્તાન) જ સ્થાયી રહી. તેથી આપ પણ આ જ મુકદ્દસ જમીનમાં પેદા થયા. બની ઈસ્માઈલ એક પ્રખ્યાત કબીલો આપના વંશથી જ છે. આજ કારણથી આપને આલે અદનાન અને આલે મઝર કહેવાય છે. આપ દેખાવે ખૂબસુરત હતા. બાળપણથી જ ઉચ્ચ અને પવિત્ર અખ્લાકના માલીક હતા. અત્યંત શાંત પ્રકૃતિના હતા. ચેહરા પરથી અક્કલમંદ દેખાતા આ બુઝર્ગ તીવ્ર યાદશક્તિ ધરાવનાર હતા. બાહોશ અને પ્રતિભાશાળી વ્યક્તિ હતા. આપની પેશાનીની ચમક અને

ચહેરાની રોનક એવું બતાવતી હતી કે આપના વંશમાંથી એક અતિપવિત્ર નૂર પેદા થવાનું છે. જે સમગ્ર વિશ્વને પ્રકાશિત કરી દેશે.

આપ પોતાના સમયના પ્રખ્યાત તીંરદાઝ અને તલવાર ચલાવનાર હતા. યુદ્ધ મોરચાના બહાદુર સરદાર હતા. અરબની સરદારીના ઉચ્ચોચ્ચ હોદ્દા ઉપર હતા. બરજા અને યશરબ (મદીનાનાના) કબીલાઓ સિવાય રેગીસ્તાનના અન્ય કબીલાઓએ પણ આપની સરદારીને માન્ય રાખી હતી.

આપે ખાનએ કાબાની બુઝર્ગી-ઈજ્જતને દ્રષ્ટિ સમક્ષ રાખીને એક પરદો બનાવ્યો હતો, તેને કાબા ઉપર ચઢાવ્યો, ઈતિહાસકાર બેલાઝરી લખે છે કે : "અદનાને સર્વથી પ્રથમ ખાનએ કાબા ઉપર ગિલાફ ચઢાવ્યો."

જ્યારે નશરાની બાદશાહ કલદાની બયતુલ મુકદ્દ ફતેહ કરીને અરબસ્તાન ઉપર ચઢી આવ્યો, તો આપે પોતાની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરીને તેની સાથે યુદ્ધ કર્યું. પરંતુ આપના સાથીઓ ઢીલા પડી ગયા. જીવ બચાવવા ભાગ્યા. આપ ફક્ત મુઠ્ઠીભર સાથીઓ સાથે પણ દુશ્મનોનો મુકાબલો કરનાર રહ્યા. છેવટે વધુ શક્તિ પ્રાપ્ત કરી બીજા વખત મુકાબલો કરવાનો સલાહભર્યું સમજી યુદ્ધ મોકુફી કરી. પોતાના પુત્રોને લઈ યમન ચાલી આવ્યા.

અહીં વસી ગયા, ત્યાં જ આપની વફાત થઈ. આપના દસ પુત્રો હતા. જેમાં સૌથી વધુ પ્રખ્યાત અને હિંમતવાન મઅદ હતા.

**મઅદ ઈબ્ને અદનાન :**

આપની વાલીદહનું નામ મિહદદ બિન્તે અલ્હમ હતું. જે બની જરહમ કબીલાના હતાં. મઅદ પોતાના પિતોં સાથે યમનના ઈલાકામાં રહેતા હતા, ત્યાંજ મોટા થયા, પરવરિશ પામ્યા અને શિક્ષણ લીધું. જ્યારે બખ્ત નસર મૃત્યુ પામ્યો અને અરબસ્તાનમાં શાંતિનું વાતાવરણ સર્જાયું તો અરબના કબીલાઓએ આપને હિઝાઝ પાછા ફરવાની વિનંતી કરી. સાથે એક વ્યકિતને એમને લાવવા માટે મોકલ્યો. તો આપ તે ભોમિયાની સાથે હિજાઝ પાછા ફર્યા. કીતાબો◌ેમાં એક રીવાયત આ પ્રકારની પણ  જોવા મળે છે કે જ્યારે બખ્ત નસરે અરબસ્તાન ઉપર પ્રભૂત્વ જમાવી દીધું તો હઝરત અરમીયા તેમને પોતાની સાથે શામ લઈ ગયા, ત્યાં જ રહ્યા. જ્યારે બખ્ત નશર મૃત્યુ પામ્યો. જેથી તેના ફીત્ના ઓછા થયા, તો આપ હિજાઝ પરત આવ્યા. ફરીથી અરબની સરદારીનો હોદ્દો આપે સંભાળ્યો.

ઈતિહાસકાર યાઅકુબીએ લખ્યું છે કે અવલાદે ઈસ્માઈલમાંથી કોઈપણ વ્યકિત પ્રતિષ્ઠામાં આપની સમકક્ષ ન હતો. અરબમાં આપ

નિખાલસ અને પ્રમાણિક વ્યક્તિ તરીકે પ્રખ્યાત હતા. આપ પોતાના પિતોંની જેમ જ તલવારબોં, તીરંદાઝી વગેરે યુદ્ધ કૌશલ્યમાં પાવરધા હતા. શૂરવીર હતા. ન કદી દુશ્મનને પીઠ બતાવી, ન યુદ્ધમાં કદી પરાજિત થયા. હંમેશા વિજયી રહ્યા.

તારીખે ખમીશના કર્તા લખે છે કે "આપે જેની સાથે પણ યુદ્ધ કર્યું, જેનો પણ મુકાબલો કર્યો. તે પરાજિત થયો. આપ કામ્યાબ-વિજયી રહ્યા. આપે સૌ પ્રથમ ઊંટો ઉપર કાઠી બાંધવાનો અને તેને ખેંચીને બાંધવાનો અમલ શરૂ કરાવ્યો.

સૌપ્રથમ હરમની સરજમીન ઉપર પથ્થરો જડાવી હંમેશ માટે તેની હદો નક્કી કરી દીધી. આપના ચાર ફરઝંદ હતા.

(૧) કઝાઆ (૨) નાઝઝાર (૩) કનસ (૪) અયાદ. કઝાઆ મોટો પુત્ર હતો. તેથી જ તેના નામ ઉપરથી એમની વંશાવલી અબુકઝાઆ પ્રખ્યાત થઈ. આ ચારમાંથી નઝઝાર ખૂબ બેહતરીન અખ્લાકવાળા હતા. તેઓને સરદારીનો હોદ્દો પ્રાપ્ત થયો.

# પ્રકરણ : ૧૬

# નઝઝાર ઈબ્ને મઅદ

આપના માતૃશ્રીનું નામ મઆના બિન્તે જોશમ હતું. બનુ જરહમ કબીલાનાં હતાં. નઝઝારના જન્મ સમયે ખૂબ ખુશી મનાવવામાં આવી. આપનો જન્મ સમગ્ર કુટુંબ માટે ઘણી જ ખુશીઓ લઈને આવ્યો. મઅદ આપની નૂરાની પેશાની જોઈને સમજી ચૂક્યા હતા કે, આ જ છોકરો નુબુવતના નૂરને થામનાર - ઊઠાવનાર અને ખલીલુલ્લાહના વારસાનો અમીન છે. મઅદે નઝઝારના જન્મની ખુશાલીમાં એક હજાર ઊંટોની કુરબાની આપી. મોટા પાયા ઉપર જમણવાર કર્યો. દૂરસુદૂરનાં અરબ કબીલાઓને આમંત્રણ આપ્યું. પછી આ નવજાત શિશુને ઉદ્દેશીને ફરમાવ્યું.

"તમારા મરતબાને જોતાં હું આ કુરબાનીને ઘણી જ અલ્પ માનું છું. અને આ કુરબાની છે પણ અલ્પ."(તારીખે ખમીશ. ભાગ-૧ પેજ નં. ૧૪૭)

નઝઝારનો અર્થ થોડું, ઓછું એવો થાય છે. આપ નઝઝાર નામથી જ મશહુર થઈ ગયા. આપ બુદ્ધિચાતુર્ય અને ખૂબસુરતીમાં અજોડ હતા. આપની સમક્ષ આવનાર કોઈપણ વ્યક્તિ આપનો ચહેરો જોઈને જ પ્રભાવિત થઈ જતો.

દિયાર બકરીએ લખ્યું છે કે "આપ પોતાના સમયના સૌથી વધુ બુદ્ધિશાળી અને ખુબસુરત વ્યક્તિ હતા."

મઅદના ઈન્તેકાલ પછી અરબોની સરદારી આપને જ સોંપવામાં આવી. આપ સરદારીની બધી જ જવાબદારીઓ અદા કરતા રહ્યા. આપે સૌપ્રથમ અરબી લેખનશૈલીની શરૂઆત કરી. તે માટે અરબી બારાખડી તૈયાર કરી. જીવનના છેલ્લા દિવસોમાં પોતાના પુત્રોની સાથે રેગીસ્તાનમાં મુકીમ હતા. જ્યારે આપે જોયું કે હવે પોતે અલ્લાહને પ્યારા થવાના છે, ત્યારે મક્કા ચાલી આવ્યા. મક્કામાં જ વફાત થઈ.

ઈતિહાસકાર ખમીશે નોંધ્યુ છે કે આપે ચાર પુત્રો છોડ્યા. (૧) રબીયા (૨) અન્માર (૩) મઝર (૪) અયાદ. તેમાંથી મઝર નુબુવ્વત અને ઈમામતના સિલસિલાની એક કડી છે.

## મઝર ઈબ્ને નઝઝાર :

આપની વાલીદહનું નામ સોદા બિન્તે અક હતું. આપ મિલ્લતે ઈબ્રાહીમને અનુસરનાર દીને હનીફને માનનારા હતા. બીજાઓને પણ મિલ્લતે ઈબ્રાહીમ તરફ બોલાવનાર હતા. લોકોને હઝરત ઈબ્રાહીમ (અલ.) ના દીન તરફ બોલાવતા હતા.

પેગંબરે ઈસ્લામ (સ.અ.વ.) નો ઈરશાદ છે કે "રબીયા અને મઝર બંને ઈબ્રાહીમ (અલ.) ના દીન ઉપર હતા."
બીજી એક હદીસમાં રસૂલે ઈસ્લામ (સ.અ.વ.) એ ફરમાવ્યું.
"મઝરને બુરૂં ન કહો, તેઓ મુસલમાન હતા."
મઝર બુદ્ધિશાળી, શૂરવીર પ્રમાણિક, સત્યવચન બોલનાર, ખૂબજ ઉદાર હતા. જો કે નઝઝારના ચારે પુત્રો બુદ્ધિશાળી, શૂરવીર અને પ્રમાણિક હતા. છતાંય આ ચારેયમાંથી મઝર સૌથી વધુ શ્રેષ્ઠ હતા. મઝરમાં દરેક અટપટા કોયડાઓને ઉકેલવાની ખાસ આવડત હતી. આપ વ્યક્તિપારખુ હતા. સમય અને સંજોગોને તરત જ પારખી લેતા.
બેલાજરીનું વર્ણન છે કે "જ્યારે નઝઝારની વફાત થઈ તો રબીયા અને મઝરે બાદશાહની પાસે જવાનો ઈરાદો કર્યો. જેથી તે કબીલાની સરદારીનો હોદ્દો બંનેમાંથી એકના નામે કરે. આ તરફ મઝર સફરની તૈયારીમાં લાગ્યા ને રબીયા એકલો જ ચૂપચાપ બાદશાહની પાસે પહોંચી ગયો. બાદશાહ સાથે વાતચીત દ્વારા સંબંધ પેદા કરી લીધો. ઈરાદો આ હતો કે બાદશાહથી પોતે કંઈક વધુ માનઈકરામ પ્રાપ્ત કરે, ફાયદો મેળવે. થોડા દિવસ પછી મઝર પણ સફરનો સામાન પેદા

કરીને બાદશાહની પાસે પહોંચ્યા. પરંતુ આપ ઘણા જ સ્વાભિમાની હતા. ખુદ્દાર હતા. આપના આ ગુણને કારણ બાદશાહની ખુશામત કરી શકયા નહિ. જેટલી હદે રબીયા બાદશાહથી સંબંધ પેદા કરી ચૂક્યો હતો. તેટલી હદે આપ બાદશાહ સાથે સંબંધ પેદા કરી શક્યા નહિ.

જ્યારે બંને પરત આવવા તૈયાર થયા તો બાદશાહે કહ્યું કે તમે બંને તમારી જરૂરીયાતો બતાવો. જેથી તેને પૂર્ણ કરવામાં આવે. મઝર એમ સમજતા હતા કે રબીયા બાદશાહથી વધુ નજીક છે. તેથી તેને વધુ મહત્ત્વ આપવામાં આવશે. તેઓ બોલ્યા કે "આપ જે મને આપો તેનાથી બેગણું રબીયાને આપો કારણ કે તેઓ ઉંમરમાં મારાથી મોટા છે. બાદશાહે કહ્યું "એમ જ થશે, પરંતુ તમે તમારી જરૂરીયાતો જણાવો. મઝરે કહ્યું "હું ફકત એમ જ ઈચ્છું છું કે "મારી એક આંખ ફોડી નાખવામાં આવે." બાદશાહ પ્રથમ તો તેમની વાત સાંભળીને આશ્ચર્યમાં પડ્યો. પછી મામલો સમજી ગયો, મુશકુરાયો અને કહ્યું કે "આપ ચિંતા ન કરો, હું તમારા બંનેની સાથે એક સરખો વ્યવહાર કરીશ. એકને બીજા ઉપર મહત્ત્વ આપીશ નહિ."

આ મઝરની બુદ્દિધશક્તિ હતી કે બાદશાહને પ્રથમ તો તે વાત કહી જે તેના હૃદયમાં સોંસરી ઊતરી ગઈ. જેથી બાદશાહ તે બંનેમાં ઈન્સાફ કરવા પર

મજબૂર થયો. મઝરે ન તો ઝઘડો કર્યો, ન પોતાની ઈજ્જત આબરૂમાં કમી થવા દીધી.

મઝર અક્કલમંદ હોવા સાથે ઘણા જ મીઠાબોલા અને મીઠી અવાજ ધરાવનાર પણ હતા. અહીં સુધી કે જાનવરો પણ આપની મીઠી અવાજથી અસર લેતા હતા. એક વખત ઊંટ ઉપરથી પડી ગયા, આપની જીભથી "હાય મારો હાથ" હાય મારો હાથ" એમ નીકળી ગયું. આસપાસના બધા ઊંટો આ અવાજ ઉપર એકત્ર થઈ ગયા. પક્ષીઓ પણ આપના અવાજથી આકર્ષિત થતા હતા.

જ્યારે આપ ઊંટ ઉપર સવાર થઈ જતા, તો સૂરીલા અવાજે કંઈક ખુદાની તારીફમાં પઢતા- જેનાથી ઊંટો જુમવા લાગતા અને તેમના કદમોમાં સ્ફૂર્તિ આવી જતી. અહીં સુધી કે તેમની દોડવાની રફતાર વધી જતી.

મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહે "અખ્બારે મક્કા" માં લખ્યું છે કે બની જરહમના પછી આપે ખાનએ કાબાનું નવું બાંધકામ કર્યું. નેકી અને હિદાયત માટે પોતાના પુત્રોને આપે નીચે પ્રમાણે વસીયત ફરમાવી.

"જે દંગા-ફસાદ-તોફાનના બીજ રોપે છે, તેને પસ્તાવું પડે છે. શ્રેષ્ઠ ભલાઈ તે છે જે ઝડપથી અમલમાં આવી જાય. પોતાના નફસોને નાપસંદ હોય તેવી ચીજો (હલાલ) ખાવા માટે તૈયાર કરો,

જેથી તમારી સુધારણા થાય, તમે નેક નફ્સ બનો અને તેમને (નફ્સોને) તે ભાવતી વસ્તુઓથી (હલાલ) રોકો જે ખરાબીનું કારણ બને, કારણ કે સબર અને સંયમ તે વસ્તુ છે. જે સુધારણા અને ફસાદની વચ્ચે એક આડ છે.”

આપને બે ફરઝંદો હતા.

(૧) ઈલાન અને (૨) ઈલ્યાસ

## ઈલ્યાસ ઈબ્ને મઝર

આપનું મૂળનામ હબીબ હતું. જ્યારે આપ પેદા થયા તો મઝર વૃદ્ધાવસ્થાએ પહોંચી ચૂક્યા હતા. જિંદગીથી નિરાશ થઈ ચૂક્યા હતા. તેથી આપનો જન્મ થતાં આપને ઈલ્યાસ (આશ-આશા) કહેવામાં આવ્યા. વાલીદહનું નામ રબાબ બિન્તે હીદા હતું. મઝરની વફાત પછી આપને અરબના બધા જ કબીલાઓના સરદાર બનાવવામાં આવ્યા. આપને કબીરૂલ કોમ અને સૈયેદુલ અશીરહ ના ઉપનામથી યાદ કરવામાં આવતા. આપના જીવન ઉપર મિલ્લતે ઈબ્રાહીમી છવાયેલ હતી. આપનો દરેક અમલ અલ્લાહતઆલાની ફરમાબરદારીમાં ઊઠતો. તેથી જ પેગંબરે ઈસ્લામ (સલ.)એ આ નેક પૂર્વજ માટે ફરમાવ્યું.

“ઈલ્યાસને બુરૂં ન કહો. એટલા માટે કે તે ઈમાનવાળા હતા.”

આપ એટલા બધા ખિદમતગુજાર હતા કે આપ સરદારે કોમની સાથે સાથે ખુદાઈ ખિદમતગાર પણ કહેવાતા. કોમમાં ખૂબજ શ્રેષ્ઠ અખ્લાકવાળા અને ઈજ્જતદાર વ્યક્તિ ગણાતા.

દીયાર બકરીનું વર્ણન છે કે :

“અરબો ઈલ્યાસ ઈબ્ને મઝરની એટલી બધી ઈજ્જત કરતા, જેવી રીતે કે લુકમાન હકીમ અને એમના સમકક્ષ બીજા બુદ્ધિશાળીઓની.”

અરબના બધા જ કબીલાઓ આપની સૂઝ-બૂઝની કદર કરતા, આપના મશ્વેરા ઉપર અમલ કરતા. લડાઈ-ઝઘડાના મામલાઓમાં આપનો ફેંસલો છેવટનો ગણાતો. આપના જીવનનો એક સર્વશ્રેષ્ઠ અમલ આ છે કે આપે દીને હનીફ-મિલ્લતે ઈબ્રાહીમમાં જે ફેરફાર થઈ રહ્યો હતો, તેની રોકઠામ કરી. બેઅમલીના અંધકારમય યુગની ગતિ અટકાવી, અવલાદે ઈસ્માઈલને ફરીથી દીને ઈસ્લામના પાબંદ બનાવ્યા.

ઈતિહાસકાર યાઅકુબીનું વર્ણન છે કે :

“ઈલ્યાસ પ્રથમ વ્યક્તિ છે જેમણે બની ઈસ્માઈલની બેદીની ઉપર સખત ટીકા કરી, કે તેઓએ દીને ઈબ્રાહીમને બદલી નાખ્યો છે. આપે એવા શ્રેષ્ઠ અમલો કર્યા જેથી અરબો આપથી ખૂબ જ ખુશ હતા. આવલાદે ઈસ્માઈલને પૂર્વજોની

સુન્નત તરફ પલટાવ્યા. અહીં સુધી કે મિલ્લતે ઈબ્રાહીમ પોતાની અસલ સ્થિતિમાં આવી ગઈ.”
ઈલ્યાસ ફેફસાંંની બીમારીમાં સપડાયા. આપના પત્ની લયલા બિન્તે હલવાન જેમનો લકબ ખનદફ હતો, તેણે કસમ ખાધી કે જો ઈલ્યાસ આ બીમારીમાંથી તંદુરસ્ત ન થયા અને મૃત્યુ પામ્યા તો પોતે જંગલો અને રેગીસ્તાનમાં બાકીનું જીવન વ્યતીત કરશે, નૌહા અને ગીરીયામાં અલ્લાહને યાદ કરશે. ઈલ્યાસનો ઈન્તિકાલ ગુરુવારે થયો. તેમના પત્ની જંગલોમાં ચાલી ગયાં. ત્યાં જ બાકી જીવન પસાર કર્યું. ખાસ ગુરૂવારે ત્યાં ખૂબ જ નોહા - ગીરીયા કરીને જીવન વ્યતીત કરતાં. ઈલ્યાસને ત્રણ ફરઝંદો હતા.
અમરૂ, આમીર અને ઉમૈર. આ ત્રણે અનુક્રમે મદરકા, તાબેખા અને કમાઅ, ના નામોથી પ્રખ્યાત છે. ઈલ્યાસના પુત્રોને અને તેમના કબીલાને “બની ખનદફ” તરીકે ઓળખવામાં આવે છે.

**મદરકા ઈબ્ને ઈલ્યાસ :-**

તેમનું અસલ નામ અમરૂ અને વંશાવલી અબુ અલહઝીલ હતી, અને વાલીદહનું નામ લયલા બિન્તે હલવાન કઝાઈયા હતું મદરકા નામાકરણના વિષયમાં આ ઘટના વર્ણવવામાં આવે છે.
એક વખત આપના પિતોં ઈલ્યાસ બાલબચ્ચાં સહિત રેગીસ્તાન તરફ ગયા. જ્યારે ત્યાં પડાવ

નાખ્યો, તો ઊંટોની હારની વચમાં એક સસલું ઘુસી આવ્યું, જેથી ઊંટ ભડકવા લાગ્યું. અમરુંએ તે સસલાનો પીછો કરી તેને પકડી લીધું, તેથી તેમનું નામ મદરક (મેળવી લેવાવાળો, હાસિલ કરવાવાળો) પડી ગયું. જ્યારે એક રીવાયત આ પણ છે કે તેમણે પોતાના પૂર્વજોના બધા જ ગુણો મેળવી લીધા હતા. તેથી મદરકા કહેવાયા.

દીયાર બકરીએ નોંધ્યું છે કે :

“આ નામ મદરકા એટલા માટે પ્રખ્યાત થઈ ગયું કે તેમણે તેમના બાપદાદાના બધા જ ગુણો પ્રાપ્ત કરી લીધા હતા. (તારીખે ખમીસ ભાગ-૧ પેજ નં. ૧૫૦)

પોતાના બાપદાદાની શ્રેષ્ઠતાઓના માલીક હતા તેથી જ અરબની સરદારીને કાબિલ રહ્યા.

યાઅકુબીએ લખ્યું છે કે :

“મદરકા ઈબ્ને ઈલ્યાસ અવલાદે નઝઝારના સરદાર હતા. તેમની શ્રેષ્ઠતાઓ અને બુઝુર્ગી સમાજમાં મશહુર હતી.” (તારીખે યાકુઅબી ભાગ-૧ પેજ નં. ૨૨૯)

આપના બે પુત્રો હતા.

હઝીલ અને ખુઝયમા

**ખુઝયમા ઈબ્ને મદરકા :-**

તેમની વંશાવલી અબુલઅસઅદ અને વાલીદહનું નામ સલમા બિન્તે અસલમ કઝાઈયા હતું. દીને

હનીફના પાબંદ હતા. પોતાના પૂર્વજોના મસલક દીને મિલ્લતે ઈબ્રાહીમના અનુસરનાર હતા. અરબસ્તાનમાં કબાઈલી હકુમતનો રીવાજ હતો અને આ લોકોના પૂર્વજોમાં પરાપૂર્વથી હુકુમત ચાલી આવતી હતી. જેથી આપ પણ આ હુકુમતના માલીક બન્યા.

અરબના સરદારોમાં આપ એક ઉચ્ચ સરદાર હતા કે લોકો આપની સમક્ષ પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેતા. અરબમાં ખૂબ જ માનવંત ગણાતા.

આપે ત્રણ ફરઝંદો છોડ્યા.

અસદ, હુન અને કનાના.

**કનાના ઈબ્ને ખુઝયમા :-**

આપની કુનીયત અબુનઝર અને વાલીદહનું નામ અવાના બિન્તે સઅદ હતું. ખુઝયમાના ઈન્તેકાલ પછી અરબની સરદારી આપની પાસે આવી. આપ ખૂબજ દયાળુ, ઉદાર, લોકો ઉપર એહસાન કરવાવાળા હતા. એટલી ખૂબીઓના માલીક હતા કે જેનું વર્ણન મુશ્કેલ છે. અરબો તેઓની ખૂબ જ ઈજ્જત કરતા. આપનો દરેક હુકમ માથે ચડાવતા, આપની ઉચ્ચતાનો સ્વીકાર કરતા.

અલ્લામા હલબીએ લખ્યું છે કે :

"કનાના ઉચ્ચ આચરણ કરનાર, મહાન બુઝૂર્ગ હતા. પોતાના ઈલ્મ અને અમલ દ્વારા અરબના

"મરઝા" ગણાતા. દીન અને જીવનના બધા જ પ્રશ્નો માટે અરબનું એકમાત્ર આશ્રયસ્થાન હતા." (સીરતે હલબીયા ભાગ-૧ પેજ નં. ૧૬)

ઈતિહાસકારોએ આપની તારીફમાં લખ્યું છે કે કદીપણ એકલા ખાવાનું ખાતા ન હતા. કોઈ મહેમાન અવશ્ય તલાશ કરીને જ ખાવાનું ખાતા. જો કોઈ સાથીદાર ન મળે તો એકલા પોતે ખાતા અને એક લુકમો (નિવાલો) કોઈ પથ્થરને મહેમાન માનીને તેની સમક્ષ મૂકતા. આ રીતે પોતાની ઉચ્ચોચ્ચ ઉદારતાને પોતે જ પ્રોત્સાહિત કરતા.

આપે કેટલાક બોધવચનો પણ કહ્યા છે જેમાંથી આપની ઈલ્મીયત ટપકે છે.

"ઘણા બધા ચહેરાઓ પોતાના ઝાહેરી દેખાવ વડે આપણને છેતરતા હોય છે. જો કે તેઓનું ઝાહેર (બાહ્ય સ્વરૂપ) જુદું હોય છે અને બાતીન (અંતરાત્મા) જુદું હોય છે. ખરાબ અમલોની પરખ કરતાં શીખો. ઝાહેરી (બાહ્ય) દેખાવ ઉપર ફીદા ન થઈ જાઓ, પરંતુ ખાસ તેમની સીરત (ચરિત્ર, સ્વભાવ, આદતો, જીવન) ઉપર દ્રષ્ટિપાત કરો."

આપને ઘણા ફરઝંદો હતા. તેમાંથી નઝર નુબુવ્વતના નૂરને થામનારા બન્યા.

# પ્રકરણ : ૧૭

# નઝર ઈબ્ને કનાના

આપનું અસલી નામ કયસ હતું. પરંતુ સુંદર દેખાવ અને ચહેરાની ખૂબસુરતીના કારણે નઝર એટલે ખુશરૂ, સુંદર દેખાવવાળાના નામથી પ્રખ્યાત થયા. વંશાવલી અબુ નખલદ અને વાલીદહનું નામ બરહ બિન્તે મર હતું. કેટલાક ઈતિહાસકારોનું કહેવું છે કે સૌપ્રથમ આપનો જ લકબ (ઉપનામ) કુરૈશ પ્રચલિત થયો. જેથી આપના વંશની જુદી જુદી શાખાઓ કબીલાઓમાં વહેંચાઈ, તે કુરૈશ કહેવાઈ. તેમને કુરૈશના લકબથી ઓળખવાના અમૂક કારણો ઈતિહાસકારો આપે છે.

એક કારણ આ છે કે આપની દેહલીજ પર આપના કુટુબ-કબીલાના લોકો મોટા પ્રમાણમાં દરરોજ સવાર-સાંજ ખાણું ખાતા. આપનું રસોડું ઘણુ વિશાળ હતું. દીલ પણ એટલું જ વિશાળ હતું. દરરોજ આપને ત્યાં સવાર-સાંજ લોકો એકત્રિત થતા. જેથી આપનું નામ કુરૈશ કહેવાયું. કારણ કે અરબીમાં તકરીશનો અર્થ “એકત્ર થવું” એમ થાય છે.

એક કારણ આ પણ વર્ણવવામાં આવે છે કે એક વખતે આપ હોડીમાં સવાર થઈ ક્યાંક જઈ રહ્યા હતા. આપના સાથીઓએ એક ઘણા જ

વિશાળકાય પ્રાણીને જોયું, જેને કુરૈશ કહેવામાં આવતું હતું. આપે તલવારથી હુમલો કરી તે પ્રાણીને જે દરીયાઈ મુસાફરો માટે મોત સમાન હતું, મારી નાખ્યું. લોકો આ પ્રાણીને ઊઠાવીને મક્કામાં લાવ્યા અને કોહે કબીસના શિખર ઉપર ગોઠવી દીધું. જેથી લોકો એને જોઈ શકે. લોકો આ મૃત પ્રાણીને જોઈ અચરજ પામતા અને કહેતા "કતલે નઝર કુરૈશા" નઝરે કુરૈશને મારી નાખ્યો." પરંતુ સ્વયં તેમનું નામ કુરૈશ પડી ગયું.

અલ્લામા દીનુરીએ લખ્યું છે કે સિકંદર જ્યારે વિજયો મેળવતો યમન થઈને મક્કા મોઅઝઝમા પહોંચ્યો. ત્યાં તેણે નઝર ઈબ્ને કનાનાની સાથે મુલાકાત કરી. તે વખતે બની ખઝાઆ મક્કા ઉપર પ્રભુત્ત્વ ધરાવતા હતા. સિકંદરે બની ખઝાઆને હુકમ આપ્યો કે તેઓ મક્કા છોડીને બીજે ક્યાંય ચાલી જાય, તેણે મક્કાની હુકુમત અને હરમ શરીફની સાચવણી નઝર અને તેમના ભાઈઓને સોંપી, સાથે મઅદ ઈબ્ને અદનાનની સંતાનોને ભેટ સોગાદો વડે નવાઝ્યા.

નઝરે મક્કાની હુકુમત સંભાળ્યા પછી લોકોની સુખાકારી, અખ્લાકી સુધારણા તરફ ખાસ ધ્યાન આપ્યું. લોકોની આર્થિક સ્થિતિ સુધારવા માટે કેટલીક કલ્યાણકારી યોજના અમલમાં મૂકી, ચોરી-લૂંટફાટ સંપૂર્ણપણે બંધ કરાવ્યાં. બદમાશો સાથે

ખૂબ જ કડક નજરથી કામ લીધું. અત્યાચાર મીટાવ્યો અને ખ્યાતિ મેળવી. કેટલાક ઈતિહાસકારોએ લખ્યું છે કે ખૂન કરવા ઉપર ૧૦૦ ઊંટોની દીયત (બદલો આપવો) આપવાનો રીવાજ એમણે જ દાખલ કર્યો હતો.

આપને બે પુત્રો હતા. માલીક અને યખલદ. કેટલાક ઈતિહાસકારોનું વર્ણન છે કે ત્રીજો પણ એક પુત્ર હતો. જેનું નામ સલત હતું.

**માલીક ઈબ્ને નઝર :-**

આપની વંશાવલી અબુલ હારિશ હતી અને વાલીદહનું નામ આતીકા બિન્તે અદવાન હતું. કેટલાક ઈતિહાસકારોએ માતાનું નામ "અકરશા" પણ લખ્યું છે. કેટલાકે સ્પષ્ટતા કરી છે કે આતીકા નામ છે અને અકરશા લકબ (ઉપનામ) છે. આપને પોતાના પિતોં નઝરના પછી અરબસ્તાનના પ્રતાપી રાજા માનવામાં આવે છે.

અલ્લામા દિયાર બકરીએ લખ્યું છે કે આપનું નામ માલીક એટલા માટે કહેવાય છે કે આપ સંપૂર્ણ અરબસ્તાન પર પ્રભૂત્ત્વ ધરાવતા હતા. આપ દીને ઈબ્રાહીમી ઉપર ચાલનારા હતા. પોતાના પૂર્વજો જેવા જ બાઅખ્લાક હતા. આપની વફાત સમયે ત્રણ પુત્રો હતા. હારીશ, શીબાન, અને ફહર.

## ફહર ઈબ્ને માલીક :-

આપની વંશવાલી અબુ ગાલીબ અને માતોંનું નામ જન્દલા બિન્તે હારિશ જરહીયા હતું. કેટલાક ઈતિહાસકારોની દ્રષ્ટિએ ફહર ઉપનામ હતું અને મૂળ નામ કુરૈશ હતું. જેથી આપથી જ કુરૈશ કબીલાની શરૂઆત ગણાય છે. આપની સંતાનોને કુરૈશ કહેવાય છે.

ઈબ્ને અબ્દરબાએ લખ્યું છે કે :

"કુરેશનો કબીલો ફહર ઈબ્ને માલીકથી જ શરૂ થયો છે. તેનાથી આગળ વધતો નથી." (અકદુલ ફરીદ ભાગ-૧ પેજ નં. ૨૦૯)

આપ જાહોજલાલી અને વિદ્‌વતાના માલીક હતા. પિતોંની હયાતીમાં જ પોતાની શ્રેષ્ઠતા માટે પ્રખ્યાત હતા. વાલીદના ઈન્તેકાલ પછી અરબસ્તાનના સર્વેસવર્િ બન્યા. ઈલ્મ-હુનરમાં પ્રખ્યાત બન્યા. બહાદુર પુરુષ હતા. એમના જ સમયમાં હીસાન ઈબ્ને અબ્દ કલાલ નામના એક યમની સુલતાને હમીરીઓ અને યમનીઓની ભરતી કરીને એક વિશાળ લશ્કર સાથે મક્કા પર હુમલો કર્યો. હિસાન ઈબ્ને અબ્દ કલાલનો ઈરાદો ખાનએ કાબાને તોડી નાખીને ત્યાંંની પવિત્ર વસ્તુઓ - ખાસ હજરે અસવદ વગેરેને યમન લઈ જવાનો હતો. જેથી યમન એક પવિત્ર જગ્યા બને અને ત્યાં જ લોકો હજ માટે પણ આવે.

જ્યારે ફહરને યમની લશ્કરના હુમલાની જાણ થઈ તો આપ તરત જ મુકાબલા માટે મેદાનમાં નીકળી પડયા. અરબસ્તાનના બધા જ કબીલાઓને એકત્ર કરી એક મોટું લશ્કર તૈયાર કર્યું. બંને લશ્કરો વચ્ચે ખુનખાર યુદ્ધ થયું. જેમાં ફહરનો એક પુત્ર હારેશા પણ શહીદ થયો. છેવટે યમની લશ્કરની બૂરી હાર થઈ. હીસાની બાદશાહ કેદ પકડાયો. ત્રણ વરસ કેદમાં રહ્યા પછી દંડ વસૂલ કરી તેને છોડી દેવામાં આવ્યો. તે યમન જતાં રસ્તામાં જ મરણ પામ્યો. આ રીતે કુદરતે ઈલાહી દુશ્મને કાબા મૃત્યુ પામ્યો. તેનું વિશાળ લશ્કર પણ વેરવિખેર થઈ ગયું. લોકોના હ્રદયમાં કાબતુલ્લાહની ઈજ્જત સ્થાપિત થઈ ગઈ.

આપના વિધ્વતાભર્યા કલામોમાંથી એક કલામ આ પ્રમાણે છે. જે આપે પોતાના ફરઝંદ ગાલીબને આત્મસંતોષનો સબક આપતાં ફરમાવ્યું.

"તારી પાસે જે થોડીક પુંજી આ તે પૂંજી તે ઘણીબધી દવલત કરતાં બેહતર છે. જેના કારણે તારી આબરૂ જતી હોય."

ફહરને ચાર સંતાનો હતા.

ગાલીબ, મહારબ, હારીશ અને અસદ.

**ગાલિબ ઈબ્ને ફહર :-**

આપની વંશાવલી અબુ તીમ અને વાલીદહનું નામ લયલા બિન્તે હારીશ હતું. પોતાના પિતોંના મૃત્યુ

પછી અરબસ્તાનના બાદશાહ બન્યા. આપે પણ ખૂબ જ જાહોજલાલી સાથે હુકુમત કરી, ખુદાની યાદ સાથે દીને ઈબ્રાહીમીને અનુસરતા રહ્યા. આપના બે પુત્રો હતા. તીમ અને લવી.

**લવી ઈબ્ને ગાલીબ :-**

લવીનો મતલબ પ્રકાશિત અને હસમુખો એવો થાય છે. આપની વંશાવલી અબુકઅબ અને વાલીદહનું નામ આતીકા બિન્તે યખલદ હતું. પોતાના પિતાના ઈન્તેકાલ પછી અરબસ્તાનના સરદાર બન્યા. ઈલ્મ, અખલાક, બહાદુરી, ઉદારતા વગેરે ગુણોમાં પોતાના પૂર્વજો જેવા હતા. આપે હરમની બહાર એક કૂવો ખોદાવ્યો હતો. જે ઈસીરહ નામથી પ્રખ્યાત થયો. તેનાથી દેશવિદેશના લોકો ફાયદો ઉઠાવતા હતા. આપને ચાર પુત્રો હતા. કઅબ, આમીર, સામા અને ઔફ.

**કઅબ ઈબ્ને લવી :-**

આપની વંશાવલી અબુ હસીસ અને વાલીદહનું નામ માવીયા બિન્તે કઅબ ખઝાઈયા હતું. આપના અખ્લાક ખૂબ જ ઉચ્ચ હતા. ગરીબ કચડાયેલા વર્ગોની ખૂબ જ કાળજી લેતા, કમજોરોની ખૂબ જ મદદ કરતા. અરબના પ્રખ્યાત પ્રતાપી પુરુષોમાં આપની ગણતરી થાય છે. પોતાના પૂર્વજોમાં સૌથી વધુ શક્તિશાળી અને મહાન હતા. તેઓની મહાનતા આ વાતથી

સાબિત થાય છે કે આપની વફાતથી અરબમાં સનની શરૂઆત થઈ. જે આમુલફિલ સુધી બાકી રહી. કારણ કે અરબો સનની શરૂઆત કોઈ અસાધારણ વ્યક્તિના મૃત્યુથી અથવા અસાધારણ આફતના પડવાથી કરતા હતા. આપથી શરૂ થયેલી સનની ગણતરી ૫૨૦ વર્ષ સુધી બાકી રહી. આ જ આપની વફાત અને વાકેયા ફીલની દરમ્યાનનો સમયગાળો છે. આપથી અગાઉ અરબો જુમ્માના દિવસને "અરૂબા" કહેતા હતા - આપે જ અરૂબાનું નામ નું નામ બદલીને જુમ્મા રાખ્યું. ઉપરાંત તે દિવસ લોકોને એકત્ર કરવાની પ્રથા શરૂ કરાવી. આપ જુમ્માના દિવસે એકત્ર સભાને ઉદ્‌બોધન કરતા. સૌ પ્રથમ આપે જ "અમ્મા બાદ" શબ્દ પ્રયોગ શરૂ કર્યો. અલબત્ત એમ પણ કહેવાય છે કે ખુતબાઓમાં આ શબ્દ પ્રયોગની શરૂઆત કસ ઈબ્ને સાઅદાહ અયાદીએ કરી હતી. આપ પોતાના સમયના એક શ્રેષ્ઠ વકતા હતા. જુમ્આના દિવસો સિવાય પણ હજ વગેરેમાં જ્યારે પણ લોકો એકત્ર થતા, આપ ખુત્બો આપતા. આપના ખુત્બાઓ બત્ખા ઘાટીની ચારેતરફ પ્રખ્યાત થઈ ગયા હતા. લોકો દૂરસૂદરથી આપના ખુત્બા સાંભળવા આવતા.

આ ખુત્બાઓના વિષયોમાં, સંરક્ષણ, વાયદા વફાઈ, સારો વર્તાવ, ઉદારતા તથા બયતુલ્લાહની

ઈજ્જત જાળવણી વગેરે હતા. આપે પેગંબર આખેરૂજજમાનના આવવાની ભવિષ્યવાણી પણ સંભળાવતા.

આપના એક ખુત્બામાંથી અમૂક અંશો અમે રજૂ કરીએ છીએ.

“સગાંઓ સાથે સારો વર્તાવ કરો, રીશ્તેદારનો ખૂબ જ ખ્યાલ રાખો. વાયદો આપો તો જરૂરથી પૂરો કરો. વેપાર દ્વારા માલમાં વધારો કરો. સંગ્રહખોરી ન કરો. એટલા માટે કે માલ દ્વારા જ વ્યક્તિ રહમદીલી અને અખ્લાકની ઉચ્ચતા સુધી પહોંચી શકે છે. જ્યાં પૈસા ખર્ચ કરવાની જરૂરત હોય ત્યાં પૈસા ખર્ચ કરવાથી પાછા ન પડો. આ હરમ શરીફની ઈજ્જત કરો. એની સાથે લાગેલા રહો. ખૂબજ નજીકના ભવિષ્યમાં અહીંયાથી એક ઉચ્ચ ભલાઈ પ્રગટ થશે અને આ જ જગ્યાએ ખાતેમુલ અંબિયા પેદા થશે. આ જ ખબરો હઝરત મુસા (અલ.) અને હઝરત ઈસા (અલ.) લઈને આવ્યા હતા. આપને ત્રણ ફરઝંદ હતા. મર્રેહ, અદી અને હસી.

**મર્રેહ ઈબ્ને કઅબ :-**

આપની વંશાવલી અબુ યકીઝા અને વાલીદહનું નામ મખીસા બિન્તે શીબાન હતું. અરબસ્તાનના ઉચ્ચોચ્ચ સરદાર અને પ્રખ્યાત લીડર હતા. આપે અરફાતની પાસે એક કૂવો ખોદાવ્યો હતો. જેને

અલરવા કહેવામાં આવતો હતો. જે મક્કાવાસીઓ અને રાહદારીઓ માટે આશીર્વાદ રૂપ હતો. આપને ત્રણ પુત્રો હતા.

કલાબ, યકીઝા અને તીમ.

## કલાબ ઈબ્ને મર્રહ :-

આપનું મૂળ નામ હકીમ, આપની વંશાવલી અબુ ઝહરા અને વાલીદહનું નામ હિન્દ બિન્તે સરીર હતું. કલાબ ઉપનામનું કારણ આ છે કે આપ શિકારના ખૂબ જ શોખીન હતા. કલાબ (કુતરા) દ્વારા શિકાર કરતા. અરબસ્તાનમાં દરેક કબીલાના માનીતા સરદાર હતા. પિતૃપક્ષ અને માતૃપક્ષ બંને તરફથી ઈજ્જત પ્રાપ્ત હતી. બુદ્ધિ ચાતુર્યથી ભરપુર, હસમુખ સ્વભાવના, પ્રતિભાશાળી વ્યક્તિ હતા. દુંરદેશ વ્યક્તિ હોવાથી અરબો પોતાના ઝઘડાઓના નિકાલ માટે આપની જ પાસે આવતા. દરેક વ્યક્તિ આપના મશ્વેરા ઉપર અમલ કરતો. આપે લોકોના ઉપયોગ માટે મક્કાની બહાર ત્રણ કૂવા ખોદાવ્યા હતા. ખમ રમ અને હઝર.

આપના બે પુત્રો હતા. ઝહરર અને કસી.

# પ્રકરણ : ૧૮

## કસી ઈબ્ને મર્રેહ

આપનું મૂળ નામ ઝયદ. વંશાવલી અબુ મુગીરહ અને માતાનું નામ ફાતેમા બિન્તે સઅદ હતું. કલાબ ઈબ્ને મર્રેહની વફાત પછી ફાતેમા બિન્તે સઅદે રબીયા ઈબ્ને હરામ અઝરીથી બીજો નીકાહ કર્યો, અને પોતાના પતિની સાથે બની અઝરહની વસ્તીઓ તરફ પહોંચી ગઈ. કલાબનો મોટો પુત્ર ઝહરા યુવાન હતા. તે મક્કામાં જ રહ્યા. પરંતુ કસી સગીરવયના હોવાથી પોતાની માતાની સાથે રહ્યા. નાની ઉંમરના કારણે માની સાથે અને વતનથી દૂર રહેવાના કારણે આપનું ઉપનામ કસી એટલે કે દૂર વસનાર પડી ગયું. આ જ નામથી પ્રખ્યાત પણ થઈ ગયા. કસી બની અઝરહ કબીલામાં પાલનપોષણ પામ્યા, મોટા થયા, જેથી પોતાને આજ કબીલાની એક વ્યક્તિ સમજતા રહ્યા. પરંતુ એક દિવસ કુદરત સંજોગે અઝરહની એક વ્યક્તિ સાથે તેમને બોલાચાલી થઈ, તેમા પેલી વ્યક્તિએ આપને કટાક્ષ કરી કહ્યું, “તમે અમારા કબીલામાં સામેલ થયા છો, નહીં તો આ કબીલા સાથે તમારે કોઈ સંબંધ નથી.” તેમણે નવાઈ પામી પુછ્યું” હું કયા કબીલાનો છું ?

"પેલાએ કહ્યું "તમારી માને જઈને પૂછો." માની પાસે આવીને પરિસ્થિતિથી વાકેફ થયા.

માએ કહ્યું. "અય બેટા, તમે સ્વયં ગુણોમાં પિતૃપક્ષના કારણે આ અઝરીથી ઘણા વધારે શરીફ અને પ્રભાવશાળી છો. તમે કલાલ ઈબ્ને મર્રહના પુત્ર છો. તમારો કબીલો મક્કામાં ખાનએ કાબાની પાસે આબાદ છે."

કસીને જ્યારે ખબર પડી કે તેની જન્મભૂમિ વતન મક્કા છે. તો તેમણે ત્યાં જવાનો ઈરાદો કર્યો. આપના માતૃશ્રી ફાતેમા બિન્તે સઅદે કહ્યું,. "હું તમને રોકીશ નહીં. બલ્કે તમારે ત્યાં જવું જોઈએ, ત્યાં જ તમારા સગાઓ, તમારા પિતાશ્રીના મિત્રો અને સ્નેહીઓ છે. પરંતુ થોડીકવાર ઈન્તેઝાર કરો, જ્યારે બની કઝાઆનો કાફલો હજ માટે રવાના થાય, તો તમને તેની સાથે મોકલી આપીશ. જ્યારે હજનો સમય નજીક આવ્યો, તો કસી પોતાના સોતીલા ભાઈ (મા એક બાપ અલગ) ઝરાજ ઈબ્ને રબીઆની સાથે બની કઝાઆના કાફલા ભેગા મક્કા આવ્યા. પોતાના ભાઈ ઝહરા ઈબ્ને કલાલને ત્યાં રોકાયા. તે વખતે મક્કા બની ખઝાઆના પ્રભૂત્વ નીચે હતું, અને હલીલ ઈબ્ને હબીયા ખઝાઈ તેનો સરદાર હતો.

કસીએ મક્કામાં સ્થાયી થયા પછી હલીલ પાસે તેની પુત્રી હબ્બીની માંગણી કરી. હલીલ કસીની

શરાફત, ઈજ્જત અને ઉચ્ચ ખાનદાનીથી વાકેફ હતા. તેમણે સગાઈ મંજૂર કરી લીધી. તરત જ નીકાહની રસમ અદા કરી, બેટીને કસીના ઘરે રવાના કરી દીધી.

હબ્બીથી કસીને ચાર પુત્રો જનમ્યા. (૧) અબ્દે મનાફ (૨) અબ્દુલ ઉઝઝા (૩) અબ્દુદ્દાર (૪) અબ્દુલકસી.

જ્યારે પુત્રો યુવાન થયા તો હલીલે કહ્યું "કસીના પુત્રો મારા પુત્રો છે. કારણ કે તે મારી પુત્રીના પુત્રો છે. જેથી હવે પછી ખાનએ કાબાના મુતવલ્લી તેઓ બનશે અને કસીને હું મારો ઉત્તરાધિકારી બનાવું છું."

ઈબ્ને સઅદ લખે છે કે "હલીલે વસીયત કરી કે ખાનએ કાબાનું સંરક્ષણ અને મક્કાની સરદારી કસી સંભાળશે. સાથે સાથે કસીને કહ્યું કે તમે જ આના હકદાર પણ છો."

ઈતિહાસમાં આ વાત પણ નોંધાયેલ છે કે જ્યારે હલીલના મૃત્યુનો સમય નજીક આવ્યો, ત્યારે તેમણે વસીયત કરી કે ખાનએ કાબાનું રક્ષણ તેની બેટી હબ્બી અને અબુ ગબ્શાન મલકાની બંને સંભાળશે. જેથી ખાનએ કાબાનો દરવાજો એક દિવસ અબુ ગબ્શાન ખોલતા અને એક દિવસ હબ્બીના તરફથી કસી ખોલતા. જ્યારે આ વસીયત ઉપર અમલ કરતાં કરતાં થોડોક સમય

પસાર થઈ ગયો, ત્યારે કસીએ હબ્બીને કહ્યું કે "ખાનએ કાબાના રક્ષણની હકદાર અવલાદે ઈસ્માઈલ છે. જેથી આ હોદ્દો આપણા પુત્ર અબ્દુદ્દારના હવાલે કરી દેવો જોઈએ. જેથી કાબાના રક્ષણની જવાબદારી અવલાદે ઈસ્માઈલના જ હાથોમાં રહે."

હબ્બીએ કહ્યું "અબ્દુદ્દાર તો મારો બેટો છે. મને એનાથી શું વાંધો હોઈ શકે, પરંતુ આ હોદ્દામાં અબુ ગબ્શાન મારો સરખો ભાગીદાર છે અને તેનું આ બાબત ઉપર રોં થવું મુશ્કેલ છે."

કસીએ કહ્યું "આ વાત મારી ઉપર છોડી દો, હું તેને સમજાવી લઈશ."

જ્યારે હબ્બી પોતાના પુત્રને કાબાના સંરક્ષણનો હોદ્દો સોંપવા રોં થઈ ગઈ, તો કસી તાઈફ જવા રવાના થયા. જ્યાં અબુ ગબ્શાન રહેતો હતો. તાઈફના રોકાણ દરમ્યાન કસી એક રાતે અબુ ગબ્શાનના ઘરે ગયા. જોયું તો શરાબનોસીની મેહફીલ જામી હતી. દરેક વ્યક્તિ શરાબ પી રહ્યો હતો. અબુ ગબ્શાન શરાબના નશામાં ચકચુર હતો. આપે એને ઠપકાર્યો અને કાબાના રક્ષણની જવાબદારી અંગે વાતચીત કરી, થોડી આનાકાની પછી એક ઊંટણી અને એક મશકીઝા (ચામડાની થેલી) શરાબના બદલામાં કાબાના રક્ષણની જવાબદારીમાંથી હટી જવા તૈયાર થઈ ગયો.

કસીએ તેની પાસેથી આ રીતે કાબાની જવાબદારી ખરીદી લીધી. જ્યારે તેને હોશ આવ્યો, તો પોતાના આ કાર્ય ઉપર પસ્તાવો કરવા લાગ્યો. પરંતુ હવે કંઈપણ થઈ શકે એમ હતું નહિ. કાબાનું રક્ષણ તેના હાથમાંથી જતું રહ્યું હતું.

કસી પોતાના મકસદમાં સફળ થઈને પરત મક્કા આવી ગયા. અને જાહેર સભામાં ખાનએ કાબાની ચાવી અબ્દુદ્દારને હવાલે કરી દીધી. જ્યારે બની ખઝાઆ અને બની બકરે આ જોયું કે અબુ ગબ્શાનની મદહોશી અને મુર્ખાઈના પરિણામ રૂપે ખાનએ કાબાના રક્ષણની જવાબદારી તેઓ પાસેથી છીનવાઈ ગઈ છે અને કસી પોતાની શ્રેષ્ઠ હીલાબોંમાં સફળ થઈ ગયા છે. તો તેઓ ઘણા જ ગુસ્સે ભરાયા. એટલું જ નહિ કાબાની જવાબદારી પરત મેળવવા લડવા તૈયાર થઈ ગયા.

કસી પણ કંઈ પાછળ પડે અમે નહતા. તેમણે પણ લડવાની તૈયારી શરૂ કરી દીધી. કુરેશ અને બની કનાના તો તેમની સાથે જ હતા. ઝરાજ ઈબ્ને રબીયા અને તેમના ભાઈઓ પણ બની કઝાઆની એક જમાત સાથે કસીની મદદે આવ્યા.

બંને પક્ષોમાં ભયંકર યુધ્ધ શરૂ થયું. જ્યારે બંને પક્ષે સારી એવી માનવખુવારી થઈ ચૂકી, ત્યારે કેટલાક લોકો વચ્ચે પડ્યા. તો આ વાત ઉપર સુલેહ થઈ કે બંનેની મરજી ઉપર પંચ નિયુક્ત કરવામાં આવે

અને પંચના નિર્ણયને માન્ય રાખવામાં આવે. જેથી યઅમર ઈબ્ને ઓફને પંચ નીમવામાં આવ્યા.
તેમણે ફેંસલો કર્યો કે ખાનએ કાબાનું રક્ષણ અને મક્કાની સરદારી કસીનો હક છે. કસીના જે સાથીઓ મરાયા હોય તેને ખુંબહા (ખૂનનો બદલો) આપવામાં આવે અને બની ખઝાઆ તથા બની બકરાના જે માણસો માર્યા ગયા તેઓ યોગ્ય મરાયા. તેમનું લોહી વ્યર્થ ગયું. આ રીતે પંચના ન્યાયથી કોઈ બીજાની દખલગીરી વગર કસી મક્કાના સરદાર અને કાબાના સરક્ષક બન્યા. મક્કાના સરમુખ્યતયાર હાકેમ માની લેવામાં આવ્યા.
ઈબ્ને ઈશ્હાક કહે છે કે,
“કસી ખાનએ કાબાના મુતવલ્લી અને મક્કાના સરદાર બન્યા. તેમણે પોતાની કોમ અને તમામ કબીલાને મકકામાં એકત્ર કર્યા જેઓ અલગ અલગ જગ્યાઓએ વસેલા હતા. બધાએ જ આપની છત્રછાયા સ્વીકારી લીધી. કઅબની સંતાનોમાંથી આ પ્રથમ વ્યક્તિ હતા. જેમની સમક્ષ લોકોએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું. દરેક જ બાબતોમાં આપની હાકેમીયત સ્વીકારવામાં આવી. હોંઓને પાણી પીવડાવવું, ખાવાનું ખવડાવવું, મજલીશોમાં પ્રમુખપદ, મતલબ કે તે

તમામ હોદ્દાઓ આપને પ્રાપ્ત થયા જે તે સમયમાં શ્રેષ્ઠ ઈજ્જતદાર વ્યક્તિઓ માટે ખાસ ગણવામાં આવતા હતા.” (તારીખે ખમીસ ભાગ-૧ પેજ નં. ૧૫૫)

ખાનએ કાબાના રક્ષણની જવાબદારી અવલાદે ઈસ્માઈલના નામ પર જ ચાલતી હતી. ઈસ્માઈલના ફરઝંદોમાં નાબત ખાનએ કાબાના મુતવલ્લી બન્યા. પરંતુ નાબતના પછી આ હોદ્દો બની ઈસ્માઈલના હાથોમાંથી ચાલ્યો ગયો. નાબતના મોસાળ પક્ષમાં બની જરહમ કબીલામાં ચાલી ગઈ. બની જરહમ પ્રભૂત્ત્વના નશામાં જુલમ ઉપર ઊતરી આવ્યા. જેમ જેમ તેમનું વર્ચસ્વ વધતું ગયું, વધુ મજબૂત બનતા ગયા તેમ તેમ વધુને વધુ જુલમ કરવા લાગ્યા. તેમના હાથોમાં ન લોકોની ઈજ્જત બાકી રહેતી, ન લોકોનો જાનમાલ. છેવટે ઈસ્વીસનની બીજી સદીમાં જ્યારે યમનમાં ભયંકર રેલ આવી ત્યારે ખઝાઆ નામનો એક વ્યક્તિ યમનથી મક્કા ચાલ્યો ગયો. તેણે ધીરે ધીરે એટલી શક્તિ મેળવી લીધી કે તે મક્કાનો સરદાર બની ગયો. દૂબાયેલા, કચડાયેલા, મજબૂત લોકોએ તેને સાથ આપ્યો. બની જરહમ પાસેથી સરદારી છીનવાઈ ગઈ. આ રીતે બની ખઝાઆની સલ્તનતની બુનિયાદ સ્થાપિત થઈ. જે લગભગ ૨૦૦ વર્ષ કાયમ રહી.

ખઝાઆએ મક્કા ઉપર પ્રભુત્ત્વ મેળવ્યા પછી ત્યાંના રહેવાસીઓને મક્કાથી બહાર તગેડી મૂક્યા. તથા ફહરની સંતાનોને પણ મક્કાની આસપાસના ઈલાકામાં ધકેલી દીધી. જ્યારે પ્રભૂત્ત્વ કસીના હાથોમાં આવ્યું, તો તેમણે ફહરની બધી અવલાદ જે પહાડોમાં ભટકતું જીવન ગુજારતી હતી, રેગીસ્તાનોમાં રહેતી હતી, વેરવિખેર પથરાયેલી હતી તેમને એકત્ર કરીને મક્કામાં ફરીથી આબાદ કરી. એટલું જ નહિ પરંતુ તેમના અંદર એકતા અને સંપના બીજ પણ રોપ્યાં.

ફહરની બધી વેરવિખેર સંતાનોને એકત્ર કરનાર કસી હતા. તેથી જ અરબીમાં તેમને “મજમઆ” એટલે કે જમા કરનાર ના ઉપનામથી ઓળખવામાં આવે છે.

શાયર હુઝાફા ઈબ્ને ગાનમે પોતાના એક શએરમાં કહ્યું છે કે

“તમારા બાપ કસી તે છે જેમને “મજમઆ”ના ઉપનામથી પોકારવામાં આવતા હતા. તેમનાજ ઝરીઆથી અલ્લાહે ફહરની બધી જ અવલાદને એક જગ્યાએ ભેગી કરી.”

આ જ કારણથી આપને કુરૈશ પણ કહેવામાં આવે છે. કારણ કે કુરૈશ “તકરીશ” થી બને છે. અને “તકરીશ” નો અર્થ ભેગું કરવું, એકત્રીકરણ કરવું

એવો થાય છે. જો કે આ બાબતમાં વિરોધાભાસ પણ છે કે આ નામ કેવી રીતે પ્રચલિત થયું ? અને સૌ પ્રથમ કોણ આ લકબથી ઓળખાતું થયું. ઈતિહાસકારોના મત આ બાબત જુદા જુદા છે. કેટલાકનો ખ્યાલ છે કે મઝરની અવલાદ કુરૈશ છે. જ્યારે કેટલાક ઈલ્યાસની અવલાદને કુરૈશ તરીકે ગણે છે. કેટલાક માને છે કે આ ઉપનામ સૌપ્રથમ નઝર ઈબ્ને કનાનાને મળ્યું. જ્યારે અમુક ઈતિહાસકારો ફહર ઈબ્ને માલિકનો લકબ કુરૈશ હતો એમ માને છે. પરંતુ પ્રચલિત અને સર્વ સામાન્ય મત આ છે કે "કુરૈશ" ઉપનામ સૌ પ્રથમ કસીને મળ્યુ અને તેમની જ સંતાનો કુરૈશ કહેવાઈ.

અલ્લામા તબરી લખે છે કે

"કસી હરમમાં દાખલ થયા અને પ્રભૂત્ત્વ મેળવી લીધું. ઉમદા કલ્યાણકારી કાર્યો કરી સમાજમાં શાંતિ અને સલામતિ સ્થાપિત કરી. તેથી તેમને કુરૈશ કહેવામાં આવ્યા અને સૌપ્રથમ તેઓને જ કુરૈશ કહેવામાં આવ્યા."

અબ્દુલ મલેક બિન મરવાને મોહમંદ ઈબ્ને ઝુબેરને પુછ્યું કે "કુરેશને ક્યારથી કુરૈશ કહેવામાં આવે છે ?" ઉત્તર આપ્યો કે" જ્યારથી તેઓ હરમમાં આબાદ થયા ત્યારથી કુરૈશ કહેવાવા લાગ્યા.

એટલા માટે કે કુરૈશ શબ્દ તકરીશથી બને છે. તકરીશનો અર્થ એકત્ર થવાનો છે.”

અબ્દુલ મલેક બિન મરવાને કહ્યું કે “મેં તો એવું સાંભળ્યું નથી, બલ્કે મારા સાંભળવામાં તો આવ્યું છે કે કસીને કુરૈશ કહેવામાં આવતા હતા. અને તે અગાઉ કોઈને પણ આ નામથી યાદ કરવામાં આવ્યા નથી.” (તબકાત ઈબ્ને સઅદ ભાગ-૧, પેજ નં. ૭૧)

સ્વયં ઈબ્ને સઅદનો પણ આ જ મત હતો. જેથી તેઓ લખે છે કે “કસીના કારણે જ કુરૈશને કુરૈશ કહેવામાં આવે છે. નહીં તો તેમના પહેલાં તેઓ બનુ નઝર કહેવાતા હતા. (તબ્કાત ભાગ-૧, પેજ નં.-૭૧)

મતલબ કે કસીએ અવલાદે ફહરને કાબાની આસપાસ વસાવીને તેઓની ઈજ્જત આબરૂને ફરીથી સજીવન કરી. તેમને એક શાંતિમય સ્થાયી જિંદગી આપીને તેમની મુસીબતોને ઓછી કરી. તેમની જાહોજલાલીમાં વધારો કર્યો. તે જ કારણથી ફહરની સંતાનો અને બીજા કબીલાઓ તેમને ઈજ્જતની દ્રષ્ટિએ નિહાળતા હતા અને તેઓના દરેક હુકમની સામે એવી રીતે માથું નમાવી દેતા હતા જેવી રીતે મઝહબી હુકમોની સમક્ષ વ્યક્તિ માથું નમાવે છે.

ઈતિહાસકાર બેલાઝરીએ નોંધ્યું છે કે

કુરૈશની સમક્ષ કસીનો દરેક હુકમ દીન અને ધર્મના હુકમ જેવો ગણાતો હતો. જેના ઉપર તેઓ અમલ કરતા અને તેનો રજમાત્ર વિરોધ ન કરતા. (ઈન્સાબુલ અશરાફ ભાગ-૧ પેજ નં. ૫૨)

કસીએ પોતાના સમયમાં અન્ન અને પાણીની વ્યવસ્થા માટેના બે જુદાં જુદાં ખાતાની દેખરેખ પોતે જ રાખતા. આ બંને હોદ્દાના અધિકારીઓ દૂરસુદૂરથી આવતા હોંઓ તથા ઝાએરીને કાબતુલ્લાહ માટે ખાવા-પીવાની ઉપરાંત બીજી અન્ય પ્રકારની વ્યવસ્થા પણ કરતા. કસી મક્કાવાસીઓને હોંઓ તથા ઝાએરીનની સેવા કરવાની તાકીદ કરતા પોતાના ખુત્બામા કહે છે કે "તમે લોકો અલ્લાહના પડોશી અને તેના હરમમાં વસનારા છો, આ હોંઓ અલ્લાહના મેહમાનો અને તેના ઘરના ઝાઈર છે. તેઓ બીજા બધા મહેમાનો કરતાં વધુ ઈજ્જત તથા માનને પાત્ર છે. તેથી તેઓના ખાવા-પીવાનો સામાન પેદા કરો."

આપે પોતાની મુબારક જિંદગીમાં ઘણાબધા બેહતરીન કાર્યો કર્યાં. ખાનએ કાબાની ઈમારતનું ફરીથી બાંધકામ કરાવ્યું. તેના ઉપર ખજૂરના લાકડાં પાદડાંની છત નખાવી. અરફાત અને મીનાની વચ્ચે એક ઈમારત બંધાવી, તેનું નામ "મશઅરૂલ હરામ" રાખ્યું. હજના દિવસોમાં તેના

ઉપર અસંખ્ય દીવા સળગાવવામાં આવતા. જેથી હોંઓને સફરમાં આસાની થાય.

ઈબ્ને અબ્દરબાએ વર્ણવ્યું છે કે :

"કસીએ મશઅરૂલ હરામ સ્થાપિત કર્યું. જ્યાં હજના દિવસોમાં દીવા સળગાવવામાં આવતા." (અકદુલ ફરીદ ભાગ-૨, પેજ નં. ૨૦૯)

મુઝદલફામાં રાતના સમયે આગ સળગાવવાની વ્યવસ્થા કરી જેથી અરફાતથી આવનારા હોંઓના કાફલાઓ રસ્તાથી ભટકી ન જાય.

ઈબ્ને અશીરે લખ્યું છે કે :

કસીએ સૌ પ્રથમ મુઝદલફામાં આગ સળગાવવાની વ્યવસ્થા કરી, પછી તો આ આગ રસુલેખુદા (સલ.)ના સમયમાં અને ત્યાર પછી પણ સળગાવવામાં આવતી રહી. (તારીખે કામિલ, ભાગ - ૨ પેજ નં. ૧૮)

આપથી અગાઉ મક્કાની હદમાં મકાનો બાંધવામાં આવતા ન હતા. બલ્કે લોકો ઝૂપડીઓ બાંધીને રહેતા હતા. આપે સૌ પ્રથમ ખાનએ કાબાની નજીક એક ઘર બનાવ્યું. જેનો દરવાજો ખાનએ કાબાની તરફ ખૂલતો હતો. આ ઘર "દારૂલ નદવાહ"ના નામથી પ્રખ્યાત થયું.

યાઅકુબીએ લખ્યું છે કે :

"કસીએ પોતાનું ઘર મક્કામાં બનાવ્યું અને આ પહેલું ઘર હતું જે મક્કામાં બનાવવામાં આવ્યું. તે

"દારૂલ નદવાહ" કહેવાયું." (યાઅકુબી ભાગ-૧ પેજ નં. ૨૩૯)

કુરૈશ આ ઘરને ઘણા જ માનની નજરે જોતા હતા. તવલ્લા, તબરરૂિ શાદી, ગમીની રસ્મો પણ આ ઘરમાં જ અદા કરતા. સામાજિક પ્રશ્નોનો નિકાલ કરવા, ઝઘડા ફસાદના ન્યાય માટે પણ આજ ઘરનો ઉપયોગ કરતા. જ્યારે યુદ્ધ માટે નીકળતા તો યુદ્ધનો ધ્વજ અહીંથી જ શણગારતા. કસીએ મક્કાની સરદારી સંભાળ્યા પછી મક્કાવાસીઓની જરૂરતનો ખ્યાલ રાખીને મક્કાની હદમાં એક કૂવો ખોદાવ્યો. જેને અજુલ કહેવામાં આવતો હતો. આ કૂવો તે જગ્યાએ હતો, જ્યાં ઉમ્મે હાની બિન્તે અબુ તાલિબનું મકાન હતું.

મતલબ ખાનએ કાબા તથા બીજા પબ્લીક મકાનોનું બાંધકામ, અવલાદે ફહરની સુખાકારી, હોંઓ માટે અનેક સુવિધાઓની વ્યવસ્થા વગેરે કલ્યાણકારી કાર્યોની નિશાનીઓ જ્યાં સુધી બાકી રહેશે, ત્યાં સુધી તેઓનું નામ સજીવન રહેશે.

કસીની બંધાવેલી આ ઈમારતો અને કલ્યાણકારી યાદગારો સિવાય આપના ખુત્બાઓ પણ ઈલ્મો હિકમતથી ભરેલી યાદગારોમાં ગણાશે, આ ખુત્બાઓ ફક્ત બીજાઓના માટે ફાયદાકારક નથી. પરંતુ સ્વયં કસીની જિંદગીનો આયનો પણ છે.

તેમાંથી કેટલાક ખુત્બાઓમાંથી અમૂક અંશો અમે રજૂ કરીએ છીએ.

"જે કોઈ બેઈજ્જત-બેઆબરૂ અને અધમ વ્યક્તિની સાથે સહમત હશે, તે તેના અધમપણામાં ભાગીદાર ગણાશે. જે બુરાઈને બુરાઈની દ્રષ્ટિથી નહીં જુએ, તે બુરાઈમાં પડી જશે. સ્વયં બુરાઈ કરતો થઈ જશે. જેની સુધારણા માન-સંમાનથી ન થઈ શકે, તો તેની મિત્રતા અનાદર અને તિરસ્કારથી કરવામાં આવશે. જે પોતાની પાત્રતાથી વધારેનો ઈચ્છુક હશે, તે મહરૂમ (વંચિત) રહેશે. હસદ કરનાર છૂપો દુશ્મન છે."

જિંદગીની છેલ્લી ઘડીઓમાં પોતાની સંતાનોને વસીયત કરતાં ફરમાવ્યું

"શરાબથી પરહેઝ કરશો. જો એનાથી નજીવો ફાયદો થતો હોય પરંતુ તે બુદ્ધિને નષ્ટ કરી નાખે છે. તેનાથી માણસ બરબાદ થઈ જાય છે."

આપ ઈસ્વીસન ૪૮૦માં મક્કા મુકર્રમામાં વફાત પામ્યા. અને હજુન નામના પર્વત પાસે દફન કરવામાં આવ્યા. અરબોએ પોતાના પ્યારા સરદારનો ખૂબ જ શોક મનાવ્યો. લોકો તેમની કબરની જિયારત કરીને પોતાની અકીદત જાહેર કરતા.

બેલાઝરીએ લખ્યું છે કે :

"જ્યારે તેઓ મૃત્યુ પામ્યાં, તો હજુન પર્વતની તળેટીમાં દફનાવવામાં આવ્યા. ટોળેટોળાંમાં લોકો તેમની કબરની જિયારત માટે આવતાં અને તેમની પ્રશંસા કરતાં."

## અબ્દે મનાફ ઈબ્ને કસી :

આપનું નામ મુગીરહ અને વંશાવલી અબુ અબ્દુશ્શમ્સ હતી. ખુબસુરતીના કારણે "કમરૂલ બતહા" (ચંદ્ર જેવો હંસ) ખુદ્દારી અને સખાવતના કારણે "ફય્યાઝ" કહેવાતા, દાનવીર ગણાતા. ઈજ્જત આબરૂના કારણે "અસ્સય્યદ" ના લકબથી સંબોધવામાં આવતા. ખાનએ કાબાના સંરક્ષણની જવાબદારી જો કે કસીના મોટા પુત્ર અબ્દુદ્દાર પાસે હતી. પરંતુ કુરૈશની સરદારી અબ્દે મનાફને સોંપવામાં આવી હતી. તેઓ પોતાની અક્કલ હોશિયારી, ઉમદા કારકીર્દી અને ઉચ્ચ અખ્લાકના કારણે પોતાના પિતોં કસીની હયાતીમાં જ કૌમની આગેવાની કરતા થઈ ગયા હતા.

દીયાર બકરી લખે છે કે :

"અબ્દે મનાફ પોતાના બાપની હયાતીમાં જ સરદારીનો હોદ્દો સંભાળતા થઈ ગયા હતા. અને કુરૈશ એમનો દરેક હુકમ માનતા હતા." (તારીખે ખમીસ ભાગ-૧ પેજ. નં. ૧૫૪)

આપ પોતાના અનુકરણીય પિતોંના સિદ્ધાંતો ઉપર જ ચાલતા રહ્યા. તેમણે સ્થાપિત કરેલી બધી જ કલ્યાણકારી યોજનાઓ આપે ચાલૂ રાખી. આપને ચાર પુત્રો હતા

(૧) હાશિમ (૨) મુત્તલીબ (૩) અબ્દુશ્શમ્સ અને (૪) નોફલ. હાશિમ અને મુત્તલીબને "અલબદરાન" કહેવામાં આવતા હતા. એટલે કે બે ચંદ્ર કહેવાતા.

# પ્રકરણ : ૧૯

# હાશિમ ઈબ્ને અબ્દે મનાફ

આપનું અસલ નામ અમરૂ હતું. ઉચ્ચ ઈલ્મી મરતબાના કારણે અમરૂલઉલા કહેવામાં આવતા હતા. વંશાવલી અબુલફઝલ હતી. સૈયદુલ બતહાના ઉપનામથી લોકો સંબોધતા. બતહાનો અર્થ થાય છે વિશાળ, ફળદ્રુપ જમીન. પરંતુ વિશાળ, ફળદ્રુપ જમીનનો ટૂકડો એટલે મક્કએ મોઅઝ્ઝમા. જેથી સૈયેદુલ બતહાનો મતલબ થશે મક્કાના સરદાર. કેટલાક લોકો આપને “અબુલ બતહા” ના ઈજ્જતવાળા ઉપનામથી પણ સંબોધતા. મતલબ મક્કાના બાપ. વાલીદહનું નામ આતિકા હતું. નામ અને કુનીયત સિવાય પણ ઘણા લોકો આપને હાશિમ જ કહેતા. હાશિમના ઉપનામથી વધુ મશહુર થવાનું પણ એક કારણ હતું. હીશ્મનો અર્થ “તોડવું” એવો થાય છે.

એક વખત મક્કામાં દુષ્ટકાળ પડ્યો. તો તે સમયગાળામાં કે જ્યારે લોકો ભૂખે મરતા, આપ મુલ્કે શામમાં મોટા પાયા ઉપર રોટીઓ પકાવતા. તેને ઊંટો ઉપર મક્કા લાવતા. તે ઊંટોને ઝબહ કરીને તેનું ગોશ્ત પકાવતા. પછી ગોશ્ત શોરબાના મોટા મોટા પ્યાલાઓમાં પેલી રોટીઓ તોડી તોડીને નખાવતા. આ રીતે મક્કામાં

આવનારાઓને પેટ ભરીને જમાડતા. ત્યારથી આપને હાશિમના લકબથી સંબોધવામાં આવ્યા.

હાશિમ અને અબ્દુશશમ્સ જોડીયા પેદા થયા હતા. એવી રીતે કે એકનો પંજો બીજાની પેશાનીમાં ફસાયેલો હતો. બંને તલવારથી કાપીને જુદા કરવામાં આવ્યા. તે સમયે આ ભવિષ્યવાણી કરવામાં આવેલી કે બંનેની સંતાનોમાં તલવારો ચાલશે. તેમાનો એક બીજાનો દુશ્મન રહેશે. બન્યું પણ એવું જ કે આ બંનેમાંથી બની હાશિમ અને બની ઉમય્યા ખાનદાનો પેદા થયા. બની ઉમય્યા હંમેશા બની હાશિમના દુશ્મન રહ્યા. અબ્દુશશમ્સનો પુત્ર ઉમય્યા હાશિમનો હંમેશાં દુશ્મન રહ્યો. એકએક વાતમાં બની ઉમય્યા હાશિમથી દુશ્મની કરતો. વિચારોમાં, રહેણીકરણીમાં, આચરણમાં, નાની મોટી દરેક વાતોમાં ઉમય્યા હાશિમ સાથે ટકરાવ પેદા કરતો. પછી હાશિમના પુત્ર અબ્દુલમુત્તલિબ ઈબ્ને હાશિમ સાથે હરબ ઈબ્ને ઉમય્યા કટ્ટર દુશ્મની રાખતો. હરબ પછી તેનો નાપાક પુત્ર અબુસુફયાન પેગંબરે ઈસ્લામના મુકાબલામાં ઊભો થયો. કારણ કે પગંબરે ઈસ્લામના માનનીય પિતાશ્રી હઝરત અબ્દુલ્લાહ તો રસૂલે ખુદા પોતાની વાલીદહ હઝરત આમેનાના પેટમાં હતા અને ગુજરી ગયા હતા. જેથી અબ્દુલમુત્તલીબના પોત્ર એવા પ્યારા

નબી હઝરત મોહમંદ (સલ.)ના મુકાબલામાં હરબનો પુત્ર અબુ સુફયાન આવ્યો. તે મક્કાનો સરદાર બની બેઠો હતો. દરેક લડાઈમાં તે અગ્રેસર હતો. અબુ સુફયાન પછી તેનો પુત્ર મઆવીયા રસુલના ખલીફા હઝરત અલી (અલ.)ના મુકાબલામાં ઊભો થયો. તેણે પણ હઝરત અલી (અલ.)ની સાથે ખુનરેજ લડાઈઓ લડી. પછી યઝીદ ઈબ્ને મઆવીયાએ હઝરત હુસેન ઈબ્ને અલી (અલ.) અને આપના ખાનદાનના સભ્યો અને સાથીઓ-મદદગારો ઉપર દરેક પ્રકારના જુલ્મો કર્યા પછી આ જુલ્મને તેની પરાકાષ્ઠા સુધી - અંતિમ હદ સુધી પહોંચાડી દીધો.

મતલબ બની હાશિમ સાથે બની ઉમય્યાની અદાવત-દુશ્મની પેઢી દર પેઢી ચાલી આવે છે. સ્વાર્થ ખાતર, લાભાલાભ જોઈને ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા પછી પણ બની ઉમય્યાના વ્યવહારમાં, આચરણમાં કોઈ ફેરફાર ન થયા. તેઓ હંમેશા બની હાશિમને ખતમ કરવાની ચિંતામાં જ લાગેલા રહ્યા.

હાશિમ અને અબ્દુશમ્સ જો કે એક જ બાપની અવલાદ હતા. પરંતુ તેમનામાં એટલો તફાવત હતો જેટલો એક જ ડાળમાં ખીલવાવાળા ફૂલ અને ઉગવાવાળા કાંટામાં હોય છે. હઝરત હાશિમ ઉચ્ચ અખ્લાકના માલિક હતા. ખૂબ જ ઉદાર, નેક

તબીયત અને નમ્ર વ્યક્તિ હતા. મજલૂમો અને કમજોર લોકો આપની આસપાસ વિંટળાયેલા રહેતા. ખૂબ જ મહેમાનનવાઝ હતા, પરદેશીઓનો, મુસાફરોનો ખૂબ જ ખ્યાલ રાખતા. પોતાના કબીલાના નાદાર લોકોની મદદ કરતા. તેઓને કામ પર લગાડવાની ચિંતા કરતા, સખી એટલા બધા હતા કે મક્કાની બજારમાં કે પહાડીઓમાં કોઈ ભૂખ્યો પરદેશી જો કોઈની પાસે કંઈ માગે તો તે તરત જ કહી દેતો, હાશિમ પાસે જા તને ત્યાં બધું જ મળી જશે. આ ઉપરથી અંદાજ લગાવી શકાય કે પ્યારા રસૂલ (સલ.) અને હઝરત અલીનું ખાનદાન કૂરૈશ હતું.

કુરૈશની આર્થિક સ્થિતિ મહાદઅંશે હઝરત અબ્દુલમુત્તલીબની મેહનતનું પરિણામ હતી. આપે સમગ્ર ખાનદાનના આબાલવૃદ્ધોના મગજમાં વેપારની ખૂબીઓ, ફાયદાઓ એવા ઊતારી દીધા હતા કે સમગ્ર ખાનદાન વેપારમાં પ્રવૃત્ત રહેતું. વેપારે જ તેઓને ખુશહાલીની ટોચ ઉપર પહોંચાડી દીધા હતા. હઝરત હાશિમથી પહેલાં પણ કુરૈશના ગુજરાનનો આધાર વેપાર જ હતો. એક મત અનુસાર કે તેમને કુરૈશ એટલા માટે પણ કહેવામાં આવતા હતા કે આ શબ્દ કુરૈશ તકરીશ પરથી બનેલો છે. જેનો અર્થ કારોબાર-વેપાર પણ થાય છે. પરંતુ કુરૈશ પહેલાંના તેઓના

પૂર્વજોનો વેપાર મક્કા તથા તેની આસપાસની વસ્તીઓ સુધી સિમિત હતો. આપે વેપારને ખૂબ જ મહત્ત્વ આપ્યું. કારોબારને શામ અને હબશા સુધી ફેલાવ્યો. શરદીની મોસમમાં યમન અને હબશા, ગરમીની સીઝનમાં શામ અને ગઝહ તથા અનકરાહના પ્રદેશો સુધી આપના વેપારી કાફલા પહોંચતા હતા.

કયસરે રોમ આપને ખૂબ જ માન આપતો હતો. આપે પોતાની વગનો ઉપયોગ કરીને કયસર પાસેથી આ પરવાનો લખાવી દીધો કે

"કુરૈશના માલ ઉપર ઝકાત ન લેવામાં આવે, તેઓના વેપારી કાફલાઓને આવવા-જવા માટેની સુવિધાઓ પૂરી પાડવામાં આવે. ઉપરાંત માલની હેરાફરીના સ્થળોએ તેઓના રક્ષણની વ્યવસ્થા કરવામાં આવે."

આપની આ કોશીશોનું પરિણામ એ આવ્યુ કે કુરૈશ ખૂબ હૃદયપૂર્વક વેપારમાં લાગી ગયા, તેઓનો વેપાર ખૂબ જ તરક્કી પામ્યો. ખુશહાલી પેદા થઈ.

કસીના જીવનવૃતાંતમાં લખ્યું છે કે તેમણે ખાનએ કાબાનું મુતવલ્લીપણું પોતાના મોટા પુત્ર અબ્દુદ્દારને સોંપી દીધું હતું. પરંતુ તે આ હોદ્દાને સંભાળી શક્યો નહિ. તેની સંતાનોમાંથી પણ કોઈ આ જવાબદારી સારી રીતે અદા કરી શક્યું નહિ.

દિવસે દિવસે પરિસ્થિતિ વણસતી ગઈ. દરેક વિભાગના કાર્યોમાં શિથિલતા આવવા લાગી. હાશિમે જ્યારે જોયું કે બનુ અબ્દુદ્દારથી આ વ્યવસ્થા સાંભળી શકાતી નથી, ત્યારે તેમણે પોતાના ભાઈઓ મુત્તલીબ, નોફલ, અને આબ્દુશશમ્સ સાથે સલાહમશ્ર્વેરો કર્યો. તો બધાએ એકમત થઈને આ નક્કી કર્યું કે હરમના હોદ્દાઓ અબ્દુદ્દારના હાથોમાંથી લઈ લેવામાં આવે, તેઓને પદભ્રષ્ટ કરવામાં આવે. કારણ કે જ્યાં સુધી તેઓ આ હોદ્દાઓ ઉપર રહેશે, પરિસ્થિતિ સુધરવાની જગ્યાએ વધારે બગડતી જશે. જ્યારે અબ્દુદ્દારની સંતાનોને ખબર પડી કે તેમને બયતુલ્લાહની વ્યવસ્થાથી હઠાવવાની કોશીશ થઈ રહી છે, તો તેઓ હથિયારો સાથે લડાઈ માટે તૈયાર થઈ ગયા. આ તરફ અબ્દે મનાફની સંતાનો પણ લડવા તૈયાર થઈ ગઈ. અરબોના બધા જ કબીલાઓ બે વિભાગોમાં વહેંચાઈ ગયા.

કબીલા બની અસદ, બની ઝહરા, બની તમીમ અને બની હારિસના લોકો અબ્દેમનાફની સંતાનોના તરફદારીમાં લડવા તૈયાર થઈ ગયા. જ્યારે બની મખ્ઝૂમ, બની સહમ અને બની અદી અબ્દુદ્દારની સંતાનોની તરફદારીમાં લડવા તૈયાર થઈ ગયા. બનુ અબ્દેમનાફ અને તેમના મદદગાર

કબીલાઓ મુતય્યેબીન (પાક કરવામાં આવેલા, ખુશબોદાર કરવામાં આવેલા) કહેવાયા, બનુ અબ્દુદ્દાર અને તેમના મદદગાર કબીલાઓ અહલાફ (વચન, પ્રતિજ્ઞા કે કોલથી બંધાયેલા) કહેવાયા. મુતય્યેબીન અને અહલાફમાં લડાઈ થવાની તૈયારી હતી કે કેટલાક અમનપસંદ-શાંતિપ્રિય લોકો વચ્ચે પડ્યા. તેઓએ કહ્યું, બેહતર છે આપસમાં વાતચીત કરીને ફેંસલો કરવામાં આવે. જો યુદ્ધ ફાટી નીકળશે તો તેના ઘણાં બૂરા પરિણામો બંનેએ ભોગવવા પડશે. બંને પક્ષો શાંતિમંત્રણા માટે બેઠા. છેવટે ફેંસલો આ પ્રમાણે થયો.

સકાયા અને રિફાદહ (હોંઓને પાણી પીવડાવવું અને મક્કાના સંરક્ષણ) ના હોદ્દાઓ અબ્દેમનાફની અવલાદોને સોંપી દેવામાં આવે. જ્યારે નદવાહ (સભા બોલાવી - અંજુમન વગેરે) હિજાબ અને લવાઅ (ફોજનો અલમ) વગેરે હોદ્દાઓ અબ્દુદ્દારની સંતાનોની પાસે રાબેતા મુજબ બાકી રાખવામાં આવે.

જ્યારે ફેંસલો થઈ ગયો, અવલાદે અબ્દેમનાફે રિફાદહ અને સકાયા માટે આપસમાં ચિઠ્ઠિઓ નાખી. જેને કીરઅ કહેવામાં આવે છે. કિરઅ હાશિમના નામ પર નીકળ્યો. જેથી આ બંને હોદ્દાઓ હાશિમને સોંપી દેવામાં આવ્યા.

આ હોદ્દાઓ સંભાળ્યા પછી હઝરત હાશિમે એક સુંદર વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું. વ્યવસ્થામાં જે જે ત્રુટિઓ હતી તે દૂર કરી. હૉંઓના ખાવા-પીવાની વ્યવસ્થામાં સુધારો કર્યો. બલ્કે વધારો કર્યો. સજલહ અને બઝ્ઝર બે કૂવાઓ ખોદાવ્યા. પોતાના દાદા કસીના કલ્યાણકારી કામોને ખૂબ જ ઉત્તેજન આપી વધુ ફેલાવો કર્યો. જ્યારે હજનો સમય નજીક આવતો તો આપ કુરૈશને કાબતુલ્લાહ પાસે એકત્ર કરી સંબોધન કરતા.

"અય જમાતે કુરૈશ ! તમે અલ્લાહતઆલાની પડોશમાં રહેવાવાળા છો. બલ્કે તેના ઘરમાં રહેનાર છો. તે સમય આવી ગયો છે કે અલ્લાહના ઘરના ઝાએરીન મરાસીમે તઅઝીમ બજાવી લાવવા માટે તમારી પાસે એકત્ર થશે. તે સર્વે અલ્લાહતઆલાના મેહમાન છે. સાથે સાથે તેઓ સૌથી વધુ ઈજ્જત-એહતેરામને લાયક છે. જેથી અલ્લાહતઆલાના મેહમાન અને ખાનએ કાબાના ઝાએરીનનો ઈકરામ અને એહતેરામ કરો."

(ઈન્સાબ અલ અશરફ ભાગ-૧, પેજ નં. ૬૦)

ખુત્બાથી પરવારીને કંઈક રકમ મંગાવતા, થોડીક રકમ કુરૈશના માલદારો પાસેથી લેતા, અને વધારે પોતાની પાસેથી લોકોને આપતા. દૂરસૂદૂરથી આવનાર હૉંઓની ખૂબ જ મેહમાનનવાઝી કરતા. મક્કા અને મીનામાં મોટા પાયે રસોડાં

ઊભાં કરતા. ચામડાઓના મોટા હોઝોમાં મીઠું પાણી ભરવામાં આવતું. ઝાએરીન સંતોષપૂર્વક ખાતા અને મીઠું પાણી પીતા.

અસવદ ઈબ્ને શઅદ કલ્બી પોતે આંખોથી જોયેલા આમ દઅવતના શ્યનું (જેમાં જનસાધરણ બધી જ સામીલ હોય)

વર્ણન આ પ્રમાણે કરે છે.

“હું તે સમયમાં મારા કબીલાની એક માલદાર સ્ત્રીનો કારકૂન હતો. હું તેના વેપારનો માલ લઈને જુદા જુદા સ્થળોએ આવજા કરતો હતો. એક દિવસ હજના દિવસોમાં હું મીના અને અરફાત તરફથી પસાર થયો. રાતનો સમય હતો. અંધારૂં છવાઈ ગયું હતું. મેં એક જગ્યાએ રાત પસાર કરી. જ્યારે સવાર થઈ તો મેં મારી નજીક જ થોડે દૂર જોયું કે તાઈફના ચામડાના ઊંચા ઊંચા વિશાળ તંબૂઓ તાણેલા હતા. આગળ ચાલ્યો તો દેગોના ખખડવાનો અવાજ સંભળાયો. મોટા મોટા ચૂલાઓમાં આગ સળગી રહી છે. કેટલાક જાનવરો ઝબહ કરેલા પડયા છે. કેટલાક જાનવરોને ઝબહ કરવાની તૈયારી ચાલી રહી છે. ચારેતરફ નોકરો - ચાકરો કાર્યો કરી રહ્યા છે. આ બાદશાહી ઠાઠમાઠ અને જાહોજલાલી જોઈને હું અચરજમાં પડી ગયો. મારા દીલમાં આ ઈચ્છા પેદા થઈ કે હું આ

કબીલાઓના સરદારને જોઉં. જેણે આટલા મોટા પાયા ઉપર દઅવતે આમની વ્યવસ્થા કરી છે.
હું હજી આ બાબત વિચારી જ રહ્યો હતો કે એક વ્યક્તિએ જાણે મારા હ્રદયના વિચારો જાણી લીધા અને મને આગળ વધવા કહ્યું. આગળ ચાલતાં મેં જોયું  કે એક ઊંચા અને બહેતરીન શણગારેલા મંડપમાં ફર્સ બીછાવેલી છે. તેના ઉપર કુરૈશના આગેવાનો અને અરબના સરદારો વર્તુળાકારે ખામોશ બેઠેલા છે. તેઓની વચમાં એક ખૂબ જ પ્રતિભાશાળી વ્યક્તિત્વ બિરાજમાન છે. ચેહરા ઉપર નેકી, ખૂબસુરતી અને શરાફતનું નુર દેખાઈ રહ્યું છે. પેશાનીના નુરથી એમ લાગતું હતું છે કે જાણે કોઈ પ્રકાશિત સિતારો વાદળમાંથી નીકળી રહ્યો છે. હાથમાં અસા (લાઠી) માથા ઉપર કાળો અમામો, અને અમામાની નીચેનો છોર ખભાઓ ઉપર લહેરાઈ રહ્યો છે. હું તો આ દીલકશ શ્ય જોવામાં જ ખોવાઈ ગયો. એટલામાં જોયું તો એક વ્યક્તિ ઊંચાઈ પરથી પોકારી રહ્યો છે.
“અય અલ્લાહના ઘરમાં આવવાળાઓ, ખાવા માટે ચાલ્યા આવો.”
જ્યારે બીજા છેડેથી બે વ્યક્તિઓ પોકારી રહી છે.
“જે વ્યક્તિ બપોરનું ખાવાનું ખાઈ ચૂક્યા તેઓ અલ્લાહની ઈબાદતમાં લાગી જાય અને સાંજના ખાણા માટે પાછા હાજર થઈ જાય.”

અસવદ કહે છે કે હું ઓલમાએ યહુદને હંમેશા એમ કહેતાં સાંભળ્યા કરતો હતો. "કે આ તે જ જમાનો છે જે જમાનામાં નબીયે ઉમ્મી (સલ.) નો ઝુહુર થશે."
મેં આ અજીબ દઅવતના પ્રોગ્રામને જોયો. સાથે ઉચ્ચોચ્ચ પ્રતિભાશાળી એવી આ નુરાની વ્યક્તિને જોઈ, મને દીલમાં થયું કે તે નબી આ તો નહીં હોય ! મેં એક વ્યક્તિને પુછ્યું આ ગાદીતકીયા ઉપર બેઠેલાં વ્યક્તિ કોણ છે ? તેણે કહ્યું "શું તમે નથી જાણતા ! આ અબુલ ફઝલ હાશિમ ઈબ્ને અબ્દે મનાફ છે." મેં આ સાંભળીને કહ્યું "ખુદાની કસમ અઝમત અને બુઝુર્ગી તો આને કહે છે, ન કે આલે જફના (શાહાને શામ) ની બુઝર્ગીનિ."
(તારીખે યાઅકુબી ભાગ-૧ પેજ નં. ૨૪૩)
હાશિમની આ ઉદારતા અને હિંમતે તેમની ઈજ્જત અને દ્બદ્બાનો સિક્કો અરબોના દીલો ઉપર જમાવી દીધો હતો. અરબસ્તાનમાં ચારેતરફ આપની નેકનામી અને ખ્યાતિની ચર્ચા થતી.
ઉમય્યા ઈબ્ને અબ્દુશમ્સ નાહિમ્મત, કંજુસ અને છોકરવાર બુદ્ધિનો હતો. તેની નજરમાં હાશિમની આ નેકનામી-ખ્યાતિ-બુઝર્ગી આંખમાં કણાની જેમ ખટકતી હતી. તે ઈર્ષાની આગથી બળી જતો હતો. તે ખૂબ જ લઘુતાગ્રંથીથી પીડાતો હતો. તેણે ઈચ્છ્યું કે હાશિમને સમાજની

નજરોમાં નીચો પાડે અને કબીલામાં તેને જે ઈજ્જત પ્રાપ્ત છે, પોતે તેનુ સ્થાન પ્રાપ્ત કરે. જેથી તેણે પોતાની દવલતના સહારે લોકોની આમ દઅવત કરવાનું આયોજન કર્યું. પરંતુ કુદરતી ઉત્તેજના, ઉદારતા, દયાભાવના અને ઈન્સાની મહબ્બત અલગ વસ્તુ છે. જ્યારે બીજાને નીચો દેખાડવા માટે કરેલી આ દઅ્વત બીજી જ વસ્તુ છે. ઉમય્યાએ પોતાની દરિયાદીલી બતાવવી હતી, દેખાવ કરવો હતો, તેનું આ અદેખાઈનું પ્રદર્શન નિષ્ફળતામાં પરિણમ્યું. ખુદા રશીદા ઈન્સાનના ગુણો જ અલગ હોય છે. તેણે મહબ્બતે ઈન્સાનીના જોશમાં કોઈને પીવડાવેલી એક કપ ચા તે બીરયાનીના ખાણાથી બેહતર છે, જે એક માલદાર ઘમંડથી બીજાને ખવડાવે. તે અડધી દઅવતથી હિમ્મત હારી ગયો. કારણ કે ઉમય્યાનું હૃદય રૂહાનિયતથી ખાલી હતું. આ દઅ્વત તેના માટે ઝિલ્લત બની ગઈ. લોકો કહેવા લાગ્યા, આનાથી તો દઅ્વત ન કરત તો બેહતર હતું. લોકોમાં મજાક શરૂ થઈ ગઈ. તેની દઅ્વતની અયબો લોકો જાણી ગયા.

ઉમય્યા લોકોના આ મેહણાં ટોણાંથી ઘણો જ ગુસ્સે થયો. બેગુનાહ નેક સાલેહ અને બાહોશ હાશિમની શાનમાં ગમે તેવા શબ્દો બોલી બેઠો. જે શબ્દો સભ્યતાની વિરૂદ્ધ હતા. લોકોના

કટાક્ષથી બચવા શેખી મારવા લાગ્યો. સાથે મુનાઝેરાની દઅવ્‌ાત આપી કહ્યું કે આપણી વચ્ચે એક પંચ નક્કી થાય, જે ફેંસલો આપે કે બંનેમાં કોણ શ્રેષ્ઠ છે ? ગર્વ લેવાને લાયક કાર્યો કોના છે ? હઝરત હાશિમની શખ્સીયત એટલી ઉચ્ચ હતી કે તે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા આવા વાદવિવાદનો આશરો લે. તેમણે વાદવિવાદ માટે સ્પષ્ટ ઈન્કાર કર્યો. પરંતુ કુરૈશના સરદારોએ તથા સામાન્ય જનસાધારણે તેમને ખૂબ જ આગ્રહ કર્યો. જનતા જનાર્દનની સમક્ષ આ સરદારે માથું નમાવી દીધું, વાદવિવાદ માટે હાશિમ તૈયાર તો થઈ ગયા. પરંતુ સાથે શરત લગાવી કે, જેના વિરુદ્‌ધ ફેંસલો થાય તે કાળી આંખોવાળી પચાસ ઊંટણીઓ બીજાને આપે, અને દસ વર્ષ સુધી મક્કાની બહાર ચાલી જાય. ઉમય્યા આ શરત ઉપર રોં થઈ ગયો.

બંને પક્ષોએ કાહીન ખઝાઈનને પંચ બનાવ્યો. બંનેએ તેની સમક્ષ પોતપોતાની કારકીર્દી, સેવાઓ, સર્વ કાર્યો રજુ કર્યાં. તેની સાબિતીઓ પણ રજૂ કરી. તો તેણે આ બધું સાંભળતાં જ હાશિમને શ્રેષ્ઠ ફઝીલતના હકદાર કહી દીધા. તમામ ઈજ્જત આબરૂને લાયક ગણાવ્યા. ઉમય્યાને નીચ અને હલકી કક્ષાનો સાબિત કર્યો. સમજુતિ અનુસાર ઉમય્યા પાસેથી પચાસ

ઊંટણીઓ લીધી. તેને ઝબહ કરીને મક્કાવાસીઓની મોટાપાયા ઉપર દઅવત કરી. જ્યારે ઉમય્યા મક્કા છોડીને જોર્ડનનો ઈલાકા તરફ સફવર્યા નામના સ્થળ તરફ ચાલ્યો ગયો. જ્યાં તેણે દસ વર્ષ દેશ નિકાલની સજા ભોગવી.

બેલાઝરીએ લખ્યું છે કે :

"આ દુશ્મનનીનો પ્રથમ પ્રસંગ હતો. જે ઘણો જ નોંધપાત્ર ગણાય છે. જે ઉમય્યા અને હાશિમ વચ્ચે બન્યો." (ઈન્સાબુલ અશરફ. ભાગ-૧, પેજ નં. ૬૧)

ગમે તેમ પરંતુ હઝરત હાશિમ પોતાના જમાનાની એક શ્રેષ્ઠત્તમ વ્યક્તિ હતા. જેઓ પ્રતિભાશાળી ઉદાર અને દુરંદેશ વ્યક્તિત્વના માલીક હતા. ખૂબ જ પવિત્ર દીલના, ખુદાપરસ્ત વ્યક્તિ હતા. આ એક એવી હકીકત છે. જેનો બધા જ ઈતિહાસકારો સ્વીકાર કરે છે.

તેઓ હિજાઝે મુકદ્દશની બહાર પણ ખૂબ જ માનપાત્ર વ્યક્તિ હતા. સામાન્ય લોકો તો ખરા જ, પરંતુ હિજાઝની આસપાસના બધા જ મુલકોના બાદશાહો પણ આપને ખૂબ જ માન આપતા. ઈતિહાસ કહે છે કે શાહે રોમ અને શાહે હબશા - નજજાશી તેમની સાથે પોતાની દીકરીઓની સગાઈ કરવા ઈચ્છુક હતા. પરંતુ

આપે હિજાઝની બહાર સગાઈ કરવી પસંદ ન કર્યું. જેથી અરબ કબીલાઓમાં શાદીઓ કરી.
આ શાદીઓમાં બકાએ નસ્લ-વંશનાં બાકી રહેવા અને ઝહુરે નુરે નુબવ્વતની દ્રષ્ટિએ ઘણીજ મહત્ત્વની ગણાય તેવી શાદી જે કબીલા ખઝૂજની એક શાખ બની નજ્જારમાં કરી. હઝરત હાશિમ એવું મહસૂસ કરી રહ્યા હતા કે કુદરતે જે નૂરે રીસાલતના એમને અમીન બનાવ્યા છે. તે નૂર હજી તેમનાથી અલગ થયું નથી. જે હજી આપની પીઠમાં જ છે. આ જ વિચારમાં હતા કે અલ્લાહે આપને ખ્વાબમાં બશારત આપી. જેમાં કહેવામાં આવ્યું કે આપ યશરબવાસી (મદીનાવાસી) સલમા બિન્તે અમરૂથી શાદી કરે. આ ખાતુન ખૂબ પવિત્ર, શરાફતમાં ઉચ્ચ અને પરહેઝગાર હતાં.
દીયાર બકરી લખે છે કે :
“સલમા અક્કલ હોશિયારીમાં પોતાના સમય કરતાં ઘણા જ આગળ હતાં. તથા ક્ષમાશીલ, સહિષ્ણૂ઼ુ અને ગંભીર પણ એટલાં જ હતા. આ ખાતુન એટલા ઉચ્ચ સ્તરના હતાં જેટલા ઉચ્ચ સ્તરના ખાતુન પોતાના સમયમાં હઝરત ખદીજા રઝીયલ્લાહો તઆલા અન્હા હતાં.” (તારીખે ખીસમ ભાગ-૧ પેજ નં. ૧૫૮)
હઝરત હાશિમ આ ખ્વાબ (સ્વપ્ન) જોયા પછી પોતાના કેટલાક દોસ્તો સાથે યશરબ (મદીના)

પહોંચ્યા. ત્યાં અમરૂ ઈબ્ને ઝયદના ત્યાં ઊતર્યા તેણે આ પ્રતિસ્થિત મહેમાનોની ખૂબ જ આગતા સ્વાગતા કરી. સાથે તશરીફ લાવવાનું કારણ પૂછ્યું. જ્યારે હેતુથી વાકેફ કરવામાં આવ્યા, તો તેમણે કહ્યું "હું આ રીશ્તાથી ઘણો જ ખુશ થાઉં છું. મારી જાતને ધન્ય સમજું છું. પરંતુ મારી એક શરત છે, કે સલમાને બાળક જન્મ થાય ત્યારે તે યશરબમાં જ રહેશે." હાશિમે શરત મંજૂર રાખી, સામાન્ય સગાઈની રસ્મો અદા કર્યા પછી શાદી થઈ ગઈ. આ શાદી પછી થોડાક દિવસે વેપારના અનુસંધાનમાં હાશિમ મુલ્કે શામ ચાલ્યા ગયા. જ્યારે શામથી પરત આવ્યા તો સલમાને યશરબથી મક્કા લઈ આવ્યા. થોડાક દિવસ પછી સલમા ભારે પગે થયાં. તો હાશિમ વેપાર સાથે શામ જતાં સલમાને યશરબ છોડતા ગયા. પોતે શામ ચાલ્યા ગયા. હાશિમનો આ સફરે તિજારત સફરે અખિરત બની ગયો. તેઓ વતન પરત આવી શકયા નહિ. ત્યાં ટૂંકી બીમારી પછી અલ્લાહને પ્યારા બની ગયા. અસકલાનથી છ માઈલ દૂર ગઝહ નામના સ્થળે આપને દફનાવવામાં આવ્યા. જ્યારે હાશિમના સાથીદારો તેમની મૃત્યુની ખબર લઈને મક્કા પાછા ફર્યા તો મક્કામાં માતમ છવાઈ ગયો. દરેક વ્યક્તિ ગમગીન નજરે પડતો. દરેક જીભે તેમની તારીફ સાંભળવા મળતી. સ્ત્રીઓ,

યુવાનો અને બાળકો શુદ્ધાં પોતાના સરદારના વખાણ કરતાં રડતાં હતાં. આપની મેહમાનનવાઝી, ગરીબોની મદદ, વિધવાઓનો ખ્યાલ, યતીમ બાળકોની પરવરીશ, ઝઈફો સાથે હમદર્દી વગેરે વર્ણનો ઘેર ઘેર સંભળાતાં.

સલમા યશરબમાં હતાં, આ ગમનાક ખબર સાંભળી ઘણા જ રંજીદહ થયાં. પાનખર-અંધકાર છવાઈ ગયો. વસંત આવતાં પહેલાં જ પાનખર આવી ગઈ. પરંતુ અલ્લાહની મસલેહતને તેની કુદરતને કોણ સમજી શકે છે ? સબ્ર-તહમ્મુલથી કામ લીધું. ભલે સલમાના દીલમાં ગમ હતો, પરંતુ આ ગમગીન હૃદયમાં પણ પ્રકાશનું કિરણ દ્રષ્ટિગોચર થયું. તેમની ગોદમાં નૂરે નુબુવ્વત-નૂરે ઈમામતના કિરણો સમાયેલ હતાં. જે ગમને ભૂલવા માટે પૂરતાં હતાં.

જે ખુશનસીબ બુઝુર્ગવાર જન્મ પામ્યા તે જનાબે અબ્દુલમુત્તલીબના નામથી પ્રખ્યાત થયા. હાશિમી તાજનો વારસદાર અને તેમના જમાલ અને કમાલનો (સુંદરતા અને ગુણો, વિશેષતાઓ, ખુસુસીયતોનું પ્રતિબિંબ) આયનો સાબીત થયા.

હઝરત હાશિમના ઘણા પુત્રો હતા. પરંતુ તેમાંથી બે જ પુત્રોને ત્યાં અવલાદ થઈ. એક અસદ અને બીજા અબ્દુલમુત્તલીબ.

અસદને ત્યાં એક પુત્રનો જન્મ થયો. જેનું નામ હોનૈન હતું. પરંતુ તેનો વંશ આગળ ચાલ્યો નહિ. અને એક સાહબઝાદી પેદા થયાં. જેમનું નામ ફાતેમા હતું. આ સાહબઝાદી હઝરત અબુતાલીબના નીકાહમા આવ્યાં. તેમનાથી હઝરત અલી (અલ.) તથા તેમના બીજા ભાઈઓ પેદા થયા. અલબત્ત અબ્દુલમુત્તલીબનો વંશવેલો આગળ ચાલ્યો, તેમનાથી જ હાશિમી વંશાવલી દુનિયામાં સ્થાપિત થઈ. ઈબ્ને કતીબાએ લખ્યું છે:

"દુનિયામાં જેટલા પણ હાશિમી કહેવાય છે. તેઓ અબ્દુલ મુત્તલિબની અવલાદો છે."

# પ્રકરણ : ૨૦

# અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ

આપનું અસલ નામ આમીર અને વંશાવલી અબુલહારીસ હતી. જ્યારે પેદા થયા ત્યારે માથાની વચ્ચે કેટલાક સફેદ વાળ હતા. બાલોની સુફેદીને અરબીમાં શીબ (વૃદ્ધાવસ્થા) કહે છે. તેથી “શીબતુલ હમ્દ” (વખાણને - તારીફને લાયક વૃદ્ધ) કહેવાતા. આપના વાલીદ હઝરત હાશિમ સફરે તીજારત દરમ્યાન મુલ્કે શામમાં અલ્લાહને પ્યારા થઈ ગયા હતા. જેથી આપ બાપના પ્રેમ-મહબ્બતથી વંચિત થઈ ગયા હતા. પોતાના મોસાળ મદીનામાં (યશરબ) માની ગોદમાં મોટા થયા. ગરીબાઈમાં જ પાલન-પોષણ પામ્યા. સાત-આઠ વરસની ઉમર સુધી મદીનામાં જ રહ્યા.

અરબસ્તાનમાં ઘોડેસવારી, તલવારબાઝી અને તીરંદાઁ કેળવણીનો એક ભાગ હતો. બાળપણથી જ બાળકોમાં આ વાતોનો શોખ પેદા કરવામાં આવતો. શીબહ પણ બાળપણમાં તીરંદાંની પ્રેકટીશ કરતા હતા. એક વખત યશરબના ખુલ્લા મેદાનમાં બાળકો સાથે તીરંદાંની પ્રેકટીસ કરતા હતા. તેમની આદત હતી કે જ્યારે તીર ચોક્કસ નિશાન ઉપર લાગતું તો નિ:સંકોચ બોલી ઊઠતા “

અના ઈબ્ને સૈયેદુલ બતહા" "હું સરદારે મક્કાનો પુત્ર છું." બનુ હારિશનો એક વ્યક્તિ ત્યાંથી પસાર થયો. તેણે આ શબ્દો સાંભળ્યા તો પૂછ્યું "તમે કોણ છો ? અને કોના પુત્ર છો ? "કહ્યું " મારું નામ શીબતુલ હમ્દ છે. હું હાશિમ ઈબ્ને અબ્દે મનાફનો પુત્ર છું." તે વ્યક્તિ મક્કા આવ્યો અને આખી ઘટનાથી આપના કાકા મુત્તલીબને વાકેફ કર્યા મુતલિબે કહ્યું કે "મારાથી ઘણી જ મોટી ભૂલ થઈ ગઈ કે મેં મારા યતીમ ભત્રીજાની કોઈ ખેરખબર ન લીધી. હું આજે સીધો જ યશરાબ જઈ રહ્યો છું. તેને અહીં લેતો આવીશ. મુત્તલિબ તરત જ ઊભા થયા અને યશરબ પહોંચી બની નજ્જારના મહોલ્લામાં ગયા. ત્યાં કેટલાક બાળકોને રમતા જોયા. ત્યાં શીબાહ પણ હતા. આપે શીબાહને તરત જ ઓળખી લીધા. ત્યાં બેઠેલા બની નજ્જારના કેટલાક લોકોને પૂછ્યું કે "શું હાશિમનો પુત્ર આ જ કે ? લોકોએ કહ્યું "જી હા" એટલામાં તેઓએ પણ ઓળખી લીધા કે આ તો શીબાહના કાકા મુત્તલિબ છે. પછી તો મિટિંગ થઈ. મુત્તલિબે કહ્યું કે હું મારા ભત્રીજાને અહીંથી મક્કા લઈ જવા ઈચ્છું છું. માતૃપક્ષની જવાબદાર વ્યક્તિઓએ બખુશી રજા આપી. પરંતુ શરત રાખી કે જો શીબાહની માતોં આ વાતને પસંદ નહીં કરે તો પછી અમે મજબુર છીએ. આપ શીબાહને

અહીંથી લઈ જઈ શકશો નહિ. પરંતુ કોઈ અડચણ આવી નહિ. સલમાખાતુને પણ સસુરાલમાં દીકરાને મોકલવાનું પસંદ કર્યું. ખુદાની મરજી અને પુત્રની તાલીમો તરબીયત ઉપર પોતાનો પ્રેમ કુરબાન કરી દીધો.

આપે પોતાની ઊંટણી બેસાડી અને શીબાને કહ્યું કે તમે મારા ભત્રીજા છો. આવો ઊંટ ઉપર સવાર થઈ જાઓ. શીબાહ કોઈપણ જાતની દલીલ કે આનાકાની વગર ઊંટણી ઉપર સવાર થઈ ગયા. મુત્તલિબ તેમને મક્કા લઈ આવ્યા. જ્યારે શહેરમાં દાખલ થયા, તો કુરૈશે આપની સાથે એક બાળકને જોયો તો કહ્યું, "હાઝા અબ્દુલમુત્તલિબ" આ મુત્તલિબનો ગુલામ છે. મુત્તલિબે સાંભળ્યું તો કહ્યું કે "આ મારો ગુલામ નથી બલ્કે હાશિમનો પુત્ર અને મારો ભત્રીજો છે. પરંતુ લોકજીભે "અબ્દુલ મુત્તલિબ" નામ જ ચઢી ગયું. આપ શીબાહની જગ્યાએ અબ્દુલ મુત્તલિબના નામથી જ યાદ કરવામાં આવ્યા.

તે જમાનામાં લખવા-પઢવાનો રીવાજ ન હતો. શિક્ષણ માટે કોઈ શાખા-કોલેજો પણ નહતી. બે ચાર માણસો જ સમગ્ર મક્કામાં લેખન-વાચનથી વાકેફ હતા. છતાંય આવા જાણકાર અરબો સાથે મળીને અબ્દુલમુત્તલિબે લખતાં-વાંચતા શીખી

લીધું. બીજા હુન્નરો પણ શીખવાનું ચાલુ રાખ્યું. ઈતિહાસકારોની નોંધ આ બાબતની સાક્ષી આપે છે.

ઈબ્ને નદીમે લખ્યું છે કે :

મામૂનરસીદના ખજાનામાં એક ચામડાની ફાઈલમાં અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમના હાથ વડે લખેલો દસ્તાવેજ હતો. બીજા એક લાલ રંગના પાતળા ચામડા ઉપર આપના હાથે લખાયેલા કેટલાક માંગણા પત્રકો હતાં. જે ઘણા જ સુંદર અને સાફ રીતે લખાયેલા હતાં. (ફેહરીસ્ત ઈબ્ને નદીમ. પેજ નં. ૧૩)

ઈબ્ને નદીમ લખે છે કે અબ્દુલ મુત્તલિબ ઘણી જ ખુબીઓના માલીક હતા. યાદશક્તિ ખૂબજ તીવ્ર હતી. જે કંઈ પણ જોઈ લેતાસાંભળી લેતા, યાદ રહી જતું. ખૂબસુરત અને ખૂબ સીરત વ્યક્તિ હતા.

ઈબ્ને અબ્બાસ કહે છે કે :

“મેં મારા પિતોંને કહેતાં સાંભળ્યા કે અબ્દુલ મુત્તલિબ ખૂબ જ તંદુરસ્ત અને સારી ઊંચાઈ ધરાવનાર, હૃષ્ટપૃષ્ટ શરીરના માલિક હતા. ખૂબસૂરત ચેહરો ધરાવતા હતા. જે કોઈ આપને જોઈ લેતો, આપથી પ્રભાવિત થઈ જતો.” (તારીખે ઈસ્લામ, ઝહબી, પેજ નં. ૩૭)

હાશિમની વફાત પછી તેમની વસીયત પ્રમાણે મુત્તલિબ કુરૈશના સરદાર અને હરમના બધા જ હોદ્દાઓના માલિક બન્યા. મુત્તલિબ ઈચ્છતા હતા કે પોતાની હયાતીમાં જ આ હોદ્દાઓ અબ્દુલ મુત્તલિબને સોંપી દે. સ્વયં આ હોદ્દાઓથી નિવૃત્ત થઈ જાય. જેથી કરીને જ્યારે આપે યમન જવાનો ઈરાદો કર્યો ત્યારે અબ્દુલ મુત્તલિબને કહ્યું કે “તમે તમારા બાપના વારિશ અને ઉત્તરાધિકારી છો. આ હોદ્દાઓને સંભાળવા જેટલા તમે શક્તિમાન પણ છો. જેથી આ તમામ હોદ્દાઓ તમને સોપું છું. મુત્તલિબે કુરેશની સરદારી અને હરમની જવાબદારી અબ્દુલ મુત્તલિબને સોંપીને યમન ગયા. ત્યાં જ રૂમાન નામના સ્થળે વફાત પામ્યા.

અબ્દુલ મુત્તલિબમાં સરદારી, ઈમામત, વગેરેની વ્યવસ્થાના તમામ ગુણો મોજૂદ હતા. આપે હરમના વ્યવસ્થાતંત્રને વધુ સુંદર અને વ્યવસ્થિત કર્યું. હોંઓને ખાણા-પાણીની વ્યવસ્થામાં પણ વધુ ખર્ચની જોગવાઈ કરી. ઝમઝમનો કૂવો જે સદીઓથી જમીનની નીચે દૂબાઈ ગયો હતો, જેનું નામોનિશાન પણ જણાતું ન હતું. આપે તેની જગ્યા શોધી કઢાવી. તેને ખોદીને ચાલૂ કર્યો. લોકો તેનાથી ફાયદો ઉઠાવતા થયા. ઝમઝમ એવો ગાયબ થઈ ગયો હતો કે લોકજીભે તેનું નામ પણ

"તકતુમ" બદલાઈ ગયું હતું. જેનો અર્થ "છુપાઈ ગયેલો" એવો થાય છે.

અલ્લામા ઝમખશરીએ "તકતૂમ" થઈ જવાનું કારણ વર્ણન કરતાં લખ્યું છે કે

બની જરહમના વહીવટના સમયમાં "ઝમઝમ"નો કુવો ગૂમ થઈ ગયો હતો. અહીં સુધી કે જનાબે અબ્દુલ મુત્તલિબે તેને ફરીથી શોધીને સજીવન કર્યો. (ફાઈક ભાગ-૧ પેજ નં. ૧૪૬)

અલ્લામા ઝમખશરીના વર્ણનનો ટૂંકસાર અહીં અમો વાચકોની જાણકારી માટે લખીએ છીએ.

થોડાક સમય માટે મક્કાની સરદારી બની ઝરહમ કબીલા પાસે ચાલી ગઈ હતી. તેનું વર્ણન આવી ગયું છે. તેઓ બની ખઝાઆથી હારી જઈને મક્કા છોડવા માટે મજબૂર થયા તો તેના સરદાર અમરૂ ઈબ્ને હારિશ જરહમીએ મક્કા છોડતાં છોડતાં આ કૂવાને નાબૂદ કરવાની કોશીશ કરી. તેની નાપસંદ હરકતોના ફળસ્વરૂપ કૂવો જાણે હંમેશ માટે છુપાઈ ગયો.

ઈસ્ફન્દયાર ઈબ્ને ગસ્તાસબ નામના એક અરબ સરદારે બે સોનાના હિરણો ભેટસોગદ તરીકે અમરૂ ઈબ્ને હારિશને મોકલ્યા હતા, તે સોનાના હિરણો ઉપરાંત કાબા ઉપર ચઢાવેલી સાત તલવારો અને પાંચ બખ્તરો ઝમઝમના કૂવામાં નાખી દઈ તેને માટીથી બરાબર પૂરી દીધો હતો. અહીં સુધી કે

તેનું નામ નિશાન પણ બાકી રહ્યું ન હતું. આ સરદાર પણ કબીલા બની ઝરહમ સાથે યમન ચાલ્યો ગયો હતો. વરસો સુધી આ તરફ કોઈનું ધ્યાન ન ગયું. પાછળથી આવનારાઓને એ પણ યાદ ન રહ્યું કે "ઝમઝમ" નું ચોક્કસ સ્થળ ક્યાં છે?

હઝરત અબ્દુલ મુત્તલિબને સ્વપ્નમાં આ કૂવાના નિશાન બતાવવામાં આવ્યાં. આ અલ્લાહ તરફથી એક બશારત હતી. એક ઈલ્હામ હતું. આપે આ નિશાનીઓની જગ્યાએથી આબે ઝમઝમ શોધવાનું શરૂ કર્યું. પોતાના પુત્ર હારિશને પણ સાથે રાખ્યો. ત્રણ દિવસના સખત પરિશ્રમ પછી કૂવાના એંધાણ નજરે પડ્યાં. આપે આ નિશાન જોઈને "અલ્લાહો અકબર" નો નારો લગાવ્યો. પછી થોડાક જ ઊંડે જતાં પાણી મળી આવ્યું.. આ ખોદાઈ દરમ્યાન અમરૂ ઈબ્ને હારિશે નાખેલા સોનાના હિરણો, તલવારો અને બખ્તરો પણ નીકળ્યાં.

કુરૈશના કેટલાક અકરૂ લોકો આ કામમાં અબ્દુલ મુત્તલિબને જરાય મદદગાર થયા ન હતા, બલ્કે અલિપ્ત રહ્યા હતા. તેઓ પણ આ કરિશ્મો જોઈને અબ્દુલ મુત્તલિબની આસપાસ એકત્ર થઈ ગયા. સોનાના હિરણો, તલવાર અને બખ્તરો

જોઈને કહેવા લાગ્યા, આ વસ્તુઓ તો અમારા બાપ-દાદાની મીલકત હતી, જેથી અમને પણ એમા ભાગ મળવો જોઈએ. અડધી અડધી વહેંચી લઈએ.

હઝરત અબ્દુલ મુત્તલિબે કહ્યું કે “આ મારી મહેનતનું ફળ છે. જે કાર્ય હું દિવસો સુધી કરતો આવ્યો છું. મારા અથાગ પ્રયાસો અને પરિશ્રમ તમે જોઈ રહ્યા હતા. છતાં પણ તમે ઈચ્છો છો, તો ચિઠ્ઠીઓ નાખીને ફેંસલો કરી લઈએ. કુરૈશ ચિઠ્ઠીઓ નાખવા પર રાં થઈ ગયા. ચિઠ્ઠીઓ ખાનએ કાબા, કુરૈશ અને અબ્દુલ મુત્તલિબ ત્રણના નામ ઉપર નાખવામાં આવી.

અલ્લાહની મરજી ગાલિબ આવી. સોનાના હિરન ખાનએ કાબાના નામ ઉપર, તલવારો અને બખ્તરો અબ્દુલ મુત્તલિબના નામ ઉપર આવ્યાં. કુરૈશ નિરાશ થઈ ગયા. હઝરત અબ્દુલ મુત્લિબે તલવારો અને બખ્તરો વેચી દીધાં. તેમાંથી ખાનએકાબાનો દરવાજો બંધાવ્યો. સોનાના હિરણોને પતરાના રૂપમાં ઢાળીને ખાનએ કાબા ઉપર જડાવી દીધાં.

ઈબ્ને અશીરે લખ્યું છે કે :

આ ખાનએ કાબા ઉપર થયેલી પ્રથમ સોનાની કારીગરી હતી. તે હઝરત અબ્દુલ મુત્તલિબે કરાવી હતી. (તારીખે કામિલ, ભાગ-૨, પેજ નં. ૮)

કૂરૈશને જ્યારે ઉપરોક્ત વસ્તુઓ મેળવવામાં નિષ્ફળતા મળી તો તેમણે કૂવા ઉપર દાવો માંડ્યો કે અમને આ કૂવામાં માલીકી હૈસીયતથી સામેલ કરવામાં આવે. હઝરત અબ્દુલ મુત્તલિબે કહ્યું કે આ ફક્ત મારી મહેનતનું પરિણામ છે. અલ્લાહે મને અનેક દુઆઓ અને અથાગ પરિશ્રમ પછી તેની રહેમતથી આ કૂવો આપ્યો છે. તમે જ્યારે ઈચ્છો અને જેટલું ઈચ્છો તેટલું પાણી આ કૂવામાંથી લઈ શકો છો. પછી માલીકીપણાની શી જરૂરત છે. જે કંઈ છે તે તો પાણીનો ઉપયોગ છે. તેનાથી તો હું ખુદાની મખ્લુકને જરાય રોકતો નથી.”

પરંતુ કુરૈશ ન માન્યા. તેમાના અકરૂ અને જિદ્દી લોકો પાણીના ઉપયોગ કરતાં તેના માલિકીપણાને વધુ મહત્ત્વ આપતા હતા. આપણે આ બાબતની વધુ માહિતી પ્રકરણ ૨૧માં મેળવીશું.

# પ્રકરણ : ૨૧

# એક અજીબોગરીબ ઘટના

## નૂરે નુબુવ્વત અને નૂરે ઈમામતના મોઅ્જેઝા

કાબતુલ્લાહનું મુતવલ્લીપણું, હોંઓની સેવા જેવાં અતિ મહત્ત્વના કાર્યો હઝરત અબ્દુલ મુત્તલિબના હાથમાં હતાં. તેમાં વળી અલ્લાહ તરફથી સંકેત સાથે આપે સ્વપ્નમાં થયેલ બશારત અનુસાર ઝમઝમનો કૂવો શોધી કાઢ્યો. તેના પાણીને મખ્લુકે ખુદા માટે વકફ કર્યું. આ બધુંય જાણતા જોતા હોવા છતાં કુરૈશ હઝરત અબ્દુલ મુત્તલિબની પાસે ઝમઝમના કૂવાની માલીકી માગતા રહ્યા. કુરૈશ ખુદાઈ સંકેતને સમજી શકતા ન હતા. જીદ ઉપર આવી ગયા. છેવટે આ વાત નક્કી થઈ કે શામમાં બની સઅદની એક કાહીના ઓરત હતી. જે ભવિષ્ય ભાખતી હતી, સાથે સાથે આવા ફેંસલા પણ કરતી હતી. તેની પાસે આ ફેંસલો કરાવવામાં આવે.

હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાની નારાજગી સાથે તૈયાર થઈ ગયા. પોતાના થોડાક નેક સાથીઓ સાથે કુરૈશના કાફલામાં સામેલ થઈ શામ તરફ રવાના થઈ ગયા.

હજી તો રસ્તામાં જ હતા કે અબ્દુલ મુત્તલિબ અને તેમના સાથીઓની પાણીની મશકો ખાલી

થઈ ગઈ. કુદરત સંજોગે આ લોકો પાસેથી પાણી જ ખતમ થઈ ગયું. મસ્લેહતે ઈલાહીમાં માનનારા આ બહાદુર પુરુષ હઝરત અબ્દુલ મુત્તલિબ પરેશાન ન થયા. અલ્લાહની ગયબી મદદ જેની સાથે સામેલ હોય તેવો વ્યક્તિ કદી પરેશાન થતો નથી. અલ્લાહનો એક જાહેરી નિઝામ (વ્યવસ્થા) છે, એક બાતીની નિઝામ છે. જાહેરી નિઝામને તો દરેક જોઈ શકે છે. જાણી શકે છે. પરંતુ બાતીની નિઝામને તો અંતરચક્ષુ ધરાવનાર જ જોઈ શકે છે, જાણી શકે છે. જેના પક્ષે અલ્લાહનો બાતીની નિઝામ હોય, તેવો વ્યક્તિ કદી ડરતો નથી.

આપે કુરૈશ પાસે પાણી માગ્યું. કુરૈશે પાસે પાણી હતું છતાંય આપવાનો ઈન્કાર કર્યો. કહ્યું કે "અમારી પાસે પાણીનો જથ્થો થોડો છે. જો તે ખલાસ થઈ જાય તો અમને તકલીફ પડે. ભયંકર વગડો, રણપ્રદેશ, ક્યાંય પાણીનું નામોનિશાન ન મળે. આગ વરસાવતી સૂર્યની ગરમી, ચારેતરફ ધોમધખતી ગરમ રેતી, હઝરત અબ્દુલ મુત્તલિબ અને તેમના સાથીઓને પાણી વગર મૃત્યુ દેખાવા લાગ્યું. હઝરત અબ્દુલ મુત્તલિબે અલ્લાહથી પાણી માગ્યું. અલ્લાહ રબ્બુલ ઈજ્જત હંમેશા પોતાના નેક બંદાઓ નબીઓ, ઈમામો, અવશીયા તથા અવલીયાની કસોટી કરે છે.

હઝરત અબ્દુલ મુત્તલિબે સાથીઓને કહ્યું કે મોત નજીક લાગે છે. આપણામાંનો દરેક વ્યક્તિ પોતપોતાની કબર ખોદીને તૈયાર રહે, જેથી આપણામાંથી જે કોઈ મૃત્યુ પામે બીજાઓ તેને દફન કરી દે. છેવટે એક જ વ્યક્તિ કફનદફન વગરનો રહી જશે. એકનું કફન-દફન રહેવું બધાના કફનદફન વગર રહેવાં કરતાં બેહતર છે. હઝરત અબ્દુલ મુત્તલિબની બુદ્‌ધિ ઉપર સાથીઓ વારી ગયા. દરેકે પોતપોતાની કબર ખોદી નાખી. પછી મોતના ઈન્તેઝારમાં બેસી ગયા.

હઝરત અબ્દુલ મુતલિબે સાથીઓને કહ્યું કે આ રીતે બેસી રહેવું બુઝદીલી છે. હજી અલ્લાહે આપણા હાથપગ સલામત રાખ્યા છે. આપણે એકદમ કમજોર નથી થઈ ગયા. અલ્લાહની અપાર રહમતો ઉપર ભરોસો રાખીને ઊભા થઈ જાઓ. હિંમતથી કામ લો અને પાણીની તલાશ કરો. શાયદ કોઈ દિશામાં પાણી મળી આવે. આવો બાહોશ, બહાદુર અને ખુદા રસીદહ ઈન્સાન જે કોમનો આગેવાન હોય, તે કોમને ખુદા સાથ કેમ ન આપે ?

હઝરત અબ્દુલ મુત્તલિબે કહ્યું કે “સાથીઓ પાણી તલાશ કરો, આવી લાચારીની મોતથી આપણે બચી જઈએ. આમ કહીને આપ અલ્લાહના નામ સાથે ઊંટણી ઉપર સવાર થયા. હજી ઊંટણીએ

કદમ ઊઠાવ્યો હતો કે તેના કદમો નીચેથી સાફ ઠંડું અને મીઠા પાણીનું ઝરણું દેખાયું. પાણી ઉછળતું હતું. વહેતું થયું. સાથીઓ આ મોઅજેઝો જોઈને ખુશીથી ઉછળી પડ્યા. તેઓની આંખોમાં ખુશીના આસું આવ્યાં. ખુદાની સમક્ષ ઝૂકી પડ્યા. અલ્લાહનો શુક્ર અદા કર્યો. ખૂબ પાણી પીધું. પ્યાસ બુઝાઈ ગઈ. પોતાની બધી જ મશકો ભરી લીધી. સાથે સાથે કુરૈશને પણ પાછા બોલાવ્યા. કહ્યું કે તમારા જેટલા પણ પાણી ભરવાના સાધનો હોય, ભરી લો.

કુરૈશે જ્યારે આ ઉછળતું સીરીન મીઠું પાણી જોયું તો અબ્દુલ મુત્તલિબને કહ્યું કે "અલ્લાહતઆલાએ આપણો ઝઘડો સુલઝાવી દીધો છે. આ રેગીસ્તાન વગડામાં આપના માટે આ મીઠા પાણીનું ઝરણું વહાવ્યું. જ્યાં કદી કોઈએ પાણી જોયું જ નથી. તેણે જ આપને ઝમઝમનો કૂવો પણ આપ્યો છે. હવે અમો કાહીના પાસે જવા માગતા નથી. અમને માફ કરો અને મક્કા વાપસ ચાલો.

બંને પક્ષો ત્યાંથી જ મક્કા પરત આવ્યા. ઝઘડો પતી ગયો અને ઝમઝમ ઉપર હઝરત અબ્દુલ મુત્તલિબનો કબજો થઈ ગયો. આબે ઝમઝમની બુનિયાદ જો કે હઝરત ઈસ્માઈલ (અલ.) થી સ્થાપિત થઈ હતી, પરંતુ નવેસરથી ઝમઝમની કાયાપલટ હઝરત અબ્દુલ મુત્તલિબના મુબારક

હાથો વડે થઈ. સદીઓથી સુષુપ્ત અવસ્થામાં પડેલા ઝમઝમના કૂવાને અલ્લાહે હઝરત અબ્દુલ મુત્તલિબ દ્વારા ફરીથી સજીવન કર્યો. આપના સમયમાં મક્કામાં બીજા કૂવાઓ પણ ખોદાયા હતા. પરંતુ જે વાત ઝમઝમમાં હતી, તે કોઈપણ કૂવામાં ન હતી. મક્કાવાસીઓ તથા બહારથી આવનારા હોંઓ વધુ પડતો ઉપયોગ તો આ બરકતવંતા પાણીનો જ કરતા હતા. કારણ કે એને પીવાવાળો સંતૃપ્ત થઈ જતો હતો. આજે પણ લાખો હોંઓ એને પીએ તો◌ે છે જ, પરંતુ પોતાની સાથે લાખો ટન પાણી પોતપોતાની સાથે પણ લઈ જાય છે. આબે ઝમઝમ એક રીતે હઝરત ઈસ્માઈલ (અલ.)ની નિશાની છે. તો બીજી એક રીતે હઝરત અબ્દુલ મુત્તલિબની યાદગાર પણ છે.

ઈબ્ને વાઝેઅ અને બીજા કેટલાક ઈતિહાસકારોએ શહેર તાઈફના કૂવા વિશે પણ એક ઘટનાનું વર્ણન કર્યું છે. આ કૂવો “ઝૂલહરામ” કહેવાતો હતો. જેને હઝરત અબ્દુલ મુત્તલિબે ઘણો જ ખર્ચ કરીને ખોદાવ્યો હતો. આપ કદીક કદીક તાઈફ જતા અને ત્યાં થોડા દિવસ રોકાણ કરતા, રહેતા. એક વખત આપ તાઈફ શહેરના તે વિસ્તારમાં ગયા, જોયું તો બની કલાબ અને બની રબાબના કેટલાક લોકોએ ત્યાં પડાવ નાખ્યો હતો.

આપે પૂછ્યું "તમે કોણ લોકો છો ? અને શા માટે અહીં પડાવ નાખ્યો છે ?" તેઓએ કહ્યું કે "અમે બની કલાબ અને બની રબાબ કબીલાના લોકો છીએ. આ કૂવાના અમે માલીક છીએ.
આપે કહ્યું "આ જગ્યા અને આ કૂવો મારો છે. હું એનો માલીક છું. તમો ત્યાં મારી મંજૂરીથી પડાવ નાખી શકો છો; પાણીના ઉપયોગ માટે પણ હું કોઈને મના કરતો નથી. તમે આ શું બોલો છો, મારી જગ્યા અને મારા કૂવાને તમે ગળે પડો છો?"
પેલાઓએ બીજી વખત કૂવા ઉપર પોતાનો દાવો રજૂ કર્યો. વાત વધવા લાગી, હઝરત અબ્દુલ મુત્તલિબે ઝઘડો થતો રોકવા માટે કહ્યું કે તમો જેને ઈચ્છો તેને પંચ નિયુક્ત કરી શકો છો, તેનો ફેંસલો હું મંજૂર કરી લઈશ. પરંતુ તમારા આવા નાજાઈઝ કબજાને હું કદીપણ માન્ય રાખીશ નહિ." તમે ઈચ્છો તે વ્યક્તિને આપણા બંને વચ્ચે ન્યાય કરવા માટે નિયુક્ત કરી શકો છો. હું તેનો ફેંસલો માની લઈશ. પેલાઓએ સતીહ ગસાનીનું નામ બતાવ્યું જે અરબનો ઘણો મોટો નામી ભવિષ્ય જોનારો હતો. બંને વચ્ચે શરત થઈ કે સતીહ ગસાની જેના વિરૂદ્ધમાં ફેંસલો આપશે તે પક્ષ બીજાને ૧૦૦ ઊંટ અને સતીહને ૨૦ ઊંટ આપશે. આ વાતચીત પાકી થઈ ગયા પછી હઝરત અબ્દુલ મુત્તલિબ અને સામા પક્ષવાળા બંને સતીહ ગસાનીની પાસે

ચાલ્યા. હઝરત અબ્દુલ મુત્તલિબની સાથે આપના દસ સાથીઓ પણ હતા. આ સફરમાં પણ એક અજીબ મોઅજેઝો સર્જાયો. કુદરતી રીતે હઝરત અબ્દુલ મુત્તલિબ અને તેમના સાથીઓનું પાણી ખતમ થઈ ગયું. આપ ઘણા જ ગમગીન થયા અને આશ્ચર્ય પણ પામ્યા. કારણ કે આપે પાણી ખતમ ન થાય તે અંગેની પૂરી તૈયારી કરી હતી. છતાંય જ્યારે આ પરિસ્થિતિ સર્જાઈ તો આપે માની લીધું કે આ વાતમાં અલ્લાહની કોઈ મસલેહત છે.

આપે કબીલા બનુ કલાબ અને બનુ રબાબ પાસે પાણી માગ્યું. તેઓએ કહ્યું કે “આ પાણીનો તો ઝઘડો છે. અમે તમને કદી પણ પાણી આપીશું નહિ.” હઝરત અબ્દુલ મુત્તલિબે કહ્યું કે “આ વાત મારી સહનશક્તિની બહાર છે કે મારા કારણે મારા સાથીઓની જાનો જાય. હું આ વાત પસંદ નથી કરતો. જો તમો પાણી દેવાનો ઈન્કાર કરો છો તો હું પાણી તલાશ કરી રહ્યો છું. અલ્લાહ જરૂર મારી મદદ કરશે. આમ કહીને આપ ઊંટણી ઉપર બેઠા. એક દિશામાં ઊંટણી ચાલવા લાગી. થોડેક જ દૂર ગઈ હશે ને ઊંટણી એકદમ અટકી ગઈ. ઘુંટણ ટેકવીને બેસી ગઈ. ઊંટણીના આ રીતે બેસી જવાથી કેટલાક એમ સમજ્યા કે હઝરત અબ્દુલ મુત્તલિબ આ દુનિયાથી ચાલ્યા ગયા.

સાથીઓએ કહ્યું કે આમ થઈ શકતું નથી. આપની આ ભાગદોડ ઈન્સાનોનો જીવ બચાવવા માટે છે. હકપરસ્તીની બુનિયાદ ઉપર છે. આવી લાચારીની હાલતમાં હરગિઝ આપની મોત આવી શકતી નથી. આપના સાથીઓ અને સામા પક્ષવાળા બધા જ જ્યારે આપની નજીક પહોંચ્યા તો જોયું કે ઊંટણી ઠંડી રેતી ઉપર ડોક નાખીને બેઠી છે. અને હઝરત અબ્દુલ મુત્તલિબે પોતાના બંને હાથો આસમાન તરફ ઊઠાવેલા છે. ઊંટણીની પાસે જ પાણીનું એક ઝરણું વહી રહ્યું છે. આ દ્રશ્ય જોઈને સાથીઓ ખૂબ જ ખુશ થયા. તેઓના જીવમાં જીવ આવ્યો.

બનુ કલાબ અને બનુ રબાબે પણ પોતાના વાસી પાણીની મશકો ખાલી કરી નાખી, જેથી ઠંડું અને તાજું પાણી ભરી લે. હઝરતના સાથીઓએ તેઓને રોક્યા કે પાણી ભરશો નહિ. કારણ કે તમોએ તો અમને પાણી આપ્યું ન હતું. અમારી મોત ઈચ્છતા હતા અને હવે આ પાણી લેવા ઈચ્છો છો ! અમે તમને પાણી લેવા દઈશું નહિ.

હઝરત અબ્દુલ મુત્તલિબે કહ્યું કે “તેમને પાણી લેવા દો, પાણીથી કોઈને રોકવામાં ન આવે.” આ જ તો હુસૈનિયત હતી જે હઝરત હુસૈનના દાદા પરદાદા પૂર્વજો અને પુરખોમા ચાલી આવતી હતી.

હઝરતના ઉચ્ચ અખ્લાક અને રહમદીલી જોઈને બનુ કલાબ અને બનુ રબાબ ઘણા જ શરમીંદા થયા. ઘણા જ પ્રભાવિત પણ થયા. પરંતુ પોતાનો કૂવા ઉપરનો દાવો છોડવાને અને ઝઘડો ખતમ કરવાને તૈયાર ન થયા.

જ્યારે સતીહ ગસાની ભવિષ્ય જોનારની પાસે પહોંચ્યા ત્યારે બની કલાબ અને બની રબાબે જુદી જુદી રીતે તેને અજમાવ્યો. પછી પૂછ્યું કે "બતાવો અમારી વચ્ચે કઈ બાબતનો ઝઘડો છે અને તેનો ફેંંસલો પણ આપો."

કાહીને કહ્યું "તમે તાઈફના કૂવાના વિશે પૂછવા માગો છો. જે કૂવાને ઝૂલહરામ કહેવામાં આવે છે. ફેંસલો ઈચ્છો છો ? તે કૂવો અબ્દુલ મુત્તલિબનો છે. તમારો તેના ઉપર કોઈ હક નથી. જેથી કરીને સો ઊંટો અબ્દુલ મુત્તલિબને આપી દો, અને વીસ ઊંટ મને પણ આપો." તેઓએ બંનેને ઊંટો આપી દીધા, પછી કૂવા ઉપરનો કબજો છોડી વીલા મોંએ પરત થયા.

હઝરત અબ્દુલ મુત્તલિબ મક્કા પરત આવ્યા. તો જાણ્યું કે મક્કાના લોકોને પણ ઉપરોક્ત કૂવાના ઝઘડાની વાત ખબર પડતાં તેઓએ ઈરાદો કર્યો હતો કે જો ફેંસલો અબ્દુલ મુત્તલિબના વિરોધમાં જશે તો દંડરૂપે આપવાના ઊંટોમાં તેમની મદદ કરશે. કોઈએ બે ઊંટ કોઈએ ત્રણ ઊંટ, કોઈએ

પાંચ ઊંટ અબ્દુલ મુત્તલિબને મદદ કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ રહમતે ઈલાહી ફેંસલો હઝરત અબ્દુલ મુત્તલિબના ફેવરમાં આવતાં આપે મક્કામાં જાહેરાત કરાવી કે :

“જો ફેંસલો મારી વિરૂદ્ધ આપવામાં આવે અને મારે દંડરૂપે ઊંટો આપવાના થાય, તે સંજોગોમાં તમારામાંથી જેણે જેટલા ઊંટ મને મદદ રૂપે આપવાનો ઈરાદો કર્યો હતો, તે લોકો આવે અને જેણે જેટલા ઊંટો મને આપવાનો ઈરાદો કર્યો હતો તે તેટલા ઊંટ લઈ જાય.” જેથી કેટલાક લોકો આવ્યા અને કોઈ એક, કોઈ બે, કોઈ ત્રણ અને કોઈક પાંચ એ પ્રમાણે ઊંટો લઈ ગયા. છતાંય કેટલાક ઊંટો બાકી રહ્યા. આપે પોતાના ફરઝંદ આબુતાલિબને કહ્યું.

“બેટા, આ ઊંટો લઈ જાઓ. અને તેમને ઝબહ કરીને અબુકબીસ પહાડના શિખરો ઉપર મૂકી આવો, કારણ કે રેગીસ્તાની જાનવરો પણ પોતાનું પેટ ભરે. અબુતાલિબે પિતોંની આજ્ઞા મુજબ કર્યું અને તે સમયે એક શએર પડયા.

“અમે બીજાને ખવડાવીએ છીએ, અહીં સુધી કે પક્ષીઓ પણ અમારો બચેલો ખોરાક ખાય છે જ્યારે કે વાસણોને ભરવાવાળાઓના હાથો કાંપી ઊઠે છે.”

હઝરત અબ્દુલ મુત્તલિબની આદત હતી કે દસ્તરખાન પર બચેલું ખાવાનું ઘરમાં પાછું ન મોકલતા, પરંતુ પહાડોની ટોચ ઉપર નાખી આવવાનું કહેતા. જેથી રેગીસ્તાની પ્રાણીઓને પણ ખાવાનું મળે, આ જ કારણથી લોકો આપને "મતઅમુત્તીર" (પક્ષીઓને દાણા નાખનાર)ના લકબથી પણ યાદ કરતા.

આપ હંમેશા મુસીબતમાં ફસાએલા લોકોને મદદ કરવી પોતાની ફરજ સમજતા. તેથી જ્યારે કોઈ મુસીબતમાં ફસાએલ વ્યક્તિ આપની પાસે આવતો તો તેને તે મુશ્કેલીમાંથી છોડાવીને જ નિરાંત અનુભવતા, કોઈપણ ફરીયાદીની ફરીયાદ સાંભળતા.

એક વખત કબીલા હજઅમના કેટલાક લોકો મક્કામાં હજ અર્થે આવ્યા. જ્યારે હજથી પરવારી પાછા જઈ રહ્યા હતા તો તેમના એક માણસને કતલ કરી નાખવામાં આવ્યો. તેમણે પોતાના માણસના બદલામાં હુઝાફા ઈબ્ને ગાનમ અડવીને પકડી લીધો. તે વખતે હઝરત અબ્દુલ મુત્તલિબ તાઈફથી પાછા ફરી રહ્યા હતા. રસ્તામાં આ લોકો સાથે ભેટો થયો. હુઝાફાએ હઝરત અબ્દુલ મુત્તલિબને જોયા તો ખુશ થઈ ગયો અને ફરીયાદ કરી કે મને છોડાવો. હઝરત અબ્દુલ મુત્તલિબે પોતાની સવારી રોકી. પછી ઘટનાથી સંપૂર્ણ વાકેફ

થયા. મરનારના વારસોને મદદની જરૂર હતી તે જાણી લીધું. તે બાબત પકડનારાઓની સંમતિ પણ હતી. ઘટનાના બધા જ પાસાં ચકાસી લીધાં પછી ફરમાવ્યું. "તમે હુઝાફાને છોડી આપો, હું તેના બદલામાં છસો ગ્રામ સોનું, દસ ઊંટ, અને એક ઘોડો આપીશ. પરંતુ આ ચીજોને અદા કરૂં ત્યાં સુધી મારી આ ચાદર ગીરવી રાખી લો. તેઓએ ચાદર રાખી લીધી અને હુઝાફાને છોડી દીધો. આપ તેને પોતાના ઊંટ ઉપર બેસાડીને મક્કા લાવ્યા. પેલાઓ સાથે જે વાયદો કર્યો હતો તેને પૂરો કર્યો, ચાદર પરત મેળવી.

અહીં કેટલીક વાતો વિચાર માગી લે છે. એક મામૂલી ચાદરની ઝમાનતમાં હુઝાફાને છોડી દેવો હઝરત અબ્દુલ મુત્તલિબના વ્યકિતત્ત્વ અને માન-મોભાના કારણે હતું. આપની ઈજ્જત-આબરૂ અરબમાં એટલી મશ્હુર હતી કે આપના નામ માત્ર ઉપર લોકો સોદો કરી નાખતા હતા. અનેક ઘટનાઓ આ બાબત સાક્ષીરૂપ છે. બીજું આ પણ કે અરબમાં રીવાજ હતો, વ્યક્તિ જે વસ્તુની શક્તિ હોય, જે તે સમયમાં તે વસ્તુ ગીરવી - ઝમાનત આપી દેતો. પછી તેને છોડાવી અહદ પૂરો કરવો પોતાનું કર્તવ્ય સમજતો.

# પ્રકરણ : ૨૨

## હઝરત અબ્દુલ મુત્તલિબની ન્યાયપ્રિયતા અને ખુદાપરસ્તી

મક્કામાં અઝીના નામનો એક યહુદી હતો. તે વેપારનો માલ લઈને મક્કા શહેર અને તેની આસપાસના ઈલાકામાં ફેરી ફરતો હતો. અરબમાં દસ્તુર હતો કે કમજોર લોકો શકિતશાળીઓની તથા જોરજથ્થાવાળો કબીલો ધરાવનાર કોઈપણ વ્યકિતથી અમાન તલબ કરતા. જેથી કોઈ તેમને હેરાન-પરેશાન ન કરે. અને જો અમાનમાં રહ્યા પછી પણ કોઈ તેને નુકસાન પહોંચાડે તો અમાન આપનાર તરતજ તેની વહારે થાય, તેની મદદ કરે, તેને બદલો અપાવે. તે માટે પોતાની જાન પણ આપી દે.

આ યહુદી અઝીનાએ હઝરત અબ્દુલ મુત્તલિબની પનાહ માંગી. આપે તેને પનાહ આપી. સાથે તેના રક્ષણની જવાબદારી પણ લીધી. હરબ ઈબ્ને ઉમય્યા તેની દુશ્મની ઉપર ઊતરી આવ્યો અને કુરૈશના કેટલાક બેવકૂફ બદમાશોને ઉશ્કેરીને યહુદી અઝીનાને કતલ કરી નાખ્યો. ઉપરાંત તેનો બધો જ માલ રૂપિયા પૈસા બધું જ લૂંટી લીધું.

હઝરત અબ્દુલ મુત્તલિબને આ વાતની ખબર પડી. આપે કાતિલોની શોધ શરૂ કરી. છેવટે ઘણી

જ કોશીશ પછી ખૂનની કડી મળી. સાથે આ પણ સાબિત થઈ ગયું કે હરબ ઈબ્ને ઉમય્યાના ઈશારા ઉપર, તેના ભડકાવવાથી આ કતલ થઈ છે. કતલ કરનારી વ્યક્તિઓની ઓળખ પણ થઈ ગઈ. આમીર ઈબ્ને અબ્દે મનાફ ઈબ્ને અબ્દુદ્દાર અને ઝખર ઈબ્ને અમરૂએ યહુદી અઝીનાને મારી નાખ્યો છે. ઉપરાંત આ તલાશમાં આ વાતની પણ ખબર પડી કે આ કાતિલો હરબ ઈબ્ને ઉમય્યાના રહેઠાણમાં જ છુપાયેલા છે.

આપ બહાદુર પુરુષ હતા. આપે હરબને કહ્યું કે તે કાતિલોને પોતાના હવાલે કરી દે, તેણે આમ કરવાનો ઈન્કાર કર્યો. સાથે બીભત્સ શબ્દ પ્રયોગ ઉપર ઊતરી પડ્યો. હરબને કુરૈશ સાથે ખાનદાની દુશ્મની તો હતી જ. હવે ઝઘડો વધી ગયો. હરબને પોતાની શક્તિ અને માલદારી ઉપર ઘમંડ હતું. જ્યારે હઝરત અબ્દુલ મુત્તલિબ અતિ ઉદાર, પરદુ:ખભંજન, ખૂબ જ ખર્ચાળ હોઈ, મદીનાથી મક્કા આવ્યા હોઈ, આપની પાસે દવલત ન હતી. પ્રથમ તો હઝરત અબ્દુલ મુત્તલિબ એની ગુસ્તાખી ઉપર હયરાન થઈ ગયા. કારણ કે હરબ ઈબ્ને ઉમય્યાએ આપને સ્પષ્ટ ભાષામાં મુકાબલો કરવાનું આમંત્રણ આપ્યું.

છેવટે આમ નક્કી કરવામાં આવ્યું કે આ મામલામાં હબશાના બાદશાહની મધ્યસ્થી સ્વીકારી તેનાથી

ફેંસલો લેવામાં આવે. પરંતુ શાહે હબશાએ મધ્યસ્થી બનવાનો ઈન્કાર કર્યો. છેવટે નુફૈલ ઈબ્ને અબ્દુલ ઉઝઝાને પંચ તરીકે માનવામાં આવ્યો. તેણે હઝરત અબ્દુલ મુત્તલિબની શ્રેષ્ઠતા, પ્રમાણિકતા, વગેરે બાબતોના વખાણ કરી તેમના જ પ્રભૂત્ત્વને સ્વીકારવાનો ફેંસલો આપી દીધો. હરબ આ ફેંસલા ઉપર ઘણો જ ગુસ્સે થયો, અંદરને અંદર સળગી ગયો. તેણે નુફૈલને ગાળો ભાંડી, સાથે હઝરત અબ્દુલ મુત્તલિબના વિરૂદ્ધ પણ એલફેલ બોલ્યો. તદ્દન નીચી કક્ષાએ ઊતરી પડ્યો. મતલબ આ હતો કે આ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબને દ્બાવી દઈને કાતીલોની માંગણી પડતી મૂકવા ઉપર મજબૂર કરી દે.

પરંતુ હઝરત અબ્દુલ મુત્તલિબ આ રીતે દ્બાઈ જાય એવા ન હતા. તેઓ આ ઘટના પાછળ લાગેલા જ રહ્યા. અહીં સુધી કે આપે શરાફત પણ ન છોડી. કદી ગાલીગલોચ જેવા શબ્દપ્રયોગોનો ઉપયોગ પણ ન કર્યો. છેવટે હરબે સો ઊંટ કતલ થનારના વારીસોને આપ્યા, ઉપર તેના લૂંટી લીધેલા માલનો વધુ પડતો હિસ્સો પણ કઢાવ્યો. અને જે માલ ન મળી શકયો તે માલની કિંમત પોતાની પાસેથી અદા કરી. આ રીતે આપે ઈન્સાફ, ઝમાનત અને રક્ષણનો હક અદા કર્યો.

આપના જ સમયમાં નજજાશી હબશાના સેનાપતિ અને યમનના ગર્વનરે મક્કા ઉપર હુમલો કર્યો. આ ગર્વનરનું નામ અબ્રહા ઈબ્ને અશરમ હતું. હાથીઓ ઉપર સવાર લશ્કર સાથે તે મોટી ફોજ લઈ મક્કા ઉપર ચઢી આવ્યો. તેનો ઈરાદો ખાનએ કાબાને તોડી પાડી તેનું મહત્ત્વ ઘટાડવાનો અને હજરે અસવદને યમન લઈ જઈ ત્યાં સ્થાપિત કરવાનો હતો. જેથી યમનની અઝમત દુનિયામાં વધી જાય. લોકો યમનને કાબા-અલ્લાહનું ઘર બનાવે, સાથે પોતાને પણ ઈજ્જતવાળી વ્યક્તિ માનવામાં આવે. આવા બેવકૂફીભર્યા ખ્યાલ અબ્રહાના દિમાગમાં હતા. એના લશ્કરના જનરલોએ પણ આ બાબત એને પ્રોત્સાહિત કર્યો હતો.

મક્કાવાસીઓ માટે આ એક કપરો સમય હતો. એક તરફ હથિયારોથી સજ્જ ફોજ અને તેનો જાલીમ બાદશાહ અબ્રહા. બીજી તરફ અસ્તવ્યસ્ત મક્કાવાસીઓ જેમની પાસે ન સંગઠનબળ કે ન હથિયારોની શક્તિ. અબ્રહાની ફોજોએ મક્કાની બહાર પડાવ નાખ્યો. આ ફોજ જોઈને જેમાં મોટા મોટા હાથીઓ અને પાણીદાર ઘોડાઓ પણ હતા, ભલભલાના છક્કા છૂટી જાય. મક્કાવાસીઓ તો આ ફોજ જોઈને જ ઘરબાર છોડી બાળ બચ્ચાં સાથે પહાડોની ગૂફાઓમાં અને

રેગીસ્તાનોમાં છૂપાઈ ગયા. વેરવિખેર થઈ ગયા. તેઓને રોકવાની હઝરત અબ્દુલ મુત્તલિબે ઘણી કોશીશ કરી, ખૂબ જ સમજાવ્યા કે આ રીતે મક્કા છોડી ભાગી જવું બુઝદીલી છે. આપણાથી શક્ય એટલી કોશીશ કરીએ, અલ્લાહની મદદ આપણી સાથે છે. ન કે અબ્રહા સાથે. માટે તમો સંતાઈ ન જાઓ, આપણે સંગઠીત રહીને શક્ય હોય ત્યાં સુધી યુદ્ધ ન લડવું પડે તેવી કોશિશ કરીએ. અલ્લાહના ઘરનું રક્ષણ તો અલ્લાહ જરૂરથી કરશે જ. પરંતુ મક્કાવાસીઓ ન માન્યા. આપની સાથે આપના થોડાક નજીકના રીશ્તેદારો સિવાય કોઈ ન રહ્યું.

આ સમયે હઝરત અબ્દુલ મુત્તલિબે જે સાબિતકદમી અને બહાદુરીનો પરચો બતાવ્યો. જેનું ઉદાહરણ ઈતિહાસ શાયદ આપી શકે. ઈતિહાસમાં આવું ઉદાહરણ આ અગાઉ કદી જોવામાં નથી આવ્યું. આપ હુમલાખોરોને જોઈને જરાય ગભરાયા નહિ. ઘર છોડવાના વિચારને આપે બુઝદીલીમાં ખપાવ્યો. કેટલાકે આપને કહ્યું કે સૈયદ આપ પણ મક્કા છોડીને ક્યાંક છુપાઈ જાઓ, ક્યાંક ચાલ્યા જાઓ. તેમને પૂરી હિંમત અને વિશ્વાસથી આપે ઉત્તર આપ્યો :

"હું અલ્લાહતઆલાના હરમને કદીય છોડીશ નહિ. ન અલ્લાહ સિવાય કોઈની પાસે પનાહ માગીશ."

આ સમય દરમ્યાન અબ્રહાએ કેટલાક માણસોને આમતેમ મક્કાની આસપાસ શહેરી આબાદીની નજીક લૂંટફાટ માટે મોકલ્યા જેથી રહ્યાસહ્યા જો કોઈ હોય તો તેઓ પણ ડરના માર્યા મક્કા છોડીને ભાગી જાય. તે લૂંટફાટ કરવા આવેલી ટોળકીએ હઝરત અબ્દુલ મુત્તલિબના ૨૦૦ ઊંટો, જે મક્કાના ગોચરોમાં ચરતાં હતાં, પકડી લીધાં.

હઝરત અબ્દુલ મુત્તલિબ અલ્લાહના ઘરમાં અલ્લાહની ઈબાદતમાં હતા, તેમને આ વાતની ખબર પહોંચી, આપ અબ્રહાની સમક્ષ જવાનું કંઈક બહાનું પણ ઈચ્છતા હતા, કે તેને ડરાવે અને આવા ઈરાદાથી રોકે. આપ તરત જ અબ્રહાની પાસે પહોંચ્યા.

અબ્રહા આ વીરપુરુષને જોઈને થોડોક ગભરાયો. આપને માન આપ્યા વગર ન રહી શક્યો. તખ્તથી નીચે ઊતરી તેમને પોતાની પાસે બેસાડયા, અને પૂછ્યું :

બોલો અય સરદારે કુરૈશ ! કેમ આવ્યા છો ? ફરમાવ્યું "તમારી ફોજના કેટલાક માણસો મારા ઊંટો હંકારી લાવ્યા છે. તે ઊંટ મને પાછા મળવા જોઈએ."

અબ્રાહા આ સાંભળી નવાઈ પામ્યો. અને કહ્યું :

"હું તો એમ સમજતો હતો કે આપ ખાનએ કાબાના વિશે કંઈક કહેશો, જે કુરૈશની ઈજ્જત અને આબરૂનું કેન્દ્ર સ્થાન છે. જ્યારે આપે તો ખાનએ કાબાના રક્ષણની સિફારીશ કરવાની જગ્યાએ પોતાના થોડાક ઊંટોની માંગણી કરી."

નુરે નુબુવ્વત અને નૂરે ઈમામતના મુહાફિઝ હઝરત અબ્દુલ મુત્તલિબે ફરમાવ્યું :

"હું આ ઊંટોનો માલિક છું. એટલા માટે એની માંગણી કરૂં છું અને આ ઘરનો પણ એક માલીક છે તે સ્વયં આનું રક્ષણ કરશે."

અબ્રહા આ નિડર જવાબથી ઘણો જ પ્રભાવિત થયો ! હુકમ આપ્યો કે અબ્દુલ મુત્તલિબના ઊંટો તેમને પાછા આપવામાં આવે. અબ્દુલ મુત્તલિબ પોતાના ઊંટોને મક્કા લાવ્યા. તેના ઉપર બયતુલ્લાહ માટે વકફની નિશાની લગાવીને હરમમાં ખુલ્લાં છોડી આપ્યાં. આપે કહ્યું કે "જો કોઈ આ ઊંટોને ઈજા આપશે અથવા એ દુશ્મનોના હાથે ઝખ્મી થશે, તો હુમલો કરનારા અઝાબે ઈલાહીમાં ફસાઈ જશે, ઈલાહી કોપથી બચી શકશે નહિ."

હઝરત અબ્દુલ મુત્તલિબે તે સમયે જે કંઈ કર્યું તે અલ્લાહ ઉપર અતૂટ વિશ્વાસનો નમૂનો હતો. આપે ફક્ત પોતાના ઊંટોની માંગણી કરી તો

પોતાના માલની માંગણી કરવી, દરેક વ્યક્તિનો બુનિયાદી હક છે. તેનાથી શરાફતમાં કોઈ ખામી આવતી નથી. જ્યારે ખાનએ કાબાના વિષયમાં કંઈપણ કહેવા સાંભળવાનો મતલબ આ છે કે આપને કુદરતની શક્તિ ઉપર વિશ્વાસ નથી. કે આપ તેને (અલ્લાહને) છોડીને એક ઘમંડી, માથા ફરેલ, જાલીમ બાદશાહની સમક્ષ કાબાના રક્ષણની ભીખ માગે. તેના એહસાનમાં દૃબાય. આનાથી તો ન ફક્ત આપનો ખુદા ઉપરનો અતૂટ વિશ્વાસ ડગમગ થતો હતો, બલ્કે આપના સ્વમાન-ખુદ્દારીને પણ આંચ આવતી હતી.

હઝરત અબ્દુલ મુત્તલિબની આ નિડર વાતચીતથી અબ્રહા ઉપર એક ખોફ છવાઈ ગયો. ખાનએ કાબા ઉપર હુમલો કરવાથી તેના કદમ ડગમગવા લાગ્યા. પરંતુ તેના સેનાપતિઓએ તેને હિંમત આપી, છેવટે તે કાબતુલ્લાહ ઉપર હુમલો કરવા તૈયાર થયો.

હઝરત અબ્દુલ મુત્તલિબ પાસે બે જ વિકલ્પ હતા. એક તો મક્કાવાસીઓ સાથે મળીને શક્તિ પેદા કરીને અબ્રહા સામે યુદ્ધ કરે અને બીજો વિકલ્પ કે આપ અલ્લાહની સમક્ષ દુઆમાં લાગી જાય. પ્રથમ વિકલ્પ તો ક્યારનોય ખતમ થઈ ચૂક્યો હતો. અબ્રાહાના હુમલાની ખબર જાણીને જ મક્કાવાસીઓ વેરવેખેર થઈ ગયા હતા.

પહાડીઓમાં, રેગીસ્તાનોમાં પોતાના કુટુંબકબીલા સાથે ભાગી ગયા હતા. મક્કાવાસીઓનું આ કૃત્ય કોમે બની ઈસરાઈલ જેવું હતું કે તેઓએ હઝરત મુસા (અલ.) ને કહ્યું હતું કે "અય મુસા તમે અને તમારો ખુદા બંને ફિરઓન સાથે લડો, અમે તો અમારી જાનોને ખતરામાં નાખવા માંગતા નથી."

આ બહાદુર પુરુષ હઝરત અબ્દુલ મુત્તલિબ તો આ જાલીમ બાદશાહની સમક્ષ રૂબરૂ જઈ આવ્યા. પોતાના ઊંટો પાછા લઈ આવ્યા. પરંતુ તેની સમક્ષ કાબાના રક્ષણની ભીખ ન માગી. કોઈ કાલાવાલા ન કર્યા બલ્કે કહ્યું "એ અલ્લાહનું ઘર છે. એનો એક માલીક છે, તે જ તેનું રક્ષણ કરશે." આ રીતે પોતાની શક્તિ મુજબ આપથી જે બની શક્યું તે આપે કર્યું.

મક્કાની બહાર પડાવ નાખીને પડેલું અબ્રહાનું લશ્કર જ્યારે મક્કામાં દાખલ થવાની તૈયારી કરતું હતું, ત્યારે આપ કાબાના દરવાજા ઉપર ઊભા રહીને આંસુઓ સાથે, ધ્રુજતા હાથે, કાંપતા હૃદયે અલ્લાહની સમક્ષ ઈલ્તીજા કરતા હતા.

"અય પરવરદિગાર ! આ તારું ઘર છે. તું જ એનો રક્ષક અને મુહાફિઝ છે." આ તરફ અબ્રહાનું લશ્કર કાબા તોડી નાખવાનાં ઈરાદે આગળ વધ્યું કે પશ્ચિમ દિશામાંથી કાળા ઢીમ જેવા વાદળો દેખાયાં, લોકો સમજ્યા કે વરસાદ આવશે. જ્યારે

ધ્યાનથી જોવામાં આવ્યું તો ખબર પડી કે આ તો પક્ષીઓ છે. જે હજારો લાખોની સંખ્યામાં ઝૂંડના ઝૂંડ આવી રહ્યાં છે. જેમની ચાંચોમાં અને પંજાઓમાં કાંકરીઓ હતી. કુદરતની ફોજ અબ્રહાની ફોજના મુકાબલા માટે ઊતરી પડી. એવી રીતે તાકીને - નિશાન લઈને કાંકરીઓ મારવા લાગી કે કોઈ બેગૂનાહને કાંકરી ન વાગે અને કોઈ ગુનેગાર જીવ બચાવીને ભાગી શકે નહિ.

# પ્રકરણ : ૨૩

## સુરએ ફીલ (ફીલ એટલે હાથી)

સુરતુલ ફીલ કુર્આનેપાકની એક નાની સુરા છે. જે પેગંબરે ઈસ્લામ (સલ.) ઉપર મક્કામાં નાઝિલ થઈ હતી. તેમાં પાંચ આયતો છે. આ સુરતનો તરજુમો અને તફસીર આપણે સમજીએ.

*બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ.*

કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી.

(શરૂ કરું છું.)

*અલમતરઅ કયફ ફઅલઅ રબ્બોક બેઅશહાબીલ ફીલ - (૧)*

શું તમને ખબર નથી કે તમારો પરવરદીગાર હાથીઓના માલીક સાથે કેવી રીતે વર્ત્યો !

*અલમ યજઅલ કયદહુમ ફીતદલીલીવ. (૨)*

શું તેણે તેઓની કાવતરાબોંને બેકાર ન બનાવી દીધી ?

*વ અરસલ અલયહીમ તયરન અબાબીલ (૩)*

તેણે તેઓના ઉપર ઉડતાં ટોળાબંધ પક્ષીઓ મોકલ્યાં.

*તરમીહીમ બેહેજારતીમ મીન સીજજીલ (૪)*

કે જેઓ તેઓના ઉપર પાકેલી માટીની પથરીઓ ફેંકતા હતાં.

*ફજઅલહુમ કઅસફીમ માકૂલ (૫)*

પછી તેણે તેઓને (જાનવરે) ખાધેલા (ભૂકો થયેલા) ઘાસનાં પાંદડાં જેવા બનાવી દીધા.

હઝરત અબ્દુલમુત્તલિબની સીરત અને આ સૂરત દ્વારા ઈમાનવાળાઓને ત્રણ બહેતરીન સબક મળે છે.

(૧) કોઈપણ સુપરપાવરથી ડરવું જોઈએ નહિ. ગભરાઈ જવું જોઈએ નહિ, દૂબાઈ જવું જોઈએ નહિ.

(૨) અલ્લાહ અસત્યની દરેક ચાલબોંને નકામી બનાવી દેનાર છે.

(૩) અલ્લાહની મદદના રસ્તાઓ સિમિત નથી. તે અબાબીલ જેવી ચકલીઓને પણ લશ્કર બનાવીને મોકલી શકે છે. સાથે સાથે સૂરતમાં આ સ્પષ્ટતા પણ કરવામાં આવી કે ખુદાના મોકલેલા પક્ષીઓ પણ ભૂલ નથી કરતાં. કોઈ નિર્દોષ વ્યક્તિ ઉપર પથ્થર નથી ફેંકતા.

યમનનો બાદશાહ અબ્રહા બિન સબાહ કે જેનો લકબ અલઅશરમ હતો, તેણે સનઆમાં એક મોટું કલીસા (દેવળ) બંધાવ્યું. એવા ઈરાદાથી કે અરબ લોકો મક્કાની મસ્જિદ કાબતુલ્લાહની હજ કરવાની જગ્યાએ મારા આ કલીસાની પ્રદક્ષિણા માટે આવે. તેથી એક મોટી ફોજ લઈને તે મક્કા તરફ ઉપડયો. તેની ફોજમાં ઘણાબધા હાથી હતા.

હાથીઓની સંખ્યા વિશે ઈતિહાસકારોમાં જુદા જુદા મત છે.
આવા મોટા અને શકિતશાળી લશ્કરની સામે મક્કાના રહેવાસીઓ પોતાના શહેરનું અને મસ્જિદનું રક્ષણ કરવાને અસર્મથ હતા. હઝરત અબ્દુલ મુત્તલિબે મક્કાના લોકોને શહેર છોડી જવાની મના ફરમાવી. બલ્કે કાબતુલ્લાહમાં જ એકત્ર થઈને રહેવા જણાવ્યું. પરંતુ તેઓ એટલા બધા ખોફઝદહ થઈ ગયા હતા કે આપની વાત માની નહિ. અને રેગીસ્તાની પહાડીઓમાં છુપાઈ ગયા. હઝરત અબ્દુલ મુત્તલિબે અબ્રહાની પણ મુલાકાત કરી અને પછી કાબામાં જ દુઆ કરતા રહ્યા. જેનું વર્ણન આગળ થઈ ચુક્યું છે.
પરંતુ અલ્લાહે મક્કા શહેર અને ખાનએ કાબા બંનેનુ રક્ષણ કર્યું. જ્યારે અબ્રહા મક્કા પાસે આવ્યો અને શહેરમાં દાખલ થવાનો હતો, ત્યારે મહમૂદ નામનો મોટો હાથી કે જેના ઉપર પોતે સવાર હતો. તે મક્કાની જરાપણ નજદીક જવા શકિતમાન થયો નહિ. તેઓ તેને જ્યારે જ્યારે મક્કાના રસ્તે આગળ ચલાવવા પ્રયત્ન કરતા, ત્યારે ત્યારે તે ઉલટો નીચે વળી જઈ ઘુંટણભેર બેસી જતો. જો તેઓ તેને બીજી કોઈ બાજુએ ફેરવતા તો તે તરત જ ઊભો થઈ ખૂબ જ ઝડપભેર ચાલતો.

અબ્રહા, તેની સવારીનો હાથી અને લશ્કર આવી સ્થિતિમાં હતું. એટલામાં અબાબીલ નામના સંખ્યાબંધ પક્ષીઓનાં ટોળાં સમૃદ્ર કિનારા તરફથી ઉડતાં આવ્યાં. તે દરેક પક્ષીની પાસે દરેકના પગમાં એક એક અને ચાંચમાં એક એમ ત્રણ પથરા હતા. તે પથરા તેઓએ અબ્રહાના માણસોના માથા ઉપર ફેંકયા. જેના ઉપર તે પથરા પડ્યા તેઓ તરત જ મરી ગયા. પછી ખુદાએ પાણીની રેલ મોકલી અને તેઓના સઘળા મુડદાં તણાઈને સમુદ્રમાં ગયાં. લશ્કરના બાકી રહેલા માણસો યમન તરફ નાસી ગયા. પરંતુ આ ચકલાં તેઓની પાછળ પડયાં અને તે દરેકનો નાશ કર્યો. તેમાંથી અબ્રહા સિવાય બીજું કોઈ સનઆ પહોંચવા પામ્યું નહિ. તે પણ ત્યાં પહોંચતા તરત જ મરી ગયો. તેને એક એવી જાતની મરકી લાગુ પડી કે તેનું શરીર સડી જઈ બધા અવયવો કોરી જતાં છૂટેછુટા થઈ ગયા. ઈતિહાસમાં છે કે અબ્રહાની ફોજમાંથી એક માણસ ભાગીને રાતા સમુદ્રમાં થઈ હબશ પહોંચ્યો. ત્યાં તેણે ત્યાંના રાજા પાસે જઈને આ સઘળી હકીકત રજૂ કરી, જ્યારે તે રાજાએ તેને પૂછ્યું કે આવો નાશ કરનારાં પક્ષી કઈ જાતના હતાં ? ત્યારે તે માણસે તેમાંનું એક પક્ષી કે જે ત્યાં સુધી તેની પછવાડે જ આવ્યું હતું અને જે તે વખતે તેના માથા ઉપર તલપી રહ્યું હતું, તે

બાદશાહને બતાવ્યું. એટલામાં જ તે પક્ષીએ તે માણસના માથા ઉપર પથરો ફેંક્યો, તે ત્યાંજ મરી જઈ, રાજાના પગ આગળ જ પડ્યો. કેટલાક ઈતિહાસવિદોનું કહેવું છે કે તે માણસ અબ્રહા પોતે જ હતો. શક્ય છે કે મરકીની બીમારીમાં મરી જનાર અને હબશાના બાદશાહ સમક્ષ પક્ષીની કાંકરીથી મરી જનાર અબ્રહા અને તેનો પુત્ર - બાપબેટો હોય અથવા રાજા - વજીર પણ હોય.

આ જ વર્ષમાં આપણા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.) પેદા થયા. અને આ જ વર્ષને “આમુલ ફીલ” પણ કહેવામાં આવે છે.

અબાબીલની ચાંચ અને બંને પગમાં એક એક જે પથરા હતા તે આશરે મઠીયા કે અડદના કઠોળ જેટલા કદના હતા. તો પણ તે એટલા જોરથી પડયા કે માથામાં થઈને નીચેથી નીકળ્યા. ઈતિહાસ એમ પણ કહે છે કે જે પથરાથી માણસ મરી જતો તે પથરા ઉપર તે માણસનું નામ લખેલું હતું.

# પ્રકરણ : ૨૪

# હઝરત અબ્દુલ મુત્તલિબ – એક તવહીદપરસ્ત નેક મોમીન અને શ્રેષ્ઠ ઈન્સાન

આ તે સમય હતો કે જનસાધારણના દિમાગોમાં બૂતોની ઈજ્જત અને શક્તિ છવાયેલી હતી. દરેક મુસીબત કે આફત વખતે બૂતોને જ પોકારવામાં આવતા. બૂતોની સમક્ષ આજીજી કરવામાં આવતી. પરંતુ હઝરત અબ્દુલ મુત્તલિબની જીભ મુબારકથી, ન કદી લાત અને હુબલનું નામ સાંભળ્યું, ન કદી મનાત અને ઉજ્ઝાનું. લાત, મનાત, હુબલ અને ઉઝ્ઝા એ અરબના મોટા મોટા બૂતો હતા. આપ ઝિક્ર કરે છે તો ફક્ત અલ્લાહનો. ભરોસો કરે છે તો અલ્લાહ ઉપર, તથા તેની કુદરત ઉપર, તેની કાર્યશક્તિ ઉપર, અલ્લાહને જ ઉદ્દેશીને કહે છે કે "અય અલ્લાહ તું જ આ ઘરનો માલીક છે, રક્ષક અને નિરીક્ષક પણ."

આવા ખતરનાક સમયમાં કે જ્યારે દરેક વ્યક્તિને પોતાના બાલબચ્ચાં અને કુટુંબને બચાવવાની ચિંતા છે. જીવ જોખમમાં છે. જાલીમ બાદશાહ હુમલો કરવાની તૈયારીમાં છે. મક્કાની જનસાધારણ પહાડીઓમાં છુપાઈ જાય છે. મોટા

મોટા ખડકની આડમાં છુપાય જાય છે. ત્યારે આપ તથા આપનું કુટુંબ ન મક્કા છોડે છે, ન અલ્લાહનું ઘર અને ન અલ્લાહના ઘરનો દરવાજો છોડે છે. તેનાજ ઉપર ભરોસો કરીને હૃદયની શાંતિ સાથે એવા અડીખમ રહે છે જેવી સીસુ પીવડાવેલી દીવાલ. બલ્કે પોતાના ઊંટો છોડાવવા આવા જાલીમ બાદશાહની કે જે અલ્લાહના મુકાબલા માટે નીકળ્યો છે, તેની રૂબરૂ મુલાકાત પણ કરે છે આ અબ્દુલ મુત્તાલિબની - ઢતાનો જ પ્રભાવ હતો કે જંગે હોનૈનમાં જ્યારે મોટા દરજાના ગણાતા, માનવામાં આવતા સહાબા રસૂલે ખુદાને છોડીને પીઠ બતાવી ભાગી છૂટયા જ્યારે પ્યારા નબી (સલ.) અને હઝરત અલી (અલ.) સાથે માત્ર આંગળીના વેઢે ગણાય એટલા જ સહાબા રસૂલે ખુદાની સાથે અડગ રહ્યા ત્યારે પ્યારા રસૂલે હઝરત અબ્દુલ મુત્તલિબની તરફ પોતાના પુત્રપણાની સગાઈને જાહેર કરતાં ફરમાવ્યું.

*અના નબીય્યુન લા કઝબ અના ઈબ્ને અબ્દુલ મુત્તલિબ.*

હું નબી છું. તેમાં અસત્ય નથી. હું અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું.

મતલબ આ હતો કે જેવી રીતે મારા દાદા અબ્દુલ મુત્તલિબ અસહાબે ફીલના મુકાબલામાં અડગ રહ્યા હતા. તેઓના કદમ જરાય ડગમગ્યા નથી.

એવી જ રીતે મારા કદમ પણ ડગમગશે નહિ. કારણ કે હું તેમનો જ પુત્ર છું.

રસુલે ઈસ્લામનો ઉપરોક્ત ઈરશાદ લગભગ હદીસની બધી જ કીતાબોમાં છે. આ ઈરશાદે રસૂલ દ્વારા હઝરત અબ્દુલ મુત્તલિબના ન ફક્ત બહાદૂર અને શૂરવીર હોવાની સાબિતી મળે છે બલ્કે આપના તવહીદ પરસ્ત - ખુદાએ વાહિદના બંદા હોવાની સાબિતી પણ મળે છે. એટલા માટે કે જો તેઓ (અબ્દુલ મુત્તલિબ) કાફિર અને મુશ્રીક હોત તો પેગંબરે ઈસ્લામ (સલ.) કુફ્ફારે હોનૈનના મુકાબલા વખતે તેમનાથી વંશીય સગાઈ સંબંધ ઉપર ગર્વ ન કરત. ન કે કાફિરોના મુકાબલામાં એક કાફિરથી સં◌ંબંધ બતાવવો શોભાસ્પદ ગણાય.

ઈતિહાસ આ વાતનો સાક્ષી છે, કે આપે સમગ્ર જીવન દરમ્યાન ન કદી બૂતોની પૂજા કરી, ન કદી બૂતોના નામનો ઝબીહા ખાધો, ન કોઈ મુશ્રીકોના રીતરીવાજો અપનાવ્યા. આપ અલ્લાહની વહદાનિયતને માનનારા કયામત ઉપર વિશ્વાસ ધરાવનાર હતા. હલ્બીએ લખ્યું છે કે આપના સમયમાં શામમાં એક ઘણો જ જાલીમ વ્યક્તિ જે ખુંખાર પણ હતો, દુનિયામાં સજા ભોગવ્યા વગર જ મરી ગયો. લોકોએ અબ્દુલ મુત્તલિબને કહ્યું "આપ તો ફરમાવ્યા કરતા હતા કે જાલીમ ત્યાં

સુધી નથી મરતો, જ્યાં સુધી તેને જુલમની સજા નથી મળી જતી.

આપે ફરમાવ્યું. :

ખુદાની કસમ ! આ દુનિયાનું ઘર છે. ત્યારબાદ એક આખેતરનું ઘર પણ છે જ્યાં નેક વ્યકિતને નેકીનો બદલો અને બુરી વ્યકિતને બુરાઈની સજા મળશે. (સીરતે હલબીયા ભાગ-૧ પેજ નં. ૭)

મસઉદીએ લખ્યું છે કે :

અબ્દુલમુત્તલિબ પોતાની અવલાદને સગાંવહાલાઓ સાથે નેક સૂલૂક-સારા વ્યવહારની તાલીમ આપતા હતા. મેહમાનોને ખાવાનું ખવાડવવાની હિદાયત કરતા અને તે વ્યકિતની જેમ એ વસ્તુઓની તાકીદ કરતા જે આખેરત પર દ્રષ્ટિપાત કરતો હોય. કયામત, અને હિસાબ-કિતાબને માનતો હોય. (મુરવ્વજુઝ ઝહબ ભાગ-૧ પેજ નં. ૩૧૩)

આપ હિસાબ અને કયામતના અકીદા સાથે દીને ઈબ્રાહીમીના પાબંદ હતા. શરીઅતનો પૂરો અમલ કરતા. લાંબો સમય કાબતુલ્લાહના તવાફમાં ગાળતા. ખાતા-પીતા ઊઠતા-બેઠતા સુતા દરેક સમયમાં અલ્લાહને યાદ કરતા. કેટલીક વખત તો અલ્લાહની યાદમાં એવા ખોવાઈ જતા કે જાણે પોતાનું અસ્તિત્વ જ ભૂલી જતા. રમઝાનુલ મુબારકના મહિનામાં દુનિયાદારીના બધાં જ કામો

છોડી ગારે હીરામાં તશરીફ લઈ જતા. ત્યાં એકાંત ચિત્તે અલ્લાહ જલ્લે જલ્લાહુની કુદરત-કારીગરી ઉપર ચિંતન-મનન કરતા.

ઈબ્ને અશીરે લખ્યું છે કે :

"આપે જ સૌ પ્રથમ ગારે હીરામાં અલ્લાહની ઈબાદતમાં રાતો ગુજારી, જ્યારે માહે રમઝાન શરુ થતો તો આપ ગારે હીરા ઉપર ચાલ્યા જતા. અને આખો મહિનો ગરીબ મીસ્કીનોને ખાવાનું ખવડાવતા."

આપે ફક્ત પોતાના જીવનને જ સુખરૂપ અને હિદાયતરૂપ બનાવવાની કોશીશ નથી કરી, પરંતુ એક ઈન્કિલાબી યોદ્ધાની હેસીયતથી સમાજમાં પણ ધડમૂળથી ફેરફાર થાય એવી સતત કોશીશ કરી છે. લોકોના સામૂહિક જીવનમાં ખુદાપરસ્તીના બીજ રોપવામાં આપે પૂરી દ્રઢતાથી કોશિશ કરી છે. અખ્લાકની તાલીમ, ઈન્સાનની જિંદગીની કીંમત, વગેરે વિષયોમાં આપે જે હુકમો આપ્યા છે, સમાજને જે ઉદ્દબોધનો કર્યા છે. તે એવા કાયમી થઈ ગયા કે ઈસ્લામી જીવનવ્યવસ્થાનો એક ભાગ બની ગયા.

અલ્લામા મજલીસી (રહ.) લખે છે કે "આપથી ઘણી એવી સુધારણાઓ અમલમાં આવી છે. ઘણા બધા ફેરફારો જે આપે ગલત જિંદગીને સહી રસ્તા ઉપર લાવવા માટે સૂચવ્યા છે તે હુકુમતને પણ

ખૂબ જ ઉપયોગી બન્યા છે. લગભગ તે બધી જ સુધારણાઓ, બધા જ ફેરફારો કુર્આનમાં અલ્લાહે નાઝિલ કર્યા છે. જે સુન્નતે રસૂલ સાબિત થયા છે.”

અલ્લામા મજલીસી (રહ.) અને બીજા અનેક હદીસવેત્તાઓએ લખ્યું છે કે, પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ સલ્લે અલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું કે :

“અબ્દુલ મુત્તલિબે મારી નુબુવ્વતથી અગાઉ (બઅસતની પહેલાં) એવી પાંચ ચીજો સમાજમાં ચાલુ કરી જેને ઈસ્લામે જેવીને તેવી જ કબૂલ કરી લીધી.

(૧) બાપની પત્નીઓને અવલાદ ઉપર હરામ કરી, પરવરદિગારે આલમે આ વાતને માન્ય રાખતાં ફરમાવ્યું :

“વલા તન્કેહુ મા નકહ આબાઅકૂમ મીનન્નીસાએ. ઈલ્લા મા કદ સલફ ઈન્નહુ કાન ફાહેસતંવ વ મકતા, વસાઅ સબીલા. (સુરએ નિસાઅ આયત નં. ૨૨)

અર્થાત : અને જે સ્ત્રીઓને તમારા બાપ દાદાઓ પરણ્યા હોય તેમને પરણો નહીં. પણ જે આગળ થયું હોય તે માફ. ખરેખર તે એક દુષ્ટ અને ધિક્કારભર્યું કૃત્ય અને ખરાબ રસ્તો છે.”

(૨) આપને એક ગુપ્ત ખજાનો મળ્યો. તો તેનો પાંચમો ભાગ ફકીરો-મીસ્કીનો ઉપર ખર્ચ કર્યો. (વહેંચી દીધો) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું. :
“વઅલ્મુ અન્નમા ગનીમ્તુમ્ મીન શયઈન ફઅન્ન લિલ્લાહે ખુમુસહુ વલીર્રસુલે વ લેઝીલ કુરબા વલ યતામા વલ મસાકીને વબ્નીસ સબીલે.” (સુરએ અન્ફાલ આયત નં. ૪૧)
અર્થાત : અને જાણી લો કે તમે જે કઈ ગનીમત મેળવો તેનો ખરેખર પાંચમો ભાગ ખુદા અને પેગંબર તથા પેગંબરના સગાવહાલાં અને મા-બાપ વગરના છોકરાઓ અને ફકીરો અને મુસાફરોના માટે છે.”
(૩) આપે ઝમઝમનો કૂવો નવેસરથી ખોદાવ્યો. તેનું પાણી મક્કાવાસીઓ અને હોંઓ માટે વકફ કર્યું. અલ્લાહતઆલાએ આ બાબત ઈરશાદ ફરમાવ્યો :
“અજઅલતુમ સીકાયતલ હજજે સુરએ તોબા આયત નં. ૧૯ અર્થાત “હોં લોકોને પાણી પાનાર અને મસ્જિદુલ હરામ બંધાવનાર.
(૪) આપે નાહક કતલની દીયત (બદલો) ૧૦૦ ઊંટ નક્કી કર્યો. અલ્લાહે પણ એ જ સંખ્યાને કુર્આનમાં માન્ય રાખી છે.
(૫) કુરૈશમાં તવાફના ચક્કરની સંખ્યા નક્કી ન હતી. આપે સાત ચક્કરને માન્યતા આપી.

ઈસ્લામે પણ આ જ સંખ્યાને માન્ય રાખીને તવાફના સાત ચક્કર નક્કી કર્યા
અલ્લાહના રસૂલનો ઈરશાદ અહીં પૂર્ણ થાય છે.
પ્યારા નબી (સલ.)ના દાદા અબ્દુલ મુત્તલિબે પોતાની હયાતીના જમાનામાં નક્કી ઠરાવેલ પાંચ બાબતોને અલ્લાહે તે જ રીતે મંજૂર રાખી પવિત્ર કુર્આનમાં પણ તેનો ઉલ્લેખ કર્યો.
અલ્લામા મજલીસી (રહ.) એ ઉપરોક્ત ઈરશાદે રસૂલનું વર્ણન કરીને તેની નીચે લખ્યું છે કે "હઝરત અબ્દુલ મુત્તલિબે ઉપરોક્ત પાંચ બાબતોને ઈલ્હામે ખુદાથી મેળવીને ચાલુ કરી, મતલબ આપને અલ્લાહે ગયબી આવાજ - ગયબી સંદેશ દ્વારા આ વાતોનો હુકમ આપ્યો. અથવા તો આમ પણ હોઈ શકે કે આ ચીજો હઝરત ઈબ્રાહીમ (અલ.)ની શરીયતમાં હતી પરંતુ કુરૈશે તેને મુદ્દતોથી છોડી દીધી હતી. આપે તેને નવેસરથી ચાલુ કરી."
આ સિવાય પણ હઝરત અબ્દુલ મુત્તલિબે અખ્લાકી અને વ્યવહાર કે લેવડ દેવડની સુધારણા માટે કાયદાકાનૂન બનાવ્યા. જેની તે સમયમાં ખૂબ જ જરૂરત હતી.
યાઅકુબીએ લખ્યું છે કે :
હઝરત અબ્દુલ મુત્તલિબે મન્નતની અદાયગી માટે, કતલની દીયત માટે, ચિઠ્ઠિઓ નાખી ફેંસલો

કરવા માટે તથા મુબાહેલાના (મુબાહેલા એટલે એક બીજા ઉપર ધિક્કાર, લઅનત કરવી - એકબીજા માટે બદદુઆ કરવી) બદલા રૂપે સો ઊંટોની દીયત (દંડ) નક્કી કરી. બલ્કે તે સમાજમાં નીચેની બાબતો ચાલુ કરી. મેહમાન નવાઝી, હુન્નર ઉદ્યોગો તથા મોહતરમ મહિનાઓની ઈજ્જત કરવી, પુત્રીઓને કતલ કરવા ઉપર પ્રતિબંધ, મહરમા ઓરતો સાથે નિકાહ કરવા ઉપર પ્રતિબંધ, બેશરમી અને ખરાબીઓની રોકથામ કરવી, શરાબ અને ઝીના ઉપર સજા નક્કી કરવી. હોંઓની મદદ તથા તેઓને ભલાઈનો હુકમ કરવો કે પાક પાકીઝા માલથી જ હજ અદા કરે. વગેરે બાબતોના કાયદાનૂન દાખલ કર્યા તે સમયમાં કપડાં કાઢીને તવાફ કરવાનો રીવાજ હતો. અહીં સુધી કે વ્યક્તિ તવાફ કરતી વખતે પોતાના કપડાં ઊતારી દેતો. બાજુ ઉપર એક જગ્યાએ રાખી દેતો. અને નગ્નાવસ્થામાં તવાફ કરતો. જો કુરૈશ કોઈને શરીર ઢાંકવા માટે કપડાં આપે તો તે લઈ પહેરી લેતો, નહીં તો વગર કપડે જ તવાફ કરતા. હઝરત અબ્દુલ મુત્તલિબે આ જહાલત ભર્યા રીવાજને ખતમ કર્યો. બલ્કે સ્પષ્ટ હુકમ કર્યો કે કપડાં પહેરીને જ તવાફ કરવામાં આવે. અને ઈસ્લામે પણ આ જ હુકમ કર્યો. ઈરશાદે ઈલાહી છે :

ખોઝૂવા ઝીનતકુમ ઈન્દ કુલ્લે મસ્જેદીંવ (સુરએ આઅરાફ આયત નં. ૩૧)
અર્થાત : દરેક મસ્જિદમાં જતાં પહેલા તમારો શ્રૃંગાર લ્યો. (શોભિતાં વસ્ત્રો પહેરો)
આવી જ રીતે અરબના જહાલત ભર્યા રીવાજ અનુસાર અરબો હજથી પરવાર્યા પછી ઘરો તરફ પરત થતા તો ઘરના પછવાડેના દરવાજેથી દાખલ થતા. આપે તે અરબોને હિદાયત કરી કે તેઓ પાછળના દરવાજાની જગ્યાએ આગળથી જ ઘરોમાં દાખલ થાય. ઈસ્લામે પણ આજ તાલીમ આપી.
વઆતુલ બોયુત મીન અબ્વાબેહા (સુરએ બકરહ આયત નં. ૧૮૯)
ઘરોમાં આવો તો (સીધા આગળના) દરવાજેથી આવો.
સંપૂર્ણ આયત આ પ્રમાણે છે.
વલયસલ બિર્રો બે અન તાઅતુલ બોયુત મીન ઝોહુરેહા વલા કીન્નલ બિર્રે મનીત્તકા, વાઅતુલ બોયુત મીન અબ્વાબેહા વતકુલ્લાહ લઅલ્લકુમ તુફલેહુન.
અર્થાત: અને તમે તમારા મકાનોમાં તેની પાછળથી દાખલ થાઓ એ સદગુણ નથી પણ સદગુણ તો એ છે કે ગુનાહોથી બચીને ચાલો, અને મકાનોમાં તેમના દરવાજાઓમાંથી દાખલ થાઓ

અને અલ્લાહથી ડરતા રહો, જેથી તમો સફળતા પામો.
આ હિદાયતો એવી વ્યક્તિ જ આપી શકે છે જે પાછલા નબીઓની તાલીમાતથી વાકેફ હોય. બલ્કે પાછલા નબીની તાલીમાતને ઈન્સાનો સુધી પહોંચાડવાની જવાબદારી એને ખુદા તરફથી સોંપવામાં આવી હોય. આવું ઉચ્ચ પ્રકારનું શિક્ષણ જે નબી અથવા વશીનું કાર્ય છે. જે નબીઓના અહકામાતથી વાકેફ હોય. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરને સમજી શકતો હોય. જો કે આપ નબી ન હતા. પરંતુ આપ ઉચ્ચોચ્ચ દરજ્જાના માલીક હતા. પેંગબરો જેવી સલાહીયતો ધરાવતા હોવાથી તેમને ઘણી જ ઈજ્જતની દ્રષ્ટિએ જોવામાં આવતા, અને ઈબ્રાહીમુશ્શાની (બીજા ઈબ્રાહીમ (અલ.)ના નામથી યાદ કરવામાં આવતા.
આપ અનેક રીતે પોતાના પૂર્વજ હઝરત ઈબ્રાહીમ (અલ.)ની સાથે સરખાપણું ધરાવતા હતા. સમય, સંજોગો, સંતાનો વગેરે અનેક બાબતોમાં તેઓ હઝરત ઈબ્રાહીમ (અલ.)થી લગભગ સરખાપણું રાખતા હતા. હઝરત ઈબ્રાહીમ (અલ.)ને તેર ફરઝંદો હતાં. હઝરત અબ્દુલ મુત્તલિબને દસ પુત્રો અને છ પુત્રીઓ હતી. આદતો અખ્લાકમાં પણ મળતાપણું ધરાવતા હતા. ગરીબોને મદદ કરવી,

ભૂખ્યાઓને ખાવાનું ખવડાવવું, મેહમાનોની ખૂબ જ આગતાસ્વાગતા કરવી વગેરે.

હઝરત ઈબ્રાહીમ (અલ.) અબુ ઝીયાફ (અબુ = બાપ - ઝીયાફત = ખાવાનું ખવડાવવું) અને હઝરત અબ્દુલ મુત્તલિબ ફય્યાઝ (સખી - દરીયાદીલ) કહેવાતા. હઝરત અબ્દુલ મુત્તલિબને મુતઅમુત્તીર (ખવડાવનારાઓમાં ઉચ્ચ) કહેવામાં આવતા. જેવી રીતે હઝરત ઈબ્રાહીમ (અલ.) એ મિસર અને શામના રાષ્ટ્રીય માર્ગો ઉપર કૂવા ખોદાવ્યા હતા. તેવી જ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબે પણ મક્કાની આસપાસના મુખ્ય માર્ગો ઉપર કૂવા ખોદાવ્યા હતા. સાથે વટેમાર્ગુઓના આરામ અને ખાવાપીવાના સામાનની વ્યવસ્થા પણ કરી હતી. હઝરત ઈબ્રાહીમ (અલ.) એ સૌ પ્રથમ અને વહેલા પોતાના બાલોની સફેદી જોઈ. તેમ હઝરત અબ્દુલ મુત્તલિબના જન્મ પામતા જ કેટલાક વાળ સફેદ હોવાથી શીબાના નામથી યાદ કરવામાં આવ્યા. હઝરત ઈબ્રાહીમ (અલ.) આલમગીર હોવાની હૈસીયતથી પૂરી એક ઉમ્મત ગણાતા. જેવી રીતે અલ્લાહતઆલાનો ઈરશાદ છે:

“ઈન્ન ઈબ્રાહીમ કાન ઉમ્મતન કાનેતલ લિલ્લાહે હનીફા” (સુરએ નહલ આયત નં. ૧૨૦)

અર્થાત : બેશક ઈબ્રાહીમ પોતે એક ઉમ્મત (પ્રજા) હતા.

ઉમ્મત એટલે પ્રજા - મતલબ એક પ્રજાની અંદર જોવામાં આવતા સઘળા ગુણોના હઝરત ઈબ્રાહીમ (અલ.) માલીક હતા. ગુણના ભંડાર હતા. એવી જ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાના અગણિત ગુણો, અનોખા વ્યક્તિત્વના કારણે ઉમ્મત કહેવામાં આવ્યા - તેથી જ ઈરશાદે પેગંબરે ઈસ્લામ છે :

"ખુદાવંદે આલમ મારા દાદા અબ્દુલમુત્તલિબને નબીઓ જેવા રૂઆબ-દ્બદ્બા અને બાદશાહો જેવી વેશભૂષા સાથે એવી રીતે ઊઠાવશે કે તેઓ પોતાના વ્યક્તિત્ત્વના કારણે એક પૂરી ઉમ્મત ગણાશે." (તારીખે યાઅકુબી ભાગ-૨ પેજ નં. ૧૪)

હઝરત ઈબ્રાહીમ (અલ.) અને હઝરત અબ્દુલ મુત્તલિબ બંને બુઝૂર્ગો મુસ્તુજાબુદ્અવાત (જેમની દરેક દુઆ કબૂલ થાય - રદ કરવામાં ન આવે) ધૈર્યવાન, શૂરવીર, રહમદીલ, અતિ ઉદાર, વગેરે ગુણોમાં શ્રેષ્ઠ હતા. જેવા મજબૂત ઈરાદા સાથે હઝરત ઈબ્રાહીમ (અલ.) પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલ (અલ.)ની કુરબાની કરવા તૈયાર થયા, તેવા જ મજબૂત ઈરાદા સાથે હઝરત અબ્દુલ મુત્તલિબ પણ પોતાના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ,

પ્યારા નબી (સલ.)ના વાલીદ મોહતરમની કુરબાની કરવા તૈયાર થયા.

ઈમામ રઝા (અલ.) ફરમાવે છે કે જેવા મજબૂત ઈરાદા સાથે હઝરત ઈબ્રાહીમ (અલ.) પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલની કુરબાની કરવા તૈયાર થયા. તેવા જ મજબૂત ઈરાદા સાથે હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ - પ્યારા નબી હઝરત મોહમંદ (સલ.)ના વાલીદ મોહતરમની કુરબાની કરવા તૈયાર થયા. (બહારૂલ અનવાર, ભાગ-૬, પેજ નં. ૩૯)

આ કુરબાનીની ટૂંકમાં દાસ્તાન આ પ્રમાણે છે.

આબે ઝમઝમના ખોદકામ વખતે હઝરત અબ્દુલ મુત્તલિબને એકજ પુત્ર હતો. જે આ કામમાં તેમનો મદદગાર પણ હતો. બીજું કોઈ મદદગાર ન હતું. આપે આ સમયે મન્નત માની કે અગર ખુદા મને દસ પુત્રો આપશે તો તેમાંથી એક ખુદાની રાહમાં કુરબાન કરીશ.

કુદરતે આપની આ દુઆ કબૂલ કરી અને દસ પુત્રો અલ્લાહે આપ્યા. તેમના નામો નીચે પ્રમાણે છે. (૧) અબ્દુલ્લાહ (૨) ઝુબૈર (૩) અબુતાલિબ (૪) અબ્બાસ (૫) ઝરાર (૬) હમઝહ (૭) મકુમ (૮) અબુલહબ (૯) હારીષ અને (૧૦) ગયદાક આપે ઈચ્છયું કે પોતાની મન્નત પૂરી કરે. પરંતુ

કુરબાનીના અર્થઘટનમાં મુશ્કેલી ઊભી થઈ. આપ જો આ દસમાંથી કોઈ એક બેટાની કુરબાની હઝરત ઈસ્માઈલ (અલ.) નબીઅલ્લાહને અપાયેલ કુરબાનીની જેમ આપે છે, તો તે એક રસમ બની જવા સંભવ છે. જો આપ પુત્રના બદલામાં માલની કુરબાની આપે છે, તો જાણે મન્નતની અદાયગીમાં શક પેદા થાય છે. અગર કુરબાની ખુદાની ઈબાદત અને દીને ઈસ્લામના અસ્તિત્વના માટે છે. તો આપ કહેતા કે મેં તો મારા બધા જ પુત્રોને ઈસ્લામના માટે કુરબાન કર્યા છે. ઈચ્છું છું કે અલ્લાહ મારા બધા જ પુત્રોને નેક બનાવી તેમનાથી ઈસ્લામની સરબુલન્દીને અંજામ આપે. કુરબાની આપવાના મામલામાં આપ ઘણા જ વિમાસણમાં પડી ગયા. વિચારતા રહ્યા કે અલ્લાહ કોઈ હલ સમજાવી દે. તેમ છતાં પોતાના પુત્રોમાં ખુદાની મહબ્બતનો જઝબો જાણવા આપે બધા પુત્રોને બોલાવ્યા.

જ્યારે એક ઓરડામા બધા પુત્રો ભેગા થયા, તો આપે ખુદાની હમ્દો સના પછી ફરમાવ્યું. :

“બેટાઓ, આબે ઝમઝમના ખોદકામ વખતે હું અને તમારા મોટા ભાઈ બંને એકલા જ હતા. ત્યારે મેં મન્નત માની હતી કે અલ્લાહ જો મને દસ પુત્રો આપશે તો તેમાંથી એકને હું અલ્લાહના રસ્તામાં કુરબાન કરીશ. ખુદાએ મારી દુઆ

સાંભળી લીધી. મારી સમક્ષ તમે દસ બેટાઓ ઊભા છો. હવે મારે મારો વાયદો પૂર્ણ કરવો છે. જેથી અલ્લાહની સમક્ષ મોં બતાવી શકું. જેથી તમારામાંથી કોણ છે જે બખુશી પોતાની કુરબાની આપવા માટે તૈયાર હોય." બધાએ એક જ અવાજે કહ્યું કે, "અબ્બાજાન અમે બધા જ તૈયાર છીએ આપ અમારામાથી જેને ઈચ્છો કુરબાની માટે પસંદ કરી લ્યો." જ્યારે આપે પોતાના દસે પુત્રોને કુરબાની માટે તૈયાર જોયા તો ખાનએ કાબા પાસે આવી અલ્લાહનો શુક્ર અદા કર્યો અને દસ પુત્રોના નામથી ચિઠ્ઠીઓ નાખી. ચિઠ્ઠી સૌથી નાના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહના નામની નીકળી. હઝરત અબ્દુલ્લાહ આપના સમગ્ર ખાનદાનમાં સૌને ખૂબજ વહાલો અને ખૂબજ ખુબસુરત, નમ્ર અને પ્રતિભાશાળી હતો. કુટુંબીજનોએ કહ્યું કે એક વખત ફરીથી ચિઠ્ઠી નાખી જુઓ. શાયદ કોઈ બીજા પુત્રનું નામ આવે. ફરીથી ચિઠ્ઠીઓ નાખી તો ફરીથી પણ હઝરત અબ્દુલ્લાહનું જ નામ આવ્યું.

જ્યારે આપને જ્ઞાત થયું કે અલ્લાહ મારા પુત્ર અબ્દુલ્લાહની જ કુરબાની ઈચ્છે છે. આપે દુઆ માગી કે આ કુરબાનીની અદાયગી પોતે કઈ રીતે કરે. આપે પોતાના નેક કુટુંબીજનો અને અમૂક સાથીઓ સાથે મશ્વેરો કર્યો. આ મશ્વેરામાં

અકરમા બિન આમીર નામી આપના એક બુઝર્ગ દોસ્ત પણ હતા. આ વ્યક્તિ પાછલી કીતાબોનું થોડુંઘણુ જ્ઞાન ધરાવતો હતો. સાથે ભવિષ્ય પણ જોતો હતો. તેણે હઝરત અબ્દુલ મુત્તલિબને પૂછયું. :
"તમારી શરીઅતમાં એક આદમીનો ખું-બહા શું છે ? (ખુનનો બદલો)
તેને કહેવામાં આવ્યું કે દસ ઊંટ ખૂનનો બદલો છે. તેણે કહ્યું કે તે દસ ઊંટો અને અબ્દુલ્લાહની ચિઠ્ઠી નાખો. જો ચિઠ્ઠી અબ્દુલ્લાહના નામ પર નીકળે તો દસ ઊંટનો વધારો કરતા જાઓ. જો સો ઊંટો સુધી આવી જાઓ, અને પછી જો ચિઠ્ઠી અબ્દુલ્લાહના નામ ઉપર નીકળે તો તેની કુરબાની આપી દેશો. સાબિત થશે કે અલ્લાહ અબ્દુલ્લાહની જ કુરબાની ઈચ્છે છે.
જેથી પ્રથમ દસ ઊંટો ઉપર ચિઠ્ઠિ નાખી. ચિઠ્ઠી અબ્દુલ્લાહના નામની નીકળી. આ રીત દસ દસ ઊંટો વધારી દરેક વખત ચિઠ્ઠીઓ નાખતા ગયા. ૯૦ ઊંટ સુધી ચિઠ્ઠી હઝરત અબ્દુલ્લાહના નામની નીકળતી ગઈ. પરંતુ છેલ્લે સો ઊંટ થતાં છેલ્લી ચિઠ્ઠી સો ઊંટો ઉપર નાખવામાં આવી. તો ચિઠ્ઠી ઊંટો ઉપર નીકળી. આ જોઈને બધાના દીલોમાં ખુશીની લહેરો દોડી ગઈ. પૂરો મજમૂઓ એકદમ ખુશીથી ઉછળી પડ્યો. છતાંય હઝરત

અબ્દુલ મુત્તલિબને સંતોષ ન થયો. ફરમાવ્યું "બીજી વખત ચિઠ્ઠી નાખો" બીજી વખત પણ સો ઊંટો માટેની ચિઠ્ઠી નીકળી, ફરમાવ્યું. "પૂર્ણ સંતોષ માટે ત્રીજી વખત પણ ચિઠ્ઠી નાખો." ત્રીજી વખત પણ ઊંટોનાં નામ ઉપર ચિઠ્ઠી નીકળી.

હઝરત અબ્દુલ મુત્તલિબને ઘણો જ સંતોષ થયો. તે જ સમયે સો ઊંટો હલાલ કરીને વહેંચી દીધાં. સ્વયં આપે તથા આપના પુત્રોએ આ ગોસ્ત ખાધું નહીં, ચાખ્યું પણ નહિ.

ઈબ્ને સઅદ તબકાત માં લખે છે કે :

"અબ્દુલ મુત્તલિબ તથા તેમના પુત્રોએ આ ઊંટોના ગોશ્તમાંથી કંઈપણ ખાધું નહિ." (તબકાત ભાગ-૧, પેજ નં. ૮૯)

ખુદાથી અહદ અને વફાદારીના સાથે બેટાની કુરબાની ઉપર હઝરત અબ્દુલ મુત્તલિબની વિમાસણ આ રીતે દૂર થઈ ગઈ. આ કુરબાની દ્વારા ઈન્સાન અને ઈન્સાનિયતની કીંમતમાં દસ ઘણો વધારો થયો. ખુદાની ઈતાઅત અને મજબૂત ઈરાદાની એક મિસાલ સ્થાપિત થઈ. હઝરત અબ્દુલ્લાહે પણ જે હિંમત ઈતાઅતે ખુદામાં બતાવી, તેની જોડ પણ મળવી મુશ્કેલ છે. હઝરત અબ્દુલ મુત્તલિબ અને હઝરત અબ્દુલ્લાહની ઈતાઅતે ખુદામાં ખોવાઈ જવું, ગમે તેવી કુરબાની

માટે તૈયાર થઈ જવું. અલ્લાહને આપેલ વાયદો પૂરો કરવો વગેરે બાબતોનું દ્રષ્ટાંત ફક્ત હઝરત ઈબ્રાહીમ (અલ.) ખલીલે ખુદા અને હઝરત ઈસ્માઈલ (અલ.) ઝબીહુલ્લાહ સિવાય ભૂતકાળમાં ક્યાંય જોવા મળશે નહિ.

બંને આ કસોટી અને અજમાયશ વખતે સગીરવયના હતા. છતાંય સબર દામન થામેલો દેખાશે. હિંમત - ઉત્સાહ અને રાહે ખુદામાં કુરબાન થઈ જવાની ઉત્તેજના બંને બુઝર્ગો હઝરત ઈસ્માઈલ (અલ.) અને હઝરત અબ્દુલ્લાહમાં જોવા મળશે. બંનેમાં ન કોઈ આનાકાની ન કોઈ ભય જોવા મળશે. બલ્કે બંને બાળકો પોતપોતાના બાપના હુકમ સામે માથું નમાવી દે છે. બંને બુઝૂર્ગો, ઈતિહાસમાં "ઝબીહ"ના નામથી પ્રચલિત છે. "કુરબાન થયેલા" ગણાય છે.

પેંગબરે ઈસ્લામ પ્યારા રસૂલ સલ્લેઅલ્લાહો અલયહે વઆલેહી વસ્સલમનો ઈરશાદ છે. :

"અના ઈબ્ને ઝબીહીન"

હું બે ઝબીહોનો ફરઝંદ છું. એક ઈસ્માઈલ ઝબીહુલ્લાહ અને એક અબ્દુલ્લાહ ઝબીહુલ્લાહ. એક ઝબીહ આપના પૂર્વજ હઝરત ઈસ્માઈલ (અલ.) છે અને બીજા ઝબીહ પ્યારા નબીના પિતાશ્રી હઝરત અબ્દુલ્લાહ છે.

આ જ તો કારણ છે અને અલ્લાહની અપાર કુદરત પણ કે હઝરત અબ્દુલ્લાહને તે ઈજ્જત અને માન પ્રાપ્ત થયું કે તાજદારે રસૂલ હઝરત મોહંમદુરસુલુલ્લાહ સલ્લેઅલ્લાહો અલયહે વઆલેહી વસસ્લમ આપની પીઠથી પેદા થયા. આ સાથે અલ્લાહની એક મસલેહત પણ હતી કે અલ્લાહ પ્યારા નબી (સલ.) ને યતીમ પેદા કરવા માગતો હતો. જેથી આપને તાજદારે રીસાલત ઈમામુલ અંબિયાને જોવાનો મોકો ન મળ્યો. જેથી હાથીઓના લશ્કરવાળી ઘટના પછી થોડાક જ દિવસોમાં પછી મુલકે શામથી પાછા ફરતાં મદીનામાં ઈન્તિકાલ થઈ ગયો. ત્યાં જ દફન કરવામાં આવ્યા.

હઝરત અબ્દુલ મુત્તલિબને ખૂબ જ આઘાત લાગ્યો. આપ રંજીદહ રહેવા લાગ્યા. વહાલો પુત્ર નૂરે નુબુવતનો અમાનતદાર પોતાનો ફરમાંબરદાર અલ્લાહને પ્યારો થઈ ગયો.

ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન.

થોડાક જ દિવસ પછી જ્યારે હઝરત અબ્દુલ મુત્તલિબે જાણ્યું કે કે મારા વહાલા પૂ્ત્રના ઘેર પુત્રનો જન્મ થયો છે. તો આપનો મુરઝાયેલો ચેહેરો ચમકી ઊઠયો. પાનખરમાં વસંતે દેખા દીધી. આપ ખૂબજ ખુશ થયા. પોતાના નેક પુત્રની એક નિશાની જોઈને આપના દીલની

કળીઓ ખીલી ઊઠી. મહબ્બતભરી નજરો વડે આ નવજાત શીશુનું નિરીક્ષણ કર્યું. દ્રષ્ટિને આંજી દેતો આપ (સલ.)નો ચહેરો જોઈને આપ ખુશીના આવેશમાં રડી પડયા. ઈલાહી અમાનતને હાથોમાં લઈને ખાનએ કાબાની પાસે લાવ્યા. અલ્લાહથી એના વંશને વિશાળતા બક્ષવાની દુઆ માગી.

સાતમા દિવસે અકીકો કરીને “મોહંમદ” (સલ્લે અલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ) નામ પાડ્યું.

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમંદીવ વ આલે મોહંમદ

# પ્રકરણ : ૨૫

# પ્યારા નબી, પ્યારા નબી, પ્યારા નબી

# હઝરત મોહંમદ (સ.અ.વ.)

તમામ મોમીનો અને તમામ મોમીનાતની જાનો અને માલ કુરબાન થઈ જાય, અમારૂં સર્વસ્વ કુરબાન થઈ જાય, તો પણ તે નબી અને તે વશીએ રસૂલનો હક તેમના આ ઉમ્મત ઉપરના એહસાનોનો હક અમો અદા કરી શકતા નથી. લાખો દુરૂદો સલામ થાય આપ (સલ.) ઉપર અને આપની આલ અવલાદ ઉપર.

*અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમંદીવ વ આલે મોહંમદ.*

૧૭ રબીઉલ અવ્વલ ૧ આમુલ ફીલ મુતાબિક ૫૭૦ ઈસ્વીસનના રોજ જુમ્આના દિવસે ફજર થયા પછી આપ (સલ.)નો જન્મ થયો.

આપ (સલ.)ના માથા પરથી બાપનો સાયો તો ઊઠી જ ગયો હતો અને છ વર્ષની ઉંમરમાં વાલીદહ મોહમતરમા જનાબે આમેના (અલ.) પણ આ ફાની દુનિયા છોડી અલ્લાહને પ્યારાં થઈ ગયાં. આ યતીમ સીધા દાદા અબ્દુલ મુત્તલિબની પરવરીશમાં આવી ગયા. હઝરત અબ્દુલ મુત્તલિબ ખૂબ જ પ્યાર અને મહબ્બતથી પ્યારા નબીનું પાલનપોષણ કરતા. જ્યારે આપ (સલ.) દોડતા

દોડતા દાદાની બાહોમાં સમાઈ જતા તો દાદા પોતાની બંને બાહોને ખોલીને દૂરથી આવતા આ ખુશબોદાર બાળકને આવકારી છાતી સાથે લગાવી દેતા. તે વખતે હઝરત અબ્દુલ મુત્તલિબની બંને આંખોમાંથી અશ્રુધારા વહી જતી. હૉરે મજલિશ દોસ્તો પૂછતા કે અય સૈયદ "આ આંસુ શા માટે ? ફરમાવતા "આ ફરઝંદ મોહંમદ મારી પાસે અલ્લાહની અમાનત છે અને તેની ખુશીના આંસુ છે." ઈતિહાસકારો લખે છે કે હઝરત અબ્દુલ મુત્તલિબની નજર જ્યારે પણ રસૂલે ઈસ્લામ પર પડતી, આાપની આંખો આંસુઓથી ભરાઈ જતી. ખુશીમાં ભાવવિભોર બની હઝરત મોહમંદ (સલ.)ને ચૂમીઓ ભરતા. દુઆ કરતા કે :

"અય અલ્લાહ આ તારી જ અમાનત છે. તું જ એનો રક્ષણહાર છે. ખુદા આ મારો ફરઝંદ છે. મારા ફરઝંદનો ફરઝંદ છે. ખુદા આ ફરઝંદ મને બહુ પ્યારો છે."

જે લોકો આ શ્ય જોતા તેઓ પણ ભાવવિભોર થઈ જતા. અહીં સુધી કે કેટલાક જોનારની આંખો પણ અશ્રુભુની થઈ જતી.

દાદાએ આપનું નામ મુબારક "મોહંમદ" રાખ્યું. દાદા આપ (સલ.)ને કદીપણ પોતાની નજરોથી દૂર હટવા દેતા ન હતા. હંમેશા પોતાની દ્રષ્ટિ સમક્ષ રાખતા હતા. એવો નિયમ બનાવ્યો હતો કે

જ્યારે મોહંમદ (સલ.) ખાણામાં શરીક ન થાય અને ખાય નહિ ત્યાં સુધી કોઈને ખાવાની ઈજાજત ન આપતા, ન પોતે ખાતા.

આપ (સલ.)ની રહેણીકરણી એટલી પાક પવિત્ર અને દીલ હરી લેનારી હતી કે લોકો જોઈને જ કહી દેતા કે આ કોઈ ખુદાઈ શક્તિ ધરાવનાર બાળક છે. હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાના પૌત્રની આદતો, રીતભાત જોઈને પામી ગયા હતા કે મારા ફરઝંદનું ભવિષ્ય ઘણું ઉજળું છે, કેટલીક વખત આપના વિચારો પોતાની જીભ ઉપર પણ આવી જતા.

એક વખત એવું બન્યું કે રીવાજ પ્રમાણે કાબાની નજીક હઝરત અબ્દુલ મુત્તલિબ માટે ગાદીતકીયા બિછાવવામાં આવ્યા. હઝરત અબ્દુલ મુત્તલિબના આવવાને હજી થોડીક વાર હતી. કુરૈશના આગેવાનો તથા તેમના પુત્રો બેઠકની આસપાસ વર્તુળકારે ગોઠવાઈ ગયા હતા. એટલામાં આપ (સલ.) દાદાની આગળ નીકળી પડ્યા, અને વગર ખટકે-નિડરપણે આગળ વધી દાદાની બેઠક ઉપર બેસી ગયા. જો કે આ બેઠક ઉપર કોઈ બેસી શકતું નહિ. ભલે પછી હઝરત અબ્દુલ મુત્તલિબના પુત્રો જ કેમ ન હોય. અરે કોઈ કુરૈશના અમીર-ઉમરાવોને પણ આ બેઠક ઉપર કદમ મૂકવાની છૂટ ન હતી. એટલામાં હઝરત અબ્દુલ મુત્તબિલ પણ

આવી રહ્યા હતા. કેટલાક લોકોએ રસૂલે ઈસ્લામને (જેઓ નાના બાળક હતા) ત્યાંથી હઠાવીને બેઠકને ખાલી કરવા ઈચ્છયું.

હઝરત અબ્દુલ મુત્તલિબે દૂરથી આ જોયું, આપે ઊંચા અને ધમકીભર્યા અવાજે કહ્યું. :

“મારા પુત્રને મારી બેઠક ઉપર બેસી રહેવા દો. તેના દીલો - દિમાગ ઉપર એક ઉચ્ચ ખુદાઈ સલ્તનત સ્થાપિત કરવાના તરંગો છે. નજીકના ભવિષ્યમાં તે એક પ્રતાપી પુરુષ બનશે.” (સીરતે હલબીયા, ભાગ-૧, પેજ નં. ૧૨૯)

આપ (સલ.) બાળક હતા ત્યારથી આપનું ઊઠવું, બેસવું, ચાલવું, ફરવું, બોલવું, આદતો વગેરે એવાં હતાં કે તેમાં પાકીઝગીની ઝલક દેખાતી હતી. તેમાં એક એવો અંદાઝ દેખાતો હતો જે અંદાઝ સામાન્ય લોકોમાં જોવા મળતો નથી. આ જ પવિત્રતા, માસુમીયત, ખુદાપરસ્તીના ગુણોને કારણે હઝરત અબ્દુલ મુત્તલિબ દરેક આફત, મુસીબત અને ચિંતા વખતે દુઆઓમાં આપ (સલ.)ને વસીલો બનાવતા હતા. આ જ નુરાની શકલ-સુરતનો વાસ્તો આપીને વરસાદ માગતા હતા. કહે છે કે એક વખત મક્કામાં વરસાદ ન પડવાને કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઊભી થઈ. લોકો ઘણા જ પરેશાન થઈ ગયા. તેઓએ હઝરત અબ્દુલ મુત્તલિબને કહ્યું કે તમે વરસાદ

માટે દુઆ માગો, જેથી દુષ્કાળથી છૂટકારો મળે. હઝરત અબ્દુલ મુત્તલિબે આપ (સલ.)ને જેમની ઉંમર સાત વર્ષની હતી. પોતાના ખભા ઉપર બેસાડયા, પછી કોહે અબુ કબીસ ઉપર ચઢ્યા, પછી  પગથી માથા સુધી રહમત જેવા બાળકનો વાસ્તો આપીને બારાંને રહમતની દુઆ કરી. હજી તો આપ પહાડ પરથી ઊતરી ખાનએ કાબા સુધી પણ પહોંચ્યા ન હતા કે આકાશમાં વાદળો ચઢી આવ્યાં, એવો ઝરમર સુંદર વરસાદ વરસ્યો કે આખો વિસ્તાર પાણીથી તરબતર થઈ ગયો. ચારે તરફ પાણી જ પાણી દેખાવા લાગ્યું. લોકોની ખુશીનો પાર ન રહ્યો. આ સમયે એક શાયર રકીકા બિન્તે સયફીએ કેટલાક શએર કહ્યા.

“અલ્લાહતઆલાએ શીબતુલ હમ્દ (હઝરત અબ્દુલ મુત્તલિબનો લકબ)ની દુઆઓથી અમારા શહેરને વરસાદથી તરબતર કરી દીધું. જ્યારે કે અમે વાદળોથી જ વંચિત હતા અને લાંબા સમયથી વરસાદ રોકાયેલ હતો. અમો વરસાદનો ઈન્તિઝાર કરતા હતા.”

હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેનાના આ યતીમ ફરઝંદની સાથે હઝરત અબ્દુલ મુત્તલિબને પ્રેમ અને મહબ્બત એટલા માટે તો હતાં જ કે આપ હઝરત અબ્દુલ્લાહની એકમાત્ર સંતાન હતા. પોતાના પ્યારા પુત્ર અબ્દુલ્લાહની એક માત્ર

યાદગાર હતા. પરંતુ આ મહબ્બતનું અસલ કારણ તો જુદું જ હતું. હઝરત અબ્દુલ મુત્તલિબ આલીમોથી તથા મઝહબી વ્યક્તિઓથી એવું સાંભળતા આવતા હતા કે આ તે જ સમયગાળો છે જેમાં નબીએ ખાતીમ (સલ.) પેદા થશે. અને તે નબીના જે ગુણો, ચાલચલન, આદતો, વ્યવહાર રીતભાત આપે આસમાની સહીફાઓમાં પઢી હતી તથા મઝહબી વ્યક્તિઓ - આલીમોથી સાંભળી હતી, તે તમામેતમામ ગુણો ફરઝંદ અબ્દુલ્લાહમાં જોવામાં આવતા હતા. આપ આ બાબતને ઈલ્મો-યકીન સાથે માની ચૂકયા હતા કે ફરઝંદ અબ્દુલ્લાહનો આ યતીમ જ ભવિષ્યનો આવનાર નબી છે. નુબુવ્વતની આખરી કડી છે. જેથી શાહે યમન ઈબ્ને ઝીયઝનથી મુલાકાતના મોકા ઉપર આપે પોતાના યકીનની જાહેરાત પણ કરી છે.

હઝરત અબ્દુલ મુત્તલિબ અને શાહે યમનની આ મુલાકાતનુ વર્ણન ઘણેભાગે બધા જ ઈતિહાસકારોએ કર્યું છે. આપની શાહ સાથેની આ મુલાકાત એવા મોકા ઉપર થઈ હતી કે જ્યારે મુલ્કે યમન શાહે હબશાના કબજામાંથી આઝાદ થઈ સૈફ ઈબ્ને
ઝીયઝનની સરદારીમાં આવ્યો. સૈફે શાહે હબશાને હરાવીને યમન જીતી લીધું. મક્કામાં જ્યારે આ

વાતની ખબર પહોંચી તો હઝરત અબ્દુલ મુત્તલિબે પોતાના સાથીઓ અને કુરૈશના અગ્રેેશરોને કહ્યું કે આપણે મુબારકબાદી સાથેનું એક પ્રતિનિધિમંડળ સૈફ ઉપર મોકલવું જોઈએ. બધા આ વાત ઉપર એકમત હતા. તો આપ પોતાની રેહબરીમાં સત્તાવીશ વ્યક્તિઓના રસાલા સાથે મુલકેયમન જવા તૈયાર થયા.

આ રસાલામાં ઉમય્યા ઈબ્ને અબ્દુશમ્સ, અસદ ઈબ્ને અબ્દુલ ઉઝઝા, અબ્દુલ્લાહ ઈબ્ને જદઆન, વહબ ઈબ્ને અબ્દેમનાફ, અને કસી ઈબ્ને અબ્દુદ્દાર પણ સામેલ હતા. જ્યારે આ રસાલો સૈફના મહેલ ગમદાનમાં પહોંચ્યો, તો હઝરત અબ્દુલ મુત્તલિબે પ્રતિનિધિમંડળના લીડર હોવાની હૈસિયતથી મુબારકબાદીનો સંદેશ રજૂ કરવાની રજા માગી.

સૈફે કહ્યું કે આપ એ દરજ્જાના વ્યક્તિ છો કે બાદશાહોની સમક્ષ પણ નીડર બનીને જે કંઈ કહેવું હોય તે કહી શકો છો, આપ મુબારકબાદીના શબ્દો કહી શકો છો. હઝરત અબ્દુલ મુત્તલિબે મુબારકબાદીના અમૂક વાક્યો કહ્યા. સાથે તેની કામ્યાબી અને જીત ઉપર એટલા બેહતરીન અંદાજથી વકતવ્ય આપ્યું કે સૈફ સ્વયં ઝૂમી ઊઠ્યો. તેણે આ હાશિમી અંદાજનો બેહતરીન વાણીપ્રવાહ સાંભળી પૂછ્યું "આપ કોણ છો ?

અબ્દુલ મુત્તલિબ નામથી તો હું વાકેફ છું.” કહ્યું.”હું અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ છું”  આ સાંભળતાં તેણે આપનો હાથ પકડી લીધો, આપને પોતાની ગાદી ઉપર સાથે જ બેસાડ્યા અને કહ્યું કે આપ તો મારી બહેનના દીકરા છો.” ફરમાવ્યું કે “હા, હું આપનો ભાણીયો જ છું.” (હઝરત અબ્દુલ મુત્તલિબના વાલીદહ સલમા બિન્તે અમર આલે કહતાનથી હતાં અને સૈફ પણ આલે કહતાનથી હતો. આ સગપણના કારણે તેણે આપને ભાણીયા કહ્યા.) અરબ પોતાના કબીલા અને ખાનદાનની દરેક સ્ત્રીને બહેન અને તેની સંતાનોને ભાણીયા કહીને યાદ કરતા હતા. તેથી જ તો સમર ઈબ્ને ઝીલજોશ લઅનુલ્લાહ જ્યારે કરબલામાં દાખલ થયો તો તેણે હઝરત અબ્બાસ અલમદાર અને તેમના ભાઈઓને આ રીતે ઉદ્‌બોધન કર્યું.

*“અન્તુમ યા બની અખ્તી આમેનુન”*

અર્થાત “આય મારા ભાણીયાઓ તમે અમાનમાં છો”  આ કારણથી કેટલાક ઉપરછલ્લી દ્રષ્ટિથી જોનારા લોકોએ આમ સમજી લીધું કે સમર લાનતુલ્લાહ અબ્બાસ ઈબ્ને અલી અને તેમના ભાઈઓનો મામા થાય છે. જોકે આ ઉદ્‌બોધન આ કારણે હતું કે સમર લઅનુલ્લાહ તે જ

કબીલાનો હતો, જે કબીલાના હઝરત અબ્બાસ અલમદારના વાલીદહ મોહતરમા ઉમ્મે બનીન હતાં. બંનેનો સંબંધ કબીલા કલાબથી હતો. આ તો એક રીવોં બાબત છે.

સૈફે હઝરત અબ્દુલ મુત્તલિબનો ખૂબ જ આદર સત્કાર કર્યો. આપના બીજા સાથીઓને પણ ખૂબ જ આદર સત્કાર સાથે મેહમાનખાનામાં ઊતારો આપ્યો. આ જ સમય દરમ્યાન સૈફે હઝરત અબ્દુલ મુત્તલિબને એકાંતમાં બોલાવ્યા અને કહ્યું કે “આજે હું એક એવી વાત આપને કહેવાનો છું જે વાત આપના માટે અને આપના ખાનદાન માટે ફખરનું કારણ છે, સાથે મૃત્યુ પછી ખુદા સમક્ષ રહમત અને ઈજ્જતનું પણ. જેથી હું જરૂરી સમજું છે કે તેનાથી આપને વાકેફ કરું.”

પૂછ્યું કે “તે ઈજ્જત બક્ષનારી વાત કઈ છે ? જે મારા માટે તથા મારા સમગ્ર ખાનદાન માટે રહમત અને ઈજ્જતનું કારણ હોય.”

કહ્યું “તહામામાં (તહામા - અરબસ્તાન) એક બાળક પેદા થશે, તેના બંને ખભા વચ્ચે નુબુવ્વતની નિશાની હશે. તેનું નામ હંમેશા બાકી રહેશે. તેની શરીઅત પણ કયામત સુધી બાકી રહેશે. અને આ જ સમયગાળો તેના પેદા થવાનો છે. શકય છે કે તે બાળક પેદા થઈ ચૂકયો હોય અથવા પેદા થવાની તૈયારી હોય. તેની

વિશેષતાઓમાંથી એક વિશેષતા આ છે કે બાળપણમાં જ તેના મા અને બાપ બંને મૃત્યુ પામશે, તેના દાદા અને કાકા બંને તેનું પાલનપોષણ કરશે. મને તો એમ લાગે છે કે આપ જ તેના દાદા અને મુરબ્બી છો.”

હઝરત અબ્દુલ મુત્તલિબ જેઓ આસમાની કીતાબો અને સહીફાઓના ઝરીઆથી ઉપરોક્ત ભવિષ્યવાણીઓથી સારી રીતે વાકેફ હતા, સૈફની જીભથી આ જ વાતો જાણીને પોતાના પરવરદિગારની સમક્ષ સિજદામાં ઝૂકી ગયા. ખુદાની આ શ્રેષ્ઠ નેઅમત ઉપર શુક્રગુજારી કર્યા પછી સૈફને કહ્યું “તમારી આ ખબરોથી મારા ઈલ્મોયકીનમાં વધારો થઈ ગયો છે. અલહમ્દોલિલ્લાહ તે બાળક પેદા થઈ ચૂકયો છે. તેની નિશાનીઓનું આપે વર્ણન કર્યું છે તે બધી જ તેનામાં મોજૂદ છે. તેના મા-બાપ મૃત્યુ પામી ચૂકયા છે. હું અને તેના કાકા તેની પરવરિશ કરી રહ્યા છીએ.”

સૈફે કહ્યું “પછી તો યહુદીઓથી તેનું રક્ષણ કરજો, એવું ન બને કે તેઓ તેને તકલીફ પહોંચાડે અથવા તેને મારી નાખવા સુધી પહોંચી જાય.”

જ્યારે પ્રતિનિધિમંડળની વાપસી થવાનો સમય આવી લાગ્યો તો સૈફે બધાંને જ ગુલામ, કનીજો, સોના, ચાંદી, અંબર (અત્તર-ખુશબો), ઊંટ અને

બેહતરીન પોશાક આપ્યા. જ્યારે બીજા બધાં કરતાં દશ ગણું વધારે હઝરત અબ્દુલ મુત્તલિબને આપ્યું. હઝરત અબ્દુલ મુત્તલિબના અમૂક સાથીઓએ આપને મળેલ ભેટસોગાદો ઉપર ઈષર્િ કરી. આપને આ જાણ થતાં ફરમાવ્યું. "અય કુરૈશના લોકો ! તમારે આ ભેટ સોગાદો ઉપર ઈષર્િ ન કરવી જોઈએ. આ ચીજો તો ફના થઈ જવાવાળી છે. અલબત્ત તે ચીજો ઉપર ઈષર્િ કરો, જેની ખ્યાતિ - નેકનામી દુનિયાભરમાં ફેલાવાની છે. આલોક-પરલોકમાં જેની નેકનામીની ચર્ચા થશે. જેની લોકો ઈજ્જત કરશે. એટલે સુધી કે મારા કયામત સુધી આવનારા વંશજો પણ તેના ઉપર ફખર કરશે, ગર્વ કરશે."

લોકોએ પૂછ્યું "તે શું છે ?"

ફરમાવ્યું "થોડા સમય પછી તમને પોતાને જ ખબર પડી જશે." (અકદુલ ફરીદ, ભાગ ૧, પેજ નં. ૧૭૭)

અરબના કયાફા (સુરત-ચેહરો જોઈને સારી અથવા બૂરી નિશાનીઓને વર્ણન કરવાનું ઈલ્મ) જાણકારોએ પણ હઝરત અબ્દુલમુત્તલિબને ચેહરો, રીતભાત, અખ્લાક વગેરે જોઈને આ બાળક વિશેની અસાધારણ ખ્યાતિ-નેકનામી વિષે ભવિષ્યવાણી કરી હતી. એક સમયે બની મદલજના કેટલાક લોકોએ આપને કહ્યું હતું.

"આપ આ બાળકનું બરાબર રક્ષણ કરજો. ખૂબજ સાવચેત રહેજો એટલા માટે કે એના કદમના નિશાનોથી વધીને કોઈના કદમના નિશાનો મકામે ઈબ્રાહીમના કદમના નિશાનોથી એકરૂપ દેખાતા નથી. (મતલબ આ બાળકના કદમ મુબારક મકામે ઈબ્રાહીમના કદમ મુબારકના નિશાનોને ખૂબ જ મળતા છે.) (તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૧ પેજ નં. ૧૧૮)

હઝરત અબ્દુલ મુત્તલિબે જ્યારે આ શબ્દો સાંભળ્યા તો અબુતાલિબની સમક્ષ જોયુ અને ફરમાવ્યું :

"અસ્મઅ મા યકુલો હાઉલાએ"

"આ લોકોની વાત સાંભળી લો"

અબુતાલિબનું ધ્યાન આ તરફ દોરવાનું કારણ આ હતું કે મારા પછી આ બાળકની દેખભાળ - પાલનપોષણ તમારે કરવાનું છે. નજીકના ભવિષ્યમાં પોતે અલ્લાહને પ્યારા થઈ જવાના છે. તે તરફ પણ ઈશારો હતો કે હવે પછી આ અમાનતને સાચવવાની જવાબદારી તમારે ઝિમ્મે રહેશે. આ ફક્ત તમારો ભત્રીજો જ છે એટલું નથી, પરંતુ આ તો નબીએ આખેરૂઝઝમાન છે.

હઝરત અબ્દુલ મુત્તલિબ સો વર્ષથી વધુ જીવ્યા. જિંદગીના કંઈ ચઢાવ - ઊતાર જોયા. આ બુઢાપામાં ચેહરો નુરાની હતો. ચેહરા ઉપર એક

ખાસ પ્રતિભા દેખાતી હતી, વાળ સફેદ થઈ ગયા હતા. પરંતુ ખિઝાબ લગાવતા હતા. કમર સીધી હતી, તેમાં જરાપણ ઝુકાવ ન હતો. અલબત્ત છેલ્લા દિવસોમાં આંંખોની રોશની જતી રહી હતી. છતાંય ચાલવા ફરવામાં કોઈનો સહારો લેતા ન હતા. અસા(લાકડી) નો સહારો પણ પસંદ ન હતો. એક વખત ખાનએ કાબાનો તવાફ કરતાં કરતાં કોઈનો ધક્કો લાગ્યો. પૂછ્યું "આ કોણ હતું" ઉત્તર મળ્યો "બની બકરનો એક વ્યક્તિ હતો." ફરમાવ્યું હું તો આંખોથી કમજોર છું એ તો જોઈ શકે છે. હવે મને અસા હાથમાં રાખવાની જરૂરત જણાય છે. પરંતુ જો મોટો અસો રાખું છું તો વજન લાગે છે. અને નાનો રાખું છું તો કમરથી ઝુકાવવી પડે છે જે મને પસંદ નથી. ઝુકાવ ઝિલ્લત લાગે છે.

આપના બેટાઓ-પૌત્રો-પ્રપૌત્રોએ આ વાત સાંભળી લીધી. જેઓ હંમેશા આપની મદદ માટે તૈયાર હતા, પરંતુ પિતોં માનતા ન હતા. બેટાઓએ કહ્યું "પિતોં, અમને આપની ખિદમતનો મોકો આપો, હવે પછીથી અમારામાંથી કોઈ ન કોઈ ચોવીસ કલાક આપની પાસે હાજર રહેશે. આપ તેનો સહારો લઈને જ્યાં પણ જવા ઈચ્છો, જઈ શકો છો. ત્યાર પછી પોતાના પુત્રોમાંથી કોઈપણ એકના ખભા ઉપર હાથ રાખીને પોતાના

કામો અંજામ આપતા હતા. છેવટે આપ આ ફાની દુનિયા છોડી ગયા. મૃત્યુ અગાઉ પણ જો કોઈ ફિકર હતી તો આમેનાના લાલની ફિકર હતી, અબ્દુલ્લાહના યતીમની ફિકર હતી. કોણ તેની દેખભાળ કરશે, છેવટે મૃત્યુશૈયા ઉપર પોતાના ઘરવાળાને પૂછ્યું.

“અબુતાલિબ કયાં છે ?” અબુતાલિબ સામે આવ્યા. “હું તમને અબ્દુલ્લાહના યતીમ માટે ખાસ વસીય્યત કરું છું. જોજો તેના પાલનપોષણમાં નિષ્ટકાળજીથી કામ ન લેશો.”

ઈબ્ને સઅદે તબ્કાતમાં લખ્યું છે કે :

“જ્યારે અબ્દુલ મુત્તલિબની વફાતનો સમય નજીક આવ્યો તો આપે અબુતાલિબને બોલાવ્યા અને મોહંમદ (સલ.) ના રક્ષણ અને પોલનપોષણની તાકીદ ફરમાવી.” (તબકાત ભાગ-૧ પેજ નં. ૧૧૮)

જ્યારે અબુતાલિબને અમાનતે ખુદાની તરબીયતની જવાબદારી સોંપીને પોતાની ચિંતાનો ભાર હલકો કર્યો હતો આપના મુખેથી નીચેના શબ્દો સરી પડ્યા :

“યા અલ્લાહ મારી શક્તિ મુજબ મેં મારી જવાબદારી અદા કરી છે. હવે આ બચ્ચાનો તું કફીલ છે.”

ઉપરોક્ત શબ્દો પૂરા થયા ને તરત જ આપે એક છેલ્લી હીચકી લીધી અને અલ્લાહને પ્યારા થઈ ગયા.

ઘણા મોટા શાહી ખાનદાનનો જવાબદાર બુદ્ધિશાળી, વડલો આ ફાની દુનિયા છોડી ગયો. ઘરના નાના મોટાં સર્વે બેટાઓ, બેટીઓ, પુત્રો, પ્રપૌત્રો સર્વે રડવા લાગ્યાં. આપ (સલ.) પણ બાળક હતા. સમજદારી સંપૂર્ણ હતી. ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. કેમ ન રડે ? જે દાદાએ હંમેશા પોતાના ખોળામાં બેસાડીને રસૂલને ખવડાવ્યું છે. રસૂલ વગર આ દાદા લુકમો પણ મોંમા નાખતા ન હતા. જે દાદાની જીભ ઉપર હંમેશા “મોહંમદ” શબ્દ રહેતો હતો. ઘરની બહાર જરૂરી કામે જતા તો પ્રથમ “મોહમંદ” (સલ.)ને પાસે બોલાવી માથે હાથ ફેરવતા, માથું ચૂમતા, છાતીએ લગાવતા, પછી ઘરવાળાઓને સોંપતા કે આ મારા યતીમનો ખ્યાલ રાખજો.

કામ પતાવીને ઘરમાં આપનો પ્રથમ કદમ પડે તે અગાઉ આ બુઝૂગર્નાં પવિત્ર મુખેથી શબ્દો સરી પડતા, બેટા “મોહંમદ” તમે કયાં છો ? રસૂલ દોડતા આવતા, દાદા સાથે હાથ મીલાવતા, દાદાનો હાથ પકડતા, પછી દાદા પાણી પીતા, આવા વહાલા દાદાના મૃત્યુ ઉપર મા-બાપ વગરના પ્યારા નબી (સલ.) કેમ ન રડે ?

આપની વફાતની ખબર સાંભળી સમગ્ર મક્કા શોકમાં ડૂબી ગયું. કેટલાક ઘરોમાંથી રડવાના અવાજો મક્કાની શેરીઓમાં સંભળાતા હતા. અનેકોએ આપના દસ્તરખાન ઉપર સેંકડો વખત ખાવાનું ખાધું હતું. આમ તો દરેક આંખમાં પાણી દેખાતું હતું. દરેક દીલ ગમગીન હતું કારણ કે મક્કાનો સૌથી મોહસીન સરદાર વફાત પામી ચૂકયો હતો.

પ્યારા રસૂલ જે હજી આઠ જ વર્ષના હતા, ખૂબ જ ગમગીન હતા. બાપને તો જોયા જ ન હતા. છ વર્ષની વયે મા પણ અલ્લાહને પ્યારાં થઈ ગયાં હતાં. માની મમતા અને બાપની શફકત દાદાથી જ મળી હતી. રાતે દાદાની પાસે જ સૂતા. દાદાની મય્યત જોઈને રસૂલે ખુદા આંસુ રોકી ન શકયા. આપની સુંદર આંખોમાંથી ટપ ટપ આસુ ટપકતાં હતાં. કેટલાય લોકો આ ખૂબસુરત માસુમની આંખોના આંસુ જોઈને પોતે પણ રડી પડતા હતા.

જ્યારે જનાઝહને ચોખ્ખા પાણી અને કાફૂરના પાણીથી ગુસલ આપીને, યમનની કીંમતી ચાદરોનું કફન પહેરાવવામાં આવ્યું તો આ દ્દશ્ય જોઈને પ્યારા નબી-યતીમ અબ્દુલ્લાહ વધુ રડવા લાગ્યા. જ્યારે જનાઝો લઈને લોકો ચાલ્યા ત્યારે આ પ્યારા નબી જેમની વયમુબારક આઠ વર્ષની હતી,

સાથે સાથે ચાલતા હતા. જ્યારે કોહે હજુન (હજુન પહાડ ઉપર) આપને માટીને હવાલે કરી ચૂકયા તો તરત જ અબુતાલિબ રસૂલે ઈસ્લામની પાસે આવ્યા અને આપને પોતાની છાતી સરસા દાબી આશ્વાસન આપી માથા ઉપર કેટલીય વાર સુધી હાથ ફેરવતા રહ્યા. પ્યારા રસૂલ કાકાની ગોદમાં માથું નાંખી ધ્રુસકે ધ્રુસકે રડતા હતા.

અલ્લામા હલબીએ લખ્યું છે કે :

"કોઈ મરવાવાલા ઉપર આટલો ગમ-રડારોડ નથી થઈ જેટલો ગમ-રડારોડ હઝરત અબ્દુલ મુત્તલિબના ઈન્તેકાલ ઉપર થયો હતો. અને આપની વફાત ઉપર ઘણા દિવસો સુધી મક્કાના બજારો બંધ રહ્યા." (સીરતે હલબીયા ભાગ-૧ પેજ નં. ૧૪૬)

આપની વફાત ૧૨૦ વરસની ઉંમરે વાકેયએ ફીલના આઠ વરસ બાદ મક્કામાં થઈ.

મોહંમદ અને અલીના વંશની એકેએક કડી પ્રથમથી જ પાક-પવિત્ર અને શ્રેષ્ઠ રહી છે. આ વંશની દરેક કડી હઝરત આદમ (અલ.) સુધી અતિ પવિત્ર રહી છે. છતાંય જે ઈજ્જત-આબરુ અને શ્રેષ્ઠતા-વિશેષતા હઝરત હાશિમ અને હઝરત અબ્દુલ મુત્તલિબને પ્રાપ્ત થઈ છે તે વિશેષતાઓ બીજાઓને પ્રાપ્ત થઈ નથી. જે દરજ્જો આ બે બુઝૂર્ગોનો છે. તે તેઓના પૂર્વજો કરતાં ઉચ્ચોચ્ચ

છે. આ શખ્સીયતો એટલી બુલંદ હતી કે અરબના માથા ફરેલ લોકો જેમના અંતરાત્મા કોઈની સરબુલંદી કે સરદારી કબૂલ કરી શકતા ન હતા, તેઓ પણ આ શખ્સીયતોની સમક્ષ હાથ બાંધીને ઊભા રહ્યા.

અકદુલ ફરીદના કર્તા લખે છે કે એક વખત પેંગબરે ઈસ્લામ (સલ.) હઝરત અલી (અલ.) ની સાથે અરબના કબીલાઓ તરફ જઈ રહ્યા હતા. અબુબકર પણ સાથે થઈ ગયા. એક વસ્તી પાસેથી પસાર થયા, અબૂબકરે આગળ વધીને તે વસ્તીવાળાઓને પૂછ્યું :

તમે કયા કબીલાના છો ?

ઉત્તર મળ્યો : કબીલએ રબીયાથી

અબુબકરે પુછ્યું : કબીલએ રબીયાની કઈ શાખથી છો ?

ઉત્તર મળ્યો : ઝહીલ અકબરથી

પૂછયું : શું ઓફ ઈબ્ને મહલમ તમારામાંથી હતા ?

ઉત્તર મળ્યો : નહીં

પૂછયું : જિસાન ઈબ્ને મર્રેહ તમારામાંથી હતા ?

ઉત્તર મળ્યો : નહીં. જ્યારે બીજા બે ત્રણ પ્રશ્નોના ઉત્તરમાં તેમણે “નહીં” ઉત્તર આપ્યો તો અબુબકરે કહ્યું “ તો તો તમે ઝહીલ અકબર નહીં, ઝહીલ અસગર છો.

આ સાંભળીને તે કબીલાનો એક નવયુવાન ઊભો થયો જેનું નામ વગફલ ઈબ્ને હન્ઝલા હતું તેણે અબુબકરને પૂછયું :
તમે કયા કબીલાથી છો ?
અબુબકરે ઉત્તર આપ્યો : કબીલએ કુરૈશથી
તેણે પૂછયું : કુરૈશની કઈ શાખથી ?
અબુબકરે ઉત્તર આપ્યો : તીમ ઈબ્ને મર્રેહની અવલાદથી
તેણે પુછયું : કસી ઈબ્ને કલાબ તમારામાંથી હતા? જેમણે વેરવિખેર લોકોને એકત્ર કરીને મક્કામાં આબાદ કર્યા
અબુબકરે ઉત્તર આપ્યો : નહીં
તેણે પૂછ્યું : હાશિમ તમારાથી હતા ? જેમના વિશે એક શાયરે કહ્યું છે કે :
"તે બુલંદ મરતબાવાળી શખ્સીયત હાશિમ જેમણે શોરબામાં રોટીઓ ભીગાવીને પોતાની કોમને કઈ દિવસો સુધી ખાવાનું ખવડાવ્યું. જ્યારે મક્કાવાસીઓ તબાહ બરબાદ થઈ જવાની આરે આવીને ઊભા હતા, દુષ્ટકાળના ખપ્પરમાં નિઢાલ થઈ ગયા હતા.
અબુબકરે ઉત્તર આપ્યો : નહીં
પેલા નવયુવાને અબુબકરને પૂછ્યું : શું અબ્દુલ મુત્તલિબ તમારામાંથી હતા ? જેમના દસ્તરખાન ઉપર ઉડવાવાળા પક્ષીઓ પણ મહેમાન ગણાતા

હતા. જેમનો ચેહરો અંધારામાં ચિરાગની જેમ ચમકતો હતો.

અબુબકરે ઉત્તર આપ્યો : નહીં.

પેલા નવયુવાને પૂછ્યું : શું તમે તે લોકોની અવલાદ છો, જેઓ હોંઓને મુઝદલફાથી જવાની છૂટ આપતા હતા.

અબુબકરે કહ્યું : નહીં.

પેલા નવયુવાને પૂછ્યું : શું તમે તે લોકોની અવલાદ છો જેઓ આજદિન સુધી હોંઓને પાણી પીવાની સેવા બજાવતા આવ્યા છે ?

અબુબકરે કહ્યું : નહીં.

હજી તે નવયુવાન બીજા પ્રશ્નો પૂછવા માગતો હતો પરંતુ અબુબકર વાતચીત અધુરી છોડીને ત્યાંથી ઊભા થઈ ગયા, વાપસ રસુલ ઈસ્લામ (સલ.) પાસે આવીને ઉપરોક્ત વાતો દોહરાવી.

આપ (સલ.) એ આ વાતો ઘણી જ દીલચસ્પી સાથે સાંભળી અને મુશ્કુરાયા, ખામોશ થઈ ગયા.

આપણે જાણીએ છીએ કે ફળાઉ ઝાડોની અમૂક શાખોમાંથી ફળોની લૂ◌ૂમો - ઝુમખાઓ નીકળતા હોય છે. આ લૂમોમાંથી બીજી લૂમો પણ નીકળતી હોય છે. તેમાંથી અમૂક લૂમના અમૂક ફળો થોડા ખરાબ થતા હોય છે. તેની શાખથી લાગેલા બીજા ફળો વધારે ખરાબ થતા હોય છે અને પછી તેની સાથે લાગેલા ફળો ખટાશવાળા, ખારાશવાળા,

તદ્દન સડેલા, અમૂક અમૂક જીવાત પડેલા અને ગંધાતા પણ હોય છે. આ આપણો અનુભવ છે. જ્યારે કેટલાક ફળો એકજ બેહતરીન શાખમાંથી નીકળી ખુશ્બોદાર, સુંદર, મીઠાશથી ભરપૂર અને દીલકશ લૂમોના રૂપમાં નીકળે છે. જેનું એકેએક ફળ ખૂબજ મીઠાશથી ભરપુર, ખુશ્બોદાર અને સુંદર હોય છે.

ઉપરોક્ત ઘટનાથી આ વાત સ્પષ્ટ થઈ છે કે, અરબના કબીલાઓમાં તે જ વંશવેલાને મહત્ત્વ આપવામાં આવતું હતું, જેમાં કસી,હાશિમ અને અબ્દુલ મુત્તલિબ જેવી મહાન વિભૂતિઓ હોય. જ્યારે જેનાં પૂર્વજોમાં આ નામો ન આવતાં હોય તેને કદીપણ વિશ્વાસપાત્ર અને ઈજ્જતવાળા ગણવામાં આવતા ન હતા. બલ્કે જે શાખોમાં કસીનું નામ આવે અને હાશિમ તથા હઝરત અબ્દુલ મુત્તલિબનું નામ ન આવે તે શાખો પણ સામાન્ય અરબ કબીલાઓથી બહુ ઉચ્ચ ગણાતી ન હતી. મતલબ કે અલ્લાહ જે ઉચ્ચતા-શ્રેષ્ઠતા-ઈજ્જત અને વિશેષતાઓ હાશિમી અને મુત્તલીબની સંતાનોને આપી. તે કોઈને નશીબ ન થઈ. ઉચ્ચ ચારિત્રમાં કોઈપણ ન તેમનો મુકાબલો કરી શક્યું. ન તેમના ગુણોની બરાબરી. આ તેજ શ્રેષ્ઠ-મહાન સિલસિલો છે જે કૌટુંબિક નફરત, ઈષર્,િ કીનોકપટ, જુલ્મ, ઉદ્દ્ધતાઈ, અશિસ્ત

વગેરે ખરાબીઓથી પાક-પાકીઝા છે. તેથી જ પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :
“ખુદાવંદે આલમે હઝરત ઈબ્રાહીમ (અલ.)ની અવલાદમાંથી હઝરત ઈસ્માઈલ (અલ.)ને અને હઝરત ઈસ્માઈલ (અલ.)ની અવલાદમાંથી બની કનાનાને અને બની કનાનામાંથી કુરૈશને અને કુરૈશમાંથી બની હાશિમને અને બની હાશિમમાંથી મને ચૂંટી લીધો છે. (તીરમિઝિ - ભાગ - ૨ પેજ નં. ૨૨૧)
આ જ ચૂંટી કાઢેલી શખ્સીયતો, બરગુઝીદહ રૂહો, પાક નફસો, માસુમ ચેહરાઓમાં હઝરત અલી (અલ.) પણ સામેલ છે. એટલા માટે કે પેગંબરે ઈસ્લામ (સલ.) અને હઝરત અલી (અલ.) બંનેની નસલ વંશ અને પૂર્વજો એક જ છે. બંને એક જ વૃક્ષની બે પવિત્ર શાખો છે. બંને વિભૂતિઓ હાશિમ સુધી અને પછી અબ્દુલ મુત્તલિબ સુધી એક જ છે.
હઝરત અબ્દુલ મુત્તલિબના જુદીજુદી પત્નીઓથી દસ પુત્રો હતા. આ ફરઝંદોમાં અબ્દુલ્લાહ અને અબુતાલિબ હકીકી ભાઈ છે. એક જ મા-બાપના બે દીકરા છે. બંનેની વાલીદહ ફાતમા બિન્તે અમરુ મખઝુમીયા હતાં. હઝરત અબ્દુલ્લાહથી રસુલે ખુદા પેદા થયા, અને હઝરત અબુ તાલિબથી હઝરત અલી (અલ.) જે પોતાના દાદા

અબ્દુલ મુત્તલિબથી રસૂલે ખુદા સાથે ભેગા થઈ જાય છે. આ કારણથી બંને મુત્તલિબી, બંને હાશિમી, બંને કુરેશી અને બંને એક ખાણના બે મોતી છે. એક જ વૃક્ષના બે લીલા પાન અને ફળ છે.

હૈં ઈસતરહ નસબમેં નબી (સલ.) વ અલી (અલ.)

બહમ બહમ દો નામ ગો હૈ એક, પર કાબા વ હરમ,

મતલબ હઝરત અલી (અલ.)ના વંશ અને ખાનદાનમાં તે ફઝીલતો આવી જે રસૂલે ખુદા (સલ.)ના વંશ  અને ખાનદાનમાં હતી. બંનેના દાદા પરદાદા અને પૂર્વજો પણ એક જ હતા.

## પ્રકરણ : ૨૬

# હઝરત અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ

હઝરત અબુતાલિબનું અસલ નામ આપના પૂર્વજના નામ પરથી અબ્દેમનાફ હતું. કેટલાક ઈતિહાસકારોએ આપનું મૂળ નામ ઈમરાન પણ લખ્યું છે. આપની વંશાવલી અબુતાલિબ હતી, અને અબુતાલિબ નામ પણ હતું. આપ પેગંબરે ઈસ્લામ (સલ.)થી ઉમરમાં પાંત્રીસ વરસ મોટા હતા. આપ (સલ.) આમુલ ફીલના વર્ષે જન્મ પામ્યા જ્યારે હઝરત અબુતાલિબ આમુલ ફીલથી પાંત્રીસ વરસ અગાઉ મક્કા મોઅઝ્ઝમામા પેદા થયા. તેતાંલીસ વર્ષ સુધી પોતાના વાલીદ મોહતરમ હઝરત અબ્દુલ મુત્તલિબ જેવી મહાન શખ્સીયતની તાલીમોતરબીયત અને સંગાથે રહ્યા. તેમની પાસેથી જ ઈલ્મ - અદ્બ અને અખ્લાકની તાલીમ પામ્યા. આ તાલીમો - તરબીયતના પરિણામરૂપ એવા વિદ્વાન બન્યા કે પોતાના સમયના શ્રેષ્ઠ વિચારક, બુદ્ધિશાળી, લીડર, વિવેચક અન ઈલ્મો હિકમતના માલીક હતા.

ચેહરો મુબારક હાશિમી અને કુરૈશી બુઝર્ગોને મળતો હતો. ખૂબ સુરત નાક અને ગોરો વાન ધરાવતા હતા. કંઈ પણ બોલતા તો સાંભળનારા આશ્ચર્યચકિત થઈ જતા. વાક્ચાતુર્યથી ભરપુર

ભાષાજ્ઞાન અને અવિરત વાણીપ્રવાહ આપથી અજાણ વ્યક્તિને પૂછવા ઉપર મજબૂર કરી દેતો કે આ બુઝૂર્ગ કોણ છે ? રહેણીકરણી અને ટેવો-આદતોમાં વાલીદ બુઝર્ગને બીલકુલ મળતા આવતા હતા. હઝરત અબ્દુલ મુત્તલિબ પછી હરમનો હોદ્દો, હોંઓની દેખભાળ તથા પાણી પીવડાવવું વગેરેની જવાબદારી આપને જ સોંપવામાં આવી.

તારીખે ખમીશમાં અલ્લામા દિયારબકરી લખે છે કે

હાશીમના પછી હોંઓને ખાવા ખવડાવવું, પાણી પીવડાવવું ઉપરાંત ખાનએ કાબાની દેખભાળ હઝરત અબ્દુલ મુત્તલિબને સોંપવામાં આવી. અબ્દુલ મુત્તલિબની વફાત પછી રસૂલે ઈસ્લામના ઝહુર સુધી દર વર્ષે આ ખિદમત હઝરત અબુતાલિબની જવાબદારીમાં હતી. (તારીખે ખમીશ - ભાગ-૧, પેજ નં. ૧૫૭)

દુનિયામાં હોદ્દો પ્રાપ્ત કરવા માટે દવલત એક મોટો ઝરીઓ છે. પરંતુ આપની આગેવાની હોશિયારીને આભારી હતી. દવલત સાથે આપની લીડરશીપને કોઈ સંબંધ ન હતો. આપના ઈલ્મ, હુસ્ન અખ્લાક, બુદ્ધિમત્તા અને કર્તવ્ય પરાયણતાના ગુણોએ આપને સરદારી બખ્શી હતી.

હઝરત અલી (અલ.)નો મશહુર કોલ છે. જેને ઈતિહાસકાર યાઅકુબીએ પોતાની તારીખમાં લીધો છે. હઝરત અલી (અલ.) ફરમાવે છે કે :

“મારા વાલીદ માલદાર ન હતા, છતાંય સરદાર હતા. જોકે આપના અગાઉ કોઈ ગરીબ વ્યક્તિને સરદારી પહોંચી નથી.” (તારીખે યાઅકુબી, ભાગ-૨, પેજ નં. ૧૪)

જો કે હઝરત અબુતાલિબની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં આપ સાહસી અને હિંમતવાન હતા. ઉત્સાહી પણ એટલા જ. જેથી માલદાર ન હોવા છતાં મોહતાજોને ખાણું ખવડાવતા. હોંઓ માટે પૂરી કાળજી લઈને ખાવાનું પકાવતા. આપે પાણીના મોટા મોટા સ્વચ્છ હોઝ તૈયાર કરાવ્યા હતા. જેમાં ખજૂરો અને દ્રાક્ષ નંખાવી પાણીને સ્વાદિષ્ટ બનાવતા. જેથી હોંઓ દ્રાક્ષ અને ખજૂરનું ઝાએકેદાર પાણી પીએ. તંગદસ્તી હોવા છતાં◌ં ઉદારતા અને મેહમાન નવાઝીના ગુણો પૂર્વજોથી મળેલા હતા.

એક વર્ષે આપ સામાન્ય પરિસ્થિતિ કરતાં પણ વધારે તંગીમાં હતા. જેથી દૂરસૂદૂરથી આવતા હોંઓની વ્યવસ્થા કરવાથી અસમર્થ હતા. આપે પોતાના ભાઈ અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ પાસેથી દસ હજાર દિરહમ કરજ લીધા, તે બધી જ રકમ હોંઓના ખાવા-પીવા અને તેઓની

જરૂરી હાજતો પૂરી કરવામાં ખર્ચી નાખી. આગલા વર્ષે પણ આ જ પરિસ્થિતિ રહી, ન હાંઓના ખાવા-પીવાનો સામાન પેદા કરી શકયા, ન કરજ આપી શકયા. આપે ફરીથી અબ્બાસ પાસેથી ચૌદ હજાર દિરહમ કરજ લીધું કે જેથી સરજમીને હરમના મેહમાનોની આગતાસ્વાગતા કરી શકે. પરંતુ અબ્બાસે આ શરત ઉપર કરજ આપ્યું કે જો આવતા વર્ષે સુધીમાં આ બધું જ કરજ અદા ન થયું તો આ હોદ્દો તેઓ લઈ લેશે. હઝરત અબુતાલિબ આગલા વષર્ે પણ આ કરજ અદા ન કરી શકયા, જેથી હરમની દેખભાળ અને હાંઓની ખિદમતનો હોદ્દો આપને શરત મુજબ છોડવો પડયો. સામે પોતાના પૂર્વજોનો હોદ્દો જે સદીઓથી ચાલ્યો આવતો હતો તે છોડી દેવાનું પસંદ કર્યું. પરંતુ હાંઓની સેવાનું કાર્ય ન છોડયું. ત્યાર બાદથી આ હોદ્દો અબ્બાસની સંતાનોમાં ચાલતો રહ્યો.

મને આ જગ્યાએ એક બારીક નુકતો - રહસ્ય - મર્મ - ઊંડાણની વાત યાદ આવે છે. અલ્લાહ નુબુવ્વત અને ઈમામતની કસોટી કરવા માગતો હતો. નબીએ આખેરૂઝઝમાનને સદંતર યતીમ બનાવી દીધા, ગરીબ પણ બનાવ્યા. અને જે નુબુવ્વત પછી ઈમામતની શરુઆત થવાની હતી, તે ઈમામતને પણ માલદવલતથી મહરુમ કરી

દીધી. જેથી  કોઈને એમ કહેવાનો મોકો ન મળે કે મોહંમદ (સલ.) કે અલી (અલ.) એટલા માટે લોકોના રુહાની સરદાર બની શકયા કે તેઓ પોતાના પુરખોના જમાનાથી માલદવલત ધરાવતા હતા અને દુન્યવી સરદારીના પણ માલીક હતા. અલ્લાહે આ બંને માસુમ હસ્તીઓને દુન્યવી સરદારીથી પ્રથમ અલિપ્ત કરી દીધા. બલ્કે, બંને શખ્સીયતોના વાલીદમોહતરમોને જ આ દુન્યવી સરદારીથી પ્રથમ અલિપ્ત કરી દીધા. પછી આ બંને બુઝર્ગોને નુબુવ્વત અને ઈમામત આપી રુહાની અને જાહેરી - દુન્યવી સરદારી પણ આપી. દીનના પેશ્વા બનાવી દુન્યાના લીડર પણ બનાવ્યા. અલ્લાહ તરફથી આ માસુમ હસ્તીઓની કસોટી અને રહસ્ય પણ ગણાય.

હઝરત અબુતાલિબ પાસે એક દર્દમંદ દીલ હતું. એક જીવંત આત્મા હતો. આ દર્દમંદ દીલ બીજાઓના દીલની ધડકન સંતાપી શકતું હતું. જેથી આપ મુસીબતઝદહ ઈન્સાનોની મુસીબતોથી અસર લીધા વગર જીવી શકતા ન હતા.

આ જ હમદર્દીને કારણે, ઈન્સાની દોસ્તી જોઈને, પરેશાન હાલ ઈન્સાનોના કાફલાઓ આપના ઘરની આસપાસ ચક્કર લગાવતા રહેતા હતા. આપ દીલોજાનથી આવી વ્યક્તિઓની મદદ કરતા,

તેમના દુ:ખમાં ભાગીદાર બનતા. દુન્યવી સરદારી છોડી દેવા છતાંય આપની આ પરિસ્થિતિ હતી. મજલૂમ લોકો આપની પાસે પોતાની ફરીયાદો રજૂ કરતા. આપ આવા મજલૂમોને છાતી-સરસા ચાંપીને તેમની હિફાઝતની જવાબદારી લેતા. અબુ સલમા મખઝૂમી હબસાથી પાછો ફરી મક્કા આવ્યો તો બની મખઝૂમ ઈસ્લામના કારણે તેની દુશ્મની ઉપર ઊતરી પડ્યા. તો અબુ સલમાએ હઝરત અબુ તાલિબની પનાહ માગી. આપે પનાહ આપી, એટલું જ નહિ પરંતુ તેની હીમાયતની જાહેરાત પણ કરી દીધી. બની મખઝૂમને જ્યારે આ વાતની ખબર પડી તો તેઓ હઝરત અબુતાલિબ પાસે આવ્યા, અને કહ્યું, "આપે આપના ભત્રીજાને તો પનાહ આપી છે અને હવે અબુ સલમાને પણ પોતાની હિફાઝત અને રક્ષણમાં લઈ લીધો છે."

ફરમાવ્યું "તે મારો ભાણીયો છે તે બરાહ બિન્તે અબ્દુલ મુત્તલિબ અને અબ્દુલ અસદનો પુત્ર છે. તે મારો હકી ભાણીયો છે. હું ભત્રીજાને પનાહ આપું તો તેના મદદગાર અબુ સલમા ભાણીયાને પનાહ કેમ ન આપું ? બલ્કે જે લોકો પણ મોહંમદના મદદગાર હશે. અને તેઓ મારી પનાહ માગશે તો હું તે દરેકને પનાહ આપીશ."

બની મખઝૂમ આ પ્રભુત્ત્વશાળી અને પ્રતિભાશાળી વડીલની સમક્ષ ખામોશ થઈ ગયા. કંઈ પણ કહ્યા વગર ચાલતા થયા. આ છે અબુતાલિબ મોમીન કુરૈશની ઈસ્લામ દોસ્તી, જેમને મુસલમાનો મુશરીક કહે છે. અફસોસ છે, મુસલમાનો બાતિલ પરસ્તોની દોસ્તી અને હઝરત અલી (્અલ.)ની દુશ્મની ઉપર. જે બાતીલ પરસ્તોની દોસ્તી તેઓને હઝરત અલી (અલ.)નો દરજ્જો ઘટાડવા તરફ પ્રેરે છે. મુસલમાનોએ જે લોકોનો દામન પકડેલો છે તેઓના મા-બાપ કુફ્રની હાલતમા મૃત્યુ પામ્યા છે. તેથી તેઓ હઝરત અબુતાલિબ માટે આવી ઝેહરીલી બકવાશ કરે છે.

સમાજમાં બગાડ વધી રહ્યો હતો. શરાબ અને જુગારનું વાતાવરણ વધતું જતું. પરંતુ હઝરત અબુતાલિબ ન કદી શરાબને અડકયા, ન જુગારની પાસે પણ ગયા. અહમદ ઈબ્ને ઝયની દહલાને લખ્યું છે કે :

અબુ તાલિબે પોતાના પિતાશ્રી હઝરત અબ્દુલ મુત્તલિબની જેમ શરાબને પોતાના ઉપર હરામ કરી રાખી હતી. જોકે સમાજમાં શરાબ પીવાનો રીવાજ પ્રચલિત હતો. (સીરતે નબવીયા પે. નં. ૮૦)

હઝરત અબુ તાલિબ ન ફક્ત પોતે જ બુરાઈઓથી બચતા, પરંતુ સામાન્ય પ્રજાજનોને પણ

બુરાઈઓથી બચવાની સતત તાલીમ આપતા હતા, રોકતા હતા, સમાજ સુધારણા માટે હંમેેશા તત્પર રહેતા. મુલ્ક અને કોમની પ્રગતિ માટે કલ્યાણકારી યોજનાઓ વિચારતા અને અમલની દિશામાં કદમ ઊઠાવતા.

વેપાર ઉદ્યોગને ખૂબજ મહત્ત્વ આપતા. કલાના શોખીન હતા. ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપતા. હલાલ માલથી આપને મહબ્બત હતી, હરામથી ઘણી જ નફરત કરતા. ખાનએ કાબાના નવેસરથી બાંધકામ વખતે આપે કુરૈશને સ્પષ્ટ કહ્યું હતું કે હરામ અને શક હોય તેવો માલ આ કામમાં કદી પણ લગાવશો નહિ.

ઈસ્લામ પહેલાં મક્કામાં ભયંકર પૂર આવવાના કારણે ખાનએ કાબાની દીવારો ધસી પડી હતી. તેને તોડી ફરીથી નવેસરથી ઊભી કરવી જરૂરી હતું. જ્યારે આ કામ શરું થયું તો એક ફૂંફાડા મારતો અજગર દેખાયો. લોકો તેને જોઈને ભયભીત થઈ ગયા. કામ છોડીને ભાગ્યા. કુરૈશ આ પરિસ્થિતિનો કોઈ ઉકેલ શોધી રહ્યા હતા. તેઓ પોતાના રુહાની પેશ્વા હઝરત અબુતાલિબને આ બાબત મશ્વેરા માટે બોલાવવાની તૈયારી કરતા હતા, ત્યાંજ આપ સ્વયં આવી ઊભા થઈ ગયા. કુરૈશને આપે કહ્યું કે “આ અલ્લાહની ચેતવણી છે કે આ ઘર પવિત્ર છે. તેના

બાંધકામમાં પવિત્ર માલ જ ખર્ચ થવો જોઈએ. અગર પવિત્ર માલ થોડો છે તો થોડો જ ખર્ચ કરો, પરંતુ હરામ અને શકવાળા માલનો ઉપયોગ કરવાનો વિચાર શુદ્ધાં કરશો નહિં.”

ઈતિહાસકાર યાઅકુબીએ લખ્યું છે કે :

અબુ તાલિબ ત્યાં આવ્યા, આપે અજગરને જોયો આપે કહ્યું,

“આ બાંધકામ આ કાબિલ છે કે તેના ઉપર ફક્ત પાકપાકીઝા અને હલાલ કમાઈ જ ખર્ચ કરવામાં આવે. તેથી તે માલ હરગીઝ ન લગાવશો જે જુલ્મ ઝયાદતી દ્વારા પ્રાપ્ત કર્યો હોય. (તારીખે યાઅકુબી, ભાગ-૨, પેજ નં. ૧૯)

લોકોએ એમ જ કર્યું. તદ્દન શુદ્ધ પરસેવાની કમાઈનો પૈસો એકત્ર કર્યો. અમૂક વ્યક્તિઓને આ માલ સોંપી દીધો. હવે લોકો કાબાની નજીક આવ્યા. જોયું તો એક ઘણું જ મજબૂત પક્ષી ઊડતું ઊડતું આવ્યું. બધાની નજરોની વચ્ચેથી તેણે અજગર ઉપર તરાપ મારી અને તેને પોતાના પંજાઓમાં લઈને ઊડી ગયું. પછી લોકોએ બાંધકામ શરુ કર્યું.

અબુતાલિબ એવો પવિત્ર સમાજ ઈચ્છતા હતા, જેની બુનિયાદ ઈન્સાફ પર કાયમ હોય. ન કોઈનો હક મારવામાં આવે, ન કોઈના ઉપર જુલમ કરવામાં આવે. જેથી આપે એક “કસામત” નો

તરીકો જારી કર્યો. કસામતનો અર્થ હુસ્ન, ખૂબસુરતી, ખુબી થાય છે. પરંતુ આ એક ઘણા જ વિશાળ અર્થવાળો શબ્દ છે.
કસામત એટલે જો કોઈ વ્યક્તિ કતલ થઈ જાય અને તેના વારસોમાંથી કોઈ દાવો કરે કે ફલાણી વ્યક્તિ તેનો કાતિલ છે. પરંતુ પોતાના દાવાની દલલીરૂપે, સાબિતી તરીકે બે ગવાહો રજૂ ન કરી શકે. પરંતુ એવા ચિહ્નો, સંજોગો, પરિસ્થિતિ ટેકો આપતી હોય કે દાવેદાર સાચો છે. ખૂન પેલાએ કર્યું જ છે. તેવી પરિસ્થિતિમાં દાવેદાર અને તેના કબીલાવાળાઓ પાસેથી પચાસ વખત કસમ લેવામાં આવે કે કાતિલ ફલાણો જ છે. જો આ ફરીયાદીઓની ગણતરી પચાસથી ઓછી હોય તો એકથી વધુ વખત કસમ લેવામાં આવશે. જેથી પચાસની સંખ્યા પૂરી થાય. દ્રષ્ટાંત રૂપે ફરીયાદીના પચ્ચીસ આદમી હોય તો દરેક પાસે બે બે વખત કસમ લેવડાવવામાં આવશે. આ રીતે આરોપીને કાતીલ જાહેર કરવામાં આવશે. આ રીતે મકતુલનું (જેનું ખુન થયું છે તે) ખૂન વ્યર્થ નહીં જવા પામે.
આ જ કારણથી હઝરત અબુતાલિબે અમરુ ઈબ્ને અલકમાના ખૂનના માટે “કસામત” નો તરીકો અપનાવ્યો, ઈસ્લામે પણ આ તરીકો ફાયદામંદ હોવાથી તેને જારી રાખ્યો.
ઈબ્ને અબીલ હદીદે લખ્યું છે કે :

"ઈસ્લામથી પહેલાં (જેને જમાનએ જાહીલીયત કહેવાય છે) હઝરત અબુતાલિબે અમરુ ઈબ્ને અલકમાના ખુન માટે "કસામત" નો તરીકો અપનાવ્યો. પછી ઈસ્લામે પણ તે તરીકાને પસંદ ફરમાવી પોતાના અહકામમાં જગ્યા આપી. (શરહ ઈબ્નુલ હદીદ, ભાગ-૩, પેજ નં. ૪૬૧)

અબુતાલિબ દોસ્ત કે દુશ્મન બંને માટે કદીય ન્યાયનો દામન છૂટવા દેતા ન હતા. ઈન્સાફના મામલામાં પોતાના નઝદીકી દોસ્તોને પણ રોકડી વાત સંભળાવી દેતા. ઈન્સાફના મામલામાં કોઈની પરવા ન કરતા. તેઓ સામાન્ય પરિસ્થિતીમાં જ જુલ્મના વિરોધી ન હતા બલ્કે યુદ્ધના સમયે પણ નાહક અને બિનજરૂરી લોહી રેડાય તે◌ે આપને પસંદ ન હતું. ઈસ્લામ પહેલાં કુરૈશ અને કબીલએ કૈસમાં યુદ્ધ ફાટી નીકળ્યું. આ જંગને ઈતિહાસમાં "હર્બે ફૂઝાર" કહેવામાં આવે છે. જે અચાનક જ ફાટી નીકળી હતી. આ જંગમાં કુરૈશ સાથે બની હાશિમ પણ શરીક થયા. પેગંબરે ઈસ્લામ (સલ.) હજી ઘણા નાના હતા. પોતાના કાકા સાથે જંગના મેદાનમાં આવતા. પરંતુ કોઈપણ પ્રકારનો ભાગ ન લેતા. કુરૈશે અનુભવ્યું કે જે દિવસે હઝરત અબુતાલિબ આવતા તે દિવસે યુદ્ધનું પલ્લુ કુરૈશની તરફ ભારી રહેતું. તેઓને હિંમત રહેતી,

જીત નજર આવતી. કુરૈશે આપને કહ્યું કે "અય સૈયદ અમારા રુહાની પેશ્વા આપ જંગમાં ભાગ લો કે ન લો, ફક્ત અમારી પાસે હાજર રહો, જેથી અમોને હિંમત રહે છે. આપની હાજરી અમારી જીતનું કારણ બને છે."

આપે ફરમાવ્યું "જો તમો જુલમથી સંબંધ તોડી નાખવાથી, વ્યર્થ ખૂનરેઝીથી અને ખોટા આક્ષેપો કરવાથી બચતા રહીને લડશો તો હું તમારી દ્રષ્ટિથી કદી છુપાયેલો નહીં રહું." (તારીખે યાઅકુબી ભાગ - ૨ પેજ નં. ૧૬)

વિલાયત આ લોકોનો ખાનદાની વારસો છે. આજે પણ વિલાયતનું કેન્દ્રસ્થાન અલી - ફાતેમાની અવલાદ છે. જે ઈમામતના અમાનતદાર હતા. જેમની પીઠમાં ઈમામત હતી. તેમને તેમના ખાનદાનવાળા કહેતા હતા કે આપ લડો કે ન લડો, ફક્ત અમારી વચ્ચે હાજર રહો, આપની હાજરીથી અમને ઢારસ મળે છે. અમારું પલ્લું ભારી રહે છે. વિજય તરફ આગેકૂચ થાય છે. હઝરત અબુતાલિબની આ વિલાયત નથી તો બીજું શું છે ?

આપ યુદ્ધના મેદાનમાં પણ બદલો અને રક્ષણાત્મક વ્યુહરચનામાંની વચ્ચે તફાવત બરાબર રાખતા હતા. જંગના સિદ્ધાંતો ઉપર બરાબર

અમલ કરતા હતા. જુલમથી બહુ જ નફરત કરતા હતા.

સીરતે નબવીયાહના કર્તા લખે છે કે :

હઝરત અબુતાલિબે ઈસ્લામ પહેલાં (જે સમયગાળો અન્ય લોકો માટે જમાનએ જાહીલીય્યત કહેવાતો હતો) પણ શરાબને પોતાની ઉપર હરામ કરી દીધી હતી. (સીરતે નબવીય્યાહ પેજ નં. ૮૦)

હંમેશા તબ્લીગે દીને ઈબ્રાહીમમાં લાગેલા રહેતા. લોકોને અલ્લાહની વહદાનિયત તરફ બોલાવતા. ભલાઈઓ તરફ બોેલાવતા, બુરાઈઓથી રોકતા.

હકીમુલ અરબ અકષમ, ઈબ્ને સૈફીથી પૂછવામાં આવ્યું, આપ હીકમત, સીયાસત, ઈલ્મ, બુદ્ધિચાતુર્ય કોની પાસેથી શીખ્યા ?

કહ્યું, "સરદારે અરબ અને અજમ ઈલ્મો - અદ્બની ખાણ હઝરત અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબથી." (હદીયતુલ અહબાબ, પેજ નં. ૨૫૬)

# પ્રકરણ : ૨૭

# પ્યારા નબી હઝરત મોહમંદ (સલ.) કાકા હઝરત અબુતાલિબની પરવરીશમાં

આપની અઝમત ખાનદાની એતેબારથી તો છે જ, નુબુવ્વત અને ઈમામત પણ આપની ગોદમાં તરબીયત પામી છે. આપ નુબુવ્વતના પણ રક્ષક છે અને ઈમામતના પણ અમીન છે. તેથી આ રીતે પણ આપનો મરતબો ઘણો વધી જાય છે.

પેગંબરે ઈસ્લામ (સલ.)નું બાળપણ આપની ગોદમાં જ વીત્યું. આપ (સલ.)ના વાલીદ મોહતરમ હઝરત અબ્દુલ્લાહ તો આપના જન્મ પહેલાં જ વફાત પામ્યા હતા. રસૂલ જ્યારે છ વર્ષના થયા તો વાલીદહ મોહતરમા આમેના પણ અલ્લાહને પ્યારાં થઈ ગયાં. ત્યારે આપ (સલ.) દાદા અબ્દુલ મુત્તલિબની ગોદમાં પરવરિશ પામવા લાગ્યા. પરંતુ બે જ વરસ થયા હતા કે દાદા પણ અલ્લાહને પ્યારા થઈ ગયા. (મોમીનની મોત અલ્લાહનો પ્યાર છે. દુનિયાની કેદોથી છુટકારો છે. આખેરત મોમીન માટે જન્નત છે.)

દાદા હઝરત અબ્દુલ મુત્તલિબ જિંદગીની છેલ્લી ઘડીઓમાં હઝરત અબુતાલિબને વસીય્યત ફરમાવી ગયા કે તેઓ પ્યારા નબી (સલ.)ની પરવરીશમાં કોઈ કમી ન રાખે. સ્વયં હઝરત

અબુતાલિબ પણ નબીથી એટલી મહબ્બત રાખતા હતા કે કોઈને કશું પણ કહેવાની જરૂર ન હતી. જેથી આપે જ્યારે પોતાના પ્રિય પિતાશ્રીની પેગંબરે ઈસ્લામ માટેની વસીય્યત સાંભળી તો કહ્યું :

"બાબા ! મને મોહમંદ (સલ.)ના માટે વસીય્યતની જરૂરત નથી. તે તો મારા બેટા અને મારા ભત્રીજા છે." (મનાકીબ ભાગ-૧ પેજ નં. ૨૧)

હઝરત અબ્દુલ મુત્તલિબ ઘણી બધી ઓલાદના માલીક હતા. અંતિમ સમયે  સંતાનો, બેટાઓ, બેટીઓ, પૌત્રો, પરપૌત્રો, સ્નેહીઓ બધાંજ આપની આસપાસ હાજર હતાં. તેમનામાંથી દરેક બખુશી મોહંમદ (સલ.)ની જવાબદારી સંભાળવા તૈયાર હતા. બલ્કે ઈચ્છતા હતા કે દાદા પોતાને આ કામ સોંપે. પરંતુ આપે દુરંદેશી વાપરી અંતરચક્ષુ દ્રષ્ટિથી કામ લઈ યતીમ અબ્દુલ્લાહ હઝરત મોહંમદ (સલ.)ની પરવરીશ - દેખભાળ નું કામ આપને સોંપ્યું. કારણ કે દાદાએ અનુભવ્યું હતું કે અબુતાલિબને "મોહંમદ" થી અનહદ મહબ્બત છે. હઝરત અબુતાલિબનો મોહંમદ (સલ.) પ્રત્યેનો વર્તાવ હઝરત અબ્દુલ મુત્તલિબ જોતા આવ્યા હતા.

પ્યારા નબી (સલ.)ના પિતોં હઝરત અબ્દુલ્લાહ અને હઝરત અબુતાલિબ ફક્ત એક બાપના પુત્રો

ન હતા. પરંતુ બંનેના માતૃશ્રી પણ એક જ હતાં. બંનેમાં પીઠ અને પેટ બંને પ્રકારની એકરૂપતા હતા. અશકય નથી કે હઝરત અબ્દુલ મુત્તલિબે આસમાની કીતાબો અને સહીફાઓમાં આવનાર નબી (સલ.) માટે ભવિષ્યવાણીઓ વાંચી હોય, અને અબુતાલિબમાં ઈસ્લામની મહબ્બતના ગુણ જોયા હોય, જેથી હઝરત મોહંમદ (સલ.)ની પરવરીશ આપને સોંપી હોય. અલ્લાહે પેગંબરે ઈસ્લામ ઉપર જે એહસાનો ફરમાવ્યાં, તેમાંથી આ એહસાનનો ખાસ ઝિક્ર કર્યો.

અલમ યજીદક યતીમન ફઆવા. (સુરતુલ ઝોહા - આયત નં. ૬)

અર્થાત "શું તેણે તમને યતીમ જાણીને પનાહ ન આપી ?

તમામ મુફસ્સીરો આ બાબત એકમત છે કે આ પનાહથી મતલબ હઝરત અબુતાલિબ છે કે પ્યારા નબી બાળપણનો અને કિશોરાવસ્થાનો લગભગ બધોજ સમય હઝરત અબુતાલિબની પનાહમાં રહ્યા.

હઝરત અબુતાલિબે પોતાના બુઝુર્ગ બાપની વસીય્યતને માથે ચઢાવીને પ્યારા નબી (સલ.)ને પોતાની પરવરીશમાં લઈ લીધા, તથા તે તમામ ફરજો જે એક મુરબ્બી અને નેક બાપની હોય શકે છે તે બધી જ ફરજો ખૂબજ બેહતરીન તરીકાથી

અદા કરી, રસૂલે ઈસ્લામની પરવરીશ એટલી મહબ્બત અને પ્યારથી કરી કે દરેક ઈતિહાસકારની કલમે તેનો ઈકરાર કર્યો છે.

ઈબ્ને સઅદનું વર્ણન છે કે :

"અબુતાલિબ રસૂલે ખુદાથી અનહદ મહબ્બત કરતા હતા. પોતાની અવલાદથી પણ વધારે તેમને ચાહતા હતા. રસુલે ઈસ્લામની પાસે જ સૂઈ જતા. જ્યારે પણ કંઈ બહાર જવાનું થાય તો તેમને સાથે લઈ જતા. દુનિયા અને તેની દરેક વસ્તુઓથી વધુ તેમના ઉપર આફરીન અને કુરબાન થઈ જતા હતા. (તબકાત ભાગ-૧, પેજ નં. ૧૧૯)

અબુતાલિબે ઘણો જ ઊંડાણથી પ્યારા નબીની જિંદગીનો અભ્યાસ કર્યો હતો. આપ (સલ.)ની દરેક પ્યારી આદતો, રીતભાતો, રહેણકરણી વગેરેને ખૂબજ ધ્યાનથી જોઈ હતી. રસૂલ જરૂરી બોલનારા, એકાંતપ્રિય હતા. રમતગમતમાં કોઈ દીલચસ્પી ન હતી. ન રખડપટ્ટીમાં. ન આપથી કોઈ નકામી વાત સાંભળવા મળતી. આ બધી નેક આદતોને કારણે હઝરત અબુતાલિબ એવું વિચારવા ઉપર મજબૂર થઈ ગયા હતા કે આ અસામાન્ય બાળક છે. અસાધારણ બુદ્ધિસમતા ધરાવે છે. અસાધારણ ખૂબીઓનો માલીક છે. જ્યારે આપ (સલ.)ની આદતો જોઈ તો આપ

(સલ.) સાથે અસાધારણ મહબ્બત રાખવા સાથે અકીદત પણ તેમના દીલમાં બેસી ગઈ. આ મહબ્બત અને અકીદતે હઝરત અબુતાલિબને દરેક પ્રકારની કુરબાની આપવા ઉપર તૈયાર કર્યા

હઝરત અબુતાલિબે પેગંબરે ઈસ્લામની જે કરામાતો જોઈ, સામાન્ય અનુભવથી વિરુદ્ધ જે ઘટનાઓ જોઈ, તેમાંથી આ વાત તો તેમનો દરરોજનો અનુભવ બની ગઈ હતી કે આપ (સલ.) દસ્તરખાન ઉપર મોજૂદ હોય તો ખાવાનું ભલે ગમે તેટલું થોડું હોય પરંતુ બધા જ પેટ ભરીને જમી લેતા. કોઈ ભૂખ્યું ન રહેતું. તેથી આપે આવો નિયમ બનાવી લીધો હતો કે જો "મોહંમદ" (અલ.) હાજર ન હોય, કયાંક આમ તેમ ગયા હોય તો ન પોતે ખાવાનું ખાતા ન કોઈને ખાવાની ઈઝાજત આપતા. હુકમ ફરમાવતા." જયાં સુધી મારા ભત્રીજા "મોહંમદ" (સલ.) ન આવી જાય કોઈ ખાવાને હાથ ન લગાવે. જ્યારે "મોહંમદ" (સલ.) આવી જતા પછી જ બધા સાથે મળીને જમવા બેસતા. જ્યારે દસ્તરખાન ઉપરથી કોઈ દૂધનો પ્યાલો ઊઠાવતું તો તેને નમ્રતાથી કહેતા "જરા થોભી જાઓ, પ્રથમ મારા ભત્રીજાને દૂધ પીવા દો, પછી આપણે પીશું"

જ્યારે રસૂલે ઈસ્લામ દૂધના પ્યાલામાંથી કંઈક પીવા અથવા ફક્ત પોતાના હોઠ મુબારક જ

લગાવી દેતા, પછી ઘરના સર્વે સભ્યો તે જ પ્યાલામાંથી ખૂબ જ તૃપ્ત થઈને, સંતુષ્ટ થઈને દૂધ પીતા. છતાંય દૂધમાં કમી ન થતી. હઝરત અબુતાલિબ ખુશ થઈને હસતા હસતા કહેતા :

“ઈન્ક લ મુબારકૂન”

તમે તો ઘણા જ મુબારક છો. આપ એક વખત “મોહંમદ” (સલ.) ને સાથે લઈ ક્યાંક જઈ રહ્યા હતા. અરફાતથી પાંચ કીલોમીટર જેટલે દૂર ઝીલમજાઝમાં પહોંચ્યા તો પ્યાસ લાગી. હઝરત આબુતાલિબે આપ (સલ.) ને કહ્યું, બેટા, ક્યાંક પાણી મળી શકશે ? આપ (સલ.) તરત જ ઊંટ પરથી નીચે ઊતર્યા અને એક પથ્થર ઉપર ઠોકર મારી, પછી ઝબાન મુબારકથી કંઈક ફરમાવ્યું અહીં આપ (સલ.)નું ફરમાન પૂર્ણ થયું ત્યાં તો પથ્થરમાંથી પાણીની ધાર છૂટવાની શરૂ થઈ. ફરમાવ્યું “ચચાજાન પાણી પી લો” જ્યારે હઝરત અબુતાલિબે પાણી પી લીધું તો આપ (સલ.) એ તે પથ્થર ઉપર બીજી વખત ઠોકર મારી કંઈક ફરમાવ્યું. તો ઝરણું બંધ થઈ ગયું. આવી જ નિશાનીઓ જોઈને હઝરત અબુતાલિબ આપ (સલ.) ને પોતાની દુઆઓમાં વસીલો બનાવતા હતા, આપના સદકામાં બારાને રહમત તલબ કરતા હતા. એક વખત મક્કામાં બિલકુલ વરસાદ ન પડવાથી સખત દુષ્કાળ વતર્વા લાગ્યો. લોકો

ગભરાઈ ગયા. કોઈ કહેતું "લાત અને ઉઝ્ઝાથી વરસાદ માગો" કોઈ કહેતું "મનાતની પાસે આજીજી કરો." ત્યાંજ એક ઘણા જ સુંદર દેખાતા બુઝુર્ગે કહ્યું.

"ક્યાં ભટકી રહ્યા છો ? જો કે તમારી વચ્ચે યાદગારે ઈબ્રાહીમ (અલ.) અને ફરઝંદે ઈસ્માઈલ (અલ.) હાજર છે." (તારીખે ઈસ્માઈલ ઝહબી પેજ નં. ૩૬)

લોકોએ પેલા સફેદ પોશાક નેક સીરત બુઝુર્ગને પૂછ્યું "શું આપના કહેવાનો મતલબ અબુતાલિબ છે ?" ઉત્તર મળ્યો "હા"

આ સાંભળતા જ લોકો દોડતા દોડતા હઝરત અબુતાલિબની પાસે આવ્યા. કહ્યું કે "અય કુરૈશના સરદાર ! અમે દુકાળથી બરબાદ થઈ રહ્યા છીએ. અમારા માટે વરસાદની દુઆ કરો."

હઝરત અબુતાલિબે યતીમ અબ્દુલ્લાહ હઝરત "મોહંમદ" (અલ.)નો હાથ પકડ્યો અને ખાનએ કાબાની પાસે આવ્યા. આપ (સલ.)ને કાબાની દીવાલ પાસે બેસાડયા. આપ (સલ.)ની આંગળી મુબારક ઉપર ઊઠાવીને હલાવી, વરસાદના કોઈ ચિહ્નો ન હતાં પરંતુ જોતજોતામાં ઠંડી હવા ફૂંકાવા લાગી, રહમતે ખુદા વરસવાનું શરુ થયું. ખૂબ વરસાદ પડ્યો, સૂકી જમીન પાણીથી

તરબતર થઈ ગઈ. રેગીસ્તાનોમાં પાણી દોડવા લાગ્યું, લોકોમાં આનંદ વ્યાપી ગયો.

હઝરત અબુતાલિબ ઘઉં અને અત્તરનો વેપાર કરતા હતા. જેથી કુરૈશના રીવાજ પ્રમાણે વરસમાં એક વખત મુલ્કે શામ જતા હતા. જ્યારે આપે મુલ્કે શામના સફરનો ઈરાદો કર્યો તો આપ (સલ.)ને વાત કરી કે "બેટા હું વેપાર અર્થે શામ જવાનો છું" પરંતુ આપ (સલ.)ને સાથે લઈ જવાનો પોતાનો વિચાર જાહેર ન કર્યો. કારણ કે તે વખતે આપ (સલ.) ની ઉંમર બાર વરસની હતી. ઘણા દૂરના પ્રદેશની મુસાફરી હતી. તકલીફોવાળી મુસાફરી હોઈ આપ (સલ.) આવી તકલીફો સહન કરવાને કાબીલ ન હતા. જ્યારે આપ (સલ.)ને ખબર પડી કે ચચાજાન પોતાને સાથે લઈ જવાનો ઈરાદો કરતા નથી તો આપ (સલ.) કાકાની સાથે ચોંટી ગયા. કાકાના શરીર સાથે લપટી ગયા, અને સાથે આવવાની મંજૂરી માગી. હઝરત અબુતાલિબને પણ આ જુદાઈ તો મંજૂર હતી જ નહિ. સાથે લઈ જવા સંમત થઈ ગયા. ફરમાવ્યું:

"બેટા ! ખુદાની કસમ ! હું આપને સાથે લઈ જઈશ અને આપણે કદી પણ એકબીજાથી જુદા નહીં થઈએ." (તારીખે ખમીશ ભાગ-૧, પેજ નં. ૨૫૭)

જનાબ આબુતાલિબે આપ (સલ.)ને સાથે લઈ લીધા અને શામ તરફ રવાના થઈ ગયા. જ્યારે જનાબ અબુતાલિબનો કાફલો શામના દક્ષિણ ભાગ તરફ બસરી મુકામે ગયો, તો ત્યાં એક જરજીસ ઈબ્ને અબી રબીયા નામના રાહિબે* જે બહીરા નામથી પ્રખ્યાત હતો, આપ (સલ.)ને જોઈ લીધા. તેણે આપમાં એવી નિશાનીઓ જોઈ જે નબીએ ખાતીમમાં હોવી જોઈએ. તેણે પેગંબરે ઈસ્લામને નજીકથી જોવા માટે આખા કાફલાને દઅવત આપી. કુરૈશે આપ (સલ.)ને ઊતારામાં સામાન વગેરે પાસે રક્ષિત જગ્યામાં છોડીને બધા દઅવતમાં હાજર થયા. બહીરાએ આપ (સલ.) ને ન જોયા તો પૂછ્યું "કે કોઈ બીજું પણ છે જે આપના કાફલામાં હોય અને દઅવતમાં ગેરહાજર હોય" કહ્યું કે "એક કિશોર છે. જેને સામાનની હિફાઝત માટે છોડી આવ્યા છીએ. રાહિબે કહ્યું "તેમને પણ બોલાવો."

જ્યારે આપ (સલ.) આવી ગયા તો બહીરાએ આ કિશોરને ખૂબ જ ધ્યાનથી જોયા. પગથી માથા સુધી નિરીક્ષણ કર્યું. પછી આપ (સલ.) નું પહેરણ મુબારક હટાવ્યું. મોહરે નુબુવ્વત જોઈ પછી આપ (સલ.)ની સાથે રાત-દિવસની પ્રવૃત્તિ અંગે ઘણીબધી વાતો કરી. બહીરા ઘણો જ ઈબાદતગુજાર હતો. ઉપરાંત આસમાની

કીતાબોના ઈલ્મનો પણ સારો એવો અભ્યાસી હતો. બહીરાની "હઝરત મોહંમદ" સાથેની આ વાતચીતથી કાફલો અચંબામાં પડ્યો.

બહીરાએ હઝરત અબુતાલિબને પૂછ્યું "આ કિશોર સાથે આપને શું સગાઈ સંબંધ છે ?" હઝરત અબુતાલિબે કહ્યું "મારો પુત્ર છે."

બહીરાએ થોડીક સેકન્ડ વિચારીને કહ્યું "આ આપનો પુત્ર નથી હોઈ શકતો, હું આ કિશોરનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યા પછી કહી શકું છું કે એનો બાપ જીવતો ન જ હોઈ શકે, હઝરત અબુ તાલિબ મુશ્કુરાયા પછી ઉત્તર આપ્યો. "આ મારો ભત્રીજો છે◌ે. મારી જ પરવરીશમાં છે. તેના બાપની વફાત તેના જન્મ અગાઉ જ થઈ ગઈ છે." આ સાંભળી બહીરા એકદમ ગંભીર થઈ ગયો. પછી કહ્યું "આ બાળકને અહીંયાથી અત્યારે જ પાછો લઈ જાઓ એને મક્કાની બહાર હરગિઝ ન નીકળવા દો, એવું ન બને કે યહુદીઓ એની દુશ્મની ઉપર ઊતરી આવે અને તેને કંઈ તકલીફ આપે. ખુદાની કસમ ! આ હિદાયતના પેગંબર છે, નબીએ મુરસલ છે, રસૂલોના સરદાર છે."

કાફલામાંથી કોઈકે પુછ્યું "આપે કેવી રીતે જાણ્યું કે "આ બાળક નબી અને રસૂલ છે."

બહીરાએ ઉત્તર આપ્યો. "જ્યારે તમારો કાફલો પહાડ ઉપરથી નીચે ઊતરી રહ્યો હતો ત્યારે હું આ

મકાનની મંઝીલ ઉપર હતો. મેં જોયું કે બધા જ પથ્થરો અને ઝાડો સિજદામાં પડી ગયા હતા. ઉપરાંત જયાં પણ આ બાળક જાય છે વાદળ તેની સાથે છાંયડો કરીને ચાલે છે. તે સિવાય પણ આ એમના રૂપ-રંગ, ચાલ ઢાલ, રહેણીકરણી, વંશાવલી વગેરેનો અભ્યાસ મેં આસમાની કીતાબોમાં કરેલો છે. મેં એમની સાથે વાતચીત પણ કરી છે. આ બધી નિશાનીઓ જોઈને હું વિશ્વાસ સાથે કહી શકું છું કે આ અલ્લાહના રસૂલ અને સરદારૂલ અંબિયા છે."

જ્યારે આપ (સલ.)ની વયમુબારક વીસ વર્ષની થઈ તો આપ (સલ.) એ એક દિવસ કાકાને કહ્યું કે "હું સ્વપ્નમાં ત્રણ નુરાની ચેહરાઓ જોઈ રહ્યો છું. જેમાંથી એક મારા તરફ ઈશારો કરીને પોતાના બે સાથીઓને કહે છે "આ છે તેઓ જેમની મદદ વખત આવ્યે આપણે કરવાની છે. તે સિવાય તેઓ કંઈપણ વાત કરતા નથી."

હઝરત અબુ તાલિબે મક્કાના એક આલીમ સમક્ષ આ વાતનું વર્ણન કર્યું. તેણે આપ (સલ.)ને ધ્યાનથી જોયા પછી કહ્યું. "ખુદાની કસમ ! આ પવિત્ર આત્માના માલીક, અતિપવિત્ર નબી છે."

હઝરત અબુતાલિબે પેલા આલિમને કહ્યું "મહેરબાની કરીને ચૂપ રહેજે અને આ વાતને જાહેર ન કરતો. કંઈ એવું ન બને કે અમારી જ કોમ

ઈર્ષાની આગમાં એમની દુશ્મન બની જાય, તમે જે કંઈ કહ્યું તે બરાબર છે અને હું આ વાતથી અજાણ નથી." "મારા વાલીદ અબ્દુલ મુત્તલિબ પણ મને કહી ગયા છે કે આ અલ્લાહના મોકલેલા નબી છે. સાથે મને હિદાયત પણ કરી છે કે હું આ વાતને પરદામાં રાખું, કે દુશ્મનો એમની વિરુદ્ધ ભડકી ન જાય." (તારીખે યાઅકુબી ભાગ-૨, પેજ નં.-૧૪)

આ ઘટનાઓ અને પરિસ્થિતિઓ હઝરત અબુ તાલિબ માટે નુબુવ્વતના સ્વીકારની નિશાનીઓ છે. બલ્કે આફતાબે રિસાલતના જાહેર થયા અગાઉ જ આપના દીલમાં નૂરે રીસાલત ઘર કરી ગયું હતું. આપ યકીન રાખતા હતા કે યતીમ અબ્દુલ્લાહ આખરી નબી છે. જેથી આપ (સલ.)ની પરવરીશ અને દેખભાળમાં રૂપિયા-પૈસા ચીજો ખર્ચ કરતાં પણ વધુ રુહાની કાળજી લેતાં ખુશી અનુભવતા. હઝરત અબુતાલિબ પોતે તો ખૂબ કાળજી લેતા, તે સિવાય પણ આપના માણસો પણ આપ (સલ.) ને પોતાની નજરોથી કદી હટવા ન દેતા. આપ (સલ.) ને તમામ સગવડો આપવામાં હંમેશા તત્પર રહેતા.

આપ (સલ.) કિશોરાવસ્થા વટાવીને યુવાનીમાં દાખલ થઈ ચૂકયા હતા. હઝરત અબુતાલિબને આપ (સલ.)ના રોજગારની ચિંતા થઈ. કુરૈશનો

રોઝીનો ઝરીઓ વેપાર હતો. પરંતુ તેમાં મૂડી જોઈએ જે માટે પોતે કમજોર હતા.

# પ્રકરણ : ૨૮

## હઝરત ખદીજા (રઝિ.)ની સાથે આપ (સલ.)ના નિકાહ અને ઈમાને અબુતાલિબ

તે સમયે મક્કામાં એક ખૂબ આબરુદાર અને માલદાર નેક ખાતૂન હતાં. જેમનું મુબારક નામ ખદીજા બિન્તે ખુલેદ હતું. તે ખરીદ-વેચાણ માટે પોતાના કારકૂનો બીજા શહેરોમાં મોકલતાં હતાં. હઝરત અબુતાલિબે આપ (સલ.)ને હઝરત ખદીજા (રઝી.)નો કારોબાર સંભાળવાનો મશ્વેરો આપ્યો. સ્વયં પણ હઝરત ખદીજા (રઝી.) પાસે ગયા અને કહ્યું. "આપ જે શરતો સાથે બીજાઓને વેપાર અર્થે મોકલો છો, મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહને પણ મોકલો. હઝરત ખદીજાએ આ વાત મંજૂર કરી લીધી. વેપાર આપ (સલ.)ને સોંપી દીધો. આપ (સલ.) થોડીક મુદત હઝરત ખદીજા (રઝી.)ના માલનો વેપાર કરતા રહ્યા. ખૂબજ કામ્યાબી મળી. ખૂબ જ માલ વેચાયો, ખૂબ જ નફો પણ થયો. ખદીજા (રઝિ.) મોહંમદ (સલ.)ના વેપારથી ઘણા જ ખુશ થયા. આપની વર્તણુક, દીયાનતદારી, ખુશમિજાજીથી ઘણા જ પ્રભાવિત થયાં. તેમણે કોઈકની સાથે શાદીનો પેગામ મોકલ્યો.

આપ (સલ.) એ પોતાના કાકા હઝરત આબુતાલિબ સાથે મશ્વેરો કર્યા બાદ શાદીનો પેગામ મંજૂર કરી લીધો. ઓપચારિકતા રીતરીવાજ પૂર્ણ થયા એટલે હઝરત અબુતાલિબ, હમઝહ અબ્બાસ, અને બીજા બની હાશિમના અગ્રેસરો સાથે હઝરત ખદીજા (રઝિ.) ના મકાન ઉપર આવ્યા. શાદીની મેહફીલ કાયમ થઈ. જેમાં હઝરત અબુતાલિબે નિકાહનો ખુત્બો પઢ્યો.

**અરબી ખુત્બાનો અનુવાદ :**

"તમામ તારીફ તે અલ્લાહના માટે છે જેણે અમને હઝરત ઈબ્રાહીમ (અલ.)ની વંશજોમાં, ઈસ્માઈલ (અલ.)ની વંશજોમાં, શ્રેષ્ઠ પ્રભાવશાળી એવા નમ્ર ખાનદાનમાં પેદા કર્યા અમને પોતાના ઘરના રક્ષક બનાવ્યા. અમે હરમેખુદાના રખેવાળ છીએ. જેને અલ્લાહે અમારા માટે હજનું સ્થળ અને અમનની જગ્યા બનાવી છે. અમને લોકોના હાકીમ બનાવ્યા છે. આ મારા ભત્રીજા મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ છે. જો કોઈની સાથે પણ તેમની તુલના કે બરાબરી કરવામાં આવશે તો ઈજ્જતમાં, કુલીનતામાં, શરાફત અને સજ્જનતામાં તથા અક્કલ હોશિયારીમાં તેમનું પલ્લું ભારે રહેશે. જો કે માલદવલત તેમની પાસે થોડી છે, પરંતુ દવલત એક ફરતી વસ્તુ છે. આવીને પાછી ફરવાવાળી છે. ખુદાની કસમ તેમનું

ભવિષ્ય ઈજ્જતથી ભરપુર હોઈ તેમનાથી એક ખુદાઈ સંદેશની જાહેરાત થશે." (સીરતે હલબીયા, ભાગ-૧ પેજ નં. ૧૩૯)

આ એક ટૂંકો ખુત્બો છે. આ ખુતબએ નિકાહથી હઝરત અબુતાલિબના અકીદા અને વિચારસરણીનો તથા આપ (સલ.)ના વિષયમાં તેમના ખ્યાલાતનો અંદાજો લાવી શકાય છે. તેમણે ખુત્બાની શરુઆતમાં અલ્લાહની હમ્દોસના કરેલ છે. જેનાથી આપની તોહીદ પરસ્તીનો ખ્યાલ આવે છે. હમ્દોસના પછી હઝરત ઈબ્રાહીમ (અલ.)ની સંતાનો તથા હઝરત ઈસ્માઈલ (અલ.)ની વંશજો સાથે પોતાના સંબંધની જાહેરાત કરીને કાબાની હીફાઝત અને રખેવાળી તથા લોકોના ઉપર પોતાની સરદારીનું વર્ણન છે.

ઉપરોક્ત વર્ણનથી આપ હઝરત ઈબ્રાહીમ (અલ.)ની વંશજો હોવાને કારણે તેમના હોદ્દાઓ ઉપર ચાલ્યા આવતા હતા. બલ્કે આ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે હરમના આ હોદ્દાઓ સિવાય હઝરત ઈબ્રાહીમ (અલ.) તથા હઝરત ઈસ્માઈલ (અલ.)ની તાલીમાત - ઈલ્મો અમલના પણ વારસદાર છે. જો હઝરત અબુતાલિબ ઉપરોક્ત આંબિયાની તાલીમાતથી બેપરવા હોત, તો તેમના સંતાનો હોવા ઉપર ફખર કરવાની કોઈ

જરૂર જ ન હતી. આપે પોતાના ખુતબામાં આપ (સલ.)ની ઈજ્જત, બુદ્ધિમત્તા, તથા કમાલાતનું વર્ણન પણ કર્યું છે. રસૂલે ઈસ્લામની મહબ્બતને દુનિયાના માલની ઉપર પ્રભૂત્ત્વ આપતાં આપે માલે દુનિયાને ઘટતો-વધતો છાંયડો કહ્યો છે. જે કાયમી અને સ્થિર પણ નથી. આપ (સલ.)ની આલમગીર નુબુવ્વતનું પણ વર્ણન આપના ખુત્બામાં મળે છે. જે આલમે ઈન્સાનિયતને સીધો રસ્તો બતાવશે.

જ્યારે આપ (સલ.)ની વય મુબારક ચાલીસ વર્ષની થઈ તો અલ્લાહે આપને જે મકસદથી પેદા કર્યા હતા તે મકસદની પૂર્ણતા માટેનું સર્ટિફિકેટ આપ્યું. આપે આલમે ઈન્સાનિયતની હિદાયતનો ભાર પોતાના ખભાઓ ઉપર ઉઠાવ્યો. આપ અરબના જહાલતભર્યા અંધકારમાં હિદાયતના ચિરાગ સળગાવવા ઘેર ઘેર હિદાયતનો પેગામ પહોંચાડવા માટે ઊભા થયા. દઅવતે ઈસ્લામીની શરૂઆતના વરસોમાં તબ્લીગનું વર્તુળ સિમિત હતું. દઅવતે ઈસ્લામી ઘણેભાગે છુપી રીતે કામ કરતી હતી. ગણતરીના લોકો સિવાય બીજાઓથી સાવધાની રાખવામાં આવતી હતી. નમાઝ અદા કરવા એકાંત સ્થળની શોધ કરવામાં આવતી હતી. કદીક કોઈ મકાનમાં બંધ બારણે ઈબાદત કરતા, તો કદીક હઝરત અલી (અલ.)ને લઈને પહાડોની ખીણોમાં

જઈને નમાઝ અદા કરતા. (સુન્નત જમાતના ઈતિહાસકાળ તારીખે તબરીની રીવાયત અનુસાર)

એક વખત હઝરત અબુતાલિબે બંને બેટાઓને (હઝરત મોહંમદ (સલ.) અને હઝરત અલી (અલ.)) પહાડની એક ખીણમાં નમાઝ પઢતા જોઈ લીધા. તો હઝરત અલીને પૂછ્યું, બેટા ! આપ લોક શું કરતા હતા ? હઝરત અલી (અલ.) એ ઉત્તર આપ્યો. અબ્બા ! અમે નમાઝ પઢતા હતા. પૂછ્યું કે બેટા આ કયો દીન છે ? બાબા ! હું અલ્લાહના રસૂલ મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહના દીન પર છું. જ્યારે હઝરત અબુતાલિબે આ સાંભળ્યું તો કહ્યું "બેટા ! તમે એમની સાથે જ લાગેલા રહો, તે જ તમને નેકી અને હિદાયતનો રસ્તો બતાવશે. (તારીખે તબરી ભાગ-૨ પેજ નં. ૫૮)

જો હઝરત અબુતાલિબ કુફ્ર પસંદ કે ઈસ્લામ દુશ્મન હોત તો હઝરત અલી (અલ.)ને રોકત. ઉપરાંત હઝરત મોહંમદ (સલ.)ને ઠપકો આપત કે મેં મારા બેટાને આપની પાસે એટલા માટે નથી રાખ્યો કે આપ તેને ગૂમરાહ કરીને નવા મઝહબ તરફ બોલાવો. હઝરત અલી (અલ.) ને પણ કહેત કે બેટા ! મોહંમદની સાથે ન ફરો. પોતાના બાપ-દાદાના દીન ઉપર કાયમ રહો. વગેરે વગેરે.

પરંતુ હઝરત અબુતાલિબ પેગંબરે ઈસ્લામ (સલ.)ને આવું કંઈપણ કહેતા નથી. બલ્કે હઝરત અલી (અલ.)ને આપ (અલ.)ની પેરવી કરવાનો - તાબેદારીમાં રહેવાનો હુકમ આપે છે. તે આ બાબતની મજબૂત દલીલ છે કે આપ તવહીદપરસ્ત હતા. જાહીલાના રસ્મોથી તદ્દન દૂર હતા. બૂતપરસ્તીના સખત વિરોધી હતા. આ દલીલો આપના ઈમાન માટે પુરતી છે.

આપ (સલ.)ને આ રીતે છુપી-છુપી તબ્લીગ કરતાં ત્રણ વરસ પસાર થઈ ગયાં. જ્યારે બઅસતનું ચોથું વર્ષ આવ્યું. (બઅસત - નુબુવ્વતની જાહેરાત) તો આપ (સલ.)ને ખુલ્લમ ખુલ્લા તબ્લીગ કરવાનો હુકમ આપવામાં આવ્યો. આપ (સલ.) એ હઝરત અબુતાલિબ - કાકાના મકાન ઉપર એક સામાન્ય દઅવતની વ્યવસ્થા કરી. પોતાના સગાવહાંલા, દોસ્તો, સ્નેહીઓ સર્વેને બોલાવીને તેઓને અલ્લાહનો સંદેશ - તવહીદ અને રીસાલત સંભળાવ્યો. બુતોની પૂજા છોડીને ખુદાએ વાહીદની ઈબાદત કરવાનો ખુલ્લો હુકમ આપ્યો. પોતે નબી હોવાની સ્પષ્ટતા કરી. કાકાએ કુરૈશના અગ્રેસરોનો ગુસ્સો જોઈ લીધો. તેઓ જાણતા હતા કે કુરૈશ પોતાના જુના રીતરીવાજો, પૂજા પદ્ધતિઓની વિરુદ્ધ કોઈપણ અવાજ સાંભળી શકશે નહિ. જેથી તેઓ જરૂર આપ

(સલ.)ની વિરુદ્ધ મોરચો માંડશે, અરે મારવા પણ ઊભા થઈ જશે. જેથી આપે મુનાસિબ સમજ્યું કે તેઓના કાન ખોલી નાખે કે મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ નિ:સહાય, એકલા નથી, બલ્કે અમે તેમના હાથ-પગ છીએ, તેમનું શરીર છીએ. દરેક સેકન્ડે તેમની સાથે તેમની હિફાઝતમાં રહીશું, જેથી આપે ઉત્તેજના સાથે હકની હિમાયતમાં ઊંચા અવાજથી કહ્યું :

"ખુદાની કસમ અમે જ્યાં સુધી જીવતા રહીશું, દુશ્મનોથી આપનું રક્ષણ કરીશું. (તારીખ કામીલ ભાગ-૧, પેજ નં. ૪૧)

જ્યારે પેગંબરે ઈસ્લામની અવાજ ઘરની ચાર દિવાલોની બહાર કુફ્રની ફિઝાઓમાં ગુંજી ઊઠી, તો તેનો વિરોધ વંટોળ ઊઠ્યો. જેઓ આપથી મહબ્બત રાખતા હતા. આપને અમીન સાદીક કહેતા હતા. તેઓ આપના રસ્તાના પથ્થર બની ગયા. કુરૈશે ડગલે ને પગલે આપનો રસ્તો રોકવો શરૂ કર્યો. કુરેશે એવી કોઈ મુશ્કેલી નથી છોડી જે તેમના દિમાગમાં આવી હોય અને રસૂલે ખુદા માટે ન ઊભી કરી હોય. છતાંય આપ (સલ.) સંપૂર્ણ રીતે દીને ખુદાની તબ્લીગમાં લાગી રહ્યા.

કુરૈશ એક પ્રતિનિધિ મંડળ બનીને હઝરત અબુતાલિબ પાસે આવ્યા, અને કહ્યું :

"આપ ફરઝંદે અબ્દુલ્લાહની પ્રવૃત્તિઓ જોઈ રહ્યા છો. તેમણે કેટલાક પછાત - ગરીબ લોકોને બેહકાવીને પોતાના દીનમાં દાખલ કરી લીધા છે. અમે ઈચ્છીએ છીએ કે તેમની સાથે રુબરુ વાતચીત કરીને તેમને આ પ્રવૃત્તિથી રોકાઈ જવા સમજાવીએ, સાથે આપ પણ તેમને સમજાવીને તમારી વર્તણુંક બદલો, માટે આપ મોહંમદને બોલાવો."

હઝરત અબુતાલિબ મકાનની અંદર આવ્યા. રસૂલે ઈસ્લામને કહ્યું "બેટા, કોમના અગ્રેસરો આપને મળવા ઈચ્છે છે. આપ મુનાસિબ સમજો તો મળી શકો છો, નહીં તો હું તેમને ના પાડી દઉં."

આપ (સલ.) બહાર તશરીફ લાવ્યા, અને તેઓને પૂછ્યું "આપ લોકો શું કહેવા ઈચ્છો છો ?" તેમણે ઉત્તર આપ્યો અમે આ વાત તમારા સુધી પહોંચાડવા આવ્યા છીએ કે આપ અમારા બુતો સાથે કોઈ સંબંધ ન રાખો તો ભલે પરંતુ તેમને બુરું ન કહો, ન તો અમારા દીન ઉપર કોઈ એતરાઝ કરો, હુમલો કરો, જો આપ અમારી આ વાતો માની લેશો તો અમે તમારા કોઈપણ કામમાં દાખલગીરી કરીશું નહિ. તમે જાણો ને તમારું કામ.

આપ (સલ.) એ ફરમાવ્યું :

"હું આ જ તો કહું છું કે અલ્લાહ એક છે, તેની ઈબાદત કરો, તેને છોડીને તમે જાતે બનાવેલા બૂતોની ઈબાદત ન કરો. આ મારી ફરજ અધિકારની રીતે છે કે હું બુતપરસ્તીનો વિરોધ કરું અને ખુદાપરસ્તીની તબ્લીગ કરું. હું અલ્લાહનો પેગંબર છું."

કુરેશના અગ્રેસરોએ કહ્યું "આશ્ચર્ય પમાડે એવી વાત છે કે અમે અમારા બાપદાદાનો મઝહબ છોડી દઈએ અને બધા જ બૂતોને છોડીને એક જ ખુદાના બની રહીએ." આમ બોલીને ખૂબ જ ગુસ્સા સાથે મોં બગાડીને ચાલતા થયા.

આ સમયે હઝરત અબુતાલિબે એવી અકલમંદીથી કામ લીધું કે કુરૈશ ગુસ્સામાં ભડકી ન જાય. આપે દુરંદેશીપૂર્વક નરમાશથી કામ લીધું. જેથી કુરેશના ગુસ્સાનો એકદમ તબ્લીગના પહેલા જ પગથિયે મુકાબલો ન કરવો પડે. તેમાં બીજો હેતુ આ પણ હતો કે કુરેશના હિદાયત તરફ બોલાવવાનો - ઈસ્લામની દઅવતનો રસ્તો પણ ખુલ્લો રહે. કુરેશ જરા ઠંડા રહે તો આપ (સલ.)ની મુબારક વાણી પણ સાંભળે, વિચાર કરે, તેમને હક ને બાતિલને પરખવાનો મોકો મળે, જેમ બીજી બધી જ બાબતોમાં રસૂલે ઈસ્લામની વાતોને આજ દિન સુધી માનતા આવ્યા છે, મઝહબના મામલામાં પણ આપની સચ્ચાઈનો ઈકરાર કરી લે. કુરૈશ

વિચારે જેઓ (મોહંમદ સલ.) ચાલીસ વર્ષની ઉંમર સુધી કદી જુઠની પાસે ફરકયા પણ નથી, તેઓ દીનના મામલામાં આટલું મોટું જુઠ કેવી રીતે બોલી શકે કે રીસાલતનો દાવો કરી બેસે, પોતે અલ્લાહના પ્રતિનિધિ હોવાનો દાવો કરે.

પરંતુ કુરૈશ પોતાના વિચારોમાં તસથી મસ થવા તૈયાર ન હતા. તેમણે વિચાર્યું કે અમારા અકીદાનું રક્ષણ ત્યારે જ શકય છે જ્યારે મોહમંદ (સલ.) ને મારી નાખીએ. પરંતુ હઝરત અબુતાલિબના જીવતોંવંત તેઓમાં આ શક્તિ ન હતી કે હઝરત અબુતાલિબની હયાતીમાં હઝરત મોંહમદ (સલ.)ને જરા પણ તકલીફ પહોંચાડે.

કુરૈશે વિચાર્યું કે કોઈપણ રીતે અબુતાલિબની છત્રછાયામાંથી મોહંમદ (સલ.) ને બહાર હઠાવીએ તો આપણું કામ આસાન થઈ જશે. તેઓએ એક ખુબસુરત વ્યક્તિ અમારહ ઈબ્ને વલીદને પસંદ કર્યો, તેને અબુતાલિબ પાસે લાવ્યા, અને કહ્યું.

“આપ આ નવયુવાનને તમારો બેટો બનાવી લો, અને મોહંમદ (સલ.)ને છોડી દો. તેના ઉપરથી પોતાનો અધિકાર પડતો મૂકો. હઝરત અબુતાલિબે તેઓની આવી નવાઈ પમાડે એવી ફરમાઈશ સાંભળી તો ફરમાવ્યું :

“આ સારો ઈન્સાફ છે. હું તમારા બેટાને લઈને તેનું પાલન પોષણ કરું, અને મારો પોતાનો પુત્ર - મારો ભત્રીજો તમારે હવાલે કરી દઉં. જેથી તમે તેને કતલ કરી દયો. ખુદાની કસમ આવું કદી પણ શકય નથી.”

કુરૈશની આ વર્તાણુંક ઈન્સાની મહબ્બતથી બેખબરી અથવા તો બેમુરવ્વતીની હદ સુધી ખરાબ હતી. એક મામૂલી બુદ્ધિનો વ્યક્તિ પણ આ વાત ન સ્વીકારે. પરંતુ ગરજને અકકલ હોતી નથી કે આવી બેહુદી માંગણી કરી બેઠા. હઝરત અબુતાલિબે ધમકાવ્યા તો ચાલી ગયા. હઝરત અબુતાલિબ એક એવા બાહોશ વ્યક્તિ હતા કે અગર કોઈ પરાયા ઈન્સાનને પનાહમાં લઈ લે તો તેના રક્ષણ માટે પણ પોતાનો જીવ આપવા તૈયાર થઈ જાય. તો આ તો પોતાનું લોહી-માંસ હતું, પોતાનો સગો ભત્રીજો હતો. તેને તલવારોના હવાલે કરી દે !! જેનું સગા દીકરાથી પણ વધુ કાળજી લઈ પાલનપોષણ કર્યું હતું.

કુરૈશની આવી માંગણીથી તેઓના હલકા વિચારોનો ખ્યાલ આવે છે. કેટલા અધમ લોકો હતા. ઈસ્લામની દુશ્મનીમાં તેઓ ઘણા જ નીચે ઊતરી ગયા હતા, આવા જાહીલ લોકોને સમજાવવું ઘાણું જ મુશ્કેલ કાર્ય હતું. જેઓ પોતાની બધી જ શક્તિ જાન, માલ દવલત,

ઈજ્જત આબરુ દાવ પર લગાવીને મોહંમદનો રસ્તો રોકવા માટે મેદાને પડ્યા હતા. જેવી રીતે આજે ઈસ્લામી ઈન્કિલાબનો રસ્તો રોકવા માટે કહેવાતા મુસલમાનો દાઢી-ઝભ્ભાઓ સાથે મેદાનમાં પડેલા છે. આ સુસંસ્કૃત કહેવાતા જમાનાનો આવો હાલ છે તો તે સમયનો હાલ કેવો હશે ? જરા કલ્પના કરો. કોઈ એક પણ એવી યુક્તિ પ્રયુક્તિઓ આ લોકોએ બાકી રાખી ન હતી જેનાથી મોહંમદ (સલ.) નો રસ્તો રોકે, દઅવતને તેના ઉદયકાળમાં જ કચડી નાખવા માટે આ લોકો મોહંમદ (સલ.)ના રસ્તાના પથ્થર બન્યા હતા. રસુલે ઈસ્લામ (સલ.) પોતે ફરમાવે છે કે :

"મને એટલો સતાવવામાં આવ્યો કે કોઈ નબીને એટલા સતાવવામાં નથી આવ્યા, મને એટલો ડરાવવામાં આવ્યો કે કોઈ નબીને એટલા ડરાવવામાં નથી આવ્યા."

આ બધી મુશ્કેલીઓ દૂર કરવા અને કુફફારે કુરૈશથી આપ (સલ.) નું રક્ષણ કરવા હઝરત અબુતાલિબ સિવાય કોઈનું નામ ઈતિહાસમાં મળે છે ? ઈતિહાસ બીજું કોઈ નામ બતાવવા માટે અસમર્થ છે. આ બધી જ રીવાયતો એહલે સુન્નત બિરાદરીની કીતાબોમાં છે.

મતલબ કુરૈશની તમામ યુક્તિ પ્રયુક્તિઓ નિષ્ફળ ગઈ અને ઈસ્લામની અવાજ દ્બાવવાની

જગ્યાએ વધુ ફેલાતી ગઈ. હવે ખુદાના દુશ્મનોને ચિંતા પેઠી કે જો આ રીતે જ ઈસ્લામ ફેલાતો રહ્યો, લોકો ઈસ્લામના દાયરામાં દાખલ થતા રહ્યા તો એક દિવસ આ નાની જમાત સિયાસત (રાજયવ્યવસ્થા) ઉપર પોતાનું પ્રભૂત્ત્વ જમાવી દેશે, તેમને પગો નીચે રગદોળી નાખશે, તેમનું પ્રભૂત્ત્વ છીનવી લેશે. જ્યારે તેમને પોતાના પ્રભૂત્ત્વ પર ખતરો દેખાયો ત્યારે તેમના કેટલાક અગ્રેસરો શેખે અરબ મોમીને કુરેશ હઝરત અબુતાલિબની પાસે આવ્યા, કહ્યું "અમે પ્રથમ વખત તો ખામોશ થઈને ચાલ્યા ગયા હતા. પરંતુ હવે તો અમારી ધીરજ ખૂટી ગઈ છે, અમારી સહનશક્તિની હદ આવી ગઈ છે. અમે કયાં સુધી આપની ઈજ્જત-આબરુ ને બુઝૂર્ગીનો ખ્યાલ રાખીએ, હવે તો અમારે તે પગલાં ભરવા પડશે, જે આજદિન સુધી એટલા માટે નથી ઉઠાવ્યાં કે કદાચ આ અવાજ દ્બાઈ જાય. પરંતુ આ અવાજ સ્વયં દ્બાતી માલૂમ પડતી નથી. આપ આપના ભત્રીજાને સખ્તાઈથી સમજાવો કે તે ખામોશ બેસી રહે અને આસ્માની વાતો કરવાનું બંધ કરે, નહીં તો આપ વચ્ચેથી ખસી જાઓ જેથી અમે કોઈની પરવા કર્યા વગર ફેંસલો કરીએ."

હઝરત અબુતાલિબે આ લોકોનો ગુસ્સો જોયો તો ગભરાઈને પેંગબરે ઈસ્લામની પાસે આવ્યા,

ફરમાવ્યું "બેટા ! કુરૈશના સરદારો ફરીથી ભેગા થઈને મારી પાસે આવ્યા છે, આપ તબ્લીગે ઈસ્લામનો આવો તરીકો અપનાવો કે તેઓ ઠંડા રહે, બેટા ! મને ભય લાગે છે કે તેઓ તમને કંઈ તકલીફ પહોંચાડી દે અથવા કતલ કરી નાખે, અચાનક આપ ઉપર હુમલો કરી દે, તો હું એકલો પડી ગયો છું. કેવી રીતે તેમનો મુકાબલો કરીશ ? બેટા ! મને ખૂબ ચિંતા થાય છે. મારી ઉંમરે પણ મને જવાબ આપી દીધો છે. આ લોકોના જુલમ વધી રહ્યા છે. હું એકલો કેવી રીતે તેમનો મુકાબલો કરીશ, તેમના વધતા તોફાન અને બદમાશીઓને હું કેવી રીતે રોકી શકીશ ?

આપ (સલ.)એ હઝરત અબુતાલિબની જીભથી આ શબ્દો સાંભળ્યા તો આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. રસૂલે ઈસ્લામે ગદગદ અવાજથી કહ્યું :

"ચચાજાન ! હું તો તેઓને નેકી અને ખુદાપરસ્તીની દઅવત આપું છું. હું અલ્લાહનો રસૂલ હોઈ મારા અધિકારનો તકાઝો છે કે હું તેઓને અલ્લાહના અહકામો બતાવું, નાજાઈઝ, હરામ કાર્યોથી રોકું. જો તેઓ મારા એક હાથમાં સૂરજ અને બીજા હાથમાં ચાંદ લાવીને મૂકી દે તો પણ હું એલાને હક સાથે મારા ફર્જની અદાઈગીથી રોકાઈશ નહિ." આમ કહીને આપ (સલ.) ત્યાંથી ચાલવા લાગ્યા.

હઝરત અબુતાલિબે ફરઝંદ મોહંમદ (સલ.)ની ઉપરોક્ત વાત સાંભળી તો વૃદ્ધ શરીર કાંપવા લાગ્યું. અવાજ આપીને આપ (સલ.) ને રોકયા. તેમના અટલ નિશ્ચયથી પ્રભાવિત થઈને પૂરા વિશ્વાસ સાથે કહ્યું:

"બેટા, જાઓ, જે રીતે ઈચ્છો તબ્લીગે દીને હકનું કાર્ય કરો, ખુદાની કસમ ! હું કદીપણ આપનો સાથ છોડીશ નહિ.

હઝરત અબુતાલિબના આ હિંમતભર્યા ઉત્તરથી રસૂલે ઈસ્લામ ખુશ થઈ ગયા. આપે પોતાના આંસુ લૂછી લીધા. આપ (સલ.)ની હીંમત વધી ગઈ. એકલાપણાનો, અટૂલાપણાનો એહસાસ જતો રહ્યો. આમ ફરીથી પોતાની મદદ પેગંબરે ઈસ્લામને કરવાના વાયદા સાથે હઝરત અબુતાલિબે કુરૈશના અગ્રેસરનો તરફ દ્રષ્ટિપાત કરી કહ્યું :

"તમે લોકો જઈ શકો છો. ખુદાની કસમ મારા ભત્રીજાની જીભને મેં કદીપણ જુઠ બોલતી સાંભળી નથી." (અસાબા - ભાગ - ૪ પેજ નં. ૧૧૬)

આ દલીલો છે ઈમાને અબુતાલિબની.

કુરૈશના આ પ્રતિનિધિ મંડળો હઝરત અબુ તાલિબ પાસે એટલા માટે આવતા ન હતા કે તે કોઈ તટસ્થ વ્યક્તિ હતા. તે તો પાકા મસુલમાન હતા.

પરંતુ ઝઈફ હતા, વડીલ હતા, બની હાશિમના વડા હતા, ગરીબાઈને કારણે આપે હજની જવાબદારીઓના હોદ્દાઓ છોડી દીધા હતા. છતાંય આપ અગ્રેસર કમિટિના એક સભ્ય તો હતા જ. આપના દસ્તરખાન ઉપર આ લોકોએ સેંકડો વખત ખાધું હતું, આપના વડવાઓ હઝરત ઈબ્રાહીમ (અલ.) થી લઈ આજદિન સુધી મક્કાના આગેવાન - હજની ક્રિયાઓના જવાબદાર, વ્યવસ્થા કરનાર ચાલી આવતા હતા. સમાજ ઉપર આપનું એક વજન હતું. મક્કાનો સમગ્ર સમાજ આપનો કોઈ ન કોઈ પ્રકારે ઋણી હતો. હઝરત અબુ તાલિબ એક બુદ્ધિશાળી, કુશાગ્ર બુદ્ધિના, દુરંદેશ વ્યક્તિ હતા. તેઓ એમ ઈચ્છતા હતા કે ફરઝંદે અબ્દુલ્લાહ હઝરત મોહમંદ (સલ.) પોતાની છત્રછાયામાં - પોતાની હયાતીમાં તબ્લીગે ઈસ્લામ ચાલુ રાખી, પોતાની હયાતી દરમ્યાન એક નાની સરખી જમાત પણ તૈયાર કરી દે, તો પછી આ કુરૈશી આગેવાનો આપમેળે દ્બાઈ જાય. મક્કાના આ કુરૈશીઓ માલેતુજાર હતા. ગમે તે સમયે ગમે તે કરવા દુન્યવી દ્રષ્ટિએ શક્તિમાન હતા.

જો હઝરત અબુતાલિબ આ અગ્રેસરોને ધમકાવી - તુચ્છાકારીને કાઢી મૂકે તો રસૂલે ઈસ્લામ ઉપર તેઓનો દ્બાવ વધી જાય. ઈસ્લામ હજી પોતાના

ઉદયકાળમાં હતો. આ કુરૈશીઓ હઝરત અબુતાલિબનો ખ્યાલ રાખીને રસૂલ ઉપર જુલમ કરતાં અચકાતા હતા. હઝરત અબુતાલિબ આ રીતે કામ ન લે તો ઈન્કિલાબે ઈસ્લામીને પોતાના ઉદયકાળમાં જ વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડે. હઝરત અબુ તાલિબની આ દુરંદેશી હતી, હોશિયારી હતી કે અલ્લાહનો નબીપોતાનો ભત્રીજો પોતાનું કામ ચાલૂ રાખે, તબ્લીગ ચાલુ રહે, કારવાંને મોહંમદીમાં લોકો જોડાતા રહે, અને આ અગ્રેસરો ઠંડા રહે.

ક્યાંય પણ, ઈતિહાસના કોઈ ખૂણે પણ હઝરત અબુતાલિબ કુરૈશના દીનની તારીફ કરતા, સહાય કરતા કે સમર્થન કરતા દેખાતા નથી. જો આમ હોત તો  હઝરત અબુતાલિબ જ્યારે પેગંબરે ખુદાને કુરૈશના સંદેશાઓ પહોંચાડે છે. ત્યાં એમ કહેતા સાંભળવા મળત કે આપ તેમના મઝહબના વિરુદ્ધ ન બોલો, મૂર્તિને બુરું ન કહો, હું પણ એ જ મઝહબનો પાબંદ છું, વગેરે વગેરે.

પરંતુ આવો શબ્દપ્રયોગ ક્યાંય મળશે નહિ. બલ્કે આપ ફક્ત કુરૈશનો સંદેશો રસૂલે ઈસ્લામને પહોંચાડી દેતા હતા. તેમાં પણ કુરૈશને ઠંડા રાખવાનો જ હેતુ હતો. કુરૈશ પણ આ સમજી ચૂક્યા હતા કે અબુતાલિબ ભત્રીજાના હમદર્દ છે. તેઓને એવી ઉમ્મીદ કદી પણ ન હતી કે

અબુતાલિબ ભત્રીજાની મદદ કરવાથી હાથ ઊંચા કરી દે, ફક્ત તે લોકો અબુતાલિબથી શરમાતા હતા, ડરતા હતા, છેવટે તેઓ પોતાની કોશિશોમાં નિષ્ફળ ગયા, તો તેમણે પેગંબરે ઈસ્લામ વિરુદ્ધ મજબૂત મોરચો માંડ્યો. ક્યારેક ઢેફાં મારતા, કદી આપ (સલ.) ઉપર કચરોપૂજો નાખતા, કદી મજનું કહેતા, કદી આપને જીન્નાત વળગેલો છે એમ કહેતા. જ્યારે આપ (સલ.) નમાઝ માટે ઊભા થતા તો તાળીઓ પાડતા, બૂમબરાડા મારતા, મઝાક ઉડાવતા. આ છે હઝરત અબુતાલિબ પાકા અને સાચા મુસલમાન. રસૂલે ઈસ્લામના બાળપણથી જ આપ ઉપર ઈમાન લાવનાર, ખુદાપરસ્ત, તવહીદપરસ્ત મોમીન.

હવે જે લોકો આપને કાફિર કહે છે તેઓ જાલીમોના મદદગાર છે. રાજકારણી છે. કારણ કે રસૂલની વફાત પછી ઈસ્લામ ગંદા રાજકારણને હવાલે થઈ ગયો. આ રાજકારણીઓ આધેડવયની ઉંમરે ઈસ્લામમાં દાખલ થયા. મુનાફિક જીભથી. જ્યારે તેમના મા-બાપો તો કુફ્રની હાલતમાં જ જહન્નમમાં પહોંચી ચૂકયા હતા. તેમને આ ખૂંચતી વાત છે કે હઝરત અલીના મા-બાપ તો જન્નતમાં જાય અને હઝરત અલી (અલ.)ના દુશ્મનોના મા-બાપ જહન્નમી હોય.

બસ કીસ્સા કહાનીયો ઘડવામાં આવી ઘડાઈ રહી છે અને કયામત સુધી ઘડાતી રહેશે. હંમેશા મોમીનોને બે મોરચે લડાઈ લડવી પડે છે. આ લડાઈ આદમ (અલ.)થી ખાતિમુલ અંબિયા સુધી અને ખાતિમથી ઈમામ મેહદી સુધી ચાલુ રહેશે.

પ્રથમ મોરચો પરધર્મીઓનો છે. જેઓ ખુલ્લા દેખાય છે. બીજો મોરચો મુનાફિકોનો છે. જેઓ ઈસ્લામના મ્હોરાં પહેરીને ઈસ્લામનો જ મુકાબલો કરી રહ્યા છે. દાઢીઓ, ઝભ્ભા, નમાઝના ટીલાં પણ ખારજીઓની જેમ તેમના ચહેરા ઉપર દેખાય છે.

# પ્રકરણ : ૨૯

# પેગંબરે ઈસ્લામની તકલીફો અને ઈમાને અબુતાલિબ

પેગંબરે ઈસ્લામ એક દિવસ ખાનએ કાબાની પાસે નમાઝ પઢી રહ્યા હતા. ત્યારે આબુજહલે હરમમાં બેઠેલા કેટલાક લોકોને કહ્યું "તમારામાંથી કોણ છે જે તેમની નમાઝ ખરાબ કરે" અબ્દુલ્લાહ ઈબ્ને ઝબઅરી ઊઠયો, લોહી અને છાણ લઈને આપ (સલ.)ના ચેહરા મુબારક ઉપર ઘસી દીધું. આપ (સલ.) નમાઝ પૂરી કરીને સીધા જ હઝરત અબુતાલિબ પાસે આવ્યા, અને એમના સિવાય બીજું હતું પણ કોણ ? જે આપ (સલ.)નું દુ:ખ દર્દ સાંભળે, આપ (સલ.)ને મદદ કરે. હઝરત અબુતાલિબ આપ (સલ.)ની આ હાલત જોઈ ઊકળી ઊઠયા, પૂછ્યું કે "આ હરકત કોની છે ?" પેંગબર (સલ.) એ કહ્યું : "અબ્દુલ્લાહ ઈબ્ને ઝબઅરીની" હઝરત અબુતાલિબે તલવાર હાથમાં લીધી, ખાનએ કાબા તરફ ચાલ્યા. જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઝબઅરી અને બીજાઓએ હઝરત અબુતાલિબને પોતાની તરફ આવતા જોયા તો ત્યાંથી ખસવા લાગ્યા. આપે ખૂબ જ ગુસ્સામાં ઊંચા અવાજથી સિંહગર્જના કરી, "તમારામાંથી કોઈ એક પણ પોતાની જગ્યા છોડી

તો તમારી ખેર નથી. આપનો ગુસ્સો અને ખુલ્લી તલવાર જોઈ બધાં જેમના તેમ રહ્યા. જેવા કે બેઠા હતા, ઊભા હતા. આપ આ મંડળીની નજીક આવ્યા, આપે લોહી અને છાણ લીધું, તે દરેક ઊભેલા બેઠેલા બદમાશોના મોઢાં ઉપર ઘસી દીધું. તેમનામાંથી કોઈએ ઊંહકારો પણ કર્યો નહિ. આપે તેમને ખૂબજ ધમકાવ્યા, લલકાયર્ૃા પછી ઘરે આવ્યા.

એક વખત એવું બન્યું કે પેગંબરે ખુદા સાંજ સુધી ઘેર પરત આવ્યા નહિ. હઝરત અબુતાલિબને ચિંતા પેઠી કે શું થયું હશે ? પરિસ્થિતિ એવી હતી કે આપને ભય હતો કે કુરૈશ કંઈ મોહંમદ (સલ.)ને ગાયબ કરી દે, અપહરણ કરી જાય, અથવા કતલ કરી નાખે. આપે જ્યાં જ્યાં હઝરત મોહંમદ (સલ.)ના હોવાની શકયતા હોય ત્યાં ત્યાં તલાશ કરી, પરંતુ પેગંબરનો કયાંય પત્તો ન મળ્યો.

હઝરત અબુતાલિબની ચિંતાનો પાર ન રહ્યો. આપે પોતાના ખાનદાન હાશિમના કેટલાક નવયુવાનોને બોલાવ્યા. અને કહ્યું "તમારામાાંથી દરેક પોતાની આસ્તીનોમાં એક એક ધારદાર ખંજર છુપાવી કુરૈશના સરદારોની પાસે બેસી જાઓ, તમારામાંથી એક યુવક અબુજહલની પાસે પણ બેસે. જો તમે એવું સાંભળો કે મોહંમદને કતલ કરી નાખવામાં આવ્યા

છે તો તમો બધા એકી સાથે તેમના ઉપર તૂટી પડજો, અને બધાને વગર ખટકે નિર્ભય બનીને કતલ કરી નાખજો. હાશિમી નવયુવાનોએ ખંજર સંભાળ્યાં અને કુરૈશના સરદારોની વચમાં એક એકની બગલમાં જઈને બેસી ગયા.

હઝરત અબુતાલિબ રસૂલે ઈસ્લામની તલાશમાં બેચેન હતા. ત્યાં આપે કોહે સફા તરફથી ઝયદ બિન હારેસાને આવતા જોયા, પૂછયું કે "તમે મારા ભત્રીજાને કયાંક જોયો છે ?" ઉત્તર મળ્યો "હા. હું હમણા તેમની પાસેથી જ આવી રહ્યો છું." તે કોહે શફાની ઉપર બેઠા છે. ફરમાવ્યું. "તેમને હમણાં જ બોલાવી લાવો, હું જ્યાં સુધી તેમનો ચહેરો નહીં જોઈ લઉ, અહીંથી પાછો જઈશ નહિ."

ઝયદે રસૂલે ખુદાને તેમના કાકાની પરેશાનીની ખબર આપી. આપ (સલ.) તરત જ ઊઠીને કાકાની પાસે આવ્યા. હઝરત અબુતાલિબે આપને જોયા તો ખુશ થઈ ગયા. સંતોષ થયો. બીજા દિવસે હઝરત અબુતાલિબ પેગંબરે ઈસ્લામ (સલ.) અને હાશિમી નવજુવાનોને લઈને કુરૈશના આગેવાનો પાસે આવ્યા. જેઓ ખાનએ કાબાની બહાર ટોળે વળીને ગપ્પા હાંકતા હતા. હઝરત અબુતાલિબ અને સાથે પેગંબરે ઈસ્લામને જોઈને અચરજ પામ્યા, હક્કાબક્કા થઈ ગયા. હઝરત

અલુતાલિબે, હાશિમી નવયુવાનોને કહ્યું "તમે જે ચીજ છુપાવી રાખી છે તેને જાહેર કરી દો." બધાએ પોતાની આસ્તીનોમાંથી ધારદાર ખંજર બહાર કાઢી હાથમાં પકડયાં.

કુરૈશના અગ્રેસરોએ પુછયું "આ ખંજર શા માટે ? કહ્યું, "ગઈકાલે મોહંમદ (સલ.) દિવસભર ગાયબ હતા. મને શક પેદા થયો કે કંઈ કોઈએ તેમનું અપહરણ કર્યું હોય કે બીજી કોઈ બદમાશી કરી હોય. મેં આ હાશિમી નવયુવાનોને તૈયાર રાખ્યા હતા, કે જો મોહંંમદ (સલ.)ના અપરહણની કે બીજી એવી કોઈ ખબર આવે તો કુરૈશના સરદારો ઉપર એકીસાથે હુમલો કરી દેજો, તેમનામાંથી કોઈ એકને પણ જીવતો છોડશો નહિ. જેથી તમે લોકો આ ધારદાર તેજ ખંજરોને સારી રીતે જોઈ લેજો.

એહલે સુન્નત વલ જમાતના મહાન ઈતિહાસકાર તબકાત ઈબ્ને સઅદના કર્તા લખે છે કે :

"જો તમે મોહંમદને કતલ કરી દેત, તો ખુદાની કસમ, હું તમારામાંથી એકને પણ જીવતો ન રહેવા દેત. અમે ભલે મરી જાત પરંતુ તમોને તો બધાને જ મોતને ઘાટ ઊતારી દેત. તમારામાંથી એકને પણ ન છોડત." (તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૧, પેજ ૨૦૩)

કુરૈશ અને બની હાશિમમાં દુશ્મનાવટના બીજ તો રોપાયેલાં જ હતાં. આ પરિસ્થિતિએ તેમાં વધારો

કર્યો. તેઓની ઈસ્લામ દુશ્મની સ્પષ્ટરૂપે સામે આવી ગઈ. કુરૈશીઓ બની હાશિમથી, તેમના વડવાઓથી તેમની બુઝુર્ગી-ખુદાપરસ્તી-નેક નિય્યતીથી અદાવત તો રાખતા જ હતા. જ્યારે અલ્લાહે નુબુવ્વત પણ તેઓમાં આપી છે એ જાણ્યું તો અદાવતમાં નફરતમાં વધારો થયો. તેઓ એક જથ્થે થઈ ગયા. બની હાશિમથી તમામ સંબંધો કાપી નાખવાનો ફેંસલો કરી લીધો. સંપૂર્ણ બાયકોટ કરી આ લોકોની જિંદગીને મુસીબત બનાવી દેવાના નિર્ધાર ઉપર આવી ગયા. આ લોકોએ મક્કાના બીજા તમામ છુટાછવાયા કબીલાના લોકોને પણ પોતાના જથ્થામાં સામેલ કરી લીધા.

બની હાશિમ ઘણા થોડા હતા. મજબૂર થઈ ગયા. વિચાર્યું કે શહેરની બહાર એક પહાડની તળેટીમાં પનાહ લે. જો કે આ સ્થળ પણ કુરૈશની પહોંચથી બહાર ન હતું. છતાં પણ થોડીક રક્ષિત જગ્યા હતી, જ્યાં રહીને મુકાબલો કરી શકાય.

હઝરત અબુતાલિબ હાશિમી કુટુંબીઓ સાથે પૂરા ત્રણ વર્ષ બે પહાડોની વચ્ચેની આ જગ્યામાં રહ્યા. ત્યાં પણ દરેક વખતે ભય રહેતો હતો. આ ભયને ધ્યાનમાં રાખી અચાનક કોઈ હુમલો ન કરી બેસે. ખાસ તો રાતે આ ભય વધુ રહેતો. જેથી હઝરત અબુતાલિબ રાતે ઉજાગરો કરતા. સૂતા જ નહિ.

જાગતા રહેતા. પેગંબરે ઈસ્લામના બિસ્તર ઉપર પોતાના કોઈ દીકરાને સૂવડાવતા - ખાસ તો નાના ફરઝંદ હઝરત અલીને સૂવડાવતા. - કે જો કદાચ કુરૈશીઓ હુમલો કરી દે તો પોતાનો ફરઝંદ કામ આવી જાય. પરંતુ નુબુવ્વત બચી જાય, ઈસ્લામ બચી જાય. મોહંમદ (સલ.)ને આંચ ન આવે. બલ્કે કેટલીક વખત અડધી રાતે પેગંબરે ઈસ્લામને બિસ્તરો બદલી નાખવાનું કહેતા અને તેમના બિસ્તરા ઉપર હઝરત અલી (અલ.)ને સૂઈ જવાનો હુકમ કરતા. જેથી જો કોઈ જાસૂસ રસૂલે ખુદાના સૂવાની જગ્યા જાણી ગયો હોય અને ખુદા ન કરે હુમલો થઈ જાય તો રસૂલે ખુદાનો બચાવ થઈ જાય.

આ તે સમય હતો, જ્યારે સમગ્ર અરબસ્તાનમાં આંગળીના વેઢે ગણાય એટલી વ્યક્તિઓ સિવાય રસૂલે ઈસ્લામનું કોઈ મદદગાર ન હતું. પરાયા તો પરાયા પોતાના પણ સખત દુશ્મની ઉપર ઊતરી પડ્યા હતા. આવી સખત પરિસ્થિતિમાં પણ હઝરત અબુતાલિબ જ હતા જે આપ (સલ.)ની મદદમાં પહાડની જેમ અચલ અને અડગ હતા. ન કોઈ પણ સમયે રસૂલે ઈસ્લામનો સાથ છોડયો, ન કદી મદદ કે મહબ્બતથી પાછા હટયા. હઝરત અબુતાલિબની મદદ અને રક્ષણ અને મહબ્બતના પરિણામે કુરૈશ પોતાના બૂરા ઈરાદા પાર પાડી

શકયા નહિ. આપ (સલ.) દુશ્મનોની પહોંચથી દૂર રહ્યા. હઝરત અબુતાલિબ નરમીના મોકા ઉપર નરમાશથી અને સખ્તીના મોકા ઉપર સખ્ત થઈને આપ (સલ.)નું રક્ષણ કરતા રહી, દુશ્મનોના શયતાની ઈરાદાઓને નિષ્ટફળ બનાવતા રહ્યા. જો હઝરત અબુતાલિબ અરબના દુશ્મનોથી આપ (સલ.)ની મદદ અને રક્ષણ આ રીતે ન કરત, તો તેઓના જુલ્મનો ઈતિહાસ હાલના જુલમના ઈતિહાસ કરતાં કંઈ વધુ બિહામણો હોત.

હઝરત અબુતાલિબની જવાંમર્દી, હમદર્દી, પેગંબર (સલ.)ની મદદ અને મહબ્બત એક એવી સર્વસામાન્ય હકીકત છે કે જેનો ઈન્કાર કરવાની હિંમત આજદિન સુધી કોઈએ કરી નથી.

અલબત્ત કેટલાક લોકોએ આ મહબ્બત અને મદદને બીજો રંગ આપીને તેની અસલ રૂહને મારી નાખવાની કોશીશ કરી છે. તેથી આ વાત ઉપર પોતાની શકિત લગાવી છે કે હઝરત અબુતાલિબની આ મહબ્બત સગાઈ સંબંધને કારણે હતી. ન કે ઈસ્લામના કારણે. અરબોમાં સગાઈ સંબંધનો જઝબો ગમે તેટલો તીવ્ર હોય છતાં કોઈપણ વ્યકિત પોતાના મઝહબના મુકાબલામાં કદીપણ આવી મહબ્બત અને મદદ કરે નહિ. કોઈ વ્યકિત પો◌ાતના બૂતોની બુરાઈ કરનારની મદદ કરે ? પોતાના અકીદા ઉપર કુહાડ

ઘા કરનારની રક્ષા કરે ? તેને રોકે નહિ. બલ્કે હઝરત અબુતાલિબ તો બૂતોને બુરું કહેવામાં પેગંબરની હિંમત વધારતા હતા.
કેવી રીતે શકય છે કે કોઈ વ્યક્તિ પોતે જેને ગલત અકીદા ઉપર સમજતો હોય એવા મઝહબી સગા ભત્રીજાને બચાવવા માટે પોતાના સગા દીકરાઓનો જીવ ભયમાં મૂકી દે ? સ્પષ્ટ છે કે સગાઈ સંબંધની જે નિકટતા પોતાની ઓલાદ સાથે હોય છે તે ભત્રીજા સાથે હોતી નથી. વિશ્ર્વના ઈતિહાસમાંથી એક પણ ઉદાહરણ એવા પ્રકારનું નહીં મળે કે જેમાં વ્યક્તિએ સગાઈ સંબંધને કારણે એવા દ્રષ્ટિકોણ અને અકીદાઓને જેને પોતે ગલત અને ગૂમરાહ સમજતો હોય તેના માટે પોતાની અવલાદને હલાક કરવા તૈયાર થાય.
પેગંબર (સલ.) અને અબુલહબમાં પણ સગાઈ સંબંધ હતો, તે પણ આપ (સલ.) નો કાકો હતો. તે વંશ કે કુટુંબકબીલાની બુનિયાદ ઉપર કેમ રસૂલે ઈસ્લામની મદદ માટે તૈયાર ન થયો ? અરે ફક્ત આ કૌટુંબીક ભાવનાને વશ રસૂલથી દુશ્મની અને આપને કનડવાથી જ અલગ રહ્યો હોત. એવી જ રીતે આઝર અને હઝરત ઈબ્રાહીમ (અલ.)માં પણ સગાઈ સંબંધ હતો. આઝર હઝરત ખલીલે ખુદાનો સગો કાકો થતો હતો. તે હઝરત ઈબ્રાહીમ (અલ.)ના જીવનો દુશ્મન બની ગયો. આમ તો

હઝરત નુહ (અલ.) અને આપના બેટા વચ્ચે તો કાકા ભત્રીજા કરતા પણ વધુ મજબૂત બાપ-બેટાનો સંબંધ હતો. તે બેટો કાફિરોની મદદમાં સગા બાપથી કેમ અલગ થઈ ગયો ? હઝરત નૂહ(અલ.) અને હઝરત લૂત (અલ.) બંને નબીઓ અને તેમની બીબીઓની વચ્ચે પણ પતિ-પત્નીનો સગાઈસંબંધ હતો. છતાંપણ મઝહબને કારણે પોતાના પતિઓ સાથે તે બંને સ્ત્રીઓને દુશ્મનાવટ હતી.

હઝરત અબુતાલિબની ઈસ્લામ દોસ્તી - ખુદા પરસ્તી - મહબ્બતે રસૂલને સગાસંબંધના ત્રાજવાથી તોળવું, તેમના ઉપર જુલ્મ કરવા બરાબર છે. આ રીતે સમજનારા તેમની કુરબાનીઓ ઉપર પાણી ફેરવી રહ્યા છે.

જનાબ અબુતાલિબના ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામ સાથેના આ અમલ જોયા પછી કે તેમણે પોતાની જિંદગીની એક એક ક્ષણ હઝરત મોહંમદ (સલ.)ની સેવામાં, આપની મદદમાં, વકફ કરી દીધી હતી. દરેક તટસ્થ વ્યક્તિ આ ફેંસલો કરી શકે છે કે જો તેઓ પેગંબર (સલ.)ની સચ્ચાઈના અનુસરનાર, આપ (સલ.)ના તાબેદાર અને મુશ્રીકોના અકીદાઓ તથા તેમના આમાલથી બેઝાર ન હોત તો આપ (સલ.)ની મદદ આટલી મજબૂતાઈથી ન કરી શકત. ન તો પોતાની

જિંદગીની શાંતિ ગુમાવવા તૈયાર થાત, ન તો પોતાની કોમ, કબીલા અને સમગ્ર મક્કાની દુશ્મની વહોરી લેત. આ એક સ્પષ્ટ સાબિતી છે કે આપનું હૃદય ઈમાનના નૂરથી ભરેલું હતું. પેગંબર ઉપર અને દીને પેગંબરની સચ્ચાઈ ઉપર આપનું યકીન બીજા કોઈપણ કરતાં વધુ મજબૂત હતું. તે હૃદયના ઊંડાણથી દીને ઈસ્લામને માની ચૂકયા હતા. શરહ મવાકીફમાં કોં અઝિઝુદ્દીન લખે છે કે :

"અમારી દ્રષ્ટિએ ઈમાન આ છે કે જે વસ્તુઓમાં રસૂલની તશદીક કરવામાં આવે, જે શરીઅતમાં સ્પષ્ટ સાબિત છે અને આ જ મોટાભાગના ઈમામોનો મસલક છે. જેવી રીતે કે કાઝી બાકેલાની, અને ઉસ્તાદ અબુ ઈસ્હાક અસફ્રાઈની. (શરહે મવાકીબ પેજ નં. ૭૧૮)

જ્યારે મોટા આલિમો અને તત્ત્વજ્ઞાનીઓની દ્રષ્ટિએ હૃદયનો ઈકરાર અને વિશ્વાસનું નામ જ ઈમાન છે. તો પછી હઝરત અબુતાલિબના ઈમાનના ઈન્કારનું શું કારણ છે ? જ્યારે કે ઈસ્લામનો ફેલાવો, દીનની તબ્લીગ, રસૂલની મદદ, દરેક પ્રકારે તેમના કાર્યો હૃદયના ઈકરારના જીવતા જાગતા નમૂના છે, તેમના ઈમાનની સ્પષ્ટ ગવાહીઓ છે. ઉલટાનું તેમના જેવી લિલ્લાહીયતનો નમૂનો તે લોકોમાં પણ નથી મળતો જે લોકોએ જાહેર રીતે ઈમાનઈસ્લામનો

ઈકરાર કર્યો હતો. ઈસ્લામના ઘણા મોટા મોટા દાવાઓ કર્યા અને જયારે મુસલમાનો ઉપર કોઈ મુસીબત આવી તો ઘરના ખૂણામાં સંતાઈ ગયા, અથવા દુશ્મનો સાથે સાંઠગાંઠ પણ કરતા રહ્યા. આ રીતે ઈસ્લામ અને મુસલમાનોને નુકશાન પહોંચાડતા રહ્યા.

સાચું ઈમાન તે છે કે જે દીલના ઊંડાણથી હોય, ન કે જીભના ટેરવે, કારણ કે ઈમાન વિશ્ર્વાસનું નામ છે અને વિશ્ર્વાસ - યકીનનું ઘર છે. દીલ છે, ન કે જીભ કે ગળું. જો ફક્ત જીભને જ ઈમાનનું નામ આપવામાં આવત તો આવા ઈમાનવાળાઓથી ઈમાનનો ઈન્કાર ન થઈ શકત.

અલ્લાહતઆલા પોતે ફરમાવે છે કે :

વ મીનન્નાસે મંયયકુલો આમન્ના બિલ્લાહે વ બિલયવમીલ આખેરે વમાહુમ બેમુઅમેનીન. (સુરહ બકરહ આયત નં. ૮)

અર્થાત : કેટલાક લોકો એવા પણ છે જેઓ જીભથી તો કહે છે કે અમે અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા છીએ. જો કે તેઓ ઈમાન લાવવાના નથી.

અલબત્ત તશદીક કરવી, માનવું અને અકીદો તે વસ્તુ છે જેમાં મુનાફિકતને સ્થાન નથી. આપણો દરેક અમલ ઈમાનનો આયનો હોય છે. જે ઈમાનના તકાદાઓ - ઈમાનની માંગણીઓ

મુતાબિક બનતો હોય છે. તેથી જ આ અમલોને જોઈને ઈમાનદાર હોવાનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. ઈમાનનો અર્થ જ યકીન - વિશ્વાસ છે. યકીન પોતાની નિશાની ધરાવે છે. યકીનનો પ્રભાવ હોય છે. એના ગુણ અને ખાસિયત હોય છે. વિશ્વાસ ઉપર જ અમલ આધારિત છે.

હઝરત અબુતાલિબની જિંદગી તેમના અમલો અને કાર્યો ઉપર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે આપનું સમગ્ર જીવન ઈસ્લામની મજબૂતી તથા તેના સ્થાયીત્વમાં પાયાની ઈંટ જેટલું સ્થાન ધરાવે છે. આપ તે બુનિયાદી પથ્થર છે જે ઈસ્લામની ઈમારતના પાયામાં ચણાયેલો છે આ વાતોનો ઈન્કાર કરવા કોઈપણ ફિરકાની વ્યકિતને સ્હેજે ગુંજાઈશ નથી. આપે દરેક પ્રકારની મુસીબતો સહન કરીને ઈસ્લામના પ્રચાર-પ્રસારનો રસ્તો સાફ કર્યો. પૂરી લીલ્લાહીયત સાથે નિસ્વાર્થપણે પેગંબરે ઈસ્લામની સેવાના કાર્યો કરતા રહ્યા, સાથે સાથે મુશ્રેકોના તમામ રીતરીવાજોથી, બુતપરસ્તીથી તદ્દન અલિપ્ત રહ્યા. બલ્કે ઈસ્લામી તાલીમાત પર જ અમલ કરતા રહ્યા.

જ્યારે કે તેઓ અમલી રીતે ઈસ્લામી અહકામના પાબંદ હતા. દીને હનીફની પેરવી કરનાર હતા. આપની જિંદગીની તમામ ઘટનાઓથી ઈસ્લામની દોસ્તી અને પેગંબર (સલ.)ની તાબેદારી દેખાતી

હોય, તો પછી કોઈને એવો હક નથી કે આપને ઈસ્લામથી ખારીજ સમજે. જ્યારે કે કુર્આન કહે છે કે જો કોઈની રીતભાત-રહેણીકરણી અને અમલો મુસલમાનો જેવા હોય તો તેને કદીપણ કાફિર ન સમજો.

વલા તકુલુ લેમન અલકા એલયકોમુસ્સલામ લસ્ત મુઅમેના (સુરતુનનિસા આયત નં. ૯૪)

“જે વ્યક્તિ તમને સલામ કરે (અને પોતાને મુસલમાન જાહેર કરે) તો તમે એમ ન કહ્યા કરો. તું ઈમાનદાર નથી.”

જો કે હઝરત અબુતાલિબે જાહેરમાં જ ઈસ્લામ સ્વીકાર્યો હોવા છતાં એમ માની પણ લેવામાં આવે કે આપે એલાન સાથે ઈસ્લામ સ્વીકાર્યો ન હતો, તો પણ તમામ આલિમોની દ્રષ્ટિએ એલાને ઈસ્લામ જરૂરી નથી, જ્યારે કે ઈસ્લામને છુપો રાખવામાં કોઈ હિત હોય, અથવા અન્ય કોઈ જરૂરત ઈસ્લામની જાહેરાતમાં અવરોધ બનતી હોય. તેથી જ તો ઈસ્લામના ઉદયકાળમાં જ્યારે ઈસ્લામની દઅવત છુપી છુપી રીતે ચાલતી હતી. પેગંબરે ઈસ્લામ મુસલમાનોને ઈસ્લામની જાહેરાતથી જાતે જ મના કરતા હતા. અને આ જાહેરાત ન કરવું ઈસ્લામના રક્ષણનો બુદ્ધિપૂર્વકનો તરીકો હતો. ઈસ્લામનું રક્ષણ કરવાની એક બેહતરીન કૂટનીતિ હતી. પોલીસી

હતી. આ જ કૂટનીતિને દ્રષ્ટિ સમક્ષ રાખી ઘણા બધા મુસલમાનો થોડાક વર્ષો સુધી પોતાના ઈમાનને છુપાવતા રહ્યા. એટલે સુધી કે કોઈપણ કાફિરને તેમના મુસલમાન હોવાની ગંધ પણ આવી નથી. તેઓ તે હદ સુધી ઈસ્લામી ઉસૂલોનો આદર કરતા હતા, ખ્યાલ રાખતા હતા જ્યાં સુધી તેમને તેમની આસપાસની પરિસ્થિતિ ઈજાજત આપતી હતી. જ્યાં સુધી તેમની શકિતમાં હતું. બલ્કે જ્યારે ઈસ્લામ એક જમાઅતી શકલમાં આવી ગયો કે મુસલમાનોની એક ખાસ્સી જમાઅત તૈયાર થઈ ગઈ. તે વખતે પણ કેટલાક મુસલમાનો એવા હતા જેઓ પોતાના ઈમાનને છુપાવેલું રાખતા હતા. અહીં સુધી કે કોઈપણ કાફરને તેમના ઈમાન વિષે જરાપણ ખબર ન હતી. આવા ઈમાનદારો લોકોમાં બિનમુસ્લિમ તરીકે જ ઓળખાતા હતા. તેઓ પોતાની પરિસ્થિતિને કારણે, કમજોરીને કારણે અથવા કેટલાક ખાનદાની હિતોને અનુલક્ષીને પોતાના ઈમાનને છુપાવવા માટે મજબૂર હતા. જો કે તેઓ કાફિરો સાથે ઊઠતા બેસતા અને દેખાવ પુરતા તેમના અંદર જ ગણાતા હતા. છતાંપણ તેઓ ઈસ્લામના અકીદાઓના આશિક હતા. અનુસરનાર હતા.

ઈતિહાસ કહે છે કે હઝરત ઉમરની બહેન ફાતિમા (રઝિ.) જે સઈદ ઈબ્ને ઝયદની પત્ની હતી. પોતાના પતિ સાથે મુસલમાન થઈ ચૂકી હતી. અને પોતાના ઈસ્લામને છુપાવતી હતી. એવી જ રીતે નઈમ ઈબ્ને અબ્દુલ્લાહ જેઓ બની અદી કબીલાથી હતા. મુસલમાન થઈ ચૂકયા હતા. પરંતુ પોતાના કબીલાના ડરથી પોતાના ઈસ્લામને છુપાવીને ફરતા હતા. આ જ પ્રમાણે બીજા પણ કેટલાક કબીલાઓના લોકો ઈસ્લામ સ્વીકારી ચૂકયા હતા, પરંતુ કબીલાઈ પાબંદીઓના કારણે જુલમ થવાના ડરથી પોતાના ઈસ્લામને છુપાવતા હતા.

મદીનાની હિજરત પછી પેગંબરે ઈસ્લામ દ્વારા એક નાની ઈસ્લામી હુકુમત સ્થાપીત થઈ ચૂકી હતી ત્યારે પણ મક્કામાં મુસલમાનોની એક જમાઅત હતી જે જાહેરમાં મુસલમાન ન હતી. પરંતુ પરદામાં ઈસ્લામની પાબંદ હતી. પેગંબરે ઈસ્લામના કાકા અબ્બાસ ઈબ્ને અબ્દુલમુત્તલિબ પણ આ જ જમાતના એક વ્યક્તિ હતા. બાતિનમાં મુસલમાન જાહેરમાં બિનમુસ્લીમ. તેથી અબુ રાફેઅની રીવાયત છે :

હું અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબનો ગુલામ હતો. પેગંબર (સલ.)ના સગાવહાલાંઓમાં ઈસ્લામ આવી ચૂકયો હતો. તેથી મારા આકા

અબ્બાસ તેમના પત્ની ઉમ્મે ફઝલ અને હું પણ ઈસ્લામ લાવી ચૂકયા હતા. પરંતુ અબ્બાસ પોતાની કોમથી ડરતા હતા, તેમનો વિરોધ પસંદ કરતા ન હતા. તેથી પોતાના ઈસ્લામને છુપાવેલો રાખતા હતા. (તારીખે તબરી ભાગ - ૨ પેજ નં. ૧૫૯)

આવા લોકો પોતાના ઈસ્લામને છુપાવીને ઈસ્લામની એવી ખિદમત અંજામ આપતા હતા, જે ખિદમત ઈસ્લામને જાહેર કરીને મુમકીન ન હતી. આવા જ લોકો દ્વારા કુરૈશની બધી જ કાર્યવાહીની ખબરો, દુશ્મનની યુદ્ધની તૈયારીઓ, અને એવી ઘણી ખબરો મદીના પહોંચતી હતી. જેની સાથે ઈસ્લામનો સામૂહિક ફાયદો જોડાયેલો હતો. પેગંબરે ઈસ્લામ આવી ખબર દ્વારા આવનારા સમયને પારખતા હતા. આપ (સલ.) આવા પરદામાં રહેનાર લોકોથી સંબંધ રાખતા હતા.

ઈબ્ને અબ્દુલ બર્રે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબના માટે લખ્યું છે કે :

તેઓ મુશ્કરીકોની બધી જ ખબરો લખીને પેગંબરે ઈસ્લામને મદીના મોકલતા હતા. જેનાથી મુસલમાનોને ઢારસ મળતી હતી. બળ મળતું હતું. અબ્બાસ તો એમ ઈચ્છતા હતા કે પોતે રસુલુલ્લાહની પાસે ચાલ્યા જાય, પરંતુ આપ

(સલ.)એ તેમને લખીને મોકલ્યું હતું કે તમારું મક્કામાં જ રહેવું બેહતર અને અમારા માટે ફાયદાકારક છે. (ઈસ્તેઆબ ભાગ-૨ પેજ નં. ૪૭૫)

આનાથી માલુમ પડે છે કે તે લોકોનું ઈસ્લામને છુપાવવું પેગંબર (સલ.)ની રજામંદીથી હતું. જો ઈસ્લામને છુપાવવું ઈસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધ હોત તો પેગંબરે ઈસ્લામ તેની ઈજાજત ન આપત. જેથી ઈસ્લામને છુપાવવું ઈસ્લામના વિરુદ્ધ નથી. છુપો ઈસ્લામ પણ દીને ખુદા વ રસૂલમાં એટલો જ વિશ્વાસપાત્ર અને સાચો છે જેટલો એલાને ઈસ્લામ.

જો ઈસ્લામને પ્રમાણિત કરવા માટે જબાની ઈકરાર અને એલાનને પણ જરૂરી માનવામાં આવે, તો આ શરત બિનજરૂરી બની શકે તે ખાસ પ્રકારના શબ્દોમાં હોય તો વિશ્વાસપાત્ર ગણાય નહીં તો બિનભરોસાપાત્ર ગણાય.

જ્યારે કે એલાને ઈસ્લામ માટે આવી કોઈ પણ પ્રકારની પાબંદીઓ જરૂરી નથી. તો હઝરત અબુતાલિબના ઈકરારે રીસાલતથી ઈન્કાર થઈ શકતો નથી. કારણ કે તેમણે અનેક સમયે અનેક રીતે જુદા જુદા શબ્દોમાં પેગંબરે ઈસ્લામ (સલ.)ની નુબુવ્વતનો ઈકરાર કર્યો છે.

એક વખત પેગંબરે ઈસ્લામ (સલ.) કાકાને ત્યાં બીમારપુર્સી માટે આવ્યા તો તેમણે વિનંતી કરી :

“અય ભત્રીજા પરવરદિગારથી દુઆ કરો જેણે આપને નબી બનાવીને મોકલ્યા છે કે મને તંદુરસ્તી આપે.” (અસાબા, ભાગ - ૪, પેજ નં. ૧૧૪)

આપ (સલ.) એ તરત જ હાથ ઉઠાવીને દુઆ કરી “ખુદાયા, મારા કાકાને તંદુરસ્તી આપ” આ દુઆના પરિણામ રૂપે હઝરત અબુતાલિબ તરત જ તંદુરસ્ત થઈ ગયા, અને બીમારીના બિસ્તર પરથી ઊભા થઈ ગયા.

જો હઝરત અબુતાલિબ આપ (સલ.)ને ખુદાના મોકલેલા પેગંબર ન માનતા હોત તો આપ (સલ.)ની રીસાલતને - બેઅસતને વચ્ચે રાખીને દુઆ કરવાની ઈચ્છા વ્યકત ન કરત. શું બેઅસતનો (નબી બનાવીને મોકલવું.) ઈકરાર રિસાલતનો ઈકરાર નથી ? અને શું આપ (સલ.)ની દુઆના પરિણામરૂપે તંદુરસ્ત થઈ જવું એ ખુદા-વ-રસૂલ ઉપરના યકીનનું કામિલપણું નથી ? આવી તો સેંકડો રીવાયતો એહલે સુન્નત બિરાદરોની કીતાબોમાં છે.

આ સિવાય પણ હઝરત અબુતાલિબના તે અશઆર રિસાલતના ઈકરાર માટે પૂરતા છે, જે અશઆરમાં ઈસ્લામની સચ્ચાઈ, દીનની

હક્કાનીયન, અને આપ (સલ.)ની રિસાલતનો સ્પષ્ટ શબ્દોમાં ઈકરાર છે.

હઝરત અબુતાલિબ ઘણા જ વિદ્વાન પુરુષ હતા. આખિર બાપ કોના હતા ? મદીનતુલ ઈલ્મના બાપ હતા, સરવરે કોનેના કાકા હતા. આપ ઘણી જ સહેલાઈથી અશઆર બનાવી શકતા હતા. ઈબ્ને શહર આશુબ માઝનંદરાનીએ પોતાની કિતાબ "મુતશાબેહાતુલ કુર્આન"માં સુરહ હજની આયત "વલયન સોરન્નલ્લાહો મંય યનસોરોહુ"ના અનુસંધાનમાં લખ્યું છે કે હઝરત અબુતાલિબના અશઆર જે આપના ઈમાન અને રીસાલત ઉપર વિશ્વાસની મહોર મારે છે ત્રણ હજારથી વધુ છે.

હઝરત અબુતાલિબના કેટલાક અશઆર રજૂ કરવામાં આવે છે. જે, અશઆર આપના ઈમાન અને ઈસ્લામની તરજુમાની કરે છે.

જ્યારે કુફ્ફારે કુરૈશે હઝરત અબુતાલિબને એમ કહ્યું કે ભત્રીજાને ખામોશ કરો, નહીં તો અમે તેમના ઉપર સખ્તાઈ કરીશું, ચૂપ કરવા જુલમ કરીશું તો આપે આ અશઆર પઢયા.

(૧) "ખુદાની કસમ, જ્યાં સુધી મને જમીનની અંદર દફન કરી દેવામાં ન આવે, કુરૈશ પોતાની જમાઅત સાથે આપ (સલ.)ના નજીક ફરકી નહીં શકે."

(૨) "ભત્રીજા, બેખોફ થઈને અલ્લાહના અહકામ વર્ણવો અને ખુશ મીજાજ રહીને આપની આંખોને ઠંડી રાખો."

(૩) "આપ દઅવતે ઈસ્લામમાં લાગેલા રહો, હું સમજુ છું કે આપ ઈન્સાનોનું ભલુ ઈચ્છનાર છો અને અમીન પણ છો."

(૪) "મને યકીન છે કે મોહંમદ (સલ.)નો દીન દુનિયાના તમામ દીનોથી બેહતર છે." (એહલે સુન્નત ઈતિહાસ તારીખે ઈબ્ને કસીર ભાગ-૩, પેજ નં. ૪૨)

એહલે સુન્નતનો મહાન ઈતિહાસકાર ઈબ્ને હિશ્શામ લખે છે કે,

જ્યારે આપ (સલ.)ને શોઅબે અબુતાલિબની ઘાટીમાં બે પહાડીઓ વચ્ચે પનાહ લેવી પડી તો હઝરત અબુતાલિબે ત્યાં એકસો વીસ અશઆરનો એક કસીદો રચ્યો. આ કસીદામાંથી થોડીક પંક્તિઓનો તરજુમો આ પ્રમાણે છે.

(૧) "ખાનએ કાબાની કસમ, તમારો ખ્યાલ ગલત છે. કે શું અમો મોહંમદના રક્ષણ માટે ઢીલા પડી જઈશું ? દૃબાઈ જઈશું ? અને અમે તેમના રક્ષણ માટે તેમની છાતીની આગળ રહીને તીર નહીં ચલાવીએ ?"

(૨) "અમે ત્યાં સુધી તેમને દુશ્મનોના હવાલે નહીં કરીએ, જ્યાં સુધી તેમની સામે મરી ન જઈએ

અને અમારા બાલબચ્ચાં અને બીબીઓને ભૂલી ન જઈએ.” “મેં દીલોજાનથી તેમનું રક્ષણ કર્યું. અને મારા હાથો અને છાતીની તાકાતથી તેમનો બચાવ કર્યો.”

(૩) “અય પરવાર દિગારે આલમ પોતાની મદદથી તેમની દસ્તગીરી કર અને દીને ઈસ્લામને પ્રભુત્ત્વ આપ જે દરેક પ્રકારના જુઠથી પાક છે. (સીરતે ઈબ્ને હિશ્શામ ભાગ-૧, પેજ નં. ૨૯૧)

ઈબ્ને હિશ્શામે આ કસીદહના જુદા જુદા અશઆર લખીને ટીપ્પણી કરી છે કે :

એક વર્ષ એવું આવ્યું કે મદીનામાં વરસાદ સદંતર ન પડયો. મદીનાવાસીઓ દુષ્ટકાળની લપટમાં આવી ગયા. પરેશાનીમાં આવી ગયા. આવી હાલતમાં તેઓ પેગંબરની ખિદમતમાં હાજર થયા. વિનંતી કરી કે દુઆ ફરમાવો કે અલ્લાહ વરસાદ વરસાવે, આ મુસીબતો દૂર થાય. પેગંબરે ખુદાએ હાથ ઉઠાવ્યા અને દુઆ માગી. હજી દુઆના શબ્દો પૂર્ણ જ થયા હતા કે આકાશમાં વાદળો ચઢી આવ્યાં. વરસાદ એટલો જોરદાર વરસ્યો કે નદીનાળા છલકાઈ ગયાં. ચારે તરફ પાણી જ પાણી. વરસતો વરસાદ જોઈને આપ (સલ.)ને પોતાના પ્યારા કાકા હઝરત અબુતાલિબ યાદ આવ્યા, આપે ફરમાવ્યું “જો આજે મારા કાકા અબુતાલિબ જીવતા હોત તો ઘણા જ ખુશ થઈ

જાત.” કારણ કે અબુતાલિબ પેગંબરને તકલીફોની પરિસ્થિતિમાં છોડીને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા હતા. કૂફ્રનું પ્રભૂત્ત્વ હતું. મક્કાની મુસીબતોવાળી જિંદગી રસૂલ અને આપના સાથીઓ વીતાવતા હતા. જ્યારે અહીં મદીનામાં ઈસ્લામનું પ્રભુત્ત્વ હતું. ઈસ્લામને ઈજ્જત હતી. એક ઈસ્લામી સ્ટેટની (હુકુમતની) સ્થાપના થઈ ગઈ હતી. જેથી આપે ફરમાવ્યું કે “મારા કાકા હોત તો ઘણા જ ખુશ થાત.” લોકોએ પગંબરે ખુદાને ઓળખ્યા હતા. મારા કાકા મક્કામાં વરસાદ ન હોય તો મારી પાસે દુઆ કરાવવા આવતા હતા.

એક વ્યક્તિએ કહ્યું : શાયદ આપને હઝરત અબુતાલિબનો પેલો શએર યાદ આવી ગયો. “તે પ્રકાશિત ચેહરાવાળા - જેમના ચેહરા મુબારકનો વાસ્તો આપીને, બારાને રહમત તલબ કરવામાં આવે છે, જે યતીમોની ઢારસ અને વિધવાઓનો સહારો છે.”

પેગંબરે ઈસ્લામના દીલ ઉપર હઝરત અબુતાલિબની મહબ્બતના નિશાન એટલાં ઊંડા હતાં કે આપ કોઈ ઘડી પણ તેને ભૂલી શકતા ન હતા. જિંદગીની આખરી પળોમાં પણ તેમની યાદ તો હતી.

બેલાઝરીએ લખ્યું છે કે જ્યારે આપ (સલ.) વફાત અગાઉ બીમાર પડ્યા તો હઝરત ફાતેમા સલામુલ્લા અલયહા એ આપની હાલત જોઈને કહ્યું : કાએનાત આપ ઉપર ફીદા થાય, અબ્બાજાન! ખુદાની કસમ આપ તેવા જ છો જેવું કે કોઈકે કહ્યું છે.

આપ (સલ.)એ બેટીનો અવાજ સાંભળી આંખો ખોલી, અને ફરમાવ્યું :

બેટા, આ તો મારા કાકા અબૂતાલિબનો શએર છે.

હઝરત અબુતાલિબના અશઆર આપના ઈમાનનો જોશ, ભરપુર અકીદત, સત્ય તરફ આપનું વલણ, તથા બાનીએ ઈસ્લામની બેહદ મહબ્બતની પારાશીશી છે.

એક એક શએર આપના ઈમાનની સ્પષ્ટ દલીલો છે. જો કીનો-કપટથી કામ ન લેવામાં આવે તો કોઈ કારણ નથી કે આપના ઈમાનથી ઈન્કાર કરવામાં આવે, અથવા તેમાં શક કરવામાં આવે .

ઈન્સાફથી વિચારજો, જો આપણે હઝરત અબુતાલિબ, હઝરત ખદીજા (રઝિ.) અને હઝરત ફાતેમા (સલા.) હઝરત અલી (અલ.) તથા હસનૈન (અલ.) મતલબ આ બુઝુર્ગો વિશે ઈન્સાફથી નહીં વિચારીએ તો આપણે પણ ખુદાની મદદની આશા છોડી દેવી પડશે. કારણ કે મુસલમાન આલીમો આ બુઝૂર્ગોના દરજ્જાને

ઘટાડવા માટે સતત - લગાતાર કોશીશ કરતા આવ્યા છે. નાલાયક, નાપાક, જાલીમ બાગી હાકેમોની વફાદારીમાં ખુદાની વફાદારીને છોડતા આવ્યા છે. જો આપણી ચાલચલન આ જ રહી જેવી કે અત્યારે છે તો આપણે પણ ખુદાથી ઈન્સાફની આશા છોડી દેવી જોઈશે. તમે બીજાઓ સાથે ઈન્સાફ ન કરો અને બીજાઓથી ઈન્સાફની આશા રાખો ? બીજાનું બુરું ઈચ્છો અને કરો, પરંતુ તમારું ભલું થાય ?!! આ એક ગલત વિચારધારા છે. વફાદારી ઈસ્લામના દુશ્મનોની કરો અને ખુદાથી એવી આશા રાખો કે તે તમને દુનિયા ઉપર પ્રભૂત્ત્વ આપે ? તમે ઈજ્જતવાળી ઉમ્મત બનો ? હરગિઝ આ વાત શકય નથી.

જો આ શએરોમાંથી એક અડધો શએર પણ કોઈ બીજા દ્વારા કહેવાયેલ હોત, તો આ આલીમો તેને તેમના ઈમાનનો દસ્તાવેજ બનાવીને રજૂ કરત. પછી કયા ગુનાહ માટે હઝરત અબુતાલિબ જેવા જાનિસારે પેગંબરના ઈમાનનો ઈન્કાર કરવામાં આવે છે.

શું આ ગુનાહ માટે કે તેમણે આપ (સલ.)નુ પાલનપોષણ કર્યું ? મોટા કર્યાં ? અથવા

આ ગુનાહ માટે કે તેમણે કુફ્ફારે કુરૈશથી આપ (સલ.)નું રક્ષણ કર્યું ? અથવા

આ ગુનાહ માટે કે તેમણે મક્કાના મુશ્રીકોની બધી જ ચાલબોંઓને નિષ્ટફળ બનાવી ? અથવા આ ગુનાહ માટે કે તેમણે રસૂલને ખાતર પોતાની જાન-માલ અને અવલાદને કુરબાન કરતાં પણ હિચકિચાહટ ન કરી ? અથવા

આ ગુનાહ માટે કે તેમણે પોતાની વિદ્વતાના જોરે અશઆર દ્વારા ઈસ્લામનો પયગામ અરબના ખૂણે ખૂણે પહોંચાડ્યો ?

શું આજે પણ આપણે આ બુઝર્ગોની રૂહોને તકલીફ આપીએ છીએ.

હકીકત આ છે કે હઝરત અબુતાલિબનો ગુનોહ એક આ હતો, ફકત આ જ કે :

તેઓ હઝરત અલી (અલ.)ના બાપ છે. મુસલમાન આલિમો હઝરત અલી (અલ.)નો દરજ્જો ઘટાડવા માગે છે. નહીં તો દરેક નિહાળનાર પ્રકાશ અને અંધકારનો ફરક સમજી શકે છે. દરેક નજરો કુફ્ર અને ઈમાનનો ફરક જોઈ શકે છે. રોશની તો પુષ્ટકળ છે. પરંતુ આંધળાને તે દેખાતી જ ન હોય તો તે આંધળાનો વાંક છે ન કે રોશનીનો. આંધળાને સૂરજ દેખાતો નથી. તો તે આંધળાની આંખોનો વાંક છે ન કે સૂરજના અસ્તિત્ત્વનો જ ઈન્કાર કરવામાં આવે.

હઝરત અબુતાલિબનું ઈમાન એક રોશન હકીકત છે. જેઓ અકકલથી આંધળા છે તેઓ જ આપના ઈમાનના ઈન્કારી છે.

ઈબ્ને અબીલ હદીદે એક શએર કહ્યો઼ે છે “કોઈ જાહીલની નિરર્થક બકવાશ અને જાણીબુઝીને ઈન્કાર કરવો અબુતાલિબની અઝમત અને બુઝૂર્ગીને જરાપણ ઘટાડી નહીં શકે. જેવી રીતે કે અજવાળાને અંધારું સમજી લેવાથી સૂરજના કિરણો ઉપર કોઈ અસર નથી પડતી. હઝરત અબુતાલિબના ઈમાનની સાબિતી કંઈ શએરો ઉપર આધારીત નથી. બલ્કે અશઆરથી પણ વધારે મહત્ત્વ તે ફરમાનો અને ઈરશાદો છે જે પેગંબરે ઈસ્લામ (સલ.) અને અઈમ્માએ એહલેબયેતે આપના ઈમાનના બારામાં ફરમાવેલ છે. આ ઈરશાદો બે રીતે મહત્ત્વ ધરાવે છે.

પ્રથમ તો અઈમ્માએ એહલેબેયત તેમની જ અવલાદ છે. તેમના જ ખાનદાનના લોકો છે. દરેક વ્યક્તિની જિંદગીના પાના તેની અવલાદ અને ખાનદાનની સામે ખુલ્લાં હોય છે. ઘરની વ્યક્તિઓથી ન તેનાં કાર્યો છુપાં રહી શકે છે ન અકીદો. ઘરના લોકો જ પોતાના ખાનદાનની વ્યક્તિઓને ઘણી સારી રીતે સમજી-જાણી શકે છે. વિશ્વાસ પણ ઘરની વ્યક્તિઓના ઈરશાદો ઉપર

જ કરવામાં આવશે. બહારવાળા લોકોના કથનોને રદ ગણવામાં આવશે.

બીજી વાત શરીયતની દ્રષ્ટિએ પણ તે કથનો અને ઈરશાદોને પ્રમાણિત ગણવામાં આવેલ છે. ત્યાર બાદ તેને તરફદારી કહેવામાં આવશે ન કે ખાનદાની હિમાયત. તેથી જ મોહદ્દીસ શાહ વલીયુલ્લાહ દહેલવી. જેમનું અનુસરણ ઓલમાએ દેવબંદ ખાસ કરે છે. તેમણે હદીસે નબવી.

"મા અન અખઝતુમ બેહી લનતદલ્લુ"ની તફસીરમાં લખ્યું છે કે :

"અખ્ઝથી મતલબ આ છે કે એહલેબયતની સાથે મહબ્બત રાખવામાં આવે. તેમની સાથે સંબંધ-દોસ્તી અતૂટ રાખવામાં આવે. તેમની ઈજ્જત આબરૂનો પૂરો ખ્યાલ રાખવામાં આવે, તેમની રીવાયતો ઉપર અમલ કરવામાં આવે અને તેમના કથનો - ઈરશાદો ઉપર વિશ્વાસ કરવામાં આવે."

(હાસિયો મિશ્કાત પેજ નં. ૫૬૯)

અઈમ્માએ એહલેબયતમાંથી કોઈ એક વ્યકિતએ પણ હઝરત અબુતાલિબના ઈમાનમાં શકસુબો વ્યક્ત નથી કર્યો. બલ્કે બધા અઈમ્માએ એહલેબયત આપના ઈમાન ઉપર એકમત છે. આ એકસુત્રતા અને એક જ રાયને ઈજમાએ એહલેબયત કહેવાશે. આ ઈજમાઅ ઓલમાએ

ઈસ્લામની દ્રષ્ટિએ એક પ્રમાણિત દસ્તાવેજ ગણાય છે. તે દલીલનો દરજ્જો ધરાવે છે.

ઓલમાએ ઈસ્લામમાંથી અબુલકિરામ અબ્દુસ્સલામ ઈબ્ને મોહમ્મદ કહે છે કે :

"અઈમ્માએ એહલેબયત આ વાત ઉપર સંપૂર્ણ એકમત છે કે અબુતાલિબ ઈમાન સાથે આ દુનિયાથી ઊઠયા છે. અને જે વાત એહલેબયતના મસલકની વિરુદ્ધ હોય તે ઈસ્લામમાં વિશ્ર્વાસપાત્ર નથી." (અરજલુલ મતાલિબ પેજ નં. ૨૬૮)

ઓલમાએ શીયામાંથી અલ્લામા તબરસી લખે છે કે :

"હઝરત અબુતાલિબના ઈમાન ઉપર એહલેબયતનો (ઈજમાઅ) એકમત સાબિત છે અને આ ઈજમાઅ દલીલ ગણાય છે. પ્રમાણિત ગણાય છે." (મજમઉલ બયાન ભાગ-૨ પેજ નં. ૨૮૭)

અમો પેગંબરે ઈસ્લામના કેટલાક ઈરશાદો સાથે અઈમ્માએ તાહેરીનના ઈરશાદોને પણ નકલ કરીએ છીએ. જે એ વાત સાબિત કરે છે કે સ્વયં પેગંબરે ખુદા અને અઈમ્માએ એહલેબયત હઝરત અબુતાલિબના ઈમાન ઉપર સંપૂર્ણપણે એકમત હતા.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :

હું મારા કાકા અબુતાલિબ માટે પરવરદિગારથી દરેક પ્રકારની ભલાઈ અને રહેમતનો અભિલાષી છું. (તબકાત ઈબ્ને સઅદ ભાગ - ૧ પેજ નં. ૧૨૪)

હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)નો ઈરશાદ છે :

હઝરત અબુતાલિબ ત્યારે મૃત્યુ પામ્યાં. જ્યારે કે અલ્લાહ અને તેનો રસૂલ આપથી ખૂબ જ રાં હતા. (શરહ ઈબ્ને અબીલ હદીદ ભાગ - ૩ પેજ નં. ૩૧૨)

ઈમામ ઝયનુલ આબેદીન (અલ.) ને કોઈએ પૂછ્યું કે હઝરત કેટલાક લોકો હઝરત અબુતાલિબના ઈમાનના બારામાં શક કરે છે, આપ આ બાબત શું ફરમાવો છો ?

ઈમામે ઈરશાદ ફરમાવ્યો :

“મને આશ્ચર્ય થાય છે કે અલ્લાહે તો રસૂલે ખુદાને આ હુકમ આપ્યો કે તેઓ કોઈ મુસલમાન ઓરતને કાફિરના નિકાહમાં ન રહેવા દે અને જનાબ ફાતેમા બિન્તે અસદ જે ઈસ્લામમાં સૌથી અગાઉ ઈમાન લાવવાળી સ્ત્રીઓમાંથી છે તેઓ હઝરત અબુતાલિબના ઈન્તિકાલ સુધી તેમના નિકાહમાં રહ્યાં.” (શરહ ઈબ્ને અબીલ હદીદ ભાગ-૩ પેજ નં. ૩૧૨)

એક વાત આપણા ધ્યાનમાં રહે કે જનાબ ફાતેમા બિન્તે અસદ નુબુવ્વતના સૌથી અવ્વલકાળમાં ઈમાન લાવ્યાં. અને ઈસ્લામ લાવ્યા પછી દસ વરસ સુધી હઝરત અબુતાલિબના નિકાહમાં રહ્યાં. આ ગાળામાં ન આપને હઝરત અબુ તાલિબ સાથે કોઈ ઝઘડો હતો ન તકરાર. ઈતિહાસમાં રતિભાર પણ આ બાબત કોઈ ઉલ્લેખ મળતો નથી.

ઈમામ મોહંમદ બાકિર (અલ.)નો ઈરશાદ છે :

“અબુતાલિબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ દુનિયાથી મુસ્લિમ અને મોમીન હોવાની હાલતમાં ઊઠયા.” (અલ હુજ્જહ ઈબ્ને મઅદ પેજ નં. ૨૭)

ઈમામ જઅફર સાદીક (અલ.)ને એક વ્યકિતએ કહ્યું “કેટલાક લોકોનો ખ્યાલ છે કે હઝરત અબુતાલિબ કૂફ્રની હાલતમાં મૃત્યુ પામ્યા.”

ફરમાવ્યું “તે લોકો જુઠ્ઠા છે. તેઓ તો પેગંબરે ઈસ્લામની નુબુવ્વતનો ઈકરાર કરતાં કહે છે કે :

“શું તમને ખબર નથી અમે મોહંમદને તેવા જ નબી જોયા જેવા કે મુસા છે. (મતલબ દરજ્જામાં કોઈ જ ફરક નથી.) જેમનું વર્ણન અગાઉની કીતાબોમાં છે.” (ઉસૂલે કાફી પેજ નં. ૨૪૪)

ઈમામ મુસા કાઝીમ (અલ.) ને દરસત ઈબ્ને અબી મન્સુરે ઈમાને અબુતાલિબના વિષયમાં પૂછ્યું તો આપે ફરમાવ્યું :

“તેમણે પેગંબર (સલ.)નો અને જે ચીજોને તેઓ લઈને આવ્યા હતા બધાનો જ ઈકરાર કર્યો.” (ઉસૂલે કાફી પેજ નં. ૨૪૨)

ઈમામ રઝા (અલ.) એ અબાન ઈબ્ને મહમૂદને તેના એક પત્રના ઉત્તરમાં ફરમાવ્યું :

“જો તમે હઝરત અબુતાલિબના ઈમાનનો ઈકરાર નહીં કરો તો તમે દોઝખ તરફ પાછા ફરશો. (મરાઅતુલ ઉકૂલ ભાગ-૨ પેજ નં. ૨૬૪)

ઈમામના ઉપરોક્ત ઈરશાદનો મતલબ આ છે કે તમારું ઈમાન લાવવું તમને કોઈ ફાયદો નહીં પહોંચાડે કારણ કે તમે હઝરત અબુતાલિબને જાણી બુઝીને ઈરાદાપૂર્વક, કીના - કપટને કારણે હઝરત અલી મુરતઝા (અલ.)થી ઈર્ષાની આગથી પ્રેરાઈને કાફિર બનાવો છો. તેથી તમારો કલિમાનો ઈકરાર તમને જન્નત તરફથી દોઝખ તરફ પલટાવીને પાછા લાવશે.

આ અનુસંધાનમાં હદીસે રસૂલ પણ છે કે “જો કોઈ વ્યક્તિ કોઈ મોમીનને કાફિર કહેશે અને તેનામાં કૂફ્ર નથી તો અલ્લાહ તે વ્યક્તિના શબ્દોને તેના તરફ પાછા લોટાવે છે.” મતલબ કુફ્ર તે વ્યક્તિ તરફ આવે છે.

ઈમામ હસન અસકરી (અલ.)નો ઈરશાદ છે “અબુતાલિબ મોમીને આલે ફિરઓનની જેમ

હતા, જેઓ પોતાના ઈમામને છુપાવીને રહેતા હતા. (અલ હુજજત ઈબ્ને મઅદ પેજ. ૧૧)

ઈસ્લામના ઉદયકાળમાં મતલબ નુબુવ્વતની જાહેરાતના શરૂના સમયગાળામાં હઝરત અબુતાલિબનું પોતાના ઈમાનને પરદામાં રાખવું અને કુફ્ફારે કુરૈશની સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં જાહેર ન કરવું, એક ઘણું બુદ્ધિપૂર્વકનો કદમ હતો. આપ સમય પારખુ હતા, વિદ્વાન હતા. દુરંદેશ હતા. જો તેઓ એલાને રિસાલતની સાથે જ પોતાના ઈમાનની જાહેરાત કરી દેત તો કુરૈશના કાફિરોએ જેવી રીતે પેગંબરે ઈસ્લામ વિરુદ્ધ ખુલ્લમ ખુલ્લા મોરચો માંડ્યો હતો, એવોજ મોરચો આપની વિરુદ્ધ પણ માંડી દેત અને આપની સામે ખુલ્લી દુશ્મની ઉપર ઊતરી આવત. તેનું પરિણામ એ આવત કે જે વિરોધવંટોળને આપ પોતાની બુદ્ધિશક્તિથી, કારકીર્દીથી રોકી રાખ્યો હતો તેને રોકી ન શકત. બલ્કે કુરૈશને પોતાના વિરોધી બનાવીને તે પદ્ધતિથી પેગંબર (સલ.)ની મદદ ન કરી શકત જે પદ્ધતિથી તેમણે કરી છે.

જો કે કુફ્ફારે કુરૈશથી આ વાત છાનીછૂપી ન હતી કે આબુતાલિબ દરેક પ્રસંગે પેગંબર (સલ.) નો સાથ આપે છે, તેમની તરફદારી કરે છે. જેનાથી ઈસ્લામની અવાજ ફેલાઈ રહી છે અને મુસલમાનોનું વર્તુળ મોટું થઈ રહ્યું છે. આ બધું જ

જાણતા હોવા છતાં કુફફારે કુરૈશ પાસે કોઈ દેખીતું બહાનું ન હતું કે તેઓ આપની સાથે ઝઘડી પડે, આપને પોતાના દુશ્મન સમજે. આપની આ બુદ્ધિપૂર્વકની વર્તણુકથી હકપસંદ લોકો ઈસ્લામ તરફ આવતા રહ્યા. પેગંબરે ઈસ્લામની હિદાયત તરફ દોરાતા રહ્યા. આપ (સલ.)ની વાતો સાંભળતા રહ્યા. આપ (સલ.)ને તેમને સમજાવવાનો, ઈસ્લામની ખૂબીઓનું વર્ણન કરવાનો મોકો મળતો રહ્યો.

જો હઝરત અબુતાલિબ આ પદ્ધતિ ન અપનાવત તો તે જાલીમ - કાફિરાના વાતાવરણમાં જ્યારે કે કુરૈશ પોતાની બહુમતિ અને માલદારીની શક્તિ ઉપર ઈસ્લામની અવાજને દ્બાવવા અને કચડી નાખવા તલપાપડ હતા, કદીપણ ઈસ્લામને ફેલાવવાનો મોકો ન મળત. કુરૈશ અબુતાલિબના પણ  દુશ્મન બનીને બેવડી તાકાતથી ઈસ્લામ ઉપર હુમલા કરત.

પોતાની જ કોમના એક વિદ્વાન, બુઝુર્ગ, આગેવાન વ્યક્તિની માનમર્યાદા, ધાકધમકી, પ્રતિભા અને સગાસંબંધનો પાસ રાખીને કુરૈશ પેગંબર અને આપની જમાતને સતાવવામાં હિચકિચાહટ અનુભવતા હતા. તેથી જ તો વારંવાર અબુતાલિબ પાસે આવતા હતા.

ભત્રીજાની ફરિયાદ કરતા હતા. નિરાશવદને પરત થતા હતા.
જ્યારે કે હઝરત અબુતાલિબ આ દુનિયાથી પરદે થયા તો રસૂલ્લાહ (સલ.) ઉપર મુસીબતોના પહાડ તૂટી પડ્યા. એક વખત તો આપ (સલ.) એ આંખોમાં આંસુ સાથે ફરમાવ્યું :
"મારા કાકાના ઈન્તિકાલ પછી આ લોકો ખુલ્લમ ખુલ્લા મારી ઉપર જુલમ કરી રહ્યા છે. અબુતાલિબ અને ખદીજાની હયાતી દરમ્યાન આ લોકો મારી ઉપર આટલો ખુલ્લો અત્યાચાર કરતા ન હતા."
હઝરત મા ખદીજા (રઝિ.)ના સગાંઓને કારણે પણ કુરૈશ ડરતા હતા. તે સગાં સંબંધીઓ ભલે કુરૈશના હમ મઝહબ હોઈ ઈમાન લાવ્યા ન હતાં. પરંતુ રસુલુલાહ તો તેમના જમાઈ થતા હતા.
શક વગર કહી શકાય કે કુરૈશની અત્યાચારી કાર્યવાહી અને ઈસ્લામની સખ્ત દુશ્મની વચ્ચે પેગંબરે ઈસ્લામ (સલ.)ને ઈસ્લામની તબ્લીગનો જે કંઈ મોકો મળ્યો, તે હઝરત અબુતાલિબની હિમાયત, મદદ, તરફદારી, કૂટનીતિ, સિયાસતદાની અને પ્રબંધ કુશળતાના કારણે જ મળ્યો. જો હઝરત અબુતાલિબનો આ પ્રકારનો સાથ ન હોત તો જાહેરી સાધનસામગ્રી અને પરિસ્થિતિના કારણે ઈસ્લામની અવાજ મક્કામાં બુલંદ ન થઈ

શકી હોત. હકની અવાજ બાતીલના શોરબકોરમાં દ્બાઈ ગઈ હોત. આ હઝરત અબુતાલિબની જ કોશીશોનું પરિણામ છે કે ઈસ્લામનો ચિરાગ કુફ્રની તેજ આંધી જેવી હવાઓથી રક્ષિત રહ્યો, અને કુફ્ફાર તથા મુશ્રેકોની હઠધર્મી છતાં તેનો ફેલાવો વધતો જ ગયો.

ફિરકએ મોઅતઝલાના પ્રખ્યાત આલિમ ઈબ્ને અબીલ હદીદે ઈમાને અબુતાલિબના વિષયમાં ખામોશી ઈખ્તિયાર કર્યા છતાં તેમની સેવાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું છે :

"જો અબુતાલિબ અને તેમના ફરઝંદ અલી ન હોત તો ઈસ્લામ કદીપણ પોતાના પગો ઉપર સ્થિર ન થયો હોત."

તેમનામાંથી એકે મક્કામાં હિમાયત અને તરફદારીમાં પોતાની જિંદગી ખર્ચી નાખી અને બીજાએ મદીનામાં પોતાની જાનની પરવા કર્યા વગર ઈસ્લામનું રક્ષણ કર્યું.

શું કહેવું તે વ્યક્તિ વિશે જેણે હિદાયતનો દરવાજો ખોલ્યો. અને શું કહેવું તેના વિશે જેના ઉપર તમામ બુઝૂર્ગીઓ - વિલાયતો ખતમ થઈ જાય છે."

આ વાત ઘણી જ આશ્ચર્યજનક છે કે એક તરફ તો આ કબૂલ કરવામાં આવે છે કે હઝરત અબુતાલીબની બહાદુરી, મદદ અને કોશીશોના

પરિણામે ઈસ્લામની અવાજ બુલંદ થઈ. ઉપરાંત આ પણ કબૂલ કરવામાં આવે છે કે તેમણે પૂરી દ્રઢતા, ધૈર્ય અને ઉત્સાહ સાથે પોતાના જીવનનો એક લાંબો હિસ્સો આપ (સલ.)ની મદદ કરવામાં ખર્ચી નાખ્યો. જ્યારે બીજી બાજુ આપના કાફિર હોવા ઉપર પણ બળપૂર્વક વળગી રહેવામાં આવે છે. આપની તમામ ખિદમતોને નકામી બનાવવાની પણ કોશીશ કરવામાં આવે છે. જેઓ બીજાઓ માટે તો અતિ કમજોર સંબંધો અને ગવાહીઓને પણ ઈમાનના માટે પુરતી સમજે છે. જ્યારે કેટલાક લોકો માટે કે જેઓ હંમેશા નુબુવ્વતમાં શક કરતા રહ્યા. તેમના ઈમાન વિશે શક પણ નથી કરતા. જ્યારે અહીં હઝરત અબુતાલિબ માટે વાસ્તવિકતાઓનો પણ અસ્વીકાર કરીને બુદ્ધિ અને વિચારધારાનો બીજો રસ્તો ઈખ્તિયાર કરીને ઈસ્લામના આ જાંબાઝ સિપાહીને તેમની કોશીશો, દીની ખિદમતોના જાણ્યા જોયા પછી પણ ઈરાદાપૂર્વક તેમને ઈસ્લામના દાયરામાંથી ખારીઝ માનવામાં આવે છે.

જો કોઈ તટસ્થતાપૂર્વક તંદુરસ્ત દિમાગ સાથે ફિરકા પરસ્તીથી પર થઈને આપના કલામો, કથનો, ઉદ્દબોધનો ઉપર દ્રષ્ટિ નાખવામાં આવે, તો તેમાં સંપૂર્ણ તવહીદ (અલ્લાહને એક-વાહીદ

માનવું) અને રીસાલતનો ખજાનો દેખાશે. આ ઈકરાર પછી આપના કાર્યો, અને અમલો એવા છે કે તેમાનું એક કાર્ય કે અમલમાં પણ ઈસ્લામના વિરુદ્ધ સાબિત નથી કરી શકતા.

શું ઈમાનના ભાગો ઉપર ઈમાનની શાખાઓ ઉપર દીલો દિમાગથી વિશ્વાસ, જીભથી ઈકરાર, અને ઈસ્લામના રુકનો ઉપર અમલમાંથી કોઈ ભાગ - કોઈ અંશ એવો છે જે હઝરત અબુતાલિબમાં ન દેખાતો હોય ? હઝરત અબુતાલિબનું છુપા રહેવું પણ જાહેરથી વધારે જાહેર  હતું અને આપની ખામોશી પણ બોલવાથી  વધુ બોલતી હતી. એટલા માટે કે આપની અમલી જિંદગી સંપૂર્ણપણે ઈસ્લામના સિદ્ધાંતોમાં ગૂંથાયેલી હતી.

આપનો એક એક અમલ નુબુવ્વતના ઈકરારનો આયનો હતો. ઈસ્લામની સચ્ચાઈના ઈકરારની જીવંત સાબિતીઓ આપની જિંદગીમાં પળે પળે દેખાઈ આવતી હતી. આપે વાણી અને વર્તન દ્વારા એવી રીતે પેગંબરે ઈસ્લામની મદદ કરી કે તે ઈસ્લામી દ્રષ્ટિકોણથી વિરુદ્ધ રહીને શકય જ ન હતી. ઈસ્લામના વિરોધીઓને ડરાવવા-ધમકાવવા, તેમણે ઊભા કરેલા ઈસ્લામ વિરુદ્ધ ફિત્નાઓનો દટીને મુકાબલો કરવો, કુરૈશની સાંઠગાંઠ જોડતોડ અને ષડયંત્રોનો સામી છાતીએ

મૂ઼કાબલો કરવો. શું એક વ્યક્તિ ઈસ્લામથી અલિપ્ત રહીને આ સર્વે કાર્યો કરી શકે છે ?

શું આ બુઝુર્ગ મોમીને કુરૈશની આ રીતે બેહદ બેઈજ્જતી કરવાથી - આપને કુફ્રનો ફતવો આપવાથી પેગંબર અને એહલેબયતે અતહારને જુઠલાવાનો ગુનો લાગુ નહીં પડે ? શું પેગંબરે ઈસ્લામને આપણી આવી વર્તુણુક નાપસંદ નહીં પડે ? એક અવ્વલ દરજાના મોમીનને કાફિર ગણવામાં આવે ? અને પેગંબરના મદદગારને ! ઈસ્લામના મદદગારને ! ખુદાના દીનની પોતાની જીવની જેમ હિફાઝત કરનારને ! ખુદા - રસૂલનો દુશ્મન કાફિર કહેવામાં આવે !

આ બધી સાબિતીઓ અને દલીલોને આપણે એક તરફ રાખીએ તો પણ આ વાતથી તો કોઈને ઈન્કાર નથી કે હઝરત અબુતાલિબ પેગંબરે ઈસ્લામની સાથે અનહદ પ્રેમ કરતા હતા. આપના લોહીના એક એક ટીપામાં ઈશ્કે રસૂલ વહેતો હતો. લોહીમાં ફરતો હતો. આ મહબ્બતે રસૂલ સ્વયં આપના ઈમાનની મજબૂત દલીલ છે. સ્પષ્ટ સાબિતી છે. એટલા માટે કે મહબ્બતે રસૂલ અને બુગ્જે ઈસ્લામ એક સાથે કદી હોઈ શકતા નથી. રસૂલથી મહબ્બત અને ઈસ્લામથી નફરત શું ભેગાં થઈ શકે ? જેવી રીતે બુગ્જે રસૂલ અને ઈસ્લામ દોસ્તી એકત્ર નથી થઈ શકતા. જો

દીલમાં મહબ્બતે રસૂલ છે તો ઈસ્લામ પણ છે. જો દીલ ઈશ્કે રસૂલથી ખાલી છે તો ઈસ્લામનો દાવો કોઈ કરતું પણ હોય તો તે ફક્ત દાવો જ છે. કારણ કે ઈશ્કે રસૂલ જ અસલ ઈસ્લામ છે. રુહે ઈસ્લામ છે.

મુસલમાનોની એક જમાઅત અક્કલની દ્રષ્ટિએ હઝરત અબુતાલિબને કાફિર કહેવા તૈયાર નથી પરંતુ આવા લોકો કેટલીક મોં-માથા વગરની રીવાયતોના આધારે જાહેરમાં તેમના મુસલમાન હોવાનો ઈકરાર પણ નથી કરતા. જો કે આવી બધી જ રીવાયતો સચ્ચાઈના માપદંડ ઉપર પૂરી નથી ઊતરતી. આવી રીવાયતો તદ્દન જુઠ્ઠી અને બનાવટી હોવા છતાં તેને એવી રીતે ઘડવામાં આવી છે કે તેના બનાવટી હોવાનો કોઈને શક પણ ન થાય. મઆવીયાવાદીઓએ મોહસીને ઈસ્લામ અને મુરબ્બીએ પેગંબરની ખિદમતો ઉપર પરદો નાખવા અને તેમના ફરઝંદ હઝરત અલીના બાપ હોવાની વિશેષતાને નાબૂદ કરવા આવી રીવાયતો બનાવી છે. જેનાથી એમના કુફ્રની સાબીતી મળે અને આવી રીતે હઝરત અલી (અલ.)ને પણ તે લાઈનમાં ઊભા કરી દેવામાં આવે, જેમાં બીજા ઊભા છે જેમના બાપો જહન્નમી છે તેઓ પણ અડધી જિંદગી પછી ઈસ્લામના વર્તુળમાં દેખાવ પુરતા, હુકુમત ખાતર

દાખલ થયા હતા. હઝરત અલી (અલ.)ની વિશેષતાને ખતમ કરવી છે. હઝરત અબુતાલિબને કાફિર બતાવવા માટે બસ લઈ દઈને અલીની દુશ્મની દેખાઈ આવે છે.

આવી રીવાયતો ઉપર પણ એક દ્રષ્ટિ નાખી દઈએ જેથી બુદ્ધિશક્તિથી વિચારનારા લોકો જાતે પણ ફેંસલો કરી શકે કે આવી રીવાયતો રાજકારણના પરિપાકરૂપ ઘડવામાં આવી છે.

## પ્રથમ રીવાયત

જ્યારે હઝરત અબુતાલિબના ઈન્તેકાલનો છેલ્લો સમય આવ્યો તો પેગંબરે ઈસ્લામ તેમના ઘરે તશરીફ લઈ ગયા. ત્યાં અબુજહલ અને અબ્દુલલ્લાહ બિન ઉમય્યા પણ હાજર હતા. આપ (સલ.) એ ફરમાવ્યું. "કાકા," લાઈલાહા ઈલ્લલ્લાહ" કહો જેથી હું આપના ઈમાનની ગવાહી આપી શકું. અબુજહલ અને અબ્દુલ્લાહ બિન ઉમય્યાએ અબુતાલિબને કહ્યું "શું તમે મિલ્લતે અબ્દુલ મુત્તલિબથી હટી જશો ? અબુતાલિબે કહ્યું "અના મિલ્લતે અબ્દુલમુત્તલિબ" હું અબ્દુલ મુત્તલિબની મિલ્લત ઉપર જ છું." અને કલિમો ન પઢ્યો. તે બાબત આપ (સલ.) એ ફરમાવ્યું. "જ્યાં સુધી મને મના કરવામાં નહીં આવશે ત્યાં સુધી હું

આપના માટે દુઆએ મગફિરત કરતો જ રહીશ.”
ત્યારે આ આયત નાઝિલ થઈ.

મા કાન લીન્નબીય્યે વલ્લઝીન આમનુ અય્યસતગફેરુ લીલમુશ્રેકીન વલવ કાનુ ઉવલી કુરબા મિમ બાઅદે મા તબય્યન લહુમ અન્નહુમ અસહાબુલ જહીમ. (સુરા તોબા આયત નં. ૧૧૩)

“નબી, કે તે લોકો જેઓ ઈમાન લાવ્યા છે. તેમના માટે આ યોગ્ય નથી કે તેઓ મુશ્રીકો માટે બક્ષીસની દુઆ કરે, એ પછી કે તેમના પર આ વાત સ્પષ્ટ થઈ ગઈ હોય કે તેઓ જહન્નમી છે. ભલેને સગાં-સ્નેહી કેમ ન હોય ?”

પ્રથમ તો ઉપરોક્ત આયતમાં અલ્લાહનો હુકમ સમજીએ જેમાં અલ્લાહ આપણને મુશ્રીકો માટે દુઆએ મગફિરત કરવાની મના ફરમાવે છે. પરંતુ આપણને યકીન હોય કે આ વ્યક્તિ મુશ્રીક નથી તો તેના માટે દુઆએ મગફિરત કરવાનો હુકમ છે.

બીજી વાત કે આ આયત સૂરા તોબાની ૧૧૩ મી આયત છે. સુરએ તોબા મદીનામાં નાઝિલ થઈ છે. તેમાં ૧૨૯ આયતો છે. મદીનામાં હિજરીસન ૯માં નાઝિલ થઈ. મતલબ પેગંબરે ઈસ્લામના હિજરતના આઠ વર્ષ વીતી ગયા બાદ આ સૂરા નાઝિલ થઈ હવે વિચારો કે હઝરત અબુતાલિબનો ઈન્તિકાલ મક્કામાં હિજરતના ત્રણ વર્ષ અગાઉ

થયો છે. ઉપરોક્ત સમગ્ર ઘટના જ ઘડી કાઢવામાં આવી છે. આ રીવાયતના રાવી વિશે પણ મોહદ્દીસો કહે છે કે તે જુઠ્ઠો છે.

ઉપરોક્ત રીવાયતના રાવી મુસય્યબ વિશે સુન્ની આલીમ ઈબ્ને હજર અસકલાની "તહઝુબુત તહઝીબ"માં લખે છે કે મુસય્યબ અબુ સુફયાન ઈબ્ને હરબથી તથા પોતાના બાપ હઝનથી રીવાયત કરે છે. પછી તેનાથી ફક્ત તેનો બેટો સઈદ રીવાયત કરે છે. આ સમગ્ર વાતોથી આ સ્પષ્ટ થાય છે કે તે સમયમાં ન તેની રીવાયતોને મહત્ત્વ આપવામાં આવતું હતું અને ન તો તેની વાતો ઉપર વિશ્વાસ કરવામાં આવતો હતો.

બલ્કે આ રીવાયતનો રાવી મુસય્યબ ફતહે મક્કાના સમયે મુસલમાન થયો. હઝરત અબુતાલિબની વફાત તો હિજરતના ત્રણ વર્ષ અગાઉ થઈ. જ્યારે ફતહે મક્કાની ઘટના હિજરી ૧૦ માં ઘટી. જેથી રીવાયતનું પોલ જાતે જ ખુલી જાય છે.

જો તેણે આ વાકેઓ કોઈથી સાંભળ્યો હતો તો જ્યાં સુધી આ માલૂમ ન પડે કે કોનાથી સાંભળ્યો હતો, ન આ રીવાયતનું કોઈ મહત્ત્વ છે. ન એના ઉપર વિશ્વાસ કરવામાં આવશે. આ ઘટના તો મુસય્યબના કાફિર હોવાના સમયની છે. વળી પાછી આ રીવાયત મુસય્યબથી તેના બેટા સઈદે કરી છે. તે હઝરત ઉમરની ખિલાફતના સમયમાં

પેદા થયો, તેની ગણતરી એવા લોકોમાં થતી હતી જેઓ હઝરત અલી અને એહલેબયતે અતહારથી વિદ્રોહ કરનાર હતા.
જેથી અલ્લામા ઈબ્ને અબીલ હદીદ લખે છે કે સઈદ ઈબ્ને મુસય્યબ હઝરત અલી (અલ.)થી દુશ્મની રાખનાર, આપથી વિદ્રોહ કરનાર હતો. (શરહ નહઝૂલ બલાગાહ ભાગ - ૧ પેજ નં. ૩૭૦)
આ બદ્‌બખ્તની એહલેબયતની દુશ્મનીની એક ઘટના મુસલમાનોની તબકાત ઈબ્ને સઅદ જેવી પ્રખ્યાત કીતાબમાં પણ છે. જે એહલે સુન્નત જમાતની કીતાબ છે.
જ્યારે હઝરત ઈમામ અલી ઝયનુલ આબેદીન (અલ.) આ દુનિયાથી પરદે થયા, અને આપનો જનાઝો મસ્જિદે નબવીમાં લાવવામાં આવ્યો. તો બધા જ લોકો નમાઝે જનાઝામાં શરીક થયા. પરંતુ આ બદ્‌બખ્ત મસ્જિદમાં બેસી રહ્યો અને નમાઝમાં શરીક ન થયો. તો કહેવામાં આવ્યું કે “શું તું આ મર્દે સાલેહની નમાઝમાં શરીક નથી થતો ?” તેણે ઉત્તર આપ્યાં :
“હું આ પવિત્ર જગ્યાએ એક મર્દે સાલેહની નમાઝે જનાઝાહ પઢવા કરતાં બે રકાત નમાઝ પઢી લેવી વધારે પસંદ કરું છું.” (તબકાત ઈબ્ને સઅદ, ભાગ - ૫ પેજ નં. ૨૨૨)

આ બદ્બખ્તની કમઅકલી અને દુશ્મનીની હદ છે કે જે એહલેબયતની જલીલુલ કદ્ર હસ્તીની નમાઝે જનાઝાહ નથી પઢતો. થોડોક પણ અકલમંદ હોત તો વગર નિય્યતે પણ બધાંની સાથે સફમાં ઊભો થઈ જાત. જ્યારે એક વિશાળ જનમેદની નમાજે ઝનાઝા અદા કરી રહી છે. અને આ બેવકૂફ એકલો અટૂલો અલગ બેસી રહ્યો. જેને અબુતાલિબની અવલાદ સાથે આટલી હદે દુશ્મની હોય તેની રીવાયત દ્વારા કોઈના મોમીન ગેર મોમીન હોવાનો ફેંસલો કેવી રીતે થઈ શકે ? ખસૂસ હઝરત અબુતાલિબ માટે કે જેમના માટે આના દીલમાં કીનો કપટ ભરેલો હતો. જેથી આ વ્યક્તિની વાતનું કોઈ વજન નથી.

અમો હઝરત અબુતાલિબને મોમીને કુરૈશ ગણીએ છીએ. કુરૈ◌ેશના અવ્વલ દરજાના મોમીન માનીએ છીએ. એમણે તો કલિમાના શબ્દો જીભથી રટવાની કોઈ જરૂર જ ન હતી. રસૂલના યતીમ હોવાથી આપ બાપથી વધીને બાપ હતા. રસૂલે ઈસ્લામ આપના પાલનપોષણમાં હતા. કોઈપણ રસૂલ કે પેગંબર હોય તેમના માએ, કે બાપે કે સંતાને, કે પત્નીએ પેગંબરનો કલિમો જીભથી પઢવાની જરુર જ હોતી નથી. જ્યારે કે મા-બાપ, પત્ની કે સંતાનો પેગંબરના વિરોધી નથી, બલ્કે પેગંબરીના કાર્યમાં - અમ્રબિલ મઅરુફમાં નબીના

મદદગાર છે તો તેઓ મોમીન જ છે. જીભથી કલિમાનું રટણ કરવાની જરુર જ નથી. કોઈની ગવાહીની પણ જરુર નથી. જ્યારે ઉપરોક્ત નજીકના સગાંઓમાંથી કોઈક નબીનો વિરોધ કરે તો જ તેનું ઈમાન શકપૂર્ણ ગણાય અને તેણે કલિમા શબ્દોનું જીભથી ઉચ્ચારવું જરૂરી મનાય.

અમો ઉપરોક્ત રીવાયતો એટલા માટે રજુ કરીએ છીએ કે જે સુન્ની મુસલમાન બિરાદરો સુધી અધુરું સત્ય પહોંચ્યું છે. અધુરો ઈસ્લામ પહોંચ્યો છે. તેમની રીવાયતોને રજૂ કરીને તેનો બીજી સાચી રીવાયતો દ્વારા રદ સાબિત કરીએ, જેથી અમ્રબિલ મઅરુફનો અમારો હક અદા થઈ જાય. હુજ્જત ખતમ થઈ જાય.

ત્રીજી વાત આ છે કે ઉપરોક્ત રીવાયતની અવરોધક એક રીવાયત છે. જેમાં હઝરત અબુતાલિબે પોતાના જીવનની છેલ્લી ક્ષણોમાં જીભથી કાલિમો પઢી લીધો હતો. ઘણા બધા ઈતિહાસકારોએ આ રીવાયતને નોંધી છે. ઈતિહાસકાર અબુલ ફિદા લખે છે કે :

જ્યારે હઝરત અબુતાલિબની વફાતનો સમય નજીક આવ્યો તો આપે પોતાના હોઠો હલાવ્યા. હઝરત અબ્બાસે કાન લગાવીને સાંભળ્યું અને પછી હઝરત પેગંબરે ઈસ્લામ (અલ.)ને હઝરત અબ્બાસે કહ્યું “અય મારા ભત્રીજા, ખુદાની કસમ!

અબુતાલિબે તે કલિમો પળ્યો છે જે આપ તેનાથી પઢાવવાનું ઈચ્છતા હતા. આપ (સલ.) એ સાંભળ્યું તો કહ્યું "અય કાકા, અલ્લાહનો શુક્ર છે કે તેણે આપને હિદાયત આપી." (તારીખે અબુલ ફિદા ભાગ-૧, પેજ નં. ૧૨૦)

ઉપરોક્ત રીવાયતને રજૂ કરવું અમને જરૂરી નથી લાગતું. પરંતુ એની અગાઉની રીવાયતને રદ કરવા માટે જ અમોએ આ રીવાયત રજૂ કરી છે. ઈબ્ને આદમ જે સીરાતે મુસ્તકીમથી બેખબર છે. હિદાયતના ચિરાગોથી મહરૂમ છે. જીવનના શાહરાહ ઉપર ઈન્સાનોએ બનાવેલા અસંખ્ય મઝહબી ઇટકોણોની ભૂલભૂલામણીઓમાં અટવાઈને બદનસીબીના ધક્કા ખાઈ રહ્યો છે. એવા લોકો માટે અમો આવી રીવાયતો રજૂ કરીએ છીએ. જેઓએ હજારો ઈમામોની તકલીદ કરીને મઝહબને પ્રકાર પ્રકારની રીવાયતોમાં ગૂંચવીને ખીચડો બનાવી દીધો છે. કારણ કે રીવાયતોને માનનારાઓ માટે રીવાયત દ્વારા જ રીવાયતને રદ કરવી પડે છે.

તે મર્દે મોમીન માટે આવી રીવાયતોની કોઈ જ જરૂર નથી...

જેઓ નુબુવ્વતની જાહેરાતની શરુઆતથી જ આપ (સલ.)ને સાદીક અને અમીન માનતા હોય, ખુદાના મોકલેલા રસૂલ સમજતા હોય, તેમની

સચ્ચાઈ અને ઈમાનદારીની તારીફ કરનાર હોય, જેમણે પોતાની જિંદગીનો ધ્યેય જ પેગંબરની મદદ અને હિમાયત, તથા ઈસ્લામની તબ્લીગ બનાવી દીધો હોય, જેમના વાણી વર્તન ઈસ્લામને જીવંત રાખવાના અને કલેમએ હકની બુલંદી દેખાડતાં હોય તેમની પાસેથી કલિમાનો ઈકરાર કરવાનો કે કલેમો પઢાવવાનો શું અર્થ છે ? શું જરુર છે ?

આ તો એવી વાત છે કે હઝરત ઈસ્માઈલ (અલ.) ઝબહ થતા થતા પોતાના બાપ હઝરત ઈબ્રાહીમ (અલ.)ને એમ કહે કે બાપા, થોભો, થોભો, પ્રથમ હું આપ ઉપર ઈમાન લાવું, આપનો કલિમો પઢું, પછી મને ઝબહ કરજો, પછી છરી ચલાવજો, નહીં તો હું કાફિર ઝબહ થઈ જઈશ. અસ્તગફિરુલ્લાહ.

આ તો એવી વાત છે કે જંગે બદરના સહાબા શહીદ થતાં થતાં તીરો કે તલવાર અને ભાલાના ઘા પડ્યા પછી બીજાને બોલાવીને કહે કે સાંભળો, અમે પેગંબરનો કલિમો પઢીએ છીએ, ઈમાન લાવીએ છીએ. એવી વાત થઈ.

આ જગ્યાએ રડવું આવી જાય છે. જે વ્યક્તિએ પેગંબરની હિફાઝત માટે રાતના પણ કદી સંપૂર્ણ ઊંઘ નથી લીધી. સહેજ ખખડાટ થતાં આ વ્યક્તિ અડધી રાતે પોતાના બિસ્તરમાં બેઠા થઈ જતા,

તરતજ મોહંમદની પથારી પાસે જતા. મોહમંદને આરામ કરતા જોઈ આસ્માન તરફ હાથ ઊઠાવી ખુદાનો શુક્ર અદા કરતા, પછી પાછા પથારીમાં આવીને આડા પડતા. ઊંઘ ન આવતાં વળી પાછા મોહંમદની પથારી બદલી નાખવાનો વિચાર કરતા, પોતાના ફરઝંદ અલી કે બીજા કોઈ ફરઝંદને ઊંઘમાંથી ઢંઢોરતા, તે ફરઝંદ લથડાતા પગે બાપ સાથે ચાલી મોહંમદની પથારી પાસે આવતો, આ વ્યક્તિ અબુતાલિબ મોહંમદને જગાડતા, બેટા બેઠા થઈ જાઓ, મોહંમદ ઊભા થતા, પોતાના ફરઝંદને મોહંમદની પથારી પર સૂવડાવી મોહંમદને છાતી સાથે લગાવી પોતાના ફરઝંદની પથારી ઉપર લઈ જઈ સૂવડાવી દેતા. પોતાના હાથથી મોહંમદના પવિત્ર શરીરને ઢાંકી દેતા. યા અલ્લાહ, યા અલ્લાહ.

કેટલીક વખત રાતના બે વખત હઝરત અબુતાલિબે મોહંમદ (સલ.)ની પથારીઓ બદલી છે. જ્યારથી મોહમંદની જવાબદારી હઝરત અબુતાલિબને સોંપાઈ ત્યારથી આપ કદી શાંતિથી જમી શકયા નથી. આપ પોતાનો ધંધો રોજગાર પણ સંભાળી શકયા નથી. ઘરની કોઈ વ્યક્તિ કંઈક ખાવાની વસ્તુ આપ પાસે લઈને આવે અને આપ તેમાંથી બટકું મારે અને આપને મોહંમદ યાદ આવી જાય, તો તે બટકું જેમનું તેમ સ્થિર થઈ

જાય. અને આપ કોઈને પૂછે કે મોહંમદ ક્યાં છે ? જ્યારે જોઈ લે તો પાસે બોલાવી પેલી ખાવાની વસ્તુ મોહંમદને આપે, મોહંમદ તેમાંથી ખાવાનું શરુ કરે ત્યારે આ કાકા પોતાના મોંના બટકાને ચાવીને હલકમાં ઊતારે યા અલ્લાહ, યા અલ્લાહ, આ જગ્યાએ પથ્થર દીલનો માણસ પણ રડી પડે છે. શું આવી વ્યક્તિએ મોંથી કલિમાનું રટણ કરવું પડશે ? જેના શરીરની એકએક રક્તવાહીનીઓમાં ઈમાન ફરતું હોય, જે ઈમાનની હિફાઝતમાં ચોવીસ કલાક લાગેલો હોય, દિવસે તો દિવસે પરંતુ રાતે પણ જે માણસ ઈમાનની હિફાઝત માટે ઊંઘી શકયો ન હોય. મોહંમદની યાદ આવી જતાં જે ચાવેલો કોળિયો હલકમાં ન ઊતારી શકતો હોય. શું તેને મુસલમાનો કાફિર કહેશે ?

જો આમ માની લેવામાં આવે કે છેલ્લી ઘડીએ આપ (સલ.) એ કાકાને કલિમો પઢવાનું કહ્યું તે એવું છે. જેવી રીતે દરેક મોમીનને છેલ્લી ઘડીઓમાં કલિમો પઢવાની તલકીન કરવામાં આવે છે. અને તે કાલિમો પઢે છે. તેનો અર્થ એવો નથી થતો હાલ જ તેની પાસેથી તવહીદ અને રીસાલતનો ઈકરાર કરાવીને તેને મુસલમાન બનાવી રહ્યા છીએ.

રીવાયત કરનારને તો અબુતાલિબ પ્રત્યે પોતાના રોષ, નફરત ઠાલવવી હતી. તેણે એમ ન વિચાર્યું કે

આ આયત ક્યારે નાઝિલ થઈ અને હઝરત અબુતાલિબનો ઈન્તેકાલ ક્યારે થયો. ઈન્તિકાલ મક્કામાં અને ત્યારબાદ તેર વરસે મદીનામાં આ આયત નાઝિલ થઈ. ઉઘાડું જુઠ તરત જ પકડાઈ જાય છે.

ચોથી દલીલ આ છે કે ઉપરોક્ત સુરએ તોબાની ૧૧૩ મી આયત પહેલાં એવી ઘણી બધી આયાતો નાઝિલ થઈ ચૂકી હતી જેમાં સ્પષ્ટ રીતે કુફ્ફાર અને મુનાફિકીન માટે દુઆએ મગફિરત કરવાથી મના કરવામાં આવી હતી. દ્રષ્ટાંત રૂપે સુરએ મુનાફેકીનમાં છે કે :

સવાઉન અલયહીમ અસ્તગફરત લહુમ અમલમ તસતગફિરલહુમ લંયગફિરલ્લાહો લહુમ (સુરહ મુનોફકૂન, આયત નં. ૬)

"તમે એમના માટે દુઆએ મગફેરત માગો કે ન માગો તેમના માટે બરાબર છે. (મતલબ કોઈ ફાયદો નથી) ખુદા તેમને કદીપણ માફ કરશે નહિ."

આ સુરત છઠ્ઠી હિજરીમાં સુરહ તોબાથી અગાઉ નાઝિલ થઈ હતી. જેથી જ્યારે પેગંબરે ઈસ્લામને અગાઉથી જ કુફ્ફાર અને મુનાફેકૂન માટે દુઆએ મગફેરત કરવાનું મના કરવામાં આવ્યું છે, તો પછી પેગંબર (સલ.)ના આમ કહેવાનો શું અર્થ છે કે જો

મને રોકવામાં નહીં આવે ત્યાં સુધી હું એમના હકમાં દુઆએ મગફેરત કરતો રહીશ.
શું આ શકય છે કે ખુદાના પેગંબર ખુદાએ મના કરવા છતાં તે કાર્ય કરે અને કુર્આનની પરવા ન કરે. જેથી આ માનવું જરુરી છે કે આ આયતનો (સુરા તોબા-૧૧૩) હઝરત અબુતાલિબની સાથે કોઈ સંબંધ નથી.
પેગંબર (સલ.) હઝરત અબુ તાલિબ માટે દુઆએ મગફ્રેત એવી રીતે કરતા હતા જેવી રીતે કોઈ મોમીન મુસ્લિમ માટે કરવામાં આવે છે. કારણ કે તેમના કાફિર હોવાની હાલતમાં તેમના માટે દુઆએ મગફેરત કર્યા કરવી, નબીની નુબુવ્વત અને અસ્મત ઉપર ઘા થાય છે. એટલા માટે કે અલ્લાહના મના કરવા છતાં કુર્આનની ખિલાફ કરવા તૈયાર થયા ? શું હઝરત અબુતાલિબને કાફિર બનાવવા આવી રીવાયતો સાબિતી રુપે રજૂ કરી શકાશે ? જેનાથી નુબુવ્વતની તોહીન થતી હોય, દામને રિસાલત દાગદાર થતો હોય ?
પાંચમી દલીલ (સુરા તોબાની ૧૧૩મી આયત વિશે) આ છે કે મુસલમાનોની સિહાહ સિતામાં ગણાતી પ્રખ્યાત કીતાબ “તીરમિઝિ” ની છે. સહી તિરમીઝી બાબુત્તફસીરમાં છે કે આ આયત ત્યારે નાઝિલ થઈ જ્યારે હઝરત અલી (અલ.) એ એક વ્યકિતને પોતાના કાફિર મા-બાપ માટે

દુઆએ મગફિરત કરતો જોયો તો આપે તેને આ બાબત રોકયો.

હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું "તમે એવા મા-બાપ માટે દુઆ કરો છો જેઓ કાફિર અને મુશ્રીક હોવાની હાલતમાં મૃત્યુ પામ્યા છે."

તેણે કહ્યું "હઝરત ઈબ્રાહીમ (અલ.)એ પોતાના કાકા આઝર માટે દુઆએ મગફિરત કરી ન હતી ? જો કે તે મુશ્રીક અને બુતપરસ્ત હતો."

હઝરત અલી (અલ.) કહે છે કે "હું તરત જ પેગંબરે ઈસ્લામની ખિદમતમાં હાજર થયો અને આ વાકયો વર્ણન કર્યો, ત્યારે આ આયત નાઝિલ થઈ અને મુસલમાનોને પોતાના કાફિર અને મુશ્રીક અઝીઝો માટે દુઆએ મગફિરત માટે મના ફરમાવવામાં આવી.

આ આયતમાં કેટલીક વાતો ચિંતન-મનન માગી લે છે.

પ્રથમ દલીલ જો કાફિર - મુશ્રીક અઝીઝો માટે દુઆએ મગફિરત જાઈઝ હોત તો હઝરત અલી (અલ.) જેવી ઉચ્ચોચ્ચ વિદ્‌વાન વ્યકિત ઈસ્લામના અહકામો ઉપર જેમની પકડ અને સમજના મુકાબલામાં તે સમયમાં કોઈ ન હતું, પેગંબરે ઈસ્લામના પછી એકપણ સહાબીએ રસૂલ હઝરત અલી (અલ.)ના કરતાં વધુ ઈલ્મ ધરાવતા ન હતા. તેમણે પેલી વ્યકિતને દુઆ કરવાથી

રોકયો. હઝરત અલી (અલ.)નું તેના દુઆ કરવાથી આશ્ચર્ય વ્યકત કરવું, આ વાતની દલીલ છે કે તે સમયમાં પણ કુફ્ફાર અને મુશ્રીકો માટે દુઆએ મગફિરત કરવાનો સહાબાનો તરીકો ન હતો, નહીં તો હઝરતને તેને રોકવાની જરુર ન હતી.

બીજી દલીલ તે વ્યક્તિએ પોતાના દુઆના જાઈઝ ઠેરવવા માટે હઝરત ઈબ્રાહીમ (અલ.)ના અમલની સનદ રજુ કરવું કે તેમણે પણ પોતાના કાકા આઝર માટે દુઆએ મગફિરત કરી હતી, જો કે તેણે ભૂતકાળના ઈતિહાસમાં આટલે દૂર જવાની જરુર ન હતી. બલ્કે તે માણસે હઝરત ઈબ્રાહીમ (અલ.)ના અમલની સનદ રજુ કરવાની જગ્યાએ પેગંબર (સલ.)ના અમલની જ સનદ રજૂ કરવી જોઈતી હતી કે તેમણે પણ પોતાના મુશ્રીક કાકા માટે દુઆએ મગફિરત કરી હતી. પરંતુ તેનો અમલ પેગંબરે ઈસ્લામને સનદ તરીકે ન રજુ કરવાનો બતાવે છે કે તેના દિમાગમાં હઝરત અબુતાલિબના કાફિર હોવાનો ખ્યાલ સુદ્ધાં ન હતો. ન તો તે જમાનામાં આપને કોઈ કાફિર મુશ્રીક સમજતું હતું. ન તો આપના કાફિર મુશ્રીક હોવા માટે અકાબિર સહાબાથી કોઈ રીવાયત રજૂ થઈ છે.

ત્રીજી દલીલ આ છે કે તે વ્યક્તિએ પોતાના મૃત્યુ પામેલા મા-બાપના હકમાં દુઆએ મગફિરતની

સનદ હઝરત ઈબ્રાહીમ (અલ.)ના અમલથી રજૂ કરી. જો કે તે વ્યકિતની આ સનદ પણ સાચી નથી. હઝરત ઈબ્રાહીમ (અલ.)એ આઝરના મૃત્યુ પછી તેના માટે દુઆએ મગફિરત નથી ફરમાવી. બલ્કે જ્યારે આપને યકીન થઈ ગયું કે તે રાહે હિદાયત ઉપર આવવાનો નથી તો પોતાની ઝબાન બંધ કરી દીધી જેમકે ઈરશાદે ઈલાહી છે :

“વમા કાનસ્તીગ્ફારો ઈબ્રાહીમ લે અબીહે ઈલ્લા અમ્મવ એદતીંવ વઅદહા ઈય્યાહો ફલમ્મા તબય્યનલહુ અન્નહુ અદુવ્વુલ લિલ્લાહે તબર્રઅ મિન્હુ” (સુરા તોબા આયત નં. ૧૧૪)

“ઈબ્રાહીમ (અલ.)નું પોતાના બાપની (કાકાની) મગફિરતની દુઆ માગવાનું એ વાયદાના કારણે હતું જે તેમણે પોતાના બાપથી (કાકાથી) કર્યો હતો, પરંતુ જ્યારે તેમના ઉપર સ્પષ્ટ થઈ ગયું કે તે દુશ્મને ખુદા છે તો તેનાથી બેઝાર થઈ ગયા. (અલિપ્ત થઈ ગયા.)”

હઝરત ઈબ્રાહીમ (અલ.)ની દુઆ ફકત તલબે હિદાયત માટે હતી. નબી હઝરત ઈબ્રાહીમ એમ ઈચ્છતા હતા કે પોતાના કાકાને હિદાયત નસીબ થાય. જેથી આખેરતમાં નજાતના હકદાર બને, માણસ હયાતે જિંદગીમાં ગમે તેટલો ગૂમરાહ, મુર્તિઓ બનાવનાર - તેને પૂજનાર કેમ ન હોય, તેની હિદાયત માટે ઉમ્મીદ તો રાખી જ શકાય છે.

શાયદ તે ઈમાન લઈ આવે, મૃત્યુ પછી તો હિદાયત પર આવવાનો કોઈ ચાન્સ જ નથી. જેથી તેના માટે દુઆ કરવામાં આવે. જેથી આ આયતથી પણ કુફ્ર ઉપર મરી જનાર માટે કોઈ સનદ પ્રાપ્ત કરી શકાય નહિ.

ઉપરોક્ત દ્દષ્ટાંતોથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કુફ્ફાર માટે દુઆએ મગફિરત કરવાની મનાઈ ઉપરોક્ત આયતના નાઝિલ થયા અગાઉ થઈ ચૂકી હતી. જેથી પેગંબરે ઈસ્લામ માટે આમ વિચારવું કેવી રીતે યોગ્ય છે કે તેઓ હઝરત અબુતાલિબને કાફિર (નઉઝોબિલ્લાહ) સમજતા હોવા છતાં આમ કહે કે "જો મને મના ન કરવામાં આવે તો હું તેમના માટે દુઆએ મગફિરત કરતો રહીશ." કારણ કે દુઆએ મગફિરત બક્ષીસની ઉમ્મીદ સાથે સંબંધ ધરાવે છે અને એક કાફિર માટે બક્ષીસની ઉમ્મીદ કેવી રીતે કરી શકાય, જ્યારે કે અલ્લાહનો ફેંસલો કાફિરો માટે જહન્નમી હોવાનો થઈ ચૂકયો હોય.

જેથી આ વાત માન્યા વગર છુટકો જ નથી કે પેગંબર તેમને મોમીન અને મુસ્લિમ સમજતા હતા. જેથી તેમના હકમા દુઆએ મગફિરત કરતા હતા. રસૂલે ખુદાની આ દુઆ હઝરત અબુતાલિબના ઈમાનની દલીલ છે, ન કે કુફ્રની.

હઝરત અબુતાલિબ વિશે બીજી રીવાયત આ બયાન કરવામાં આવે છે કે જ્યારે આપની વફાતનો સમય નજીક આવ્યો, તો પેગંબર (સલ.) એ તેમને ફરમાવ્યું “કાકા કલિમો પઢી લો જેથી અલ્લાહતઆલાની સમક્ષ હું આપના ઈમાનની સાક્ષી આપી શકું” હઝરત અબુતાલિબે ઈન્કાર કર્યો અને કહ્યું : “જો મને કુરૈશના મ્હેણાંટોણાનો ભય ન હોત તો હું કલિમો પઢી લેત. ત્યારે આ આયત નાઝિલ થઈ.

ઈન્નક લાતહદી મન અહબબ્ત વલા કીન્નલ્લાહ યહદી મંયશાઅ. (સુરએ કસસ આયત નં. ૫૬)

ખરેખર તમે જેને ચાહો છો, તેને તમે હિદાયત આપી શકતા નથી પરંતુ ખુદા જેને ચાહે છે હિદાયત આપે છે.

ઉપરોક્ત રીવાયત પણ વિશ્વાસપાત્ર નથી. મોહંમદ બિન અબાદ, અબુહોરયરહ દોસીથી અબ્દુલ કુદુસ શામી અને અબુલ સહલના વાસ્તાથી ઈબ્ને ઉમર અને ઈબ્ને અબ્બાસથી નકલ કરવામાં આવી છે. આ પણ મનઘડત કહાની જેવી રીવાયત છે.

આ રીવાયતના રાવી અબુહોરયરહની હઝરત અબુતાલિબના ઈન્તેકાલ વખતે ઈસ્લામ લાવવાની વાત તો બાજુ પર પણ તે મક્કામાં પણ ન હતો. હોરયરહ પોતાની જન્મ ભૂમિ યમનમાં

હતો. હિજરીસન ૭માં જ્યારે હઝરત અબુતાલિબનો ઈન્તિકાલ થયો ત્યારબાદ દસ વર્ષે ઈસ્લામ લાવ્યો. તેથી હઝરત અબુતાલિબના ઈન્તિકાલની છેલ્લી ઘડીઓમાં તેના ત્યાં હાજર હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જેથી તે આ વાકેઆનો ચશ્મદીદ ગવાહ બની શકે. પેગંબરના કલેમાની તલકીન કરતા અને અબુતાલિબના ઈન્કાર કરતા સાંભળવાની વાત એક કહાની ઘડી કાઢવામાં આવી. જો કોઈનાથી આ વાત સાંભળી હોય તો તેનું નામ લખવામાં શું વાંધો હતો ? જો કે આ સમગ્ર ઘટના વખતે તે કાફિર હતો, પોતાના વતન યમનમાં હતો. હઝરત અબુતાલિબના ઈન્તિકાલ પછી દસ વરસે મદીનામાં જઈને ઈસ્લામમાં દાખલ થયો. જ્યારે કે હઝરત અબુતાલિબ મક્કામાં વફાત પામ્યા.

બીજું અબુતાલિબના મામલામાં તેની દરેક વાત આ કારણે પણ શકપૂર્ણ બની જાય છે કે અબુહોરયરહ મઆવીયાનો ખાસ સાથી અને તેની ચમચાગીરી કરનાર હતો. અબુહોરયરહ અત્યંત ઈજ્જત ભૂખ્યો અને દુનિયા પરસ્ત વ્યક્તિ હતો. મઆવીયાના દસ્તરખાન ઉપર સારા ખોરાક માટે પડ્યો પાથર્યો રહેતો હતો. મઆવીયાની ખુસામતખોરી તેનો બીઝનેશ હતો. તેથી જ તો તેણે રસૂલે ઈસ્લામના મા-બાપને પણ જહન્નમી

ચીતરી દીધાં છે. અબુહોરયરહને હઝરત અલી (અલ.) થી સખ્ત દુશ્મની હતી. કારણ કે હઝરત અલી (અલ.)ની દુશ્મની વગર તો શામના દરબારમાં તેને કોઈ સ્થાન મળે એમ જ ન હતું.

અબુહોરયરહ જ્યારે યમનથી મદીના આવ્યો, ત્યારે કાફિર હતો. ઈમાનના વર્તુળમાં દાખલ થયો. ત્રણ વર્ષથી વધુ એને પેગંબર (સલ.)ની સોહબત પ્રાપ્ત થઈ નથી. એટલો ભૂખ્યો અને કંગાળ વ્યક્તિ હતો કે ખાવા માટે મસ્જિદે નબવીના દરવાજા ઉપર બેસી રહેતો. ભૂખથી બેહોશ થઈ જતો તો લોકો એને જૂનૂન (ગાંડપણ) માની એની બોચી ઉપર પગ મૂકી તેનો ઈલાજ કરતા. એ પોતે કહે છે કે હું ભૂખથી બેહોશ થઈ જતો હતો. નબી (સલ.) અને પ્રથમ બે ખલીફાઓના સમયગાળામાં એની કોઈ સામાજિક વેલ્યુ ન હતી. ન તો એ બુદ્‌ધિશાળીઓમાં કે વિદ્‌વાનોમાં ગણાતો. એટલો નીચ ગણાતો કે એ રસ્તે જતો હોય તો એના તરફ કોઈ ધ્યાન પણ ન આપે. બીજા ખલીફાએ તો એને હાથથી મુક્કો મારેલો છે કે તું રસૂલના નામથી ગલતસલત રીવાયતો કરતો ફરે છે ? ઉપરોક્ત બધી જ વાતો સુન્ની મુસલમાનોની પ્રખ્યાત કીતાબોમાં નોંધાયેલી છે.

ત્રીજા ખલીફાના સમયગાળામાં એની કીસ્મત ચમકી ગઈ. આ બુદ્‌ધુ દુનિયાપરસ્ત સહાબી

અબુહુરયરહ ત્રીજા ખલીફાના ખુશામતખોરોમાં સામેલ થઈ ગયો. ત્યાંથી શામના ગવર્નર મઆવીયાના દરબારની ઝીનત બની ગયો. ઘડપણે અને ખુશામતખોરીએ એની અક્કલ પણ છીનવી લીધી હતી. શામના બજારોમાં સહાબીયતના નામથી ગલતસલત રીવાયતો વર્ણવતો. મઆવીયાની ફઝીલતમાં રીવાયતો ઘડતો. લોકો સહાબી સમજીને એને માન આપતા. પરંતુ એના અવગુણોથી વાકેફ લોકો એની કોઈ વાત સાંભળતા નહિ. એહલે સુન્નત આલીમોની કીતાબોમાં છે કે મદીનામાં ઉમ્મુલ માએમેનીન આયશાએ પણ એને જુઠ્ઠી રીવાયતો અને મસાઈલ વર્ણવવાના કારણે ખૂબ ધમકાવ્યો હતો.

ઈબ્ને અબીલ હદીદે હઝરત અલી (અલ.)થી અબુહોરયરાની દુશ્મનીના વિશે લખ્યું છે કે જ્યારે અબુહોરયરા મઆવીયાની સાથે શામથી કુફા આવ્યો તો દરરોજ રાતે બાબે કુન્દાના ચૌરાહા ઉપર બેસી જતો. હું સહાબી છું, હું સહાબી છું. આમ કહીને લોકોનું ટોળું એકત્ર કરતો. કેટલાક લોકો તેની આસપાસ એકત્ર થઈ જતા. એક વખત અસબગ ઈબ્ને નબાતા તેના હલકામાં આવીને બેસી ગયા. પછી પૂછયું કે શું તમે હઝરત અલી (અલ.) માટે પેગંબરે ઈસ્લામનો આ ઈરશાદ સાંભળ્યો છે ?

"અલ્લાહહુમ્મા વાલે મનવાલાહો વ આદે મન આદાહો"

"ખુદાયા, તેને દોસ્ત રાખ જે અલીને દોસ્ત રાખે, અને તેને દુશ્મન રાખ જે અલીને દુશ્મન રાખે."

અબુહોરયરાએ કહ્યું "હા સાંભળ્યો છે." ત્યારે અસબગે કહ્યું "તો પછી હું અલ્લાહને ગવાહ રાખીને કહું છું કે તેં તેમના દુશ્મનોથી દોસ્તી બાંધેલી છે. અને તેમના દોસ્તોથી દુશ્મની પર ઊતરી આવ્યો છે." (શરહ નહઝુલ બલાગાહ ભાગ-૧ પેજ નં. ૩૬૦)

આ દુશ્મનીનો ફાયદો એ મળ્યો કે અબુહોરયરાને મઆવીયાએ મદીનાની હુકુમત સોંપી હતી. તેના મર્યા પછી તેના વારસોને પણ મઆવીયાએ ખૂબ દવલતથી નવાઝયા હતા. કારણ કે અબુહોરયરાએ આખેરતના મુકાબલામાં દુનિયા ખરીદી લીધી હતી. મઆવીયાએ એની સહાબીયતના નામને ખૂબ વટાવ્યું હતું. નવાઈ પમાડે એટલી રીવાયતો આ સતત બકવાશ કરતા રહેતા સહાબીથી વર્ણન થઈ છે. તે રીવાયતો મુસલમાનોની કીતાબોની ઝીનત બની ગઈ છે. અબુહોરયરાની રીવાયતોનો ફાયદો મુસલમાનોના બધા જ ફિરકાને મળે એવી ઉલટા પુલટી રીવાયતો કરી છે. હનફી, શાફેઈ, માલેકી અને હમ્બલી બધા જ ફિરકા એમની

રીવાયતોમાંથી મસાઈલ કાઢે છે. અરે એહલે હદીસ પણ એમાથી જ મસાઈલ કાઢે છે.

જેઓ મુદ્દતો પેગંબરની સોહબતમાં રહ્યા. તેમણે ઘણી થોડી રીવાયતો કરી છે. જ્યારે આ નવાઈ પમાડે એવા સહાબીથી લાખો રીવાયતો થઈ છે. જો કે એને રસૂલની સોહબત તદ્દન ઓછી મળી છે. ત્રણ વર્ષ કે તેથી બે ત્રણ મહિના વધુ-બસ. પરંતુ મઆવીયાની સોબહત એને બહુ મળી છે જેથી એના મોંમાથી રીવાયતોનો ધોધ વછૂટી ગયો. જેવો કે પહાડ પરથી પાણીનો ધોધ પડે છે.

હઝરત ઉમરે અબુહુરયરાને આ બાબત ધમકાવ્યો હતો અને મદીનાથી કાઢી મૂકવાની ધમકી આપી હતી. કહ્યું હતું :

"હદીસ બયાની છોડી દે, જો તેં મારી વાત ઉપર અમલ ન કર્યો તો હું તને તારા કબીલા દોશની જમીન તરફ ચાલતો કરી દઈશ." (સીર આલમ નબલાઅ પેજ નં. ૪૩૪)

હઝરત અલી (અલ.) પણ એને જુઠ્ઠો માનતા હતા. જેથી આપે ફરમાવ્યું છે કે :

"અબુહુરયરહ સૌથી વધુ રસૂલુલ્લાહ (સલ.) ઉપર જુઠ બાંધે છે." (શરહ ઈબ્ને અબીલ હદીદ ભાગ-૧ પેજ નં. ૩૬૦)

જેથી હઝરત અબુતાલિબના ઈન્તેકાલના સમયે ઈબ્ને ઉમરનું હાજર હોવું (જેવી કે

અબુહરયરહની રીવાયત છે.) અક્કલની બહારની વાત છે. કારણ કે તે નુબુવ્વતના ચોથા વર્ષે પેદા થયા. જેથી હઝરત અબુતાલિબની વફાત સમયે તેમની ઉંમર માંડ છ વર્ષ કે વધુમાં વધુ સાડા છ વર્ષ થાય છે. આવું છ વર્ષનું છોકરું આવા સમયે મય્યત પાસે કેવી રીતે પહોંચી ગયું ? જયાં એક કુરૈશના સરદાર બીમારીની પથારી ઉપર પડયા હોય. અને બની હારિકા તથા બધા જ કુરૈશી નવજવાનો તથા આપનું ભર્યુંભાદર્યું કુટુંબ આપની સમક્ષ હોય. ત્યાં આ બહારના કુટુંબનું નાનું છોકરું કેવી રીતે ગુઝર્યું. અને માની લો કે પસાર થયું. તો આપ (સલ.)ની વાતચીત સાંભળવી, યાદ રાખવી, અક્કલની બહારની વાત છે. આ ઘટનાના સાક્ષી ઈબ્ને ઉમર બની શકે નહિ.

બીજી વાત રીવાયતમાં એમ પણ નથી કે તેમણે કોઈનાથી સાંભળ્યું. બલ્કે ઈબ્ને ઉમરની રીવાયતને કોઈ મહત્ત્વ જ આપવામાં આવશે નહિ. કારણ કે ઈબ્ને ઉમર તે લોકોમાંથી હતા, જેમણે ત્રીજા ખલીફા ઉસ્માનના કતલ પછી હઝરત અલી (અલ.)ના હાથ ઉપર બયઅત લેવાનો ઈન્કાર કર્યો. હંમેશા હઝરત અલી (અલ.)થી દૂર રહ્યા. અલીથી દુશ્મની રાખતા રહ્યા. જેથી ઈબ્ને ઉમરની વાત ઉપર કદી પણ વિશ્વાસ કરી શકાશે નહિ.

હવે બીજી રીવાયતના રાવી ઈબ્ને અબ્બાસ. તે હિજરતથી ત્રણ વર્ષ અગાઉ શોઅબે અબુતાલિબમાં પેદા થયા હતા અને તે જ વર્ષે હઝરત અબુતાલિબનો ઈન્તિકાલ થયો. જેથી તેમના માટે પણ ત્યાં હાજર હોવાનોને વાતચીત સાંભળવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આમ કોણ માનશે કે એક દૂધ પીતું છોકરું હઝરત અબુતાલિબની જીભથી કંઈક સાંભળે અને વર્ણન કરે. જો ઈબ્ને અબ્બાસે કોઈનાથી સાંભળ્યું તો તેનું નામ લેત જેથી રીવાયત અંગે કંઈક વિચારી શકાત.

એવું માલૂમ પડે છે કે કેટલાક શત્રુઓએ રીવાયત ઘડી કાઢી ઈબ્ને અબ્બાસ સાથે લગાવી દીધી. જેથી રીવાયત વાંચવાવાળા તેમનું નામ જોઈને ખામોશ જ થઈ જાય. ઈબ્ને અબ્બાસ જેવી મજબૂત વ્યક્તિનું નામ સાંભળે પછી એવું વિચારવાની જરૂરત જ ન રહે કે હઝરત અબુતાલિબની વફાતના સમયે તેમની ઉમર જ શું હતી. તે રીવાયત કરવાની આવડત પણ ધરાવતા હતા કે નહિ ?

આ સિવાય અબુહોરયરહની રીવાયતોના વિષયમાં મોહંમદ ઈબ્ને અબાદ હોય અથવા ઈબ્ને અબી ઉમર કે ઈબ્ને કીસાન બધા જ શકપૂર્ણ અને મજહુલ. (મજહુલ એટલે એવું કાર્ય જેના

કરનારની જ ખબર ન હોય) બીજી વાત ઈબ્ને ઉમર અને ઈબ્ને અબ્બાસની રીવાયતોના અબ્દુલ કુર્દૂશ શામી હોય કે અબુ સહલ સીર્રી. આ બંને ઓલમાએ રેજાલની દ્રષ્ટિએ રીવાયતો ઘડનારા અને જુઠા છે.

એક બાબત આ પણ સમજવા જેવી છે કે પેગંબર (સલ.) ઉપર આ આયત નાઝિલ થઈ કે "પોતાના નઝદીકી સગાંઓને અલ્લાહથી ડરાવો" આ આયતના નૂઝૂલ પછી આપ (સલ.) એ એલાનીયા તબ્લીગ હઝરત અબુતાલિબના ઘરથી જ શરૂ કરી. તો શું બાબત છે કે આપ (સલ.) અન્ય સગાંઓ સમક્ષ તો કલિમો પેશ કર્યો અને હઝરત અબુતાલિબ સમક્ષ કલિમો પેશ કરવાની નોબત જ ન આવી. એક મુદ્દત પછી તેમના ઈન્તેકાલ સમયે તેમની સમક્ષ કલિમો પેશ કર્યો. આ કેટલી હાસ્યાસ્પદ વાત છે કે પેગંબરે ઈસ્લામ તરફથી કોઈપણ રીવાયત એવી નથી કે આ આયત નાઝિલ થયા પછી આપ (સલ.) એ હઝરત અબુતાલિબ સમક્ષ કલિમો પેશ કર્યો હોય. અહીં સુધી કે આપ મોતના બીસ્તરા ઉપર સુઈ ગયા પછી પેશ કર્યો. શું દસ વર્ષ જેટલા લાંબા ગાળામાં જે બઅસતથી (નુબુવ્વતની જાહેરાત) હઝરત અબુતાલિબની વફાત સુધીના સમયગાળામાં શું કારણ હતું કે નબી (સલ.)એ કાકા સમક્ષ ઈસ્લામ જ પેશ ન કર્યો ?

શું રસૂલે ઈસ્લામને એની જરુરત જ નહીં દેખાઈ હોય ? (નઉઝોબિલ્લાહ) શું આપ (સલ.) એ ગફલત કરી ? શું નબી (સલ.)ને એવો ભય હતો કે હું કાકાને ઈસ્લામની દઅવત આપીશ તો તેઓ મારાથી નારાજ થઈને મારી હિમાયત છોડી દેશે.

પ્રથમ બાબતમાં વિચારીએ તો રસૂલ ઉપર આવી તોહમત આવી શકે છે કે તેમણે ફરજની અદાયગીમાં ગફલત કરી, કે અલ્લાહના ખાસ હુકમ છતાં કાકાને કલિમો જ પેશ ન કર્યો. આ વાત નબીની શાન અને મરતબાના ખિલાફ છે કે તે પોતાના ફરાઈઝમાં ગફલત વર્તે, જે ખુદાની પણ નાફરમાની ગણાય.

બીજી બાબતમાં નબી (નઉઝુબિલ્લાહ) સ્વાર્થી ગણાશે કે આપે પોતાના મકસદ માટે કાકાને અકાઈદ બદલવા ન કહ્યું અને છેક છેલ્લે મૃત્યુના બે મિનિટ પહેલાં તેમની સમક્ષ કલિમો પેશ કર્યો. બુલંદ અખ્લાકવાળા કોઈપણ ઈન્સાનને આ વાત શોભા દેતી નથી કે તે આવો સ્વાર્થી બને, આ તો સરદારે અંબિયા હતા. બેહતરીન અખ્લાકવાળા હતા. જે કાકાથી ફાયદો ઉઠાવવા માટે તેમને આખી જિંદગી પોતાના અકાઈદ (કૂફ્ર) ઉપર હરગિઝ બાકી ન રહેવા દે.

આ આયતને હઝરત અબુતાલિબના માટે માની લેવાની પરિસ્થિતિમાં આ વાત માન્યા વગર છૂટકો

નથી કે આપ (સલ.) કાકાને દોસ્ત રાખતા હતા. (કાકા સાથે મહબ્બત રાખતા હતા.) અને કિસ્સાઓ પણ આ બાબતના ગવાહ છે કે પેગંબર (સલ.) કાકાથી બેહદ મહબ્બત અને લગાવ રાખતા હતા. હયાતી દરમ્યાન પણ અને ઈન્તેકાલ પછી પણ બલ્કે આ મહબ્બતના કારણે તો અકીલથી પણ મહબ્બત રાખતા હતા. જેથી આપ (સલ.) એ કાકાની વફાત પછી એક વખત અકીલને ફરમાવ્યું :

“હું તેમને બે કારણોથી દોસ્ત રાખું છું. એક તમારાથી સગાઈના કારણે અને બીજું અબુતાલિબની મહબ્બતના કારણે કે તે પણ તમને દોસ્ત રાખતા હતા.” (તારીખે ઈસ્લામ ઝહબી ભાગ - ૨ પેજ નં. ૨૩૩)

આ મહબ્બત પણ અબુતાલિબના ઈમાનની સ્પષ્ટ દલીલ છે એટલા માટે કે પેગંબર (સલ.) કોઈ કાફિર કે મુશ્રીકને કદી પણ દોસ્ત રાખી શકતા નથી, ભલે પછી તે વ્યક્તિ આપનો ગમે તેટલો નઝદીકી સગો કેમ ન હોય. કારણ કે ખુંદાવદે આલમનો ઈરશાદ છે કે :

“લાતજેદો કૌમંય યુઅમેનુન બિલ્લાહે વલ્યવમીલ આખેરે યોવાદ્દુન મન હાલ્લાહ વ રસુલહુ વલવ કાનો આબાઅહુમ વ અબ્નાઅહુમ, અવ

ઈખ્વાનહુમ અવ અશીરતહુમ." (સુરા મુજાદિલ આયત નં. ૨૨)
"જે લોકો અલ્લાહ અને આખેરતના દિવસ ઉપર ઈમાન રાખે છે. તમે તેમને અલ્લાહ અને તેના રસૂલના દુશ્મનો સાથે દોસ્તી રાખતા નહીં જુઓ. ભલે પછી તેઓ તેમના બાપ, બેટા, ભાઈ અથવા કુટુંબ કબીલાના જ કેમ ન હોય."
જ્યારે કે એહલે ઈમાનને કુફ્ફાર અને મુશ્રેકીન સાથે દોસ્તીનો સંબંધ રાખવાથી મના કરવામાં આવ્યું છે પછી ભલે તેઓ તેમના સગાંવહાલાં કે કુટુંબ કબીલાના કેમ ન હોય, તો પછી પેગંબરે ઈસ્લામ માટે આ વાત કેવી રીતે વિચારી શકાય કે તેઓ એક મુશ્રીક ગયર મોમીન સાથે દોસ્તી રાખે ? જ્યારે કે કાફિર અને મુશ્રીક દુશ્મને ખુદા ગણાય છે અને દુશ્મને ખુદા તેના રસૂલનો (પ્યારો) દોસ્ત નથી બની શકતો. આ બધી પરિસ્થિતિમાં હઝરત અબુતાલિબથી પેગંબર (સલ.)ની મહબ્બતનો ઈન્કાર શક્ય જ નથી, તો પછી તેમના કાફિર હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.
જે વ્યક્તિએ પોતાની જિંદગીની એક એક ક્ષણ પેગંબર (સલ.)ની દેખભાળ અને મદદ માટે વકફ કરી દીધી હોય, જાહેરમાં ઈસ્લામની મદદ કરતા હોય, કુરૈશની વિશાળ સભાઓમાં પેગંબર (સલ.)ના દીનને બેહતરીન દીન કહ્યો હોય.

પેગંબરે ઈસ્લામને પાછલા નબીઓની જેમજ એક નબી માન્યા હોય. તેમની સાથે દીનનું રક્ષણ કરવાનો અહદ કર્યો હોય, મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિમાં પણ કોઈપણ શક્તિથી ગભરાયા વગર હકની હિમાયત કરી હોય, તેવી વ્યક્તિ જિંદગીની છેલ્લી ક્ષણોમાં ફક્ત કુરૈશને લીધે અથવા તેમના મ્હેણાંટોણાથી ગભરાઈને કલમએ તવહીદ પઢવાથી ઈન્કાર કરી દે ? તે દીને ખુદાથી મોં ફેરવી લે, જે દીનને હંમેશા સાચો સમજયા હોય, સાચો કહ્યો હોય.

કેટલાક જિદ્દી લોકો જેમને ગમે તે પ્રકારે આ મોમીને કુરૈશ બુઝૂર્ગને કાફિર સાબિત કરવા છે, તેઓ કહે છે કે આપે કદી નમાઝ પઢી હોય એવી કોઈ રીવાયતો મળતી નથી. પ્રથમ વાત તો આ ધ્યાનમાં રાખવામાં આવે કે પેગંબર (સલ.)ના એલાને રીસાલત પછી દસ વર્ષ સુધી હઝરત અબુતાલિબ જીવતા રહ્યા. તે દરમ્યાન નમાઝ ફરજ જ થઈ ન હતી. જે કંઈ ઈબાદત નમાઝની જેમ અદા કરવામાં આવતી હતી, તે બધી મુસ્તહબ અને નફિલ હતી. છતાંય હઝરત અબુતાલિબે એક વખત પેગંબર (સલ.)ની સાથે ફરઝંદ અલીને નમાઝ પઢતા જોયા તો તેના ઉપર પોતાની ખુશી જાહેર કરી, રાં થયા. આ અમલે નમાઝને અમલે ખયર કહીને અલીને આ બધા

કામોમાં પેગંબર સાથે લાગી રહેવાની તાકીદ કરી, ભલે પોતે ન જોડાયા તેનું ગમે તે કારણ હોઈ શકે, નફિલ કે મુસ્તહબ માટે આપણે કોઈને બળજબરી કરી શકતા નથી. વ્યક્તિની મરજી ઉપર અવલંબે છે.

એક વખત હઝરત અબુતાલિબે હઝરત અલીને પેગંબર (સલ.)ની જમણી બાજુ નમાઝ પઢતા જોયા. તો પોતાના ફરઝંદ જઅફરને કે જેઓ મુસલમાન થઈ ચૂકયા હતા, કહ્યું "તમે પણ પોતાના ઈબ્ને અમ્મની ડાબી બાજુ ઊભા થઈને નમાઝ પઢો." (સીરતે નબવીયા - પેજ નં. ૧૭૭)

જો કે આ તે સમયગાળો હતો કે હજી નમાઝ વૉબ થઈ ન હતી.

વળી કેટલાકની આદત તો અંધાધુંધ સમજયા વગર દલીલો કરવાની હોય છે. કહે છે કે પેગંબરે ઈસ્લામે હઝરત અબુતાલિબની નમાઝે જનાઝહ પઢી ન હતી. આ વાત પાયામાંથી જ ગલત છે. એટલા માટે કે નમાઝે મય્યતનો હુકમ હઝરત અબુતાલિબના ઈન્તેકાલ પછી નાઝિલ થયો. તે સમયમાં મૃત્યુ પામેલા કોઈની પણ નમાઝે જનાઝહ પઢવામાં આવી નથી. આવા ઘણા બધા લોકો છે, જેઓના ઈસ્લામમાં કોઈ શકશુબો પણ નથી. બલ્કે અવ્વલ દરજામાં અને અવ્વલ સમયમાં ઈસ્લામ લાવનારા હોવા છતાં તેમની નમાઝે

જનાઝહ પઢવામાં આવી નથી. કારણે કે તે સમયે હજી આ હુકમ નાઝિલ થયો ન હતો.

બલ્કે હઝરત અબુતાલિબની વફાત પછી થોડાક જ દિવસમાં મા ખદીજા (રઝિ.) ની વફાત થઈ. તો તેમની નમાઝે જનાઝહ પણ પઢવામાં આવી નથી. જો કે તેઓ સૌ પ્રથમ ઈસ્લામમાં દાખલ થનારાં છે. તમામ શકસુબાથી પણ અલગ છે. બેલાઝરી લખે છે કે :

રસૂલે ઈસ્લામ જાતે હઝરત ખદીજા (રઝિ.) ને દફન કરવા માટે કબરમાં ઊતર્યા હતા. પરંતુ તે વખતે હજી નમાઝે મય્યતનો હુકમ નાઝિલ થયો હતો નહિ."

ઈરાદાપૂર્વક સોચી સમજીને હઝરત અબુતાલિબને કાફિર સાબિત કરવા માટે હદીસો ઘડવામાં આવી છે. દલીલો બનાવવામાં આવી છે. જો કે આપનો ઈકરારે ઈસ્લામ સ્પષ્ટ છે. પેગંબરે ઈસ્લામની શહાદત, અઈમ્માએ અતહારનો આ બાબત એકમત હોવા સાથે આપના ઈન્કારે ઈમાનની વાત જ ગલત છે. ઉપજાવી કાઢેલી છે. કોઈપણ નેકબખ્ત ઉપરોક્ત દલીલો આક્ષેપો અને તેના ઉત્તરો વાંચીને ફેંસલો કરી શકે છે.

અમ્ર બિલ મઅરુફને વાજબી સમજીને અમોએ ઉપરોક્ત ચર્ચા કરી છે. જે લોકો અડીયલ જિદ્દી બનીને, ઈરાદાપૂર્વક ગલત વાતને સહી કરવા

મથામણ કરે છે. પોતાની બુદ્ધિશક્તિનો ગલત ઉપયોગ કરીને પોતાના અનુયાયીઓને ગૂમરાહ કરે છે. તેઓને તો અમે કશું પણ કહેતા નથી. ખુદાને ત્યાં હિસાબ આપવાનો છે. પરંતુ કેટલાક ભલાભોળા મુસલમાનો આલિમોના ગલત પ્રચારથી દોરવાઈ જતા હોય છે. તેમને હિદાયતનો સાચો રસ્તો બતાવવો અમારી ફરજ સમજી અમોએ ઉપરોક્ત મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરી છે. કેટલાકને "કીસ્મત આડે પાંદડુ" ની જેમ એક મુદ્દો સમજમાં આવી જાય તો તેવી વ્યક્તિની દ્રષ્ટિએ પોતાના આલેમોની બધી જ વાતો શકપૂર્ણ બની જાય છે. અને અન્ય વાતો આપમેળે સમજમાં આવતી જાય છે. તે વ્યક્તિ હિદાયત ગ્રહણ કરી લે છે.

હઝરત અબુતાલિબ દીનના રક્ષણહાર, અને પેગંબરે ઈસ્લામનું રક્ષણ કરનાર એક મજબૂત કિલ્લા સમાન હતા. તેમણે અતિ મુશ્કેલ પરિસ્થિતિનો પણ હિંમતપૂર્વક મુકાબલો કર્યો. કોઈપણ વખત કોઈ ફરીયાદ કે ચેહરા ઉપર મોહંમદ (સલ.) માટે નારાજગી દેખાઈ નથી. ઈસ્લામની ખિદમત અને નબી (સલ.)નું રક્ષણ બંને કામોમાં એક રતિભાર પણ કચાસ રાખી નથી. જ્યારે આપની તંદુરસ્તીએ જવાબ આપી દીધો અને અલ્લાહના બોલાવવાના ચિહ્નો

દેખાયા તો કુરૈશના અમીર ઉમરાવોને બોલાવ્યા. તેઓને અમાનતો સાચવવાની, સાચું બોલવાની, સગાંવહાલાં સાથે સારા વર્તવાની, ફકીરોની મદદ કરવાની, ખાનએ કાબાનો એહતેરામ કરવાની હિદાયત ફરમાવી. સાથે સાથે પેગંબરે ઈસ્લામનું રક્ષણ અને મદદ કરવાની વસીય્યત કરતાં ફરમાવ્યું: "હું તમને મોહંમદની સાથે ભલાઈ કરવાની વસીય્યત કરું છું. તે કુરૈશમાં અમીન અને અરબમાં સાદીક છે. તેમનામાં તે તમામ ગુણો મોજૂદ છે જે ગુણોની મેં તમને હિદાયત કરી છે. તે એવી વસ્તુ લઈને આવ્યા છે જેનો દીલ ઈકરાર કરે છે. છતાંય લોકોની જીભ અદાવત અને કીના કપટના કારણે ચૂપ છે. ખુદાની કસમ હું એવી પરિસ્થિતિ મારી આંખોથી જોઈ રહ્યો છું કે અરબના ગરીબો અને આસપાસના ખાનાબદોશ કમજોર લોકો એમની અવાજ ઉપર લબ્બૈક કહી રહ્યા છે. મોહંમદ તેમને લઈને સખ્તીઓના એવા વમળોમાં ઊતરી પડયા છે જેના કારણે મક્કાના સરદારો ઝલીલ થઈ રહ્યા છે. તેમના ઘર ઉજ્જડ થઈ ગયા છે. અરબના નેક અને પાકીઝા લોકો તેમના મદદગાર બની ગયા છે. તેમણે મોહંમદને પોતાની સરદારી સોંપી દીધી છે."

"અય કુરૈશના ઈજ્જતદાર લોકો ! તમે પણ મોહંમદ (સલ.)ના દોસ્ત અને તેમની જમાતના

મદદગાર બની જાઓ. ખુદાની કસમ ! જે પણ તેમના બતાવેલા રસ્તા ઉપર ચાલશે, તે હિદાયત પામશે. અને જે પણ તેમના તરીકા ઉપર અમલ કરશે, ખુશહાલ રહેશે. જો મને હજી થોડી જિંદગી મળત તો હું હજીપણ દુશ્મનોના હુમલાઓથી તેમનું રક્ષણ કરત અને મુસીબતોથી તેમને બચાવત." (ષમરાતુલ અવરાક ભાગ-૨ પેજ નં. ૧૩)

આ જનરલ વસીય્યત પછી ફક્ત અવલાદે અબ્દુલ મુત્તલિબને ઉદ્દેશ કરીને ફરમાવ્યું :

"જ્યાં સુધી તમે મોહંમદની વાત સાંભળતા રહેશો અને ઈસ્લામના અહકામોની ઉપર અમલ કરતા રહેશો, ભલાઈ પામશો, સુખી થશો, તેમની પેરવી કરો, તેમનું અનુસરણ કરો, હિદાયત પામશો." (તબકાત ઈબ્ને સઅદ ભાગ-૧, પેજ નં. ૧૨૩)

જિંદગીની છેલ્લી ક્ષણોમાં, પેગંબરની તાબેદારી કરવાનું સૂચન કરવું. તેમના અનુસરણને હિદાયત કહેવું, તેમની સાથે લોકોને મહબ્બત રાખવા સમજાવવું, નુબુવ્વતનો ઈકરાર નથી તો બીજું શું છે ?

જ્યારે વસીય્યત કરીને, પોતાની ફરજ અદા કર્યાનું ઈત્મીનાન થઈ ગયું, તો મોતની નિશાનીઓ જાહેર થવા લાગી. ચેહરાનો રંગ બદલાઈ ગયો. પેશાની ઉપર પરસેવો આવ્યો અને પેગંબરે ઈસ્લામના

સૌથી વધુ મદદગાર, પાલનપોષણ કરનાર, આપનો બાપથી પણ વધીને ખ્યાલ રાખનાર, છયાસી વર્ષની ઉમરે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા.

આપ (સલ.) ગમમાં ડૂબી ગયા. આંખોમાંથી અશ્રુધારા વહેતી થઈ ગઈ. રડતા અવાજે હઝરત અલીને ફરમાવ્યું :

“જાઓ, એમના માટે ગુસલની તૈયારી કરો, કફન તૈયાર કરો, અને દફનનો સામાન પણ એકત્ર કરો. ખુદા એમની મગફિરત કરે અને હંમેશા એમને પોતાની રહમતમાં રાખે.” (તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૧, પેજ નં ૧૦૫)

આપ (સલ.)એ હઝરત અબુતાલિબના ગુસલ અને કફનની કામગીરી હઝરત અલી (અલ.) ને ખાસ પ્રકારે સોંપી. જો કે હઝરત અલી (અલ.) પોતાના ભાઈઓમાં સૌથી નાના હતા. આનું કારણ આ જ હોઈ શકે છે કે અકીલ અને તાલિબ અત્યાર સુધી ઈસ્લામના દાયરામાં દાખલ થયા ન હતા. જેથી અબુતાલિબ જેવા મોમીને કુરૈશ જેવી વ્યક્તિનું ગુસલ, કફન, દફન ગયર મુસ્લિમને નથી સોંપી શકાતું. હઝરત જઅફર (રઝિ.) જો કે ઈસ્લામ લાવી ચૂકયા હતા. પરંતુ પિતાની વફાત સમયે તેઓ હબશા ગયા હતા. આ પરિસ્થિતિમાં અવલાદે અબુતાલિબમાંથી એક માત્ર અલી જ

એવા હતા, જેઓ આ ફરીજો અંજામ આપી શકતા હતા.

આ વાત પણ હઝરત અબુતાલિબના ઈમાન માટે એક મજબૂત દલીલ છે. એટલા માટે કે જો (નઉઝોબિલ્લાહ) હઝરત અબુતાલિબ કાફિર હોત તો તેમના ગુસલ કફન - દફનની વ્યવસ્થા હઝરત અલી (અલ.) ન કરી હોત. બલકે તેમના હમમઝહબ બેટા અથવા અન્ય કોઈને સોંપવામાં આવત. કારણકે એક મુસલમાનથી આ ખિદમત નથી લઈ શકાતી કે તે એક કાફિરને ગુસલ આપે, કફન પહેરાવે, મતલબ હઝરત અબુતાલિબને હઝરત અલી (અલ.)એ ગુસલ આપ્યું, કફન પહેરાવ્યું. આપ (સલ.) ત્યાં જ રોકાયેલા હતા. પોતાના કાકા મોહસીને ઈસ્લામને કફનમાં લપેટાયેલા જોઈને ખૂબ રડયા. ફરમાવ્યું :

“અય કાકા ! આપે મને બાળપણમાં પાળ્યોપોષ્યો. યતીમીમાં મારી જવાબદારી સંભાળી. મોટો થયો તો મારી મદદ કરી, હિમાયત કરી, અલ્લાહ રબ્બુલ ઈજ્જત મારી તરફથી આપને જઝાએ ખૈર દે.”

(તારીખે યાઅકુબી, ભાગ - ૨, પેજ નં - ૩૬)

જ્યારે જનાઝો ઉઠાવીને ચાલ્યા તો આપ (સલ.) કાંધો આપતા સાથે ચાલતા હતા. આપ (સલ.) પોતે આ સબરના પહાડને કોહે હજુનની બગલમાં સિપૂર્દ ખાક કરીને પાછા ફર્યા દફન ક્રિયાથી પાછા

ફર્યા પછી પણ આપ (સલ.) પાછળ ફરીને કાકાની કબર જોઈને રડતા હતા. કારણ કે આપના માટે કાકાની મોત ઘણી મોટી મુસીબત હતી. એક મજબૂત મદદગાર, અરબનો આગેવાન, આપનો મિનિટે મિનિટે ખ્યાલ રાખનાર, આપનું રક્ષણ કરનાર, આ દુનિયાથી ચાલી ગયો. જ્યારે રસૂલ લોહીના પ્યાસા એવા મક્કાના દુશ્મનોમાં એકલા રહી ગયા. જો કે ઈમાનવાળાઓની સંખ્યા થોડીક હતી પરંતુ અબુતાલિબ જેવો પ્રતિભાશાળી, મોભાદાર, અગ્રેસર તેઓમાં એકપણ ન હતો. જેથી મક્કાના કાફિરોના વધતા જુલમનો મુકાબલો કરી શકે.

કાકાની વફાત પછી કાફિરોના જુલમમાં વધારો થયો. કારણ કે તેમની હયાતીમાં દુશ્મનોની આટલી હિંમત નહોતી,

ઈબ્ને હિશ્શામ લખે છે કે :

જયારે અબુતાલિબની વફાત થઈ, તો કુરૈશે આપ (સલ.)ને વધારે તકલીફો આપવાનું શરુ કર્યું. તેમની જિંદગીમાં તેઓની હિંમત ઈસ્લામ દુશ્મનીમાં આટલી વધુ ન હતી. (સીરતે ઈબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ નં. ૫૮)

પેગંબરે ઈસ્લામ ઉપર કાકાની વફાતનો ગમ હજી તો તાજો જ હતો, કાકાના પછી એક માસ અને પાંચ દિવસ બાદ આપ (સલ.) ના ચહીતી બીબી

મા ખદીજા (રઝિ.) પણ આપ (સલ.) ને એકલા છોડીને રહમતે ખુદામાં પહોંચી ગયાં. મા ખદીજાની વફાતથી આપ (સલ.) તદ્દન એકલા, અટૂલા થઈ ગયા. આપનો ગમ વધી ગયો. આપે બેવડો ગમ મનાવ્યો. બેટી સૈયદા મઝલૂમાની તો પ્યારી મા ગુજરી ગયાં. ખુદાના અહકામાતને બંદાઓ સુધી પહોંચાડવાનો બોજ જે એક નબી ઉપર હોય છે. તેમાના બે ભાગીદારો કાકા અને મા ખદીજા તો ચાલ્યાં ગયાં. હવે શેહઝાદી ફાતેમા ઉપર આ બેવડો ભાર આવી પડયો. ઘર સંભાળવાનું, પેગંબરે ઈસ્લામનો ખ્યાલ રાખવાનો, મક્કાના કાફિરોનો જુલમ ઝિલવાનો, એક એક સેકેન્ડની ચિંતા શેહઝાદી ઉપર આવી પડી. જન્નતની ઓરતોની સરદાર પોતાની માના ઈન્તિકાલ ઉપર ખૂબ રડયાં. બાપનો ખ્યાલ રાખીને શેહઝાદી બાપની સામે ખામોશ રહી, જેથી બાપના ગમમાં વધારો ન થાય અને તબ્લીગે ઈસ્લામમાં કોઈ વિઘ્ન ઊભું ન થાય.

પેગંબરે ઈસ્લામ અને હઝરત ફાતેમા સલ્લમહા અલયહા બંનેએ હઝરત અબુતાલિબ અને મા ખાદીજા (રઝિ.) નો ભેગો ગમ મનાવ્યો. પંગબરે ઈસ્લામે આ ગમની યાદ તોં રાખવા માટે તે વરસનું નામ "આમુલ હુઝન" (શોકનું વર્ષ) એવું રાખી ફરમાવ્યું :

"એ દિવસોમાં આ ઉમ્મત ઉપર બે ભારી ગમનાક દુર્ઘટનાઓ એક સાથે આવી પડી. હું નથી કહી શકતો કે આ બંને ગમમાંથી કયો ગમ મારા માટે વધુ હતો." (તારીખે યાઅકુબી, ભાગ-૨ પેજ નં. ૨૬)

આપ (સલ.) એ હઝરત અબુતાલિબ (અલ.) અને હઝરત ખદીજા (રઝિ.) બંનેની વફાતને આ ઉમ્મત માટે એક મોટો ગમ અને મુબીબત કહી છે. તે એટલા માટે કે ઈસ્લામના ઉદયકાળમાં આ બે જ હસ્તીઓ હતી, જેમણે ઈસ્લામના ફેલાવા માટે તથા દુશ્મનોથી રક્ષણ કરવામાં અનથક કોશીશો કરી છે. આ બંને બુઝૂર્ગ હસ્તીઓ ઈસ્લામની પાયાની ઈંટો છે. મા ખદીજા (રઝિ.) એ પોતાની લાખોની દવલત રસૂલના ચરણોમાં ધરી દીધી. આપને ઈસ્લામના પ્રચાર પ્રસાર માટે તદ્દન ફારિગ કરી દીધા. એટલું જ નહિ પરંતુ હઝરત ખદીજા (રઝિ.) એક એક સેકન્ડ રસૂલનો ખ્યાલ રાખતાં. પોતાનું સર્વસ્વ પેગંબરના કદમોમાં ધરી દેનાર રસૂલની સૌથી ચહીતાં બીબીને આ ઉમ્મતે પાછળ ધકેલી દીધાં અને એવી બીબીઓ જેમણે ઈસ્લામ પાસેથી બધું લીધું, જેઓ અયશઆરામ ઈચ્છતી હતી. અલ્લાહે જેમને સુરએ તહરીમમાં ખુલ્લા શબ્દોમાં ધમકાવી, તેવી ઓરતોને રસૂલની ચહીતી બીબીઓ બનાવી દીધી. આવી

નાઈન્સાફી કરનારી આ ઉમ્મત આજે પોતાની બદનસીબીના ધક્કા ખાઈ ખાઈને દુઆઓ કરે છે, છતાંય કબૂલ થતી નથી.

કાફિરો પેગંબરના ઘરની આસપાસ ચોવીસ કલાક હાકોટા લગાવે, તાળીઓ પાડે, જાતજાતના અવાજો દ્વારા આપ (સલ.)ને ખોફઝદહ કરે, ટોળાં વળીને બેસે, મશ્કરીઓ કરે, મક્કાના આ જાલીમોએ તેર વરસો જેટલી લાંબી મુદતમાં શું શું નથી કર્યું ?

આ મોહસીને ઈસ્લામ કાકા હઝરત અબુતાલિબ (અલ.) સામી છાતીએ દોડતા આવે, હથિયાર લઈને આવે, પોતાના બુઢાપાનો ખ્યાલ ન રાખે, આ જાલીમોને રસૂલના ઘર પાસેથી ભગાડે, આ બહાદુર પુરુષ એકલો આ જાલીમ યુવકોનો સામી છાતીએ મુકાબલો કરે, પછી ભત્રીજાને ઘેર આવી હિંમત આપે, ફાતેમા શેહઝાદી રસૂલના માથા ઉપર હાથ ફેરવે. મા ખદીજાને આશ્વાસન આપે. કહે, જરાય ગભરાશો નહિ. હું અહીં જ છું. તરત જ મને બૂમ પાડો. પાછા ખાનગીમાં મા ખદીજાને ધીમા અવાજથી કહે કે ફિકર ન કરશો. મોહંમદ તો ફલાણા મહોલ્લાની ફલાણી આબાદીના કબીલામાં લોકોને ઈસ્લામની દઅવત આપી રહ્યા છે. સાથે મારો અલી પણ છે. આવું તો હજારો વખત બન્યું છે. અને તે અબુતાલિબને આ ઉમ્મત કાફિર

બનાવે છે. પેગંબર ધૂળમાં રગદોળાયેલા, કોઈક વકત ફાટેલા કપડે, કોઈ વખત ઊંટની હોજરીમાં લોહી ને છાણથી લબકાયેલા, થાકેલા ઘરે આવે. તો શેહઝાદી પોતાના પ્યારા બાપની હાલત જોઈને રડી પડે, મા ખદીજા અને બેટી ફાતેમા પેગંબરે ઈસ્લામના કપડામાંથી કાંટા સાફ કરે, આપને પાણી આપે, સફાઈ કરાવે, મક્કી જિંદગીના તેર તેર વરસ પેગંબરે અને આપના ચાહકોએ આવો જુલમ સહન કર્યો છે.

આ ઉમ્મત તો અલીની દુશ્મન છે. અમારા બાપો કાફિર છે તો અલીના બાપને શા માટે મુસ્લિમ રહેવા દેવા. મઆવીયા યઝીદની વફાદારીના પરિપાક રૂપે એક જુઠ્ઠો બનાવટી ઈતિહાસ મુસલમાનોના હાથ લાગી ગયો. હવે આ જુઠ્ઠા ઈતિહાસને પણ અર્વિચિન આલીમો કોણ જાણે કોની વફાદારીમાં છોડવા તૈયાર નથી. અસ્તગફિરૂલ્લાહ, અસ્તગફિરૂલ્લાહ.

જો આ કુફ્ર છે તો પછી મુસલમાન હોવું કોને કહીશું ?

હઝરત અબુતાલિબને કાફિર સાબિત કરવા માટે ગઝબની મેહનત કરવામાં આવી છે. પરંતુ દરેક ક્ષેત્રે અલ્લાહે હકને હકથી સાબિત કર્યુ છે. આ મુસલમાનોએ કુર્આન, હદીસ, ઈતિહાસ, વાકેઆત, ઈસાઈ, યહુદી, મોમીન મુનાફિક સર્વેને

કામ પર લગાવી દીધાં કે કોઈપણ રીતે અબુતાલિબને કાફિર બનાવી દો. જેથી કેટલાક મોટા માથાઓના દીલની આગ ઠંડી થાય. એ મોટાં માથાઓ તો ક્યારનાયે અલ્લાહને હિસાબ આપતાં થઈ ગયાં. છતાંય પાછળવાળા આ પૂછડું છોડવા તૈયાર નથી. એ મોટાં માથાંઓ સાથે એમનેયે મહબ્બતની ગાઠ બંધાઈ ગઈ છે તે છૂટતી નથી. જો એ લોકો ગુનાહ કરતાં થાકતા નથી. તો અમેય ઈન્શાઅલ્લાહ અમ્ર બિલ મઅરુફ કરતાં કદીય થાકવાના નથી.

એક હદીસ આ વર્ણવવામાં આવે છે. જેને અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ સાથે સાંકળી છે કે તેમણે પેગંબરે ઈસ્લામને પૂછયું કે" અબુતાલિબ આપની મદદમાં હંમેશા ખડેપગે રહ્યા છે. શું તેઓને આનાથી કોઈ ફાયદો પહોંચશે ? અથવા તેમની બધી જ મેહનતો-કોશીશો વ્યર્થ થઈ જશે ?

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું "તેઓ ઘુંટીઓ સુધી દોઝખની અંદર રહેશે. જો હું તેમની સિફારીશ ન કરત તો તેઓ જહન્નમના સૌથી નીચેના ભાગમાં હોત."

ઉપરોક્ત રીવાયતને પણ ઘડી કાઢવામાં આવી છે. પ્રથમ તો આ રીવાયત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુતલિબ સાથે જોડવામાં આવી છે. જો કે એમના

જ નામ સાથે જોડેલી એક રીવાયત અમે અગાઉ વર્ણન કરી ચૂકયા છીએ કે હઝરત અબુ તાલિબે પેગંબરે ઈસ્લામના કહેવા ઉપર કલિમા પઢ્યો. તવહીદ અને રીસાલતનો ઈકરાર કર્યો. ત્યારબાદ આ દુનિયાથી સિધાવી ગયા. શું એક જ વ્યકિત દ્વારા ઈસ્લામ અને કુફ્ર જેવી બે વિરોધાભાસી રીવાયતો શકય છે ? અને જ્યારે તવહીદ-રીસાલતના ઈકરારની રીવાયત આવી ચૂકી છે, તો આ રીવાયતનું કોઈ વજન નથી.

આવી રીવાયતોના રાવી જુઠ્ઠા, વાતો ઘડી કાઢનારા, બે ટકાના લુચ્ચા હાકેમોના ચમચા હોય છે. ઉપરોક્ત રીવાયતનો રાવી સુફ્યાન છે. જેના માટે અલ્લામા ઝહબીએ "મીઝાનુલ એઅતેદાલ" માં લખ્યું છે કે :

તે એક જુઠ્ઠો, સતત બકવાશ કરતો વ્યકિત હતો. ગમે તેવા બદમાશોની સોહબતમાં બેસી ગપ્પાં હાંકતો, એની વાત ઉપર વિશ્વાસ કરી શકાય નહિ, કારણ કે એની યાદશકિત પણ ચાલી ગઈ હતી.

હવે આપણે આ રીવાયત ઉપર ચર્ચા કરીએ. ઉપરોક્ત રીવાયત કહે છે કે પેગંબરે ખુદાએ પોતાના કાકાના એહસાનોને ધ્યાનમાં રાખી તેમના માટે સિફારીશ કરી, જેથી તેમના અઝાબમાં રાહત થઈ. જો રસૂલ સિફારીશ ન

કરતા તો કાકા જહન્નમના સૌથી નીચેના તબક્કામાં હોત. હવે તેમને ઓછામાં ઓછો ઘુંટીઓ સુધી પગ જહન્નમમાં રહે એટલો અઝાબ થશે.

અસ્તગફિરુલ્લાહ ! કુફ્ફાર અને મુશ્રેકીનના માટે અલ્લાહતઆલા સિફારીશ ન કરવાનો હુકમ આપે, અને રસૂલ ખુદાની નાફરમાની કરીને સિફારીશ કરે. તોબા, તોબા, અલ્લાહના મના કરવા પછી કોઈની પણ સિફારીશ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ઈરશાદે ઈલાહી છે :

“વ નસુકૂલ મુજરેમીન ઈલા જહન્નમ વીરદા લાયમલેકુનશ શફાઅત ઈલ્લા મનીત્તખઝ ઈન્દર રહમાને અહદા.” (સુર મરિયમ આયત નં. ૮૬, ૮૭)

“અમે ગુનેહગારોને તરસ્યા જાનવરોની જેમ જહન્નમ તરફ હંકારી જઈશું. તે વખતે શફાઅત કરવા માટેનો કોઈ અધિકાર નહીં હોય, સિવાય કે જેણે ખુદા પાસેથી ઈકરારે તોહીદ લઈ લીધો હોય.”

એક બીજી જગ્યાએ સુરએ ફાતિરમાં ઈરશાદ છે :

“વલ્લજીન કફરુ લહુમ નારો જહન્નમ લા યુકઝા અલયહીમ ફયમુતો વલ યુખફફો અન્હુમ મિન અઝાબેહા.” (સુરા ફાતેર આયત નં. ૩૬)

“અને જે લોકો કાફિર છે તેમના માટે દોઝખની આગ છે. ન તેમની કઝા આવશે ન તેઓ મૃત્યુ પામશે. ન તેમના અઝાબમાં કમી કરવામાં આવશે.”

કાઝી અયાઝ પોતાની કીતાબ જામેઉલ ઉસૂલમાં લખે છે કે :

આ વાત ઉપર સર્વસંમતિ છે કે કાફિરોને તેમના અમલો કોઈ ફાયદો પહોંચાડી શકશે નહિ. અને ન તો તેમને નેઅમતના રૂપમાં બદલો મળશે કે ન અઝાબની કમીના રૂપમાં. (બદલો મળશે) (જામેઉલ ઉસૂલ ભાગ-૧, પેજ નં. ૩૫૯)

ઉપરોક્ત રીવાયત (અબુતાલિબના અઝાબમાં કમી થવાની) સદંતર ગલત છે કારણ કે કુર્આનથી જ આ રીવાયત ટકરાય છે. કાફિરોને પોતાના દુન્યવી નેક અમલોનો બદલો દુનિયામાં જ આપી દેવામાં આવશે. આખેરતમાં તેમના અઝાબમાં કોઈ કમી થશે નહિ. કુર્આનથી ટકરાતી રીવાયતના રાવીઓને જોવાની જરૂર નથી. પરંતુ આ રીવાયતના તો રાવીઓ પણ વિશ્વાસપાત્ર નથી.

એક દલીલ આ પણ છે કે જ્યારે રસૂલ કાકાને જહન્નમના તળિયેથી ઉપર લઈ આવ્યા. હવે ફક્ત ઘુંટીઓ સુધી જ અઝાબ થશે તો પછી આટલું ન કરી શકતા હતા કે એમની ઈસ્લામ અને રસૂલે ઈસ્લામની ખિદમતના બદલામાં બિલકુલ છૂટકારો

અપાવી દેત. અગર જહન્નમથી કાઢીને જન્નતમાં ન દાખલ કરવાત તો ફકત આઅરાફમાં (જન્નત જહન્નમની વચ્ચેની જગ્યા જ્યાં અઝાબ જેવું કંઈ ન માલમ પડે) જ પહોંચાડી દેત જ્યારે કે આવા પ્રકારની રાહત મળવાના ઉદાહરણ નૌશેરવાનના માટે તેમના ન્યાયપ્રિય હોવાના કારણે અને હાતિમતાઈને તેની બેહદ સખાવતના કારણે મુસલમાનોની કીતાબોમાં નોંધાયેલા છે.

નૌશેરવાન કાફિર હોવા છતાં ન્યાયી બાદશાહ હતો. તેથી તેને આઅરાફમાં રાખવામાં આવે, હાતિમતાઈ કાફિર હોવા છતાં સખી હતો તેથી તેને પણ આઅરાફ મળે છે. (આ રીવાયતો સુન્ની બિરાદરોની કીતાબોની છે.) તેમના ઉપર તો અલ્લાહની મહેરબાની થાય, પરંતુ હઝરત અબુતાલિબ ઉપર અલ્લાહની મહેરબાની ન થાય. આ કેવી નવાઈ પમાડે એવી વાત છે. આવી બેહુદી અને બેતૂકી વાતોથી રસૂલે ઈસ્લામનો દરજ્જો ખામીપૂર્ણ નજરે પડે છે. જે કાકાએ અલ્લાહના પ્યારા નબીનું પાલનપોષણ કયુર્ં. રક્ષણ કર્યું. પેગંબરની અને ઈસ્લામની આટલી બધી ખિદમત કરી, છતાં અલ્લાહે પોતાના પ્યારા નબીની વાતને-દુઆને સંપૂર્ણ તો કબૂલ ન જ કરી. કાકાને ઈમાન પણ ન આપ્યું જન્નત પણ ન આપી, આઅરાફ પણ ન આપી, ફકત જહન્નમના

નીચેથી ઉપર લાવી નાખ્યા. છતાં ઘુંટીઓ સુધી તો અઝાબ થશે જ. શું આવી રીવાયતો રસૂલના દરજ્જાને ઘટાડનારી નથી ? !! આશ્ચર્ય પમાડે એવી નથી ?!!

નૌશેરવાન અને હાતિમતાઈએ ઈસ્લામ ખાતર તો કશું કર્યું જ નથી. ફક્ત ન્યાય અને સખાવત આ બંને ગુણોના કારણે અલ્લાહ તેમની ઉપર મહેરબાની કરી તેમને આઅરાફ મળે છે. શું સંપૂર્ણ ઈસ્લામના મુકાબલામાં આ બંને ગુણો વધુ કીમતી છે ? !! શું આવી બેહુદી બકવાશો જેવી રીવાયતો નોંધીને અલ્લાહને તો પોતાની અદાલતથી વિમુખ નથી કરતા ? હઝરત અબુતાલિબની ઈસ્લામ ખાતરની સંપૂર્ણ જિંદગીની કુરબાનીઓના મુકાબલામાં નૌશેરવાન અને હાતિમતાઈના આ બે ગુણોની શી વિસાત ગણાય ? શું મુસલમાનોએ અલીની દુશ્મનીમાં અલ્લાહને જ પોતાની અદાલતથી વિમુખ નથી કર્યો ? !!

હજી આનાથીયે વધુ નવાઈ પમાડે એવી રીવાયત અમો રજૂ કરીએ છીએ.

અબુ લહબ અને તેની પત્ની ઉમ્મે જમીલ કેટલાં દુશ્મને ખુદા વ રસૂલ હતાં કે આ નાલાયક માટે ખુદાએ કુર્આનમાં તેના નામ સાથે સુરત "લહબ" ઊતારી છે. એનાથી વધુ ગુસ્સો અલ્લાહને કોનાથી હોઈ શકે ? ! પરંતુ ભલું થાય

મુસલમાનોનું કે તેમને તો અબુલહબ પણ પ્યારો છે. વહાલો છે. કારણ કે મઆવીયા અને યઝીદના રસ્તેથી જે ઈસ્લામ મુસલમાનો પાસે આવ્યો તે લહબી ઈસ્લામ છે. તલવાર વાળો ઈસ્લામ છે. અલી સિવાયના બીજા જે જે રસ્તેથી આપણે ઈસ્લામમમાં દાખલ થયા છે તે બધા જ ચોર રસ્તા છે. ગલત રસ્તા છે. નાજાઈઝ રસ્તા છે. નૂર વગરનો ઈસ્લામ છે. રૂહ વગરનો ઈસ્લામ છે. ગુણ વગરનો ઈસ્લામ છે. જુલમથી ખરડાયેલો ઈસ્લામ છે.

અમને એ જુલમથી ખરડાયેલા ઈસ્લામમમાં કલિમાગો લોકોના હાથે થયેલી રસૂલની શહાદત દેખાય છે. ફાતેમા મઝલૂમાની શહાદત દેખાય છે. અલીની શહાદત દેખાય છે. હસનની શહાદત દેખાય છે. હુસૈનની શહાદત દેખાય છે. આવો બેનુરી ઈસ્લામ લહબી ઈસ્લામ છે. આ લહબી ઈસ્લામમમાં અબુ લહબથી ખુદા વધારે રોં હોય, અબુતાલિબ કરતાં તેમાં નવાઈ શું ? કારણ કે અબુ લહબ અલીનો બાપ નથી. ગુનો જ આ છે અબુતાલિબનો કે તે અલીના બાપ છે. હઝરત અબુબકર અને હઝરત ઉમરના બાપ જહન્નમી હોય તો હઝરત અલી (અલ.) ના બાપને શા માટે જન્નતી રહેવા દેવા ? ગમે તેમ કરીને કાઢી નાખો.

મુસલમાનોના મશહુર આલીમ વહીદુદ્દીન ઝમાન સાહેબ સિહાહ સિત્તાથી નકલ કરે છે કે :

"એક વ્યક્તિએ અબુ લહબને ખ્વાબમાં જોયો. અબુ લહબે કહ્યું કે સોમવારના દિવસે થોડુંક પાણી પીવા માટે મને મળી જાય છે. આ તેનો બદલો છે કે મેં શોયબાને પેગંબરે ઈસ્લામની વિલાદતની ખુશીમાં આઝાદ કરી દીધી હતી." (લુગાતુલ હદીસ, બાબુઝ્ઝાદ, પેજ નં. ૧૨ )

અબુ લહબના અનુસંધાનમાં એક બીજી રીવાયત પણ છે. પેગંબરે ઈસ્લામ (સલ.) એ અબુ લહબને ખ્વાબમાં જોયો. તે તરસના કારણે તડપી રહ્યો છે. પરંતુ પાસે પાણીની પણ કંઈક વ્યવસ્થા નજરે પડે છે. આપ (સલ.) એ પૂછ્યું કે આ પાણીની વ્યવસ્થા કઈ નેકીના કારણે છે ? તેણે કહ્યું :

"શાયબાએ આપને દૂધ પીવડાવ્યું હતું. અને મેં તેને આઝાદ કરી દીધી હતી. આ તે નેકીનો બદલો છે." (તારીખે યાઅકુબી, ભાગ-૨ પેજ નં.૯)

કેટલી નવાઈ પમાડે એવી આ વાત છે કે અબુ લહબ માટે આટલી નાની નેકી ઉપર પાણી આપવામાં આવે છે કે તેણે પોતાની લોંડી શોયબાને આપ (સલ.)ની વિલાદતની ખુશીમાં કે આપ (સલ.)ને દૂધ પીવડાવવાના કારણે આઝાદ કરી દીધી. જો કે અબુ લહબ પેગંબરે ઈસ્લામના દુશ્મનોની પ્રથમ હરોળમાં હતો. આપને

જુઠલાવા, તકલીફો આપવા, મશ્કરીઓ કરવાના કામે આગળ આગળ રહેતો. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કુફ્ર અને શીર્ક ઉપર કાયમ રહ્યો.
અને અબુતાલિબ જેમણે પોતાનું સર્વસ્વ આપ (સલ.) ના રક્ષણ માટે, મદદ માટે, ઈસ્લામના રક્ષણ માટે વકફ કરી દીધુ હતું. તેના બદલામાં તેમને આટલું પણ ન મળે કે તેમના માટે થોડી ઘણી રાહત થાય. તેમને કંઈક થોડું મીઠું પાણી મળે. શું આખી જિંદગી રસૂલનું પાલનપોષણ, આપની હિફાઝત, ઈસ્લામની મદદ માટે જાતજાતની તકલીફો ઊઠાવવું. શોઅબે અબી તાલિબની પહાડી ઘાટીમાં ત્રણ વર્ષથી વધુ સમય કૈદ રહેવું. એક કનીઝના આઝાદ કરવાથી પણ ઓછું છે?!!
વળી રસૂલના શફાઅત કર્યા પછી પણ હઝરત અબુ તાલિબના માટે અઝાબનો જે પ્રકાર નક્કી કર્યો છે તેનાથી શું પેગંબરની શફાઅતની કોઈજ કિંમત નથી એવું સાબિત નથી થતું !! બલ્કે આ રીવાયતમાં તો અહીં સુધી કહેવામાં આવ્યું છે કે પેગંબરે ઈસ્લામની શફાઅતના કારણે અબુતાલિબ જહન્નમના બીલકુલ ઉપરવાળા ભાગમાં હશે કે તેમને ઘુંટીઓની નીચેના પગો ઉપર જ અઝાબ થશે. છતાંય આટલા થોડા અઝાબથી પણ તેમનું ભેજું પીગળી પીગળીને તેમના શરીર ઉપર વહેતું

હશે. શું શફાઅતે પેગંબર પછી પણ આવા અઝાબની વાત વિચારી શકાય છે ? શું આવી ઢંગધડા વગરની વાતો સાચી માની શકાય છે ? શું આ વાત બેહતર ન હતી કે હઝરત અબુતાલિબ માટે શફાઅતની વાત જ ન કરવામાં આવત કે જેથી શફાઅતે રસૂલની આવી બેકદરી જાહેર ન થાત.

વળી રસૂલે ઈસ્લામની મદદ અને હિમાયતના કારણે બદલારૂપે અબુતાલિબ માટે અઝાબમાં રાહતની શફાઅત નક્કી કરી, ત્યાં શું એવું ન વિચારી શકાત કે પેગંબર (સલ.) એમના માટે દુઆ કરત કે અલ્લાહ એમને ઈમાનની તૌફીક આપે. જ્યારે આપ (સલ.)ની દીલી ખ્વાહિશ હતી કે મારા કાકાને અલ્લાહ ઈમાન નશીબ કરે. આપ (સલ.) બીજાઓ માટે તો આવી દુઆ કરતા હતા. શાહ વલીઉલ્લાહ સાહેબ લખે છે કે

“આપ (સલ.) એ અબુહુરયરાની માના માટે દુઆ ફરમાવી અને તે, તે જ દિવસે મુસલમાન થઈ ગઈ.” (હુજ્જતુલ બાલેગાહ ભાગ - ૨, પેજ નં. ૫૭૮)

વાહ ! વાહ ! અભિનંદન આપીએ છીએ રીવાયતો ઘડનારાઓને, બનાવનારાઓને, વિચારનારાઓને, તેમના ઈસ્લામને, તેમની રસૂલે ઈસ્લામથી મહબ્બતને. ખરેખર આ લોકો અભિનંદનને પાત્ર

છે કે અબુ હુરયરાની મા તો પેગંબરની દુઆથી જન્નતમાં જાય, અબુ હુરયરાની માના માટે તો રસૂલની દુઆ કબૂલ મકબૂલ. પરંતુ અબુતાલિબના માટે એની કોઈ જ અસર ન થાય.

ઉમ્મે અબુહુરયરાની કોઈ ખાસ વાત, કોઈ ખાસ કારકીર્દી, કોઈ ખાસ વિશેષતા તો દ્રષ્ટિમાન થતી નથી. વધુમાં વધુ તો તે અબુહુરયરાની મા બની. એના મુકાબલામાં હઝરત અબુ તાલિબની બીજી બધી ઈસ્લામી ખિદમતોથી અલગ હટીને - બાજુ પર રાખીને જો ફક્ત આ જ ગુણને - વિશેષતાને દ્રષ્ટિમાં રાખવામાં આવે કે આપ (સલ.)નું યતીમીના આલમમાં પાલનપોષણ કર્યું. એમ પણ નહિ કે રસૂલ પાસે કોઈ મીલકત કે વારસો હતો. ફક્ત ખુદા વાસ્તાની આપની આ નેકી હતી. યતીમનું ખૂબ જ કાળજીથી પાલનપોષણ કર્યું. પોતાની અવલાદનો એટલો ખ્યાલ નથી રાખ્યો જેટલો આ પેગંબર યતીમનો રાખ્યો. તો શું આ નેકીના કારણે પણ આપને બક્ષીસ હાસિલ ના થઈ?

જો કે પેગંબર (સલ.)નો આ ઈરશાદ તો આપણી કીતાબોમાં જ છે :

“હું અને યતીમનું પાલનપોષણ કરવાવાળો જન્નતમાં સાથે સાથે હોઈશું” (તીરમીઝી - પેજ નં. ૨૭૫)

આ તો અમે અમૂક રીવાયતોનું વિશ્લેષણ રજૂ કર્યું છે. જેથી તલાશે હકનો અભિલાષી હિદાયતનો રસ્તો પામી શકે.

બાકી અમોને ખૂબ ખબર છે કે આવી જુઠ્ઠી રીવાયતો કેમ ઘડવામાં આવી, કોણે ઘડી, શા માટે ઘડી ?

હઝરત અબુતાલિબ મોમીને કુરૈશ હતા. આપનું ઈમાન પહાડથી વધુ મજબૂત હતું. જ્યારથી આપે પેગંબરે ઈસ્લામની યતીમીની હાલતમાં તરબીયત અને પાલણપોષણ શરૂ કર્યું ત્યારથી આપ પેગંબર ઉપર ઈમાન લાવી ચૂકયા હતા. જ્યારે આપ અરબસ્તાનની અતરાફના રાહીબોની-કાહીનોની ભવિષ્યવાણી સાંભળી ત્યારે આપનો એક જ જવાબ હતો, બેશક હું માનુ છું કે મારો ભત્રીજો અલ્લાહનો સાચો નબી છે. દઅવતે ઝૂલઅસીરાની વ્યવસ્થા તો આપના ઘેરથી થઈ. અલ્લાહની અપાર રહમતો નાઝિલ થાઓ હઝરત અબુતાલિબ ઉપર.

અલ્લાહહુમ્મા સલ્લે અલા મોહમંદીવ વ આલે મોહંમદ

# પ્રકરણ : ૩૦

## જનાબ ફાતેમા બિન્તે અસદ

ફાતેમા બિન્તે અસદ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ના મા હતાં. અસદ આપના પિતોંનું નામ છે. અસદ કૈલા બિન્તે આમીર તથા હઝરત હાશિમના ફરઝંદ હતા. આ સગાઈસંબંધ પ્રમાણે જનાબે ફાતેમા બિન્તે અસદ હઝરત હાશિમના પૌત્રી અને પેગંબરે ઈસ્લામના ફોઈ થાય. વળી આપ હઝરત અબુતાલિબના નિકાહમાં આવ્યાં તેથી આપ પેગંબરે ઈસ્લામના કાકી પણ બન્યાં.

જ્યારે પેગંબરે ઈસ્લામ રેહનુમાએ આઝમ, હાદીએ અકબર (સલ.) બાળપણમાં આપની ગોદમાં પરવરીશ પામ્યા. એક તરફ હઝરત અબુતાલિબે તરબીયત અને દેખરેખમાં બાપના ફરાઈઝ અંજામ આપ્યા. તો બીજી તરફ આ બુઝૂર્ગ કાકી પણ અને ફોઈ પણ એવાં મા બની ગયાં કે પગંબરે ઈસ્લામ ફરમાવે છે કે મારાં કાકીએ મને મારાં મા યાદ નથી આવવાં દીધાં. પોતાના સંતાનો કરતાં પણ વધુ મોહંમદ (સલ.) નો ખ્યાલ રાખતા હતાં. મોહંમદ (સલ.)ના મૂકાબલામાં પોતાની અવલાદ શુદ્ધાંની પરવા ન કરતાં. મહબ્બતનો આ હાલ હતો કે જ્યારે ખજૂરના

ઝાડો ઉપર ફળ આવતાં તો વહેલી સવારમાં ઊઠીને ખજૂરના બહેતરીન દાણા વીણીને અલગ મૂકી દેતાં. પછી જ્યારે તેમના પોતાના છોકરાં આમતેમ ફરવા નીકળી જતાં, ત્યારે પેલી ખજૂરો પેગંબર (સલ.)ને બોલાવીને ખવડાવતાં. જ્યારે જમવા માટે દસ્તરખ્વાન બીછાવવામાં આવતું ત્યારે તેમાંથી કંઈક બેહતરીન વાનગી ઊઠાવીને તેને અલગ રાખી મૂકતાં, કે કદાચ મોહંમદ ખાવા માગશે તો આ સારી વાનગી તેમને આપી દઈશ. દસ્તરખ્વાન ઉપર જમતાં જમતાં જેમાં હઝરત અબુતાલિબ અને ફરઝંદો બધાં જ હોય, હઝરત અબુતાલિબ અને જનાબ ફાતેમા બિન્તે અસદ ખાવાની અમૂક વસ્તુ ઊઠાવીને મોહંમદ તરફ મૂકતાં તો પેગંબર મુશ્કુરાતા અને તે વસ્તુઓ પોતાના ભાઈઓ તરફ મૂકતા. ફરમાવતા :

“અમ્મા આ શું કરો છો ? કાકા આ શું કરો છો ? અમૂક બેહતરીન વાનગી કે ફળ સાચવી રાખેલાં મોહંમદ માટે. ફાતેમા બિન્તે અસદ પોતાના શોહર અબુતાલિબને કહેતા “બોલાવો મોહંમદને અને આ ખાવા તેમને આપો.” હઝરત અબુ તાલિબ તરત જ મોહંમદ (સલ.) ને અવાજ આપતા. પેગંબરે ઈસ્લામ (સલ.) બાળક હતા. તરત જ આવતા. કાકાના હાથમાંથી ખાવાનું લેતા, મુશ્કુરાતા, તેમાંથી થોડુંક ખાતા. કાકા - કાકીની

ખુશનુદી માટે, પછી પોતાના ભાઈઓને અવાજ આપતા, તેઓ દોડતા આવતા. તે દરેકને વહેંચી દેતા. ફાતેમા બિન્તે અસદ કહેતાં “બેટા તમારા માટે રાખ્યું છે. રસૂલ ફક્ત આટલું જ બોલતા,” અમ્મા, અમ્મા મેં ખાધુંને ? મેં ખાધુંને ? આવા હતા અમારા પ્યારા નબી.

બેહતરીન અખ્લાકવાળા હતા મોહંમદ (સલ.). તેથી જ આપ (સલ.) યુવાનીકાળમાં અને બઅસત (નુબુવ્વતની જાહેરાત પછી) પછી મહોલ્લામાં કે ગામમાં કોઈ મા પોતાના છોકરાને બોલાવતાં જુએ તો તરત જ આપ (સલ.) ની આંખોમાંથી આંસુ પડી જતાં, આપ (સલ.) ફરમાવતા :

“મને મારી મા ફાતેમા બિન્તે અસદ યાદ આવે છે”

એવી જ રીતે કોઈ સહાબી પેગંબર (સલ.)ની સમક્ષ પોતાની પત્નીની કોઈ સારી આદત વર્ણવતા, ગુણ વર્ણવતા, તો તરત જ પેંગબર (સલ.) ને મા ખદીજા યાદ આવી જતાં. ફરમાવતા:

“આહ ખદીજા ! તેં મારા અને ઈસ્લામના માટે પોતાની જિંદગી અને દવલત બધું જ કુરબાન કરી દીધું. ખદીજા તેં તારી સંપૂર્ણ જિંદગી ઈસ્લામ ખાતર ન્યોછાવર કરી દીધી, ખદીજા તેં

યુવાનીકાળમાં મારો એટલો ખ્યાલ રાખ્યો જેટલો ખ્યાલ બાળપણમાં મારી મા ફાતેમા બિન્તે અસદે રાખ્યો.

પેગંબર (સલ.) પણ કાકીને પોતાના મા જ કહેતા. મા સમજતા અને માની જેમજ તેમની ઈજ્જત એહતેરામ કરતા. તેમની મહબ્બતનો ઈકરાર કરતા ફરમાવ્યું :

"અબુ તાલિબના પછી તેમનાથી વધુ કોઈપણ મારા ઉપર પ્રેમવષ કરનાર ન હતું." (અલ ઈસ્તેઆબ ભાગ - ૨ પેજ નં. ૭૭૪)

આપની મા જેવી મહબ્બત અને મહેરબાનીઓની આપ (સલ.) ઉપર એવી અસર હતી કે રીસાલતની જાહેરાત પછી અનેક જરૂરી કામકાજોની અદાયગી વચ્ચે સમય કાઢીને તેમની પાસે આવતા. ઘણેભાગે બપોરનો સમય તેમની પાસે જ ગુજારતા. ઈબ્ને સઅદે લખ્યું છે કે :

"રસુલુલ્લાહ (સલ.) આપની જીયારતે આવતા અને બપોરે તેમને ત્યાં જ આરામ ફરમાવતા." (તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૮ પેજ નં. ૨૨૨)

આપનાથી અબુતાલિબને સાત અવલાદ થઈ. જેમાં ત્રણ દીકરીઓ, રીયાહ, જમાના, અને ફાખ્તા જેઓ ઉમ્મે હાનીની કુન્નીયતથી પ્રખ્યાત છે. અને ચાર દીકરાઓ તાલિબ, અકીલ, જઅફર અને અલી (અલ.) તાલિબ અકીલથી દસ વર્ષ

મોટા હતા. અને જઅફર અલીથી દસ વર્ષ મોટા હતા. જનાબ અબુતાલિબ હાશિમી હતા. અને ફાતેમા બિન્તે અસદ પણ હાશિમી હતાં. જેથી મા અને બાપ બંને પક્ષે હાશિમી હોવાની પ્રતિષ્ઠા સૌ પ્રથમ અબુતાલિબ અને ફાતેમા બિન્તે અસદની જ અવલાદને પ્રાપ્ત થઈ. ઈબ્ને કતીબા લખે છે કે:

"ફાતેમા બિન્તે અસદ સૌ પ્રથમ એવી હાશિમીયાં ખાતુન છે જેનાથી હાશિમી અવલાદ થઈ." (અલમઅરૂફ પેજ નં. ૮૮)

હઝરત ફાતેમા બિન્તે અસદ એક અતિ ઉચ્ચ, પ્રતિષ્ઠાવાન, નેક કીરદાર, ન્યાયપ્રિય ખાનદાનના હતાં, જે અરબના અન્ય ખાનદાનોથી બિલકુલ અલગ તરી આવતું હતું. જાહીલીય્યતના જમાનાના કોઈ રસ્મોરિવાજ આ ખાનદાનમાં ન હતા. બીજું હાશિમી ખાનદાન અરબમાં એક પ્રભૂત્વશાળી ખાનદાન ગણાતું હતું. એના વડવાઓ પણ મહેમાનનવાઝ અને ઈન્સાનિયતના કદરદાન હતા. આપમા ખાનદાની ગુણો પૂરેપૂરા ઊતર્યા હતા. પોતાના બાપદાદાની જેમ મસ્લકે ઈબ્રાહીમીના પાબંદ હતાં. દીને હનીફની પેરવી કરનાર તથા કુફ્ર - શીર્ક ગંદગીઓથી પાક - સાફ હતાં. તેથી જ તો આપ (સલ.) એ હઝરત અલી (અલ.)ની સાથે એક નસલ - વંશ તથા પૈદાઈશી -

કુદરતી - ફીતરતી એકસૂત્રતાના અનુસંધાનમાં ફરમાવ્યું :

“ખૂદા વંદે આલમે અમને બંનેને હઝરત આદમ (અલ.)ની વંશથી પાકીઝા નસ્લો અને પાકીઝા બદનોની (પવિત્ર વંશ અને પવિત્ર માઓના પેટ) તરફ ચલાવ્યા. જે વંશથી હું ચાલ્યો, તે જ વંશથી અલી પણ ચાલ્યા. પવિત્ર - અતિ પવિત્ર માઓના શિકમોમાંથી (શિકમ = પેટ) મુન્તકીલ થતા અહીં સુધી કે ખુદાવંદે આલમે મને આમેનાના શિકમે અતહરમાં અને અલીને ફાતેમા બિન્તે અસદના પાકીઝા શિકમમાં દાખલ કર્યા” (કીફાયતુત તાલિબ. પેજ નં. ૬૨)

જનાબ ફાતેમા બિન્તે અસદ ખાનદાની ઉચ્ચતા, બુઝૂર્ગી અને પવિત્રતા સાથે ઈસ્લામી બયઅત અને હિજરતમાં પણ અગ્રતાક્રમે આવે છે. ઈબ્ને સબાગ માલીકી લખે છે કે :

“ફાતેમા બિન્તે અસદ ઈસ્લામ લાવ્યાં, પેગંબર (સલ.)ની સાથે હિજરત કરી. જેથી તેઓ સૌ પ્રથમ ઈમાન લાવનારી સ્ત્રીઓમાંથી છે.” (ફસુલુલ મહ્મા પેજ નં. ૧૩)

અબુ અલ ફરજ અસફહાની લખે છે કે, ઝૂબેર બિન અવામ કહે છે જ્યારે આ આયત

“યા અય્યોહન્નબીય્યો ઈઝા જાઅકલ મોઅમેનાતો યોબાયીઅ્નક અલા અન્લા યુશ્રીક્ન બિલ્લાહે

શયૂઆ" (સુરા મુમ્તહેના આયત નં. ૧૨) નાઝિલ થઈ તો મેં પેગંબરે અકરમ (સલ.) ને ઓરતોને બયઅત માટે દઅવત આપતા જોયા. તે સૌમાં ફાતેમા બિન્તે અસદ પહેલાં ખાતુન હતાં જેમણે પેગંબરની આવાજ ઉપર લબ્બૈક કહેતાં કહેતાં આપ (સલ.)ના હાથ મુબારક ઉપર બયઅત લીધી." (મકાતીલુત્તાલેબીન પેજ નં. ૪)

આપ ગઝવએ બદરની તે સ્ત્રીઓમાં સામેલ હતાં જે મુજાહીદોને પાણી પીવડાવતી અને ઝખ્મીયોની દેખભાળ કરતી હતી. આપ ઘણા જ બહાદુર હતાં. કદી કોઈથીયે ન ડરે એવા હિંમતવાન પણ હતાં, તે સાથે એક સુંદર, સુઘડ હાઉસવાઈફ હતાં. દરેક કાર્યમાં આપની વ્યવસ્થા - સૂઝ ઘણી જ સુંદર હતી. વ્યવહારિકતા અને ઉદારતા જેવા ઉમદા ગુણોને કારણે મક્કા અને મદીના બંને રહેઠાણોના મહોલ્લાની સ્ત્રીઓ આપને માન આપતી. ઘર બહારના કામો પણ જાતે જ કરતાં.

સન હીજરી બે માં જનાબે ફાતેમા ઝેહરા - શેહઝાદીએ રસૂલ આપના ઘેર દુલ્હન બનીને આવ્યાં, તો આ ઈન્સાફપસંદ સાસુએ કામની વહેંચણી એવી કરી કે ઘરનું કામકાજ સૈયદેહ ફાતેમા-શેહઝાદીએ રસૂલ સંભાળે અને બહારના કામો પોતે કરશે.

જેથી હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું "અમ્મા ! ફાતેમા બિન્તે રસૂલ ખાવા પકાવવાના કામથી આપને આઝાદ કરી દેશે. આટો પીસવો, ગુંદવો, રોટીઓ પકાવી, સાલન બનાવવું, વગેરેથી આપ આઝાદ રહેશો. પાણી અને બીજી બહારની જરૂરીયાતનું કામ આપથી થાય એટલું કરજો. અમે પણ તમારી મદદ કરીશું. (અસાબા, ભાગ - ૪, પેજ નં. ૩૯૯)

ઘર અને ઘરની બહારના કામો માટે એક કનીઝ (નોકરાણી) પણ આપને ત્યાં હતી. પરંતુ ફાતેમા બિન્તે અસદ એમ ઈચ્છતાં હતાં કે આ કનીઝને ગુલામીમાંથી આઝાદ કરી દે.

રસૂલે ઈસ્લામ પોતાની મા ને મળવા વારંવાર ઘેર આવતા. એક દિવસે આ બુઝુર્ગ મા એ પેગંબરે ઈસ્લામને કહ્યું "બેટા, હું ઈચ્છું છું કે આ કનીઝને આઝાદ કરી દઉં.

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું.

"મા ! જો આપ તેને આઝાદ કરી દેશો તો ખુદાવંદે આલમ તેના શરીરના દરેક અવયવોના બદલામાં આપના શરીરના દરેક અવયવોને દોઝખની આગથી આઝાદ કરી દેશે."

હજી આ કનીઝને આઝાદ કરી શકયાં ન હતાં, કે સખત બીમાર પડી ગયાં. બંને બેટા માની પાસે હતા. અલી (અલ.) અને રસૂલે ખુદા પણ. આપે

બીમારીની હાલતમાં કનીઝને આઝાદ કરવા માટે વસીય્યત કરવાનું ઈચ્છયું, પરંતુ જીભ થોથવાઈ ગઈ અને સ્પષ્ટ બોલી શક્યાં નહિ. પેગંબરે અકરમ તરફ હાથથી ઈશારો કર્યો.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું "મા, તમે ચિંતા ન કરો હું તમારી વસીય્યત અને ઈચ્છા પ્રમાણે તેને આઝાદ કરી દઈશ."

આપ તકવા, પરહેઝગારી, સંયમ અને પવિત્રતામાં ઉચ્ચ હતાં. નીતિનિયમોના પાબંદ હતાં. વ્યવસ્થાશક્તિ પણ સુંદર હતી. અલ્લાહનો ખોફ હંમેશા આપ ઉપર સવાર રહેતો. કબ્ર અને હિસાબ - કિતાબ નું વર્ણન સાંભળતાં તો કાંપી ઊઠતા, આંખોમાંથી પાણી વહેવા લાગતું. એક વખત પેગંબર (સલ.)થી સાંભળ્યું કે "લોકોને કયામતના દિવસે નગ્ન હાલતમાં એકત્ર કરવામાં આવશે." આપે કહ્યું "બેટા! એ તો ઘણી જ ઝિલ્લત અને શરમની વાત છે." પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું "મા હું અલ્લાહને દુઆ કરીશ કે તે આપને કયામતમાં પરદા વગર ઊઠાવશે નહિ" એક વખત કબરનું વર્ણન સાંભળ્યું તો કહ્યું કે "હું કમજોર છું, અશક્ત છું. કબરના સવાલ-જવાબને કેવી રીતે સહન કરી શકીશ. પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું "મા, હું અલ્લાહતઆલાથી દુઆ કરીશ. તે પોતાની

રહમથી આપને કબરની બધી જ તકલીફોથી મહફૂઝ રાખશે.

ફાતેમા બિન્તે અસદે જ્યારે આ દુનિયાથી છુટકારો મેળવ્યો, અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. ત્યારે હઝરત અલી (અલ.) આંખોમાં આંસુ સાથે પેગંબર (સલ.)ને ખબર આપવા દોડ્યા. આપ (સલ.) એ હઝરત અલીની આંખોમાં આંસુ જોયાં તો પૂછ્યું, શું વાત છે ? અરજ કરી કે "યા રસુલુલ્લાહ ! માનો ઈન્તેકાલ થઈ ગયો છે" અલીના શબ્દો સાંભળતા તે જ ક્ષણે આપ (સલ.)ની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. ચહેરા મુબારકથી આંસુ ટપકવા લાગ્યાં. ફરમાવ્યું "ખુદાની કસમ, તે મારી પણ મા હતી" તે જ વખતે રસૂલ ઊભા થઈ ગયા. સહાબા પણ વીલા મોંએ આપની સાથે ચાલ્યા. જ્યારે રસૂલ અલીના ઘેર આવ્યા તો પોતાનું પહેરણ ઊતારી અલીને આપ્યું. ફરમાવ્યું : આ પહેરણ તેમને કફનની જગ્યાએ પહેરાવવામાં આવે, જ્યારે ગુસલ અને કફનની વિધિ પતાવી જનાઝહ બહાર લાવવામાં આવ્યો. તો આપ (સલ.) એ આગળ વધીને કાંધો આપ્યો. કદી મય્યતના માથા તરફથી કાંધ આપતા કદી પગ તરફથી. પેગંબર જન્નતુલ બકીઅ સુધી ઊઘાડા પગે જનાઝાની સાથે રહ્યા. આપ (સલ.)

એ કેટલાક લોકોને કબર ખોદવાનો હુકમ અગાઉથી જ આપી દીધો હતો. જેથી કબર તૈયાર થઈ ગઈ હતી.
પેગંબરે ખુદા પોતે કબરમાં ઊતર્યા પોતે જ પોતાના હાથ વડે કબરને કિનારાઓથી ખોદીને જરા પહોળી કરી, સહાબાના એમ કહેવા પર કે યા રસૂલુલ્લાહ ! અમે કરીએ, રસૂલે મના કર્યું. હું જ ખોદીશ. ખોદતાં ખોદતાં રસૂલની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી, જે ખુબસુરત ચેહરા મુબારક ઉપર થઈને કબરની માટીમાં પડતી હતી. મતલબ રસૂલે ખુદા રડતા હતા. લહદ પણ રસૂલે જાતે ખોદી અને માટી બહાર કાઢી. સરખી કરી પછી થોડીકવાર પોતે જ કબરમાં સૂઈ ગયા. જમણી ડાબી બંને બાજુ કરવટ ફર્યા પછી બહાર આવી રડતાં રડતાં ફરમાવ્યું : "અય મારી બુઝૂર્ગ મા ! ખુદા આપને બેહતર બદલો આપે, આપ બેહતરીન મા હતી." (તારીખે ખમીશ, ભાગ-૨, પેજ નં. ૫૨૬)
પેગંબરે ઈસ્લામના આવા ખાસ પ્રકારનો વર્તાવ જોઈને કેટલાક લોકોએ પૂછ્યું "યા રસુલુલ્લાહ ! કોઈ બીજા માટે આ વિશેષતા આપથી જોવામાં નથી આવી."
ફરમાવ્યું "મારા કાકા અબુતાલિબ પછી આ મોહતરમાના મારા ઉપર સૌથી વધુ એહસાનો છે.

એ પોતે ભૂખી રહેતી હતી અને મને ખવડાવતી હતી. જાતે ફાટેલા કપડાંથી ચલાવી લેતી હતી, અને મને સારો લિબાશ સીવડાવી આપતી હતી. પોતાના બેટા - બેટીઓને સૂકા વિખરાયેલા વાળો રાખતી હતી અને મારા માથામાં તેલ નાખતી હતી. પોતે તકલીફો વેઠીને મારા માટે રાહતનો સામાન પેદા કરતી હતી. મેં મારું પહેરણ એટલા માટે આપ્યું કે કયામતમાં મારા પહેરણના પરદા સાથે ઊઠશે. લહદમાં એટલા માટે સૂતો, કબરના ભીંસાવાથી તે મહફૂઝ રહે.

આલીમે એહલે સુન્નત શૈખ અલી મરઝુકીએ લખ્યું છે કે :

“પેગંબરે અકરમ (સલ.) એ ફાતેમા બિન્તે અસદને જાતે જ દફન કર્યાં. તેમને પોતાના પહેરણનું કફન પહેરાવ્યું. દફન ક્રિયા પછી પેગંબર (સલ.)ના મોંથી શબ્દ સરી પડ્યા.

મા, મા, આપકા ફરઝંદ, આપકા ફરઝંદ, સહાબાએ પૂછ્યું યા રસુલ્લાહ આપ આ શું બોલ્યા ? તો રસૂલેખુદાએ ફરમાવ્યું “મારી મા ! ફાતેમા બિન્તે અસદથી પરવરદિગારના બારામાં પૂછવામાં આવ્યું, તો તેમણે ઉત્તર આપ્યો. નબીના વિષયમાં પૂછવામાં આવ્યું, તો તેનો જવાબ પણ આપી દીધો. પછી ઈમામના બારામાં સવાલ પૂછાયો તો આપની જીભ ગભરાટમાં થોથવાઈ  સહેજ વાર

લાગી શું કહું ? અલી કહું કે મારો બેટો કહું જેથી મેં કહ્યું : મા મા, અબનક, અબનક, આપકા ફરઝંદ, આપકા ફરઝંદ. તરત જ મા બોલી ઉઠ્યાં અલી, અલી. (કીતાબ અઝમીનત વલ અમકીનત ભાગ-૨ પેજ નં. ૨૮૦)

આપ હીજરીસન ૪ માં વફાત પામ્યાં. પરંતુ જન્નતુલ બકીઅના ચારે તરફ દિવાલ બનાવતી વખતે આ કબર દિવાલની બહાર જન્નતુલ બકીઅની હદની બહાર રહી જવા પામી. જે એક વેરાન રસ્તા ઉપર દીવાલથી અડીને છે. હોંઓ અને ઝવ્વારો જે આ વાતથી વાકેફ છે તેઓ આ જગ્યાએ ઊભા રહીને દુઆઓ પઢે છે. ઝાલીમ હુકુમતથી અત્યાર સુધી મહફુઝ રહી છે. ખુદા ન કરે કે રસ્તો વધુ પહોળો કરવાના બહાને તેની નિશાનીઓને મીટાવી દેવામાં આવે.

અલ્લાહ ફાતેમા બિન્તે અસદ ઉપર પોતાની અપાર રહમતો વરસાવે. આ લોકો ન તો આપણી દુઆઓના મોહતાજ છે, ન ફાતેહાના, પરંતુ આપણે સલવાત સિવાય તેમને બીજું શું આપી શકીએ છીએ ? બલ્કે અલ્લાહથી આવી બૂઝૂર્ગ માઓનો સદકો માગી આપણે આપણી દુઆઓની મકબૂલીયત માગીએ.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીવ વ આલે મોહંમદ.

# પ્રકરણ : ૩૧

## મુબારક જન્મ

ખાનએ કાબા દુનિયાની એક સૌથી પુરાણી ઈબાદતગાહ છે. એનાથી વધુ પુરાણી ઈબાદતગાહ દુનિયામાં કોઈ છે જ નહીં. જેની બુનિયાદ હઝરત આદમ (અલ.) એ નાખી. જે આ વિશ્વના સૌથી પહેલા ઈન્સાન અને નબીઅલ્લાહ છે. જેની દિવાલો હઝરત ઈબ્રાહીમ (અલ.) અને હઝરત ઈસ્માઈલ (અલ.) એ ઉઠાવી. ભલે આ ઘર તદ્દન સાદુ સીધું કોઈપણ જાતના કોતરકામ કે નકશી કામથી પર, શણગારથી ખાલી, ફક્ત ચૂનો અને પથ્થરની બનેલી એક સાદી ઈમારત છે. પરંતુ એના એક એક પથ્થર ખુશ કિસ્મત છે, ભાગ્યવાન છે, કલ્યાણકારી છે. બલ્કે એનો દરેક પથ્થર ભલાઈનો સ્ત્રોત છે. કાબિલે ઈજ્જત છે. અલ્લાહ રબ્બુલ ઈજ્જતનો ઈરશાદ છે :

“જઅલલ્લાહુલ કઅબતલ બયતલ હરામ કેયામલ લીન્નાસે” (સુરએ માએદહ આયત નં. ૯૭)

અલ્લાહતઆલએ ખાનએ કાબાને મોહતરમ (પવિત્ર) બનાવ્યું છે.

ખાનએ કાબાની આ ઈજ્જત અને હુરમત (પવિત્રતા) કાયમી છે. હંમેશાથી છે અને હંમેેશા

રહેશે. જે ન તો જમાના કે સમયની પાબંદ હતી કે ન અત્રે છે. એની પવિત્રતા, એની ઈજ્જત માટે સમયની કોઈ પાંબદી નથી. બલ્કે એના બાંધકામના અવ્વલ દિવસથી જ એને ઉચ્ચોચ્ચ ઈજ્જત પ્રાપ્ત છે. સાથે સાથે આ ઈબાદતગાહ અસાધરણ રીતે મખ્લુકે ખુદાના આકર્ષણનું કેન્દ્રસ્થાન રહી છે. આજે પણ છે. વિશ્ર્વના દરેક મુસલમાન પછી પૂર્વનો રહેવાસી હોય કે પશ્ચિમનો, અરબનો હોય કે અજમનો, જ્યારે પણ નમાઝ માટે ઊભો થશે એને જ પોતાની ઈબાદતનું કેન્દ્રસ્થાન બનાવશે. તેની આસપાસ તવાફ કરવો, ચક્કર લગાવવા, તે પણ આ વાતનો ખ્યાલ રાખીને કે ખભા તેની દિશા તરફથી બીજે ન ફરી જાય. તવાફ હજનો એક રૂકન છે. મુખ્ય અમલ છે.

હઝરત અલી (અલ.)નો જન્મ આ જ પવિત્ર અને ઈજ્જતવાળા ઘરમાં તેરમી રજ્જબ જુમાના દિવસે ૩૦ આમુલફીલના* થયો. ઈ.સ. પ્રમાણે ૫૯૮ અથવા ૬૦૦ ગણાય છે. આ ખુદાના ઘરમાં જન્મ પામવાની ઈજ્જત ન અગાઉ કોઈને પ્રાપ્ત થઈ ન પાછળથી કોઈને મળશે. મોહદ્દીસો અને સીરત લખનારાઓએ પોતાની કિતાબોમાં આ વાતને અમીરૂલ મોઅમેનીન (અલ.)ની ખાસ વિશેષતા ગણાવી છે. હાકેમ નિશાપુરી લખે છે કે :

"લગાતાર - નિરતંર - અતૂટ હદીસોથી આ વાત સાબિત છે કે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.) કાબાની વચ્ચે ફાતેમા બિન્તે અસદની કૂખે જન્મ પામ્યા." (મુસ્તદરક ભાગ-૩, પેજ નં. ૪૮૩ પ્રકાશન ઈદારા એહલે સુન્નત - કરાંચી)

શાહ વલીયુલ્લાહે પણ આ વાત નકલ ફરમાવી છે. ઉપરાંત આ વાત પણ લખી છે કે હઝરત અલી (અલ.) થી અગાઉ અને આપના પછી કોઈને પણ કાબતુલ્લાહમાં જન્મ પામવાની પ્રતિષ્ઠા નસીબ થઈ નથી. તેઓ લખે છે કે :

"લગાતાર-અતૂટ રીવાયતોથી સાબિત છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.) ૧૩મી રજબના જુમ્આના દિવસે ૩૦ આમુલ ફીલના વર્ષે કાબતુલ્લાહની મધ્યમાં ફાતેમા બિન્તે અસદની કુખે પેદા થયા. અને આપના સિવાય આપથી પહેલાં કે આપના પછી કોઈપણ કાબતુલ્લાહમાં જન્મ પામ્યું નથી." (ઈઝાલતુલ ખોલફા ભાગ-૧ પેજ નં. ૨૫૧, પ્રકાશક ઈદારા એહલે સુન્નત - કરાંચી)

અર્વાચીન સમયના પ્રખ્યાત લેખક અબ્બાસ મહમૂદ અકાદે આ મુબારક પૈદાઈશને ખાનએ કાબાની પુરાતન પ્રતિષ્ઠાની નવેસરથી સ્થાપના ગણાવી છે. આપે લખ્યું છે કે અમીરુલ

મોઅમેનીનના કાબાની મધ્યમાં જન્મે કાબાની પુરાની અઝમતને ફરીથી સ્થાપિત કરી છે. કે આપનો મુબારક જન્મએ ખુદાએ વાહીદની પરસ્તીશની શરૂઆત છે. જ્યારે કે એની બુનિયાદો આગલા નબીઓએ નાખી. (અલ અબકરીયતુલ ઈસ્લામીય્યાહ પેજ નં. ૮૬૩)

આવી રીતે દુનિયાના દરેક ઈતિહાસકાર અને જીવનચરિત્રો લખનારા લેખકોએ આ વાતનું વર્ણન કર્યું છે.

અલબત કેટલાક ઈર્ષાળુ લોકોએ આ વાતને કબૂલ કરીને એનું મહત્ત્વ ઘટાડવાની કોશીશ કરી છે. આવા લોકોનો હેતુ આ વિશેષતા અને ઈજ્જત ફક્ત હઝરત અલી (અલ.) સાથે જ ખાસ ન રહે, કદીક આમ કહેવામાં આવ્યું કે ખાનએ કાબાની અંદર વિલાદતમાં શું મહત્ત્વ છે ? જ્યારે કે તે વખતે કાબા એક બુતખાનું હતું. ચારે તરફથી બુતોમાં ઘેરાયેલું હતું. તેનો એટલો જવાબ પુરતો છે કે જો મસ્જિદને મંદિરમાં કે કલીસામાં તબ્દીલ કરી દેવામાં આવે તો તે મસ્જિદના હુકમમાંથી બાદ નહીં કરી શકાય. ભલે કોઈ મસ્જિદનું મંદિર બનાવી નાખવામાં આવે. છતાંય તે કયામત સુધી મસ્જિદના જ હુકમમાં ગણાશે અને તેની ઈજ્જત તેની પવિત્રતા તેવી જ બાકી રહેશે. એ જ રીતે બુતોના અંદર મૂકવાથી ખાનએ કાબાની

ઈજ્જત ઓછી નહીં થઈ જાય, તેની પવિત્રતામાં, તે અલ્લાહનું ઘર હોવામાં કંઈ ફરક પડે નહિ. મોમીનો માટે તો કયામત સુધી તે અલ્લાહનું ઘર જ ગણાશે. ભલે મૂર્તિ મૂકીને મૂર્તિ પૂજા કરનારાઓ એને બુતખાનું સમજયા કરે.

કીનો કપટ અને નફરતની આગથી પીડાનારા, ઓછી બુદ્ધિના, હલકટ માણસો આ વાત કેમ ભૂલી જાય છે કે ખાનએ કાબા હિજરી ૨ માં મુસલમાનોનો કીબ્લો બન્યો. તે અગાઉ ઈમાનવાળાઓ બયતુલ મુકદ્દશ તરફ મોં કરીને નમાઝ અદા કરતા હતા. તે વખતે જ્યારે કે કીબ્લો કાબતુલ્લાહને બનાવવામાં આવ્યો ત્યારે પણ તેમાં ૩૬૦ બુતો હતા. તે સિવાય બીજા મોટા, મોટા બુતો અમૂક ખાસ કબીલાઓના અલગ હતા. હવે ફતહે મક્કા હિજરી સન ૮ માં થઈ. ફતહે મક્કાના દિવસે કાબાના બુતોને કાબામાંથી હટાવવામાં આવ્યા. પેગંબરે ઈસ્લામ અને હઝરત અલી (અલ.) બંનેએ કાબતુલ્લાહમાંથી બુતો હટાવવાનું કામ કર્યું.

હવે તે લોકોૈ જેઓ એમ કહે છે કે એમાં શું વિશેષતા છે ? શું ઈજ્જત છે ? જ્યારે કે હઝરત અલી (અલ.)નો કાબામાં જન્મ થયો ત્યારે કાબા બુતખાનું હતું. તેઓને અમારો જવાબ છે કે હિજરીસન ૨ માં મદીનામાં નમાઝની હાલતમાં

કાબા તરફ ફરી જવાનો હુકમ નાઝિલ થયો અને કાબા કીબ્લો બન્યો, ત્યારે પણ કાબામાં સેંકડો બુતો હતા. એને બુતખાનું કહેનારા બેવકૂફ પ્રકારના લોકોને ઈતિહાસનું સહેજે જ્ઞાન નથી. હીજરીસન ૨ થી ૮ માં ફતહે મક્કા સુધી કાબતુલ્લાહ એવી પરિસ્થિતિમાં કીબ્લો બની રહ્યો કે તેમાં સેંકડો બૂત હતા. અને હજારો મુસલમાનો મદીના, હજરમોત, તાઈફ, નજદ અને આસપાસના અનેક ગામડાંના લોકો ઈસ્લામ લાવી ચૂકયા હતા. તેઓ બધા જ હજારોની સંખ્યામાં કાબા તરફ મોં કરીને નમાઝ પઢતા હતા. મતલબ છ વર્ષ સુધી કાબા તરફ મોં કરી હજારો મુસલમાનોએ એવી પરિસ્થિતિમાં નમાઝ અદા કરી કે કાબા કાફિરોના કબજામાં હતું. તે◌ેમાં ૩૬૦થી વધુ બુત હતા. ઉપરાંત મુસલમાનો તેનો તવાફ પણ કરી શકતા ન હતા. હજ પણ અદા કરી શકતા ન હતા.

જો હઝરત અલી (અલ.)ના જન્મ સમયે કાબા બુતખાનું હતું તો હિજરી સન ૨ થી લઈને હિજરીસન ૮માં મક્કા ફતેહ થયું ત્યાં સુધીના સમગ્ર સમયગાળામાં પણ કાબા બુતખાનું જ હતું. છતાં તેને કીબ્લો બનાવવામાં બૂ◌ૂત અડચણરૂપ ન હતા. કાબામાં બુત હોય કે ન હોય, કાબા મુસલમાનોના કબજામાં હોય કે કાફિરોના

કબજામાં હોય, એની પવિત્રતામાં કોઈ ફરક પડતો નથી. જો તે વખતે એ બુતખાનું ગણાતું હોત તો અલ્લાહ કદીપણ એવો હુકમ ન આપત કે મુસલમાનો કાબા તરફ ફરી જાઓ. કારણ કે અલ્લાહની દ્રષ્ટિએ તો તે પોતાનું ઘર હતું. જ્યારથી કે હઝરત આદમ (અલ.) એ એને બનાવ્યું. ત્યારથી જ તેને પવિત્રતા સ્થાપિત થઈ છે. એની પવિત્રતામાં કદીપણ કોઈ ફરક પડશે નહિ.

જ્યારે અમો એક એવી વ્યક્તિનું મુબારક જીવન ચરિત્ર આલેખી રહ્યા છીએ જે વ્યક્તિ પેગંબરે ઈસ્લામ પછી તમામ મખ્લુકમાં અફઝલ છે. પેગંબરે આખેરૂઝઝમાનને બાદ કરતાં. તમામ નબીઓથી અફઝલ છે. જેથી ભવિષ્યમાં પણ કોઈ દલીલ કરનારને તેની દલીલનો જવાબ મળી રહે.

કદી કદી આમ પણ કહેવામાં આવે છે કે આમુલ ફીલથી તેર વર્ષ અગાઉ ફાખ્તા બિન્તે ઝહીરના પેટથી હકીમ ઈબ્ને હઝઝામ પણ ખાનએ કાબામાં પેદા થયો હતો. તો તેમાં શું પ્રતિષ્ઠા છે ? એક કાફિર પણ ત્યાં પેદા થયો હતો.

ઉપરોક્ત વાત તમામ વિશ્વાસપાત્ર ઈતિહાસવિદોની દ્રષ્ટિએ સત્યથી વેગળી છે. બલ્કે તમામ મોટા દરજાના આલિમોએ પણ ઉપરોક્ત

વાતનો ઈન્કાર કર્યો છે. બલ્કે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે હઝરત અલી (અલ.)થી પહેલાં અને આપના પછી કોઈપણ ખાનએ કાબામાં પેદા થયું નથી.

છતાંય "દુ:ખે પેટ ને કૂટે માથું" એવા લોકોને શું કહીશું ? આવા જુઠાણાં ચલાવનારા બની ઉમય્યાના વેચાઈ ગયેલા કારકૂનો એમ નથી કહેતા કે અમને અલીથી દુશ્મની છે. અથવા એમ નથી કહેતા કે અમે અમારી શક્તિ, કલમ અને મઝહબને થોડાક સિક્કાઓના બદલામાં બની ઉમય્યાના બાદશાહોને વેચી દીધો છે. જેથી અમે સાચી ન માનતા હોય તેવી વાતો પણ તેમની વફાદારીમાં લખી નાખીએ છીએ.

કુફ્રની સાથે કાબામાં જન્મની કોઈ વિશેષતા ગણાશે નહિં. કુફ્રની હાલતમાં કાબાનો તવાફ કે જીયારતે રસૂલ કોઈ ફાયદાકારક નથી, તો પછી કાબામાં જન્મ કેવી રીતે ઈજ્જતને કાબિલ ગણાશે ? અલબત્ત ઈમાનની સાથે જો આ ક્રિયાઓ બને તો કાબિલે તઅરીફ, કાબીલે ઈજ્જત કહી શકાય છે.

અમે અત્રે એક રીવાયત રજૂ કરી રહ્યા છીએ. જે બલ્કે એહલે સુન્નત બિરાદરોની કીતાબોમાં આ રીવાયત લખાયેલી છે. જો કે શીયા બિરાદરીની દ્રષ્ટિએ આ રીવાયત સાચી નથી. છતાંય આ

રીવાયત અમો ફક્ત એટલા માટે રજૂ કરીએ છીએ કે એના દ્વારા અમારા વિચારોને કંઈક પૂષ્ઠિ મળે છે. એ રીવાયત દ્વારા આ વાત સાબિત થાય છે કે સુન્ની વિચારધારાની દ્રષ્ટિએ પણ હઝરત અલી (અલ.)ની જિંદગીની કોઈ ક્ષણ માના પેટથી લઈને કબરના પેટ સુધી કુફ્ર અને શીર્કમાં વીતી નથી. રીવાયત આ પ્રમાણે છે :

“જયારે આપ માના પેટમાં હતા અને મા બૂતોની સમક્ષ ઝૂકવા માંગતા હતાં. તો આપ માના પેટમાં એવી રીતે ફરતા હતા કે તે બુતોની સમક્ષ ઝૂકી શકતાં ન હતાં. આ રીવાયત અમારી દ્રષ્ટિએ સાચી નથી. માદરે અલી દીને ઈબ્રાહીમ (અલ.) ઉપર હતાં. બુતોને ઝૂકવાની વાત જ ગલત છે.

હઝરત અલી (અલ.)નો કાબામાં જન્મ કોઈ સામાન્ય ઘટના નથી, કે અચાનક બની જનારી સંજોગવશાત ઘટના પણ નથી. બલ્કે અલ્લાહની ઈચ્છાથી એક મોઅજેઝારૂપે આ ઘટના અમલમાં આવી છે. હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ વર્ણવે છે કે તેઓ પોતે સાથે યઝીદ ઈબ્ને કાનબ અને બની હાશિમ તથા બની ઉઝઝાના કેટલાક લોકો ખાનએ કાબાની પાસે બેઠેલા હતા. એટલામાં ફાતેમા બિન્તે અસદ તશરીફ લાવ્યાં, અને ખાનએ કાબાની સમક્ષ આવીને ઊભાં થઈ ગયાં. હજી એક મિનિટ પણ

થઈ ન હતી કે તેમના ચહેરા ઉપર ગભરાહટની અસર દેખાઈ. અમે જોયું કે આપે ધ્રુજતા હાથો કાબાની તરફ મોં રાખીને ઊઠાવ્યા. બેચૈન નિગાહોથી આસમાન તરફ જોયું અને બારગાહે ખુદાંવદીમાં અરઝ કરી :

“અય મારા પરવરદિગાર, હું તારા ઉપર, તારા નબીઓ ઉપર અને તારી નાઝિલ કરેલી કીતાબો ઉપર ઈમાન રાખું છું. તું આ પવિત્ર ઘર, એ ઘરને બનાવનારા અને મારા જન્મ પામનાર બાળકના સદકામાં મારી મુશ્કેલીને હલ કરી દે. અને એના જન્મને મારા માટે આસાન કરી દે. મને યકીન છે કે આ પેદા થનાર બાળક તારા જલાલ અને અઝમતની નિશાનીઓમાંથી એક રોશન નિશાની છે અને તું જરૂર મારી મુશ્કેલી આસાન કરી દઈશ.”

હઝરત અબ્બાસ કહે છે કે ફાતેમા બિન્તે અસદ આ દુઆથી ફારિગ થયાં તો અમે જોયું કે ખાનએ કાબાની પાછળની દીવાલ ચીરાઈ ગઈ - ફાટી ગઈ. અને તેઓ કોઈપણ જાતના ગભરાટ વગર તરત જ આ નવા દરવાજેથી અંદર દાખલ થઈ ગયાં. પછી આ દીવાલ જે ફાટી ગઈ હતી તે ફરીથી પોતાની અસલ સ્થિતિમાં આવી ગઈ. સંધાઈ ગઈ જાણે તે ફાટી જ ન હતી. છતાંય તેના સંધાયાની નિશાની રૂપ તિરાડ તો બાકી રહી, જે

સ્પષ્ટ દેખાતી હતી. જાણકારોના કહેવા પ્રમાણે આ તિરાડ આજે પણ તેવી જ રહી છે. જેને કદી સાંધી શકાતી જ નથી.

હઝરત અબ્બાસ કહે છે કે અમે આ મોઅજેઝો જોઈ આશ્ર્ચર્યમાં ગરકાવ થઈ ગયા, ડરી ગયા, ગભરાઈ ગયા કે આ શું બન્યું છે.

આ ઘટનાને ઓલમાએ શીયામાંથી ઘણાબધાએ વર્ણવી છે. હઝરત અબુ જઅફર તુસીએ અમાલીમાં, અલ્લામા મજલીશી (રહ.) એ બેહારુલ અનવારમાં, તથા એહલે સુન્નત આલિમોમાંથી અલ્લામા મીર સાલેહ કશફીએ મનાકીબમાં, મોલ્વી મોહંમદ મુબીને વસીલતુન્નજાતમાં વર્ણવી છે.

આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે આ કોઈ સામાન્ય પણે પેશ આવતી ઘટના નથી. બલ્કે આ અલ્લાહની ગયબી શક્તિનો જ કરીશ્મો છે. આ એક ઊઘાડો મોઅજઝો છે. જેને જોનારાઓ પણ ગભરાઈ ગયા.

હઝરત અલી (અલ.)ના જન્મ પછી પણ હઝરત ફાતેમા બિન્તે અસદ કાબાની અંદર જ રહ્યાં અને ચોથા દિવસે આ અલ્લાહના મોઅજેઝાને ગોદમાં લઈને બહાર આવ્યાં.

પેગંબરે ઈસ્લામ આ વાતની રાહ જોતા હતા કે પોતાના મોહસીન અને મુરબ્બી કાકાના ફરઝંદને

હાથમાં લઈને છાતીથી લગાવે. સૌ પ્રથમ આપ પૈગંબરે ઈસ્લામના પવિત્ર શરીરને અડયા. આ શિશુએ સૌ પ્રથમ નુબુવ્વતની ખુશબો સુંધી અને આંખો ખોલી. મા પછી જો કોઈ બીજા શરીરને અડ્યા તો પેગંબરે ઈસ્લામના શરીરને અને દુનિયામાં આવીને સૌ પ્રથમ કોઈનો મુબારક ચેહરો જોયો તો હઝરત મોહંમદ સલ્લેઅલ્લાહો અલયહે વસલ્લમનો.

રસૂલે ઈસ્લામે તરત જ પોતાની જીભ મુબારક આ શિશુના મોંમા આપી. જાણે વહીના પાણીથી ઈમામતના બગીચાને તર કર્યો. ઈલ્મે નુબુવ્વત પેગંબરનાં થુંકમાં ઓગળીને હઝરત અલી (અલ.)ની રકતવાહીનીઓમાં પ્રસરી ગયું. તરત જ પેગંબરે ઈસ્લામે ગવાહી આપી - ફરમાવ્યું :

"તેણે મને પ્રથમ દ્રષ્ટિ માટે ચૂંટી લીધો - પસંદ કર્યો, મેં તેને ઈલ્મના માટે ચૂંટી લીધો - પસંદ કર્યો.

હઝરત અલી (અલ.) ને કાબા સાથે કેટલાયે પ્રકારના લગાવ છે. તઅલ્લુક છે. સંબંધ છે. પેગંબરે ઈસ્લામે આપને કાબાની મિસાલ આપી કે જેમ લોકો કાબાથી મહબ્બત રાખે છે. તેમ અલીથી પણ મહબ્બત રાખશે. આપના જ બાપ-દાદાઓએ તેનું બાંધકામ કર્યું છે. હંમેશા કાબાનું રક્ષણ કરનાર વહીવટદાર રહ્યા તથા તેને શયતાની શકિતઓથી બચાવતા રહ્યા. હિસાન ઈબ્ને અબ્દ

કલાલે કાબાને તોડી નાખવા ઈચ્છયું. તો આપના જ દાદા ફહર ઈબ્ને માલિકે તેને હરાવીને ગીરફતાર કર્યો. અબ્રહા ઈબ્ને અશરમે હાથીઓના લશ્કર સાથે હુમલો કર્યો. તો અબ્દુલમુત્તલિબ કાબાના દરવાજા ઉપર અડગપણે ઊભા થઈ ગયા. અને બુત પરસ્તોએ જ્યારે તેને બુતખાનું બનાવ્યું તો આપના જ હાથોએ પેગંબરના ખભા ઉપર ઊંચા થઈને તેને પવિત્ર કર્યું. અને એક એક બુતને તોડી ફોડીને બહાર ફેંક્યો. અને આ જ કાબા આપનું જન્મ સ્થળ બન્યું. જેથી આપની વિલાદત કાબાની પવિત્રતાની પ્રસ્તાવના બની ગઈ.

આપને જન્મ સ્થળના કારણે પણ એક ખાસ મરતબો પ્રાપ્ત છે. વિશ્વવસ્તરે જેનો તવાફ થાય છે. એવું અમનવાળું ઘર. જેને ખલીલે ખુદાએ બનાવ્યું. એવું ઘર જે ઘરના તવાફ દિવસના ચોવીસ કલાક, વર્ષના ૩૬૦ દિવસો અને તે પણ વરસોવરસથી ઈન્સાનો કરી રહ્યા છે. કયામત સુધી કરતા રહેશે. એના બાંધકામથી - એલાને ઈબ્રાહીમથી લઈને આજદિન સુધી એક સેકન્ડ એવી નથી ગુજરી કે એની ચોતરફ લોકો અલ્લાહને યાદ કરતા કરતા ન ફરતા હોય. વૃદ્ધો, યુવાનો, બાળકો, સ્ત્રીઓ- પુરુષો તમામ આબાલવૃદ્ધો, આલીમો, ફાઝીલો, વિદ્વાનો, ઉચ્ચોચ્ચ ઈલ્મયાફતા લોકો. અરે સવા લાખ

નબીઓએ જે ઘરનો તવાફ કર્યો છે તે અલીનું જન્મ સ્થળ છે.

સમયના અનુસંધાનમાં પણ આપને તે મરતબો પ્રાપ્ત છે. જે કોઈને પ્રાપ્ત નથી. આપ માહે રજ્જબમાં પેદા થયા. જે હુરમતવાળા માહિનાઓમાંથી એક મહિનો છે. આ જ રજ્જબ મહિનાની સત્તાવીસમી તારીખે પેગંબરે ઈસ્લામ (સલ.)ની બઅસત થઈ. (બઅસત = નુબુવ્વતની જાહેરાત - તબ્લીગની શરૂઆત) અને ઈસ્લામની દઅવતની શરૂઆત થઈ. આ વિલાદત અને બઅસતના સમયની એકસૂત્રતા અલી ને ઈસ્લામની એકસૂત્રતાનું પ્રતિબિંબ છે. તેથી જ અલી (અલ.) ના કાર્યો ઈસ્લામનું પ્રતિબિંબ છે. અને ઈસ્લામની તઅલીમાત સીરતે અલી (અલ.) નું પ્રતિબિંબ છે. બંને એક સાથે પેગંબરની છત્રછાયા નીચે રહ્યા. બંને એકબીજાની અઝમત અને ઉન્નતિના રક્ષક છે.

# પ્રકરણ : ૩૨

# નામ, ઉપનામ અને કુન્નીયત

## (કુન્નીયત એટલે માતા અથવા પુત્રથી સંબંધ પ્રગટ કરવો)

હઝરત અબુતાલિબે પોતાના દાદા કસી ઈબ્ને કલાબના નામ પરથી આપનું નામ ઝયદ રાખ્યું અને ફાતેમા બિન્તે અસદે પોતાના બાપ અસદના નામ પરથી આપનું નામ હૈદર રાખ્યું. (અસદ અને હૈદર બંનેના અર્થ શેર થાય છે.) તેથી જ આપે જંગે ખયબરમાં મરહબના રજ્ઝના જવાબમાં ફરમાવ્યું હતું "હું તે છું કે મારી માએ મારું નામ હૈદર રાખ્યું છે" (રજ્ઝ એટલે જંગમાં પઢવામાં આવતા અશઆર) જ્યારે પેગંબરે ઈસ્લામે અલ્લાહના ઈશારાથી આપને અલી કહીને પોકાર્યા એક કથન આવું પણ છે કે હઝરત અબુતાલિબે જ આપનું નામ "અલી" રાખ્યું. તેના સમર્થનમાં આપનો આ શએર રજૂ કરવામાં આવે છે. આપે ફરમાવ્યું :

"મેં એમનું નામ અલી રાખ્યું છે. જેથી ઉચ્ચતા અને શ્રેષ્ઠતાની ઈઝ્ઝત હંમેશા એમના નામ સાથે જ રહે. અને ઈઝ્ઝત જ ફખર કરી શકાય એવી પૂંજી છે. જે હંમેશા બાકી રહે છે." "અલી" નામ પોતાની અંદર મોટાઈ અને ઉચ્ચતાનો ગુણ ધરાવે

છે. આ નામ ખરેખર ગુણીયલ સાબિત થયું. વિશ્વમાં હંમેશા ઉચ્ચ સ્થાને રહ્યા. જમીનની ફિઝાઓથી લઈ આસ્માનની બુલંદીયો સુધી આપનું નામ ગુંજતું રહ્યું. જો કે બનુ ઉમય્યાના હાકેમોએ આપના નામ અને કુનિયત ઉપર પાબંદી લગાવી હતી અને આ નામ ઉપર નાક-મોં ચઢાવતા હતા. તેથી અબુ નઈમ અસફહાનીએ હુલયતુલ અવલીયામાં લખ્યું છે કે :

"અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસના ફરઝંદનું નામ અલી હતું અને ઈબ્ને અબ્દુલ્લાહ ખલીફા અબ્દુલ મલીકની પાસે ગયા. તો તેણે કહ્યું કે હું તમારું આ નામ અને કુનીયત પસંદ નથી કરતો. તેમણે પોતાનું નામ તો ન બદલ્યું. પરંતુ કુનીયત અબુલ હસનની જગ્યાએ અબુ મોહંમદ રાખી લીધી."

બનુ ઉમય્યા અને બની અબ્બાસ બંને હાકિમોને અવલાદે નબીથી દુશ્મની હતી. સદીઓ સુધી આ બંને ખાનદાનના હાકોમોએ પોતાના ખાનદાનમાં કોઈનું નામ અલી ન રાખ્યું. પરંતુ આજે દુનિયામાં સૌથી વધુ અલીના નામ પર જ નામ રાખવામાં આવે છે. સદીયો સુધી આ નામથી હુકમરાનોએ નફરત રાખવા છતાં આ નામ ઈસ્લામના નામ સાથે જ દુનિયાના ખુણે ખૂણે પહોંચી ગયું. આ પણ એક અલ્લાહનો મોઅજેઝો છે.

આપના ઉપનામો, આપના અનેક પ્રકારનાં શ્રેષ્ઠ ગુણોના કારણે ઘણાબધાં છે. જેમાંથી મુરતઝા વસી અને અમીરૂલ મોઅમેનીન વિશ્વના ઈન્સાનોના મોં ઉપર છે. પ્રખ્યાત કુનીયત અબુલહસન અને અબુતુરાબ છે. પ્રથમ કુનીયત મોટા ફરઝંદ ઈમામ હસન (અલ.)ના નામ ઉપર અબુલહસન એટલે હસનના બાપ થાય છે. અરબો મોટાભાગે મોટા બેટાના નામ ઉપર જ કુનીયત રાખતા હતા. જેવી રીતે કે હઝરત અબુતાલિબની કુનીયત પોતાના મોટા બેટા તાલિબના નામ ઉપર અબુતાલિબ એટલે તાલિબના બાપ. જ્યારે આપના દાદા હઝરત અબ્દુલમુત્તલિબની કુનીયત પોતાના મોટા પુત્ર હારીસના નામ ઉપરથી અબુલહારિસ હતી.

આપની બીજી કુનીયત અબુતુરાબ પેગંબરે ઈસ્લામે પોતાના તરફથી પસંદ કરી હતી. સીરતે ઈબ્ને હિશ્શામમાં છે કે ગઝવએ અશીરાના મોકા ઉપર હઝરત અલી (અલ.) અને અમ્માર ઈબ્ને યાસીર બની મદલઝના એક ઝરણા તરફ ચાલ્યા. ત્યાં વૃક્ષોના છાંયડામાં એક નરમ અને સરખી જગ્યામાં સૂઈ ગયા. હજી સૂતા થોડીવાર થઈ હતી ને પેગંબરે ઈસ્લામ પણ ત્યાં પહોંચી ગયા. આપ (સલ.) એ હઝરત અલી (અલ)નું શરીર ધૂળમાં ભરેલું જોઈને ફરમાવ્યું :

"મા લકા યા અબા તુરાબ"

અય અબુ તુરાબ આ શું હાલત છે ?

ઈતિહાસકારોના મતાનુસાર તે જ દિવસથી આપની કુનીયત "અબુતુરાબ" પ્રચલિત થઈ.

અલ્લામા હલબીએ લખ્યું છે કે :

ગઝવએ અશીરામાં રસુલુલ્લાહ (સલ.) એ હઝરત અલી (અલ.) ની કુનીયત "અબુતુરાબ" રાખી જ્યારે કે રસૂલે ખુદાએ આપને તથા અમ્માર ઈબ્ને યાસીરને જમીન ઉપર આરામ કરતા જોયા, જેમાં હઝરત અલી (અલ.)નું બદન મુબારક ખાકઆલુદા - ધુળ ભરેલું હતું. સૌ પ્રથમ આ કુનીયત આપને જ મળી. તે અગાઉ કોઈની પણ આ કુનીયત ન હતી. હઝરત અલી (અલ.)ને પોતાની "અબુતુરાબ" કુનીયત ખૂબ જ પસંદ હતી. જેથી સહલ ઈબ્ને સઅદ કહે છે કે :

હઝરત અલી (અલ.)ને સૌ ઉપનામોમાંથી સૌથી વધુ ગમતું પોતાનું ઉપનામ "અબુતુરાબ" હતું. જો કે ઉપરોક્ત રીવાયત સહી બુખારીની છે.

(સહી બુખારી, ભાગ-૮, પેજ નં. ૬૩, પ્રકાશન ઈદારા એહલે સુન્નત દેવબંદ યુ. પી.)

# પ્રકરણ : ૩૩

## હુલીયા મુબારક – શકલ – સુરત

શરીરના અવયવો જોઈને વ્યક્તિના સ્વભાવ, આદતો, ગુણો વગેરેનું અનુમાન કરવું એ માનસશાસ્ત્રનો એક ભાગ છે. જે લગાતાર થતા પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવો ઉપર આધારીત હોય છે. આ જ્ઞાન દ્વારા આંખ, નાક, પેશાની, અને બીજા અવયવો જોઈને વ્યક્તિની આદતો, સ્વભાવ, કાર્યો વગેરે વિશે અનુમાન કરાય છે. આ જ્ઞાનના જાણકારો શરીરના અવયવોની લંબાઈ, પહોળાઈ, નાકનકશો, અને બોલચાલ વગેરે દ્વારા વ્યક્તિના વિષે ઘણીબધી માહિતી મેળવી લે છે.

આવા નિષ્ણાતોની દ્રષ્ટિએ માથા અને પેશાનીનું વિશાળ હોવું બુદ્ધિ, સમજ, તમીજનું વિશાળ હોવું માનવામાં આવે છે. હાથોનું લાંબા અને માંસલ હોવું મહાનતા અને પ્રભુત્ત્વના ગુણોનો નિર્દેશ છે. વાળનું સખત હોવું બહાદુરી બતાવે છે. જ્યારે મોટી આંખો તેજ બુદ્ધિની નિશાની ગણાય છે.

એનાથી ઉલટું ગરદનનું ટૂંકી હોવું ચાલાકી, દગો ફટકો અને કઠોરતાનું પ્રતિક ગણાય છે. પીડલીઓનું વધુ પડતું માંસલ હોવું મુર્ખપણાની નિશાની છે. નાની આંખોનુ અંદર ડુબેલા હોવું

બદમાશી, અને ખભાઓનું નાજૂક હોવું અકલની કમજોરી ગણાય છે. દાંતોમાં જગ્યાનું હોવું બદનની કમજોરી ગણાય છે. જો કે આ બધી વાતો એક અંદાજો અને ગુમાન માત્ર છે. જેને નિશ્ચિત કે ચોક્કસ કહી શકાય નહીં. ઘણા બધા માણસોના શરીરના રૂપરંગ, શકલ, સુરત વગેરેના અભ્યાસ પછી માનસશાસ્ત્રીઓ સમૂહ અર્થઘટનો કરતા હોય છે. જેમ કે વ્યક્તિના હેન્ડરાઈટીંગ જોઈને પણ તે વ્યક્તિના સ્વભાવ, તથા તેના વ્યક્તિત્વના અંદાજો કેટલાક લગાવે છે.

અમીરુલ મોઅમેનીન (અલ.)ની શકલ સુરત આ પ્રમાણે હતી. શરીર ભારે, મજબૂત, ઘઉંવણરૂિ પરંતુ ખૂલતા રંગે, ચેહરો મુબારક ઘણો જ યોગ્ય આકર્ષક અને ખુશહાલ હતો. ચહેરો નૂરાની, ચમકતો હતો. અંધારામાં આપનો ચેહરો મુબારક ચૌદમી રાતના ચંદ્ર જેવો લાગતો. જે વ્યક્તિએ પેગંબરે ઈસ્લામનો ચેહરો જોયો હોય તો તે વ્યક્તિ તરત જ બોલી ઊઠતો કે મને હઝરત અલી (અલ.)ના ચહેરામાં પેગંબરે ઈસ્લામના ચેહરાનું પ્રતિબિંબ દેખાય છે. પેશાની વિશાળ હતી.

ઈબ્ને અબ્બાસ કહે છે કે “મેં અલીની કોણીઓથી વિશેષ ખૂબસુરત કોઈની કોણીઓ નથી જોઈ.” માથા ઉપર સજદાની નિશાનીનો ઘેરાવો પડ્યો હતો. સુંદર યોગ્ય નાક, મોટી કાળી આંખો અને

તેમાં વિશ્વાસ અને હિંમતની ચમક દેખાતી. અબુ અલ હજાઝ કહે છે કે "મેં હઝરત અલી(અલ.)ની આંખોમાં સુરમો લગાવેલો પણ જોયો છે. ભવાં કુદરતી એવાં કે જાણે સરખા તરાસેલાં હોય, લાંબી પલકો, દાંત મુબારક એટલા સુંદર કે જાણે દાડમના દાણા - સાફ સફેદ.

ઝરાર ઈબ્ને ઝમર કનાની કહે છે કે અમો જો હઝરત અલીની સમક્ષ બેઠા હોય તો એમ ઈચ્છતા કે હઝરત મુશ્કુરાય તો કેવું સારું. આપની મુશ્કુરાહટ અમારા દીલોને ખુશ કરી દેતી. મુશ્કુરાહટ વખતે જાણે મોતીની બે માળાઓ ચમકતી દેખાતી."

આપની ગરદન ઊંચી, પતલી અને એવી કે જાણે શુરાહી હોય. છાતી વિશાળ અને મજબૂત, છાતી ઉપર વાળ પણ હતા. હાથોના મસલ્સ તાકતવર, ખભા ભરેલા, હાથની કલાઈઓ પણ મજબૂત, કલાઈઓ અને બાઝૂ઼ુઓમાં (કાંડાઓ) સાંધો ન દેખાતો. બંને ખભાઓના હાડકાં પહોળાં અને મજબૂત, હથેળી સખત, પીંડલીઓ ન તો પાતળી ન તો ઘણી ભરેલી માંસલ, દરમ્યાની. પેટ ન બહાર ન અંદર. વાળ મુબારક ભરાવદાર અને થોડાક લાંબા. ખુદ (લોખંડની ટોપી)ના વધુ પડતા ઉપયોગથી માથાના આગળના વાળ થોડાક ઘસાઈ ગયા હતા.

આપ દરમ્યાન કદ હતા. ન વધુ ઊંચાઈ ન ઓછી ઊંચાઈ. હઝરત સ્વયં ફરમાવતા કે “અલ્લાહતઆલાએ મને એવું યોગ્ય શરીર આપ્યું છે કે જો મારો દુશ્મન ઓછી લંબાઈનો હોય છે તો તેના માથા ઉપર વાર કરું છું. અને જો તે વધુ લાંબો હોય છે તો તેના વચ્ચેથી બે ટૂકડા કરી નાખું છું. પહાડી, મજબૂત, છતાંય કર્ણપ્રિય અવાજ, ચાલ પેગંબરની ચાલ જેવી જ. વિશ્વાસથી કદમ ઊઠાવતા. જ્યારે મેદાને જંગમાં દુશ્મન તરફ કદમ ઊઠાવતા તો ઝડપથી કદમ ઊઠાવતા, ત્યારે આંખોમાં લાલાશ આવી જતી.

# પ્રકરણ : ૩૪

## અખ્લાક અને આદતો

અમીરૂલ મોઅમેનીન હસમુખા સ્વભાવના હતા. હંમેશા પ્રફૂલ્લિત મિજાજમાં રહેતા. નિ:સ્વાર્થ અને લિલ્લાહીયત આપના દરેક કામમાં દેખાતી. ગરીબો માટે હમદર્દી અને યતીમો - અનાથો માટે પ્રેમ આપની વાતચીતમાં દેખાતો. આપ અખ્લાકે પેગંબરનો સંપુર્ણ નમૂનો હતા. નફસમાં નફસે રસૂલ, રુહમાં રૂહે રસૂલ, વ્યવહારમાં જિસ્મમાં જિસ્મે રસૂલ. ચાલમાં રસૂલની ચાલ, મતલબ આપની દરેક ક્રિયામાં દરેક વ્યવહારમાં પેગંબરે ઈસ્લામનું પ્રતિબિંબ હતું. એક સહાબીએ વર્ષો પછી હઝરત અલી પાછળ નમાઝ પઢી તો કહ્યું કે "ખુદાની કસમ આજે મને એમ લાગ્યું કે જાણે હું રસૂલ પાછળ નમાઝ પઢી રહ્યો છું. મતલબ તે સહાબીને નમાઝની હાલતમાં અમીરુલ મોઅમેનની પાછળ છું એવું ભાન ન રહ્યું કે રસૂલ પડદે થઈ ગયા છે. અને પોતે અમીરૂલ મોઅમેનીન પાછળ નમાઝ અદા ફરમાવે છે, વિચારો ! કે જેમને ખુદાએ નફસે રસૂલ કહ્યા, રસૂલનો આત્મા કહ્યા, રસૂલના વશી, વજીર અને ઉત્તરાધિકારી કહ્યા. તે વ્યક્તિ રસૂલથી કેવી રીતે જુદો પડી શકે છે ?

ગુલામો સાથે સગાંવહાલાં જેવો વર્તાવ કરતા. મજૂરોને વજન ઉઠાવવામાં મદદ કરતા. આત્મપ્રશંસા અને દેખાવથી નફરત કરતા. સાદગીથી જીવન વ્યતીત કરતા. સામાન્ય પ્રજાજનોની જેમ મામૂલી ખોરાક ખાતા. તેમના જેવો જ સામાન્ય સસ્તો પોશાક પહેરતા. મોટા ભાગે પોતાના દરેક કામો જાતે જ કરવા ઈચ્છતા. પોતાના કામ માટે એકદમ ઝડપથી ઊભા થઈ જતા. સુસ્તી તો આપના સ્વભાવમાં હતી જ નહીં. જાતે જ બધું કામ કરવું એવી ઈચ્છા અને ટેવ હોવા છતાં કોઈ નેક વ્યક્તિ ખૂબ જ પ્રેમથી, બરકત હાસિલ કરવા, કોઈ કામ કરવા ઈચ્છતો તો આપ તેને નિરાશ ન કરતા, ઝટકીને ના ન પાડતા. પોતાના માટે કોઈથી કદી બદલો ન લેતા, મતલબ અગર પોતાને કોઈ ગાળ પણ દે, બુરુ ભલું કહે તો પણ સહન કરી લેતા. પરંતુ ઈસ્લામના મામલામાં રસૂલની રીસાલતના મામલામાં, અલ્લાહની વહદાનીયતના મામલામાં, અન્ય કોઈને થતી નાઈન્સાફીના મામલામાં, કોઈની પરવા ન કરતા. ઈસ્લામ કે અલ્લાહ - રસૂલના અપમાનને કદી સહન ન કરતા.

પોતાના જોડા જાતે જ સાફ કરતા, કપડામાં થીગડું જાતે જ લગાવતા. બજારમાંથી શાકભાજી જાતે જ ખરીદી લાવતા. ખેતીવાડીના કામોમાં પણ

દીલચસ્પી લેતા. એક મજદૂરની જેમ જ ખેતીનું કામ કરતા. પોતાના હાથો વડે આપે સ્વયં કૂવા ખોદેલા છે. ઝાડ રોપેલાં છે. માલ એકત્ર કરીને સાચવી રાખવાની બિલકુલ આદત ન હતી. આપની પાસે જે માલ આવતો, થોડીક જ વારમાં ગરીબો અને નાદારોમાં વહેંચી દેતા.

કાળા ગોરાનો ભેદ વંશ-નસલ કે કબીલાવાદને પસંદ ન કરતા. બલ્કે જો કોઈ ઈન્સાનોમાં આવો રંગભેદ, જાતિભેદ કે રાષ્ટ્રવાદ આપને દેખાય તો ખૂબ જ સખ્તીથી તેને દાબી દેતા. ફરમાવતા કે અલ્લાહના નજીક સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ તે છે કે વધુ પરહેઝગાર છે. ગરીબોથી ખૂબ જ મહબ્બત રાખતા. ગરીબ પરહેઝગારો સાથે ખૂબ ઘનિષ્ટ સંબંધો રાખતા. આપના દોસ્તદાર સહાબાઓને જોઈ લો, અમ્માર બિન યાસીર, અબુઝર ગિફારી, મિકદાદ, હઝર બિન અદી, કોમેલ અને કમ્બર બધા જ માલથી ખાલી દેખાશે.

આપની પાસે કોઈ હાજતમંદ આવે તો ખૂબ જ શાંતિથી તેની વાત સાંભળતા. તેનું કામ કરી આપતા. મેહમાનોને ઘણી જ ઈજ્જતથી રાખતા. કોઈ માગનારને ખાલી હાથે પાછો ન કાઢતા. કંઈક થોડુંક પણ આપી દેતા.

આપની સમક્ષ કુર્આન પઢવામાં આવે, અથવા આપ કોઈથી કુર્આન સાંભળે તો તરત જ

આંખોમાંથી આંસુ ચાલુ થઈ જતા, રડતા. કીનો કપટ અને નફરતના  જઝબાતને પાસે પણ ન આવવા દેતા. આપણને આશ્ચર્ય થાય ત્યાં સુધી દરગુજરથી કામ લેતા. દીની મઆમલાતમાં સખ્તી વર્તતા, અદલો ઈન્સાફમાં કોઈની પરવા ન કરતા. દુશ્મનના મુકાબલા માટે ધોકાબોં કે દાવપેચથી કામ ન લેતા. રાતનો ઘણો ભાગ અલ્લાહની ઈબાદત મુનાજાતમાં ગુજારતા. નવાફિલ પઢવાનો આપનો શોખ ભલભલા નવયુવાનોને થકવી દેતો, જેઓ આપની પાછળ નવાફિલ પડતા.

સવારની નમાઝ પછી ઝીક્રો વઝાઈફથી પરવારી મસ્જિદમાં લોકોને કુર્આન ફિકહની તાલીમ આપતા. એકલા પડતા તો ખોફેખુદાથી રડતા, ચેહરા મુબારક ઉપર આંસુ લોકો જોઈ શકતા. જો કોઈ આવી જાય તો તરત આંસુ પોછી લેતા. આવનાર વ્યક્તિની હાજત પૂછતા. જો કોઈ કમજોર -  કમહિંમત વ્યક્તિ કોઈ જાલીમની ફરીયાદ કરતાં ડરતો તો આપ ફરમાવતા, “ડર નહિ, તમારા દરેક કમજોરનો હું મદદગાર છું.”

એક વખત ઝરાર ઈબ્ને ઝમરાહ સબાઈ મઆવીયા પાસે આવ્યા. મઆવીયાએ કહ્યું કે “તમને તો અલીની સોબત તથા તેમને નજીકથી જોવાનો મોકો મળ્યો છે, તેમના વિશે વર્ણન કરો. ઝરાર જાણતા હતા કે મઆવીયા અલીનો દુશ્મન છે.

તેથી વારંવાર ઈન્કાર કરતા રહ્યા. છતાંય મઆવીયાના વારંવારના અનુરોધ ઉપર કહ્યું : “ખુદાની કસમ ! આપના ઈરાદાઓ બુલંદ અને આપની વાણીછટા મજબૂત છે. નિણર્યિક વાત કરે છે. અદ્લો ઈન્સાફની સાથે હુકમ આપે છે. તેમના વાણી, વર્તન, હાવભાવ, ચાલચલન વગેરે દરેક કાર્યોમાંથી ઈલ્મના ઝરણા ફૂટે છે. આપના કલામમાંથી હિકમત ટપકે છે. દુનિયા અને તેની રોનકથી આપને નફરત છે. રાત અને તેનો અંધકાર અલ્લાહની યાદમાં ગુજારે છે. આપની આંખમાંથી ટપોટપ આંસુ પડે છે. હંમેશાં યાદે ઈલાહીમાં ડુબેલા દેખાય છે. લીબાશ સાદો જ પસંદ કરે છે. ખાવાનું મામૂલી લુખ્ખું સૂકકું ખાઈ લે છે. તેઓ અમારી અંદર એક સામાન્ય માણસની જેમ રહે છે. અમે કંઈ પૂછીએ તો તરત જ ઉત્તર આપે છે : અલ્લાહની કસમ ! આપથી આટલી નઝદીકી હોવા છતાં આપના દ્બદ્બા અને પ્રભાવની સામે અમારી કંઈપણ બોલવાની હિંમત નથી થતી. દીનદારોને માન આપે છે. ગરીબોને પાસે બેસાડે છે. કોઈ શક્તિશાળીની હિંમત નથી કે પોતાની અવરચંડાઈના કાર્યો માટે આપથી હમદર્દી મેળવે. કમજોર લોકોને આપથી ઈન્સાફ માટે કદી માયુસી નથી થતી. આપની પાસે સાચી ફરીયાદ લઈને આવનાર આપથી ખુશ થઈને જાય છે. કોઈ

મઝલૂમ દૂર દરાજની ફરીયાદ લઈને આપની પાસે આવે છે તે એમ સમજે છે કે પોતે મહેરબાન બાપના ખોળામાં જાણે કોઈ બાળક આવી ગયો. કોઈ શકિતશાળી માની પાસે નાનું બચ્ચું જેમ પોતાની હિફાઝત અનુભવે છે એમ મઝલૂમો આપની સમક્ષ સલામતિ અનુભવે છે. આવનારને તેનો હક ઉપરાંત પોતાની જગ્યાએથી આવવાં-જવાનો ખર્ચ પણ અપાવે છે.

“ખુદાની કસમ ! તે જ સાક્ષી છે કે મેં કેટલીક જગ્યાએ રાતના પાછલા ભાગમાં આપને એવી રીતે રડતા જોયા કે આપ ખુદાની સામે પોતાના વાળ હાથો વડે પકડીને એવી તડપથી આજીજી કરતા કે જેવો કોઈ વ્યકિત માર પડવાથી તડપતો હોય. આજીજી કરતો હોય. એવી રીતે રડતા, જેવી રીતે કોઈ ગમઝદહ રડતો. એક રાતના આપ દુનિયાને કહી રહ્યા હતા “અય દુનિયા. જા કોઈ બીજાને ધોખો દે, શું મારી સમક્ષ આવે છે ? શું મારી ઉપર આશિક થવા જાય છે ? આ કેવી રીતે શકય છે કે હું તો તને ત્રણ વખત તલાક આપી ચુકયો છું. હવે પછી તો રૂજૂઅની (ફરીથી જોડાવાની) કોઈ શકયતા જ નથી. તારી ઉંમર થોડા દિવસની છે. તારું મહત્ત્વ મારી દ્રષ્ટિમાં કંઈ જ નથી. અફસોસ ! સફરનો સામાન થોડો છે, સફર દુર દરાઝનો છે અને રસ્તો ભયાનક છે.”

આ તે આવાજે હક હતી જે અમીરે શામ જેવા આપના જાની દુશ્મનના દરબારમાં બુલંદ થઈ, જયાં હુકુમત માટે ઈમાન વેચનારા - દવલતના પુજારીઓ એકત્ર થઈ બેઠા હતા. પરંતુ કોઈની પણ જીભ વાતને રદ કરવા માટે ન ખૂલી શકી. બલ્કે ઈતિહાસ સાક્ષી છે કે ઝરાર બિન ઝમરાહની ઉપરોક્ત વાત સાંભળી લોકો ચીખો પાડીને રડવા લાગ્યા. જેથી મઆવીયા જેવા મક્કારની આંખોમાં પણ આંસુ આવ્યાં. આ છે આપની સીરત અને આપનો અમલ જેના વર્ણન માત્રથી બીજાઓના દીલો પણ નરમ પડી જતાં. હસાહસની મેહફીલોનો રંગ બદલાઈ જતો.

અમીરૂલ મોઅમેનીન પ્રતાપ અને પ્રભાવ રહમ અને કરમના ગુણોનો એક એવો નમૂનો હતા કે આપ પહાડ જેવા સખત અને ઉડતા વાદળો જેવા નરમ હતા.

હઝરતના એક સહાબી સઅસાઅ ઈબ્ને સુહાન અબદી કહે છે કે :

“અમીરુલ મોઅમેનીન અમારામાં એક સામાન્ય વ્યકિતની જેમ રહેતા. હસતા, બોલતા, વાતચીત કરતા, નરમ પ્રકૃતિના હોવા છતાં અમે આપની સામે એવા ડરતા કે જાણે કોઈ કૈદી જેના માથા ઉપર જલ્લાદ તલવાર લઈને ઊભો હોય.”

હઝરતના આવા પ્રતાપ અને પ્રેમાળ સ્વભાવને કારણે મુલ્લા અલી આઝર બાઈજાનીએ શું બહેતર વાત લખી છે :

"દુશ્મનને લલકારીને તેના ઉપર હુમલો કરતા તો અલ્લાહના સિંહ અને બખ્શીસ તથા એહસાન કરતા તો યતીમોના બાપ નજરે પડતા."

જે બે વ્યક્તિઓ ઉપર દુનિયાની બધી જ વિલાયતો ખતમ થઈ જતી હોય તે અલી - ફાતેમાના ગુણોનું આ નાપાક હાથો શું વર્ણન કરી શકે ? સમગ્ર વિશ્વની વિલાયતોમાનો નાનામાં નાનો ચિરાગ પણ તે જ પાવરહાઉસમાંથી રોશની મેળવે છે, જ્યાંથી ઉલૂમઅઝમ અંબિયાઓ, રસૂલો, સહાબાઓ, અવલીયાઓ, અબ્દાલો, આફતાબો અને કુતુબુલ અફતાબો રોશની મેળવે છે. તે અલી - ફાતેમાનો દરવાજો છે. આ દરવાજેથી જે લોકોએ મોં ફેરવ્યું તેઓ ભરપુર દીની અમલો સાથે પણ બદનસીબીની ઠોકરો ખાતા રહેશે. તેઓના નેક અમલો તેમને ન દુનિયામાં કામ આવશે ન આખેરતમાં. દુનિયામાં પણ ઝલીલ અને આખેરતમાં પણ ઝલીલ રહેશે.

# પ્રકરણ : ૩૫

## પોશાક – લીબાસ

અમીરૂલ મોઅમેનીન સીધો - સાદો અને જલ્દી સિવાઈ જાય એવો મામૂલી લીબાસ પહેરતા. અરબસ્તાનમાં તે સમયના સામાન્ય લોકો જે કિંમતના કપડાં પહેરી શકતા, તે જ કિંમતના કપડાં આપ પણ પહેરતા. કેટલીક વખ્ત તેનાથી પણ કમ કિંમતનો લિબાસ પહેરતા. જેવો તદ્દન ગરીબ લોકો પહેરતા હતા. આપ ફરમાવતા કે લિબાશ શરીર ઢાંકવા માટે છે, ન કે દેખાવ માટે. તેથી તેમાં કોઈ વિશેષતા ન રાખતા. ન ગરમી ઠંડીનો ખ્યાલ રાખતા. આ વિલાયતના સમંદરને અલ્લાહે એટલી ખૂબસુરતી પોતાના તરફથી જ આપી હતી કે પોશાક તેમાં વધારો કરી શકતો ન હતો. મુજાહિદ હતા, સૈનિક હતા, સિપેહ સાલાર હતા. શરદીનો લીબાસ ગરમીમાં પણ અને કદીક ગરમીનો લિબાસ શરદીમાં પણ પહેરી લેતા.

જો પોશાકમાં થીગડું લગાવવું પડતું તો કાપડ જલ્દી ન મળે તો પાતળું ચામડું પણ લગાવી દેતા. જરા પણ આ બાબત ચેહરા ઉપર અસર ન થતી. એક વખ્ત હઝરતે એવો કુરતો પહેર્યો કે તેમાં અનેક જગ્યાએ થીંગડાં હતાં. કેટલાક નજદીકી માણસોએ આપને આ બાબત પૂછા કરી તો

ફરમાવ્યું "આવો લિબાસ પહેરવાથી દીલમાં આજીજી અને નમ્રતા પેદા થાય છે. બીજુ એહલે ઈમાન મને આ લિબાસમાં જોશે તો સાદગીમાં મારી પેરવી કરશે. ગરીબો મને જોશે તો તેઓમાં લઘુતાગ્રંથીનો જે ભાવ પેદા થતો હશે તે દૂર થઈ જશે.

મસઉદીએ લખ્યું છે કે જાહેરી ખિલાફત મળ્યા પછી આપે કદીપણ નવાં કપડાં નથી પહેર્યાં. સામાન્ય લિબાસ તેહબંદ, કુરતો અને ચાદર હતાં. માથા ઉપર અમામો વધુ પસંદ કરતા હતા. ફરમાવતા : "અમામો અરબોનો તાજ છે."

નીચે કેટલાક લોકોના વર્ણનો જુદી જુદી કિતાબોમાંથી વર્ણવીએ છીએ. જેનાથી એવો ખ્યાલ આવે છે કે આપના શરીર મુબારક ઉપર જુદા જુદા સમયે જુદો જુદો લિબાસ હતો. આપને જે આસાનાથી મળતું પહેરી લેતા હતા. મુજાહિદ તેનું જ નામ કહેવાય.

જાબીર મોલી જઅફી કહે છે કે "મેં અમીરુલ મોઅમેનીનના માથા ઉપર કાળા રંગનો અમામો જોયો. તેનો એક છેડો છાતી ઉપર પડેલો હતો અને બીજો છેડો પીઠ ઉપર લટકી રહ્યો હતો.

અમરૂ ઈબ્ને મરવાન કહે છે કે મને મારા વાલીદે વર્ણવ્યું છે કે "મેં હઝરતને જોયા, આપના માથા

ઉપર કાળો અમામો હતો. જેનો છેડો બંને ખભાની વચ્ચે પીઠ ઉપર પડેલો હતો.
યઝીદ ઈબ્ને હારીશ ફઝારી કહે છે કે મેં હઝરતને જોયા., આપના માથા ઉપર એક સફેદ મીસરી ટોપી મુકેલી હતી."
અબુહયાન કહે છે કે "મેં હઝરતના માથા ઉપર બારીક કપડાંની ટોપી જોઈ."
ઐયુબ ઈબ્ને દીનાર કહે છે કે મારા વાલીદ કહ્યા કરતા હતા કે "મેં હઝરત અલી (અલ.)ને જોયા, આપ તેહબંદ (લુંગી) બાંધતા હતા અને એક ચાદર ખભા ઉપર નાખેલી રાખતા. એક વખત તો મેં જોયું કે આપે નઝરાનની ધારીદાર બે સુંદર ચાદરો ઓઢેલી હતી.
અબજર ઈબ્ને હરમુઝ કહે છે કે મારા વાલીદે અમીરુલ મોઅમેનીનને મસ્જિદે કૂફાની બહાર નીકળતા જોયા, આપે તેહબંદ બાંધેલી હતી અને એક ચાદર ઓઢેલી હતી. તે સમયમાં ગરમીની સીજનમાં લગભગ આવો જ પોશાક હતો. તેથી જ ગદીરે ખૂમના મોકા ઉપર રસૂલેખુદાએ હઝરત અલી (અલ.)ને પોતાના હાથ વડે ઊંચા કયર્િ તો રીવાયતમાં છે કે એટલા ઊંચા કર્યા કે પેગંબર (સલ.)ની બગલની સુફેદી જાહેર થઈ ગઈ. તેનું કારણ પણ આ જ હતું કે પેગંબરે ઈસ્લામે ચાદર ઓઢેલી હતી, તે ચાદર હઝરત અલીને ઉઠાવતી

વખતે સરકી ગઈ, જેથી બગલ મુબારકની સફેદી જાહેર થઈ.

નૌફ બકાલી કહે છે કે "મેં હઝરતને જોયા કે આપના શરીર મુબારક ઉપર એક પહેરણ હતું અને પગોમાં ખજૂરની છાલના જોડા હતા.

ઈબ્ને અબ્બાસ કહે છે કે "મેં હઝરતના પગમાં એક ફાટેલો જૂનો જોડો જોયો. જેને આપ સાંધી રહ્યા હતા.

અતા અબી મોહંમદ કહે છે કે "મેં આપના શરીર મુબારક ઉપર જાડા કપડાનો ઝભ્ભો જોયો.

અબ્દુલ્લાહ ઈબ્ને અબી હઝીલ કહે છે કે "મે આપના શરીર મુબારક ઉપર જાડા કપડાનો લાંબી બાંયોવાળો ઝભ્ભો જોયો. જો આપ બાંયોને છોડી દેત તો આંગળીઓના ટેરવા સુધી હાથ ઢંકાઈ જાત.

અબ્દુલ ઝબ્બાર  ઈબ્ને મુગીરહ કહે છે કે "મને ઉમ્મે કશીરાએ વર્ણન કર્યું કે "મેં હઝરતને જોયા. આપની લૂંગી જાડા કપડાની હતી. જે ઘણે ઉચી બાંધી હતી. મોટા જાડા કપડાંના કુરતા ઉપર એક ચાદર ઓઢેલી હતી."

અબુ અલાઅ મુલી અસલમ કહે છે કે "મેં જોયું કે હઝરતે નાફની ઉપર તેહબંદ બાંધેલી છે."

અબુ મલીકા કહે છે કે "હું એક વખત હઝરતની સેવામાં હાજર થયો. મેં જોયું કે આપે અબાને

લૂંગીની જેમ જ બાંધેલી છે અને તેના ઉપર દોરડી બાંધેલી હતી."

કદામાં ઈબ્ને અતાર કહે છે કે "મેં હઝરતને જોયા સફેદ ઊની ઝભ્ભો પહેર્યો છે અન ેકતરની લાલ ધારીવાળી બે ચાદરો ઓઢેલી હતી અને માથા ઉપર બારીક - પાતળા કપડાનો અમામો બાંધેલો હતો.

અબુ ઝબીયાન કહે છે કે મેં હઝરતને જોયા કે આપે પીળાશ પડતા રંગની તેહબંદ બાંધી હતી. ધારીઓ ઉપર સુંદર ભરતકામ કરેલી કાળી કમલી ઓઢી હતી.

ઝૈદ ઈબ્ને વહબ કહે છે કે મેં જોયું કે હઝરત ઘરમાંથી બહાર નીકળ્યા અને તેમની તેહબંદમાં ઠેકઠેકાણે થીંગડા મારેલાં હતાં.

મોહંમદ ઈબ્ને અબ્દુર્રહમાન કહે છે કે :

હઝરત અલી (અલ.) જમણા હાથમાં અંગૂઠી પહેરતા હતા. (કીફાયતુત તાલીબ, પેજ નં. ૨૫)

અંગૂઠીનો નગીનો કદીક યાકુત, કદીક ફિરોઝા, કદીક હદીદે ચીની અને કદીક અકીકનો રહેતો. તેના ઉપર હાથ મુબારકમાં સોટી કે ચાબૂક રાખતા, જ્યારે ખૂત્બો આપતી વખતે તીર કમાન કે તલવાર પર ટેક લગાવતા.

અંગૂઠી પહેરવી મસ્નૂન અને મુસ્તહબ છે. પેગંબરે ઈસ્લામ જમણા હાથમાં અંગૂઠી પહેરતા હતા જેથી ઈબ્ને અસીર જઝરીએ લખ્યું છે કે :

આપ (સલ.) જમણા હાથમાં અંગૂઠી પહેરતા હતા. (જામેઉલ ઉસૂલ ભાગ - ૪ પેજ નં. ૪૦૬)

હઝરત આયશા ફરમાવે છે કે :

"પેગંબરે ખુદા (સલ.) જમણા હાથમાં અંગૂઠી પહેરતા હતા અને જ્યારે દુનિયાથી પરદે થયા તો તે સમયે પણ આપના જમણા હાથમાં અંગૂઠી હતી. (મુસ્તદરક ભાગ - ૨ પેજ નં. ૨૭)

મઆવીયાએ પેગંબરે ઈસ્લામના આ તરીકાને બદલી નાખ્યો, તેણે જમણા હાથની જગ્યાએ ડાબા હાથે અંગૂઠી પહેરવાનું શરૂ કર્યું. જેથી મુસ્તતદરકના કર્તા લખે છે કે :

સલામીનું વર્ણન છે કે પેગંબરે ઈસ્લામ (સલ.) અને આપના પછીના ખલીફાઓ જમણા હાથમાં અંગૂઠી પહેરતા હતા. મઆવીયાએ ડાબા હાથમાં અંગૂઠી પહેરવાનું શરૂ કર્યું. પછી તો ઉમવીઓમાં આ રીવાજ શરૂ થઈ ગયો. અને ડાબા હાથમાં અંગૂઠી પહેરવી ઉમવીઓની ઓળખ બની ગઈ. (મુસ્તદરક ભાગ - ૨, પેજ નં. ૨૮)

## પ્રકરણ : ૩૬

# ખાવું અને ખાવાના આદાબ

પોશાકની જેમ જ આપનું ખાવાનું પણ લુખ્ખું, સુક્કું, ફીક્કું અને બિલકુલ સાદું રહેતું. મોટે ભાગે જવના છર્યા વગરના આટાની રોટલીઓ. નમક, ખજૂર, સરકો કે અન્ય કોઈ ચીજની સાથે ખાઈ લેતા. કોઈ વખત ફક્ત સત્તુ* ફાકીને પાણી પી લેતા. કદીક રોટી સાથે દૂધથી પણ ચલાવી લેતા. ગોશ્તનો ઉપયોગ ઘણો જ ઓછો કરતા. ઈબ્ને અબીલ હદીદ લખે છે કે :

રોટી સાથે કોઈ પણ ચીજ શાક તરીકે ઉપયોગ કરતા તો તે સરકો હોય અથવા નમક. એનાથી આગળ વધીને કોઈ સબજી. જો એનાથી આગળ વધતા તો થોડુંક ઊંટણીનું દૂધ. ગોશ્ત ઘણું જ ઓછું ખાતા હતા. ફરમાવ્યા કરતા હતા કે પોતાના પેટોને જાનવરોનું કબ્રસ્તાન ન બનાવો. (મુકદ્દમા શરહ નહ્જુલ બલગાહ)

ઈમામ મોહંમદ બાકીર (અલ.) ફરમાવે છે કે અમીરુલ મોઅમેનીન મહેમાનોને ગોશ્ત અને રોટી પીરસતા. પરંતુ પોતે જવની રોટલી સરકો કે ઝયતુનના તેલ સાથે ખાઈ લેતા.

હઝરત રોટલીના સૂકા ટૂકડા અને એક સત્તુ થેલીમાં બાંધી રાખતા. તેને સીલ કરી દેતા હતા.

સીલ એટલા માટે કરતા કે કોઈ રોટલી ઉપર ઘી કે માખણ લગાવી (ભેળવી) ન દે.

કેટલાક લોકોએ કહ્યું કે "આપ ઈરાક જેવી જમીન ઉપર રહેતાં આમ કરો છો ? જ્યારે કે અહીં અનાજની કોઈ તંગી નથી."

ફરમાવ્યું કે "હું તંગીના કારણે આમ નથી કરતો. બલ્કે મને આ પસંદ નથી હું તે વસ્તુથી પેટ ભરૂં જે મને પસંદ નથી." (તારીખે કામીલ)

અમર ઈબ્ને હસીસ કહે છે કે એક દિવસ બપોરના વખતે મને હઝરતની સેવામાં આવવાનો મોકો મળ્યો. મેં જોયું કે એક સીલ મારેલી થેલી આપની સામે રાખેલી છે. આપે તેમાંથી સૂકી રોટલીના ટૂકડા કાઢયા. તેને પાણીમાં ભીજવ્યા. પછી તેના ઉપર બારીક નમકનો છંટકાવ કરી ખાવા લાગ્યા.

મેં રોટલીના ટૂકડા જોઈને ફીઝ્ઝાને કહ્યું "તમારાથી એટલું પણ નથી બનતું કે ગુંદતા પહેલાં આટો ચાળીને ચારણ અલગ કરી લો. જેથી રોટલી નરમ બને. ફીઝ્ઝાએ કહ્યું "મેં એક વખત આટો ચાળ્યો હતો. પરંતુ હઝરતે મને આમ કરવાથી મના કર્યું છે. મેં તો વળી એક વખત થેલીમાં રોટલીના ટૂકડાઓ સાથે ખાવાની બીજી કેટલીક વસ્તુઓ પણ મૂકી દીધી હતી. પરંતુ હઝરતે તો થેલી ઉપર જ મહોર લગાવી દીધી, જેથી હું આવું કંઈપણ કરી શકું નહિ."

અદી ઈબ્ને હાતીમ કહે છે કે “એક વખત મેં જોયું હઝરતની સમક્ષ જવની રોટલીના સૂકા ટૂકડા અને નમક પડેલું છે. સાથે એક બદનો પાણી પણ ભરેલું છે. મેં વિનંતી કરી કે આપ આખો દિવસ જેહાદમાં મશગુલ રહો છો અને રાતો ઈબાદતમાં ગુજારો છો, આવી મેહનતનું કામ કર્યા પછી આવું ખાવાનું ખાઓ છો ?”

હઝરતે મારી તરફ જોઈને ફરમાવ્યું :

“અય અદી ! નફસને મેહનતો-શ્રમનો આદી બનાવવો જોઈએ. જેથી તે અવજ્ઞાકારી ન બને. તેનામાં અહંકાર-ઘમંડ ન આવે, તે વિદ્રોહી અને બાગી ન બની જાય.” પછી આપે આ શઅેર પઢ્યો:

“પોતાના નફસને થોડા પર રોં રહેવાની આદત પાડો, સંતોષી અને સબર કરવાવાળો બનાવો. નહીં તો તે જરૂરતથી વધારે પ્રાપ્ત કરવાનો લાલચી બની જશે.”

સોવેદ ઈબ્ને ગફલહ કહે છે કે “હું એક વખત હઝરતની સેવામાં હાજર થયો. જોયું તો આપની સમક્ષ ખાટા દહીંનુ એક પ્યાલું પડેલું છે અને હાથમાં જવની ફક્ત એક રોટલી છે. તે રોટલી ઉપર જવના છોતરાં ચમકી રહ્યાં છે. (મતલબ વગર ચાળેલા લોટની રોટલી છે) આપ આ

રોટલીને કદીક હાથથી, કદીક ગુંઠણ ઉપર મૂકીને તોડતા હતા.

એક વખત ઈદના મોકા ઉપર હાજર થયો તો જોયું કે આપની સામે દસ્તરખાન બિછાયેલુ છે. તેના ઉપર રોટી અને ખતીફ& રાખેલું છે. મેં વિનંતી કરી “હઝરત ! આપ ઈદના દિવસે પણ આવાનું ખાવું ખાઓ છો ? હઝરતે ફરમાવ્યું “ઈદ તેની છે જેને અલ્લાહે બખ્શી દીધો હોય."

હઝરત એક વખતમાં કદી બે પ્રકારની વાનગીઓ ખાતા ન હતા. જો કદીક કોઈ સમયે જુદી જુદી વાનગીઓ આપની સમક્ષ પેશ કરવામાં આવતી તો તે વાનગીઓને એકબીજામાં ભેળવી દેતા-એકત્ર કરી દેતા.

એક વખત ઈદના દિવસે જાતજાતની કેટલીક વાનગીઓ આપની સામે આવી ગઈ. આપે તે વાનગીઓને એકબીજામાં ભેળવીને એક વાનગી બનાવી, તેને ખાઈ લીધી. (વાનગી પેશ કરનાર બધા જ સાથીઓ - દોસ્તો કે ઘરના ફરઝંદો ગમે તે હોય. બધાને રાજી કરી દીધા. બધાનું ભેગું કરીને ખાઈ લીધું)

એક વખત આપની સમક્ષ ગોશ્ત લાવવામાં આવ્યું. જેમાં રોગન (તેલ) નાખવામાં આવ્યું ન હતું. આપને વિનંતી કરવામાં આવી કે “જો આપ ઈજાઝત આપો તો તેમાં તેલ નાખી દઈએ."

ફરમાવ્યું "અમે એક સમયમાં બે પ્રકારની વસ્તુઓ નથી ખાતા." (કીફાયતુત તાલીબ)

હઝરતે ઉપર મુજબ ખાવાની આખી જિંદગી પાબંદી કરી. જીવનના છેલ્લા દિવસોમાં જયારે આપના બેટી જનાબ ઉમ્મે કુલસુમે જવની રોટલીની સાથે નમક અને દૂધ પણ રાખ્યું તો આપે દૂધ લઈ લેવાનો હુકમ કર્યો, અને નમક રોટલી ખાઈ લીધી.

તકવા અને પરહેઝગારીની ઉચ્ચતા તથા પેગંબરે ઈસ્લામના અનુકરણ માટે આપ હંમેશા તે વસ્તુઓથી પણ દૂર રહ્યા જે વસ્તુઓ પેગંબરે ખુદા (સલ.) એ નથી ખાધી અને પસંદ નથી ફરમાવી.

અહી ઈબ્ને સાબીત કહે છે કે એક વખત હઝરતની ખીદમતમાં કોઈકે ફલૂદો પેશ કર્યો. તો આપે તેના ખાવાથી ઈન્કાર કરી દીધો અને ફરમાવ્યું :

"જે વસ્તુને રસુલુલ્લાહે નથી ખાધી તે વસ્તુનું ખાવું મને પસંદ નથી." (રીયાઝુન નઝરાહ)

હઝરતે આ પ્રકારનો તદ્દન સાદો ખોરાક ખાધો, સાથે સાથે તમામ પ્રકારના સ્વાદોથી પણ જીભને અલિપ્ત રાખવા સાથે કદી પેટ ભરીને નથી ખાધું, આનું નામ આફતાબે વિલાયત. ઈબ્ને અબીલ હદીદે લખ્યું છે કે "આપે કદી પેટ ભરીને ખાવાનું નથી ખાધું." (મુકદ્દમા શરહ નહ્જૂલ બલાગહા)

અમીરૂલ મોઅમેનીન જેમ જીવનના બીજા ક્ષેત્રોમાં પેગંબરે ઈસ્લામનો નમૂનો હતા, એક મિસાલ હતા, ચાલ ઢાલ, રંગઢંગ દરેક વાતમાં રસૂલની પેરવી કરનાર હતા. તેવી જ રીતે અહીં ખાવા-પીવામાં પણ આદાબે નબવીના પાબંદ હતા. અહીં સુધી કે દસ્તરખાન ઉપર બેસવાની રીત, લુકમાં ઉઠાવવાનો તરીકો, અને ખાવાનો અંદાજ પણ રસુલે ઈસ્લામના જેવો જ હતો. ઈમામ જાફર સાદીક (અલ.) ફરમાવે છે કે "અમીરૂલ મોઅમેનીન (અલ.) ખાવાની બાબતમાં સૌથી વધુ રસૂલેખુદા સાથે એકરૂપ હતા." (શાફી) દસ્તરખાન ઉપર બેસતા અવ્વલ અને જમીને પરવાર્યા બાદ હાથ ધોતા, ફરમાવતા કે જમતાં પહેલાં અને પછી હાથ ધોવાથી હાથમાની ચીકાશ દૂર થઈ જાય છે. સાથે આંખોમાં ચમક આવે છે. ખાતી વખતે ગુંઠણો ઉપર બે ઝાનું બેસતાં. પગ ઉપર પગ રાખીને-પલાંઠી વાળીને બેસવાને નાપસંદ કરતા. ખાતા પહેલાં બિસ્મીલ્લાહ જરૂરથી પઢતા, ફરમાવતા કે કોઈ જો ખાતા પહેલાં બિસ્મીલ્લાહ પઢવાનું ભૂલી જાય તો જયારે પણ યાદ આવે ખાતાં દરમ્યાન પણ બીસ્મીલ્લાહ પઢી લેવું. ખાવાની શરૂઆત નમકથી કરતા, ખાવાનું ગરમ હોય તો એના ઠંડા થવાની રાહ જોતા. ખાવાનું પાંચ આંગળીઓ વડે

ખાતા, આમતેમ હાથ નાંખવાની જગ્યાએ પોતાની સામેથી જ ખાતા.

શોરબામાં રોટીના ટૂકડા નાખીને બનાવેલી વાનગી પરીદને વચ્ચેથી ન ખાતા, પરંતુ કિનારાઓ તરફથી ખાતા. પાણીમાં ખાસ વરસાદનું પાણી પસંદ કરતા, ફરમાવતા કે વરસાદના પાણીથી શરીરની બીમારીઓ દૂર થાય છે. શરીર પાક થાય છે. દસ્તરખ્વાન ઉપરથી રોટીના કણો ફેંકી દેવાની જગ્યાથી વીણીને ખાઈ જતા. સાથે સાથે ફરમાવતા કે આ તંદુરસ્તી માટે સારું છે. લોટો કે બદનાની ટોટી સાથે મોં લગાવીને પાણી ન પીતા. વાસણની તૂટેલી ધારીએ મોં લગાવીને પણ પાણી ન પીતા. ખાવા પીવાની કોઈપણ વસ્તુ ઉપર ફૂંક મારવાનું હરગિઝ પસંદ ન કરતા. એક વખત આપે પોતાના એક ગુલામ “મુસ્લિમ"ને પીવા માટે પાણી લાવવા કહ્યું. તે પ્યાલો ભરીને પાણી લાવ્યો. જયારે હઝરતની પાસે આવ્યો તો તેણે પ્યાલામાં કંઈક તણખલું કે કચરું હટાવવા ફૂંક મારી. આપે ફરમાવ્યું : આ પાણી હવે તમે પીઓ. મારા માટે બીજું પાણી લાવો.

# પ્રકરણ : ૩૭

# બાળપણનો સમય

ઈન્સાનની જિંદગીના ત્રણ તબક્કા છે. (૧) બાળપણ (૨) યુવાની અને (૩) ઘડપણ. દરેક તબક્કાની અભિલાષા, ઈચ્છાઓ અને માંગ જુદી જુદી હોય છે. જયારે દરેક તબક્કાના કાર્યો પણ અલગ અલગ હોય છે.

બાળપણ ખેલકૂદનો જમાનો છે. જેમાં ખેલકૂદના સિવાય બીજી કોઈ વાતનો ખ્યાલ સુદ્ધાં નથી આવતો. આ સમયમાં ન બુદ્ધિ-સમજ પરિપૂર્ણ હોય છે કે ન વિવેક, તમીજ અને જ્ઞાન અપરિપૂર્ણ હોય છે. બાળકોના કાર્યો દ્વારા તેમની સમજ, વિવેકબુદ્ધિના અધકચરા હોવાનો ખ્યાલ આવે છે. તેથી બાળકો જે ખેલો ખેલતાં ખેલતાં પોતાની ઉંમરનાઓને જુએ છે તે જ રમતો સાથે દીલચસ્પી અને સંબંધ રાખે છે.

અબુતાલિબના ફરઝંદની આદતો અન્ય બાળકો કરતાં જુદી હતી. આપ ન કદી રમતગમતમાં દેખાયા, ન કદી નકામી વાતોમાં. તે તમામ કાર્યોથી જે સામાન્યપણે અન્ય બાળકો રચ્યાપચ્યા રહે છે, આપ અલિપ્ત રહ્યા. ખેલકૂદ કે નકામી રખડપટ્ટીથી આપને કદી કોઈ સંબંધ રહ્યો નથી. આપના ચહેરા મુબારક પર હંમેશા બહાદુરીના

ચિહ્નો દૃષ્ટિમાન થતાં. આપની પેશાની ઉપર હંમેશા હિંમત, શકિત અને પ્રતાપીપણું દેખાતું. શું શારીરિક ? અને શું માનસિક ? આપની પ્રકૃતિ અન્ય બાળકો સાથે કદી મેળ ન ખાતી. આપના શારીરિક વિકાસની રફતાર બીજા બાળકો કરતાં કંઈ ગણી વધારે હતી. આપ એક દિવસમાં એટલા વિકાસ પામતા જેટલા બીજા બાળકો એક મહિનામાં વિકાસ પામે. આ કારણથી આપનું શરીર મુબારક ખૂબ જ શકિતશાળી હતું. સમજશકિત અને વિવેકબુદ્ધિ પણ વધુ તેજ હતી. અરજલુલ મતાલિબના કર્તાએ નજમુદ્દીન ફખ્રુલ ઈસ્લામ અબુબકર ઈબ્ને મોહંમદ અલમુન્દીની કિતાબ "મનાકિબુલ અસહાબ"ના સંદર્ભથી "હયદર" નામકરણનું કારણ બતાવતાં લખ્યું છે કે :

હઝરત અલી (અલ.) હજી દૂધ પીતા બાળક હતા કે આપના મા જનાબ ફાતેમા બિન્તે અસદ આપને ઘરમાં એકલા છોડીને કંઈ કામથી બહાર ગયાં. આ ઘર એક પહાડની બીલકુલ તળેટીમાં હતું. આ પહાડ પરથી એક ભયંકર સાપ ઊતર્યો અને આપના નજીક જઈને ફૂંફડો મારવા લાગ્યો. આપ બાળક હતા. આપે તેને હાથ લંબાવીને પકડી લીધો. અહીં સુધી કે તે ભયંકર સાપ આપના

હાથમાં જ મરી ગયો. હઝરત ફાતેમા બિન અસદ જયારે પોતાનું કામ પતાવીને ઘરમાં આવ્યાં તો આ દૃશ્ય જોઈને આશ્ચર્ય પામ્યાં કે પોતાના બેટાના હાથમાં મરેલો સાપ ! વાલીદહ એકદમ બોલી ઊઠયાં.“અય મારા શેર, ખુદા તને જીવતો રાખે." જયારે મોટા થયા અને ચાલતા-ફરતા થયા તો વજનદાર પથ્થરોને ઘણી જ આસાનીથી ઉપાડી લેતા. તે પણ પહાડની ઊંચાઈ પરથી ઉપાડીને નીચે લાવતા. બાળપણથી જ આપ કોઈ મૂઠ્ઠત જુએ તો તેને તોડી નાખતા.

અરબસ્તાનના રિવાજ અનુસાર અબુતાલિબ પોતાના ફરઝંદોને તીરંદાઝી, ઘોડે સવારી અને કુસ્તી લડવાની તાલીમ આપતા. પોતાના બેટાઓ, ભત્રીજાઓ બધાને એકત્ર કરીને તેમને આ પ્રકારના દાવપેચ શીખવતા. દોડાવતા, કુસ્તી કરાવતા, તીરંદાઝીમાં નિશાન તાકતાં શીખવતા. હઝરત અલી (અલ.) જો કે અબુતાલિબ (અલ.)ના પુત્રોમાં સૌથી નાના હતા. છતાંય કોઈને દાવપેચમાં પહોંચવા દેતા નહિ. આપ જ નંબર લઈ જતા. પોતાના કરતાં વધુ શક્તિશાળી અને ઉમરમાં મોટા દેખાતા કિશોરોને પણ પછાડતા. મહોલ્લાના કિશોરો પણ આપથી ઉમરમાં મોટા અને દેખાવમાં વધુ શક્તિશાળી દેખાતા હોવા છતાં આપની સમક્ષ દાવપેચમાં, કુસ્તીમાં કે દોડમાં

હારી જતા. આ કુવ્વતે ખુદાવંદીનો જ કરિશ્મો હતો કે આ નાના નાના કુસ્તી દાવપેચોથી લઈને મોટા મોટા યુદ્ધોમાં પણ આપની સમક્ષ મોટા મોટા નામવર પહેલવાનો પણ ટકી શકતા નહિ. જે આપની સમક્ષ સામી છાતીએ લડવા આવ્યો, આપે તેને પછાડી દીધો. ઈબ્ને કતીબાએ લખ્યું છે કે :

“આપે સમગ્ર જીવનમાં જેની સાથે પણ કુસ્તી લડી, તેને પછાડયો. એક પ્રસંગ પણ એવો નથી કે જેમાં આપ કુસ્તીમાં પોતે પછડાયા હોય. અરે કુસ્તી દરમ્યાન જમીન ઉપર પડયા હોય." (અલમઆરૂફ પેજ નં. ૯૧)

આ શારીરિક શકિત સાથે આપ બુદ્ધિશક્તિ, સ્મરણશક્તિ અને વિવેકબુદ્ધિમાં પણ અગ્રીમતાની ટોચ ઉપર હતા. બાળપણથી જ હક અને બાતિલને સમજવાની શક્તિ ધરાવતા થઈ ગયા. પ્રથમ દૃષ્ટિમાં જ મઅબુદે હક્કીને ઓળખ્યો. બુતપરસ્તીના કેન્દ્રસ્થાને રહેતા હોવા છતાં કદી ભૂલે ચૂકે પણ મૂઠ્ઠતઓને ઈબાદતના કાબિલ ન સમજયા. બાકી આપના ઘરને બાદ કરતાં સમગ્ર અરબસ્તાન તે સમયે બૂતપરસ્તીનું મરકઝ હતું. જયારે કે લોકો એલાને નુબુવ્વત પછી પણ નુબુવ્વતને સ્વીકારવા વિચારતા હતા ત્યારે આપ એલાને નુબુવ્વતથી અગાઉ નુબુવ્વતના

સ્થાનને - નુબુવ્વતના સ્ત્રોતને સમજી ચૂકયા હતા. જેથી પોતે જ ફરમાવે છે કે :
“હું વહી અને રીસાલતના પ્રકાશને મારી આંખો વડે જોતો હતો. અને નુબુવ્વતની ખુશબુને પણ સુંઘતો હતો." (નહજુલ બલાગાહ)
આપની વિચક્ષણ બુદ્દિધએ નુબુવ્વતના નૂરને જોયું હતું. પરંતુ હજી આપની ઘાણેન્દ્રિયે રીસાલતની ખુશબોને સુંઘી પણ ન હતી, બલકે પેગંબરે ઈસ્લામની બઅસતથી અગાઉ (નુબુવ્વતની જાહેરાતથી પહેલાં) પેગંબરના મકસદે હયાતને પોતાનો મકસદે હયાત બનાવી લીધો હતો. આપ બીજાઓ માટે અમલનો અરીસો બની ગયા હતા. મતલબ હઝરતનું બાળપણ પણ આપની યુવાની અને આધેડવયની શ્રેષ્ઠતાઓ-અઝમતો-ઈજ્જતોની જેમ ઉચ્ચતાના પહાડ જેવું હતું. આપના બાળપણનો ઈતિહાસ જોતાં આ વાત સ્પષ્ટ થાય છે કે શ્રેષ્ઠ ઈન્સાન શ્રેષ્ઠતા સાથે જન્મ્યો હતો કારણ કે આમતેમથી માંગીને, યાચીને, બનાવીને ઈજ્જત અને અઝમત (શ્રેષ્ઠતા) હાસિલ થતી નથી. બલકે આપને આ ભેટ ઈલાહી ભેટ છે. ખરેખર આપને આ નેઅમત નેઅમતે ઈલાહીના રૂપે જન્મજાત પ્રાપ્ત થઈ હતી.


amillibrary.com

# પ્રકરણ : ૩૮

## તાલિમો તરબીયત – શિક્ષણ પ્રશિક્ષણ

હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને તાલીમો તરબીયતનો જેવો લહાવો મળ્યો હતો, જેવું પારણું નસીબ થયું હતું, જેવો ખોળો પ્રાપ્ત થયો હતો, તેવો ખોળો દુનિયામાં કોઈને ન નસીબ થઈ શક્યો-ન થશે. આપે રસૂલેખુદાની ગોદમાં આંખો ખોલી. પેગંબરના પવિત્ર ખોળામાં જ પરવરિશ પામ્યા અને બાળપણથી લઈને યુવાની સુધીનો બધો જ સમય આપ (સલ.)ની સાથે જ પસાર થયો. આપ (સલ.)માંથી ફૂટતા ઈલ્મના ઝરણાઓમાંથી ઈલ્મ અને હિદાયત પ્રાપ્ત કરી. આપ (સલ.)ની જીભ ચૂસી. આપના વાલીદહ મોહતરમા ફાતેમા બિન્તે અસદ ફરમાવે છે કે :

જયારે અલી (અલ.) પેદા થયા તો પેગંબર (સલ.)એ એમનું નામ "અલી" રાખ્યું. સૌપ્રથમ પોતાનું થુંક આપના મોંમા ટપકાવ્યું. પોતાની જીભ એમના મોંમા આપી દીધી. જેને ચૂસતા ચૂસતા સૂઈ ગયા. જયારે બીજો દિવસ આવ્યો તો અમે દૂધ પીવડાવવા દાયા તલાશ કરી. પરંતુ હઝરત અલીએ કોઈની છાતીએ મોં લગાવ્યું જ નહિ. અમે મોહંમદ (સલ.)ને યાદ કરી બોલાવ્યા. આપે ફરીથી પોતાની મુબારક જીભ અલીના મોંમા

આપી, અલી મીઠી ઊંઘ સૂઈ ગયા. આ જ પ્રમાણે વારંવાર રસૂલની જીભ ચૂસવાનો સિલસિલો ચાલતો રહ્યો.
જો કે દૂધ પીવાના સમયગાળામાં આપ ફાતેમા બિન્તે અસદની જ ગોદમાં રહ્યા. મા નું જ દૂધ પીતા રહ્યા. છતાંય આ બાળકની સૌથી વધુ દેખભાળ પેગંબરે ઈસ્લામ પોતે જ કરતા રહ્યા. રસૂલે ઈસ્લામ હઝરત અલીને પોતાના હાથથી નવડાવતા, અનેક વખત આ ખુશનસીબ બાળકને રસૂલના હાથે, રસૂલના મુબારક પગો ઉપર બેસીને નહાવાનો લહાવો મળ્યો છે. કલાકો સુધી પોતાના ખોળામાં લઈને રમાડતા. જયારે અલીને ઊંઘ આવી જતી તો રસૂલ પોતે ઝૂલામાં સૂવડાવતા, લોરી ગાઈને ઝૂલો ઝૂલાવતા. જો અલી જાગી જાય તો રસૂલ ફરીથી લોરી ગાઈને સૂવડાવી દેતા. પેગંબરે ખુદા અલી સાથે એવી અસાધારણ મહબ્બતનો ઈઝહાર કરતા, જેને જોઈને લોકો નવાઈ પામી જતા. મા-બાપથી વધારે તાલીમો-તરબીયતમાં ભાગ લેતા. બલકે ફક્ત છ વર્ષની ઉમરે તો અલી સંપૂર્ણપણે પેગંબર (સલ.)ના પાલનપોષણમાં આવી ગયા. મા-બાપને અલીની તાલીમો-તરબીયતની ફિકરથી આઝાદ કરી દીધા.
હઝરત અલી (અલ.) છ વર્ષની ઉંમરથી પેગંબરે ઈસ્લામની તાલીમો તરબીયત તથા પાલનપોષણ

બંને માટે પૂરી રીતે રસૂલના ઘેર આવી ગયા. તે બાબતનું ઝાહેરી કારણ પણ હતું.

મક્કામાં દૂષ્કાળ પડયો. આ દુષ્કાળે હઝરત આબુતાલિબની આર્થિક સ્થિતિ ઘણી જ કમજોર કરી દીધી. આપની મર્યાદિત આવક હતી તેમાંથી બહોળા પરીવારની જવાબદારી અદા કરવી ઘણી જ મુશ્કેલ હતી. આપ ઘણા જ ઉદાર સ્વભાવના મહેમાનનવાઝ હતા. આપ (સલ.) એ કાકાની જવાબદારીઓ જોઈને વિચાર્યું કે તેમને હમદર્દીની જરૂરત છે. સખત દુષ્કાળની પરિસ્થિતિ હતી. જેથી આપ (સલ.) એ પોતાના કાકા હઝરત અબ્બાસ (રઝિ.) અને હઝરત હમઝહ (રઝિ.)ની સાથે આ બાબત મશ્વેરો કર્યો. આપ (સલ.) એ કાકા હઝરત અબ્બાસ (રઝિ.)ને કહ્યું કે “આપણે જોઈ રહ્યા છીએ કે દુષ્કાળના વર્ષે કાકા ઘણા જ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. તેઓ પોતાની જીભથી તો કદી કશું જ કહેવાના નથી. ન તો હાથ ફેલાવવાના આદી છે. તેમનો કુટુંબકબીલો પણ વિશાળ છે. માટે આપણે તેમના બોજને કંઈક હળવો કરવા વિચારીએ. ઉપરાંત બીજી પણ કોઈ રીતે આપણે તેમને મદદરૂપ થવાની કોશીશ કરીએ."

અમીન-સાદીક-માસુમ ભત્રીજાની વાત બંને કાકાઓએ હસતાં હસતાં સ્વીકારી લીધી.

અબ્બાસ અને હમઝહ રીઝવાનુલ્લાહે તઆલા અજમઈન હઝરત અબુતાલિબ પાસે આવ્યા, અને આપના બોજને હળવો કરવા પ્રસ્તાવ મૂક્યો.

હઝરત અબુતાલિબે કહ્યું "ભાઈઓ મારું ગાડું તો ગબડયા કરે છે. કંઈ ખબર પડતી નથી. પરંતુ તેમા બે ભાઈઓ અને સાથે મારા વહાલા બેટા મોહંમદ પણ આમ ઈચ્છે છે તો હું આપ લોકોના પ્રસ્તાવને ટાળી શકતો નથી. આપ લોકો અકીલને મારી પાસે રહેવા દ્યો. મારી ઉમરના લેહાઝથી મારો મદદગાર બને. બાકીના બેટાઓને લઈ જઈ શકો છો."

પછી હઝરત અબ્બાસ (રઝિ.)એ તાલિબને લીધો, જઅફ્રરને હઝરત હમઝહ (રઝિ.) લઈ ગયા અને આપણા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.) એ અલીને ચૂંટી લીધા. જે રોજે અઝલથી એમના જ માટે પસંદ થઈ ચૂક્યા હતા.

હઝરત અલી (અલ.) માટે આ સુકામણું વર્ષ વસંતનો પયગામ લાવ્યું. તંગદસ્તી ઉચ્ચોચ્ચ નેઅમત સાબિત થઈ. દુષ્કાળના ઓળાઓએ આપને દામને રહમતની છાયામાં વહીના ઊતરાણની જગ્યાએ, રસૂલે ઈસ્લામના ખોળામાં પહોંચાડી દીધા.

ઈબ્ને જરીર તબરીનું વર્ણન છે કે :

“અલી ઈબ્ને અબીતાલિબ ઉપર અલ્લાહનું આ ખાસ ઈનામ હતું. આ વર્ષે કુરૈશ, એક ભયંકર દુષ્કાળની લપટોમાં આવી ગયા અને આ રીતે અલ્લાહતઆલાએ અલીના માટે જે બેહતરી અને ભલાઈનો ઈરાદો કર્યો હતો તે પૂરો કર્યો." (તારીખે તબરી, ભાગ - ૨, પેજ નં. ૫૭)

આ એક કુદરતી બાબત છે કે બાળકોને મા-બાપથી અલગ થવું પસંદ પડતું નથી. પરંતુ પેગંબર (સલ.)ની મહબ્બતે અલીને આ બાબતનો ખ્યાલ સુદ્ધાં ન આવવા દીધો. આપે મોહંમદ (સલ.)ની મહબ્બતભરી નજરોમાં બાપની મહબ્બતભરી નજરો જોઈ લીધી. હઝરત અલી (અલ.) રહમતના એવા ખજાનામાં આવી ગયા જે કદી ન ખૂટે એવી રહમતનો ખજાનો હતો. કોઈ નસીબદારને જ આવો બાપ પ્રાપ્ત થાય. રાત-દિવસ પોતાની સાથે, નજરો સમક્ષ જ રાખતા, બધી જ જરૂરીયાતનો જાતે જ ખ્યાલ રાખતા.

હઝરત અલી (અલ.) પોતે જ ફરમાવે છે કે :

“હું બાળક જ હતો કે પેગંબરે ઈસ્લામે મને ખોળામાં લઈ લીધો. પોતાની છાતી સાથે લગાવી રાખતા. બિસ્તરા ઉપર પોતાની બગલમાં જ સૂવડાવતા. પોતાના પવિત્ર શરીરને મારી સાથે લગાવી રાખતા. પોતાની ખુશબો મને સુંઘાડતા હતા. પ્રથમ આપ કોઈપણ ખાવાની વસ્તુને

ચબાવતા પછી લુકમો (કોળિયો) બનાવીને મારા મોંમા આપતા હતા." (નહજૂલ બલાગાહ)

આ તો હતી શારીરિક તરબીયત પરંતુ પેગંબરે ઈસ્લામ (સલ.) જેઓ સમગ્ર વિશ્વના માટે રહમત બનીને આવ્યા હતા, વિશ્વના અખ્લાકને સુધારવા અને તેમાં નિખાર લાવવા માટે પેદા થયા હતા, શું આ વાત શક્ય છે કે જેને તેઓ ખાસ પોતાની તાલીમો તરબીયતમાં લઈ લે, જેનું પોતાના ખોળામાં પ્રશિક્ષણ કરે, તેની અખ્લાકી તાલીમ-તરબીયતમાં કોઈ ખામી રહેવા પામે ?

જયારે કે આપ (સલ.) હઝરત અલી (અલ.)ના મુરબ્બી હતા. મોઅલ્લીમે આલમ હતા. જેથી આપે હઝરત અલી (અલ.)નો સર્વાંગી વિકાસ કર્યો. ઈલ્મી, અખ્લાકી તરબીયતમાં ખૂબ વિકાસ થયો. હઝરત અલી (અલ.) સ્વયં અખ્લાકી તરબીયતના માટે ફરમાવે છે કે :

"હું રસૂલે ખુદાની પાછળ એવી રીતે લાગેલો રહેતો હતો, જેવી રીતે ઊંટણીનું બચ્ચું પોતાની મા ની પાછળ લાગેલું રહે છે. આપ (સલ.) દરરોજ મારા માટે અખ્લાકે હસનહ પરચમ બુલંદ કરતા અને મને આપની પેરવી કરવાનો હુકમ કરતા." (નહઝૂલ બલાગાહ)

આ તાલીમો તરબીયતે આપના વ્યક્તિત્વનો એવો વિકાસ કર્યો કે જેની બરાબરી વિશ્વની કોઈ

વ્યક્તિ ન કરી શકે, આપ અખ્લાકમાં, ઈલ્મમાં, અમલમાં, ઈબાદતમાં, રીયાઝતમાં (શ્રમ, મેહનત, તપસ્યા) રસૂલનો કામીલ નમૂનો બની ગયા. આપે રસૂલના અવસાફ (ગુણો), કમાલાત (ખૂબી, કાબેલીયત, નિપૂણતા) એવા ગ્રહણ કર્યા કે આપની સીરતમાં (કેરેક્ટર, સ્વભાવ, આદતો, જીવની) સીરતે નબવીની પૂરેપૂરી ઝલક અને આપના અખ્લાકમાં અખલાકે નબવીનો પડછાયો, અક્સ દેખાતો. એવું થવું જ જોઈતું હતું કારણ કે આપના હૃદય ફલક ઉપર કોઈની સીરતનું પ્રતિબિંબ પડયું તો તે સીરતે રસૂલ હતી. આપના પાક, પવિત્ર, સાફ  હૃદય ઉપર કોઈના બેહતરીન અમલોનો સાયો પડયો હોય તો તે પેગંબરે ઈસ્લામના અમલ અને કીરદારનો હતો.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબે એક ઈલ્મી મજલિસમાં ફરમાવ્યું હતું :‘‘મારી છાતીમાં તે ઈલ્મ છે જે રસૂલુલ્લાહે મારામાં એવી રીતે ભર્યું છે જેવી રીતે પક્ષી પોતાના બચ્ચાના મોંમા દાણા ભરે છે.'' હઝરતની આ વર્ણન કરેલી મિસાલ (દૃષ્ટાંત) પોતાની અંદર એટલા બધા ગુઢાર્થો ધરાવે છે અને એટલી બધી ઉમદા બારીકીઓ ધરાવે છે, જેનું વર્ણન આ નાપાક હાથો કરી શકતા નથી.

પક્ષી પોતાના મોંમા એકત્ર કરેલો ખોરાક જેમનો તેમ પોતાના બચ્ચાના મોંમા ભરી દે છે. એવી જ રીતે તે તમામ ઉલૂમ, તે શરીઅતના હોય કે હિકમતના (બુદ્ધિના), કુર્આનનાં હોય કે સુન્નતના, અખ્લાકના હોય કે સિયાસતના (રાજકારણના) ઝાહેરી-સ્પષ્ટ દૃષ્ટિમાન થતા હોય કે બાતીની-જે અદૃશ્ય હોય, દેખાતા ન હોય - વર્તમાન ભૂત કે ભવિષ્યના બધા જ ઉલૂમ જે નબીમાં હતા જેવા ને તેવા આપની છાતીમાં ભરી દીધા.

પેગંબરે ઈસ્લામે આ ઉલૂમો અલીમાં ભરી દીધા પછી જયારે આપની તરબીયત પરિપૂર્ણતાએ પહોંચી ગઈ ત્યારે આલમે ઉમ્મતીની સનદ પણ આપી. પછી ફરમાવ્યું, સર્ટીફિકેટ આપ્યું :

“અના મદીનતુલ ઈલ્મ વ અલીય્યુન બાબોહા.

“હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે."

રસૂલે પોતાના ઈલ્મ સુધી પહોંચવાનો ઝરીઓ અલીને બનાવ્યા. એટલે કે જેવી રીતે શહેરમાં દાખલ થવાનો દરવાજો હોય છે. એવી રીતે મારા ઈલ્મ સુધી પહોંચવાનો ઝરીઓ અલી (અલ.) છે. અલી તે છે જેમનો શજરએ ઈલ્મ ઈલ્મે નુબુવ્વતથી કોઈપણ વાસ્તા વગર મળે છે, અને ઈલ્મે નુબુવ્વતનો શજરહ ઈલ્મે ખુદાથી કોઈપણ

વાસ્તા વગર મળે છે. મતલબ હઝરત અલી (અલ.)ના ઈલ્મનો સંબંધ સીધો ઈલ્મે નુબુવ્વતથી છે. ડાયરેક્ટ. અને ઈલ્મે નુબુવ્વતનો સંબંધ સીધો ઈલ્મે ખુદાથી છે. ડાયરેક્ટ.

ખુદાની કસમ ખાઈને કહી શકાય છે કે જે આ દરવાજાથી બેખબર હશે, અજાણ હશે, તે ખુદા-રસૂલની તાલીમાતથી બેખબર હશે, અજાણ હશે.

જે લોકો ચોર દરવાજેથી ઈસ્લામમાં દાખલ થયા છે. રાજકારણના પરિપાકરૂપે, જે રાજકારણમાં ફક્ત ખુદા-રસૂલનું નામ જીભથી મુનાફિક્ત સાથે લેવાતું હતું, દીલમાં ફક્ત નફ્સ પરસ્તી હતી, રાજય હતું, હુકુમત હતી. એવા દરવાજેથી ઈસ્લામમાં દાખલ થયા છે તેઓ આજે ચૌદસો વર્ષોથી હિદાયતના ચિરાગો-ચૌદહ માસૂમીનથી બેખબર છે. બારહ ઈમામોથી બેખબર છે, ઈલ્મે રસૂલથી બેખબર છે. ભરપુર અમલો સાથે પણ આવા લોકો વિશ્વસ્તરે બદનસીબીની ઠોકરો ખાઈ રહ્યા છે.